Saurashtra University
Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Mehta, Ketan J., 2013, "રાજકોટ મહાનગરપાલિકાનો જાહેરખર્ચ અને જાહેર આવકનો તુલનાત્મક અભ્યાસ", thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/1026

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

**“A COMPARATIVE STUDY ON PUBLIC EXPENDITURE AND INCOME OF RAJKOT MUNICIPAL CORPORATION”**

**રાજકોટ મહાનગરપાલિકાનો જાહેર ખર્ચ અને જાહેર આવકનો તુલનાત્મક અભ્યાસ**

# (THESIS)

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખા અંતર્ગત અર્થશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી.ની. પદ્વી માટે રજૂ કરેલ મહાનિબંધ.**


**સંશોધક**

**કેતન જયંતિભાઈ મહેતા**

(એમ.એ., એમ.ફીલ.)

અર્થશાસ્ત્ર

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

રાજકોટ

**માર્ગદર્શકશ્રી**

ડૉ. વિભાબેન વિ. ભટ્ટ

હેડ અને એસો. પ્રોફેસર

અર્થશાસ્ત્ર વિભાગ,

પી.ડી.એમ.કોમર્સ કોલેજ, રાજકોટ



**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી**

**રાજકોટ-૩૬૦૦૦૫**

**૨૦૧૩**

**રજીસ્ટ્રેશન નંબર: ૪૩૨૭** **તારીખ : ૦૧/૦૧/૨૦૧૧**

# માર્ગદર્શકશ્રીનું પ્રમાણપત્ર

આથી હું પ્રમાણિત કરું છું કે **"રાજકોટ મહાનગરપાલિકાનો જાહેર ખર્ચ અને જાહેર આવકનો તુલનાત્મક અભ્યાસ" (A COMPARATIVE STUDY ON PUBLIC EXPENDITURE AND INCOME OF RAJKOT MUNICIPAL CORPORATION)** વિષય ઉપર રજૂ થયેલ મહાશોધ નિબંધનો આજરોજ વિદ્યાર્થી **કેતન જે. મહેતા** દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખા અંતર્ગત અર્થશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી.ની પદવી માટે રજૂ કરવામાં આવેલ છે. જે મારા સંપૂર્ણ માર્ગદર્શન હેઠળ તેમણે તૈયાર કરેલ છે. જે એક મૌલિક સંશોધન પ્રયાસ છે. મારી જાણ અને માહિતી પ્રમાણે તેઓએ તેમાં કરેલ અભ્યાસ વિષયક નિરીક્ષણો અને પ્રતિપાદનો તેમના મૌલિક અભ્યાસ અને અધ્યયન પર આધારીત છે.

વિશેષમાં મારી જાણકારી અને માન્યતા પ્રમાણે આ સંશોધન અભ્યાસ આ કે અન્ય કોઈ યુનિવર્સિટીમાં કોઈપણ પ્રકારની પદવી કે શૈક્ષણિક ઉપાધિ માટે રજૂ કરેલ નથી.

**સ્થળ : રાજકોટ**
**તારીખ : / /૨૦૧૩**

**-: માર્ગદર્શક :-**

**(ડૉ. વિભાબેન વિ. ભટ્ટ)**
**હેડ અને એસો. પ્રોફેસર**
અર્થશાસ્ત્ર વિભાગ
પી.ડી.એમ.કોમર્સ કોલેજ,
રાજકોટ.

# સંશોધકનું નિવેદન

આથી હું જાહેર કરું છું કે **"રાજકોટ મહાનગરપાલિકાનો જાહેરખર્ચ અને જાહેર આવકનો તુલનાત્મક અભ્યાસ"** (**A COMPARATIVE STUDY ON PUBLIC EXPENDITURE AND INCOME OF RAJKOT MUNICIPAL CORPORATION**)શીર્ષક હેઠળનો મહાશોધ નિબંધનો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખામાં પીએચ.ડી.ની પદવી માટે રજૂ કરું છું તે એક મૌલિક સંશોધન છે તેના વડે મે અગાઉ કોઈપણ યુનિવર્સિટી કે બોર્ડમાં કોઈપણ વિદ્યાશાખામાં કોઈ પણ પ્રકારની પદવી કે શૈક્ષણિક ઉપાધિ પ્રાપ્ત કરેલ નથી.

પ્રસ્તુત મહાશોધ નિબંધમાં રાજકોટ મહાનગરપાલિકાનો જાહેરખર્ચ અને જાહેર આવક સાથે સંલગ્ન વિવિધ પાસાઓનો માહિતીનાં ગૌણ તેમજ પ્રાથમિક સ્ત્રોતનો ઉપયોગ કરી અને આ માહિતીનું વિશ્લેષણ અને પૃથ્થકરણ કરી તેનું અર્થઘટન કરવામાં આવ્યું છે.

**સ્થળ : રાજકોટ**
**તારીખ : / /૨૦૧૩**

**(કેતન જે મહેતા)**
**એમ.એ., એમ.ફિલ.**
રાજકોટ.

# CERTIFICATE FOR PRE PH.D. PRESENTATION

This is to certify that **MEHTA KETAN JAYANTILAL** has made per Ph.D. Presentation as per UGC GUIDE line "University Grant Commission (Minimum Standard and Produre for award of Ph.D. Degree) Regulation-2009" and Saurashtra University Ordinance for Ph.D. Programmed (O.Ph.D. 6.2), on the reserach work entitled **"A COMPARATIVE STUDY ON PUBLIC EXPENDITURE AND INCOME OF RAJKOT MUNICIPAL CORPORATION. "** in the Department/ College Economic Department Saurashtra University, Rajkot on date__________ before all the feculty members and students of the Department for getting feedback and comments.

I also certify that the Reserach work was appreciated by all who remain present and there was no comments made for his research work.

Place :

Date :

***<u>Guide</u>***

**Dr.Vibhaben V. Bhatt**

Head & Associate Professor

Economics Department

Rajkot

# ઋણ સ્વીકાર

વિદ્યાની ઉપાસના માટે આવશ્યક સ્થિર બુદ્ધિનાં દેવી સરસ્વતીની પ્રારંભે વંદના કરુ છુ તેમજ મારી આંતરીક શક્તિઓનાં પ્રદાતા એવા સદગુરૂને પણ વંદન કરું છું. સંસારમાં સ્થિર ડગ ભરવા અને શ્રેષ્ઠ જીવન જીવવા સક્ષમ બનુ તે માટે પ્રેરણાદાયી એવા મારા માતા પિતાને પ્રણામ કરું છું.

મને સંશોધન કાર્યમાં વિષય પસંદગીને લઈને દરેક બાબતમાં પ્રોત્સાહન અને દિશાસુચન આપનાર મારા માર્ગદર્શક એવા પરમ આદરણીય મેમ ડૉ. વિભાબેન વિ. ભટ્ટનો સૌ પ્રથમ આભાર વ્યક્ત કરું છું.

મારા અભ્યાસમાં જ્યારે જ્યારે જરૂરિયાત ઉભી થતી હતી ત્યારે ઉમળકાભેર સૂચનો આપનાર ડૉ. રાકેશભાઈ જોષી (અર્થશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ) તેમજ મારા કર્મચારી મિત્ર પ્રવિણભાઈ રથવી સાહેબનો હું આભારી છું.

પ્રસ્તુત સંશોધન અભ્યાસ માટે જરૂરીયાત મુજબની આંકડાકીય માહિતી તેમજ વિષય ઉપયોગી માર્ગદર્શન આપનાર રાજકોટ મહાનગરપાલિકાની કચેરીઓનાં કર્મચારીઓનો તેમજ અધિકારીશ્રીઓનો આભાર માનું છું કે જેમણે સંશોધન માટે જોઈતી દરેક માહિતી માટે ઉત્સાહપૂર્વક સાથ અને સહકાર આપ્યો છે અને સંશોધન સંબંધિત માહિતી મેળવવા માટે મને આવકારેલ અને પ્રોત્સાહિત કરેલ છે. આથી હું તેમનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં મદદરૂપ બનનાર મારા આત્મીય મિત્ર કમલેશ જોષી અને દિલીપભાઈ જોષીનો પણ આભારી છું. તેમજ સમયસર ટાઈપીંગ કાર્ય કરી આપનાર મિત્ર અજયકુમાર એસ. ઝાનો પણ આભાર માનું છું. આ ઉપરાંત પ્રસ્તુત સંશોધન અભ્યાસ દરમ્યાન મને મદદરૂપ થયેલ તમામ નામી-અનામી વ્યક્તિઓનો હું અભારી છું.

**કેતન જે. મહેતા**

# અનુક્રમણિકા


| પ્રકરણ ક્રમ | પ્રકરણનું નામ | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| પ્રકરણ-૧ | અભ્યાસ વિશ્લેષણનું માળખું | ૧-૧૬ |
| પ્રકરણ-૨ | વિકેન્દ્રિત આયોજનનાં સંદર્ભમાં સ્થાનિક સરકારનોપરિચય | ૧૭-૭૩ |
| પ્રકરણ-૩ | ભારતની મહાનગરપાલિકાનો પરિચય | ૭૪-૧૧૩ |
| પ્રકરણ-૪ | રાજકોટમાં મહાનગરપાલિકાની વિકાસલક્ષી કામગીરીઓ | ૧૧૪-૧૮૧ |
| પ્રકરણ-૫ | રાજકોટ મહાનગરપાલિકાની સામાજિક સેવાઓનો અભ્યાસ | ૧૮૨-૨૨૦ |
| પ્રકરણ-૬ | રાજકોટ મહાનગરપાલિકાનો આવક અને ખર્ચનો તુલનાત્મક અભ્યાસ | ૨૨૧-૨૬૭ |
| પ્રકરણ-૭ | અભ્યાસનાં તારણો અને સૂચનો | ૨૬૮-૨૭૫ |
| | ➢ સંદર્ભસૂચિ | ૨૭૬-૨૭૭ |
| | • વિષય સંબંધિત પ્રકાશિત સંશોધન પેપર | ૨૭૮ |

# કોષ્ટક સૂચિ


| કોષ્ટકનં. | કોષ્ટકનુંનામ | પૃષ્ઠ નંબર |
| --- | --- | --- |
| **૪.૩** | રાજકોટ મહાનગરપાલિકા | ૧૧૬ |
| | ૪.૩.૪ રાજકોટ શહેરની વસ્તીનું પ્રમાણ વર્ષ-૨૦૧૧ | ૧૨૨ |
| | ૪.૩.૫ રાજકોટનાં શહેરી વિસ્તારોમાં વસ્તીનું પ્રમાણ | ૧૨૩ |
| | ૪.૩.૭ વોર્ડ વાઈઝ વસ્તીનું પ્રમાણ | ૧૨૪ |
| **૪.૪** | રાજકોટ મહાનગરપાલિકાની કામગીરીનું વિશ્લેષણ-૨૦૦૯ | ૧૨૫ |
| | ૪.૪.૧ રાજકોટ શહેરનો આર્થિક વિકાસ | ૧૨૯ |
| **૪.૫** | રાજકોટ મહાનગરપાલિકાની કામગીરીનું વિશ્લેષણ-૨૦૧૦ | ૧૩૫ |
| | ૪.૫.૧૪ ઉમ્મીદ યુવા રોજગાર કાર્યક્રમ | ૧૫૩ |
| **૫.૨** | યોજનાકાળ દરમ્યાન સામાજિક સેવાક્ષેત્ર પર થયેલ ખર્ચ | ૧૮૩ |
| | ૫.૨.૩ સામાજિક સેવાક્ષેત્ર પર યોજનાનો સમયગાળો | ૧૮૪ |
| | ૫.૨.૪ ક્યા ક્ષેત્રમાં કેટલાં ટકા રૂપિયા ખર્ચાશે? | ૧૮૫ |
| **૫.૩** | ગુજરાત આંતરમાળખાકીય વિકાસ બોર્ડ | ૧૮૫ |
| | ૫.૩.૪ BIG ૨૦૨૦યોજનાની રૂપરેખાનું ટકાવારીનું પ્રમાણ | ૧૮૬ |
| **૫.૪** | રાજકોટ મહાનગરપાલિકાની કામગીરીઓ અને તેમની સેવાઓ | ૧૮૭ |
| | ૫.૪.૩ આંગણવાડીનુ પ્રમાણ દર્શાવતું કોષ્ટક | ૧૮૮ |
| | ૫.૪.૬ સ્ટાફ પેટર્નની વિગત દર્શાવતું કોષ્ટક | ૧૮૯ |
| | ૫.૪.૮ આંગણવાડી (આઇ.સી.ડી.એસ.)ની મુખ્ય પ્રવૃત્તિઓ | ૧૯૦ |
| | (૨) લાભાર્થીઓને આપવામાં આવતો પુરક આહાર | ૧૯૦ |
| | (૩) મંજુર થયેલ કેન્દ્રો | ૧૯૦ |
| | (૪) લાભાર્થીની સંખ્યા | ૧૯૧ |
| | (૫) લક્ષ્યાંક સિદ્ધી | ૧૯૧ |

| | | |
|---|---|---|
| | (૬) બાલીકા સમૃદ્ધિ યોજના | ૧૯૨ |
| | (૭) બાલીકા સમૃદ્ધિ માટે મળેલ ગ્રાન્ટનું પ્રમાણ | ૧૯૨ |
| | (૮) યોજના માટે મળેલ ગ્રાન્ટ તથા થયેલ ખર્ચનું પ્રમાણ | ૧૯૩ |
| **૫.૫** | રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્યને લગતી સેવાઓ | ૧૯૩ |
| | ૫.૫.૨ કુલ પ્રસૂતિનું પ્રમાણ | ૧૯૪ |
| | ૫.૫.૪ કુટુંબનિયોજનનું પ્રમાણ | ૧૯૪ |
| | ૫.૫.૬ બાળ રસીકરણનું પ્રમાણ | ૧૯૫ |
| **૫.૬** | રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જન્મ દર અને મૃત્યુ દરનું પ્રમાણ | ૧૯૬ |
| | ૫.૬.૧ જન્મદર અને મૃત્યુદરનું પ્રમાણ | ૧૯૬ |
| **૫.૭** | સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગના લોકો માટેની આવાસ યોજના | ૧૯૭ |
| | ૫.૭.૧ આવાસ યોજનાની માહીતી | ૧૯૮ |
| **૫.૮** | પ્રાણીસંગ્રહાલય શાખા | ૧૯૯ |
| | ૫.૮.૧ પ્રાણીસંગ્રહાલયશાખાનુ અંદાજપત્ર | ૨૦૦ |
| **૫.૯** | લીગલ શાખા | ૨૦૧ |
| | ૫.૯.૧ લીગલ શાખાનું અંદાજપત્ર | ૨૦૧ |
| **૫.૧૦** | મધ્યાહન ભોજન યોજના | ૨૦૧ |
| | ૫.૧૦.૧ મધ્યાહન ભોજન શાખાનું અંદાજપત્ર | ૨૦૨ |
| | ૫.૧૦.૨ મધ્યાહન ભોજન યોજનાના સ્ટાફની વિગત | ૨૦૩ |
| **૫.૧૧** | રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી શાખા | ૨૦૩ |
| | ૫.૧૧.૨ ચૂંટણીશાખાનું અંદાજપત્ર | ૨૦૫ |
| | ૫.૧૧.3 ચૂંટણી શાખાની વોર્ડ વાઈઝ વસ્તી | ૨૦૬ |
| | ૫.૧૧.૪ વોર્ડ વાઈઝ મતદારોની સંખ્યા | ૨૦૭ |
| **૫.૧૨** | ભુગર્ભ ગટર યોજના | ૨૦૮ |
| | ૫.૧૨.૧ ભૂગર્ભ ગટર શાખાનું અંદાજપત્ર | ૨૦૯ |

| | | |
|---|---|---|
| **૫.૧૩** | લાઈબ્રેરી વિભાગ | ૨૧૨ |
| | ૫.૧૩.૨ લાઈબ્રેરી વિભાગની માહીતી | ૨૧૩ |
| | ૫.૧૩.૩ લાઈબ્રેરી વિભાગનુ અંદાજપત્ર | ૨૧૩ |
| **૫.૧૪** | સ્ટ્રીટ લાઈટ | ૨૧૪ |
| | ૫.૧૪.૧ સ્ટ્રીટ લાઈટ વિભાગનુ અંદાજપત્ર | ૨૧૫ |
| **૫.૧૫** | મહેકમ શાખા | ૨૧૬ |
| | ૫.૧૫.૨ મહેકમ વિભાગનુ અંદાજપત્ર | ૨૧૭ |
| **૫.૧૬** | એસ્ટેટ વિભાગ | ૨૧૮ |
| | ૫.૧૬.૧ એસ્ટેટ વિભાગનું અંદાજપત્ર | ૨૧૯ |
| **૬.૨** | આવકનાં વલણો | ૨૨૨ |
| | ૬.૨.૧ રાજકોટ મહાનગરપાલિકાની કુલ આવક | ૨૨૩ |
| | ૬.૨.૩ કુલ આવકનું Chi-Square Test દ્વારા વિશ્લેષણ | ૨૨૪ |
| | ૬.૨.૪ મહેસુલી આવક અને મૂડી આવક | ૨૨૬ |
| | ૬.૨.૬ મહેસુલી આવક અને મૂડી આવકનું Chi-Square Test દ્વારાં વિશ્લેષણ | ૨૨૭ |
| | ૬.૨.૭ રાજકોટ મહાનગરપાલિકાની આવકની વિગતો | ૨૨૯ |
| | ૬.૨.૮ કુલ આવકનું પ્રમાણ દર્શાવતું બજેટ | ૨૨૯ |
| | ૬.૨.૯ મહેસુલી આવક અને મૂડી આવકની આલેખ દ્વારાસમજૂતી | ૨૩૦ |
| | ૬.૨.૧૦ કુલ આવકમાં સીમાંત આવકનાં વલણો | ૨૩૦ |
| | ૬.૨.૧૨ કુલ આવકમાં સીમાંત આવકના વલણોનું Chi-Square Test દ્વારા વિશ્લેષણ. | ૨૩૧ |
| | ૬.૨.૧૩ કુલ આવકમાં સામાન્ય (મહેસુલી) આવકનાં વલણો | ૨૩૨ |
| | ૬.૨.૧૫ કુલ આવકમાં મહેસુલી આવકનું Chi-Square Test દ્વારા વિશ્લેષણ | ૨૩૩ |
| | ૬.૨.૧૬ કુલ ઉપજમાં કેપીટલ આવકનાં વલણો | ૨૩૪ |
| | ૬.૨.૧૮ કુલ આવકમાં કેપીટલ આવકનું Chi-Square Testદ્વારા | |

| | | |
|---|---|---|
| | વિશ્લેષણ | ૨૩૫ |
| ૬.૩ | કુલ ખર્ચનાં વલણો | ૨૩૬ |
| | ૬.૩.૨ કુલ ખર્ચનું પ્રમાણ દર્શાવતું બજેટ | ૨૩૭ |
| | ૬.૩.૩ કુલ ખર્ચ દર્શાવતું કોષ્ટક | ૨૩૭ |
| | ૬.૩.૫ કુલ ખર્ચમાં મહેસુલી ખર્ચ, મૂડી ખર્ચ અને અનામત ખર્ચનું Chi-Square Test દ્વારાં વિશ્લેષણ. | ૨૩૮ |
| | ૬.૩.૬ મહેસુલી ખર્ચ અને મૂડીખર્ચ | ૨૩૯ |
| | ૬.૩.૮ મહેસુલી ખર્ચ અને મૂડીખર્ચનુ Chi-Square Testદ્વારાં વિશ્લેષણ | ૨૪૦ |
| | ૬.૩.૯ રાજકોટ મહાનગરપાલિકાની ખર્ચની વિગતો | ૨૪૧ |
| | ૬.૩.૧૦ કુલ ખર્ચમાં સીમાંત ખર્ચનાં વલણો. | ૨૪૨ |
| | ૬.૩.૧૨ કુલ ખર્ચમાં સીમાંત ખર્ચનાં વલણોનું Chi-Square Test દ્વારાં વિશ્લેષણ | ૨૪૩ |
| | ૬.૩.૧૩ કુલ ખર્ચમાં સામાન્ય (મહેસુલી) ખર્ચનાં વલણો | ૨૪૪ |
| | ૬.૩.૧૫ કુલ ખર્ચમાં મહેસુલી ખર્ચનું Chi-Square Test દ્વારાં વિશ્લેષણ | ૨૪૪ |
| | ૬.૩.૧૬ કુલ ઉપજમાં કેપીટલ ખર્ચનાં વલણો | ૨૪૬ |
| | ૬.૩.૧૮ કુલ ઉપજમાં કેપીટલ ખર્ચનાં વલણો નું Chi-Square Testદ્વારા વિશ્લેષણ | ૨૪૭ |
| ૬.૪. | કુલ આવક અને કુલ ખર્ચનાં વલણો | ૨૪૮ |
| | ૬.૪.૧ કુલ આવક અને ખર્ચનાં વલણો | ૨૪૮ |
| ૬.૫ | રાજકોટ મહાનગરપાલિકાનું મહેસુલી આવકનું વિભાજન | ૨૪૯ |
| ૬.૬ | રાજકોટ મહાનગરપાલિકાનું મૂડી આવકનું વિભાજન | ૨૫૦ |
| ૬.૭ | રાજકોટ મહાનગરપાલિકાનું મહેસુલી ખર્ચનું વિભાજન | ૨૫૦ |
| ૬.૮ | રાજકોટ મહાનગરપાલિકાનું મૂડી ખર્ચનું વિભાજન | ૨૫૧ |
| ૬.૯ | રાજકોટ મહાનગરપાલિકાને રાજ્ય સરકાર તરફથી મળતી ગ્રાંટ | ૨૫૩ |

| | | |
|---|---|---|
| **૬.૧૦** | રાજકોટ મહાનગરપાલિકાને કેન્દ્ર સરકાર તરફથી મળતી સહાય | ૨૫૪ |
| **૬.૧૧** | રાજકોટ મહાનગરપાલિકાની પ્રતિદિન આવક-ખર્ચની વિગત | ૨૫૪ |
| **૬.૧૨** | કરમાળખું | ૨૫૫ |
| | ૬.૧૨.૪ વેરા વસુલાત વિભાગનું સ્ટાફ સેટઅપ | ૨૫૬ |
| | ૬.૧૨.૭ પાણીના કનેકશન ના દર | ૨૫૮ |
| | ૬.૧૨.૮ નળ કનેકશનની સાઈઝના દર | ૨૫૮ |
| | ૬.૧૨.૯ હાલના રહેણાંક મકાનો માટેનો ઓછામાં ઓછાં પાણીના દર | ૨૫૯ |
| | ૬.૧૨.૧૦ હાલમાં પાણી ના દર સામે થતી આવક તથા સબસીડીનું પ્રમાણ | ૨૬૦ |
| | ૬.૧૨.૧૩ સફાઈ કર પર ઉઘરાવવામા આવતાં કરવેરા | ૨૬૧ |
| | ૬.૧૨.૧૫ કરમુક્ત મકાનો તથા જમીનોનુ પ્રમાણ | ૨૬૨ |
| | ૬.૧૨.૧૬ થીયેટર ટેક્સ | ૨૬૨ |
| | ૬.૧૨.૧૮ કન્ઝરવંશી ટેક્સ | ૨૬૩ |
| | ૬.૧૨.૨૧ મકાન વેરાની વિગત | ૨૬૪ |
| | ૬.૧૨.૨૩ રહેણાંક અને બિનરહેણાંક વેરાનાં દરો: | ૨૬૪ |
| | ૬.૧૨.૨૪ વાહનકર પર ના દર | ૨૬૫ |
| | ૬.૧૨.૨૫ રાજકોટ મહાનગરપાલિકાની જનરલ કરવેરાની આવક | ૨૬૬ |


RAJKOT
(City Map)
To Jamnagar
To Jamnagar
Ring Road
Railway Properties
Central Ware Houses
Gandhigram Society
Goods Yard
Rail Nagar
Bajranj Wadi
Jamnagar Road
Work Shop
Popat Pura
To Saurastrauni
Airport
Central Jail Area
Shastrinagar
Police Head Qtr.
Gayakwadi Plot
Morbi Road
Nagarik Society
Race Course
Junction Plot
Naherunanagar
Bahumali Bhawan
Kashi Vishwanath Plot
Vaisali Nagar
Subhas Nagar
Bhagvati Para
Kothi Compound
Ring Road
Setubandhu Society
Shakti Colony
To Kalvad
Jubili Bagh
Zanana Hospital
Panchnath
Kotecha Nagar
Court
Gandhi Samruti
Jagnath Plot
Lathi Plot
Nagarik Bank
Dharmendra College
Bus Stand
Shastri Maidan
Kuvadya Road
Ring RD.
Ram Krishna Ashram
Panchvati Society
Prahlad Plot
Ramnath Temple
Shakti Society
Arya Nagar
Nandakishore Society
Gondal RD.
Bhakti Nagar Plot
Sant Kabir RD.
R.M.C.Quaters
Laxmiwadi RD
Bhavnagar RD.
Dudha Sagar Marg
Marketing Yard
Laxminagar Area
Thorala
Ring RD.
To Mavadi
Bhakti Nagar Circle
Aji River
Jilla Garden
Ceramic Industries
K.S.Diesel RD.
Aji Industrial Estate
Ramnagar
General Industries
Lalpari Tank
Dhebar RD.
Malviya Nagar
Kotharia RD.
P.W.D.Work Shop
Vivekananda Nagar
S.T.Workshop
I.T.I
Mahudi Plot
Padek Gramodhyog
Govt.Polytechnic
Map not to Scale
Ring RD.
Important Roads
Railway Line
Hospital
Copyright © Compare Infobase Pvt. Ltd. 2003-04.

राजकोट महानगरपालिका

RAJKOT MUNICIPAL CORPORATION

# પ્રકરણ-૧
# અભ્યાસનું વિશ્લેષણનું માળખું

૧.૧ પ્રસ્તાવના

૧.૨ અભ્યાસનું મહત્વ

૧.૩ સંશોધન સમસ્યા

૧.૪ વિષય પસંદગી

૧.૫ અભ્યાસના હેતુઓ

૧.૬ અભ્યાસનું કાર્યક્ષેત્ર

૧.૭ સંશોધન પદ્ધતિ

૧.૮ માહિતીનાં સ્ત્રોતો

૧.૯ અભ્યાસની મર્યાદાઓ

૧.૧૦ પ્રકરણ આયોજન

(૧) અભ્યાસનું વિશ્લેષણનું માળખું

(૨) વિકેન્દ્રીત આયોજનનાં સંદર્ભમાં સ્થાનિક સરકારનો પરિચય

(૩) ભારતની મહાનગરપાલિકાનો પરિચય

(૪) રાજકોટ મહાનગરપાલિકાની વિકાસલક્ષી કામગીરીઓ

(૫) રાજકોટ મહાનગરપાલિકાની સામાજિક સેવાઓનો અભ્યાસ

(૬) રાજકોટ મહાનગરપાલિકાનો આવક અને ખર્ચનો તુલનાત્મક અભ્યાસ અને કરમાળખું.

(૭) તારણો અને સૂચનો

૧.૧૧ ઉપસંહાર

# પ્રકરણ-૧

# અભ્યાસનું વિશ્લેષણનું માળખું

## ૧.૧ પ્રસ્તાવના

આધુનિક યુગમાં કુદકે અને ભુસકે આગળ વધતાં માનવ વિકાસનાં કારણે શહેરીકરણ ખુબ જ અગત્યનું પાસુ બની રહેલ છે. ટેકનોલોજી, શિક્ષણ, ઉદ્યોગ તથા આરોગ્ય જેવી પાયાની જરૂરીયાતોને ધ્યાનમાં રાખીને સમાજને યોગ્ય દિશામાં રાખવાનું ખુબ જ મહત્વનું છે. આમ ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને આજે દિન પ્રતીદિન વધતાં જતાં રોજગારી તથા આરોગ્યનાં પ્રશ્નના ઉતર સ્વરૂપે શહેરીકરણ થતું રહ્યું છે. આથી વિકાસ પામતા શહેરો સતત વિકાસ પામી રહ્યાં છે. જ્યારે કેટલાક અંશે નાના શહેરી અથવા અલ્પવિકસીત શહેરોનો વિકાસ રૂંધાતો જણાય છે. આથી આજે મોટા શહેરો પણ બજારમાં હરીફાઈ કરતી કંપની માફક હરીફાઈના ધોરણે વિકાસ પાછળ ધ્યાન દોરી રહ્યાં છે. ત્યારે સમાજમાં ઉત્પન્ન થતાં કેટલાક પ્રશ્નોનો સ્થાનીક (પ્રાદેશિક) લેવલે જ ઉપાય અથવા નિકાલ અર્થે સામે સ્થાનીક સરકારનું મહત્વ ખુબ વધી રહ્યું છે.

આજે વીસમીં સદીમાંથી પસાર થઈ એકવીસમી સદીમાં પહોંચેલ વિશ્વ વૈશ્વિકરણને લીધે એક નાનું એકમ બની ગયું છે. ત્યારે દરેક રાષ્ટ્ર પોતાના રાષ્ટ્રને વિકાસની હરોળમાં મૂકીને અન્ય રાષ્ટ્રની સરખામણીમાં આગળ પડતું સ્થાન મેળવવા સતત પ્રયત્નશીલ રહે છે. દેશમાં નાનામાં નાનાં એકમો તથા મોટા શહેરોનો વિકાસ કરવો જરૂરી બને છે તેમાં પણ કોઈપણ એકમનાં પ્રશ્નો માત્ર રાષ્ટ્રીય સરકાર દ્વારા નિવારી શકાતા નથી પરંતુ સ્થાનિક કક્ષાનાં પ્રશ્નોનું સ્થાનિક સરકાર દ્વારા નિરાકરણ લાવવું સરળ બને છે. કારણ કે કેન્દ્રીય સરકાર કરતાં સ્થાનિક સરકાર લોકોની પ્રત્યક્ષ રીતે વધુ નજીક હોય છે. આથી સ્થાનિક સરકારનાં મહત્વને ધ્યાનમાં રાખીને લોકશાહીનાં પ્રથમ પગથિયા તરીકે વિકેન્દ્રીત સ્થાનિક સરકારનો ચિતાર આપવાનું મહત્વનું બનેલ છે.

ભારત દેશ કે જ્યાં વિકસતો સમાજ, નવુ રાષ્ટ્રકરણ, કલ્યાણ રાજ્યની વિભાવના, ન્યાયી વિતરણની કટોકટીઓ એકી સાથે આકાર લેતી હોય ત્યાં લોકસહકારની પ્રાણવાન બનેલી સ્થાનિક સંસ્થાઓ જ પોતાનું પ્રણાલિકાગત તત્વ સાચવીને, સાથે-સાથે સમય અને વિશ્વનાં દેશોની સાથે પ્રણાલીમાં ફેરફાર કરીને પોતાની સ્વાયતતાથી દેશને આધુનિક બનાવી શકે છે. ઉપખંડીય પરિમાણ ધરાવતાં આપણા વિશાળ અને વિકસતા ભારત દેશમાં

લોકશાહીનાં ઉદય વિશે જાણવુ આવશ્યક છે. વિકેન્દ્રીત લોકકેન્દ્ર તરીકે સ્થાનિક સંસ્થાઓનો, સ્વીકાર અને વિચાર તેમજ તેનો અમલ એ નાગરિકોને મળેલી ભેટ છે.

સ્થાનિક શાસન (સરકાર) એ ઐતિહાસિકકાળથી ચાલી આવતી શાસન પદ્ધતિ છે. બદલાતા પ્રવાહ અને જરૂરીયાતનાં ફેરફારની સાથે શાસન અને લોકજીવન પ્રણાલીમાં પરિવર્તન આવેલ છે. પ્રાચીન સ્થાનિક શાસનમાં 'પંચાયતી રાજ'નો અમલ થયો. કારણ કે તે સમયમાં મોટાભાગની વસ્તી ગામડામાં જ વસતી હતી આથી ત્યારે ગામ એક પ્રજાસતાક નાનકડુ કેન્દ્ર જ હતું. સમય જતાં મધ્યકાલિન સ્થાનિક શાસનમાં નગર સ્થાનિક શાસન અસ્તિત્વમાં આવ્યું અને જે જીલ્લાનગર પંચાયત તરીકે ઓળખાય છે.

બ્રિટીશ શાસન દરમિયાન આધુનિક સ્થાનિક શાસનનો પાયો નંખાયો અને લોકશાહીનો ઉદય થયો. ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ સ્થાનિક સ્વરાજ્યની શરૂઆત મદ્રાસ શહેરથી કરી ઈ.સ.૧૬૮૮ માં ઈંગ્લેન્ડનાં ધોરણે મદ્રાસ શહેર માટે રચનાં કરવામાં આવી જો કે ૧૭૯૩ થી વ્યવસ્થિત મ્યુનિસિપિલ વહીવટતંત્ર અમલમાં આવ્યું. મોટા નગરો માટે મ્યુનિસિપલ વહીવટતંત્ર ૧૮૪૬થી અમલમાં આવ્યું. બ્રિટીશ શાસન દરમ્યાન લોર્ડરિપને સ્થાનિક સરકારની પદ્ધતિ નક્કી કરી, જેમાં ભાવિ સ્થાનિક સરકારની સંસ્થાઓનાં સિદ્ધાંતો નક્કી કર્યા અને ઈ.સ.૧૮૮૨માં આધુનિક સ્થાનિક સરકારનો પાયો નાંખ્યો તેથી જ લોર્ડ રિપન આધુનિક સ્થાનિક સરકારનાં પિતા ગણાય છે આજની સ્થાનિક સરકાર લોકશાહીનાં ખ્યાલને વરેલી સંસ્થા છે. આપણી આ સ્થાનિક સરકાર વડે લોકશાહીનો સૂર્યોદય થયો છે એમ કહેવું વધારે ઉચિત છે.

ત્રિકક્ષાની સ્થાનિક સરકારની મહત્વની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા,"મહાનગરપાલિકા" છે પરિણામે મહાનગરપાલિકાને આર્થિક આયોજનમાં મહત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. ભારતનાં નાનાં શહેરી એકમો કે જેની વસ્તી દશ હજાર કરતા ઓછી હોય છે. તે નગર પંચાયત, નાના નગર કે જેની વસતિ ત્રણ લાખની આસપાસ હોય તે નગરપાલિકા અને મોટા શહેરી એકમો કે જેની વસતિ ત્રણ લાખ કે તેના કરતા વધુ હોય, તેની પાસે વોર્ડ કમિટી હોય તે મહાનગરપાલિકા તરીકે ઓળખાય છે. એટલે કે મહાનગરપાલિકાનો દરજ્જો મેળવી શકે છે. આજે ઘણા પરિબળોની અસર હેઠળ ગ્રામ્યજનો ગામડાઓ છોડી શહેર તરફ વળવા લાગ્યા છે. આથી નગરપાલિકાનો દરજ્જો ધરાવતા નગરોમાં વસતી અને રહેણાંક વિસ્તારના કદમાં વધારો થતાં નગરપાલિકાનો દરજ્જો ધરાવતાં નગરને બંધારણનાં નિયમો હેઠળ મહાનગરપાલિકાનો દરજ્જો એનાયત થાય છે આથી આજે મહાનગરપાલિકાઓ નાં પ્રમાણમાં

ઉતરોતર વધારો થતો જોવા મળે છે. જેમ કે હાલમાં સૌરાષ્ટ્રમાં જુનાગઢ નગરપાલિકાને મળેલ મહાનગપાલિકાની સતા (દરજ્જો) ઉદાહરણ પુરુ પાડે છે.

સૌરાષ્ટ્ર વિસ્તારની મહાનગરપાલિકાઓ રાજકોટ મહાનગરપાલિકાનો કુલ આવક અને કુલ જાવકના ખર્ચ તેમજ કરમાળખાનો અને સામાજિક સેવાઓનો અભ્યાસ અત્રે પ્રસ્તુત છે.

**૧.૨ અભ્યાસનું મહત્ત્વ :**

ભારત જ્યારે એકવીસમી સદીના આર્થિક વિકાસના અગત્યનાં તબક્કામાંથી પસાર થઈ રહેલ છે. ત્યારે વિકાસના સમતોલનને ધ્યાનમાં રાખીને ગામડા અને શહેરોની યોગ્ય માળખાકીય સુવિધા ગોઠવવી અને પૂરી પાડવી આવશ્યક છે. આથી સ્થાનિક સરકાર વસ્તી વિસ્ફોટથી વધતા પ્રશ્નોનો ઉપાય બની રહેલ છે. આથી દેશનાં વિકાસ માટે પ્રાદેશિક સ્તરેથી જ ઉપાય આરંભાય તેવા હેતુસર સ્થાનિક સરકાર આજે આધુનિકતા અને વિકાસનો પાયો બની રહેલ છે. આથી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા તરીકે મહાનગરપાલિકા આજે વિકાસનું માધ્યમ બન્યું છે.

સ્થાનિક સરકારની જવાબદારીઓમાં ઉદારીકરણ વૈશ્વિકરણ તથા કલ્યાણરાજ્યની વિભાવનાને કારણે વધારો થતો રહ્યો છે. મહાનગરપાલિકાઓ મોટું વહીવટી એકમ ધરાવતી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા છે. વિશાળ સમુદાયની કલ્યાણલક્ષી જરૂરીયાતો પૂરી પાડવાની જવાબદારીઓ વૈધાનિક રીતે સોપવામાં આવી છે.

મહાનગરપાલિકાઓની વધતી જતી જવાબદારીઓનું મહત્વનું કારણ વસ્તીવધારો અને શહેરીકરણની અવિરત પ્રક્રિયા છે. ગામડાઓમાં વરસાદની અનિયમિતતાં, કૃષિક્ષેત્રે સિંચાઈની અપૂરતી સવલતો, જેનાં કારણે કૃષિક્ષેત્રની પડતી, વૈકલ્પિક રોજગારીની તકોનો અભાવ તથા શહેરી જીવનશૈલીના અનુકરણને કારણે ગામડાઓમાંથી લોકોનું મોટા શહેરો તરફ પ્રયાણ વધવા લાગ્યુ. આથી મહાનગર પાલિકાઓની કાર્યાત્મક તેમજ કલ્યાણવર્ધક જવાબદારીઓ, ઉર્ધ્વગતી કરતી રહી છે વધતી જતી જવાબદારીઓ પાછળના ખર્ચ અને મહાનગરપાલિકાઓનાં આવકના પ્રશ્નો ખુબ મોટો વિષય બની રહેલ છે.

મહાનગરપાલિકાઓની વધતી જવાબદારીઓને પહોંચી વળવા મહાનગરપાલિકાઓએ પોતે તથા કેન્દ્ર સરકાર બંનેએ નિવારણ માટેનાં પ્રયાસો હાથ ધરવા હોય તો બે જ વિકલ્પોને મહત્વ આપવું ઘટે. મહાનગરપાાલિકાઓએ વધતી જવાબદારીઓનો વધતા ખર્ચને પહોંચી વળવા કાં તો જૂના સાધનોમાંથી વધુ આવક મેળવવી અથવા નવા નાણાંકીય સાધનો ઉભા કરવા. જ્યારે કેન્દ્ર સરકારે નાના નગરો તથા ગામડાઓમાંથી મોટા શહેરોમાં થતી વસ્તીની હિજરતને રોકવા માટેના પ્રયાસો કરવા જોઈએ, પરંતુ કેન્દ્ર સરકાર સ્થાનિક લોકો માટે સુધારણાનાં વિકલ્પને ખાસ

સ્થાન (ધ્યાન) આપતી નથી માટે વધતી જવાબદારીઓને પહોંચી વળવા સ્થાનિક ક્ષેત્રે મહાનગરપાલિકાએ જ જવાબદારીઓનાં વધારાથી વધતાં ખર્ચને પહોંચી વળવા પ્રયાસો હાથ ધરવા પડે છે. આથી મહાનગરપાલિકાની વધતી જતી વિકાસાત્મક સેવાઓ, સામાજિક સેવાઓ તથા આવકના સાધન તરીકે કરમાળખુ અને તેનું વિશ્લેષણ આ સંશોધનનું હાર્દ બની રહેલ છે.

આધુનિકતાનો ઉપભોગી એવો આજનો માનવ ભૌતિકવાદી બનતો જાય છે અને શહેરી વૈભવ તરફ આકર્ષાય રહ્યો છે ઉપરાંત આજે ઉચ્ચ શિક્ષણ તથા બાળકોનાં સર્વ પાસાકીય વિકાસને ધ્યાનમાં રાખીને આજે મહાનગરો જન સાથે શબ્દો ઉભરાવા લાગી છે. ત્યારે તેની સામેનાં મહાનગપાલિકાનાં પડકારો અને જવાબદારીઓ અંગેનો અભ્યાસ કરવો ખુબ જરૂરી ગણાય છે.

આ પ્રસ્તુત મહાનિબંધ"રાજકોટ મહાનગરપાલિકાનો જાહેર ખર્ચ અને જાહેર આવકનો ના અભ્યાસ"નું મહત્વ જે ઉપર જોયું. આ ઉપરાંત આ અભ્યાસ મહાનગપાલિકાનાં સુચનનાં ભાગ તરીકે રજૂ કરવામાં આવેલ હોવાથી રાજકોટ મહાનગરપાલિકાનો આવક અને જાવકનો તુલનાત્મક અભ્યાસ પણ મહત્વનો બની રહેશે તથા વાંચકોને અભ્યાસ માટે ઉપયોગી બનશે એવી અપેક્ષા સાથે જોવા આ મહાનિબંધનો અહીં અભ્યાસ કરવામાં આવેલ છે.

**૧.૩ સંશોધન સમસ્યા :**

સૌરાષ્ટ્ર વિસ્તારની મહાનગરપાલિકામાં રાજકોટ મહાનગરપાલિકાનો જાહેરખર્ચ અને જાહેર આવકનો તુલનાત્મક અભ્યાસ નીચે મુજબ સંશોધન પ્રશ્નોની આજુબાજુ વિકસાવવાનું નક્કી કરવામાં આવ્યું.

૧. રાજકોટ મહાનગરપાલિકા સમક્ષનાં અપેક્ષિત વિકાસ કાર્યોની સામે નાણાંકીય સાધનો પરંપરાગત સ્વરૂપના છે.
૨. મહેસુલી (વેરા વસુલાતની) આવકમાં પ્રોપર્ટી ટેકસની આવકનો હિસ્સો ઘણો ઓછો છે અને ઉતરોતર ઘટતો રહે છે.
૩. અલબત બિનઅધિકૃત મિલકતો ટેક્સમાંથી છટકી જાય, મિલકતો અંગેની પૂરતી અને સાચી માહિતી ન મળે, કેટલીક વાર કર આકારણીમાં મનસુફીનું તત્વ દાખલ થઈ જાય તો કેટલીક વાર ટેક્સના દર ઉંચા હોય છે અને કર વસુલીનો ખર્ચ વધારે હોય છે.
૪. છેલ્લા પાંચ વર્ષમાં રાજકોટ મહાનગરપાલિકાની મહેસુલી આવકના સાધનોમાંથી મળતી આવકમાં વધારો થયો છે જ્યારે છેલ્લા વર્ષમાં મૂડી ખર્ચમાં વધારો થયો છે.

૫. મહાનગરપાલિકાની વિકાસલક્ષી સેવાઓનો મર્યાદિત પૂરવઠો અને ઊંચી માંગ જોવા મળે છે.

## ૧.૪ વિષય પસંદગી :

સંશોધન અભ્યાસમાં વિષય તરીકે 'રાજકોટ મહાનગરપાલિકાનો આવક અને ખર્ચનો તુલનાત્મક અભ્યાસ' પસંદ કરવાના વિશીષ્ટ હેતુઓ છે આ હેતુઓને કારણે જ આ વિષય સંશોધન અભ્યાસ માટે પસંદ કર્યો છે. વિષય પસંદગી માટેના મુખ્ય કારણો નીચે મુજબ છે.

દેશની કુલ વસ્તીનાં 33% જેટલી વસ્તી શહેરી વિસ્તારમાં વસે છે. અને હાલમાં આ વધારો ઉતરોતર વધતો રહ્યો છે. તેમાં પણ શહેરી વિસ્તારની ૬૫% કરતાં વધારે લોકો મહાનગરોમાં વસે છે આથી મહાનગરપાલિકાઓ ઘણી મોટી જવાબદારીઓ સંભાળતી હોય તથા વિશાળ જનસમુદાય જ્યાં મોટાં શહેરોમાં વસવાટ કરતો હોય તેવા મહાનગરોનો (મ્યુનિસિપલ કોર્પોરેશન) અભ્યાસ કરવો મહત્વનું જણાતા આ વિષય પસંદ કરવામાં આવ્યો છે.

રાજકોટ મહાનગરપાલિકા નબળી આર્થિક સ્થિતિની સામે વિશાળ અને વ્યાજબી સેવાઓ પૂરી પાડે છે. સાથે સાથે નાણાંકીય ખાધનો સામનો કરીને પણ મરજિયાત સેવાઓ પૈકીની સામાજિક સેવાઓ બજાવે છે. આ સામાજિક સેવાઓ કઈ રીતે બજાવે છે. ખર્ચને કંઈ રીતે પહોંચી વળે છે, જુદી-જુદી સેવાઓનાં લક્ષ્યાંકની સામે સિદ્ધી કંઈ રીતે હાંસલ કરે છે ઉપસ્થિત આવા પ્રશ્નોનો તલસ્પર્શી અભ્યાસ કરી, તેનો ઉકેલ શોધવો જરૂરી જણાતા આ વિષય પસંદ કરવામાં આવેલ છે.

વિકાસની વિજયકુચથી આગળ વધતા જતા મહાનગરોની કાર્યક્ષમતા અને કાર્યપદ્ધતિની નોંધ લઈ અથવા પ્રેરણા લઈ નગરવિકાસ, સેવાકીય પ્રવૃતિ તથા આવક અને ખર્ચ તેમજ કરમાળખા અંગેની વિગતોથી માહિતગાર થવુ ખૂબ જરૂરી જણાય છે. આથી રાજકોટની મહનગરપાલિકાઓની તુલનાથી ખુબીઓ અને ખામીઓ અંગનો ખ્યાલ પ્રાપ્ય બનશે એવી અપેક્ષાએ વિષયની પસંદગી કરી છે.

વસ્તીની ગીચતામાં થતો રહેલ વધારો, શહેરી ગીચતા તથા તેનાથી ઉદ્‌ભવતા પ્રશ્નો માટે જવાબદાર કોણ? આપણા દેશમાં શહેરીકરણ અવિરત પ્રક્રિયા તરફ તથા પ્રશ્નો તરફ ધ્યાન ખેંચાય એ સહજ બાબત છે.

આમ, ઉપસ્થિત થયેલ જુદા-જુદા પ્રશ્નોનાં નિરાકરણ રૂપે આ અભ્યાસ વિષય પસંદ કરવામાં આવ્યો.

## **૧.૫ અભ્યાસનાં હેતુઓ :**

પ્રસ્તુત મહાનિબંધની પસંદગી અભ્યાસનાં હેતું સાથે હાથ ધરવામાં આવેલ છે આ અભ્યાસ શા માટે હાથ ધરાયો તેના કારણો પણ નથી કે હાથ ધરાયેલ સંશોધન કાર્યના સોપાનો પણ નથી પરંતુ કંઈ કંઈ બાબત તથા હેતુ માટે હાથ ધરાયેલ છે તેની યાદી નીચે મુજબ છે.

૧. નગરપાલિકામાંથી મહાનગરપાલિકાનો દરજ્જો મળવાનાં કારણો, ફાયદા-ગેરફાયદા તથા મહાનગરપાલિકાની સતા અને ફેરફાર થયેલ માળખાને તપાસવું.
૨. રાજકોટ મહાનગરપાલિકાનું આવકનું મુખ્ય સાધન કરમાળખું છે. આથી અહીં કરમાળખું તપાસવું અને કર દરનો ઊંડાણથી અભ્યાસ કરવો.
૩. મહાનગરપાલિકા તરફથી શહેરીજનો માટે બજાવવામાં આવતી મરજિયાત સેવાઓ પૈકીની સામાજિક સેવાઓ તથા ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી યોજનાઓ અંતર્ગત બજાવવામાં આવતી સામાજિક સેવાઓનો અભ્યાસ કરવો. (જે ગુજરાત સરકાર તથા કેન્દ્ર સરકાર વતી મહાનગરપાલિકાઓ સેવા બજાવે છે.)
૪. રાજકોટ મહાનગરપાલિકાઓ દ્વારાં લાદવામાં આવતાં કરવેરા અને આપવામાં આવતી સામાજિક સેવાઓની શહેરીજનોનાં જીવનધોરણ પરની અસરો તપાસવી.
૫. છેલ્લાં પાંચ વર્ષમાં (૨૦૦૭-૦૮ થી ૨૦૧૧-૧૨) રાજકોટ મહાનગરપાલિકાની આર્થિક અને સામાજિક પ્રવાહમાં આવેલ પરિવર્તનો તપાસવા.
૬. રાજકોટ મહાનગરપાલિકાનું વહીવટીતંત્ર, નગર આયોજન તથા સેવાકીય પ્રવૃતિઓ કેવા પ્રકારની છે તેમનો ચિતાર મેળવવો અને જરૂરી સૂચનો કરવા.
૭. રાજકોટ મહાનગરપાલિકાની વહીવટી સેવાઓ અને જવાબદારીઓને પહોંચી વળવા નાણાંકીય સ્થિતી સુધારવા માટેનાં સૂચનો કરવા.

## **૧.૬ અભ્યાસનું કાર્યક્ષેત્ર :**

કોઈપણ સંશોધન અભ્યાસ તેનાં કાર્યક્ષેત્ર પર આધારિત હોય છે. બૃહદલક્ષી પ્રકારનો અભ્યાસસમય અને નાણાંની દૃષ્ટિએ ખર્ચાળ બની જાય છે. તેથી આ મહાનિંબધનો પ્રસ્તુત અભ્યાસ રાજકોટ મહાનગરપાલિકા પૂરતો મર્યાદિત રાખવામાં આવેલ છે.

અહીં રાજકોટ મહાનગરપાલિકાનો આવક અને ખર્ચનો તુલનાત્મક અભ્યાસ તથા નાણાંકીય વિશ્લેષણ તરીકે કરમાળખું તથા સેવાકીય પ્રવૃતિઓનાં ભાગરૂપે સામાજિક સેવાઓનો અભ્યાસ કરવામાં આવેલ છે.

આ વિષય સંશોધન અભ્યાસરૂપે રાજકોટ મહાનગરપાલિકા પૂરતો મર્યાદીત છે. પરંતુ મહાનગરપાલિકાનું આવક અને ખર્ચનું વિશ્લેષણ તેમનું કરમાળખું, સામાજિક સેવાઓ વગેરેનો ખ્યાલ મેળવી શકાય છે. આ માટે વિષય સંશોધનના અભ્યાસરૂપે પાંચ વર્ષનો સમયગાળો પસંદ કરવામાં આવ્યો. ઈ.સ.૨૦૦૭-૦૮ થી ૨૦૧૧-૧૨નાં વર્ષની આર્થિક અને સામાજિક કામગીરીનો અભ્યાસ કરવામાં આવેલ છે.

**૧.૭ સંશોધન પદ્ધતિ :**

સંશોધન માટે પ્રાથમિક સમજ અને નાણાંકીય તથા અન્ય બાબતોની આંકડાકીય માહિતી માટેની મુખ્યત્વે દ્વિસ્તરીય માહિતીનો ઉપયોગ કર્યો છે. આ માહિતી રૂબરૂ મુલાકાત દ્વારા તથા જરૂરી જણાયુ ત્યાં પ્રશ્નાવલી પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલ છે. મુખ્ય અને મહત્વની માહિતી મુલાકાત દ્વારા આપવામાં આવેલ માહિતી તથા સંશોધન સંબંધી સાહિત્યમાંથી મેળવવાંમાં આવેલ છે જે આ મુજબ છે.

૧. આ અભ્યાસમાં મોટાભાગની વિગત પ્રત્યક્ષ મુલાકાત લઈને એકઠી કરી છે.

૨. મહાનગરપાલિકાનાં જુદા-જુદા ક્ષેત્રે નિમાયેલી શાખાઓનાં પ્રતિનિધિઓ પાસેથી જરૂરી માહિતી સરળતાથી પ્રાપ્ય થઈ શકે તે માટે મુલાકાત પહેલા માહિતી એકત્રીકરણ માટેની પ્રશ્નાવલી બનાવવામાં આવી અને મુલાકાત દરમ્યાન આ પ્રશ્નો પુછીને તેમની (વહીવટી અધિકારીઓ) પાસેથી માહિતી અને માર્ગદર્શન મેળવવામાં આવેલ છે જે સંશોધન માટે ખુબ ઉપયોગી બનેલ છે.

૩. અભ્યાસ પદ્ધતિમાં દ્વિસ્તરીય માહિતી સૌથી વધુ ઉપયોગી બની રહી છે કારણ કે આવક-ખર્ચના વલણો અંદાજપત્રો તથા વહીવટી અહેવાલોમાંથી ઉપલબ્ધ થાય છે.

૪. આ વિષય જાહેર વિતવ્યવસ્થાનાં ક્ષેત્રમાં આવરી લેવામાં આવેલ છે તેથી આ વિષયને લગતાં પુસ્તકોમાંથી આનુષંગિક માહિતી મેળવી છે.

૫. સરકાર તથા મહાનગરપાલિકાઓ દ્વારા પ્રકાશિત અને અપ્રકાશિત સાહિત્ય, અંદાજપત્રો, વહીવટી અહેવાલો, મ્યુનિસિપલ વાર્ષિક ડાયરી, નાગરિક અધિકાર પત્રો તથા વિવિધ માહિતી તથા જરૂરી આંકડાઓ ઉદ્‌ધૃત કરેલ છે.

૬. રાજકોટ મહાનગરપાલિકાનામાં આવક અને ખર્ચનો અભ્યાસ કરવા વિવિધ કોષ્ટકો અને સારણીનું વિભાજન કરવામાં આવ્યું. સમયશ્રેણીમાં ગોઠવવામાં આવ્યું તેમજ સીમાંત ફેરફારનાં રૂપમાં તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું. અને દરેક વર્ષની મહિતી પરથી એક દિવસની ટકાવારી પ્રમાણ દ્વારાં વિશ્લેષણ કરવામાં આવ્યું તેમજ Chi-Square test દ્વારાં

તમામ કોષ્ટકનું વિશ્લેષણ કરવામાં આવ્યું અને સાદી ગાણિતીક પદ્ધતિ પ્રયોજવામાં આવી છે. આ ઉપરાંત જરૂર જણાય છે ત્યાં ચાર્ટસનો ઉપયોગ કરીને વિશ્લેષણ કરીને વધુ સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

૭. મહાનગરપાલિકાની સામાજિક સેવાઓનાં લક્ષ્યાંક (ટારગેટ) ની સામે કેટલી સિદ્ધ હાંસલ કરી છે તપાસવા માટે જુદા-જુદા વિભાગમાં રૂબરૂ મુલાકાત દ્વારા પ્રશ્નો ઓકડાકીય માહિતી પ્રાપ્ત કરી છે. તથા જરૂર જણાય છે ત્યાં ચકાસણી મટે જે-તે વિસ્તારમાં જઈ લાભાર્થીઓની પૂછપરછ કરી સત્યતાં તપાસવામાં આવી છે.

## ૧.૮ માહિતીનાં સ્ત્રોતો :

અભ્યાસમાં માહિતીનાં મુખ્યસ્તોત્ર તરીકે રાજકોટ મહાનગરપાલિકા દ્વારાં અમલમાં મૂકવામાં આવેલા અંદાજપત્રોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમજ બોમ્બે પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન ૧૯૪૯ની કલમ અન્વયે મહાનગરપાલિકાએ જે કલમો તથા ધારાનાં નિયમોનો અમલ કરી વેરાવસુલી શકે છે તે માટે અહીં બી.પી.એમ.સી. ૧૯૪૯માં ઘડેલ કરમાળખાનો અભ્યાસ તથા ઉપયોગ કરવામાં આવેલ છે. નાગરિકોને (શહેરીજનોને) મળતી સેવાઓ અને અધિકારોની માહિતી પ્રાપ્ય થાય તે માટે નાગરિક અધિકારપત્રો તથા સેવાકીય કામગીરી આંકડાકીય માહિતી મેળવવા માટે વહીવટી અહેવાલોનો ઉપયોગ કરવામાં આવેલ છે તથા તેમાં આપવામાં આવેલી માહિતીની ખરાઈ ચકાસવામાં આવી અંદાજપત્ર તથા વહીવટી અહેવાલોમાં આપવામાં આવેલી માહિતી કોર્પોરેશનનાં વિવિધ વિભાગો દ્વારાં તૈયાર કરવામાં આવતી હોય છે આથી જ્યાં માહિતી સંબંધી સ્પષ્ટતા જરૂરી લાગી ત્યાં સંબંધિત ખાતાઓનો સંપર્ક કરવામાં આવ્યો અને જરૂરી સ્પષ્ટતા કરવામાં આવી.

રાજકોટ મહાનગરપાલિકાના ઈતિહાસ વિશે તથા મહાનગર વિશે માહિતી પ્રાપ્ત કરવા મહાનગરપાલિકાની ડાયરી તથા અન્ય પ્રકાશિત સામગ્રી અને લેખોનો ઉપયોગ કરવામાં આવેલ છે. ટૂંકમાં પ્રસ્તુત અભ્યાસ માહિતીનાં પ્રકાશિત સાધનો તથા રાજકોટ મહાનગરપાલિકાના વહીવટી અધિકારીઓ પાસેથી મળેલી રૂબરૂ મુલાકાત દ્વારા મળેલી માહિતી ઉપર આધારિત છે. આમ, દ્વિસ્તર આંકડાકીય માહિતી પ્રકાશિત સાધનો (Secondary sources of data) આધારીત છે.

## ૧.૯ અભ્યાસની મર્યાદાઓ

પ્રસ્તુત મહાનિબંધને સંશોધન શીર્ષક હેઠળ પૂરતી કાળજી રાખીને રજૂ કરવામાં આવેલ હોવા છતાં આ મહાનિબંધ અભ્યાસની મર્યાદાઓ પર નથી. સંશોધકે આ અભ્યાસમાં ફક્ત

રાજકોટ મહાનગરપાલિકાનો જ અભ્યાસ કરેલ છે. તેથી માત્ર રાજકોટ મહાનગરપાલિકાનાં સંદર્ભમાં જ તારણો આવશે. તેથી સમગ્ર દેશની મહાનગરપાલિકાઓને આ અભ્યાસમાં તારણો લાગું પાડી શકાય નહીં. આ અભ્યાસમાં આ ઉપરાંત સામાજિક સેવાકીય પ્રવૃતિઓ વિશેની રૂબરૂ માહિતી પ્રાપ્યતામાં કદાચ કચાશ રહેલી હોય અને અમુક માહિતી ન પ્રાપ્ય થઈ શકી હોય જે આપણા મહાનિબંધની મર્યાદા બની રહેલ છે.

**૧.૧૦ પ્રકરણ આયોજન :**

પ્રસ્તુત મહાનિબંધને વિવિધ પ્રકરણોમાં આયોજિત કરવામાં આવેલ છે અને પ્રત્યેક પ્રકરણનું વાંચકોની અપેક્ષાને ધ્યાનમાં રાખીને તથા તેઓ સળતાથી અભ્યાસ કરી શકે તે માટે પેટા પ્રકરણોમાં વિભાજન કરવામાં આવેલ છે. રાજકોટ મહાનગરપાલિકાનો આવક અને ખર્ચનો તુલનાત્મક અભ્યાસ આ મહાનિબંધને કુલ સાત પ્રકરણોમાં વિભાજિત કરવામાં આવેલ છે જે આ મુજબ છે.

**પ્રકરણ-૧ અભ્યાસનું વિશ્લેષણનું માળખું.**

આ પ્રકરણમાં અભ્યાસનું વિષયવસ્તું, મહત્વ, સંશોધન સમસ્યા એટલે કે અભ્યાસ વિષય “રાજકોટ મહાનગરપાલિકાનો આવક અને ખર્ચનો તુલનાત્મક અભ્યાસ”નાં પ્રશ્નો, વિષય પસંદગીનાં કારણો, અભ્યાસનાં હેતુઓ, અભ્યાસનું કાર્યક્ષેત્ર, સંશોધન પદ્ધતિ, માહિતીના સ્ત્રોતો તથા દરેક પ્રકરણની સમજ તથા અભ્યાસનું માળખું દર્શાવવામાં આવેલ છે. જે માહિતના સ્ત્રોતોનો અભ્યાસ કરવામાં આવ્યો છે જે નીચે મુજબ છે :

**<u>Review of Literature:</u>**

૧. નારાયણમૂર્તિ રાજગોપાલરાવે ઈ.સ.૧૯૮૪-૮૫માં “ભારતની નગરપાલિકાનો નાણાંકીય અભ્યાસ” નામના પુસ્તકમાં તેમણે સૌપ્રથમ જાહેર વિતરણ વ્યવસ્થાનો અભ્યાસ તેમજ દરેક નગરપાલિકાનું નાણાકીય માળખુ, નાણાંનું આવક અને ખર્ચનું વિશ્લેષણ વગેરે બાબતોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ છે. તેમજ વિતરણ વ્યવસ્થા પર સૌથી વધુ ધ્યાન દોરે છે.

૨. જય ભગવાનનું પ્રખ્યાત પુસ્તક :Municipal Finances in the Metropolitan Cities of India.દીલ્લી, મહાનગરપાલિકા વિશે ચર્ચા કરવામાં આવેલ છે તેમજ દીલ્લીમાં રહેલી તમામ સમસ્યાઓ મહાનગરપાલિકા કઈ રીતે હલ કરશે તેનો ખાસ અભ્યાસ કરવામાં આવેલ છે. અને સાથે સાથે કલકતા, મુંબઈ અને મદ્રાસ મ્યુનિસિપલ કોર્પોરેશનની તુલનામાં દિલ્હી, મહાનગરપાલિકા આ ત્રણેય મોટા શહેરોની તુલનામાં કઈ રીતે આવક

અને ખર્ચની તુલનાં કરવામાં આવેલ છે. જેનાં વિશ્લેષણ મુજબ મુંબઈ અને કલકતાની આવક દીલ્હી કરતા વધુ છે. જ્યારે મદ્રાસની આવક ઓછી છે તેની તુલનાં કરવામાં આવી છે. તેમજ દિલ્હીમાં ગંદકી, અસ્વચ્છતા, ખુલ્લી ગટરો, પાણીની સમસ્યા, ગંદુ પાણી વગેરે સમસ્યાઓની ચર્ચા કરવામાં આવી છે.

૩. ડૉ. વિજય જોશીનાં મહાનિબંધ : Same time aspect of Municipal Finance in Gujaratના અભ્યાસમાં સૌ પ્રથમ સૌરાષ્ટ્રની છ નગરપાલિકાઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે. જેમાં જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, પોરબંદર, અમરેલી,નો અભ્યાસ કર્યો છે. આ અભ્યાસમાં આ છ નગરપાલિકાઓની આવક અને ખર્ચ દ્વારા આ નગરપાલિકાની માથાદીઠ કર આવક દ્વારા નાણાંકીય માળખાનું વિશ્લેષણ કરવામાં આવેલ છે.

૪. યુ.બી.એ. પ્રોજેક્ટની માહિતી પત્રિકા અનુસાર ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા ગુજરાત રાજ્યની નગરપાલિકા તેમજ મહાનગરપાલિકો અંગેનું નાણાંકીય કરવેરાનું માળખું તે અંગેનો ઉંડો અભ્યાસ કરવામાં આવ્યો છે.

૫. પ્રો. અભિજીત દતાએ પોતાના સંશોધન Municipal Finance in India માં નગરપાલિકાની વિતવ્યવસ્થા, (જેમાં, નગરપાલિકાની વિતવ્યવસ્થામાં નગરપાલિકાનાં આંતરમાળખું, સામાજિક સેવાઓ અને ખર્ચને પહોંચી વળવા માટેનું આયોજન તેમજ નગરપાલિકા દ્વારાં ખર્ચને પહોંચી વળવા મટે સૂચિત કરવેરાનું આયોજન કરીને નગરપાલિકા પોતાની પૂરાંત વધારી શકે છે. અને શહેરના લોકો સામાજિક સેવાઓથી વંચિત ન રહે તે વિશે સંક્ષિપ્તમાં અભ્યાસ કરેલ છે.)

૬. પ્રો. જગદીશ અંધારીયાએ પીએચ.ડી.ના મહાનિબંધમાં ખાસ કરીને ભાવનગર અને વડોદરા આ બંને મહાનગરપાલિક વિશે તેમણે કઈ રીતે નાણાંકીય સ્ત્રોત ઉભા કરીને ખર્ચને પહોંચી શકાય તેની વિસ્તૃત ચર્ચા કરી છે. સામાજિક સેવા તેમજ શહેરના વિકાસ માટેનાં તમામ નાણાંકીય ખર્ચનો કઈ રીતે અભ્યાસ થાય તેની માહિતી આપે છે.

૭. પ્રો. પી.સી. જોષીએ પોતાના નિબંધ એટલે કે – Financeses of Municipal Corporation in the Gujarat a State Study માં ગુજરાત રાજ્યની અંદર આવેલ મહાનગરપાલિકાનું નાણાંકીય માળખામાં સૌથી વધુ આવક ક્યાં સ્ત્રોતોમાંથી ઉત્પન્ન કરી શકાય તેનાં વિશે તેમજ કરવેરાં ઉપર સૌથી વધુ મહત્વ આપીને શહેરની આવક વધારી શકાય તેમના મતે જો આવકનું પ્રમાણ જેમ વધુ તેમ શહેરનો સર્વાંગી વિકાસ વધુ પ્રમાણ થશે તેઓ પોતાનાં પ્રસ્તુત નિબંધમાં ખર્ચ કરતા વધારે આવકને મહત્વ આપ્યું છે.

૮. અમદાવાદ શહેરમાં યોજાયેલ છઠ્ઠી સાહિત્ય પરિષદ ૧૯૮૩માં એસ.જે.ટી.ના પ્રમુખપદે યોજાયેલ ભારતની તમામ મહાનગરપાલિકાનાં મેયરની કોન્ફરસમાં ઈ.સ.૨૦૦૦માં અમદાવાદ મ્યુનિસિપલ દ્વારાં અમદાવાદ શહેરનો આંતરમાળખાકીય વિકાસ કરવા પર વધું મહત્વ અપાયું છે. તે કોન્ફન્સમાં અમદાવાદના શહેરનાં લોકોને મહતમ પાણીની સુવિધાઓ, પાણી પુરવઠો પુરતા પ્રમાણમાં પ્રાપ્ત થાય તથા એલિસબ્રીજ તથા ગાંધીબ્રીજ પહોળો કરવા અંગે ટ્રાફીકનાં પ્રશ્નો ન સર્જાય તેની ચર્ચા કરવામાં આવી હતી.

૯. ઈ.સ.૨૦૦૦ થી ૨૦૦૪ના સમયગાળામાં મહાનગરપાલિકામં સૌથી વધુ આવક મેળવતું સ્ત્રોતમાં મહેસુલી વિભાગની આવકમાં કઈ રીતે વધારો કરી શકાય, કેટલો વધારો કરી શકાય, જનહિતમાં વધારો કરી શકાય આવા મુદાને અનુસરીને મહેસુલી વિભાગની આવકમાં ઘણા બધા ફેરફારો કરીને મહેસૂલી વિભાગની આવકમાં ઘરખમ ફેરફાર કરવામાં આવ્યા.

૧૦. પ્રો.પી.કે.મોહંતી :Reforming Property tax the Approach of Municipal Corporation નામનાં પુસ્તકમાં આંધ્રપ્રદેશ અને હૈદ્રાબાદનાં વિકાસની ચર્ચા કરીછે. મોહંતીનાં મતેઆ બંને રાજ્યોમાં એટલે કે આંધ્રપ્રદેશમાં ખર્ચનું પ્રમાણ વધુ જોવા મળે છે. જ્યારે હૈદ્રાબાદમાં આવકનું પ્રમાણ વધુ જોવા મળે છે. તો ખર્ચનું પ્રમાણ ઘટીને રાજ્ય આંધ્રપ્રદેશની નગરપાલિકામાં આવકનું પ્રમાણ વધે તેવાં પ્રયત્નો કરવામાં આવ્યા છે. જેનાં દ્વારા તેમણે મહેસૂલી વિભાગની આવકમાં વધારો થાય તેવા પ્રયત્નો કરવાનું સૂચવવામાં આવ્યું છે.

૧૧. પ્રો.એલ.ભંડારીએ પોતાના આર્ટિકલ્સ India After inddipendence adopted the Mahalanobis model માં મહાનગરપાલિકાએ વિકાસ કઈ રીતે કરવો અને તેના માટે કરવેરા ના દરોમાં વધારો કરીને શહેરનો આર્થિક વિકાસ કરી શકાય પરંતુ કરવેરા પ્રજાનાં હિતમાં હોવા જોઈએ નહી કારણ કે કરવેરા હમેંશા પ્રજામાં અપ્રિય હોય છે ભંડારીએ આઝાદી પછી એટલે કે ૧૯૪૭ પછીનં મહાનગરપાલિકા દ્વારા શહેરોનો સમૃદ્ધ આર્થિક વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરીને કરવેરાને મહત્વ આપ્યું છે. અને ૧૯૯૦નાં અને ૨૦૦૦ના દાયકામાં આવક અને ખર્ચની માહિતી આપેલી જેમાં ૧૯૯૦ થી ૧૯૯૫ દરમ્યાન ખર્ચનું પ્રમાણ ૭૦% મહાનગરપાલિકામાં વધુ જોવા મળતું ત્યાર બાદ તેમાં ઘટાડો થતો માલૂમ પડ્યો હતો

૧૨. The Bombay Civic Election નામનાં પુસ્તકમાં ઈ.સ.૧૯૬૮માં મુંબઈ મહાનગરપાલિકાનો ઈતિહાસ, તેમની શહેરની રચના, આંતરમાળખું, પાણીની સુવિધાઓ, સ્લમ્સ એરીયાઓ,

તેમજ વધતું જતું ખર્ચનું પ્રમાણ વગેરે બાબતોનો ઉલ્લેખ કરીને સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

૧૩. Human Mumbai Human Development- ૨૦૦૯ નામનાં પુસ્તકમાં વર્તમાનમાં શહેરોની વસ્તીમાં દિવસે-દિવસે વધારો થતો જાય છે. શહેરીકરણ વિકસી રહ્યું છે જ્યારે જ્યારે મોટા શહેરો માનવવસ્તીથી ઉભરાઈ રહ્યા છે ત્યારે આવી વસ્તીનો આંતરમાળખાકીય સુવિધાથી વંચિતતાંનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. વિકાસપામતાં દેશોમાં ૨030 સુધીમાં ૮૦% વસ્તી શહેરી વસ્તી હશે છતાં પણ ભારતમાં ૩૧ મિલીયન લોકો હજુ પણ શહેરોની ઝુપડપટ્ટીમાં રહે છે. જેનો કુલ ભાગ ૨૨% છે.

૧૪.જેમ્સ થેમ્સ સ્લ્યુડર-૨૦૦૭માં તેમણે ટેક્ષને લગતાં લો ની ચર્ચા કરી છે. ૨૦૦૯માં તેમણે કરવેરાને લગતા કાયદાઓમાં સુધારાઓ કરીને મહાનગરપાલિકામાં શહેરીજનોને કરવેરા વિશે સાચી માહિતી મળે અને ઈન્ટનેટ દ્વારા ઓનલાઈન કરવેરા ભરી શકાય તેવી બાબતો પર ચર્ચા કરીને નગરજનોનાં સમય અને સુવિધામાં વધારો કરેલ છે.

૧૫. પ્રો. કે.સી. શિવરામક્ટિનાએ ઈ.સ.૨૦૦૬માં શહેરીકરણની આંતરમાળખાકીય સુવિધાઓ જેવી કે પાણી, રસ્તા, વાહનવ્યવહાર, ભૂગર્ભ ગટરો, ડ્રેનેજ, સાફ-સફાઈ વગેરે કામગીરી વધારીને શહેરનો વિકાસ તેમજ શહેરનાં લોકોનાં વિકાસમાં વધારો થાય તેમજ તમામ સવલતો પ્રાપ્ત થાય તેનાં પર ખાસ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે.

૧૬. ભટ્ટ એમ.પી.અને ત્રિવેદી એમ.સી.ના મતે વિકસતાં અર્થતંત્રમાં નાણાંકીય સ્થિતિનાં સંદર્ભમાં કરવેરાનાં પ્રમાણમં વધારો તેમજ અમદાવાદ શહેરનો સર્વાંગી વિકાસ થાય અને આવકમાં વધારો કરીને શહેરનાં વિકાસ પાછળ ધ્યાન દોરવામં આવ્યું છે.

૧૭. એડ્રીન ફ્લોરેન્સી મઝીનું પુસ્તકમાં The book of the states નામનાં પુસ્તકમાં ૫૦ રાજ્યો અને તેમના પ્રદેશો આ ઈ.સ.૧૯૩૫માં ધ બૂક ઓફ સ્ટેટસ નામની બૂકમાં મહાનગરપાલિકા કરવેરા ઉઘરાવવાની પદ્ધતિ, મહાનગરપાલિકાનું સ્ટ્રક્ચર, તેમજ નાણાંકીય ને લગતી સમસ્યાઓનો અભ્યાસ કરીને આવકમાં વધારો કરીને લગતી ચર્ચા કરવામાં આવી છે.

૧૮.Rajkot Municipal Corporation નામનાં પુસ્તકમાં રાજકોટ શહેરની આંતરમાળખાકીય સવલતો જેવી કે ચોખ્ખું પાણી, ભૂગર્ભ ગટર, રસ્તાઓ, સ્લમ્સ એરીયા વગેરેનો વિકાસ કરી રાજકોટ શહેરની નાણાંકીય આવકમાં કરવેરાં દ્વારાં વધારો કરવાનું સમજાવવામાં આવ્યું છે.

૧૯. Govt Of Delhi Bhagidari System Municipal Corporation નામની બુકમાં મહાનગરપાલિકાનો લો (કાયદા)ને લગતી બુકમાં દીલ્હીની મહાનગરપાલિકાની આવક અને ખર્ચનો તુલનાંત્મક અભ્યાસ કરવામં આવ્યો છે. આવકમાં કરવેરા દ્વારા વધારો કરીને મહાનગરપાલિકામાં આવકમાં વધારો કરવાનું સૂચવવામાં આવ્યું છે. આ બૂક્સ સમગ્ર લોકોનાં કોઈપણ ચાર્જ વિના લોકો સુધી પહોંચતી કરવાનો એક માત્ર ઉદ્દેશ હતો.

૨૦. A treatise on the law of municipal corporation નામની બુકમં ચકાસણી કરતાં જાણવા મળે છે કે નગરપાલિકાને લગતી તમામ ફરજો ને કાયદાઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે. મહનગરપાલિકાની વિવિધ સંસ્થાઓ પરના લગતા વિવિધ કાયદાઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે. તેમજ વ્યવસાયવેરો, કરવેરા, અકારણી નોટીસ વગેરેને લગતાં તમામ નિયમોની છણાવટ કરવામાં આવી છે.

૨૧. Corporation laws of th state of califernia - જે પુસ્તકનાં લેખક છે, તે પુસ્તકમાં ખાસ જણાવવામાં આવેલ છે કે જો કોઈપણ પ્રદેશ કે શહેરનો આર્થિક વિકાસ કરવો હોય તો તે મહાનગરાલિકા કે નગરપાલિકાં દ્વારાં જ થઈ શકે છે. અને લોકોને તમામ સુખ સુવિધાઓ અને આંતરમાળખાકીય સવલતો એક મહાનગરપાલિકા દ્વારા જ પુરી પાડી શકે છે. મહાનગરપાલિકા શહેરનું એ હાર્દસમાન ગણવામાં આવે છે.

C.F. Hurryએ લંડન મહાનગરપાલિકા કરમાળખાની રચનાં અને કરવેરાં ઉઘરાવવાની પદ્ધતિ તેમજ કરવેરા દ્વારાં વધતી આવકનો ઉપયોગ કઈ રીતે કરી શકાય તેની માહિતી આપી છે.

૨૨. Manual of the General Assembly નામનાં પુસ્તકમાં કોઈ પણ નાનો પ્રદેશ મહાનગરપાલિકા કે રાજકીય ભાગ કે રાજ્યની સતા નીચે આવતો હોય. કોઈપણ મહાનગરપાલિકાને દેવામાં જતી હોય તો તેને અન્ય જરૂરી ગ્રાન્ટ પુરી પાડવાની કામગીરી જે તે રાજ્યની જ રહેશે. રાજ્ય જ સમયસર જરૂરી ગ્રાન્ટ પૂરી પાડીને શહેરની સુવિધાઓમાં વધારો કરીને અંદાજત્ર ખાધવાળું બનાવી શકે છે. અને અંદાજપત્રનું કદ વિસારી શકે છે.

૨૩. Municipal Accounts નામનું પુસ્તકમાં લેખક John Allock ૧૯૦૩નાં મતે મહાનગરપાલિકાનાં મુખ્યત્વે બે ભાગ પાડવાં જોઈએ. જેમ કે એક ભાગ પર કલાર્ક, એકાઉન્ટન્ટ, મેડીકલ ઓફીસ વગેરે તમામ પ્રકારનાં ખાતાઓમં જરૂર જણાય ત્યાં વિવિધ પ્રકારનાં ખાતાઓનીં ભરતી કરીને જ્યાં વિવિધ મહાનગરપાલિકાની સેવાકીય કામગીરી

પૂર્ણ કરવી જોઈએ તેમજ જુદાજુદાં વિકાસનાં કાર્યો પૂર્ણ કરવા માટે વિવધ પ્રકારનાં ખાતાઓ જેવા કે મહેકમશાખા, રોશની વિભાગ, બાંધકામ વિભાગ, ડ્રેનેજ, આવાસ યોજના, બાગબગીચા વગેરે નું પ્રમાણ વધારીને શહેરને વધારે હરીયાળું બનાવી શકાય.

૨૪.The Americal Historical Review નામનાં પુસ્તકમાં મહાનગરપાલિકા દ્વારાં શહેરને શાંત, સ્વચ્છ, સુઘડ અને નિરોગી બનાવી શકાય છે. કારણ કે આ પુસ્તકમાં પર લેખક JohnFrankiin Jameson૧૯૦૯નાં પુસ્તકમાં દર્શાવ્યું છે કે શહેરને શાંતિ વ્યવસ્થા મેળવવા માટે મહાનગરપાલિકા દ્વારાં ન્યુયોર્ક શહેરમાં થયેલ આંતરમાળખાકીય સુવિદ્યાઓની ચર્ચાતી શકાય છે.

### પ્રકરણ-૨ વિકેન્દ્રીત આયોજનનાં સંદર્ભમાં સ્થાનિક સરકારનો પરિચય

પ્રકરણ બે માં ભારતની સ્થાનિક સરકારનાં પરિચયની તુલનાં માટે વિદેશની સ્થાનિક સરકારનો પરિચય આપવામાં આવેલ છે. જેમાં મહત્વની અને મુખ્ય સ્થાનિક સરકાર ધરાવતા અમેરીકા, બ્રિટન અને ફ્રાન્સ આ ત્રણ દેશોને આવરી લઈ ટૂંકમાં પરિચય આપેલ છે. ત્યાર પછી આપણી (ભારતની) સ્થાનિક સરકાનો પરિચય આપવામાં આવેલ છે. આ પ્રકરણના આધારે મહાનગરપાલિકા એટલે શું ? સ્થાનિક ક્ષેત્રે તેનું સ્થાન દરજ્જો તથા કાર્યો જાણવું સરળ બની રહેલ છે. આ પ્રકરણના આધારે પછીનું પ્રકરણ સરળ બનેલ છે.

### પ્રકરણ-૩ ભારતની મહાનગરપાલિકાનો પરિચય

ભારતની મહાનગરપાલિકાનો પરિચય પ્રકરણ ત્રણમાં આપવામાં આવેલ છે. જેમાં મહાનગરપાલિકાની વ્યાખ્યા, મહાનગરપાલિકાનું બંધારણ, મહાનગરપાલિકાની વહીવટી પાંખ, મહાનગરપાલિકાની સમિતિઓ, સમિતિઓની સતા અને કામગીરી, મહાનગરપાલિકાની ચૂંટણી, વસ્તી ગણતરી, મહાનગરનું કરમાળખું વગેરે દર્શાવવામાં આવેલ છે. અહીં આંકડાકીય માહિતી કે સેવાકીય કામગીરીનું પ્રમાણ દર્શાવવામાં આવેલ નથી. માત્ર મહાનગરપાલિકાનો પરિચય આપવામાં આવેલ છે. આ પ્રકરણનાં આધારે પ્રકરણ-૪ તૈયાર કરવામાં આવેલ છે.

### પ્રકરણ-૪ રાજકોટ મહાનગરપાલિકાની વિકાસલક્ષી કામગીરીઓ:

પ્રકરણ ચારમાં પ્રથમ સૌરાષ્ટ્ર વિશે માહિતી આપવામાં આવેલ છે. ત્યારપછી રાજકોટ શહેરનો ઈતિહાસ, રાજકોટ મહાનગરપાલિકાનો ઈતિહાસ તથા ગૌરવપૂણ સિદ્ધીઓ વિકાસાત્મક કામગીરીઓ તથા દર વર્ષે થતી નવી કામગીરીઓ તથા રાજકોટમાં થયેલ વિકાસલક્ષી કામગીરીઓનો અભ્યાસ કરવામાં આવેલ છે.

**પ્રકરણ-૫ રાજકોટ મહાનગરપાલિકાની સામાજિક સેવાઓની અભ્યાસ :**

પ્રસ્તુત પ્રકરણ પાંચમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારાં બજાવવામાં આવતી મરજિયાત સેવાઓ પૌકીના સામાજિક સેવાઓનો વિસ્તૃત અભ્યાસ કરવામાં આવેલ છે. જે સામાજિક સેવાઓ કેન્દ્ર સરકાર તથા ગુજરાત સરકાર વતી બજાવે છે તે સેવાઓની માહિતી આપવામાં આવી તે અને તેનો અભ્યાસ કરવામાં આવેલ છે.

**પ્રકરણ-૬ રાજકોટ મહાનગરપાલિકાનો આવક અને ખર્ચનો તુલનાત્મક અભ્યાસ અને કરમાળખું**

પ્રસ્તુત પ્રકરણમાં રાજકોટ મહાનગરપાલિકાનો આવક અને ખર્ચનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવેલ છે. જેમાં મહાનગરપાલિકાનાં આવકનાં વલણો, ખર્ચનાં વલણો, તથા છેલ્લે કરમાળખું દર્શાવવામાં આવેલ છે. આ પ્રકરણમાં કોષ્ટક દ્વારાં આંકડાકીય માહિતી દર્શાવવામાં આવેલ છે. અને આંકડાકીય માહિતીમાં વલણો સાથે ટકાવારી, પ્રતિદીન ટકાવારીનું પ્રમાણ, ટકાવારી Chi-square testતથા કુલ આવક તથા કુલ ખર્ચનાં પેટાં વિભાગો પાડવામાં આવેલ છે અને છેલ્લે કરમાળખું વિસ્તારથી દર્શાવવામાં આવેલ છે. આ પ્રકરણમાં જરૂરી જણાયુ ત્યાં આલેખ દ્વારાં સમજૂતી આપવામાં આવી છે.

**પ્રકરણ-૭ તારણો અને સૂચનો :**

છેલ્લું આ પ્રકરણ આગળનાં તમામ પ્રકરણોનાં તારણોનું સંકલન રજૂ કરે છે. અને તારણો દર્શાવ્યા પછી સૂચનો કરવામાં આવેલ છે. આ પ્રકરણમાં રાજકોટ મહાનગરપાલિકાનું વિશ્લેષણ, કરમાળખું, વિકાસલક્ષી કામગીરીઓ તથા સામાજિક સેવાઓનું તારણ કાઢવામાં આવેલ છે તથા સુધારણાની દિશામાં જરૂરી ચોક્કસ સૂચનોને સાંકળે છે.

**૧.૧૧ ઉપસંહાર**

પ્રસ્તુત કરેલ પહેલું પ્રકરણ મહાનિબંધનું તથા સંપૂર્ણ અભ્યાસનું હાર્દ બની રહેલ છે. કારણ કે સંશોધન અભ્યાસ શા માટે? કેવી રીતે ? કઈ પદ્ધતિથી ? માહિતીનાં સ્ત્રોતો કેવી રીતે પ્રાપ્ત કરેલ છે ? અભ્યાસનું શું મહત્વ? અભ્યાસના પ્રશ્નો તથા સમસ્યાઓ કેવા પ્રકારની છે ? અભ્યાસની પરિકલ્પના કેવા પ્રકારની? વિગેરે બાબતોનો જવાબ આ પ્રકરણમાં આપવામાં આવેલ છે આ ઉપરાંત પ્રકરણ આયોજન દરેક પ્રકરણમાં કરેલ અભ્યાસ અને પ્રાપ્ય માહિતીની ટૂંકી રૂપરેખા પણ દર્શાવે છે.

આમ, અભ્યાસ વિશ્લેષણનું સંપૂર્ણ માળખું દર્શાવતું આ પ્રકરણ મહાનિબંધનો સારાંશ બની રહેલ છ.

# પ્રકરણ-૨
# વિકેન્દ્રિત આયોજનનાં સંદર્ભમાં સ્થાનિક સરકારનો પરિચય

૨.૧ પ્રસ્તાવના

૨.૨ વિદેશની સ્થાનિક સરકારનો પરિચય

૨.૩ અમેરિકાની સ્થાનિક સરકારનો પરિચય

૨.૪ સ્થાનિક સ્વાયત સરકારના મુખ્ય પ્રકારો

૨.૫ સ્થાનિક સરકારોનાં નાણાંકીય આવકનાં સાધનો

૨.૬ રાજ્ય અને સમવાય સરકારના સ્થાનિક સરકાર સાથેના સંબંધો

૨.૭ રાજ્ય અને કેન્દ્ર સરકારના સ્થાનિક સરકાર સાથેનાં સંબંધો

૨.૮ ઉપસંહાર

૨.૯ ઇંગ્લેન્ડની સ્થાનિક સરકાર

૨.૧૦ સ્થાનિક સરકારના ઘડતરમાં ફેરફાર

૨.૧૧ સ્થાનિક સરકારનું વર્ગીકરણ

૨.૧૨ લંડન મહાનગરપાલિકાની રચના

૨.૧૩ સ્થાનિક સરકારની કાઉન્સિલની ચૂંટણીઓ

૨.૧૪ સ્થાનિક સરકારનાં કાર્યો અને સતાઓ

૨.૧૫ સ્થાનિક સંસ્થાના હિસાબોની તપાસણી

૨.૧૬ સ્થાનિક સરકારનાં નાણાંકીય આવકના સાધનો

૨.૧૭ કેન્દ્ર સરકારના સ્થાનિક સરકાર ઉપર નિયંત્રણો

૨.૧૮ ઉપસંહાર

૨.૧૯ ફ્રાન્સની સ્થાનિક સરકાર

૨.૨૦ નેપોલીયન બોનાપાર્ટ સર્વપ્રથમ કોન્સ્યુલ

૨.૨૧ ટ્યુટલેઇઝનો સિદ્ધાંત

૨.૨૨ ફ્રાન્સની સ્થાનિક સરકારોનું વર્ગીકરણ

૨.૨૩ કોમ્યુન્સ વિસ્તારનું નિર્માણ તથા બંધારણનો અમલ

૨.૨૪ સ્થાનિક સંસ્થાઓનું નાણા ભંડોળ

૨.૨૫ ફ્રાન્સની CNFPC સંસ્થા

૨.૨૬ સ્થાનિક સંસ્થાઓ માટે ડીસીપ્લીનરી બોર્ડ

૨.૨૭ ઉપસંહાર

૨.૨૮ ભારતની સ્થાનિક સરકારનો પરિચય

૨.૨૯ સ્થાનિક સ્વરાજ્યનો અર્થ અને સ્થાનિક શાસનનો ઈતિહાસ.

૨.૩૦ સ્થાનિક સરકારની કાર્યપદ્ધતિના લક્ષણો અને લોકશાહીમાં વિકેન્દ્રીકરણનું મહત્વઃ

૨.૩૧ સ્થાનિક સરકારનો બંધારણીય દરજ્જો

૨.૩૨ સ્થાનિક સરકારની ચૂંટણીઓ અને સરકારની રચના

૨.૩૩ સ્થાનિક સરકારની સત્તા, મુખ્ય કર્તવ્યો અને ભંડોળ

૨.૩૪ સ્થાનિક હકુમતો ઉપર સરકારનું નિયંત્રણ

૨.૩૫ ઉપસંહાર

# પ્રકરણ-૨

# વિકન્દ્રિત આયોજનમાં સંદર્ભમાં સ્થાનિક સરકારનો પરિચય

## ૨.૧ પ્રસ્તાવના

સમગ્ર વિશ્વ આજે ટેકનોલોજીક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે વિશ્વના તમામ દેશો એકબીજા સાથે જોડાઈ રહ્યા છે, એટલે કે વિશ્વ ગ્લોબલ વિલેજ બની રહ્યું છે. જ્યારે વિશ્વના દેશો એક-બીજાની ઘણાં નજીક આવી રહ્યા હોય ત્યારે ભારતના સંદર્ભમાં અભ્યાસ કરતાં હોવાથી અન્ય દેશની સરકાર વિશે જાણવું વધું રસપ્રદ બની રહેશે.

ભારતમાં કેન્દ્ર સરકારનું જેટલું મહત્ત્વ છે. તેટલું સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનું પણ મહત્ત્વ છે. ભારની જેમ વિશ્વના બીજા ઘણાં દેશોમાં પણ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ જ ઘણું મહત્ત્વ છે. દા.ત. અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ વગેરે આ બધાં જ દેશોની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનું માળખું, કાર્યક્ષેત્ર કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા મળતાં ફાળાની ચર્ચા કરવામાં આવી છે. કારણ કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ જ જે તે પ્રાદેશિક વિસ્તારનું હિત કરી શકે છે, સ્થાનિક લોકોની રજૂઆત સાંભળીતેમની સમસ્યાનું નિરાકરણ લાવી શકે છે.

અહિં સૌપ્રથમ વિદેશી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનો પરિચય મેળવ્યા બાદ ભારતની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાનો પરિચય મેળવીશું.

## ૨.૨ વિદેશની સ્થાનિક સરકારનો પરિચય :

### ૨.૨.૧ પ્રસ્તાવના :

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનો વિકાસનો લાભ માત્ર આપણાં દેશ ભારતને મળે છે તેવું નથી પણ વિશ્વનાં દેશોમાં પણ સ્થાનિક સ્વરાજ્યની સરકારનું એક વિશેષ મહત્ત્વ રહેલું છે જાહેર વિતરણ વ્યવસ્થામાં સ્થાનિક સરકારને નાણાતંત્ર (Local Finance) તરીકે પણ ઓળખાય છે.

વિશ્વમાં યોગ્ય સંચાલન અને મહત્ત્વની ફરજો તેમજ કારભાર ચલાવતી સ્થાનિક સરકારોના અહીં પરિચય આપવાની કોશિષ કરી છે જેમાં ખાસ દેશોને આવરી લીધા છે. જેવા કે અમેરિકા, ઇંગ્લેન્ડ, ગ્રેટબ્રિટન અને ફ્રાન્સની સ્થાનિક સરકારોએ તેમની સ્વાયતતાનાં રચનાનાં માળખામાં જુદીજુદી વહીવટી જવાબદારીઓના સંચાલનમાં, યોગ્ય સ્વરૂપે સતાનો આદરમય ઉપયોગ દર્શાવીને સરળતા અને અસરકારકતાના ગુણ સ્થાપિત કરીને લોકશાહીના પથપ્રદર્શક તરીકે મોખરાનું સ્થાન મેળવવા સમર્થ થયેલ છે તો અહીં એ ત્રણેય સરકારનો પરિચય આપીએ.

### ૨.૨.૨ વિદેશની સ્થાનિક સરકારનો પરિચય :

૧. અમેરિકાની સ્થાનિક સરકારનો પરિચય

૨. ઈંગ્લેન્ડ અને વેલ્સની સ્થાનિક સરકારનો પરિચય

૩. ફ્રાન્સની સ્થાનિક સરકારનો પરિચય.

જે સ્થાનિક સરકારોના પરિચય વિસ્તૃતમાં નીચે મુજબ છે.

## ૨.૩ અમેરિકાની સ્થાનિક સરકારનો પરિચય

અમેરિકાની સ્થાનિક સરકારનો પરિચય નીચે મુજબ છે :

### ૨.૩.૧ મૂળભુત સ્થાનિક સરકાર :

અમેરિકાની મૂળભુત સ્થાનિક સરકાર એ લોકશાહીનું પ્રથમ પગથિયું છે. આ સરકારનો મુખ્ય હેતુ નાગરિકોના કલ્યાણ માટે જવાબદારીઓ સાથેની પ્રવૃત્તિઓનું સંચાલન કરવાનું છે.

For the People of the People, by the People.

લોકશાહી એટલે લોકો માટેની, લોકોની અને લોકો દ્વારા ચાલતી સરકાર કે જે લોકોના મતદાન વડે ચૂંટાયેલા પ્રતિનિધિ વડે સ્થાપિત થયેલી સરકાર.

જેમ-જેમ સમય બદલતો જાય તેમ-તેમ નાગરીકોની અપેક્ષાઓ દિન-પ્રતિદિન વધતી જ જાય એ લોકોની વાસ્તવિક જાગૃતિ સતેજ થતી રહે છે. નાગરિકજનોની નિત નવી દૃષ્ટિએ ઉત્સાહ મળી રહે તે માટે આ પ્રકારની ઉત્સુકતા સંતોષવી તેમજ યોગ્ય બાબતને સુધારાના રૂપમાં સ્થાન આપવું એ એક મહત્વની બાબત છે.

પ્રવર્તમાન સમયમાં ભારતીય પાલર્મિન્ટ દ્વારા સ્થાનિક સ્વાયત સરકારોની વિશ્વસનિયતા અને મજબૂતાઈ વધે તે માટે ભારતના બંધારણમાં સુધારાઓ અપનાવી ગ્રામ્ય અને શહેરી લોકો માટેની સંસ્થાઓમાં એક અનોખો પ્રાણ પૂર્યો છે.

તેવી જ રીતે અમેરિકાની સ્થાનિક સરકાર તેમની સ્વાયતતાના રચનામાં માળખામાં, જુદી જુદી વહીવટી જવાબદારીઓની સાથે પોતાની સતાનો યોગ્ય ઉપયોગ દર્શાવીને લોકશાહીનો ઉદય થાય તે માટે પોતાનું મહત્ત્વનું સ્થાન જાળવી રાખવા માટે પૂરતા પ્રયત્નો કરેલ છે.

### ૨.૩.૨ અમેરિકાની સ્થાનિક સરકારની અભ્યાસલક્ષી મહત્ત્વની બાબતો :

૧. અમેરિકન બંધારણના સિદ્ધાંતો

૨. અમેરિકન સ્વાતંત્ર્યનું ઘોષણાપત્ર

૩. સ્થાનિક સરકારનું મહત્વ અને જવાબદારીઓ

૪. સ્થાનિક લોકોના બંધારણીય મૂળભુત અધિકારો

૫. લોક માંગણીના સમર્થનનાં તત્વો.

**૨.૩.૩ અમેરિકન બંધારણના સિદ્ધાંતો :**

સ્વાતંત્ર્યની જાહેરાતના અનુસંધાનમાં સને ૧૭૮૭ના મે માસમાં અમેરિકન બંધારણ અમલમાં આવ્યું. તેના મહત્ત્વના સિદ્ધાંતો આ પ્રમાણે છે.

**૧.સરકારની મર્યાદા અને વાસ્તવિક અમલ**

સ્વાતંત્ર્યની, વ્યક્તિ યાચિકા ઉપર ક્યારેય પ્રતિબંધ મૂકી અટકાવી શકશે નહીં.

**૨. સમવાય તંત્ર :**

એકતા સાથે એક સુત્રતાના સિદ્ધાંતનું સંચાલન

**૩. સતાનું વિકેન્દ્રીકરણ :**

સમતુલા અને સાથે સજાગતા

**૪. લોકપ્રિય શાસન :**

'પ્રતિનિધિત્વ નહીં તો ડર નહીં' એ અમેરિકન પ્રજાનું પ્રથમ સુત્ર.

**૨.૩.૪ અમેરિકન સ્વાતંત્ર્યનું ઘોષણાપત્રઃ**

ઈ.સ. ૧૭૭૬માં અમેરિકાના સ્વાતંત્ર્યની સતાવાર જાહેરાત કરવામાં આવી. સ્વાતંત્ર્ય ઘોષણાપત્રમાં અમેરિકન વિશેનું તત્વજ્ઞાન વણી લેવામાં આવેલ છે જેમાં ઘોષણાપત્રના વિભાગો દર્શાવ્યા છે.

**ઘોષણાપત્રના પ્રથમ વિભાગઃ**

ઘોષણાપત્રકના પ્રથમ વિભાગના સિદ્ધાંતો આ મુજબ છે.

૧. સૃષ્ટિના સર્જનહારે, સર્વ મનુષ્યોને કેટલાક અબાધિત અધિકારો આપ્યા છે. આ અધિકારોમાં મુખ્યત્વે, જીંદગી જીવવાનો, સ્વાતંત્ર્યતા ભોગવવાનો, જીવન જરૂરિયાત માટેની સુખ સગવડોનો ખાસ સમાવેશ કરવામાં આવ્યો છે.

૨. ઉપરોક્ત માનવ અધિકારોની જાળવણી માટે રાજ્યની સ્થાપના કરવામાં આવેલ છે.

૩. બધાં મનુષ્યો એક સમાન છે. તેમાં કોઈ ભેદભાવ નથી.

૪. જ્યારે કોઈ પણ પ્રકારની શાસકીય સરકાર, આ અધિકારો પ્રત્યે ક્યારેય વિનાશાત્મક વલણ વડે લોકો પ્રત્યેનું વર્તન કરવા માંડે ત્યારે લોકોને તેવી સરકાર દૂર કરવાનો સંપૂર્ણ હક્ક છે.

૫. રાજ્યનું જેના માટે સંચાલન થાય છે તે લોકોની સંમતિ વડે આ રચના થયેલ છે.

➢ **સ્વાતંત્ર્યની ઘોષણાનો બીજો વિભાગ :**

યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકાની સંસ્થાઓના પ્રશ્નોનો આ વિભાગમાં સમાવેશ થાય છે. રાજ્ય દ્વારા સતાનો દુરુપયોગ, પ્રજાકીય અધિકારોના ભંગ માટેનો ઉલ્લેખ સ્પષ્ટપણે આવિભાગમાં કરવામાં આવેલ છે.

**૨.૩.૫ સ્થાનિક સરકારનું મહત્ત્વ અને જવાબદારીઓ (Local Responsbilities in U.S.A.)**

સ્થાનિક સરકારનું મહત્વ અને જવાબદારીઓમાં આર્થિક અને માનવ સંશોધનો અંગેના મહદ ભાગ નાણાંકીય રીતે ખાસ કરીને રાજ્ય સરકાર દ્વારા વાહન વ્યવહાર, શિક્ષણ અને લોકહિત તરફ આપવામાં આવે છે. સ્થાનિક સરકારને અંગત નિર્ણય લેવાનો રહે છે. રાજ્ય સરકારને સંબંધિત છે, ત્યાં સુધી જાહેર ક્ષેત્ર તરફ તેમજ પ્રજાને સુખસગવડ તરફ ધ્યાન આપવાનુંહોય છે. ખાનગી ક્ષેત્રોના વિકાસ માટે યોગ્ય સહકાર આપવાનો હોય છે. પાણી પુરવઠો, ગટર યોજના, વીજળી, રમત-ગમતનાં મેદાનો, સ્થાનિક બાગ-બગીચાઓ તેમજ જાહેર દવાખાનાઓ, સ્ટ્રીટ લાઈટસ, જેવી બાબતોમાં મૂડી-રોકાણને સ્થાનિક કક્ષાએ નિર્ણય લેવાનો હોય છે. કાર્યક્રમો માટે બજેટ તેમજ માનવશક્તિના મોટાભાગના હિસ્સાઓનો ઉપયોગ થઈ જાય છે. સ્થાનિક માંગણીઓ સંતોષવાની રહે છે.

**૨.૩.૬ જાહેર શાળાઓ (Public Schools)**

શૈક્ષણિક મહત્વ એટલે લોકશાહી પ્રત્યેની કારકિર્દી માટેની ખાસ સગવડતા છે. રાજ્ય કક્ષાએ શૈક્ષણિક બાબતને આર્થિક અને વ્યવસાયિક ધોરણ સાથે ચાલુ કાર્યની સ્થિતિ અને સંચાલનને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવાના રહે છે. રાજ્ય તરફથી લઘુતમ આર્થિક ભંડોળ, ફક્ત લઘુત્તમ શૈક્ષણિક જરૂરિયાત પૂરતું જ આપવામાં આવે છે.શૈક્ષણિક મહત્વ એટલે લોકશાહી પ્રત્યેની કારકીર્દિ માટેની ખાસ સગવડતા છે. અમેરિકાનાં મોટાં શહેરો, અને ન્યુ ઇંગ્લેન્ડના અમુક ભાગ સિવાયના પ્રાંતોમાં નિશાળની બાબતને જિલ્લા કક્ષાથી અલગ ગણવામાં આવે છે. દરેક એકમને પોતાની આવક માટેની ફી નક્કી કરી લેવાની સત્તા હોય છે.

**૨.૩.૭ અમેરિકાની સ્થાનિક સરકારનું મહત્ત્વ અને જવાબદારીઓ (Importance and Responsibilities of Local Government in U.S.A.)**

અમેરિકાનાં સ્થાનિક સરકારનાં મહત્ત્વમાં સ્થાનિક સરકારની મુખ્ય જવાબદારી સામાન્ય પ્રજાજનો સરળતાભર્યુ જીવને જીવી શકે તે માટેના યોગ્ય ભૂમિકા ભજવવાની હોય છે. સ્થાનિક સરકાર દ્વારા વસતિશિક્ષણ નવાં શહેરોનું આયોજન, જૂનાં નગરોનું પુનઃનિર્માણ સાથો સાથ ગ્રામ્ય અને શહેરી કક્ષાનો સંઘર્ષ ઓછો કરી શકાય છે. અમેરિકાની સ્થાનિક સેવા માટે

અસરકારક સ્થાનિક સરકાર, એજ હોઈ શકે, જે પ્રજાકીય વતનના નજીકના સંપર્કમાં વધુમાં વધુ રહી શકે અને સર્વોતમ સેવા આપી શકે.

અમેરિકામાં સ્થાનિક સરકારનાં એકમો ૮૪૦૦૦થી વધારે છે. જેમાં ૩૦૪૫ કાઉન્ટીઝ-૧૯, ૨૧૫ નગર પાલિકાઓ, ૧૬૭૦૦ જીલ્લા કક્ષાના એકમો, ૧૫૦૦૦ શાળાકીય એકમો, ૨૯૫૦૦ ખાસ એકમો છે. સ્થાનિક સરકારની કામગીરી બે વિભાગમાં રાખવામાં આવે છે.

- **પ્રથમ વિભાગ :**

શાળાકીય એકમોના આ વિભાગમાં માત્ર શિક્ષણ અંગેનીવ્યવસ્થાપુરી પાડવામાં આવે છે.

- **બીજો વિભાગ :**

ખાસ જીલ્લા એકમો દ્વારા આવશ્યક પ્રકારની સેવાઓ માટેના પ્રબંધ કરવામાં આવે છે.ખાસ પ્રકારના એકમો તરીકે આગ્નિશામક શાખા, પાણી પુરવઠા શાખા, ગૃહ નિર્માણ શાખા, શહેરી પુનઃ ઉત્થાન શાખા, નહેર-ગટ્ટર યોજના, અંતિમ સંસ્કાર, ક્રોમન્શન, અથવા સ્મશાન સેવા ગણવામાં આવે છે. આ પ્રકારની સેવાઓ માટે એકલક્ષી તથા બહુલક્ષી યુનિટ સ્થાપિત થાય છે. આ એકમોનું સંચાલન કરવા માટે પ્રતિનિધિત્વના ધોરણ ચૂંટાયેલા સભ્યો દ્વારા બોર્ડની રચના કરવામાં આવે છે. બોર્ડ મારફ્ત કરવેરા નાંખી, આવક એકત્ર કરીને તેમનો વહીવટ ચલાવવામાં આવે છે. બંધારણીય જોગવાઈ મુજબ સરકારના વડપણ નીચે સ્થાનિક સરકાર સ્થાપિત થાય છે. સ્થાનિક સરકારને પોતાની આશ્રયી પદ્ધતિની સ્થાપના કરવાની અને તેમાં ફેરફાર કરવાની સ્વાયતતા બક્ષવામાં આવી છે. પ્રત્યેક એકમોની કાર્યપદ્ધતિમાં ફેરફાર જોવામાં આવે છે. આ રીતે અમેરિકામાં સ્થાનિય પસંદગી સ્થાનિક સરકારની સહેલેચત અને કાર્યદક્ષતા મુજબ રાખવામાં આવે છે.

### ૨.૩.૮ પ્રજાને મૂળભુત અધિકારોનો સ્વાતંત્ર્યની ખાત્રી :

એ. ધર્મ સ્વાતંત્ર્ય

બી. સત્તા સ્વાતંત્ર્ય

સી. વાણી સ્વાતંત્ર્ય

ડી. પ્રેસ સ્વાતંત્ર્ય

આ બંધારણીય મૂળભુત અધિકારો તે સરકારની કોઈ ભેટ નથી, તે ક્યારેય પાછા ખેંચી શકાય નહીં.

બદલાતા સમયની સાથે સારી અને અસરકારક સેવા માટેની માંગણી અવાર નવાર થતી હોય છે. આ માંગણીઓના સમર્થનમાં નીચે મુજબના પરિબળો જવાબદાર રહે છે.

૧. સરકારની કાર્યપદ્ધતિથી થતા રહેતા ફેરફારની અસર

૨. લોકશાહીની વ્યાખ્યા સંદર્ભની અસર.

૩. સામાજિક અને આર્થિક પરિવર્તનની અસર

સમવાયી સરકાર કરતાં રાજ્ય સરકારને અને સ્થાનિક સરકારો ઉપરનાં પરિબળોની અસર પોતાની પ્રવૃત્તિઓનો વિકાસ અને ઉકેલ અનેકગણી ઝડપથી લાવી શકે છે.

એલન કેમ્ફેલ ના મત મુજબ 'રાજ્ય સરકાર અને સ્થાનિક સરકારની પ્રવૃત્તિઓએ અમેરિકાની આર્થિક પરિસ્થિતિનું અગત્યનું અંગ છે. રાજ્ય સરકારની દૃષ્ટિ રાષ્ટ્રીય આવકનાં સાધનોનાં સંચાલન અને વિકાસ તરફ વિશેષ હોય છે. વાહન વ્યવહાર અને પ્રચારની સગવડો કે જેનાથી સીધા ખાનગી સાહસો વડે આર્થિક આબાદી વધતી રહે તે જોવાનું છે.'

પીટર ડ્રકરના અભિપ્રાય અનુસાર 'સમવાયી સરકાર એજ ખરી સરકાર છે.' તે હકીકત બરાબર નથી. વાસ્તવમાં રાજ્ય સરકાર અને સ્થાનિક સરકાર દ્વારા જ નાગરિકોનું કલ્યાણ થાય છે. રાજ્ય અને સ્થાનિક સરકારના અધિકારોના નિર્ણયો ઉપર અમેરિકન પ્રજાની જિંદગીની શ્રેયસતા આધાર રહે છે.

સ્થાનીક સરકારનો હેતુ આમ જનતા માટે આવશ્યક સેવાઓ પૂરી પાડવાનો હોય છે. વિધાનિક દૃષ્ટિએ જોઈએ તો સ્થાનિક સરકારો રાજ્ય સરકાર પર આધારીત છે. કાયદાનું અમલીકરણ કેટલાંક જાહેરક્ષેત્ર માટેની સેવાઓ તેમજ કેળવણી વિષયક બાબતો, જે અંગે ખાનગી સાહસો કરવા અસમર્થ હોય, તે કાર્ય કરવાનો હેતુ, કેટલીક વખત આવી બાબત અંગે રાજ્ય અને સ્થાનિક કક્ષાના સંચાલનનો અસંતોષ લોકહિતના કામકાજમાં તનાવ ઉપસ્થિત કરે છે. જેને અંગેપ્રજા ઉપયોગી રાહત કાર્યક્રમ તરફ જોવાનું રહે છે.

આ ઉપરાંત દરેક બાબતમાં નવી સમસ્યાંઓ સર્જાય છે. જેનો ઉકેલ પ્રજાના સહકારથી લાવવામાં આવે છે.

રાજ્યકક્ષા તેમજ સ્થાનિક કક્ષાના રાજકારણ દ્વારા, વ્યક્તિત્વ, પક્ષીય શિસ્તને વધારે મહત્વ આપવામાં આવે છે. મ્યુનિસિપલ શાખાઓ અને એજન્સીઓ વાસ્તવિક કાર્યો તરફ લક્ષ આપે છે. સ્થાનિક કક્ષાએ કેટલીક નગરપાલિકાઓએ નવા પ્રકારની વહીવટી પ્રક્રિયામાં સુધારા કરીને સીટી મેનેજર તેમજ મેયરની સતાઓ સ્થાપિત કરી પ્રોત્સાહન આપ્યું છે.

## ૨.૪ સ્થાનિક સ્વાયત સરકારના મુખ્ય પ્રકારો :

અમેરિકાના આધુનિક સરકારમાં જે મુખ્ય પ્રકારો ગણનાપાત્ર અને લોકપ્રિય કક્ષાના કહેવામાં આવે છે તે નીચે મુજબ છે.

૧. સબળ મેયર કાઉન્સીલ યોજના

૨. દુર્બળ મેયર કાઉન્સીલ યોજના

૩. કાઉન્સિલ મેનેજર અથવા સીટીમેનેજર યોજના

૪. કાઉન્ટ સરકાર

૫. કમિશન યોજના

૬. ખાસ જીલ્લા એકમોની યોજના

**૨.૪.૧ સબળ મેયર કાઉન્સિલ યોજના :**

યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકાનાં મોટાં શહેરોમાં સબળ મેયર કાઉન્સીલ પ્રણાલી જોવામાં આવે છે. ચૂંટણી મતદાતાઓ દ્વારા સીધા મતદાન વડે થાય છે. સંચાલન માટે સબળ મોટા વિશાળ સતાઓ આપવામાં આવે છે.

**૨.૪.૨ સબળ મેયરની સત્તાઓ :**

૧. શાસકીય હકુમત તરીકેની સતા

૨. બજેટ તૈયાર કરવું અને મર્યાદામાં રહી ફેરફાર કરવાની સતા

૩. નકારાત્મક (નિષેધાત્મક) અધિકાર

૪. બોર્ડના સભ્યો અને અધિકારીઓની નિમણૂંક કરવાની સતા

૫. મુખ્ય અધિકારી તરીકેના સતા

➢ **મેયરને રૂખસદ આપવાની કાર્યવાહીના પ્રકારો**

૧. ન્યાયિક પ્રક્રિયા ચલાવીને (અદાલતના આદેશથી)

૨. અવિશ્વાસનો પ્રસ્તાવ (ઠરાવ, પસાર કરીને)

૩. રાજ્યપાલ દ્વારા રૂખસદ આપવી

૪. મેયરને પાછા બોલાવીને

➢ **ફાયદા :**

૧. સબળ મેયર કાઉન્સિલ પ્રથા અન્વયે, કેટલીક વ્યક્તિ અથવા વ્યક્તિઓની ટુકડીમાં, સતાનું વિકેન્દ્રિકરણ થઈ જતું હોવાથી તેને પરિણામે, એક સતા બીજી સતાની કાર્યવાહીનું પરસ્પર નિરીક્ષણ કરે છે.

૨. આ પ્રથાના અસ્તિત્વને લીધે, લાંબા ગાળાના સમય માટેની યોજના સંભવતિ થઈ શકે છે તે અંગેના આયોજનોનું નિર્માણ પણ થઈ શકે છે.

૩. સબળ મેયર, વહીવટી વડા તરીકે નગરના વહીવટમાં યોગ્ય સંકલન દ્વારા ખાતાઓની પ્રમાણિક એકસુત્રતા રાખી શકે છે.

➢ **ગેરફાયદા :**

૧.સબળ મેયર કાઉન્સીલ પ્રણાલી અન્વયે, મેયર તરીકેની ઉમેદવાર વ્યક્તિની આવડત, કાર્યશક્તિની સક્ષમતા વિશે માત્ર અનુમાન અને ધારણા કરીને ચૂંટણીને યોગ્ય પાત્ર મેળવવા માટેની કપરી બાબત છે આ જાતની ચૂંટણી અનુમાન આધારિત નિર્વાચન કહી શકાય.

૨.સબળ મેયર યોજનાના પરિપાકરૂપે રાજકીય ચિત્ર ઉપસાવવા જેવી પરિસ્થિતિ માલૂમ પડે છે. આ યોજના, કાઉન્સિલને સતત રીતે કાર્યરત રાખે છે, તે રીતે જોતાં આ પ્રણાલી સ્વાભાવિક રીતે પોતે જ સર્તકતા રાખવા પ્રેરે છે.

૩. એકજ વ્યક્તિને સમગ્ર વહીવટની ખૂબ જ વિશાળ જવાબદારી સંભાળવાની રહે છે, જેથી વહીવટમાં શિથિલતા આવી જાય છે.

૪. આ પ્રથાના અમલને લીધે સંસ્થાકીય વહીવટમાં, લગભગ રાજકારણની ભેળસેળ થઈ જાય છે.

૫. મેયરના હોદ્દાને લાયક સ્થાન માટે સક્ષમ પ્રકારની લાયકાત ધરાવતી, સંનિષ્ઠ અને બહોળો અનુભવ ધરાવતી વ્યક્તિ મેળવવામાં તકલીફ પડતી હોય છે.

૬. રાજકારણનો હાથ અડતાં લોકશાહી પ્રથાને નુકશાન પહોંચે છે.

**૨.૪.૩ દુર્બળ મેયર કાઉન્સીલ યોજના :**

અમેરિકાની શહેરી સ્થાનિક સરકારની પ્રાચીન પ્રકારની પુરાણી આવૃત્તિ સમાન આ યોજના છે. આ યોજના અન્વયે મેયર અને કાઉન્સીલના સભ્યોની ચૂંટણી, મતદારોના સીધા મતદાન વડે કરવામાં આવે છે. આ પ્રકારની પદ્ધતિમાં સરકારના મુખ્ય અમલદારો જેવા કે, સોલિસિટર, શેરીફ એટર્ની, આકારણીકારો, ખજાનચીઓવગેરે પણ મતદાતાઓનાં સીધા મતદાન વડે નિમણુંક પામે છે. નીતિ ઘડતરમાં કાઉન્સીલ સર્વોપરી છે અને સમિતિની રચના પણ કરી શકે છે. આ કાઉન્સિલ બજેટ પણ તૈયાર કરે છે.

➢ **ફાયદા :**

આ પ્રકારની નગરપાલિકા શાસનનો અને દુર્બળ મેયર કાઉન્સિલ યોજનાના ફાયદા મહત્વનું પાસું એ છે કે એક અધિકારી, બીજા સતાધિકારીની કામગીરીના નિરીક્ષક રીતે કામ કરે છે અને તેમના વહીવટને લીધે વધારે પ્રમાણમાં લોકશાહી રીતે કરકસરભર્યો અસરકારક અમલ કરી શકે છે. આ રીતે સ્થાનિક સરકારના બંને હેતુ સિદ્ધ થઈ શકે છે.

➢ **ગેરલાભ :**

જે નગરોની આર્થિક, સામાજિક અને ભૌગોલિક સ્થિતિ ગ્રામ્ય પ્રકારની હોય, તેમની સમસ્યાઓ સાદી, ગૂંચવાડા વિનાની અને સરળ હોય છે ત્યાં આ યોજના (પ્રથા) સંતોષકારક વહીવટ કરે છે પરંતુ આધુનિક નગરો વસતિની ગીચતા, ગૂંચવાડાભર્યા પ્રશ્નો અને વિવિધ સમસ્યાઓ વિવિધ જવાબદારીઓ નિભાવવાની હોય છે. તેથી ત્યાં સતાના વિકેન્દ્રિકરણવાળી આ દુર્બળમેયર કાઉન્સિલની પ્રથા ઉપયોગી નથી. તેઓ આથી મજબૂત નેતૃત્વ નિભાવી શકતા નથી.

**૨.૪.૪ સીટી મેનેજર યોજના અથવા કાઉન્સીલ યોજના :**

અમેરિકાની યુનાઈટેડ સ્ટેટસ ઓફ સ્થાનિક સરકારના મહત્વના પ્રકાર માટેની પ્રથા તરીકે સીટી મેનેજર યોજનાનું નિર્માણ થયું છે. જેમાં સ્થાનિક સરકારના ઘટતા સ્ટાફની ભરતી કરવી જરૂરી હતી.

કમીશન યોજનાની ફળશ્રુતી રૂપે કાઉન્સીલ મેનેજર યોજના અંગેનું નિર્માણ થયેલ હોવાનું માલુમ પડેલ છે. કમિશન યોજનાની ખામીઓ જેવી કે કાર્યનીતિનું ઘડતર અને રચનામાં ગૂંચવાડો નીતિવિષયક નિર્ણયોના અસરકારક અમલનો અભાવ.

આ ખામીઓને સુધારી યોગ્ય રીતે અમલ કરવા માટે આ યોજના અમલમાં આવી આ યોજનાઓ મેનેજરોની નિમણૂંક કાઉન્સીલ દ્વારા કરવામાં આવે છે.

➢ **સીટી મેનેજર કાઉન્સિલની સતાઓ :**

૧. કાઉન્સિલ એ નીતિસર્જક બળ છે તે આદેશો બહાર પાડે છે.
૨. જાહેર બાંધકામ, વાહન વ્યવહારના નિયમોને તેમજ જાહેર આરોગ્યને લગતી બાબતોને આખરી મંજૂરી કાઉન્સિલ પોતે જ આપે છે.
૩. કાઉન્સિલ દ્વારા મેનેજરોની નિમણૂંક થાય છે.
૪. કાઉન્સિલનાં પોતાનાં સભ્યોમાંથી એક સભ્યને ‘મેયર’ તરીકેની નિમણુંક કરવી.
૫. આ કાઉન્સિલકરવેરા નાંખે છે અને બજેટ મંજૂર કરે છે. અને તે સ્થાનિક સરકારનું ભંડોળ નિર્ણીત કરે છે.

➢ **ફાયદો :**

૧. રાજકીય ખટપટ અને વાદવિવાદથી પર રહીને સ્વતંત્ર કાર્ય સંચાલન સોંપવામાં આવે છે.
૨. કાઉન્સિલના મેયરને નકારાત્મક અધિકાર આપવામાં આવેલ નથી.
૩. કાઉન્સિલ મેનેજર યોજનાની જવાબદારીઓ સરળ, સાદી છે.

૪. કાઉન્સિલના સભ્યોનો ધારાકીય તેમજ શાસકીય કાર્યો માટે પૂરતો સમય ફાળવવામાં આવે છે. એ રીતે કાઉન્સિલને સમાજ પ્રત્યેની નેતાગીરી પૂરી પાડવાની તક મળે છે.

➢ **ગેરફાયદા :**

૧. સીટી મેનેજર યોજના વ્યવસાયિક નિગમને મળતી આવતી પ્રથા છે.

૨. કાઉન્સિલ મેનેજર યોજના પ્રણાલીમાં, મેનેજર ને વિશાળ સતાઓ આપવામાં આવે છે. તેથી, એ હકીકત સંભવિત છે કે, આવી સતાઓ ધરાવનાર વ્યક્તિ ક્યારેક આપખુદી તરફ વળી જાય, આથી સતાઅતિરેકનો ભય રહે છે.

૩. નાનાં નગરો માટે આ યોજના ઉપયોગી નથી, કેમ કે મર્યાદિત આવક ધરાવતાં નાનાં નગરો માટે સીટી મેનેજરની ખર્ચાળ પ્રથા લાગુ કરવી હિતાવહ નથી.

૪. કાબેલ, કાર્યદક્ષ અનુભવી ઉમેદવાર, સીટી મેનેજરની જગ્યા માટે મેળવવામાં મુશ્કેલી પડે છે અને લાંબા સમય સુધીના આ પ્રકારના અનુભવને લીધે કેટલીક સ્થાનિક સરકારોએ આ યોજનાને તિલાંજલિ આપવી પડે છે.

૫. આ યોજનામાં મેનેજરની પસંદગી નિર્વાચન પદ્ધતિ દ્વારા થતી ન હોવાથી સમગ્ર યોજના બિનલોકશાહી છે.

**૨.૪.૫ કાઉન્ટી સરકાર :**

કાઉન્ટી સરકાર એ અમેરિકાની સ્થાનિક સ્વરાજ્યની સર્વ માન્ય અને સાર્વજનિક શાખા છે. મોટાભાગની કાઉન્ટીઝ આશરે પચાસ હજાર માણસોથી ઓછી સંખ્યાની વસ્તી ધરાવે છે. અમેરીકામાં આશરે વસ્તીના ત્રીજા ભાગના નાગરીકો અમેરિકાનાં ગ્રામ્ય વિસ્તારોમાં વસવાટ કરે છે અને સહાય આપવામાં આવે છે અને ઝૂપડાઓની નાબૂદીનું ખાતું મહત્વની સેવા અને કાર્ય બજાવે છે.

મોટાં શહેરોમાં અથવા મહાનગરોમાં પ્રત્યેક બાબત માટે અદાલતની અલગ-અલગ સ્થાપના કરવામાં આવે છે. આ રીતે નાગરીકોને ન્યાય અને ગુન્હાની સજા આપવામાં આવે છે.

**૨.૪.૬ કમિશન યોજના :**

આ કમિશન યોજનાની રચના એવા પ્રકારની છે કે, જેમાં નગરપાલિકાના શાસન દ્વારા નગરના પ્રત્યેક ખાતાઓ માટે, ચૂંટાયેલા સભ્યોની બનેલી સમિતિઓની રચના કરવામાં આવે છે. નાની-નાની કાઉન્સિલોને અલગ-અલગ ખાતાઓ આપવામાં આવે છે. આ કાઉન્સીલનું લોકપ્રિય સંબોધન ‘કમીશન’ રાખવામાં આવેલ છે. ચૂંટાયેલ સભ્યોને ‘કમિશ્નર’ તરીકે સંબોધવામાં આવે છે. આ યોજનામાં (કાઉન્સિલમાં) કમિશ્નરની સંખ્યા અલ્પ પ્રમાણમાં અર્થાત ત્રણ

કમિશ્નરનીસંખ્યાથી માંડી ને સાત કમિશ્નરો સુધીની સંખ્યા હોય છે. તેમના કારોબારનો સમય આશરે બે વર્ષથી માંડીનેછ વર્ષના સમય સુધીનો રાખવામાં આવે છે.

- **કમિશન યોજનાના મેયર :**

  આ યોજના મુજબ કમિશ્નરોમાંથી એ વ્યક્તિને 'મેયર' તરીકે પસંદ કરવામાં આવે છે.

- **મેયર પસંદગી કરવા માટેની ત્રણ મુખ્ય પદ્ધતિઓ :**

  ૧. જે વ્યક્તિને સૌથી વધારે લોકપ્રિય લેખે વધારે મત મળ્યા હોય તે આપોઆપ મેયરના હોદ્દા તરીકે હકદાર.

  ૨. કમિશ્નરોમાંથી એક કમિશ્નરો, કમિશ્નરો દ્વારા મેયર તરીકે પસંદ કરીને.

  ૩. આંતરિક મતદાન દ્વારા.

- **મેયરની સતાઓ :**

  ૧. મેયરને સંભાવનાના ખાતાઓમાં, જાહેર સલામતી કે જેનાં પોલીસ અને અગ્નિશામક ખાતાંઓનો સમાવેશ કરવામાં આવે છે.

  ૨. સમાન સહ કાર્યકરોમાં મેયરનું સ્થાન મોખરાનું પ્રથમ સ્થાન ગણાય છે.

  ૩. મેયર તરીકે, તેને નગર શાસનના સંબોધિત વડા તરીકે ગણવામાં આવે છે આ રીતે બીજા કમિશ્નરો કરતાં મેયરને વધુ સત્તા મળે છે.

- **કમિશન યોજના અન્વયે કમિશ્નરો :**

  કમિશ્નરોની સેવા બે પ્રકારની હોય છે.

  ૧. જાહેર નીતિના ઘડતરમાં એક સભ્ય તરીકે, પ્રત્યેક ચૂંટાયેલા સભ્યની સામુહિક જવાબદારી રહે છે.

  ૨. વ્યક્તિગત કક્ષાએ તેઓ, વિશાળ કાર્યરત ખાતાંઓના મુખ્ય સંચાલક તરીકે જવાબદારી સંભાળતા હોય છે. જેમાં

     ૧. જાહેર બાંધકામ ખાતું.

     ૨. જાહેર સલામતી ખાતું

     ૩. લોકહિત અને પ્રજા કલ્યાણ ખાતું

     ૪. નાણાખાતું

     ૫. બાગબગીચા અને મનોરંજન ખાતું.

➢ **ફાયદાઓ:**

૧. આ યોજનામાં કમિશ્નર અને મેયર અનુભવી વ્યક્તિ લેખે કાર્યભાર સંભાળે છે અને પ્રથાને નૂતન વ્યાપારી સરકાર પણ કહે છે કમીશન યોજના સંચાલનને મહત્વશીલગણે છે. આ પ્રથામાં રાજકારણને ખાસ મહત્વ આપવામાં આવતું નથી.

૨. મેયર કાઉન્સિલ પ્રણાલીમાં, નગરજનોના વાદવિવાદ અને પ્રશ્નોને દૂર કરવા (હલ કરવા) આ યોજના ઉપયોગી બને છે.

૩. આ યોજનાને લીધે ખાતાકીય જવાબદારી તેઓ યોગ્ય રીતે સંભાળે છે. જેમાં ગેરસમજ કે ગૂંચ ને અવકાશ નથી.

૪. કમિશન યોજના મુજબ નગરપાલિકાનું વહીવટી શાસન ઓછા ખર્ચથી અને ખાસ અસરકારક રીતે અમલી બની શકે છે.

➢ **ખામીઓ :**

૧. દરેક કમિશ્નર વચ્ચે સમાન કાર્યભારની વહેંચણી ખુબ કઠીન છે.

૨. કાર્યપ્રણાલીની રચનામાં પરસ્પર ખામીઓને કારણે જ્યાં શહેરમાં ગૂંચવણભર્યા અધિક પ્રશ્નો હોય ત્યાં કમિશન યોજના દ્વારા સંચાલન સંભાળવું કઠીન થઈ જાય છે.

૩. આ યોજનામાં એક કમિશ્નરના કામમાં રહેલી ખામીઓનો આક્ષેપ, બીજા કમિશ્નર પર થવાનો મહદ અંશે સંભવ છે.

૪. ગોઠવણીની અસમતુલાને કારણે એક ખાતાને નુકશાન તો બીજા ખાતાને ફાયદા મળે એવું પણ બની શકે છે.

ઉપરોક્ત ખામીઓને લીધે, કેટલાંક શહેરોએ આ યોજનાને બીન ઉપયોગી સમજી તિલાંજલી આપી દીધી છે, અમુક નગરોએ કમિશન યોજનાનો અમલ ચાલુ રાખેલ છે.

**૨.૪.૭ ખાસ જિલ્લા એકમો :**

ખાસ જીલ્લા એકમ એ સ્વાયતતા ધરાવતું સરકારી એકમ છે. અન્ય સરકારો કરતાં અલગ અસ્તિત્વ ધરાવતું તેમજ સ્વાયત રીતે કર નિર્માણના અધિકાર સાથેનું એકમ છે. અને એ સ્વતંત્રપણે નાણાંકીય હકુમત અને સ્વતંત્ર સંચાલકીય સંસ્થા છે. જેમાં મનોરંજન, નહેર ગટર યોજના, હવાઈમથક, જાહેર ઉદ્યાનોનાં આયોજનો વિગેરે સંભાળે છે.

યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકાના દરેક રાજ્યમાં ખાસ જીલ્લા એકમો આવેલાં છે. જેને નગર તેમજ કાઉન્ટી સરકારની સીમાઓ સુધીની હકુમત હોય છે.

- **ખાસ જિલ્લા એકમ માટેની પદ્ધતિ અને બંધારણ :**

એક આવેદન પત્રમાં જરૂરી નાગરિકોની સહી કરી જે તે એકમ માટેના કરાર માટેની દરખાસ્તની હકુમત હોવી જોઈએ અને આ દરખાસ્ત કાઉન્ટી બોર્ડ મંજૂર યા નામંજૂર કરી શકે છે.

જિલ્લા એકમનાં બંધારણ અને રચના માટે ખાસ કાયદા અથવા સામાન્ય કાયદા હોય છે.

**જિલ્લા એકમોની ફરજો અને જવાબદારીઓ :**

૧. પુસ્તકાલય હકુમત

૨. અગ્નિ રક્ષક હકુમત

૩. હવાઈ મથક હકુમત

૪. વાહન વ્યવહાર હકુમત

૫. જાહેર સુખાકારી હકુમત

૬. આરોગ્ય હકુમત

૭. બાગબગીચા હકુમત

- **જિલ્લા એકમોની આવકનાં સાધનો :**

૧. પાણી પૂરવઠો અને સેનિટરીમાંથી આવક

૨. સ્કુલ એકમો અને તેમની આવકો

૩. કરવેરા,

૪. સ્થાનિક મિલકત પરના કરવેરા

૫. રાજ્ય સરકારની ગ્રાન્ટ

૬. ખાસ એકમોની ફી, ભાડું

આ ઉપરાંત મોટી આવક મિલકતો ઉપરના કરવેરામાંથી મળે છે અને બીજું આ કરવેરા ખાસ કરીને, જે લોકો અમુક પ્રકારની ખાસ સેવાઓનો ઉપયોગ કરતા હોય તેમની પાસેથીસર્વિસચાર્જ તરીકે એકત્ર કરવામાં આવે છે.

- **ફાયદા :**

૧. જ્યારે લોકોને ખરેખર રીતે સેવાની વાસ્તવિક જરૂરીયાત હોય તેવા લોકોને જિલ્લા એકમ દ્વારા સરકારી સેવાઓ પૂરી પાડવામાં આવે છે. સેવાના પ્રમાણમાં સેવાનો લેનાર પાસેથી પ્રમાણિત રીતે ફીના સ્વરૂપમાં કરની વસુલાત કરવામાં આવે છે.

૨. આ એકમો દ્વારા આપવામાં આવતી સેવાઓમાં, સીમ વિસ્તારની છૂટ આપવામાં આવેલી છે.

➢ **ગેરલાભ :**

૧. ખાસ જીલ્લા એકમની જોગવાઈ મુજબ રાજકીય વકીલશાહીને સ્થાન આપેલ નથી.

૨. કેટલીક પ્રણાલીઓ આંતરિક આધારે રાખવામાં આવી છે.

૩. જાહેર જનતા માટે કામની કોઈ ફરજો દર્શાવી નથી.

૪. આપવામાં આવતી જુદી જુદી સેવાઓમાં અસમતુલા.

૫. ઘણીવાર સ્થાનિક સરકારના ખર્ચમાં વધારો થતો જાય છે જે બિન ઉપયોગી ખર્ચ હોય છે.

ઉપર મુજબની ઘણી ખામીઓ હોવા છતાં જિલ્લા એકમો પ્રત્યેની લોકોની ચાહનામાં ઘટાડો થયો નથી. કારણ કે તેમની રચના જે હેતુ માટે થઈ છે તે પરિપૂર્ણ કરવા તે સમર્થ છે.

**૨.૫ સ્થાનિક સરકારોનાં નાણાંકીય આવકનાં સાધનો :**

જાહેર સેવાનાં કાર્યો માટે સ્થાનિક સંસ્થાઓને નાણાંની જરૂર પડે છે અને આ માટે મોટું નાણાંકીય ભંડોળ ઉભું કરવા યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકામાં સ્થાનિક સરકાર મુખ્યત્વે બે પ્રકારની પ્રક્રિયા દ્વારા નાણાં ભંડોળ એકત્રીત કરે છે.

૧. કર વિહિન વસુલાત દ્વારા

૨. કર મુક્ત ઉપજ દ્વારા

**૨.૫.૧ કર મુક્ત ઉપજ :**

સ્થાનિક સંસ્થાઓને અમુક પ્રકારના કર વસૂલાતની સતા આપવામાં આવી છે. જે ત્રણ પ્રકારની છે :

૧. સ્થાનિક આવક વેરો

૨. મિલકત વેરો

૩. સ્થાનિક વેચાણ વેરો.

આમાં મિલકત વેરા દ્વારા વધુ આવક મેળવે છે. આ ત્રણેય પ્રકારની આવકમાંથી સંસ્થાઓ સેવાકીય પ્રવૃત્તિઓ કરે છે.

**૨.૫.૨ કર વિહિન આવક :**

જે આવકને સાધનોમાં કર ભરણાની કોઈ સ્થિતિ ન હોય તેને કર વિહીન આવક કહેવાય.આ કરવિહિન આવકના ચાર પ્રકાર છે.

૧. સરકાર તરફથી મળતી અનુદાન/ગ્રાન્ટની આવક

૨. બોન્ડઝ દ્વારા મળતી આવક

૩. લાયસન્સ ફી અને ભાડાની આવક

૪. વાણિજ્ય સેવા પ્રવૃતિઓના બદલામાં મળતી આવક.

આ રીતે વિવિધ કાર્યો અને સેવાકીય પ્રવૃત્તિઓ માટે નાણાંકીય આવક મેળવવા સંસ્થાઓ ઉપર મુજબના નાણાંકીય સાધનો દ્વારા નાણાં ભંડોળ પ્રાપ્ત કરે છે.

**૨.૬ રાજ્ય અને સમવાય સરકારના સ્થાનિક સરકાર સાથેના સંબંધોઃ**

રાજ્ય સરકારની સ્થાનિક સરકાર ઉપરની હકુમત જોઈએ તો સર્વ પ્રથમ સ્થાનિક સરકાર રાજ્ય સરકાર સાથેના સંબંધો અંગે જાણવું જરૂરી છે.

ઓગણીસમી સદી સુધી, યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકામાં સ્થાનિક સરકારો, રાજ્ય સરકાર અને સમવાય સરકારના કડક નિયમપાલનમાંથી મુક્ત હતી. સ્થાનિક સરકારો પોતાના હકુમતથી કાર્ય બજાવતી પરંતુ પરિસ્થિતિ સંજોગોના પરિવર્તનની અસરને કારણે સામાજીક અસમાનતા અને આર્થિક નબળી સ્થિતિની સામે એકલે હાથે સ્થાનિક સરકારને કાર્ય કરવું અશક્ય લાગ્યું અને આથી રાજ્ય અને સમવાય સરકાર પાસેથી આર્થિક સહાય મેળવવાનું અનિવાર્ય બન્યું.

શૈક્ષણિક અને કેળવણી ક્ષેત્રે એક ખાસ એજન્સીનું નિર્માણ કર્યું. તેમનું કાર્ય શાળા શિક્ષકોની શૈક્ષણિક લાયકાત, અભ્યાસક્રમના પાઠ્યપુસ્તકો પસંદગી અંગેના નિયમો સૂચવવાનું રાજ્ય સરકાર દ્વારા શાળાઓના સુપ્રીન્ટેન્ડન્ટ, કમિશ્નરોની જગ્યાઓ, રાજ્ય કક્ષાએ સ્થાનિક હકુમતોને સલાહ સૂચન તથા સહાય આપવા માટે ઉભી કરવામાં આવી.

લોક કલ્યાણ, કેળવણી, જાહેર રસ્તાઓ, આ ઉપરાંત શિક્ષણખાતું, બાંધકામ ખાતું, કલ્યાણખાતું આ બધાં માટે સ્થાનિક સરકારની સેવાઓ અપૂરતી હતી આથી રાજ્ય અને સમવાય સરકારની સહાયની જરૂરત ઉભી થઈ. રાજ્ય સરકારને એવી સતા હતી કે, જેના સહકારથી સ્થાનિક સરકારની ઉપરની તેમજ અન્ય સેવાઓ સરળતાથી અસરકારક રીતે સંતોષી શકાય તેમ હતી પણ તેમની શરતોનું ચૂસ્ત રીતે પાલન થાય તો જ આવી મદદ મળે તેમ હતું.

મિલકતો અંગેના સ્થાનિક કરવેરાની આકરણીમાં સમતુલા જાળવવા માટે, જે સ્થાવર મિલકતની આકારણી કરવાની હોય તેના સંદર્ભમાં સ્થાનિક કરવેરાના હેતુ માટે, રાજકીય દૃષ્ટિએ રાજ્ય સરકારોએ આખરી સતા પોતાના હસ્તકે રાખેલ છે. આ રીતે અમુક સમય, સંજોગો પ્રમાણે તે પોતાના કાયદા પ્રમાણે મદદરૂપ બને છે.

## ૨.૭ રાજ્ય તથા કેન્દ્ર સરકારના સ્થાનિક સરકાર સાથેનાં સંબંધો :

સને ૧૯૩૦ની ભયંકર આર્થિક મંદી વખતે સમવાય સરકારના રાજ્ય સરકાર તેમજ સ્થાનિક સરકારના વહીવટ ઉપરના અંકુશોની જરૂરીયાત ઉભી થઈ. મંદીની વિષમતાના સમયમાં સમાજના પ્રત્યેક સ્તરે સહાય આપવાનું અનિવાર્ય બન્યું. વૃદ્ધ, નિરાધાર અને અશક્ત બાળકો તથા વિધવા સ્ત્રીઓને સહાય આપવાની જરૂર ઉભી થઈ. આ ઉપરાંત મંદીની વિષમતા દૂર કરવા માટે સ્થાનિક વળતર આપવાની જરૂરીયાત પણ ઉભી થઈ આ રીતે આ મંદીની વિષમતા દૂર કરવા માટે સ્થાનિક સરકારને પહોંચી વળવાનું કઠીન બન્યું અને આ કાર્યને પહોંચી વળવા માટે સમવાય સરકારની મદદ હોવી તેમને માટે ખાસ આવશ્યક હતી.

આ કાર્યો માટે અમુક શરતો પ્રમાણે સમવાય સરકાર અનુદાન અને સહાય પેટે દાન આપવાની છે. સમાજ ઉપયોગી કેટલાંક કાયદાઓ રાજ્ય સરકાર, ઉપરાંત સ્થાનિક સરકારનાં સમવાય સરકાર વચ્ચેના સંબંધોના સંકલન સમાન છે.

- **કાયદા :**

૧. ૧૯૩૨ ઈમરજન્સી રીલીફ એન્ડ રીકન્સ્ટ્રક્શન એક્ટ

૨. ૧૯૩૩ ધી નેશનલ ઈન્ડસ્ટ્રીયલ રીકવરી એક્ટ

૩. ૧૯૩૫ હોમ ઓનર્સ કોર્પોરેશન એક્ટ

૪. ૧૯૩૬ ધી સોશ્યલ સીક્યોરિટીઝ એક્ટ

૫. ૧૯૪૪ ધી ફેડરલ પબ્લિક હાઈવેઈઝ એક્ટ

મુખ્યત્વે આ કાયદાઓમાં આપેલી જોગવાઈઓને આધીન રહીને કેટલાંક સ્થાનિક કાર્યોમાં સમવાય સરકાર દ્વારા નિમાયેલ એજન્સી મારફ્ત દેખરેખ અને અંકુશ રાખવામાં આવે છે.

આ ઉપરાંતઈ.સ. ૧૯૫૮માં મહાનગપાલિકાઓના એસોસીએશને તેમની વાર્ષિક સાધારણ સભામાં એક ઠરાવ પસાર કરીને સિવિલ ડીફેન્સ માટે વધારે નાણા ફાળવવા માટે વિનંતી કરી હતી. અને વધારે પ્રમાણમાં શહેરી પ્રવૃત્તિઓના નિર્માણ માટે, મોટા પ્રમાણમાં નાણાંકીય સહાય આપવા અપીલ કરવામાં આવી. આ રીતે સંબંધો વિકસ્યા છે.

## ૨.૮ ઉપસંહાર :

અમેરિકાની સ્થાનિક સરકાર એ લોકશાહીનું પ્રથમ પગથિયું છે.જે લોક માંગણીઓને ધ્યાનમાં રાખીને સ્થાનિક જવાબદારીઓ સંભાળે છે. સ્વાતંત્ર્ય ઘોષણાપત્રમાં નાગરિકોને અમુક હક્કો મળવા જ જોઈએ એવું જાહેર કર્યું છે અને સાથે સાથે અમેરિકન બંધારણમાં વ્યક્તિ સ્વાતંત્ર્ય તરીકે વાણી, સભા, ધર્મ અને પ્રેસ સ્વાતંત્રના અધિકારોની ખાત્રી આપવામાં આવી છે,

જે સરકારની ભેટ નથી કે જેથી પાછા ખેંચી શકાય. આ હક્કો માટે સ્થાનિક સરકાર પૂરી જવાબદારીઓ સંભાળે છે અને આર્થિક પ્રવૃત્તિઓનું પણ એક અંગ (હૃદય/હાર્ટ) બની કાર્યો બજાવે છે.

ઉપરોક્ત વિવિધ પ્રકારો છે. દરેક યોજના પોતાની ફરજ બજાવે છે. જે ગામડાઓ, નાનાં નગરો, મહાનગરો માટે જુદી-જુદી રીતે, જુદાં ખાતાં, નિમાવેલ છે અને આવકનાં સાધનો વડે મુખ્ય અને મહત્વનાં કાર્યો કરે છે. સ્થાનિક સરકારને સમવાયી સરકાર સાથે સારા સંબંધો હોય છે કેમ કે કટોકટીમાં રાજ્ય અને કેન્દ્ર સરકાર પાસેથી નાણાંકીય સહાય મેળવવી પડે છે અને ગુંચવાળાવાળા પ્રશ્નોના ઉકેલ માટે પણ તે સરકાર મદદરૂપ બની શકે છે.

આ રીતે અમેરિકાની સ્થાનિક સરકાર પોતાની યોજનાઓની ખામીઓ છોડીને અથવા સુધારીને નથી યોજનાઓ સ્વીકારે છે અથવા એક યોજના ચાલુ રાખે છે અને આ રીતે અમેરિકાની આ સ્થાનિક સરકાર સમયનાં બદલાતાં રહેઠાણની સાથે આધુનિકતા અપનાવી રહી છે.

**૨.૯ ઇંગ્લેન્ડની સ્થાનિક સરકાર**

- **પ્રસ્તાવના :**

આજે વિશ્વ ૨૦ સદીમાંથી પસાર થઈ ૨૧ સદીમાં પહોંચી ગયું છે ત્યારે ઇંગ્લેન્ડની સરકાર પોતાના દેશના નાગરિકો માટે પૂરતી સેવા બજાવી રહ્યું છે. છતાં સ્થાનિક લોકોની ઓળખ અને નામ કરતા કેન્દ્ર સરકાર અપનાવી શકતી નથી આથી સ્થાનિક સરકારની રચના કરવામાં આવી.

ઈ.સ. ૧૯૭૨માં સ્થાનિક સરકારના ઘડતર સ્વરૂપે કાયદાનો અમલ કરવામાં આવ્યો ત્યારે પહેલાંના ઇંગ્લેન્ડમાં સરકારી હકુમતો સને ૧૮૮૮-૧૮૯૪માં સ્થાનિક કાયદા મુજબની હતી. જે પ્રાચીન સમયને અનુરૂપ હતી. તે વખતે માળખું જુદું જ હતું ત્યારે રસ્તા ઉપર એકેય મોટરગાડી કે યાંત્રિક વાહન ન હતું. આથી કેન્દ્ર સરકાર કે સ્થાનિક સરકારને જવાબદારીઓમાં અને કાર્યોમાં ગૂંચવણતા ન હતી પરંતુ ૨૦મી સદીથી પરિવર્તન આવ્યું આને લીધે સરકારની જવાબદારીઓ વધવા લાગી.

**૨.૧૦ સ્થાનિક સરકારના ઘડતરમાં ફેરફાર :**

આજના ઝડપી યુગમાં, વિકાસશીલ સમાજના યુગમાં સમાજની સમક્ષ અવકાશ યુગના અનેક ગુંચવણભર્યા પ્રશ્નોનો સામનો સ્થાનિક સરકારને કરવાનો રહે છે. ઇંગ્લેન્ડમાં વસ્તી વધારો કુદકે અને ભુસકે થઈ રહ્યો છે. વસ્તી વધારાને પરિણામે વિવિધ પ્રકારની અનેક

સમસ્યાઓ વધવા લાગી છે. અગાઉના સમયમાં લોકોની પાસે સાદી, સરળ અને ઝડપથી ઉકેલી શકાય તેવા ગુંચવણ વગરની બાબતો હતી પ્રવર્તમાન સમસ્યાઓએ રીતે વધવા લાગી કે તેની સાથોસાથ પડકારરૂપ અનેક પ્રવાહો પણ આપોઆપ ઉપસ્થિત થતા રહે છે.

જો સ્થાનિક હકુમતોએ કરકસરભરી રીતે અને અસરકારક સેવાઓ પૂરી પાડવી હોય તો તેમનાં કાર્યક્ષેત્રનો વિસ્તાર એ વિસ્તારની વસ્તીનું પ્રમાણ અને તેમના ખર્ચને પૂરી રીતે પહોંચી વળવા માટે તેમની પાસે પૂરતી સગવડતા હોવી અનિવાર્ય છે. તેમની પાસે તાલીમી સ્ટાફ અને સક્ષમ સ્થાનિક સરકારની સેવાઓનો પૂરતા પ્રમાણમાં પ્રબંધ હોવો જરૂરી છે. આ સાથે સ્થાનિક ખર્ચને પહોંચી વળવા માટે આવકના સાધનો પૂર્ણ રીતે હકુમતની પાસે હોવાં જોઈએ. આર્થિક પ્રબંધ થાય તો જ પ્રગતિ થઈ શકે.

ઓગણીસમી સદીમાં સ્થાપિત થયેલ સ્થાનિક હકુમતો ચાલુ જમાનાની પરિસ્થિતિને યોગ્ય રીતે હલ કરવા માટે બિલકુલ બિનઅસરકર્તા અથવા તો જૂની-પુરાણી પદ્ધતિની થઈ ગઈ હતી. આખી સ્થિતિ સબબ, સ્થાનિક હકુમતોની પુનઃરચનાના કાર્ય માટે તાત્કાલિક જરૂરત જણાઈ હતી. પુનઃ રચનાના અમલના આયોજન માટે પણ સમયસરની વિચારણા આવશ્યક બની ગઈ.

સ્થાનિક હકુમતોની સંખ્યા ઘણી વધારે પ્રમાણમાં હતી. જેમાંની કેટલીક હકુમતો તેમના વિસ્તારના પ્રમાણમાં તેમજ સાધનોના પ્રમાણમાં ખૂબજ નાના કદની હતી. સેવાઓ માટે સાધનોની અછત પણ તાદૃશ્ય પણે માલુમ પડવા લાગી હતી. સ્થાનિક હકુમતો પાસેના આર્થિક આવકના સાધનો નહિવત જેવાં, અથવા તો એટલા ઓછા પ્રમાણમાં હતા કે, વર્તમાન યુગના લોકોને આવશ્યક સેવાઓની અપેક્ષા સંતોષવામાં તેઓ તદ્દન અસક્ષમ નિવડેલ હતા. જેને લીધે પ્રગતિ થઈ શકતી ન હતી.

સ્થાનિક સંસ્થાઓનાં પુરાણા માળખામાં શહેરી અને ગ્રામ્ય વિસ્તાર પ્રત્યેની ગણતરીમાં ભેદભાવ હતો. પરિણામે જીવન ધોરણને આધુનિક યુગની અપેક્ષાવાળું બનાવી શકાતું ન હતું. ખરી રીતે તો આયોજન અને વહીવટને માટે એકરૂપતા જરૂરી હતી આ બંને બાબતોનું સંકલન કાર્યની અસરકારકતા માટે ખાસ ઉપયોગી હતું. આ બંને બાબતોના જોડાણ વડે સ્થાનિક સંસ્થાઓ પ્રગતિ હાંસલ કરવા સમર્થ બને છે. સ્થાનિક લોકશાહી ત્યારે જ સંભવિત થઈ શકે કે, જ્યારે સ્થાનિક હકુમતો સાચા સ્વરૂપમાં વાસ્તવિક પ્રવૃતિ માટે, નિર્ણાયક અધિકાર માટે સ્વતંત્ર સતા ધરાવતી હકુમત હોય.

એક વાસ્તવિક સરકારનો અર્થ એ છે કે તે સરકારને લોકશાહી રીતે નિર્ણય લેવાની સરકાર માટે પુરી સક્ષમતા હોવી જોઈએ. આ માટે સ્થાનિક વિસ્તારના લોકો મતદાતાઓ, સભ્યો

અને અધિકારી વર્ગ સમાન રીતે સ્વીકારી શકે તે પ્રમાણેની હકુમતની હદ, જવાબદારીની વહેંચણીઅને કાર્યપ્રથા હોવી જોઈએ.

ઇંગ્લેન્ડ અને વોટોહેની સ્થાનિક સરકાર રચવા માટેનો અહેવાલ તૈયાર કરવા માટે કમિશનની નિમણુંક કરવામાં આવી અને પુનઃ રચનાનું કાર્ય શરૂ કરવામાં આવ્યું. આ નિમણુંક સન ૧૯૬૪માં ચૂંટણીના જાહેરનામાથી કરવામાં આવી અને સામાન્ય ચૂંટણીમાં મજૂર પક્ષનો વિજય થયો.

**૨.૧૦.૧ માંડ કમિશનની મુખ્ય ભલામણો :**

માંડ કમીશનની મુખ્ય ભલામણો છ પ્રકારની છે. જે નીચે મુજબ છે :

૧. લંડનની બહારના ઇંગ્લેન્ડના પ્રાદેશિક વિસ્તારને એકસેટ સ્થાનિક વિસ્તારોમાં સપ્રમાણ રીતે વહેંચી દેવો.

૨. આ પ્રદેશના ૫૮ વિસ્તારોમાં દરેક માટે એક એક હકુમત પ્રત્યેક પ્રકારની સેવાઓ માટેની જવાબદારી સંભાળશે. જેમાં અમુક ખાસ સંજોગોમાં ત્રણ ત્રણ મેટ્રોપોલિટન વિસ્તારોમાં જવાબદારીઓ દ્વીકક્ષી, પદ્ધતિ મૂજબની રહેશે.

૩. સમાન હકુમતો માટેનાં બધા જ, એટલે કે અઠાવન એકમો મેટ્રોપોલિટન વિસ્તારના હદની સીમા મર્યાદાને આધિન રહી પ્રતિનિધિત્વ કરશે.

૪. ગ્રેટરલંડન સાથે ૬૧ નવી હકુમતોને સાકળી લેવામાં આવશે. જેમાં પ્રત્યેકને કાઉન્સિલ આપવી જોઈએ.

૫. પ્રત્યેક મુખ્ય કાર્ય પ્રાદેશિક વ્યુહરચના સ્થાપિત કરી આયોજનની રૂપરેખા તૈયાર કરવાનું રહેશે.

૬. સ્થાનિક કાઉન્સિલો ખાસ બાબતો માટે સલાહસૂચન મેળવવાનો અધિકાર ધરાવી શકશે અને પોતાના કાર્યો ભંડોળની મર્યાદામાં રહીને કરવાનાં રહેશે.

**૨.૧૦.૨ માંડ કમિશ્નરની નિમણુંક :**

૧૯૬૬માં માંડ કમિશ્નરની નિમણૂંકની ઘોષણા કરી આ કમિશનમાં કુલ ૧૧ સભ્યો હતા ને કમિશનના કાર્યનો પ્રારંભ ૧૯૬૬માં જ કર્યો. સ્થાનિક સરકારના બંધારણ અન્વયે અવલોકન કરવાનું ચાલુ વહીવટ વિશે નિરીક્ષણ કરવાનુંઅને હેતુના સંદર્ભમાં કાર્ય સંચાલન અને વિભાગ નક્કી કરવાની પ્રવૃત્તિના પ્રકારને અનુલક્ષીને કાર્યો કરવાની ફરજ બજાવવાની હતી.

### ૨.૧૦.૩ માંડ કમિશનની ભલામણોનો વિરોધ :

માંડ કમિશનની ભલામણોસર્વાનુમતે પસાર થયેલી ન હતી. મિ. ડેરેક સિનિયર નામના માંડ કમિશનના એક સભ્યે શરૂઆતથી જ આ ભલામણોનો વિરોધ કર્યો હતો. તેથી તેણે મુખ્ય અહેવાલની સાથે પોતાના વિરોધનું નિવેદન ઉમેર્યું.

૧. સમાન હકુમતોવાળા એકમોનું કાર્ય બાકી રહેતા અન્ય એકમોના ભોગે અથવા તો અન્યના ખર્ચે કરવાનું હતું.

૨. કમિશનની દરખાસ્તમાં જણાવેલ મુખ્ય હકુમતોની સંખ્યા અપૂરતા પ્રમાણમાં હતી.

૩. શ્રીમાન સિનિયરના અભિપ્રાય મુજબ બહુમતી સંખ્યાના ચાલુ વહીવટી સગવડોનો લાભ મેળવવાની આકાંક્ષા તરફ વળેલા સભ્યો હોય છે. આ જાતના એક તરફી લાભ અન્ય એકમોની ભવિષ્યની સગવડતા તેમજ અસરકારકતાના હીસાબે અને જોખમે લેવાનો રહે તે રીતે આ અયોગ્ય છે.

૪. કમિશન દ્વારા સર્વપ્રથમ કાર્ય સામાજિક ભૌગોલિકતાને લક્ષમાં લઈ જવું જોઈતું હતું. શ્રીમાન ડેરીકના અભિપ્રાય મુજબ ૩૫ પ્રાદેશિક હકુમતો હોવી જોઈએ.

સને ૧૯૮૫ના સ્થાનિક કાયદા અન્વયે આપેલી જોગવાઈઓ ધ્યાનમાં લઈને, ગ્રેટર લંડન કાઉન્સિલ અને છ મેટ્રોપોલિટન કાઉન્ટી કાઉન્સિલો નાબુદ કરવામાં આવી તેઓના કેટલાક કાર્યો અનુક્રમે લંડનબ્યુરો કાઉન્સિલો અને મેટ્રોપોલિટન જિલ્લા કાઉન્સિલો તરફ તબદીલ કરવામાં આવ્યો.

માંડ કમિશનની ટીપ્પણીઓ માટે પાર્લમિન્ટમાં જરૂરી સુધારણાઓ માટે સને ૧૯૭૨માં સુધારણા દાખલ કરવા મંજુરી આપવામાં આવી. જેને સુધારાવાળો કાયદો ૧૯૭૨નો કાયદા તરીકે તાત્કાલિક ઓળખવામાં આવે. સને ૧૯૭૪ના એપ્રિલ માસની ૧ તારીખથી નવી સ્થાનિક હકુમતો અસ્તિત્વમાં આવી.

### ૨.૧૧ સ્થાનિક સરકારનું વર્ગીકરણ :

સ્થાનિક સરકારના વહીવટમાં ઈંગ્લેન્ડમાં બે વિભાગો પાડવામાં આવ્યા છે.

૧. નોનપોલિટન વિસ્તાર

૨. મેટ્રોપોલિટન વિસ્તાર

**૨.૧૧.૧ નોન મેટ્રોપોલિટન વિસ્તાર :**

આ વિસ્તારમાંથી કાઉન્સિલ રચવામાં આવે છે. આવા નોન મેટ્રોપોલિટન કાઉન્ટીઝમ નોનમેટ્રોપોલિટન જીલ્લા એકમોની રચના થાય છે. આ પ્રકારના જીલ્લા એકમોમાંથી ગ્રામ્ય વિસ્તાર એકમોની રચના થાય છે.

**૨.૧૧.૨ મેટ્રોપોલિટન વિસ્તાાર :**

મેટ્રોપોલિટન કાઉન્ટીઝ અને મેટ્રોપોલિટન નગરો એ બે વિભાગમાં વહેંચવામાં આવે છે. આ વિભાગમાંથી મેટ્રોપોલિટન જીલ્લાઓની રચના થાય છે. મેટ્રોપોલિટન જીલ્લા એકમોમાંથી શહેરી પેરિસ એકમોની રચના થાય છે.

**૨.૧૧.૩ સ્થાનિક સરકારનું માળખું :**

લંડન અને તેની આસપાસના વિસ્તારોના બે વિભાગ પાડવામાં આવ્યા છે. લંડન નગર અને બત્રીસ લંડનબરો.

શહેરીવિસ્તારમાં છત્રીસ મેટ્રોપોલિટન જિલ્લા કાઉન્સીલો, બત્રીસ બરો એકમો તથા નાના નગરનો સમાવેશ થાય છે.

ગ્રામ્ય વિસ્તારમાં ૩૯ નોન મેટ્રોપોલિટન જિલ્લા એકમો, ૨૯૬ નોન મેટ્રોપોલિટન જિલ્લા કાઉન્સિલો તથા ગ્રામ્ય પેરિસ કાઉન્સિલો આવેલી છે. વેલ્સમાં ૩૭ જિલ્લા કાઉન્સિલો અને ૧૦૦૦ કોમ્યુનિટી કાઉન્સીલો છે.

લંડન નગરની આસપાસના સ્થાનિક સરકારના વિભાગને બરો એટલે કે મહાનગર પાલિકા કહેવાય છે જે અમુક જિલ્લાઓને જ આપવામાં આવે છે. બરોની રચનામાં તેના અધ્યક્ષને મેયર કહેવામાં આવે છે. ઉપાધ્યક્ષને ડેપ્યુટી મેયર કહેવામાં આવે છે.

પેરિસ એકમ તે સૌથી નિમ્ન કક્ષાનું સ્થાનિક એકમ છે તે પુરાણાયુગની પ્રથા સાથે બંધ બેસતું નાના કસ્બાનાં વિસ્તાર પ્રકારની હકુમત છે.

**૨.૧૨ લંડન મહાનગરપાલિકાની રચના :**

લંડન મહાનગરપાલિકાને 'બરો' તરીકે ઓળખવામાં આવે છે. લંડનબરોની રચનામાં વધુમાં વધુ ૬૦ સભ્યો કાઉન્સિલર તરીકે નિર્વાચીન થયેલા હોય છે. આ ઉપરાંત કાઉન્સિલના સભ્યો દ્વારા ચૂંટવામાં આવેલા એલ્ડરમેનનો હોદ્દો ધરાવતા સભ્યો હોય છે. દર વર્ષે કાઉન્સિલરો પોતાની કાઉન્સિલના સભ્યોમાંથી મેયરને ચૂંટણી દ્વારા પસંદ કરે છે. મેયર પોતે કાઉન્સિલરોમાંથી ડેપ્યુટી મેયરની નિયુક્તિ કરી શકે છે.

મેયર તથા ડેપ્યુટી મેયરને તેમની કચેરીમાં ખર્ચને પહોંચી વળવા માટે કાઉન્સીલ નક્કી કરે તેટલી રકમનું ભથ્થુ આપવામાં આવે છે. કાઉન્સિલરોની કચેરીની કામગીરીની અવધિની મુદત ત્રણ વર્ષ સુધીની જ રહેશે.

**૨.૧૨.૧ બરો કાઉન્સિલની મીટીંગ :**

બરો કાઉન્સિલની સભા ઓછા સમયે મળતી હોય છે. સાધારણ રીતે છ અઠવાડિયાના સમય પછી આવી મીટીંગ મળે છે. જેમાં કાઉન્સિલ કેટલીક સમિતિઓનું નિર્માણ કરે છે. આ સમિતિઓ પોતાને સોંપાયેલી કાર્યની પ્રગતિ માટે અવિરત કાર્યરત રહેતી હોય છે. લંડન બરો કાઉન્સિલને ઇંગ્લેન્ડ તથા વેલ્સની સ્થાનિક સરકાર જેવી જ નાણાંકીય સતાઓ છે. તેમની આવકમાં મુખ્યત્વે સ્થાનિક કરવેરાની આવક, ભાડાંની આવક, વ્યાજની આવક અને અન્ય પ્રકારની આવક ઉપરાંત કેન્દ્ર સરકાર તરફથી મળતી ગ્રાંટનો સમાવેશપણ થાય છે.

**૨.૧૩ સ્થાનિક સરકારની કાઉન્સિલની ચૂંટણીઓ :**

કાઉન્ટીઝ જીલ્લા એકમો, પેરિસ એકમો, તથા કોમ્યુનિટીઝ વિસ્તારના કાઉન્સિલરોની ચૂંટણીઓ મતદાતાઓ દ્વારા સીધા જ મતદાનથી થાય છે અને કાઉન્સિલરોની સંખ્યા જે-તે વિસ્તારમાં નિયમથી નક્કી કરેલી હોય છે.

જીલ્લા હકુમતો અને લંડન વિશે વિસ્તારની વોર્ડ વાર ચૂંટણી કરવામાંઆવે છે. પ્રત્યેક વિસ્તાર માટે વિસ્તારની વસ્તીના પ્રમાણમાં દરેક વોર્ડ દીઠ એકની અથવા ત્રણ સભ્યોની ચૂંટણી વિસ્તારની મર્યાદાના પ્રમાણમાં કરવામાં આવે છે.

**૨.૧૩.૧ ચૂંટણીના ઉમેદવારની લાયકાત :**

૧. ચૂંટણીના ઉમેદવારો બ્રિટિશ નાગરિકત્વ ધરાવતા હોવા જોઈએ.

૨. ઉમેદવારની ઉંમર એકવીસ વર્ષ પૂરાં અથવા તેથી વધારે હોવી જોઈએ.

૩. ઉમેદવાર જે વિસ્તારમાંથી ઉમેદવારી નોંધાવવા ઈચ્છતો હોય તે વિસ્તારની સ્થાનિક મતદાર યાદીમાં તેનું નામ મતદાર તરીકે નોંધાયેલ હોવું જોઈએ.

૪. ઉમેદવારી નોંધાવનાર વ્યક્તિ કોમ્યુનિટી વિસ્તાર અથવા પેરિસ વિસ્તાર જ્યાંથી ઉમેદવારી નોંધાવવા ઈચ્છતી હોય, તે વિસ્તારની આસપાસના ત્રણ માઈલના વિસ્તારમાં ઉમેદવારી નોંધાવવાની તારીખથી બાર, મહિના પહેલાંના સમય સુધી સતત રીતે ઉમેદવારના કામકાજનું સ્થાન હોવું જોઈએ. છેલ્લા બાર માસ થયા એજ સ્થળેથી તેનો વ્યવસાય સંભાળેલ હોવો જોઈએ.

**૨.૧૩.૨ મતદાતાની લાયકાત :**

૧. કોઈપણ નાગરિક જેણે પોતાની વયનાં ૧૮ વર્ષ પુરા કર્યો હોય.

૨. જે વ્યકતિને કાયદા વડે મતદાતા તરીકે ગોરલાયક ઠરાવેલ ન હોય.

૩. જે બ્રિટિસ કોમનવેલ્થ દેશનો નાગરિક હોય તે ચૂંટણીમાં મતદાતા તરીકે મતદાન કરી શકશે.

**૨.૧૪ સ્થાનિક સરકારનાં કાર્યો અને સતાઓ :**

સ્થાનિક સરકારને પોત-પોતાના વિસ્તારનાં કાર્યો બજાવવા માટે અને કાર્યની ફાળવણી માટેના હેતુ અન્વયે નીચે મુજબના કાયદાઓ અમલમાં આવ્યા. સને ૧૯૭૨માં સ્થાનિક સરકારના કાયદો સને ૧૯૮૦માં સ્થાનિક સરકારનાં આયોજન અને જમીનનો સને ૧૯૮૫માં સ્થાનિક સરકારનો કાયદો.

**૨.૧૪.૧ સ્થાનિક હકુમતની કાર્ય વ્યવસ્થા :**

કાર્ય સેવાની અસરકારક બજવણીના હેતુ માટે નીચે મુજબની વ્યવસ્થા સ્થાનિક સરકાર કરી શકે.

૧. સ્થાનિક હકુમત એક સમિતિની સ્થાપના કરી શકે છે.

૨. બે અથવા વધારે સ્થાનિક હકુમતો સંયુક્તપણે તેમના સભ્યોમાંથી એક સંયુક્ત સમિતીની નિમણુંક કરી શકે છે.

૩. કોઈપણ મુખ્ય સમિતિ કાર્યની સરળતા માટે બીજી વધારે સમિતિની નિમણૂંક કરી શકે છે.

**૨.૧૪.૨ કાઉન્ટી કાઉન્સિલોનાં કાર્યો :**

કાઉન્ટીની હકુમતની ફાળવણીમાં સમાવિષ્ટ થતાં ખાતાઓ અને તેને લગતી સેવાઓ નીચે મુજબની છે.

- પોલીસ ખાતું
- ગ્રાહક સુરક્ષા સેવા
- તોલ-માપ ખાતું
- અગ્નિશામક ખાતું
- મર્યાદિત અધિકારો સાથેનું ગૃહનિર્માણ ખાતું
- બાંધકામ ખાતું
- ફંડ અને ડ્રગ્સ કન્ટ્રોલ ખાતું

- મુખ્ય રસ્તા જાળવણી ખાતું
- આયોજન અને વિકાસ ખાતું
- વાહન વ્યવહાર ખાતું
- જાહેર ઉધાન ખાતું
- શૈક્ષણિક ખાતું
- સામાજીક સેવા માટેનું ખાતું

**૨.૧૪.૩ સ્થાનિક સરકારની સત્તાઓ :**

ઇંગ્લેન્ડની સ્થાનિક સરકારને નીચે મુજબની સતાઓ મળી છે.

૧. સર્વસાધારણ કાયદાકીય સતા : સને ૧૯૭૨ના સ્થાનિક સરકારના કાયદામાં આ જરૂરી સતા આપવામાં આવી, જેના દ્વારા તે કાર્યો માટે જરૂરી ખર્ચ કરી શકે છે.

૨. પેટા કાયદા રચવા અંગેની સતા

૩. પાર્લામેન્ટના સ્થાનિક ખરડા અંગેની સતા

૪. ખર્ચ માટેની નાણાંકીય સતા

૫. વહીવટી સતા

૬. નાણાં ઉછીનાંલેવા માટેની સતા.

૭. કટોકટી નિવારણની સતા

**૨.૧૫ સ્થાનિક સંસ્થાના હિસાબોની તપાસણી :**

સ્થાનિક સંસ્થાના હિસાબોની તપાસણી માટે ઓડિટ વિભાગે મહત્વના નિયમો બહાર પાડ્યાં છે જે આ મુજબ છે.

૧. સ્થાનિક સંસ્થાના હિસાબની તપાસણીના સમયે ઓડિટરને એ સતા છે કે, સંબંધિત હિસાબ માટેના દસ્તાવેજો નિયમ મુજબના છે કે કેમ તે અંગેની ચકાસણી કરી શકશે.

૨. જે તે સ્થાનિક સંસ્થાને તેના ઓડિટ થઈ ગયેલા હિસાબ અંગેનો અહેવાલ માંગવામાં આવશે. આ પ્રકારના ઓડિટ રિપોર્ટની એક પ્રત તેણે સેક્રેટરી ઓફ સ્ટેઈટને પણ મોકલવાની રહેશે.

૩. સ્થાનિક હકુમતના બધા હિસાબ, કર તથા વેરાના હિસાબ કિતાબ તથા નગરના પેન્શન ભંડોળ અંગેના હિસાબની વિગતવાર તપાસણી જીલ્લા તપાસનીશ અમલદાર અથવા સરકાર તરફથી માન્યતા પ્રાપ્ત કરેલ ઓડિટર દ્વારા કરાવવાની રહેશે.

૪. સ્થાનિક હકુમતે ઓડિટર તરફથી આ અહેવાલ મળ્યા પછી તુરત જ તેને અમલમાં મૂકવા, યોગ્ય સમયે સૂચનોનો અમલ કરાવવા માટે ધ્યાનમાં લેશે.

૫. કોઈપણ હિસાબી અધિકારી પાસેથી ઓડિટર, હિસાબને લગતી માહિતી મેળવવા માટેની સતા ધરાવે છે. સંબંધિત અને સંસ્થાના અધિકારી પાસેથી માહિતી તેમજ તેને લગતાં જરૂરી ખુલાસાઓ મેળવવા માટે ઓડિટર યોગ્ય હકીકત માંગી શકશે.

**૨.૧૬ સ્થાનિક સરકારના નાણાંકીય આવકનાં સાધનો :**

સ્થાનિક સરકાર પોતાનાં કાર્યો અને જવાબદારી નિભાવવા માટેનાં નાણાંકીય ખર્ચને પહોંચી વળવા માટે નાણાંની જોગવાઈ કરે છે તે પ્રકાર નીચે મુજબ છે.

**૧. સ્થાનિક કરવેરા દ્વારા થતી આવક :**

મિલકતની ચકાસણી કરીને અને સ્થાનિક હકુમતે નક્કી કરેલ પાઉન્ડેઝ પ્રમાણેની આવક મેળવે છે.

**૨. અનુદાન દ્વારા થતી આવક :**

જેમાં ખાસ પ્રકારનાં કાર્યો માટે ખાસ અનુદાન અને જનરલ કાર્યો માટે જનરલ અથવા સાધારણ અનુદાન કેન્દ્ર સરકાર પાસેથી મેળવે છે.

**૩. વ્યાપારી સેવાઓ (સંસ્થાઓ) દ્વારા થતી આવક.**

**૪. મિલકતો દ્વારા થતી આવક**

જે સ્થાવર મિલકત તરીકે પણ ઓળખાય છે.

**૫. પરચુરણ પ્રકારની આવક**

આવી રીતે જુદા-જુદા પ્રકારની આવક સ્થાનિક સંસ્થાઓ મેળવે છે.

**૨.૧૭ કેન્દ્ર સરકારનાં સ્થાનિક સરકાર ઉપર નિયંત્રણો :**

ઇંગ્લેન્ડની સ્થાનિક સરકાર સ્થાનિક કક્ષાએ નિર્ણય લેવાની સતા ધરાવે છે. છતાં ક્યારેક આસપાસના સંજોગોને કારણે પરિસ્થિતિને આધિન સ્વાભાવિક રીતે કેન્દ્ર સરકારના નિયંત્રણને સ્વીકારવું પડે છે.

'સ્થાનિક સરકાર એ લોકશાહી પ્રક્રિયા વડે નિમાયેલ સંસ્થા છે. તેઓએ બંધારણને આધીન રહીને જ તેમનો વહીવટ ચલાવવાનો છે' અને આમ સ્થાનિક સરકારે પાલમિન્ટના નિયમોને આધિન રહેવું પડે છે.

ત્રણ પ્રકારનાં નિયંત્રણો છે જે આ મુજબ છે :

૧. કેન્દ્ર સરકારનો વહીવટી અંકુશ

૨. ખાસ કાયદાઓ દ્વારા સ્થાનિક સરકાર પર કેન્દ્ર સરકારનો અંકુશ.

૩. પાર્લામેન્ટ દ્વારા અંકુશ

આ ઉપરાંત અન્ય અંકુશો જેવા કે-

૧. કેન્દ્ર સરકાર દ્વારા નિરીક્ષણ

૨. સરકારની મંજુરીને આધિન આયોજન કાર્યો

૩. નાણાંકીય અંકુશો

૪. ખામી સુધારણાની મહત્વની સતા દ્વારા અંકુશો

૫. નિયંત્રણ માટે અવિધિસરની મુલાકાત

૬. ફરજ માટેના અંકુશો.

૭. સ્થાનિક સરકાર પરના ન્યાયિક અંકુશો.

**૨.૧૮ ઉપસંહાર :**

ઇંગ્લેન્ડ અને વેલ્સની સ્થાનિક સરકારે આધુનિકયુગમાં પોતાની સરકારનાં કાર્યો, નિયમોમાં પરિવર્તન લાવી નવી રચના દ્વારા નવાં નગર બનાવ્યાં છે. સ્થાનિક નાનાં નગરો અને મોટાં નગરો માટે જુદું-જુદું કાર્યતંત્ર છે. મહાનગરને 'બરો' કહે છે. આ બરો કાઉન્સિલ શિસ્તમય રીતે યોગ્ય કાર્યો બજાવે છે તેમને અમુક મહત્વનાં કાર્યો અને તે માટેની સત્તાઓ મળેલી છે જેનાં દ્વારા તે નાણાંકીય વહેવાર કરી શકે છે અને તેનાં કાર્યો અને હિસાબી તપાસ માટે ઓડિટ શાખા નીમેલ છે.

સ્થાનિક હકુમત લોકશાહી પ્રક્રિયા વડે નિર્ધારિત થયેલી સંસ્થા હોવાથી સ્થાનિક હકુમતને પ્રાણ નથી. તેથી પાર્લામેન્ટ શ્વાસોશ્વાસની પ્રક્રિયા કરે છે.

ઇંગ્લેન્ડનીસ્થાનિક હકુમત સ્થાનિક કક્ષાએ નિર્ણયો લેવાની સતા ધરાવે છે છતાં સંજોગો પ્રમાણે ક્યારેક કેન્દ્ર સરકારના નિયંત્રણને સ્વીકારવું પડે છે.

**૨.૧૯ ફ્રાન્સની સ્થાનિક સરકાર**

**- ફ્રાન્સની ક્રાંતિ, તેના કારણો અને પરિણામો :**

ઈ.સ.૧૭૬૭માં 'સોશ્યલ કોન્ટેક્ટ' નામના પુસ્તકનું ફ્રેન્ચ તત્વવેતા રૂસો દ્વારા પ્રકાશન થયું. તેણે લખેલા આ પુસ્તકમાં તે સમયે થતા રાજ્ય સરકાર દ્વારા જુલ્મોની સમીક્ષા કરી છે. તેમાં રૂસો જણાવે છે કે 'માણસ સ્વતંત્ર જન્મ્યો છે, છતાં પણ દરેક જગ્યાએ કોઈપણ રીતે જોડાયેલો માલુમ પડે છે.' રાજ્યનું મૂળભુત સ્થાન પ્રજાકીય સમુદાયમાં આવેલા લોકોમાં રહેલું છે. રાજ્યનું

મૂળ લોકોમાં રહેલું છે. રાજ્યનું મૂળ લોકોના સમુદાયમાં જ છે પરમ સત્ય હકીકત છે. ફ્રેન્ચ તત્વવેતા રૂસોનો લોકપ્રિય સર્વોપરિતાનો હઠાગ્રહ ભર્યો સિદ્ધાંત એ ફ્રાન્સની ક્રાંતિની એક હાકલ સમાન હતો.

જુદા-જુદા તેમજ પ્રખ્યાત ફ્રેન્ચ તત્વવેતાઓના જુસ્સા ભર્યા અને દલીલપૂર્ણ લખાણોએ ફ્રેન્ચ પ્રજામાં લોકજાગૃતિનો એક અનોખો જુવાળ ફેલાવી દીધેલો લોકશાહી માટે લોકમાનસ થનગનવા લાગેલું. ફ્રેન્ચ તત્વવેતા લોર્ડ મોન્તેસ્ક સને ૧૬૮૯ થી ૧૭૫૫, વોલ્તેર સને ૧૬૯૪ થી ૧૭૭૮, રૂસો સને ૧૭૧૨ થી ૧૭૭૮ના પ્રજાકીય સાહિત્ય વડે, સને ૧૭૮૯માં ફ્રાન્સની ક્રાંતિનો ઉદભવ થયો. આ તત્વવેતાઓનાં અસરકારક લખાણોની અસર વિશાળ જનમાનસ ઉપર થવાને લીધે, રાજાશાહી સરકારના યુગનો અણધાર્યો ઝડપભેર રીતે અંત આવ્યો. લોર્ડ મોન્તેસ્કની દલીલ બંધારણીય સરકારની હિમાયત કરતી હતી. તેની મુખ્ય ભલામણ આ ઉપરાંત કાયદાની સર્વોપરિતા માટેની હતી. તેઓ એવી માન્યતા ધરાવતા હતા, કે સતાની મંજૂરી વિનાની સ્વતંત્રતા અસંભવ છે. સતાની કેન્દ્રિયતા લોકશાહી માટે આદર્શ તત્વ નથી. લોકશાહીની સંપૂર્ણ સુરક્ષા માટે ધારાકીય, ન્યાયિક અને વહીવટી સત્તાઓ જુદા જુદા એકમો હેઠળ અલગ અલગ રીતે પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતી હોવી જોઈએ. એ ખાસ ધ્યાન રાખવું જોઈએ કે, ત્રણેય પ્રકારની સતાઓ ક્યારેય એકજ વ્યક્તિ અથવા એકમના નેતા હેઠળ એકત્રીત થવા દેવી જોઈએ નહીં. કારણ કે જો ત્રણેય સતા એકના હસ્તકઆવે તો આપખુદીને મોકળું મેદાન મળી જવાનો સંભવ રહે છે. જેથી જુલ્મશાહી પણ પ્રસરે છે. સને ૧૭૪૮માં લોર્ડ મોન્તેસ્કનું પુસ્તક 'કાયદાનો પ્રભાવ' પ્રસિદ્ધ થયું. જેમાં રાજકીય તત્વજ્ઞાન જુદા-જુદા પ્રકારની સરકારો અને જે તે સરકારના લાભાલાભ વિશે મંતવ્યો આપેલ છે.

**૨.૧૯.૧ ફીઝીઓક્રેટસ :**

ફીઝીઓકેટ્સ આ એક એવો બીજો સમૂહ હતો કે જેનો પ્રભાવ ફ્રાન્સની ક્રાંતિ ઉપર હતો. આ સમુહને અર્થશાસ્ત્રીઓ અથવા ફીઝીઓક્રેટ્સ તરીકે ઓળખવામાં આવે છે. તેમના મુખ્ય સિદ્ધાંતો બધી જ મિલકત જમીન સાથેનાં શ્રમે વડે ઉપાર્જન થાય છે. (૧) શ્રમિકો જ ખરેખર ઉત્પાદકો છે (૨) સરકારી પગલાં ઓછામાં ઓછાં એટલે કે લઘુતમ કક્ષામાં જ હોવો જોઈએ.

ઈ.સ.૧૭૯૧માં ફ્રાન્સ દેશમાં નવા રાજ્યમાં બંધારણની રચના કરવામાં આવી, લોર્ડ મોન્તેસ્ક સમય મુજબ સતાના વિકેન્દ્રિકરણ સિદ્ધાંતને અનુલક્ષીને આ બંધારણ ઘડવામાં આવ્યું હતું. પ્રખ્યાત અર્થશાસ્ત્રી ક્રેજને આપેલાં લોકશાહીને અનુરૂપ સુત્ર 'સ્વતંત્ર' ઉત્પાદનઅને સ્વતંત્ર વિતરણની બાબતને લક્ષમાં લેવામાં આવી. ક્રાંતિની નેતાગીરી નગરજનોએ સંભાળી લીધી. સને

૧૭૯૩માં રાજા લૂઈ સોળમાને શાસન પરથી પદભ્રષ્ટ કરી તેના રાજ્ય શાસનને ઉથલાવી નાંખ્યુ પછી ફ્રાન્સને પ્રજાસતાક જાહેર કરવામાં આવ્યું અને લોકશાહીની ઘોષણા કરવામાં આવી.

**૨.૧૯.૨ ઘોષણા પત્રની મહત્વની કલમો :**

૧. જનતા પોતેજ મહત્વની અને આખરી સતા છે.

૨. મનુષ્ય સ્વતંત્ર અને સમાન છે તેના અધિકારો પણ સમાન છે.

૩. કાયદો દરેક વ્યક્તિ માટે સમાન હોવો જોઈએ.

૪. પ્રત્યેક મનુષ્યને પોતાના વિચારો રજૂ કરવાની પૂર્ણ સ્વતંત્રતા રહેશે.

૫. સમસ્ત દેશમાં એકજ પ્રકારના કાયદાની વ્યવસ્થા સ્થાયી કરવામાં આવશે.

૬. લોકોની સર્વમાન્ય ઈચ્છા પ્રમાણે કાયદો બની શકે છે.

૭. રાજ્યનો હેતુ પ્રજાના મૂળભુત અધિકારો જેવા કે,સ્વતંત્રતા, મિલકત ધરાવવાનો અધિકાર, સલામતી અને સુરક્ષા માટેનો અધિકાર, અત્યાચારનો સામનો કરવાનો અધિકાર વિગેરે રક્ષણ કરવાનો છે.

૮. વિધિનિર્માણમાં ભાગ લેવાનો પ્રત્યેક નાગરિકને અધિકાર છે.

૯. ન્યાયાલય દ્વારા અપરાધી જાહેર કરવામાં આવે તોજ માનવીને અપરાધી માનવામાં આવશે.

**૨.૨૦ નેપોલીયન બોનાપાર્ટ સર્વપ્રથમ કોન્સ્યુલ :**

ફ્રાન્સના પ્રથમ અધિકારી તરીકે નેપોલિયન બોનાપાર્ટ ફ્રાન્સની ધુરંધરા સંભાળનાર ક્રાંતિયુગની નેતા બન્યા નેપોલીયને પોતાનો હોદ્દો સંભાળતાની સાથે જ ફ્રાન્સના ક્રાંતિના ધ્યેયની વિરુદ્ધની દિશા મળી. રાષ્ટ્રના મૂળ હેતુનો ઉદ્દેશ અવળો કરી નાંખ્યો.તેમણે એવો ફેરફાર કર્યો કે, સર્વત્ર સરકારી પદ્ધતિનો અમલ અને નિયંત્રણ રહ્યું અને આ રીતે સ્વતંત્રતા છીનવાઈ ગઈ. નેપોલીયનના પ્રધાનો અને અધિકારીઓ માત્ર નેપોલિયન પર જ આધારિત હતા.

ફ્રાન્સને રાજાશાહી બનતું અટકાવવા ફરી નેપોલીયને સરમુખત્યારશાહી સ્થાયી નેપોલીયન મુખ્યત્વે કેન્દ્રવર્તિ વહીવટ રચના કરવા માટે જવાબદાર હતો. તેણે સ્થાનિક પ્રતિનિધિઓની જગ્યાએ સરકારી નોકરિયાતોનું વિકેન્દ્રિકરણ રચીને, વહીવટની જુદી પ્રથાઓનો અમલ કર્યો.

છતાં જયારે સમગ્ર વિશ્વમાં ઓગણીસમી સદીનાં છેલ્લા વર્ષોમાં લોકશાહી પરત્વેનાં વિચારો જાગૃત બન્યા ત્યારે ફ્રાંસ દેશ આ બાબતમાં બાકાત ના રહ્યો અને સ્થાનિક કાર્યોમાં વધારે

સ્વતંત્રતાની માંગ લોકશાહીના પરિપાકરૂપે થવા લાગી અને અંતે નેપોલીયનની સરકારને પણ લોકશાહીની અસર થવા લાગી.

### ૨.૨૧ ટ્યુટલેઈઝનો સિદ્ધાંત :

'ટ્યુટલેઈઝ' નો સિદ્ધાંત એટલે સગીરવયની વ્યક્તિ ઉપર પુખ્તવયના વડીલોનું વાલીપણું સ્થાનિક સરકાર અને કેન્દ્ર સકારના સંચાલન ટ્યુટલેઈઝના સિદ્ધાંત મુજબ થતું હતું. સ્થાનિક સંસ્થાઓ બેજવાબદારીપણું,ઉંડાણપણું, બિનજરૂરી ઉતાવળિયું જોશીલાપણું દર્શાવે ત્યારે ટ્યુટ-લેઈઝમાં આ સિદ્ધાંત સીધી દેખરેખમાં સમાધાનનો સિદ્ધાંત બને છે.

### ૨.૨૨ ફ્રાન્સની સ્થાનિક સરકારોનું વર્ગીકરણ :

ફ્રાન્સ, રાજ્યના સ્થાનિક વિભાગને ડીપાર્ટમેન્ટ વિભાગોના વિસ્તારોમાં વહેંચી દેવામાં આવેલ છે આ પ્રાદેશિક વિભાગોને ભારત સરકારના પ્રાદેશિક જિલ્લાઓ સાથે સરખાવી શકાય. કોમ્યુન વિભાગ એ સૌથી નાનો વિભાગ છે. તે પ્રાદેશિક હદ કે સીમા વિસ્તાર અથવા તો ગ્રામ્ય અથવા શહેરી વિસ્તારને અનુરૂપ છે. કોઈપણ રીતે અનુરૂપતા વગરના આ પ્રાદેશિક વિસ્તારને ફ્રાન્સ દેશ 'કોમ્યુન' તરીકે ઓળખે છે.

પેરિસનગરમાં જુદી –જુદી રીતે સ્થાપિત થયેલ સ્થાનિક સંસ્થાઓને પણ 'કોમ્યુન' તરીકે ઓળખવામાં આવે છે. એજ રીતે નાનાં ગ્રામ્ય વિસ્તારની સ્થાનિક સંસ્થા 'કોમ્યુન' તરીકે ઓળખાય છે. જે કોમ્યુના સરેરાશ ૨૫૦૦ કરતા ઓછા માણસની વસ્તી હોય તેને 'ગ્રામ્ય કોમ્યુન' કહેવાય છે.

#### ૨.૨૨.૧ સરકારી વહીવટી સંસ્થાઓ :

(૧) કેન્ટોન વિભાગ, (૨) એરોન્ડાઈઝમેન્ટસ વિભાગ આ બંને વિભાગોને સ્થાનિક સરકારના એકમ તરીકે ગણવામાં આવતા નથી. આ બંને સંસ્થાઓ સરકારના વહીવટી પ્રકારના વિસ્તારો છે. આ વિસ્તાર માટે સરકારી અધિકારી વિભાગીય વડા તરીકે હોય છે. જેને સબ પ્રોફેક્ટ તરીકે ઓળખવામાં આવે છે.

#### ૨.૨૨.૨ સ્થાનિક સંસ્થાઓ :

**૧. ગ્રામ્ય સ્થાનિક સંસ્થાઓ :**

જે 'કોમ્યુના' તરીકે ઓળખાય છે જેમાં ૨૫૦૦ અને તેથી ઓછી વસ્તી ધરાવતા ગ્રામ્ય વિસ્તારોનો સમાવેશ થાય છે.

**૨ શહેરી સ્થાનિક સંસ્થાઓ :**

જે 'કોમ્યુન' તરીકે ઓળખાય છે જેમાં મોટા નગરો તેમજ નાનાં નગરોનો સમાવેશ થાય છે.

## ૨.૨૩ કોમ્યુન્સ વિસ્તારનું નિર્માણ તથા બંધારણનો અમલ :

ફ્રાન્સનાં નાના કોમ્યુન વિસ્તારનાં કામકાજ અને વહીવટ માટેની સંસ્થાની પુનઃરચના કરવી એ ખૂબજ કઠીન કામ હતું. જ્યારે એકમનો વિસ્તાર ઘણો નાનો અને વસ્તીનું પ્રમાણ ઘણું જ ઓછું હોય ત્યારે સેવા આપવી તે ઘણી કપરી બાબત છે. ગ્રામ્ય વિસ્તારમાં કોમ્યુન્સની સંખ્યા એટલા ઓછા પ્રમાણમાં હોય છે કે, લોકશાહી રીતે લઘુતમ સેવાઓ માંડમાંડ મળી શકે છે આવા નાનાં કોમ્યુન્સના આવકનાં સાધનો ઘણાં જ ઓછા પ્રમાણમાં હતાં અને તેમને માટે આપવામાં આવતી જાહેર સેવાનો ખર્ચ વધારે પડતો અધિક પ્રમાણમાં થતો હતો.

આ પરિસ્થિતિનો ઉકેલ એકજ હતો કે, અમુક પ્રમાણમાં વિસ્તારોનું એકીકરણ કરવું અથવા તો અમુક કોમ્યુન્સને જોડી દેવાં અને સાથોસાથ તેમની આવકનાં સાધનોને પણ સમાવી લેવાં. આ રીતે પુનઃનિર્માણની પ્રક્રિયા શરૂ થતાં જેને સંબંધિત વિસ્તારોને જાહેર સેવા આપવા માટે સ્થાનિક કક્ષાના સંચાલનમાં સુધારો કરવો જરૂરી હતો. જે તે વિસ્તારની વસ્તીના પ્રમાણમાં વચ્ચેની વહેંચણી કરવી જોઈએ જેથી આવક-જાવકની સમતુલા જળવાઈ રહે.

પરંતુ આ રીતે આ નીતિથી ધાર્યા પરિણામો આવી ન શક્યાં. સને ૧૯૭૧ની પહેલાંના વર્ષના સમય દરમ્યાન ૭૪૬ કોમ્યુન્સ વિસ્તારના લોકોએ રાજીખુશીથી સંમિલિત થઈ જવા માટે ઈચ્છા દર્શાવી હતી. એકીકરણના પરિણામે ૭૮૬ નાનાં કોમ્યુન્સમાંથી ૩૫૦ મોટાં કોમ્યુન્સની નિર્માણ થયું. આ રીતે બીજા તરફ જોઈએ તો ૧૧૦૮ બહુલક્ષી આંતર કોમ્યુનલ સીન્જીન્ડિકેટનુંસર્જન થઈ શક્યું.

### ૨.૨૩.૧ સને ૧૯૫૮નું નવું બંધારણ :

સને ૧૯૫૮ના ફ્રાન્સના નવા બંધારણ પ્રમાણે એવી જોગવાઈ કરવામાં આવી છે જે સ્થાનિક સરકારનો વહીવટ, કોઈપણ જાતના અવરોધ વગર થવો જોઈએ. આ વહીવટ, ધારાસભાએ પસાર કરેલા કાયદાની જોગવાઈ મુજબ જ ચાલવો જોઈએ.

### ૨.૨૩.૨ ૧૯૫૮ના કાયદાનાં મુખ્ય તત્વો :

૧. કાઉન્સીલનાં બહુમતીના સભ્યોની વિનંતીને ધ્યાનમાં લઈને કોઈપણ પ્રાસ્તાવિક ખરડા અંગે કોમ્યુન વિસ્તારના મતદારોની સંમતિ અંગે ખાત્રી કરી શકાશે.

૨. ભાવનાત્મક લાગણી અને રહેણી-કરણીની સમાનતા જેવાં તત્વોને ધ્યાનમાં લઈને કોમ્યુનના પુનઃનિર્માણ અંગે વિચારવામાં આવશે.

૩. કાયદાની જોગવાઈઓમાં આર્થિક તકલીફ દૂર કરવા માટે નાણાંકીય આયોજન કરવામાં આવશે.

૪. એકીકરણ કરેલ કોમ્યુન્સ માટે ખર્ચમાં ૫૦% રાજ્ય સરકાર તરફથી આપવામાં આવશે.

**૨.૨૩.૩ સ્થાનિક સંસ્થાઓનો પ્રદેશ વિભાગ :**

કોન્સેઈલ રીજીનલ નામની ચૂંટાયેલી સંસ્થા દ્વારા પ્રાદેશિક વિભાગોનો વહીવટ અને તેનું સંચાલન કરવામાં આવે છે. પ્રમાણિત પ્રતિનિધિત્વના ધોરણે ડિપાર્ટમેન્ટલ રાજકીય યાદી અને તેમની ચૂંટણી કરવામાં આવે છે. કોન્સેઈલ રીજીનલની હકુમત હેઠળના વિસ્તારના સામાજીક, આર્થિક, સાંસ્કૃતિક, આરોગ્ય અને વૈજ્ઞાનિક વિકાસ માટે યોગ્ય રીતે શરૂ કરવામાં આવશે. આ વિસ્તારોની દેખરેખ રાખી તેમની યોગ્યતા જળવાય રહે તે માટે સતત પ્રયત્નશીલ રહે છે જોકે પ્રાદેશિક હકુમત કરતાં ડિપાર્ટમેન્ટ વિસ્તારની હકુમતનાં કાર્ય અને સક્ષમતા જુદા પ્રકારના હોય છે.

**૨.૨૩.૪ ડિપાર્ટમેન્ટવિસ્તાર :**

પ્રવર્તમાન સમયમાં ડિપાર્ટમેન્ટ વિસ્તાર વિકેન્દ્રીત હકુમત તરીકે મનાય છે. સને ૧૯૮૨ સુધી પ્રીફેક્ટ તેમના વડા તરીકે હતા. ૧૯૮૨ના કાયદાના જોગવાઈ મુજબ ડિપાર્ટમેન્ટ વિસ્તારનું સંચાલન તેના કોન્સેઈલ જનરલ દ્વારા થાય છે. વહીવટી કાર્ય માટેની જવાબદારીઓ સંભાળે છે.

**૨.૨૩.૫ સંસ્થાકીય કાર્યો :**

રાષ્ટ્રીય પ્રદેશના પેટા વિભાગ હોવાને કારણે ડિપાર્ટમેન્ટ વિસ્તાર એ વહીવટી એકમ છે. રાજ્ય દ્વારા ડિપાર્ટમેન્ટ વિસ્તાર એ વહીવટી એકમ છે. રાજ્ય દ્વારા ડિપાર્ટમેન્ટ વિસ્તારની વિકેન્દ્રિત સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આ વિસ્તારોનું સંચાલન પ્રિફેક્ટ દ્વારા કરવામાં આવે છે. રાજ્યના દરેક વિસ્તારોની હકુમતોના પ્રતિનિધિ તરીકે, આ વિસ્તારોનું સંચાલન કરવાની સતા પ્રિફેક્ટને આપવામાં આવી છે.

**૨.૨૩.૬ કોમ્યુન (નગરપાલિકા સભા) :**

કોમ્યુન એ રાષ્ટ્રના પ્રાણ સમાન સંસ્થા છે. કોમ્યુનના વહીવટનું સંચાલન મ્યુનિસિપલ કાઉન્સિલ દ્વારા વિધિવત થાય છે. આ વહીવટ ઉપર રાજ્યસરકાર તરફથી કાયદેસર રીતે દેખરેખ રાખવામાં આવે છે. ચૂંટણીના સામાન્ય નિયમો મુજબ દરેક સ્થાનિક વિસ્તારોમાંથી નિર્ણીત મતક્ષેત્રમાં જણાવ્યા મુજબ જે તે સ્થાનિક વિસ્તારોમાંથી નિર્ણીત મતદાર વિભાગમાંથી, કાઉન્સિલની ચૂંટણી યોજવામાં આવે છે. વસ્તીની સંખ્યાના પ્રમાણમાં પ્રતિનિધિ નક્કી થયેલ હોય છે તે રીતે કોમ્યુનની ચૂંટણીઓનું પ્રયોજન કરવામાં આવે છે.

જે વિસ્તારની વસ્તીની જનસંખ્યા ૩૫૦૦ અથવા તેથી વધારે હોય ત્યાં કામ કરવાની કાઉન્સીલની મુદત છ વર્ષના સમય સુધીની રાખવામાં આવેલ છે. મ્યુનિસિપલ કાઉન્સિલનું સમગ્ર પ્રતિનિધિત્વ જે તે વિસ્તારની વસ્તીની સંખ્યા પર આધારિત હોય છે જોકે મ્યુનિસિપલ કાઉન્સિલની બાબતમાં જ્યાં વસ્તીનું પ્રમાણ ઓછું હોય ત્યાં પ્રતિનિધિત્વનું પ્રમાણ ઉંચુ રહે છે. સમર્થન રૂપે જોઈએ તો, ૧૦૦ વ્યક્તિની સંખ્યાએ ૯ પ્રતિનિધિ ૧૦,૦૦૦ વ્યક્તિની સંખ્યાએ ૫૫ પ્રતિનિધિ અને ૩૦,૦૦૦ વ્યક્તિથી વધારે સંખ્યાને ૬૯ પ્રતિનિધિ નિર્વાચિત કરવામાં આવે છે.

**૨.૨૩.૭ ચૂંટણીમાં મતદાનની લાયકાત :**

૧. કાયદા દ્વારા તેને ગુનેગાર સાબિત ના કરેલ હોય તે

૨. તે દેશનો નાગરિક હોવો જોઈએ.

૩. મતદાતા બનવા માટે નાગરિકની ઉંમર ૧૮ વર્ષ અથવા તેથી વધારે હોવી જોઈએ.

**૨.૨૩.૮ ફ્રાન્સની સ્થાનિક સરકારના મેયર :**

મેયરની પસંદગી કાઉન્સિલના સભ્યોમાંથી જ કાઉન્સિલ દ્વારા ચૂંટણીપ્રથા વડે કરવામાં આવે છે. કાઉન્સિલમાં મેયર પોતાના સ્થાનમાં સૌથી વડાતરીકે નિમણુંક પામી,હોદ્દા પ્રાપ્ત કરે છે.

જો મેયરને તેના હોદ્દા પરથી બરતરફ કરવામાં આવેલ હોય તો તેવી વ્યક્તિને ત્યારપછીના વર્ષની મેયરની ચૂંટણીમાં ઉમેદવારી કરવાની રહેશે નહીં. તેવી વ્યક્તિને બીજા વર્ષે મેયર તરીકે ચૂંટી શકાશે નહીં.

**૨.૨૩.૯ ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવા માટેની વ્યક્તિગત લાયકાત :**

૧. તે વ્યક્તિની ઉંમર ૧૮ વર્ષ અથવા તેથી વધુ હોવી જોઈએ.

૨. તે વ્યક્તિ ફ્રાન્સ દેશનું નાગરિકત્વ ધરાવતી હોવી જોઈએ.

૩. જે વ્યક્તિ કોમ્યુન વિસ્તારની રહેવાસી હોવી જોઈએ.

**૨.૨૩.૧૦ મેયરની સતાઓ :**

૧. મેયર કાઉન્સિલનું વાર્ષિક અંદાજપત્ર તૈયાર કરે છે. કાઉન્સિલના મતદાનદ્વારા નિમણુંક થયેલ આ પ્રકારના અંદાજપત્રનો અમલ કરાવે છે.

૨. મેયર કોન્ટ્રાકટરો સાથે મંત્રણાકરે છે અને નક્કી કરેલી શરતો મુજબનો દસ્તાવેજકરે છે.

૩. વહીવટદાર તરીકે મેયરની જવાબદારી વિશાળ પ્રમાણમાં હોય છે. કાઉન્સિલે પસાર કરેલો બધા જ પ્રકારના ઠરાવોનો અમલ કરાવવાની પ્રક્રિયા મેયરના અધિકાર ક્ષેત્રમાં રહેલા છે.

૪. કાઉન્સિલ વતી બાંધકામ અંગેની પરવાનગીઓ મેયર તરફથી આપવામાં આવે છે.

૫. કાઉન્સિલે પોતાની સતાઓ જેવી કે, અનુદાન, પૂર્વ-પ્રાથમિક અને પ્રાથમિક સંસ્થાઓની વસુલાત વિગેરે સતાઓ મેયરને અર્પિત કરેલી હોય છે.

૬. ચીફ પર્સનલ મેનેજર તરીકે મેયર પોતાની સતાથી કાયદા અનુસાર કર્મચારીઓની નિમણુંક કરી શકે છે અને કર્મચારીઓની ભૂલ બદલ યોગ્ય પગલાં લેવાની સતા પણ મેયર ધરાવે છે.

૭. કાયદેસરની કાર્યવાહીની બાબતમાં ન્યાયખાતાનાં કાર્ય અંગે ફોજદારી સતા મેયર ધરાવે છે.

આ રીતે તે શાંતિ જાળવવા, વહીવટ સંભાળવા અને કારભારી તરીકે પણ સેવા બજાવે છે.

**૨.૨૩.૧૧ નાયબ મેયર :**

નાયબ મેયરની ચૂંટણી, મેયરની ચૂંટણીની માફક કાઉન્સીલર સભ્યોમાંથી જ કાઉન્સીલ દ્વારા જ કરવામાં આવે છે. નાયબ મેયર પદના ઉમેદવારની ઉંમર ૨૧ વર્ષ અથવા તેનાથી વધારે હોવી જોઈએ. મેયર પોતાને કાયદાકીય રીતે મળેલી સતાઓ નાયબ મેયરને અર્પિત કરે છે. મેયર દ્વારા આ રીતે અપાયેલી નાયબ મેયરની સતા ગમે ત્યારે પાછી ખેંચી શકે છે. મેયરની ગેરહાજરીમાં નાયબ મેયર કારભાર સંભાળી શકે.

**૨.૨૩.૧૨ રાજ્ય સરકાર વતી સ્થાનિક સરકારે વહીવટી સંચાલન સંભાળવાના કાર્યો :**

સ્થાનિક કાઉન્સિલે રાજ્ય સરકારવતી અમુક કાર્યો સંભાળવાનાં હોય છે. (૧) જન્મ નોંધણી કરવાનું કાર્ય (૨) અવસાન નોંધનું કાર્ય (૩) લગ્નની નોંધણી કરવાનું કાર્ય.

**૨.૨૩.૧૩ ફ્રાન્સના સ્થાનિક સરકારમાં કોમ્યુનનું કાર્યક્ષેત્ર :**

કોમ્યુન મારફત કામકાજ માટેની કાર્ય નીતિનું નિર્માણ કાઉન્સિલ કરે છે. ભૌગોલિક અને કોમ્યુનને એકસરખા અધિકાર અને જવાબદારીઓ રહે છે. નવી જગ્યાઓનું નિર્માણ કરવું સ્ટાફની ભરતી કરવી આ મહત્વની સતાઓ છે. જે કોમ્યુન મારફત થાય છે.

**૨.૨૪ સ્થાનિક સંસ્થાઓનું નાણા ભંડોળ :**

ફ્રાંસની સ્થાનિક સંસ્થાઓની આવકનાં સાધનો આ પ્રમાણે છે :

**૨.૨૪.૧ વધારાનો શેષ કર :**

આ ૧૯મી સદીમાં શેષ કર સ્થાનિક સંસ્થાઓની મુખ્ય આવક હતી. કેન્દ્ર સરકારે જે કરવેરાનું નિર્માણ કર્યું હોય તે ઉપરાંત વધારાના કર તરીકે શેષ કર ઉમેરીને સ્થાનિક સંસ્થાઓ કાઉન્સિલો આવકનું સાધન તૈયાર કરતી હતી. જોકે પ્રવર્તમાન સમયમાં તેના ઈન્કાર કરીને તેને સ્થાને સ્થાનિક કરવેરાને મહત્વ આપવામાં આવ્યું છે.

**૨.૨૪.૨ સ્થાનિક કરવેરા :**

તેના બે પ્રકાર છે : (૧) ફરજિયાત કરવેરા (૨) મરજિયાત કર અથવા સ્વૈચ્છિક લીધેલી સેવાનો કર (૩) સરકાર તરફથી અનુદાન (૪) સ્થાવર મિલકતોમાંથી આવક થતી આવક અને ફી તરીકે મળતી આવક (૫) જાહેર લોન અથવા જાહેર કર્જ આ રીતે આવક પ્રાપ્ત કરે છે.

**૨.૨૫ ફ્રાન્સનીCNFPC સંસ્થા :**

ફ્રાન્સની સ્થાનિક સંસ્થાઓમાં નોકરી મેળવવા માટે કેન્દ્રિય પરીક્ષા સંસ્થાની સ્થાપના કરવામાં આવેલ છે. ફ્રેન્ચ ભાષામાં આ સંસ્થાનું નામાંકરણ ‘સેન્ટર નેશનલ ડી ફોરમેન ડેસ પરસોનેલસ કોમ્યુના’ તરીકે ઓળખવામાં આવે છે જેને ટૂંકમાંCNFPC કહેવામાં આવે છે.

CNFPC ની પરીક્ષામાં સફળ થયેલ ઉમેદવારની સતાવાર કાયદેસરની પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવે છે. મેયરની એ ફરજ બની રહે છે કે, સ્થાનિક સંસ્થામાં ઉદ્‌ભવતી ખાલી જગ્યા અથવા નવી જગ્યા માટે CNFPC ના સફળ ઉમેદવારોની પ્રતિક્ષા યાદીમાંથી જ ભરતી કરવાની રહે છે.

CNFPC સંસ્થા, કર્મચારીઓ માટે સ્થાનિક સંસ્થાઓની નોકરીઓની પરીક્ષાઓ માટે પ્રશિક્ષણ આપે છે સ્થાનિક સંસ્થાઓમાં અધિકારીઓની જગ્યાઓ માટેની પ્રશિક્ષણ તાલીમ આપીને તાલીમી પ્રશિક્ષણ દ્વારા નોકરિયાત પ્રશિક્ષિત થઈ તૈયાર થાય તેવી વ્યવસ્થા રાખવામાં આવી છે. તાલીમ પૂર્ણ થતાં એમની પરીક્ષા લેવામાં આવે છે.

CNFPC નામની પ્રશિક્ષણ તાલીમ અને પરીક્ષા સંસ્થાના સંચાલક મંડળના સભ્યોમાં, મેયર, કર્મચારી યુનિયનના પ્રતિનિધિઓ યુનિવર્સિટી તેમજ ડિપાર્ટમેન્ટ વિસ્તારના યુનિયનના સભ્યોનો સમાવેશ થાય છે.

**૨.૨૬ સ્થાનિક સંસ્થાઓ માટે ડીસીપ્લીનરી બોર્ડ :**

સ્થાનિક સંસ્થાઓ માટે ડીસીપ્લીનરી બોર્ડ ચૂંટાયેલા સભ્યો તેમજ યુનિયનનાં પ્રતિનિધિઓનું બનેલું હોય છે. ઉચ્ચ કક્ષાના અમલદારો વિરુદ્ધ શિસ્તમય આચાર સંહિતાના ભંગ બદલ પગલાં લેતાં પહેલાં, ફ્રાન્સનામેયરે કાર્યવાહીના આરંભે પૂર્વે ડીસીપ્લીનરી બોર્ડ સાથે ચર્ચા વિચારણા કર્યા પછી જ કાર્યવાહી થઈ શકે છે.

ઈ.સ.૧૮૦૦માં ડિપાર્ટમેન્ટ વિભાગો તથા એરોડાઈઝમેન્ટસ વિભાગો અને કોમ્યુન્સની સ્થાપના કરવામાં આવી. પ્રીફેક્ટસ અને સબપ્રીફેક્ટસ, તે વિસ્તારોના વડા હોય છે. ડિપાર્ટમેન્ટ પ્રદેશો, કોમ્યુન્સને સ્થાનિક સરકારના એકમો તરીકે ગણવામાં આવતાં હતાં. તેમને ઘણી સતા

આપવામાં આવતી હતી. આવી સ્થાનિક સંસ્થાઓ તેમની સતાઓ રૂએ કોમ્યુનિટીના કલ્યાણ માટે જન ઉપયોગી સેવાઓ પુરી પાડતી હતી.

એ બધી કાઉન્સીલના કાર્યકાલની અવધિ છ વર્ષ સુધીના સમયની રાખવામાં આવે છે. તેની મુદત પૂરી થાય ત્યાર પછી માર્ચ માસમાં સમગ્ર ફ્રાન્સના રાજ્યની ઉપરોક્ત સંસ્થાઓની ચૂંટણીઓ ફરી યોજવામાં આવે છે. કાઉન્સિલના પ્રધાનમંડળ દ્વારા ત્રણ માસ પહેલાં ચૂંટણીની તારીખ નક્કી કરવામાં આવે છે.

**૨.૨૭ ઉપસંહાર :**

ફ્રાન્સની સ્થાનિક સરકાર સ્થાનિક પ્રદેશો માટે સંપૂર્ણ સંસ્થા છે. લોકશાહીને સંપૂર્ણ સત્તા આપવા અને સતા અપાવવામાં ફ્રેન્ચ તત્વવેતાઓનો પૂરો ફાળો છે. લોકશાહીનો ઉદય થતા રાજાશાહીનો અંત આવ્યો આવી રીતે લોકશાહી દ્વારા સ્થાનિક સરકારનો ઉદય થયો.

ફ્રાન્સની ક્રાંતિ પહેલાનું લોકજીવન જેમાં આર્થિક, સામાજિક અને રાજકીય સ્થિતિ કફોડી હતી. ફ્રેન્ચ તત્વવેતાઓ દ્વારા 'સ્વતંત્રતા', સમાનતા અને બંધુત્વ એ ત્રણ તત્વોનું સંયોજન એ જ ફ્રાન્સની ક્રાંતિનું મુખ્ય સુત્ર હતું.

આ રીતે ફ્રાન્સની સ્થાનિક સ્વરાજ્યોનો ઉદય થયો. નવા બંધારણના કાયદાઓક્રાંતિથી અમલમાં આવ્યા. ફ્રાન્સની સ્થાનિક સરકાર પર કેન્દ્ર સરકારનું કોઈ નિયંત્રણ નહોતું માત્ર ફ્રાન્સનીCNFPC સંસ્થા અને ડીસિપ્લિનરી બોર્ડ દ્વારા કાયદાઓ ઘડેલા હતા. આ રીતે સર્વશ્રેષ્ઠ સરકાર લેખે સ્થાનિક સરકારને સ્થાન મળેલ છે.

**૨.૨૮ ભારતની સ્થાનિક સરકારનો પરિચય**

**૨.૨૮.૧ પ્રસ્તાવના :**

વિકસતો ભારત દેશ કે જ્યાં નવો સમાજ, નવું રાષ્ટ્રકરણ, કલ્યાણ રાજ્યની વિભાવના, ન્યાયી વિતરણની કટોકટીમાં એકી સાથે આકાર લેતી હોય ત્યાં સક્ષમ અને લોક સહકારથી પ્રાણવાન બનેલી સ્થાનિક સંસ્થાઓજ પોતાનું પ્રણાલિકાગત તત્વ સાચવીને સાથે સમય અને વિશ્વના દેશોની સાથે પ્રણાલિકામાં ફેરફાર કરીને પોતાની સ્વાયતતાથી દેશને આધુનિક બનાવી શકે પરંતુ આ માટે બીજી મહત્ત્વની નીતિઓ, સિદ્ધાંતો અને ધ્યેયનાં તાલમેળ પણ જરૂરી છે.

અહીં સ્થાનિક સંસ્થાઓના પ્રતિકરૂપે પ્રાચીન મધ્યકાલિન અને અર્વાચિન ભારતીય સ્થાનિક સરકાર વિશેની માહિતીની ઝલક રજૂ કરી છે. ત્યાર પછી ભારતમાં બ્રિટીશ શાસન દરમ્યાન થયેલ જુદાં-જુદાં ફેરફાર અને આજની આધુનિક સ્થાનિક સરકારનો પરિચય આપ્યો છે.

આપણી સ્થાનિક સરકાર કેવા પ્રકારની છે, તેમનું સ્થાનિક ક્ષેત્રે મહત્વ, રાજકીય ક્ષેત્રે ઉર્ધ્વ પ્રવાહિતા, સામાજિક ન્યાય અને નિમ્નસ્તરીય ક્ષેત્રે, કેટલો વિકાસ યુવાશક્તિના નેતૃત્વ ઘડતરમાં ફાળો વગેરે મુદાને સમાવી લીધા છે. સાથે સાથે સ્થાનિક સરકારનાં બંધારણીય દરજ્જા તથા વિસ્તારનું ત્રણ ભાગમાં વર્ગીકરણ (નાનું કદ, મધ્યકદ અને મોટા કદમાં) કરેલ છે. જે સ્થાનિક સરકારની સતાઓ દ્વારા મુખ્ય કાર્યો, નાણાંકીય વહીવટ કરી શકે છે. સ્થાનિક હકુમત ઉપર વહીવટી નિયંત્રણો કેવા પ્રકારનાં છે. તેમની માહિતી મેળવવી જરૂરી બને છે.

ઈ.સ.૨૦મી સદીમાં દેશના દરેક રાજ્યોમાં 'કલ્યાણ રાજ્ય'ની વિભાવનાનો ખ્યાલ અસ્તિત્વમાં આવ્યો અને ત્યારથી સ્થાનિક સંસ્થાઓનો કારભાર વધવા લાગ્યો છે. કલ્યાણ કાર્યો વધતાં કારભાર વધ્યો અને તેના માટે જરૂરી નાણાંકીય આયોજન કેવી રીતે કરવું, કઈ રીતે કરવું અને ક્યાંથી નાણું મેળવવું ? આ પ્રશ્નો ઉભા થયા. આ માટે અહીં એ જોવું જરૂરી બનેલ છે કે સ્થાનિક સરકાર કેટલી પ્રબળ છે ? તે પોતાના વહીવટમાં પહોંચી વળે છે કે ? કેન્દ્ર અને રાજ્ય સરકારની કોઈ મદદ મળે છે ? સ્થાનિક સરકારને મળેલી સતાઓ ઉપર કેન્દ્ર સરકારને નિયંત્રણ હોય છે ખરું ? હોય તો કેટલું અને ક્યારે ? શા માટે ? આ પ્રશ્નો પ્રતિ ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

ઉપખંડીય પરિમાણ ધરાવતા આપણા વિશાળ અને વિકસતા ભારત દેશમાં લોકશાહીના ઉદય વિશે જાણવું અને કહેવું પણ આવશ્યક છે. વિકેન્દ્રિત લોકકેન્દ્રો તરીકે સ્થાનિક સંસ્થાઓનો સ્વીકાર અને વિચાર અને તેનો અમલ એ લોકજનોને (નાગરિકોને) મળેલી ભેટ છે.

અહીં જુદા જુદા નિરિક્ષણો અને મંતવ્યો રજૂ કરનાર અર્થશાસ્ત્રીઓ, રાજ્યશાસ્ત્રીઓ અને લેખકોનામંતવ્યો તથા કાયદાકીય બંધારણને આવરી લીધેલ છે.

## ૨.૨૯ સ્થાનિક સ્વરાજ્યનો અર્થ અને સ્થાનિક શાસનનો ઈતિહાસ :

### ૨.૨૯.૧ સ્થાનિક સ્વરાજ્યનો અર્થ :

સ્થાનિક સ્વાયતતા એટલે એક ગામ અથવા નગર અને મહાનગર પુરતી તેની પોતાનીસરકારનું અસ્તિત્વ ગણાય છે.

બીનીક્રેડ હોટલીના મત મુજબ, 'સ્થાનિક સરકાર એ પહેલી હરોળની રક્ષણાત્મક સંસ્થા છે. આ હકુમત દ્વારા ગરીબી, દરિદ્રતા, માંદગી, નિરક્ષરતા, દિશાશૂન્યતા તેમજ અસામાજિક પરિબળો જેવા પ્રજાના સર્વસામાન્ય દુશ્મનોની સામે પ્રચંડ પ્રતિકાર કરી, સ્થાનિક પ્રજાને યોગ્ય રાહત અને પ્રગતિ મેળવવા માટે માર્ગદર્શન આપતી દીવાદાંડી સમાન છે.' આ વિશિષ્ટ વ્યાખ્યા વાસ્તવિક પરિસ્થિતિનો ખ્યાલ આપે છે.

સર આઈવર જેનીંગના મત મુજબ, 'સ્થાનિક સ્વાયત સરકારની પદ્ધતિ અખત્યાર કરતાં પહેલાં જે તે નગરની રચના, તેમજ તેમની સરકારની અનુરૂપતા જોવી જરૂરી છે, જ્યાં તે સ્થાનિક લોકોને અનુકૂળ હોય છે. આ રીતે સ્થાનિક સરકારની હકુમતની મર્યાદા અમુક વિસ્તાર કે નગર પુરતી સિમિત રહે છે. પરંતુ તે સમગ્ર સ્થાનિક સરકારને લાગુ પાડી શકાય નહીં.'

જ્હોન કલાર્કના મત મુજબ, 'સ્થાનિક સરકારએ એવી સરકાર છે કે જે અમૂક પ્રજાકીય પ્રદેશ અથવા વિસ્તાર કે રાજ્યના વિસ્તારના એક ગામના રહેવાસીઓ માટે રચાયેલી હકુમત છે. આજ કારણો લઈને એ ઈચ્છનિય છે કે, કેન્દ્ર સરકારના વડપણ હેઠળ સ્થાનિક લોકો દ્વારા તેનો વહીવટ થવો જોઈએ. આ સ્થાનિક સરકારનું કર્તવ્ય સ્થાનિક બાબતો પુરતું જ મર્યાદિત રહેશે.'

આ બધી વ્યાખ્યાઓ પરથી તદન સરળ અને સાદી ભાષામાં સંકલન કરીએ તો જણાશે કે 'સ્થાનિક સરકાર એટલે એવા પ્રકારની હકુમત કે જે સ્થાનિક પ્રજા દ્વારા ચુંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા પ્રજાકીય સ્થાનિક કાર્યોનું સંચાલન કરતી સંસ્થા છે.'

**૨.૨૯.૨ આધુનિક સ્થાનિક સરકારમાં લોકશાહીનો ઉદય :**

બ્રિટિશ શાસન દરમિયાન સ્થાનિક સ્વશાસનનો પ્રયોગ કરવામાં આવ્યો. ઈસ્ટઈન્ડિયા કંપનીએ સ્થાનિક સ્વરાજ્યની શરૂઆત મદ્રાસ શહેરથી કરી. ઈ.સ. ૧૬૮૮માં ઈંગ્લેન્ડના ધોરણે મદ્રાસ શહેર માટે શહેર સુધરાઈ (કોર્પોરેશન)ની રચના કરવામાં આવી. સીધા કરવેરા સામે લોકોના વિરોધને કારણે આ પ્રયોગ બહુ સફળ થયો નહીં. ઈ.સ.૧૭૨૬માં સુધારેલો ચાર્ટર પસાર કરવામાં આવ્યો. ઈ.સ.૧૭૨૬ના વર્ષમાંજ મુંબઈ અને કલકતા ખાતે પણ આવી સંસ્થાઓ રચવામાં આવી. જોકે ૧૭૯૩માં મ્યુનિસિપલ વહીવટીતંત્ર અમલમાં આવ્યું. મોટાં નગરો (મહાનગરો) માટે મ્યુનિસિપલ કોર્પોરેશન ૧૮૪૬માં અમલમાં આવ્યું. જેમાં સીધા કરવેરા લાદવાની જોગવાઈ હતી.

આપણા દેશ ભારતમાં બ્રિટિશ શાસન દરમ્યાન સને ૧૮૮૨માં લોર્ડ રીપનના સુધારાઓનોReform's of Lord Reponઅમલ કરવામાં આવ્યો. તેમના મત મુજબ સ્થાનિક કક્ષાએ નાના કદના વિસ્તારો માટે સ્થાનિક સ્વાયત બોર્ડની રચના થવી જોઈએ. આ પ્રકારનાં બોર્ડની રચનામાં લોકોના પ્રતિનિધિઓને સ્થાન આપી સ્થાનિક લોકોને પ્રજાકીય સેવાના કાર્યમાં રસ લેતા કરવા જોઈએ. આ પ્રકારનાં બોર્ડનું સંકલન, પેટા વિભાગો, તાલુકા તથા જીલ્લા કક્ષા સુધીની વ્યવસ્થાવાળું અને મોટા નગરો માટેની જુદી વ્યવસ્થાવાળું તેમજ તેમાં કાર્ય કરવાની કરવેરા અંગેની સતાવાળું હોવું જોઈએ.

તેથી જ લોર્ડ રિપન આધુનિક સ્થાનિક સ્વરાજ્ય (સરકારના) પિતા ગણાય છે. આમ, લોર્ડ રિપન આધુનિક સ્થાનિક સ્વરાજ્ય (સરકારનાં) પિતાં ગણાય છે કારણ કે લોર્ડ રીપને

સ્થાનિક સરકારની પદ્ધતિ નક્કી કરી નાંખી સ્થાનિક સરકારની સંસ્થાઓના સિદ્ધાંતો નક્કી કર્યા. અને ઈ.સ.૧૮૮૨માં આધુનિક સ્થાનિક સરકારનો પાયો નાંખ્યો.

"Lord Ripon is the, father of Morden Local self-Government in India."

સ્થાનિક સ્વરાજ્યની દિશામાં પહેલ બોર્ડ મેયોને કરી. Lord Moyo'sમાં જણાવે છે કે સ્થાનિક સરકારની રચના વિશે અને તેમને મજબુત કરીને લોકશાહીનો સૂર્યોદય થાય તે માટે સ્થાનિક હિત,સ્થાનિક અંકુશ અને સ્થાનિક સાર-સંભાળ એ ત્રણ બાબતો ધ્યાનમાં લેવામાં આવે તો કેળવણી, આરોગ્ય, તબીબી બાબતો, લોકફાળો અને સ્થાનિક કામકાજમાં સફળતા પ્રાપ્ત કરી શકેછે.

સર્વોદય નેતા જયપ્રકાશ નારાયણે જણાવ્યું હતું કે ત્રિકક્ષાની સ્થાનિક સરકાર કે જેમાં ગ્રામપંચાયત, પંચાયત સમિતિ અને મહાનગરમાટેની પરિષદની રચના કરી તેમને રાષ્ટ્રીય કક્ષાની જવાબદારીઓ સાથે જરૂરી સતાઓ એનાયત કરવી જોઈએ.

આવા લોકશાહીના પાયા સમાન સુધારાઓ સામેરૂઢિચુસ્ત સિવિલ સર્વેન્ટ્સ અને પુરાણી નોકરશાહીએ સખ્ત વિરોધ ઉઠાવ્યો અને જણાવ્યું હતું કે આ જાતની સ્થાનિક સ્વાયતતા અમલદારશાહી ઉપરના હુમલા સમાન છે.

આજની સ્થાનિક સરકાર લોકકલ્યાણના ખ્યાલને વરેલી સંસ્થા છે. આપણી આ સ્થાનિક સંસ્થાઓ (સરકાર) વડે લોકશાહીનો સૂર્યોદય થયો છે એમ કહેવું સત્ય છે.

**૨.૨૯.૩ પ્રાચીન સ્થાનિક શાસન :**

પ્રાચીન સ્થાનિક શાસનમાં 'પંચાયતી રાજ'નો અમલ થયો. કારણ કે ભારતમાં ગામડાઓનો વિકાસ વધુ થયો છે અને ભારતની મોટાભાગની વસ્તી ત્યાં ગામડાઓમાં જ વસ્તી હતો આથી ત્યારે ગામ એક નાનકડું પ્રજાસતાક કેન્દ્ર જ હતું. સમગ્ર દેશમાં આ મુજબ પંચાયત દ્વારા થતા વહીવટનો અર્થ સમજવામાં આવતો. જેમાં સભ્યો દ્વારા વહીવટ થતાં અને સમિતિની નિમણુંક કરતા આ સમિતિ વહીવટ કરતી. આમ ગામડાંઓને સ્વશાસન પ્રાપ્ત થયું હતું. આની સાબિતી ગ્રીક એલચી મેગસ્થનીસના વર્ણનમાં પણ મળી આવે છે.

ડો. આર.કે. ધારૈયાએ ગામડાનું વર્ણન કર્યું છે અને તેમાં ગામમુખીનું વર્ણન જાતકકથાઓમાં ગામના રાજાની માફક કર્યું છે.

ડો. કે.એફ. સોમપરાએ જણાવેલ છે કે પ્રાચીનકાળમાં સ્વરાજ્ય શાસન ગામ તરીકે ચાલતું અને ગામમાં મુખીના માર્ગદર્શન નીચે વહીવટ ચાલતાં. વૈદિક સાહિત્યમાં મુખીને ગ્રામાગણી તરીકે ઓળખાવેલ છે.

આ ઉપરથી કહી શકાય કે ત્યારે ગામડું એજ મુખ્ય વ્યવસ્થાતંત્ર તરીકે કાર્યરત હતું.

**૨.૨૯.૪ પ્રાચીન-મધ્યકાલીન સ્થાનિક શાસનમાં નગર :**

પ્રાચીન સમયમાં જેમ ભારતના ગામડાઓમાં સ્થાનિક શાસનનો વિકાસ થયેલ છે. તેવી જ રીતે નગરોમાં પણ સ્થાનિક સરકારનાં શાસનનો જોવા મળેલ છે.

G.S.Dikshitજણાવે છે કે નગરની સ્થાનિક સંસ્થાઓના શાસનમાં વેપારી વર્ગનું વધારે વર્ચસ્વ હતું. પંચાયતી ગ્રામસભાના જૂથ તરીકે Naduઅને જીલ્લાની નગરસભા તરીકેMahanandan સંસ્થા ઓળખાતી.

તાજેતરમાં મધ્યકાલિન ભારતના સંશોધનમાં A.V.Venket Ratnam's તેમનાં પુસ્તકમાં પંદરમી સદી પછી પંચાયતોની પડતી વિશે માહિતી આપવા જણાવે છે કે વધતી જતી લશ્કરી પ્રવૃતિઓએ વેપાર-વાણિજ્યમાં અંતરાય ઉભો કર્યો જેથી સ્થાનિક સ્વરાજ્યોને ઠેસ પહોંચી અને કેન્દ્ર સરકારનો પ્રભાવ વધ્યો છે.

બ્રિટીશો જ્યારે ભારતમાં આવ્યા ત્યારે આ પરિસ્થિતિ પ્રવર્તતી હતી. પંચાયતની પ્રથા ગામદીઠ અને પ્રદેશદીઠ જુદી-જુદી અપનાવાઈ હતી. પરંતુ બ્રિટિશરોના લાંબા શાસન દરમ્યાન સ્થાનિક સંસ્થાઓની સ્થિતિમાં ફેરફાર થયો. મહાત્મા ગાંધીજીએ પણ જૂના નિયમોમાં સુધારા કરવામાં ફાળો આપ્યો.

**૨.૨૯.૫ સ્થાનિક શાસનનો ઈતિહાસ :**

સ્થાનિક શાસન (સરકાર) એ ઐતિહાસિક કાળથી ચાલી આવતી શાસન પદ્ધતિછે. સ્થાનિક શાસન વિશેની ભુતકાળની પરિસ્થિતિ જોઈએ તો ખ્યાલ આવશે કે ગામડાં અને નગરોની સ્થાનિક સ્વાયતતા કેવા પ્રકારની છે ? અને એના દ્વારા આજની સ્થાનિક સરકારમાં આવેલ પરિવર્તનનો ખ્યાલ આવે છે. પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક સ્થાનિક સ્વરાજ્યના સમયમર્યાદા બદલાતા પ્રવાહ અને જરૂરીયાતોના ફેરફારની સાથે શાસન અને લોકજીવન પ્રણાલીમાં પણ પરિવર્તન આવેલ છે તો અહીં સ્થાનિક શાસનનો ઈતિહાસ જોઈએ.

**૨.૩૦. સ્થાનિક સરકારની કાર્યપદ્ધતિના લક્ષણો અને લોકશાહીમાં વિકેન્દ્રિકરણનું મહત્વ:**

**૨.૩૦.૧ લક્ષણો :**

૧. સ્થાનિક પ્રકારના કાર્ય અને વહીવટનું સંચાલન

૨. સ્થાનિક લોકો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓની સંચાલકીય સંસ્થા

3. એવી સ્વાયત હકુમત કે જેની પાસે પેટા કાયદાઓનું નિર્માણ કરવા માટેની શાસન પ્રાપ્ત થયેલી હોવી જોઈએ. એ સ્વાયત હકુમતની પાસે કર નાંખવાની અને કર ઉઘરાવવાની સત્તા હોવી જોઈએ.

**૨.૩૦.૨ સ્થાનિક સ્વાયતતતાનો અર્થ :**

મહાસતા અથવા કેન્દ્રીય સતાની દખલગીરી વગર મર્યાદિત પ્રમાણમાં સ્વયંસંચાલિત માટેની સતા આપવામાં આવી હોવી જોઈએ.

**૨.૩૦.૩ સ્થાનિક સ્વરાજ્યનું મહત્વ :**

સ્થાનિક સ્વરાજ્યની કેટલીક મુળભુત વાતો તો કેટલીક મૂળભુત વ્યક્તિ અને સમાજના કલ્યાણમાં સ્થાનિક રીતે ઉપયોગી નીવડે તે ઈચ્છનીય છે. આધુનિક રાજ્યની ફરજ લોકોના જીવનની સલામતી, તેમની માલ-મિલકતનું રક્ષણ તેમજ પ્રાદેશિક વિસ્તારનું રક્ષણ પણ પુરૂ પાડવાની છે. આધુનિક રાજ્ય એ કલ્યાણ રાજ્ય છે. જેનું કાર્ય લોકહિતોનાં કાર્યો કરવાનું છે. આવાં લોકહિતના કાર્યક્રમો પ્રત્યેક રાજ્યમાં જુદા જુદા પ્રકારના હોઈ શકે છે.

કેટલીક કલ્યાણકારી પ્રવૃત્તિઓ એવી રીતે હાથ ધરવામાં આવે છે કે, જેમાં વ્યક્તિના જન્મથી માંડીને તેની અંતિમ અવસ્થા સુધીની સારસંભાળ હોવાની બધી પ્રક્રિયા સામેલ હોય છે. આ પ્રવૃત્તિઓ એકલે હાથે ઉકલવી એની સારસંભાળ લેવી કઠિન છે, જેમ કે-

૧. પ્રથમ સ્થાને જોઈએ તો બધી સમસ્શાઓ માત્ર રાષ્ટ્રીય અથવા તો પ્રાદેશિક પ્રકારની હોતી નથી. કેટલીક સમસ્યાઓ, સ્થાનિક કક્ષાએ જુદી સ્થાનિક લાક્ષણિકતા વાળી હોવાને, લીધે તેનો ઉકેલ પણ સ્થાનિક રીતે લાવવો જરૂરી બને છે. કેન્દ્ર અથવા તો સરકાર પોતે કોઈપણ વિસ્તારની સ્થાનિક પરિસ્થિતિથી વાકેફ હોતી નથી.

૨. બીજા સ્થાનેતો આ સમસ્યાઓના ઉકેલ માટે રાજ્યતંત્ર, કેન્દ્ર સરકાર માટે ઝડપી નિર્ણય લેવો અશક્ય છે. રાજ્ય તેમજ કેન્દ્ર સરકાર પ્રાદેશિક રીતે દુર હોવાથી એ પદ્ધતિ અસરકારક અને સંભવિત નથી.

૩. ત્રીજા સ્થાને જોઈએ તો જે કંઈ સ્થાનિક સમસ્યાઓ ઉપસ્થિત થાય તે સમસ્યાઓનો ભોગ બનેલા લોકોની હાજરી આવી સમસ્યાઓના ઉકેલ માટેની નીતિ નક્કી કરતી વખતે હોવી જોઈએ. આવો નિર્ણીત ઉકેલ તેજ વિસ્તારમાં લેવો જોઈએ કે નક્કી કરેલ ઉકેલની નીતિ લાગુ કરતી વખતે અસરગ્રસ્ત લોકોનો સાથ અને સહકાર હોવો એ પણ આવશ્યક બાબત છે. સબબ પ્રવૃત્તિનું વિકેન્દ્રીકરણ એ વહીવટની આગવી જરૂરીયાત છે.

દેશની વિકાસશીલ પ્રવૃતિઓને સાકાર સ્વરૂપ આપવું હોય તો અગત્યના નિર્ણયો લેતી વખતે સ્થાનિક લોકોના સાથ અને સહકાર લેવો જોઈએ. એ રીતે સ્થાનિક જરૂરિયાતોની સમસ્યાઓ, સ્થાનિક જાણકારીને સારી રીતે ઉપયોગમાં લેવા માટે સ્થાનિક લોકોનો સાથ હોવો જરૂરી છે. આ ઉપરાંત સંજોગો અનુસાર સ્થાનિક લોકોની જરૂરિયાત પૂરી પાડવા માટે યોગ્ય નીતિ અખત્યાર કરવી જોઈએ.

**૨.૩૦.૪ સ્થાનિક સરકારમાં વિકેન્દ્રિકરણ :**

લોકશાહી પ્રથામાં લોકોની, માંગણીનું વિકાસ અને પ્રભાવમાં હિસ્સેદારીની ઝંખનાનું એકમાત્ર કેન્દ્ર ટોચનાં તંત્રમાં જ સંચિત થવું જોઈએ નહિં. કારણ કે અતિકેન્દ્રિકરણ હશે તો લોકોના અસંતોષમાંથી જન્મતા તનાવ, દબાણ વગેરે ટોચની કક્ષાએ સંચિત થતાં જશે અને તેને લીધે સંઘર્ષ પણ સીધો કેન્દ્ર તરફ પહોંચશે તનાવનું આવું વિકેન્દ્રીકરણ થાય તો શાસન સામેના દબાણ અને ભાર નીચે દેશ અને રાજ્યોની શાસકીય પ્રથાઓ દબાઈ જાય.

આથી સંભવિત સંઘર્ષની ઘટનાઓને વિખેરી નાંખવા માટે વિકેન્દ્રિકરણની નીતિ સ્વસ્થ રાજ્યદેહ માટે પૂર્વ ઉપાય રૂપ બને છે. વળી વિકેન્દ્રીકરણને કારણે અમૂક સ્થાનિક સંસ્થાઓની ભૂલો કે નિષ્ફળતા પણ મર્યાદિત કરી શકાશે અને નિષ્ફળતાનું પરિણામ નિવારી શકાશે.

જ્યાં જ્યાં વિકાસશીલ દેશોની જાહેર સેવા માટેની માંગ સતત વધતી જતી હોય ત્યાં-ત્યાં સ્થાનિક સરકારના કાર્યમાં વિકેન્દ્રિકરણના કામની અસરકારકતા વધે છે. સ્થાનિક સરકારની પ્રવૃત્તિ અંગે જવાબદારીઓના ભાગલા પડવાથી સેવાઓની ઉપયોગિતા જળવાઈ રહે છે.

સ્થાનિક સ્વાયતતા અંગેનો લોકશાહી વિકેન્દ્રિકરણ અંગેનો નહેરૂ, મહેતા અને જયપ્રકાશ નારાયણનો ખ્યાલ એ ફ્રેન્સ પદ્ધતિના વિકેન્દ્રિકરણ કરતાં જુદા ખ્યાલ છે. આપણા દેશમાં ફ્રાન્સની જેમ માત્ર વહીવટી સુવિધા માટે સતાનું વિકેન્દ્રીકરણ થતું નથી.

**૨.૩૦.૫ વિકેન્દ્રિકરણના પ્રકારો :**

સ્થાનિક સ્વાયત સરકારના વિકેન્દ્રીકરણ ચાર પ્રકાર છે.

૧. દ્વી પ્રકારની પદ્ધતિ.

૨. ભાગીદાર પ્રથાની પદ્ધતિ

૩. બહુલક્ષી સ્થાનિક હકુમત

૪. પૂર્ણતા સમાવિષ્ટ વહીવટી પદ્ધતિ

દરેક ગામ અથવા નગરમાં તેની સ્થાનિક કક્ષાએ સામાજિક, આર્થિક અને રાજકીય પરિસ્થિતિ અલગ-અલગ પ્રકારની હોય છે. આ પરિસ્થિતિનું મૂલ્યાંકન માત્ર આંકડાકીય

નથીસમયના વહેણ સાથોસાથ પરિસ્થિતિ બદલાતી રહે છે. માનવ સમાજ આ બાબતને વાસ્તવિક સત્ય સમજીને બદલતા સમાજ સાથે અનુકૂળ થતું રહેવું પડે છે. વિકેન્દ્રીકરણ પદ્ધતી એક નગરમાં સારી રીતે અમલી બની શકે છે. બીજા નગરમાં એજ પદ્ધતિ અનુકુળતા પ્રાપ્ત કરી શકતી નથી. લાયકાતના સંજોગોને ધ્યાનમાં રાખીને અન્ય પદ્ધતિનું ઉછીનાપણું લાગું કરવું જોઈએ. વિકેન્દ્રીકરણની બાબત રાષ્ટ્રીય અને સ્થાનિક કક્ષાએલાગુ કરવા માટે સંયુક્ત રાજ્યના અહેવાલો દર્શાવવા જોઈએ.

**૨.૩૦.૬ વિકેન્દ્રીકરણની મર્યાદાઓ :**

લોકશાહી અને અતિશય વિકેન્દ્રીકરણને માટે નુકશાનકારક અને બીજા ઉપયોગી નિવડવાના સંભવ છે. અમર્યાદિત વિકેન્દ્રીકરણને લીધે પ્રજાકીય સરકારને કેટલીક જાતના ગેરલાભો થતા રહે છે જેવા કે,

૧. વધારે પ્રમાણમાં જવાબદારીઓનાં ભાગલા પાડી નાંખવાથી સ્થાનિક અધિકારીઓ કેટલીક ફરજોમાં ગેરવાજબીપણું દાખવવા લાગી જાય છે અથવા તો આવશ્યક ફરજ પ્રત્યે બે ધ્યાન થઈ જાય છે.

૨. સ્થાનિક હકુમતનાં આવશ્યક કાર્યો અને ફરજોની ફેરબદલીને લીધે વેપાર ઉદ્યોગ અને આર્થિક વિકાસ તથા ભંડોળ વિગેરેની બાબતોમાં શિથિલતાવ્યાપી જાય છે. આવી જડતા નુકશાનકારક હોવાથી વિકેન્દ્રીકરણની પદ્ધતિ યોગ્ય ધ્યાન રાખીને અપનાવવી જોઈએ. કોઈપણ નગરમાં યોગ્ય શિસ્ત અને અંકુશ વગર વિકેન્દ્રીકરણ વ્યવહારું બની શકે નહીં.

૩. અતિશય વિકેન્દ્રીકરણને લીધે લાંચરૂશ્વત વધી જાય છે. નિમ્નકક્ષાએ અપાયેલા સતાઓનો દુરુપયોગ થવા લાગે છે અને વહીવટમાં બીન ક્ષમતાપણું વધી જાય છે.

**૨.૩૦.૭ વિકેન્દ્રીકરણ વિરુદ્ધ બીન વિકેન્દ્રિકરણ :**

વિકેન્દ્રિકરણ તેની મર્યાદાઓથી પર ન રહેતાં વિકેન્દ્રિકરણના સ્થાને અથવા વિરુદ્ધમાં બીન વિકેન્દ્રિકરણ પ્રક્રિયા અપનાવી છે. બીન વિકેન્દ્રિકરણ એ વિકેન્દ્રિકરણ કરતાં તદન વિરુદ્ધ બાબત છે. વિકેન્દ્રીકરણ એ એક એવી પ્રક્રિયા છે કે જેના વડે સરકારની અમુક ફરજો તથા જવાબદારીઓ સ્થાનિક હકુમતમાં અર્પિત કરી આપે છે. તે રીતે પુરેપુરી કામગીરી બીજી હકુમતને સોંપી આપે છે.

બીજી બાજુ બીન વિકેન્દ્રિકરણ (ડીકોન્સનટ્રેશન) એ એક એવી પ્રક્રિયા છે કે જેમાં રાજ્ય સરકાર પોતાની જવાબદારી પોતાની પાસે જ રાખે છે. જે હકુમતને પેટા જવાબદારી સોંપી હોય તે હકુમતને સતાનો ઉપયોગ પેટા સતા માત્ર પ્રતિનિધિ તરીકે આપે છે. આવી હકુમતરાજ્ય

સરકારના અંકુશ નીચે ગણાય છે કાર્ય અને ફરજની બાબતમાં તે દરેક પેટા હુકમ ગણાય છે. ઇંગ્લેન્ડની સરકારની આ કાર્ય પદ્ધતિ સતાના વિકેન્દ્રીકરણનું એક આદર્શ દૃષ્ટાંત પુરુ પાડે છે.

**૨.૩૦.૮ સ્થાનિક સરકાર એ લોકશાહીનું તાલીમ કેન્દ્ર છે :**

સ્થાનિક સરકારના વહીવટમાં વહીવટી જરૂરિયાત બાબતમાં રાજકીય પરિવર્તનને લીધે લોકોના વિચારોમાં પણ પરિવર્તન આવવા લાગ્યું છે. પ્રજા તેમના હક્ક, અધિકારો અને સ્વાતંત્ર્યની બાબતમાં જાગૃત થઈ ગઈ છે. હાલની સ્થાનિક સરકાર એ માત્ર વહીવટી માળખું નથી. પરંતુ તેના સંચાલનમાં લોકશાહીની બહુમતીનો સંચાર થયેલો માલુમ પડે છે. ભારત સરકારના સને ૧૯૮૮ના ઐતિહાસિક ઠરાવથી સ્થાનિક સરકારનો ઉદય થયો. એ રીતે સ્થાનિક રાજ્યના મંડાણ સાથે લોકશાહી સંસ્થાનો ઉદય થયો. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ ખરા અર્થમાં લોકશાહીના ભાવિ નેતાઓ તૈયાર કરવા માટેનાં તાલીમ કેન્દ્રો સમાન છે.

**૨.૩૦.૯ લોકશાહી અને સ્થાનિક સરકાર :**

લોકશાહીમાં સ્થાનિક સરકારનો કેટલો મહત્વનો ફાળો છે તે વિશે સમજાવતાં લોર્ડ બ્રાઈસ કહે છે કે 'સ્થાનિક સંસ્થાઓ વ્યક્તિને માત્ર કામ કરવાની જ તાલીમ આપતી સંસ્થાઓ નથી. પરંતુ તે અન્ય લોકોની સાથે અસરકારક રીતે કામ કરવાની પદ્ધતિનું પણ જ્ઞાન આપે છે. સ્થાનિક સંસ્થાઓ દ્વારા સામાન્ય સમજણ અને ચતુરાઈ વ્યાજબીપણાંની સમજ નિર્ણાયક શક્તિ અને સામાજિક સહકારની ભાવનાની સમજ મળે છે. લોકશાહીની શ્રેષ્ઠ કાર્યશાળા લેખે માત્ર સ્થાનિક સરકારોની સંસ્થાઓ ગણી શકાય.'

સને ૧૯૪૮ના દિલ્હીમાં ભરાયેલ સ્થાનિક સ્વરાજ્ય ખાતાના પ્રાંતિય પ્રધાનોની પરિષદનું ઉદ્‌ઘાટન કરતાં પંડિત જવાબરલાલ નહેરુએ જણાવ્યું હતું કે 'સ્થાનિક સ્વરાજ્યની સરકાર એ લોકશાહીની સાચી પદ્ધતિના પાયા સમાન છે તે લોકશાહીના સિદ્ધાંત પર રચાયેલી છે. આપણને માત્ર લોકશાહીના પાયા તરફ જોવાને બદલે લોકશાહીના શિખર તરફનો વિચાર કરવાની આદત પડી ગઈ છે પરંતુ સચોટ લોકશાહી ત્યારે જ મજબુત બની શખે કે જ્યારે તેનો પાયો પાકી રીતે ચણાયેલો હોય.'

કોઈણ પ્રજા દ્વારા મુક્ત સરકારની સ્થાપના થઈ શકે છે. પરંતુ જ્યાં સુધી તેમની નગરપાલિકાને સ્વાયતતા ન હોય ત્યાં સુધી સ્વાયતતાનો ઉત્સાહ મેળવી શકે નહીં. અને પ્રગતિ સાધી શકે નહીં.

**૨.૩૦.૧૦ લોકશાહીમાં વિકેન્દ્રિકરણનું મહત્વ :**

લોકશાહી સાચાં સ્વરૂપમાં માત્ર વિકેન્દ્રિકરણ વડે જ સ્થાયી થઈ છે. લોકશાહીનાં કેટલાંક એકમોને વિકેન્દ્રિકરણમાં નિર્ણાયક અધિકાર મળે છે અને લોકો તેના દ્વારા પોતાની રીતે જીવન જીવી શકે છે. સ્થાનિક કક્ષા સાથે સંકળાયેલી સમસ્યાઓથી લોકશાહી, વિધાનસભા તથા તેનીસાથે સંકળાયેલ અમલદાર વર્ગને ઘણી જ મુક્તિ મળે છે. આ રીતે સ્થાનિક કક્ષાનાં ગુંચવણભર્યા અને કંટાળાજનક પ્રશ્નોથી તેઓ અલિપ્ત રહી શકે છે. આ કારણે વહીવટી સુઘડતા, અસરકારકતા અને ઝડપી સંચાલન દરેક કક્ષાએ હાંસલ કરી શકાય છે.

**૨.૩૧ સ્થાનિક સરકારનો બંધારણીય દરજ્જો :**

સ્થાનિક સ્વાયત સરકાર એ સરકારનું એક આદર્શ એકમ છે. છતાં પણ રાષ્ટ્રના બંધારણમાં સામાન્ય રીતે તેની કોઈ વ્યાખ્યા આપવામાં આવી નથી. સ્થાનિક સ્વાયત સંસ્થાની રચના, સતા અને તેમનાં કાર્યો વગેરે નક્કી કરવાનું કામ સ્થાનિક ધારાસભા અથવા લોકસભા પર સ્થાનિક સરકારના સ્વરૂપ પ્રમાણે નિર્ધારીત કરવા માટે નિર્ણય લેવાનું છોડી દેવામાં આવ્યું છે. આ રીતે સ્થાનિક સંસ્થાઓ સામાન્યપણે ધારાસભાની કાર્યવાહીથી સ્થાપિત થાય છે અને તેમને પોતાની સ્વતંત્રતા હોવા છતા ધારાસભા મારફ્ત સતા અને અધિકારો આપવામાં આવે છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનને જે જે સતાઓ આપવામાં આવે છે તે વિશે અમેરિકાની અદાલત સને ૧૮૬૮માં ન્યાયાધિશ જહોન એફ ધીલોન દ્વારા સ્થાપિત કરેલ નિયમ મુજબ મ્યુનિસિપલ કોર્પોરેશને તેમને આપવામાં આવતી સતા અને અધિકારો સંપૂર્ણ રીતે ધારાસભા મારફ્ત મળી શકે છે. તેમના વિના સ્થાનિક સરકાર હયાત રહી શકતી નથી અને ધારાસભા વિના શ્વાસ પણ લઈ શકતી નથી. આ રીતે ધારાસભા અંકુશ રાખી તેમનું વિસ્તૃતિકરણ પણ કરે છે.

આમ છતાં કાર્યો અને સતાની વહેંચણીના વિભાગો સ્પષ્ટ પણે દર્શાવવામાં આવ્યા નથી. ભારતનાં બંધારણમાં એક બંધારણ સભાની રચના કરવામાં આવી. ૧૯૪૬માં કેબિનેટ મિશન આવ્યું ત્યારે આ માટેની સમજૂતી સાધવામાં આવી.

૧૩ ડિસેમ્બર ૧૯૪૬ના રોજ બંધારણના હેતુઓ અને ઉદ્દેશવાળો ખરડો રજૂ કરવામાં આવ્યો હતો.જેમાં સ્થાનિક સરકારના બંધારણ અને રચના વિશે માહિતી આપી. તેમાં કેન્દ્ર સરકારના ખાસ હસ્તક્ષેપ જોવા મળતો નથી. આ ખરડો પંચાયત અને ગ્રામ પંચાયતની સ્થાપના, કાર્યો, રચના, વિશે હતો. જેના કન્વિનર ડો. ભીમરાવ આંબેડકર હતા. ગાંધીજીએ લોકશાહીમાં દૃઢ શ્રદ્ધા વ્યક્ત કરી હતી.

દરેક રાજ્ય સરકારે શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં વસાહતોની જરૂરીયાત પ્રમાણે સ્વાયત સરકારોની સ્થાપના કરેલી છે. આનું પરિણામ એ પ્રકારનું આવેલ છે કે ભારતનાં કોઈપણ પ્રાદેશિક વિસ્તારમાં સ્થાપવામાં આવેલી સ્થાનિક સ્વાયત સરકારોમાં તેમનાં કાર્યો અને સતાનું એક સરખી રીતે મૂળભૂત સ્વરૂપે પાયાથી જ એક સમાન વિકેન્દ્રિકરણ થયેલ જોવામાં આવતું નથી. સને ૧૯૯૨ના ડિસેમ્બર માસમાં બે વખત બંધારણીય સુધારાઓ પસાર કરવામાં આવ્યા.

૧. બંધારણીય સુધારણાનો (૧૯૯૨નો) ૭૩મો કાયદો

૨. બંધારણીય સુધારણનો (૧૯૯૨નો) ૭૪મો કાયદો.

આ બંને બંધારણીય સુધારાના કાયદાઓ પાર્લમિન્ટ દ્વારા પસાર કરવામાં આવ્યા. સને ૧૯૯૨ના બંધારણીય સુધારણાના ૭૩માં કાયદામાં ગ્રામ્ય વિસ્તારોની સ્થાનિક સરકારોને લગતી બાબત અને ૧૯૯૨ના ૭૪માં કાયદામાં શહેરી વિસ્તારોની સ્થાનિક સરકારને લગતી બાબત છે.

**૨.૩૧.૧ રૂરલ એરીયા :**

ગ્રામ્ય વિસ્તારોમાં સ્થાનિક સરકારની પદ્ધતિ નીચે મુજબના પ્રકાર વડે આપવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારો માટે ત્રણ કક્ષાની પદ્ધતિ વડે સ્થાનિક સરકારની રચના કરવાની જોગવાઈ સને ૧૯૯૨ના બંધારણીય સુધારા-૭૩માં આપવામાં આવેલી છે.

૧. આંતરિક કક્ષાએ એટલે કે ગ્રામ્ય અને જીલ્લા કક્ષા વચ્ચે કાર્યરત થતી સ્થાનિક સરકારની સરકાર.

૨. ગ્રામ્યકક્ષાએ સ્થાનિક સરકાર

૩. જીલ્લાકક્ષાએ સ્થાનિક સરકારની રચના.

**૨.૩૧.૨ અર્બન એરીયા :**

શહેરી વિસ્તારોની કક્ષાએ સ્થાનિક સરકાર રચવાની જોગવાઈ નીચે મુજબ આપવામાં આવી છે.

**૧. નગરપંચાયત :**

નગરપંચાયત એટલે કે એ પ્રકારના વિસ્તારની પંચાયત કે જે વિસ્તાર વધવાની સાથે જ વસ્તીના પ્રમાણમાં પ્રગતિશીલ હોય. જે વિસ્તારની વસ્તી ગ્રામ્યવિસ્તારમાંથી શહેરી વિસ્તારની કક્ષામાં પરિવર્તન પામતી જતી હોય. સંબંધિત વિસ્તારની વસ્તી વધવાની સાથે તેની ગીચતામાં વધારો થાય છે. ગીચતાના પ્રમાણમાં સ્થાનિક વહીવટ દ્વારા થતી આવકની વસુલાત બીનખેતી પ્રવૃત્તિમાં રોકાયેલો લોકોની રોજગારીનું પ્રમાણ, આવા બીજા આર્થિક તત્વો જોઈએ જે

તેવિસ્તારના હેતુ માટે રાજ્યપાલશ્રી તરફથી આ બાબતમાં જાહેર જનતાના જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

**૨. નગરપાલિકા (મ્યુનિસિપલ કાઉન્સીલ) :**

જે નાના પ્રમાણનો શહેરી વિસ્તાર કે જેની વસ્તી ત્રણ લાખની હોયતેને નગરપાલિકા કહેવામાં આવે છે.

**૩. મહાનગરપાલિકા (મ્યુનિસિપલ કોર્પોરેશન) :**

જે મોટા શહેરી વિસ્તારમાં હોય જેની પાસે વોર્ડ કમિટી હોય અને એક અથવા વધારો વોર્ડ હોય, જેનો સમાવેશ પ્રાદેશિક વિસ્તારમાં થતો હોય અને, તેવા વિસ્તારની વસ્તીની જનસંખ્યા ત્રણ લાખ કે તેથી વધારે પ્રમાણમાં હોવી જોઈએ.

મેટ્રોપોલીટન અથવા મહાનગરની વિસ્તૃત વ્યાખ્યા જોઈએ તો જે વિસ્તારમાં વસ્તીની સંખ્યા દશ લાખ અથવા વધારે પણ હોય તેને મહાનગર કહેવાય. જેની રચનાની અંદર એક અથવા વધારે નગરપાલિકાઓ અથવા પંચાયતો અથવા એવા વિસ્તારો કે રાજ્યપાલે આ પ્રકારના વિસ્તારના હોવાનું જાહેરનામું બહાર પાડ્યું હોય.

**૨.૩૨ સ્થાનિક સરકારની ચૂંટણીઓ અને સરકાની રચના :**

**૨.૩૨.૧ ચૂંટણી :**

અહીં સ્થાનિક સરકારની ચૂંટણી માટે નિમવામાં આવેલ સમિતિએ રાજ્ય ચૂંટણીપંચની રચના વિશે માહિતી આપેલ છે.

સ્થાનિક સરકારમાં લોકશાહી બાજુની સુરક્ષા થવી જરૂરી છે. અનુભવ ઉપરથી માલૂમ થાય કે સ્થાનિક કક્ષાએ નિરિક્ષણનો ઉત્સાહ વધી રહેલ છે. આથી સ્થાનિક કક્ષાનો અભ્યાસ કરી યોગ્ય સૂચનો આપવા માટે સને ૧૯૭૭માં કમિટીને પોતાની કામગીરી દરમ્યાન જે હકીકતો માલુમ પડી છે તે આ મુજબ છે.

શ્રી અશોક મહેતા સમિતિએ સ્થાનિક સંસ્થાઓના કાર્યોમાં હતાશા અને તેમના વિકાસની નિરાશામય વાતાવરણ જોવામાં આવ્યું હતું. તેમના ઉપર આર્થિક દબાણ વધતું જતું હતું આથી કમિટીએ નિરીક્ષણ બાદ એવી ભલામણ કરી હતી કે, સ્થાનિક સરકારની સંસ્થાઓમાં અમુક સમયના ગાળા પછી ચૂંટણી કરવાનો નિયમિત આદેશ હોવો જોઈએ.

આ ઉપરથી ભલામણોનો સ્વીકાર કરી પાંચ વર્ષનો સમય પૂરો થતા જ સ્થાનિક સરકારની સંસ્થાઓની ચૂંટણી યોજનાની નિયમિત જવાબદારી એક સ્વતંત્ર એકમને સોંપવામાં આવી છે. એકમને હવે રાજ્ય ચૂંટણી પંચ તરીકે ઓળખવામાં આવે છે.

રાજ્ય ચૂંટણી પંચની જવાબદારીઓમાં ચૂંટણી કાર્ય અંગેનું સંચાલન ચૂંટણી અંગે માર્ગદર્શન આપવું. ચૂંટણી કાર્યનું નિરીક્ષણ કરવું. મતદાર યાદીઓ તૈયાર કરાવવા માટેનાં આદેશ આપવો અને ચૂંટણીના પ્રત્યેક વ્યવહારમાં તકેદારી રાખવી.

આ રીતે ચૂંટણીપંચની તકેદારી હેઠળ જુદી-જુદી સ્વાયત સંસ્થાઓની ચૂંટણી થાય છે અને દરેક વિભાગમાં હોદા ઉપર હોદ્દેદારોની નિમણુંક થાય છે. જેમાં ચૂંટણી પેટા ચૂંટણી, રાજ્ય ચૂંટણી પંચના નિયમો મુજબ પાંચ વર્ષ થાય છે અને ચૂંટણી કરવા અનામત બેઠકોનીફાળવણી મુદત અંગે વિગેરે બાબતો બહાર પાડવામાં આવે છે. આ રીતે તેમના આદેશ મુજબ ચૂંટણીની કામગીરી થાય છે.

**૨.૩૨.૨ સ્થાનિક સરકારની રચના :**

સ્થાનિક સરકારની રચના માટે જુદી જુદી સમિતિઓ નિમવામાં આવે છે. એમના દ્વારા આ પ્રમાણે કાર્યો થાય છે. જેમ કે,

૧. સ્થાનિક સતા

૨. સમિતિઓ

૩. મુખ્ય વહીવટદાર

૪. રાજકીય નેતા અને મુખ્ય વહીવટી અમલદાર વચ્ચેના સંબંધો.

**૨.૩૨.૩ નગરપાલિકાની સભા, તેમની રચના, કાર્યકાલની અવધી અને તેમનાં કાર્યો.**

લોકશાહી એ એક પ્રકારની માત્ર સરકાર જ નહીં પરંતુ સ્થાનિક રીતે જીવનપ્રણાલી સમાન છે. બધી જ માનવ સંસ્થાઓને લોકશાહીનો ઉત્સાહ જરૂરી છે. તેથી સ્થાનિક સંસ્થાઓ આ બાબતમાં અપવાદ નથી.

સ્થાનિક સંસ્થાની સતા એ સલાહકારક પાંખ સમાન છે. જે સલાહકારક પાંખ અથવા વ્યક્તિઓની પસંદગી (રચના) નાગરિકોના પ્રતિનિધિ તરીકે ચુંટાઈને આવેલ વ્યક્તિઓમાં કરવામાં આવે છે. આમ છતાં વર્તમાન ચૂંટણીઓ ખર્ચાળ છે. જે લોકો પાસે મર્યાદિત આવકનાં સાધનો છે. તેઓ આ ચૂંટણીમાં જીત મેળવી શકતા નથી. ગમે તેમ કરી ચૂંટણીમાં જીત મેળવીએ આજની લોકશાહીનું દુષણ છે. આથી સદગુણી અને નિખાલસ વ્યક્તિ આગળ આવી શકતી નથી. આ કારણે ચૂંટણીમાં આવા લોકોને તક મળે અને આગળ આવે એ પ્રકારનું પ્રતિનિધિત્વ આપવા માટે સમિતિની જોગવાઈ કરવી જોઈએ.

**૨.૩૨.૪ સ્થાનિક સરકારમાં કમિટી પદ્ધિતિ :**

મોટી સંસ્થાઓ પાસે મોટા તંત્રની અનેક જવાબદારીઓ હોવાથી એક વિષય પરત્વે સંપૂર્ણ ચર્ચા-વિચારણા કરવા ધારે તો પણ તેમનો મોટાભાગનો સમય તેમાં વ્યતિત થાય છે. આથી બીજી બાબતો પરત્વે તેઓ ધ્યાન ઓછું આપી શકે. આથી બ્યુરો કાઉન્સિલ અને કોર્પોરેશનમાં એક સમિતિ પદ્ધતિ એટલે વિષયવાર કમીટિઓ રચવી તે છે.

સમિતિ પદ્ધતિ અન્વયે સ્થાનિક સંસ્થાઓનાં કાર્યોને જુદા જુદા વિષયોની સમિતિમાં વિભાજન કરી દેવામાં આવે છે. કમિટી પ્રથાને લીધે સભ્યોને કામ કરવાની તક મળે છે, જે સભ્યોને જે વિષયમાં રસ હોય તે સભ્યોને તે વિષયની સમિતિમાં નિયુક્તિ કરવામાં આવે છે. આ રીતે દરેક વિભાગનું આયોજન યોગ્ય રીતે થઈ શકે છે. 'સમિતિ પ્રથા' પ્રવર્તમાન દરેક સંસ્થાઓ દ્વારા સ્વીકારવામાં આવી છે. ધારાકીય ખરડાઓ દ્વારા સ્થાનિક સંસ્થાઓનું નિર્માણ થતાની સાથે જ સ્થાનિક સંસ્થાઓમાં અમુક વિષયો અંગેની સમિતિઓની રચના કરવાનું કાયદાકીય જોગવાઈમાં ફરજિયાત બનાવવામાં આવેલ છે.

**૨.૩૨.૫ નગરપાલિકાની સભાની મુદત :**

ચૂંટાયેલા કાઉન્સીલરો અથવા સભ્યો સારાં પરિણામો લાવી શકે, તેટલો સમય તેમને ફાળવવો જોઈએ.

જે વર્ષ વિધાનસભા અને લોકસભાની ચૂંટણી યોજવાની હોય, તેજ વર્ષમાં નગરપાલિકાની ચૂંટણી રાખવી જોઈએ નહીં. નગરપાલિકાની આ સભા દ્વારા અને ચૂંટણી દ્વારા નવી દૃષ્ટિ ધરાવતા લોકો ચુંટાઈને નગરપાલિકામાં આવે છે. તેથી વિશેષ પ્રગતિ થાય છે. નગરપાલિકાની સામાન્ય ચૂંટણીની મુદત પાંચ વર્ષની હોય છે. એવી જ રીતે મહાનગરપાલિકાની ચૂંટણીની મુદત પણ પાંચ વર્ષની હોય છે. જેમાં ચૂંટાયેલ પાંખ હસ્તક પ્રજાકીય બોર્ડ હોય છે.

**૨.૩૨.૬ સમિતિની રચના માટેના હેતુઓ :**

૧. જુદા-જુદા વિસ્તારો (વોર્ડ) અથવા વિભાગો ઉપર સ્થાનિક સંસ્થા તરફથી અવલોકન કરવા સમિતિ રચના જરૂરી છે.

૨. સ્થાનિક સંસ્થાઓનું કાર્ય સરળ અને અસરકારક બનાવવા.

૩. વિષય વિશે સંપૂર્ણપણે વાકેફદારી મેળવવા જે તે વિષયને વધારે વિગતપૂર્ણ રીતે સમજવો અને પછી તેની ચકાસણી કરી યોગ્ય ભલામણ કરવા માટે.

## ૨.૩૩ સ્થાનિક સરકારની સતા, મુખ્ય કર્તવ્યો અને ભંડોળ :

### ૨.૩૩.૧ સતા મંજૂરીના સિદ્ધાંતો :

સ્થાનિક સંસ્થાઓને સતા પ્રાપ્તિની બે પદ્ધતિઓ છે : (૧) સતાની મંજુરી આપતો સામાન્ય નિયમ, આ નિયમ એવો છે કે જેની જોગવાઈ મુજબ કોઈપણ સ્થાનિક સંસ્થા સ્થાનિક કક્ષાનાં બધાં કાર્યો કોઈ પણ ખાસ મંજૂરી વિના કરી શકે છે. જે સ્થાનિક સંસ્થાઓને સ્થાનિક સરકાર અંગેની સતાઓ આપવામાં આવી છે. જેથી સ્થાનિક સરકારની સંસ્થાઓ, બધાં કાર્યો છૂટથી કરી શકે છે. (૨) બીજી પદ્ધતિ એવી છે કે સ્થાનિક સંસ્થાઓને જે સતાઓ આપવામાં આવે છે. તેમાં રાજ્યની ધારાસભા અથવા કેન્દ્રની લોકસભા ખરડા દ્વારા સ્થાનિક સંસ્થાઓને આ પ્રકારે સતાઓની મંજુરી આપે છે. જેમાં તેમને મળેલી સતાઓની મર્યાદામાં રહીને કાર્યો કરવાના રહે છે.

આ બંને પદ્ધતિ ઉપરાંત સ્થાનિક સરકારના સતા માટે કાયદાઓ

૩. પેટા કાયદાઓ

૪. જનરલ અથવા સામાન્ય કાયદાકીય સતાઓ

૫. કામચલાઉ અથવા કાર્યકારી આદેશો માટેની કાયદાકીય મંજૂરી

૬. સ્થાનિક કાયદાઓ

૭. પ્રથાગત સામાન્ય કાયદો

### ૨.૩૩.૨ કાયદાઓનાં લક્ષણો :

કાયદાઓનાં નીચેના લક્ષણો હોવાં આવશ્યક છે.

૧. કાયદાઓનીભાષામાં નિશ્ચિતતા હોવી જોઈએ અને તેના અર્થ ઘટનમાં સ્પષ્ટતા હોવી જોઈએ.ગુંચણવતા હોવી જોઈએ નહિં.

૨. આ કલમોની જોગવાઈ કાયદાની મર્યાદામાં હોવી જોઈએ કે જેથી ક્યારેય સતાવિહીનપણાંનો અથવા કાયદાભંગનો પ્રશ્ન ઉપસ્થિત થવા ન પામે.

૩. પેટા કાયદાઓની કોઈપણ કલમ સામાન્ય કાયદા અથવા ધારાકીય સિદ્ધાંતો સાથે ઘર્ષણ થાય તેવી ન હોવી જોઈએ.

૪. કાયદાઓ યોગ્ય મર્યાદાવાળા અને ચોક્કસ હેતુવાળા હોવા જોઈએ.

દરેક સ્થાનિક સંસ્થાઓમાં સ્થાયી સમિતિને સ્થાનિક સંસ્થાની અન્ય કમિટી કરતાં વધારે સતા આપવામાં આવે છે. સ્થાનિક સંસ્થાના નાણાભંડોળની જવાબદારી સ્ટેન્ડીંગ કમિટીએ જાતે સંભાળવાની રહે છે.

### ૨.૩૩.૩ સતાવિહીનતાનાં સિદ્ધાંત :

સ્થાનિક સંસ્થાઓને કાર્યો કરવાની સતા આપવામાં આવી છે અને આ સતાથી વધારે આગળ વધી શકે નહીં, આગળ વધે તો તે સતાવિહીન કહેવાય.આ સિદ્ધાંતના બે પ્રકાર છે.

**૧. પ્રોસીજર અથવા વિધિની ખામીવાળી સતાવિહીનતા :**

નિયમની ખામીવાળા આ સતાવિહીનતાના સિદ્ધાંત મુજબ જે કાર્ય કરવામાં આવે છે તે કૃત્ય પોતેજ ગેરકાયેદસર કૃત્ય છે કારણ કે સ્થાનિક હકુમતે કાયદામાં દર્શાવેલી વિધિ પ્રમાણે કાર્યવાહી કરી નથી. દા.ત. સ્થાનિક હકુમતે ખરીદી અંગે આપેલ મંજુરી રદ બાબત ઠરાવવામાં આવી કારણ કે બન્ને પક્ષકારોને અસર કરતાં પક્ષને નોટીસ બજાવવામાં આવી નથી અસરકર્તા વ્યક્તિને નોટિસ ન બજાવવાથી, કાર્યવાહીની પૂર્ણતાનો ભંગ થયેલ છે.

**૨. સબસ્ટેન્ટીવ સતાવિહીનતા :**

આવી બાબત અંગે અદાલતે ઠરાવ્યું છે કે ‘જે શરતો રાખવામાં આવે તે સંપૂર્ણ રીતે યોજનાને લગતી જ હોવી જોઈએ અને યોગ્યતાવાળી હોવી જોઈએ.’

એટલે કે જે કાર્ય થયાનું જણાવવામાં આવે છે. તે કાર્ય કરવાની સતા જ તે હકુમતને હોતી નથી. દા.ત. કોઈ મ્યુનિસિપલ કાઉન્સિલનો લોન્ડ્રી સેવા ઉપસ્થિતિ કરવાનો ઈરાદો હતો. પરંતુ તે કાઉન્સિલનો કાયદાકીય રીતે સતા જ ન હતી.

સામાન્ય રીતે ઉચ્ચસતાની મંજૂરીને આધીન રહીને પેટા કાયદાઓનું નિર્માણ કરી શકે. જોકે કોઈપણ પેટા કાયદાઓ સામે નીચે જણાવેલ કારણોવશાત કાયદાની અદાલતમાં પડકાર કરી શકાય છે.

૧. સ્થાનિક સંસ્થા વ્યક્તિના હક અને સ્વતંત્રતા પર તરાપ મારતી હોય.

૨. કાયદાઓની ભાષા નિર્માણ વિષય વિરુદ્ધ હોય તો

૩. યોગ્ય ક્રમ કરતાં અલગ રચના કરે તો

૪. સતાની આંતરિક મર્યાદા બહાર નિર્માણ થાય તો

તો આવા પ્રકારનાં કારણોસર તેને અદાલતમાં પડકારી શકાય છે અને મનાઈ હુકમ સંબંધિત વ્યક્તિને અને કાર્યને ફરમાવી શકાય છે.

### ૨.૩૩.૪ સ્થાનિક સરકારનાં મુખ્ય કર્તવ્યો :

સ્થાનિક સંસ્થાના કર્તવ્યોનો નિર્ણય ત્રણ બાબતો પર આધાર રાખે છે.

૧. સ્થાનિક સરકારના કર્તવ્યોની જવાબદારીનાં કારણો.

૨. સ્થાનિક સરકારના કર્તવ્યોનું વર્ગીકરણ

૩. સ્થાનિક સરકારના કર્તવ્યો નક્કી કરવા માટે જવાબદારી તત્વો.

ભારતનાં બંધારણના આર્ટીકલ ૩૮માં જણાવવામાં આવે છે કે 'રાજ્ય સરકાર લોક કલ્યાણ માટે જરૂરિયાત બધા જ જરૂરી પ્રયત્નો કરશે જેમાં તે પ્રજાકીય સંસ્થાઓને સામાજિક, આર્થિક અને રાજકીય રીતે સમન્યાય જાળવવા માટેનો અસરકારક અભિગમ અપનાવવા આદેશ આપશે.'

આ ઉપરથી સ્પષ્ટ થતી આ મુજબની સ્વાભાવિક અને નિયમિત સેવાઓ

- જાહેર આરોગ્યની તકેદારી
- રસ્તામાર્ગ જાળવણી અને સુધારણા
- ગરીબો માટે સેવા
- પાણી પુરવઠો
- જાહેર દિવાબતીઓ
- ગટર અને કૂંડા કચરાની સાફસુફી
- આવાસો બાંધવા

આમ, સ્થાનિક સંસ્થાઓની વ્યાખ્યા પ્રમાણે સ્થાનિક સંસ્થાએ પ્રથમ હરોળની રક્ષણાત્મક સંસ્થા છે. સમાજના સામાન્ય પ્રશ્નો જેવા કે, ગરીબી, માંદગી, દરિદ્રતા, અજ્ઞાનતા, અસ્પૃશ્યતા, સામાજિક અવદશા અને ગેર સામાજિક કૃત્યો સામે રક્ષણાત્મક સેવાઓ પૂરી પાડી શકે છે.

**૨.૩૩.૫ સ્થાનિક સંસ્થાઓના ફરજો અને હેતુઓ :**

- **હેતુઓ :**

નીચેના હેતુઓ પાર પાડવાની ફરજ બજાવે છે.

૧. સ્થાનિક પ્રજાનાં સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક વિકાસ થાય તે માટે આંતરિક સંકલનની નીતિ અપનાવવાનો હેતુ.

૨. મર્યાદિત સાધનો વડે અમર્યાદિત સંતોષ વધારેમાં વધારે લોકોને આપવાનો હેતુ.

૩. સ્થાનિક સગવડતાઓ અને સ્થાનિક સાધનોનો વિકાસ કરવાનો હેતુ

૪. સ્થાનિક વિસ્તારોમાં આયોજનપૂર્વક વિકાસ કાર્યો કરવાનો.

૫. સ્થાનિક પ્રજાને જરૂરી સેવા અને નાગરિક સુવિધાઓ પુરી પાડવાનો હેતુ

૬. સ્થાનિક સરકારના સ્થાનિક એકમ તરીકે કામ કરતી સંસ્થાની ભૂમિકા બજાવવાનો હેતુ.

- **ઉપરના હેતુઓ પાર પાડી શકાય તે માટેની ખાસ ફરજોનું વર્ગીકરણઃ**

  ૧. આયોજન

  ૨. નાગરિક સેવાઓ

  ૩. સાંસ્કૃતિક કાર્યક્રમો

  ૪. લોક કલ્યાણ કાર્યો

  ૫. આરોગ્ય અને પર્યાવરણ સુરક્ષા

  ૬. જાહેર સલામતી અને પ્રજાકીય સુરક્ષા

જેમાં નાણાંકીય આયોજન, વિસ્તારના વિભાગ પાડવાનું આયોજન, કાર્યોના વિભાગ પાડવાનું આયોજન વિગેરેનો સમાવેશ થાય છે.

**૨.૩૩.૬ સ્થાનિક સંસ્થાઓનાં ફરજિયાત કાર્યો અને મરજિયાત કાર્યો :**

સ્થાનિક સંસ્થાઓને મૂળભુત ફરજમાં આવતા અનિવાર્ય અથવા ફરજિયાત કાર્યો અનિવાર્યપણે બજાવવાં જ જોઈએ. આવી ફરજોના ભંગ બદલ રાજ્ય સરકાર ખુલાસો માંગી શકે છે.

ફરજિયાત કાર્યોને અગ્રતાક્રમ આપીને બાકી વધેલ નાણાભંડોળ અને પોતાની પરિસ્થિતિ સંજોગો પ્રમાણે સંસ્થાઓ મરજિયાત કાર્યો અને સેવાઓ આપતી હોય છે. આથી નાગરિકોની સુવિધામાં સારા પ્રમાણમાં વધારો થાય છે. આ બંને ફરજિયાત અને મરજિયાત કાર્યોની યાદી વચ્ચેના તફાવતની રેખા એકદમ પાતળી અને નહીંવત હોય છે. ક્યારેક બંને પરસ્પર સમાઈ જતા હોય છે. ઉદાહરણ તરીકે બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ મુજબ પ્રાથમિક શિક્ષણ પુરું પાડવું ફરજિયાત કાર્ય છે જ્યારે માધ્યમિક શિક્ષણની જોગવાઈ મરજિયાત કાર્યોમાં છે, છતાં પણ બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશનને શહેરમાં માધ્યમિક શાળાઓની સ્થાપના કરેલ છે. કારણ કે તેવી શાળાઓ સ્થાપવાની નાગરિકોની વાજબી જરૂરિયાત પુરી પાડે છે.

**૨.૩૩.૭ સ્થાનિક સંસ્થાઓએ એજન્સી તરીકે કરવાનાં કાર્યો :**

ઉચ્ચ સત્તાઓ દ્વારા સ્થાનીક સંસ્થાઓએ તેમના વતી અમુક કાર્યો કરવાનું ફરમાવવામાં આવે છે આ પ્રકારના દૃષ્ટાંતરૂપે જોઈએ તો રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકાર વતી અમૂક કરવેરાની વસુલાત કરવી અને કરવેરાની કામગીરી માટેની ઓફિસોનું સંચાલન કરવું. આ ઉપરાંત રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર વતી અમૂક યોજનાઓ ચાલુ રાખવી વગેરે પ્રકારનાં કાર્યો અને ફરજોનો સમાવેશ એજન્સીના કાર્યોમાં થાય છે, આ કાર્યો કરવા સરકાર તરફથી નાણાંકીય વળતર મળે છે.

સને ૧૯૬૧માં મહારાષ્ટ્ર જીલ્લા પરિષદના કાયદાની કલમ ૧૦૨ તથા કલમ ૧૦૩ અન્વયે એવું સ્પષ્ટ વિધાન કરવામાં આવેલ છે કે, રાજ્ય સરકારે સોંપેલા કાર્યો સંભાળવા માટે સ્થાનિક સંસ્થાઓ હક્કદાર રહે છે.

**૨.૩૩.૮ સ્થાનિક સરકારનું નાણાંભંડોળ :**

સ્થાનિક સરકાર ઉપર મુજબના ઘણાં કાર્યો અને સેવાઓ પુરી પાડે છે આ કાર્યો માટે નાણાંની જરૂરીયાત રહે છે. જો પુરતા પ્રમાણમાં નાણાં ભંડોળ ના હોય તો સંસ્થાઓ પોતાની ફરજો અસરકારક રીતે બજાવી શકે નહીં. વળી ખર્ચનાં પ્રમાણ વધવાની સાથે સંસ્થાઓની આવકનું પ્રમાણ વધતું નથી. સ્થાનિક સંસ્થાને મળવાપાત્ર વસુલાતની રકમ નિયત પ્રમાણમાં અમુક મર્યાદામાં જ હોય છે. આ પરિસ્થિતિ વધારે સમય ચાલુ રહે તો તેનું પરિણામ નીચે પ્રમાણેની અસર કરે છે.

૧. મરજિયાત સેવાઓ ના આપી શકે.

૨. સ્થાનિક સરકારની ફરજમાં ગણી શકાય તેવી અમૂક સેવાઓ નાબુદ કરવી પડે.

૩. સ્થાનિક સંસ્થાઓએ આપવી પડતી સેવાનું પ્રમાણ ઘટી જાય.

આવા પ્રકારની સમસ્યાઓના ઉકેલ બે રીતે આપી શકે.

૧. સરકાર પાસેથી અનુદાન અથવા ગ્રાન્ટની રકમમાં વધારો મેળવવાથી.

જેમાં જમીન અને મકાનની ભાડાની આવક, જમીન વેચાણ આવક અને જમીનની ઉપજના વેચાણની આવક, કેળવણી વિષય અને તબીબીઓની ફી આવક બજારોમાંથી મળતી લાયસન્સ ફી વ્યાપારી સંકુલમાંથી મળતી આવક મૂડી રોકાણના વ્યાજની આવક, આર્થિક સહાય અને ગ્રાન્ટની આવક વગેરે આવક પ્રાપ્ત થાય છે.

૨. સ્થાનિક હકુમતોનાં આવકનાં સાધનોનો વિકાસ કરવાથી સ્થાનિક સંસ્થાઓની આવકનાં સાધનો બે પ્રકારના છે.

૧. કરયુક્ત વસુલાત

૨. કરમુક્ત વસુલાત

**૨.૩૪ સ્થાનિક હકુમતો ઉપર સરકારનું નિયંત્રણ :**

સ્થાનિક હકુમતોએ ચૂંટાયેલી લોકશાહી સંસ્થાઓ છે. છતાં તેઓએ બંધારણમાં સૂચવેલી મર્યાદાની જોગવાઈઓમાં રહીને જ પોતાનો વહીવટ ચલાવવાનો હોય છે. એવું નથી કે વિધાનસભાએ આપેલી જોગવાઈ અને સંમતિ વિના કોઈ પણ જાતની પ્રગતિ કરી નથી. નિયંત્રણ એ માટે જ જરૂરી છે કે સ્થાનિક સેવાઓ અને ફરજોની એકસુત્રતા જળવાઈ રહે.

**૨.૩૪.૧ સરકારના મૂળભુત કર્તવ્યો અને ફરજો :**

૧. સ્થાનિક હકુમતો જે હેતુ માટે આર્થિક સહાય આપવામાં આવેલ હોય તે રકમનો ઉપયોગ તેજ કામમાં થયેલ છે તેવી ખાત્રી કરવી.

૨. સાર્વજનિક રાષ્ટ્રીય કક્ષાની પ્રવૃતિઓમાં પ્રત્યેક વિસ્તારોનો એકસરખો વિકાસ થવો જોઈએ અને કાર્યોમાં એકસૂત્રતા જળવાઈ રહે તે જોવાની ફરજ સરકારશ્રીની બની રહે છે.

૩. સ્થાનિક સંસ્થાઓ પોતાનાં કાર્યોમાં લઘુતમ કાર્યનિષ્ઠા દાખવવી તેમજ કસરયુક્ત સેવા અપાતી રહે તે જોવાની ફરજ રાજ્ય સરકારની છે.

૪. સ્થાનિક સંસ્થાઓ તેમને સોંપવામાં આવેલી ફરજો બરાબર બજાવે છે કે નહિં તેની ચકાસણી કરવી.

આ માટે ત્રણ પ્રકારના સરકારશ્રીના નિયંત્રણો છે.

૧. વહીવટી નિયંત્રણ

૨. ન્યાયિક નિયંત્રણ

૩. વૈધાનિક નિયંત્રણ

વહીવટી નિયંત્રણ રોજીંદા ક્રમમાં વહીવટની સામાન્ય પદ્ધતિમાં વહીવટી અહેવાલો સરકાર મંગાવે છે. અહેવાલ જોતાં સ્થાનિક સંસ્થા તરફથી આપવામાં આવતી સેવામાં કોઈ ખામી હોય તેનો સરકારને ખ્યાલ આવી શકે, અને સરકારે આપેલી નાણાંકીય સહાયને ઉપયોગ કેવી રીતે અને કેટલો થયો તે પણ જાણી શકાય છે.

વહીવટી નિયંત્રણમાં સાર્વજનિક ફરજ અંગે કાર્ય કરતી વખતે પણ સ્થાનિક સંસ્થાઓને સરકારની મંજુરી લેવી પડી છે, અને લોન આપ્યા પછી સરકાર ચકાસણી પણ કરે છે.

ન્યાયિક નિયંત્રણ દ્વારા અથવા ન્યાયિક ચુકાદાઓ વડે વૈધાનિક નિયંત્રણને સુરક્ષા પ્રાપ્ત થાય છે. કોઈ પણ નાગરિક સ્થાનિક સંસ્થાના પગલાને અદાલતમાં પડકારી શકે છે. અહીં અદાલતમાં રક્ષણ અને ચોકીદારનું કામ કરે છે.

વૈધાનિક નિયંત્રણમાં સરકાર ધારાસભાના વિધાન વડે બને છે. સ્થાનિક સંસ્થાઓના પ્રકાર તેની રચના તેની સતાઓ અને કાર્યો અને ફરજો નક્કી કરવામાં આવે છે. આજ કારણે ધારાશાસ્ત્રીઓ સ્થાનિક સ્વાયત સંસ્થાઓને કાનુન દ્વારા સર્જન પામેલી સંસ્થા માને છે. વિધાનસભાની પ્રક્રિયા દ્વારા કાયદાથી સુધારણા કરવામાં આવે છે, અને બંધારણમાં ફેરફાર પણ કરવામાં આવે છે.

આ ઉપરાંત સરકાર હિસાબની તપાસણી કરે છે. અધિકારીઓની નિમણુંક અને બરતરફી વિલંબીત કરવું, સુપરસીડ કરવું વગેરેમાં પણ સરકારશ્રીનું નિયંત્રણ હોય છે.

**૨.૩૫ ઉપસંહાર :**

ભારતની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ (સરકાર) સમયની સાથે પરિવર્તન લક્ષી આધુનિક બની છે. લોકશાહીનો ઉદય પણ સ્થાનિક સ્વાયત હકુમત હેઠળ થયો છે. સ્થાનિક ક્ષેત્રે સરકારનું ખાસ નિયંત્રણ નથી, છતાં જરૂર પડ્યે  સરકારશ્રી સ્થાનિક સંસ્થાઓ પર નિયંત્રણ પણ લાદે છે. સરકારને સ્થાનિક સંસ્થાઓના સંચાલન અને કાર્યોનો અભિપ્રાય વહીવટ અહેવાલ તેમ સ્થાનિક સંસ્થાઓએ નિમેલાં એસોસીએશનનો અહેવાલ સરકાર મેળવે છે. જરૂર પડે ત્યાં સૂચનો કરે છે અને કાયદા તથા સતામાં ફેરફાર પણ કરે છે.

# પ્રકરણ-૩
# ભારતની મહાનગરપાલિકાનો પરિચય

૩.૧ પ્રસ્તાવના

૩.૨ મહાનગરપાલિકાની સમિતિઓની સતા અને કામગીરી

૩.૩ મહાનગરપાલિકાની ચૂંટણી

૩.૪ સેક્રેટરી

૩.૫ ચીફ ઓડિટર

૩.૬ એકાઉન્ટ વિભાગ

૩.૭ ટ્રાન્સપોર્ટ કમિટિ (બસ સંચાલન હોય તો)

૩.૮ મહાનગરપાલિકા દ્વારા બજાવવામાં આવતી ફરજિયાત અને મરજિયાત સેવાઓ

૩.૯ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતી મરજિયાત સેવાઓ એક્ટની કલમ-૬૬ મુજબ

૩.૧૦ મહાનગરપાલિકાની કર પદ્ધતિ

૩.૧૧ ઉપસંહાર

# પ્રકરણ-૩

# ભારતની મહાનગરપાલિકાનો પરિચય

**૩.૧ પ્રસ્તાવના :**

સ્થાનિક સ્વરાજ્યની મહત્વની સંસ્થા મ્યુનિસિપલ કોર્પોરેશન (મહાનગરપાલિકા) છે. ભારતમાં નાનાં નગરો માટેની મ્યુનિસિપલ સંસ્થા નગરપાલિકા તરીકે બને મોટા શહેરોની સંસ્થા મ્યુનિસિપલ કોર્પોરેશન (મહાનગરપાલિકા) તરીકે ઓળખાય છે.

જે મોટાં શહેરી વિસ્તારમાં હોય, જેની પાસે વોર્ડ કમિટી હોય અને એક અથવા વધારે વોર્ડ હોય જેનો સમાવેશ પ્રાદેશિક વિસ્તારમાં થતો હોય તેવા વિસ્તારની જનસંખ્યા ત્રણ લાખ કે તેથી વધારે પ્રમાણમાં હોય તેને મહાનગરપાલિકા કહેવામાં આવે છે.

ભારતની મહાનગરપાલિકાનાં બંધારણમાં ખાસ સમિતિઓ, સમિતિઓની સતા અને કામગીરી તથા મહાનગરપાલિકાની ચૂંટણી, વસ્તી ગણતરી વિશે સમજૂતી આપવામાં આવી છે. આ ઉપરાંત મહાનગરપાલિકાનાં ફરજિયાત અને મરજિયાત કાર્યો શું છે ? તે દર્શાવવામાં આવ્યા છે અને અંતે મહાનગરપાલિકાના આવકના સાધન તરીકે કર માળખું દર્શાવવામાં આવ્યું છે. જેનો અહી આ પ્રકરણમાં અભ્યાસ કરીશું.

**૩.૧.૧ મહાનગરપાલિકાનું બંધારણ :**

શ્રી બોમ્બે પ્રોવિન્સિપલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ની કલમ-૪(૧) મુજબ કોર્પોરેશનનું બંધારણ નીચે મુજબ છે.

૧. સ્ટેન્ડીંગ કમિટી
૨. ટ્રાન્સપોર્ટ કમિટી
૩. કોર્પોરેશન
૪. મ્યુનિસિપલ કમિશ્નર
૫. મ્યુનિસિપલ સ્કુલ બોર્ડ

કલમ-૪(૨) મુજબ પ્રાથમિક શિક્ષણ સંબંધમાં કોર્પોરેશન ઉપર નાંખવામાં આવેલ ફરજો સને ૧૯૪૭ના મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ તથા ઉપબંધો અનુસાર બજાવવી અને ઉક્ત અધિનિયમના હેતુ માટે કોર્પોરેશન ઉક્ત અધિકૃત અધિનિયમના અર્થ પ્રમાણેની મહાનગરપાલિકા અધિકતમ ગણાશે અને તેને શહેરમાં સ્વીકારેલી સઘળી માન્ય શાળાઓ ઉપર નિયંત્રણ રાખવાની તથા વહીવટી અધિકારી નિયુક્ત કરવાનો અધિકાર રહેશે.

બી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ અનુસાર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કામોનું સંચાલન કરવામાં આવે છે. મ્યુનિસિપલ બોર્ડ ચુંટાયેલા સભ્યોનું બનેલું હોય છે. જે કોર્પોરેશનનાં સંચાલનમાં નીતિવિષયક નિર્ણયો કરે છે. એક્ટ મુજબ જે બાબતોમાં રાજ્ય સરકારની મંજુરી લેવાની કાર્યવાહી મ્યુનિસિપલ કમિશ્નર મારફ્ત કરવામાં આવે છે.

એક્ટની જોગવાઈઓ મુજબ કાયદાકીય સમિતિઓ જેવી કે સ્થાયી સમિતિ, નગર પ્રાથમિકશિક્ષણ કમિટી પ્રાથમિક અને ટ્રાન્સપોર્ટ સમિતિ, આ સિવાય અન્ય ઘણી બધી સમિતિઓની રચનાઓ કરવામાં આવી છે. સમિતિના પ્રોસીડિંગને કાયદા મુજબ મ્યુનિસિપલ બોર્ડનાં યોગ્ય નિર્ણય માટે મુકવામાં આવે છે. સેક્રેટરી, ચેરમેનશ્રીની સુચના મુજબ તમામ સમિતિઓની બેઠકો બોલાવવાની કાર્યવાહી કરે છે અને તે અથવા તેના પ્રતિનિધિ દરેક મીટીંગમાં હાજર રહી પ્રોસિડીંગની નોંધ કરે છે. સેક્રેટરી ઓફિસ અને ઓડીટ વિભાગો સિવાયના તમામ ખાતાંઓનું સંચાલન મ્યુનિસિપલ કમિશ્નર કરે છે. શાસનઅધિકારી પ્રાથમિક શાળાઓનું સંચાલન કરે છે.

**મહાનગરપાલિકા**

સમગ્ર સભા | કમિશ્નર (વહીવટી) | સ્ટેન્ડીંગ કમિટિ

સમગ્ર સભા → મેયર → ડેપ્યુટી મેયર

ખાસ સમિતિ | સેક્રેટરી | ચીફ ઓડીટર | એકાઉન્ટ | ટ્રાન્સપોર્ટ

ખાસ સમિતિ:

૧. ટાઉન પ્લાનીંગ

૨. ગાર્ડન સમિતી

૩. સોશ્યલ વેલ્ફેર

૪. એસ્ટેટ સમિતિ

૫. જાહેર બાંધકામ

૬. આરોગ્ય

૭. વોટર વર્કસ

૮. લીગલ

૯. નગર પ્રાથમિક શિક્ષણ

૧૦.ડ્રેનેજ

૧૧.સ્ટ્રીટલાઈટ સમિતિ

૧૨.શોપ અને એસ્ટાબ્લીસમેન્ટ સમીતિ

**૩.૨ મહાનગરપાલિકાની સમિતિઓની સતા અને કામગીરી :**

મહાનગરપાલિકાઓની ઉપર મુજબની સમિતિઓની સતા અને કામગીરી આ મુજબ છે.

**૩.૨.૧ જનરલ બોર્ડ (સમગ્ર સભાં)**

સમગ્ર સભામાં મેયર તથા ડેપ્યુટી મેયરનો સમાવેશ થાય છે. જેઓની કામગીરી, સતા તથા તેમની ચુંટણી પ્રથા નીચે મુજબ છે.

મહાનગરપાલિકાના બી.પી.એસ.સી. એક્ટમાં ત્રણ સતાઓ છે. (૧) કોર્પોરેશન (૨) સ્ટેન્ડીંગ કમિટી તથા (૩) કમિશ્નર જેમાં કોર્પોરેશન એટલે જનરલ બોર્ડ જેના વડા તરીકે, અધ્યક્ષ તરીકે મેયરશ્રી હોય છે. આ સતાની રૂએ તેઓ જનરલ બોર્ડમાં નક્કી થતી કોર્પોરેશનની નીતિ વિશે નિર્ણાયત્મક સતા ભોગવે છે. આ ઉપરાંત બી.પી.એમ.સી. એક્ટના કલમ-૫ માં ચારમાં સેકશન ૬૭માં થયેલ સુધારા મુજબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીએ શહેરના વિકાસ કામો તેમજ મોટા આર્થિક ખર્ચ ધરાવતા પ્રોજેક્ટ માટે મેયરશ્રી સાથે પરામર્શ કરીને જે તે કામોની દરખાસ્ત કરવી.

આ સિવાય શહેરના પ્રથમ નાગરિક તરીકે શહેરના વિકાસને લગતી નીતિ વિશે તેમજ અન્ય બાબતો, કોર્પોરેશનની સામાન્ય સભાની અધ્યક્ષ સ્થાન લેવું. તે સહિતની અનેક સતાઓ મેયરશ્રી ભોગવે છે. પ્રજાના પ્રશ્નોની ફરિયાદો સાંભળી તેમનો યોગ્ય નિકાલ કરવાની જવાબદારી પણ મેયરશ્રી સંભાળતા હોય છે. હાલમાં થયેલ સુધારા મુજબ મેયરશ્રીના હોદાની મુદત અગાઉ જે એક વર્ષની હતી તેમાંથી હવે અઢી વર્ષની કરવામાં આવી છે.

ઉપરોક્ત સતાઓ અને જવાબદારીઓ મેયરશ્રીની ગેરહાજરીમાં ડેપ્યુટી મેયર ભોગવે છે.

સામાન્ય ચૂંટણીઓ થયા પછી મહાનગરપાલિકાનાં ચૂંટાયેલા કોર્પોરેટરો પ્રથમ સામાન્ય સભાની મિટિંગમાં મેયર અને ડેપ્યુટી મેયરને ચુંટી કાઢે છે.

### ૩.૨.૨ કમિશ્નર :

મહાનગરપાલિકાની કચેરીમાં કમિશ્નર કાર્યાલય મુખ્ય અંગ છે. બી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯માં નિર્દિષ્ટ કરેલી જોગવાઈઓને આધિન વહીવટી સતાઓ અને વહીવટી કન્ટ્રોલ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી પાસે રહે છે અને તે મુજબ મ્યુનિસિપલ કમિશ્નર એક્ટ દ્વારા મળેલ સતાઓ અન્વયેની કાર્યવાહી અને ફરજો બજાવે છે તેમજ સમગ્ર વહીવટનું સંચાલન અને દેખભાળ કમિશ્નરશ્રી દ્વારા થતું રહેલ છે.

મહાનગરપાલિકાના મુખ્ય વહીવટી વડા તરીકે કમિશ્નર હોય. તેમના હાથ નીચે તેના કાર્યાલયમાં અંગત મદદનીશ તેમજ સ્ટેનોગ્રાફરસિનિયર કલાર્ક તથા જુનિયર કલાર્ક રહે છે. કાર્યાલયમાં કોર્પોરેશનની જુદી-જુદી શાખાઓમાંથી આવતી તમામ ફાઈલોને સંપાદન કરી તેનો સંપૂર્ણ અભ્યાસ કરીને કમિશ્નરશ્રીની મંજુરી/હુકમો મેળવવા માટે રજૂ કરવાની રહે છે. સરકારશ્રી તરફથી આવતી ટપાલો, અરજદારોની અરજીઓ તેમજ સાંસદ સભ્યશ્રી, ધારાસભ્યશ્રીઓ અને કોર્પોરેશનના પદાધિકારીઓ અને સંસદશ્રીઓ દ્વારા રજૂ કરવામાં આવતા પત્રોને વંચાણે મુકીને એ તમામ ફાઈલો તથા પત્રોને જે તે લગતી શાખાઓમાં મોકલવાની ફરજો આ સ્ટાફ દ્વારા બજાવવામાં આવે છે. ઉપરાંતમાં શહેરીજનો દ્વારા લેખીત, મૌખિક અને ટેલિફોનિક જે રજુઆતો અને ફરિયાદો આવે તે જે તે ડિપાર્ટમેન્ટમાં મોકલી આપીને નિકાલ કરવા માટેની સૂચના આપવામાં આવે છે.

આ રીતે કોર્પોરેશનના વહીવટી કાર્યક્ષેત્રનું મધ્યબિંદુ કમિશ્નરશ્રીના સીધા તાબા હેઠળ રહે છે. તેમજ વહીવટી સૂચનાઓ, પરિપત્રો તથા હુકમો વખતોવખત કમિશ્નરનાં કાર્યાલય દ્વારા બહાર પાડવામાં આવે છે અને તે મુજબ અમલ કરાવવામાં આવે છે. મુખ્ય કમિશ્નરની નીચે નાયબ કમિશ્નર અને આસિસ્ટન કમિશ્નર નિમાયેલા હોય છે તેઓ તે મુજબ કમિશ્નરની સત્તા હેઠળ કાર્યો કરે છે.

### ૩.૨.૩ સ્ટેન્ડીંગ કમિટી :

સ્ટેન્ડીંગ કમિટીની ઓફિસનું સંચાલન ચેરમેન દ્વારા થાય છે. સ્ટેન્ડીંગ કમિટીમાં ખાસ સમિતિઓ, સચિવ ચીફ ઓડિટર અને ટ્રાન્સપોર્ટ કમિટીઓનો સમાવેશ થાય છે. અહીં તેનો વિગતે અભ્યાસ કરીએ.

### ૩.૨.૪ ખાસ સમિતિઓમાં

જુદી-જુદી શાખાઓનું સંચાલન યોગ્ય રીતે થાય તે માટે ખાસ સમિતિઓ નિમવામાં આવે છે જે નીચે મુજબ છે.

### ૩.૨.૫ વોટર વર્ક્સ સમિતિ :

આજે આપણોદેશ તથા તેમાં ગુજરાત રાજ્યનાં નગરો દુષ્કાળનો સામનો કરી રહ્યા છે. ઘણાં વર્ષથી દુષ્કાળ, અર્ધદુષ્કાળની પરિસ્થિતિ જોવા મળે છે. આથી પાણીની કટોકટીનો સામનો કરવો પડે છે.

પાણીની કટોકટી નિવારવા, શહેરીજનોને પાણી પુરું પાડવા અર્થે વોટર વર્ક્સ સમિતિના કામગીરી અને તેમની જવાબદારી વધવા લાગે છે અને સૌથી વધુ કામગીરી કરવી પડે છે.

મહાનગરપાલિકાના જુદા-જુદા વિસ્તારોમાં (વોર્ડમાં) દરેક કુટુંબોને પાણી પુરું પાડવું, પાણીની વ્યવસ્થા કરવી, પાણીની શહેરમાં વ્યવસ્થા ના હોય તો બહારથી તે માટે પાણી લાવી લઈ આવવું. ઘેર-ઘેર નળ કનેકશન દ્વારા પાણી પહોચાડવું. તથા ટેન્કરો દ્વારા પાણી પહોંચાડવાના જવાબદારી રહે છે.

પાણીનું શુદ્ધીકરણ કરવા ફિલ્ટર પ્લાન્ટ કાર્યરત રાખવા. તેમાં સુધારણા કરવાની જવાબદારી રહે છે. પાણી પુરું પાડવા ડેમ, જળ-તળાવો બાંધવા અને આ ઉપરાંત જરૂર પડે દૂર દૂર સુધી નહેર તૈયાર કરીને પણ પાણી લઈ આવવું પડે છે.

આ શહેરીજનોની જરૂરીયાત પુરતું શુદ્ધ અને ચોખ્ખું પાણી પુરું પાડનાર, પાણી પુરવઠા સમિતિની કામગીરી મહત્વની બની રહે છે. કારણ કે જીવન જરૂરિયાત અને આપણા રોજિંદા રૂટીનમાં પાણીએ અગત્યની બાબત છે.

### ૩.૨.૬ ગાર્ડન સમિતિ :

નગરનાં સૌંદર્ય અને પર્યાવરણ જાળવણીનું કાર્ય વનસ્પતિ કરે છે. વનસ્પતિ અને બાગ બગીચાઓની જાળવણી કરવી એ દેશની અને દેશના નાગરિકોની ફરજ બની રહે છે. કારણ કે માનવ જીવનમાં તેમનો ફાળો મહતમ છે. અને તે પાંચકક્ષાએ માનવજીવન સાથે સંકળાયેલ છે.

૧. ફળરૂપ કક્ષા

૨. શોભારૂપ કક્ષા

૩. વિસામારૂપ કક્ષા

૪. પુજાપાત્ર કક્ષા

૫. ઔષધિયુક્ત કક્ષા

મહાનગરપાલિકાની ગાર્ડન સમિતિમાં, ગાર્ડન સુપ્રિટેન્ડન્ટ, આસિસ્ટન્ટ, ગાર્ડન સુપ્રિટેન્ડન્ટ, કલાર્કો, વ્યવસ્થાપકો, માળી, ચોકીદારો, મજૂરો વગેરેનો સમાવેશ થાય છે.

ગાર્ડન શાખા નાગરિકો તેમજ બહારથી આવતા નાગરિકોનો હરવા-ફરવાનાં કુદરતી સ્થળો મળી રહે તે માટે બગીચા જાળવણી, નિભાવણી તેમજ નવા બગીચાઓની સ્થાપના કરવામાં સારું યોગદાન આપે છે તથા શહેરમાં નડતરરૂપ તેમજ અકસ્માતે તૂટી પડતાં વૃક્ષો દુર કરવાની કાર્યવાહી ગાર્ડનશાખા મારફત કરવામાં આવે છે. મહાનગરપાલિકાની માલિકીના આ વિસ્તારમાં વૃક્ષો, ડાળીઓ કાપવાની સતા કમિશ્નરશ્રીને એનાયત થયેલી આ સતા આદેશ મળ્યા બાદ ગાર્ડન સમિતિને આપવામાં આવે છે.

**૩.૨.૭ જાહેર બાંધકામ સમિતિ :**

આ કામગીરી કાર્યપાલક ઈજનેર અથવા તેની દેખરેખ હેઠળ ડેપ્યુટી ઈજનેર (સીવીલ) કામ કરે છે. આ વિભાગમાં શહેરમાં આવેલ રસ્તાઓ, મહાનગપાલિકાના બિલ્ડીંગ, ગટર, પુલનાલા, કીડિંગ, કેનાલ, પ્રાથમિક શાળાના મકાનો બાલમંદિર માટેના અન્ય મકાનો, કોમ્યુનિટી હોલ, જાજરુ વગેરેનાં બાંધકામ કરાવવું અને અન્ય સુવિધઓ પુરી પાડે છે.

**૩.૨.૮ એસ્ટેટ સમિતિ :**

એસ્ટેટ વિભાગની કામગીરીનું સંકલન અને નીતિ વિષયક નિર્ણયો જેવી બાબતો ડેપ્યુટી કમિશ્નરશ્રીના અંકુશ હેઠળ, માર્ગદર્શન હેઠળ એસ્ટેટ ઓફિસર સંભાળે છે. એસ્ટેટ ઓફિસર હેઠળ બીજા અધિકારીઓ એસ્ટેટ ઓફિસરના અંકુશ અને સતા હેઠળ કાર્યો કરે છે.

ધી બી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ અન્વયે મળેલી સતાની રૂએ-એસ્ટેટ વિભાગ દ્વારા વિવિધ પ્રકારની કામગીરી કરવામાં આવે છે. આ વિભાગમાં બિનઅધિકૃત બાંધકામો હટાવવા તેમજ તોડી નાંખવાની, ટ્રાફિકને અડચણરૂપ બાંધકામો દૂર કરવાની કામગીરી, કારખાનાનાં લાયસન્સ આપવાં, મ્યુનિસિપલ મિલકતોની જાળવણી કરવી, ભયજનક મકાનો ઉતારવાં, મ્યુનિસિપલ મિલકતોના ભાડા ઉઘરાવવાં, જાહેર રસ્તાઓ ઉપર જાહેર ખબરના બોર્ડની પરવાનગી તેમજ તેના ભાડાની વસુલાત કરવી, કારખાનાની લાયસન્સ ફી ઉઘરાવવી, ટોલટેક્ષ ઉઘરાવવો, લીઝ પેટે આપેલ જમીનોના પટા રીન્યુ કરવા, તથા શહેરમાં રાવળી જગ્યા લીઝ, ભાડાં ઉપર આપવી અને ભાડું વસુલવું.વગેરે કામગીરી એસ્ટેટ સમિતિ કરે છે.

નગરવિકાસ અન્વયે જમીનો સંપાદન કરવી, રસ્તાઓને પહોળા કરવા તથા શહેરી વિસ્તારનાં બેરોજગાર અને વિકલાંગ વ્યક્તિઓને સરકારશ્રીની સ્વરોજગાર યોજનાં હેઠળ એસ.ટી.ડી. પી.સી.ઓ. માટે જગ્યા વાર્ષિક ભાડાનાં ધોરણે ફાળવવી.

શહેરમાં અકસ્માત ન થાય તે માટે સલામતી અને રોજિંદા વાહનો ચાલી શકે, રાહદારીઓને ફુટપાથ ઉપર ચાલવાની વ્યવસ્થા રહે તે માટે ફુટપાથ રીપેરીંગ જરૂરી સ્પીડ બ્રેકર, સાઈટ બોર્ડો અને રોડ ડિવાઈડરો વગેરેની કામગીરી એસ્ટેટ શાખા દ્વારા કરવામાં આવે છે.

એસ્ટેટ ઓફિસરની દેખરેખ હેઠળ બજાર શાખાની કામગીરી થાય છે. આ શાખા દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશન શાકમાર્કેટો, દુકાનો, કતલખાનાંની તથા લો-ભાડાંની વસુલાત કરવાની કામગીરી કરે છે તથા કારખાનાંઓને લાયસન્સ આપવાની કામગીરી પણ એસ્ટેટ સમિતિ કરે છે.

**૩.૨.૯ આરોગ્ય સમિતિ :**

આરોગ્ય સમિતિ જુદી જુદી કામગીરી કરી અનેક સેવાઓ નગરજનોને પુરી પાડે છે જેવી કે જન્મમરણની નોંધણી કરવી,ભેળસેળ અટકાયતો, મેલેરિયા નાબુદી તેમજ સરકારશ્રીની યોજનાઓને અમલ કરી આપે છે. આ ઉપરાંત પોલિયો રસીકરણ, કુટુંબનિયોજન કામગીરી, મફ્ત દવાખાનાની સેવાઓ, એઈડ્સ, ટી.બી. નિવારણ કાર્યક્રમો, શાળાઓમાં બાળકોના આરોગ્ય તપાસનાં વગેરે સેવાઓ પુરી પાડે છે.

આ ઉપરાંત નગર સમુદાય વિકાસ યોજના હેઠળ બાળસંકલિત વિકાસ યોજના અને શહેરી સામુદાયિક વિકાસ યોજનાઓ અમલી બને છે.

**૩.૨.૧૦ ટાઉન પ્લાનીંગ સમિતિ :**

ટાઉન પ્લાનીંગ સમિતિ ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ ૧૯૭૬ તથા ધી બી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ની જુદી જુદી જોગવાઈઓ દ્વારા કાર્યરત રહે છે.

મહાનગરપાલિકાની હદ વિસ્તારમાં ડેવલપમેન્ટ પ્લાનને સુસંગત બાંધકામ, વિકાસ કામો સબપ્લોટો/એમલગેમેશન તથા લે-આઉટ વિકાસ પરવાનગીઓ દ્વારા કાર્યરત રહે છે. આ ઉપરાંત રાજ્ય તથા બી.પી.એસ.સી. એક્ટની જોગવાઈ વિરુદ્ધનાં બાંધકામો દૂર કરવાની કાર્યવાહી કરે છે અને ડેવલપમેન્ટ પ્લાનની દરખાસ્તો મુજબ શહેરના જુદા-જુદા વિસ્તારોમાં સૂચિત કરવામાં આવેલ ટી.પી. રસ્તાનું અમલીકરણ પણ આ સમિતિ કરે છે.

ટાઉન પ્લાનીંગ શાખામાં ટાઉન, પ્લાનર, આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર વગેરે તથા તેની નીચે અધિકારીઓ કાર્યરત હોય છે. આ સમિતિ ઉપર મુજબનાં તથા અન્ય પ્લાન્ટને લગતાં બાંધકામો તથા કાર્યો કરે છે. ટાઉન પ્લાનમાં શહેરી વિસ્તાર વિકાસ સતામંડળનો પણ ફાળો હોય છે.

આ રીતે રસ્તાઓ અને મકાનોનાં બાંધકામો એ ટાઉન પ્લાનીંગ સમિતિનું ખાસ પ્રયોજન હોય છે. સમિતિ આ માટે બાંધકામ નિયંત્રણ નગરવિકાસ યોજના અને તેની શાખાઓને કાર્યરત રાખવાનું કાર્ય કરે છે.

**૩.૨.૧૧ ડ્રેનેજ સમિતિ :**

મહાનગરપાલિકાની સૌથી મહત્વની કામગીરી બજાવતી આ ડ્રેનેજ સમિતિ શહેરીજનોને, શહેર ચોખ્ખું રાખી, ગંદકીથી બચાવવાની કામગીરી બજાવે છે.

ભુગર્ભગટરની કામગીરી તેમના વ્યવસ્થા બોર્ડ દ્વારા કરવામાં આવે છે. જુની ગટર લાઈનમાં સુધારા, રીપેરીંગ કામ તથા નવા ભળતા વિસ્તારોમાં નવી ભૂગર્ભગટર યોજના અમલી બનાવવાનું કાર્ય તેમના સતાધિકારી ગટર વ્યવસ્થા બોર્ડ કરે છે. ભૂગર્ભગટર બાંધકામોની કામગીરીની ગુણવતા જળવાઈ રહે તે હેતુથી ભૂગર્ભ ગટર સ્ટોર સપ્લાઈ વિગેરે કાર્યરત હોય છે.

આમ ડ્રેનેજ યોજનાએ મહાનગરપાલિકાની સૌથી ઉત્તમ અને એક સામાજિક સેવાકીય કામગીરી છે. ગંદા પાણીના નિકાલથી શહેરમાં ગંદકી, ગંદકીજન્ય રોગો, તથા મચ્છરના ત્રાસમાંથી રાહત મળે છે. આ ઉપરાંત શહેરની સુંદરતામાં ઘટાડો થતો અટકાવી શકાય.

**૩.૨.૧૨ સોશ્યલ વેલ્ફર સમિતિ :**

સામાજિક કલ્યાણ સમિતિ, સામુદાયની યોજનાને સાકાર કરવા તત્પર તથા પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત રહેવા તત્પર રહે છે.

રાજ્ય સરકારશ્રીના શહેરી વિકાસ વિભાગ અને રાજ્ય મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા વિવિધ યોજનાઓ મહાનગરપાલિકાના યુ.સી.ડી. પ્રોજેક્ટ દ્વારા ચલાવવામાં આવે છે. તથા બીજી આઈ.સી.ડી.એસ.યોજના દ્વારા સેવા આપવામાં આવે છે.

યુ.સી.ડી.એસ. યોજના (સંકલિત બાળ વિકાસ યોજના) હેઠળ સમાજમાં દરેક ક્ષેત્રે થઈ રહેલ વૃદ્ધિ પામ્યે જતા સ્લમ, વિસ્તારમાં વસવાટ કરતા લોકોને પોષણ અને આરોગ્યલક્ષી સેવાઓ આપવી. બાળકોનાં માનસિક, શારીરિક અને સામાજિક વિકાસનો પાયો નાંખવો, બાળકોમાં માંદગીનું પ્રમાણ ઘટાડવું. બાળમૃત્યુ, કુપોષણનું પ્રમાણ ઘટાડવું. ગર્ભવતી માતાઓને પોષણ આપવું જેથી બાળક તંદુરસ્ત જન્મે તેમજ સર્વાંગી વિકાસ થાય તે માટેની વિવિધ સેવાઓ પુરી પાડવામાં આવે છે. તેમજ આ માટે મહાનગરપાલિકામાં આંગણવાડીઓ ચલાવવામાં આવે છે.

આ યોજનાઓના સ્ટાફમાં પ્રોજેક્ટ ઓફીસરો, ડેપ્યુટી પ્રોજેક્ટ ઓફિસરો, કોમ્યુનીટી ઓર્ગેનાઈઝરો કલાર્ક તથા પટાવાળાઓ હોય છે.

આ બંને સેવાઓ ઉપરાંત પણ મહાનગરપાલિકાઓ કેટલીક મરજીયાત સેવાઓ પણ બજાવે છે. વધુ મરજીયાત સેવાઓ બજાવવાનો આધાર નાણા ભંડોળ પર રહે છે. જો નાણાંનું ભંડોળ વધારે હોય તો તેઓ વધુ મરજીયાત સેવાઓ આપે છે અને ઓછું હોય તો મર્યાદિત પ્રમાણમાં મરજીયાત સેવાઓ આપે છે.

### ૩.૨.૧૩ સ્ટ્રીટ લાઈટ સમિતિ :

શહેરને રોશનીથી ઝળહળતું કરી, અંધારાને ઓગાળી વટેમાર્ગને માર્ગ દેખાડતી રોશની કરવાનું કામ રોશની વિભાગ સમિતિ સંભાળે છે. આ અંગે રોશની વિભાગની બી.પી.એમ.સી. એક્ટની કલમ-૨૪૯માં જોગવાઈ છે.

રોશની વિભાગની સમગ્ર કામગીરી પર સીટી એન્જિનીયરની દેખરેખ હોય છે. એકઝીક્યુટીવ એન્જીનીયરશ્રી, ડેપ્યુટી એન્જીનીયર તથા ટેકનીકલ સ્ટાફ નિમાયેલ હોય છે.

શહેરના વિકાસની સાથે વધતા જતા ટ્રાફિકને અનુરૂપ લાઈટની સુવિધા ઉપરાંત શહેરની શેરીઓ, ગલીઓ ઔદ્યોગિક વિસ્તારો, હાઉસીંગ બોર્ડની જુદી જુદી વસાહતોમાં સ્ટ્રીટ લાઈટ સુવિધા તથા મરામત નિભાવની રોશની વિભાગનો સ્ટાફ સરળતાથી નિભાવે છે. રોશનીની બાબતમાં શહેરીજનોની ફરીયાદનાં નિકાલ પણ તાત્કાલિક કરે છે.

આ ઉપરાંત મ્યુનિસિપલ કોર્પોરેશનની ઓફીસો, ઓક્ટ્રોય નાકાઓ, બાલમંદિરો, સ્કુલો, જાહેર ગાર્ડનો, ફુવારાઓ, ટાઉનહોલ વગેરેની લાઈટો તથા દરેક ઈલેક્ટ્રીક ઈન્સ્ટોલેશની અનામત જાળવણી નિભાવ કરવામાં આવે છે તેમજ જાહેર તહેવારોની ઉજવણી વખતે મહાનગરપાલિકાની કચેરી ટાઉનહોલો તેમજ મુખ્ય વિભાગોને સુશોભિત કરવાની કામગીરી પણ ઘણી મહાનગરપાલિકાઓમાં થતી હોય છે. ત્યાં આ કાર્ય-રોશની વિભાગ કરે છે.

### ૩.૨.૧૪ લીગલ સમિતિ :

મહાનગરપાલિકાઓની ખાસ સમિતિઓ તથા કમિશ્નર કચેરીના પેટાવિભાગ લીગલ કામ લેબર વિભાગ (સમિતિ) મુખ્ય છે. મહાનગરપાલિકાઓના તમામ ખાતાંઓને કાનુની માર્ગદર્શન તથા સલાહ સૂચનો આપવાની કામગીરી કરે છે. કર્મચારીઓના પ્રશ્નો માટે લીગલ અભિપ્રાયો આપવા મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી કરવામાં આવતા દાવાઓમાં વકીલો રોકવાની, વકીલોની ફીનું ચુકવણું કરવાનું તથા કોર્ટમાં ચુકાદાનો અમલ કે ચુકાદા વિરુદ્ધની અપીલ કરવા માટેની તમામ કાનૂની કામગીરી આ લીગલ સમિતિ સંભાળે છે. આ ઉપરાંત મજૂર અદાલત તેમજ ઔદ્યોગિક અદાલતમાં કરવામાં રહેતી કામગીરી એપ્રેન્ટીસ એક્ટ હેઠળ ફાળવેલ જગ્યા પ્રમાણે જરૂરીયાત મુજબ ઉમેદવારની પસંદગી કરી જે તે વિભાગને નિમણુંક આપવાની કામગીરી પણ કરે છે.

મ્યુનિસિપલ કમિશ્નર, ડેપ્યુટી કમિશ્નર તથા આસિસ્ટન્ટ કમિશ્નર અને ખાતાંઓના વડાઓને પાવર ડેલીગ્રેશન તેમજ રુલ્સ બાયલોઝ અને રેગ્યુલેશનમાં સુધારા-વધારાની કામગીરી અત્રેથી (લીગલ સમિતિમાંથી) કરવામાં આવે છે. સુપ્રિમ કોર્ટ, હાઈકોર્ટ, સિવીલ કોર્ટ, લેબર

કોર્ટ, એસ.ડી.એમ. કોર્ટના દાવાઓ (કોર્પોરેશન તરફથી અને કોર્પોરેશન વિરુદ્ધ)ની નોંધણી કરવાની, તેમજ આવેલ જજમેન્ટની નોંધ રાખી તે અંગેની જાણ કરવાની કામગીરી કરવામાં આવે છે. મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી તેમજ વિરુદ્ધ થતા દાવાઓમાં વકીલ રોકવાની, વકીલોને ફી ચુકવવાના કોર્ટના ચુકાદાઓના અમલ કે ચુકાદા વિરુદ્ધ અપીલ કરવાની તેમજ તમામ ખાતાઓને કાનૂની માર્ગદર્શન તથા સલાહ સૂચનો આપવાની કામગીરી અત્રેથી કરવામાં આવે છે. કોર્પોરેશનના કર્મચારીઓના લેબરના પ્રશ્નો, પ્રમોશન વિગેરેના પ્રશ્નો અંગે લીગલ અભિપ્રાયો આપવામાં આવે છે. આમ કોર્પોરેશનની તમામ પ્રકારની કાનુની કામગીરી આ સમિતિ દ્વારા હાથ ધરવામાં આવે છે. જુદી-જુદી શાખાઓ દ્વારા બનાવવામાં આવતા નિયમો, જાહેરાતના બોર્ડના નિયમો વગેરે જેવા નિયમોને સરકારશ્રીની મંજૂરીની કાર્યવાહી લીગલ સમિતિ મારફત કરવામાં આવે છે. આ ઉપરાંત જરૂરી કાયદા-નિયમો વગેરે સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ કરવાની કામગીરી પણ લીગલ સમિતિ (શાખા) મારફત કરવામાં આવે છે.

**૩.૨.૧૫ શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ સમિતિ :**

ધી બોમ્બે શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એક્ટ મુજબ મહાનગરપાલિકા શહેરમાં આવેલા વેપારી એકમો, દુકાનો, હોટલો, રેસ્ટોરન્ટ, સિનેમાઘરો વગેરેમાં મજુરોનું શોષણ ન થાય એટલું પુરતું વેતન આપવામાં આવે અને સમય મર્યાદાથી વધારે કામ મજુરો પાસેથી લેવામાં ન આવે અને મજૂરોના આરોગ્ય અને ઉત્કર્ષ માટે આ કાયદો ઘડવામાં આવેલો છે અને તેનો અમલ ચુસ્તપણે થાય તે માટે શોપ ઈન્સ્પેક્ટરની નિમણુંક કરવામાં આવે છે.

આ કાયદો, વેપારીસંસ્થા, કારખાનાં, દુકાનો, રહેણાંકની હોટલો, હોટલો અને રેસ્ટોરા, થીએટર અને મનોરંજનઘરોને લાગુ પડે છે. આ માટે શોપ ઈન્સ્પેક્ટર અને તેમના અધિકારીઓ ગણતરી કરી કાયદાનો અમલ થાય છે માટે પૂરતી કાળજી રાખે છે.

**૩.૨.૧૬ અગ્નિશામકદળ સમિતિ :**

અગ્નિશામક દળ એ મહાનગરની અતિ મહત્વની આવશ્યક સેવા ગણાય છે. તેનું કાર્ય અવરિત પ્રકારનું છે.

મહાનગરપાલિકાઓની ફરજિયાત સેવાઓ પૈકીની એક સેવા ફાયરબ્રિગેડની છે. બી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ની કલમ મુજબ તેનું સંચાલન કોર્પોરેશન કરે છે. સમિતિમાં ચીફ ફાયર ઓફિસરો, સિનિયર ફાયર ઓફિસરો, લેડીંગ ફાયરમેનો, ડ્રાયવરો, કલાર્ક, બેલદાર, પટાવાળાનો સમાવેશ થાય છે.

માનવસર્જિત અકસ્માત હોય કે કુદરતી આફત હોય, જેવી કે, પુર, આગ, ભુકંપ, વાવાઝોડુ, અતિવૃષ્ટિમાં જાહેર-ખાનગી માલમિલ્કતને નુકસન થાય ત્યાં ક્ષણનો પણ વિલંબ કર્યા વગર ફાયરબ્રિગેડ વિભાગ બચાવની કામગીરી કરે છે. મહાનગરોમાં આગ-અકસ્માતને પહોંચી વળવા મુખ્ય ફાયર-સ્ટેશન (જે અદ્યતન) હોય છે. આ સિવાય સબ ફાયર સ્ટેશનો જુદા જુદા વિભાગમાં હોય છે.

ફાયર બ્રિગેડની સેવા માટે જુદાં જુદાં વાહનો હોય છે. જેવાં કે એમ્બ્યુલન્સ, શબવાહીની, ફાયર ફાઈટર રેસ્ફીયુ મોબાઈલ, ડ્રોમ, ટેન્કર, હેવી ટેન્કર, હઈડ્રોલિક પ્લેટફોર્મ, જીપ, રેસ્કીયુ, બોટ, પાર્ટિબલ પંખા, ટ્રેઈલર પંખા, ટ્રોલી વગેરે સાધનો દ્વારા આગ-અકસ્માતમાં તાત્કાલિક સેવા પુરી પાડે છે.

**૩.૨.૧૭ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ :**

મહાનગરપાલિકાની પ્રાથમિક ફરજો પૈકીની એક ફરજ પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થા છે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સ્ટેચ્યુરીબોડી છે. આ સમિતિનો વહીવટ મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ ૧૯૪૭ અને મુંબઈ પ્રાથમિક શિક્ષણના નિયમો ૧૯૪૯ની જોગવાઈને આધિન રહીને ચલાવવામાં આવે છે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનો વહીવટ ચલાવવા માટે રાજ્ય સરકારનાં શિક્ષણખાતા તરફથી વહીવટી અધિકારી મુકવામાં આવે છે. આ વહીવટી અધિકરી શિક્ષણ સમિતિના વહીવટી વડા છે.

મહાનગરપાલિકા નગર પ્રાથમિક શિક્ષણ મારફત પ્રાથમિક શિક્ષણના વહીવટ અને વ્યવસ્થા કરે છે. રાજ્ય સરકારશ્રીની યોજનાઓ જેવી કે મફત પાઠ્યપુસ્તક, શિક્ષણ વૃત્તિ, ગણવેશ, મધ્યાહન ભોજન તથા યુ.સી.ડી. અને આઈ.સી.ડી.એસ.ના આંગણવાડી કાર્યકરોને સાથે રાખી શાળામાં ન જતા બાળકોને શાળામાં દાખલ કરવા અને તે માટે પ્રોત્સાહિત કરવાનું કાર્ય કરે છે. રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી નિમિતે તહેવારને અનુરૂપ રેલી તેમ બાળકોને પ્રોત્સાહિત કરતી સ્પર્ધાઓ યોજી તેના દ્વારા શિક્ષણને જીવંત રાખવાનો પ્રયત્નો કરવામાં આવે છે.

નગર પ્રાથમિક શાળાઓના ખર્ચ માટે સરકારશ્રી ગ્રાન્ટ, મહાનગરપાલિકાનો પોતાનો ફાળો તથા તેમના સ્વભંડોળમાંથી પ્રાપ્ત થતી રકમમાંથી નાણાભંડોળ એકઠુ કરે છે. ગ્રાન્ટેબલ અને નોન ગ્રાન્ટેબલ બંનેને નિતિનિયમ પ્રમાણે ફાળવણી કરે છે.

આમાં આજનું બાળક એ કાલનાં રાષ્ટ્ર ઘડવૈયો છે. તેના કેળવણી અને સંસ્કારની સૌરભનો મહેકતી રાખવા મહાનગરપાલિકાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સઘળા પ્રયત્નો કરે છે.

**૩.૨.૧૮ જનસંપર્ક સમિતિ (શાખા) :**

જનસંપર્ક વિજ્ઞાનને પ્રો.સ્ટીફન ૨૧મી સદીના  વિજ્ઞાન તરીકે ઓળખાય છે. ઔદ્યોગિક ક્રાંતિના ખોળામાં જન્મેલ તથા વેપારી વાણિજ્ય ઉદ્યોગની પરિછાયામાં ઉછરેલ જનસંપર્કનું વિજ્ઞાન આજે એક સ્વતંત્ર શાસ્ત્ર અને ઉપયોગી વિજ્ઞાન બન્યું છે. જટિલ બનતા જતા આજના ઉદ્યોગ પ્રધાન નગરલક્ષી સમાજજીવનમાં સંગઠન અને તેનો જનતા વચ્ચે સંબંધસેતુ સર્જવામાં સફળ ભૂમિકા અને ભાગીદારી ભજવનાર જનસંપર્ક અનેકવિધ ક્ષેત્રો માટે ઉપયોગી અને આશિર્વાદરૂપ બનેલ છે.

વહીવટીક્ષેત્રને અસરકારક અને ઉતરદાયી બનાવવાના સરકારશ્રીના પ્રજાલક્ષી ધ્યેયને મૂર્તિમંત સ્વરૂપ આપવા મહાનગરપાલિકા તરફથી શહેરની પ્રજા માટે નાગરિક અધિકારપત્ર (સીટીઝન ચાર્ટર) અમલમાં મુકે છે.

- **ઉદ્દેશો :**

  ૧. પારદર્શિતા અને પ્રમાણિકતા

  ૨. લોકો સાથે મિત્રતા પૂર્ણ વ્યવહાર

  ૩. લોકોની રજૂઆતોની ઝડપી અને ન્યાયપૂર્ણ નિકાલ

- **લક્ષ્યાંકો :**

  ૧. દરેક વિષયની અરજી સાથે ક્યા આધારની જરૂર છે અને કેટલી ફી ભરવી પડશે તે સહેલાઈથી જણાવવામાં આવે.

  ૨. તેના પ્રકરણ અંગેનો નિકાલનો તબક્કો અને સમય મર્યાદા પણ જણાવવામાં આવે છે.

  ૩. કોઈપણ વિષય ઉપરની તમામ માહિતી અપવાદરૂપ કિસ્સાઓ સિવાય અરજદારોને પુરી પાડવામાં આવે છે.

  ૪. જુદા જુદા નિર્ણયો લેવા માટેનાં માપદંડો જાહેર કરવામાં આવે.

  ૫. નાગરિકો તથા અરજદારોના સુચનોને આવકારવામાં આવે છે.

  ૬. દરેક પ્રકારના કાગળોના નિકાલ કરવા માટે ચોક્કસ સમય મર્યાદા નક્કી કરવામાં આવે છે.

  ૭. દરેક અરજદારોને તેમની અરજીની પહોંચ આપવામાં આવે.

૮. સમયમર્યાદા, જવાબની ગુણવતા તથા માહિતી આપવાની ના પાડેલ હોય તેવા કિસ્સાઓની જરૂરીયાત મુજબ સમીક્ષા કરવામાં આવે.

૯. યોજનાઓ, પદ્ધતિઓ સમય મર્યાદા તથા માપદંડોની પુરતી જાહેરાત કરવામાં આવે.

૧૦.અધિકાર પત્રકનું ભવિષ્યમાં મૂલ્યાંકન કરવામાં આવશે અને જરૂરી ફેરફારો કરવામાં આવશે અને તે જાહેર કરવામાં આવશે.

૧૧.નાગરિક અધિકાર પત્ર એ નોન જસ્ટીરપેબલ છે. પરંતુ ચુસ્ત અને પ્રમાણિક અમલ મહાનગરપાલિકાના તંત્ર માટે એક પ્રતિબદ્ધતા છે.

આમ, નાગરિક અધિકારો માટે જનસંપર્ક સમિતિ દ્વારા નાગરિક અધિકાર પત્ર અમલમાં મૂકે છે. આ ઉપરાંત તેમની મહત્વની સેવા (કામગીરી) આ મુજબ છે.

૧. દર પાંચ વર્ષે ચૂંટણી

૨. દર દશ વર્ષે વસ્તી ગણતરી

૩. દર વર્ષે અપડેઈટ-વોર્ડ, વસ્તી વિસ્તાર વિગેરે ઉલ્લેખ કરવો.

**3.3 મહાનગરપાલિકાની ચૂંટણી :**

લોકશાહીના સિદ્ધાંતોને સાકાર કરવા ચૂંટણીની કાર્યપદ્ધતિ લોકો દ્વારા લોકો માટે, લાભાર્થીના સિદ્ધાંતોને સિદ્ધ કરતી ચૂંટણી પદ્ધતિ છે.

ગુજરાત રાજ્ય ચૂંટણી પંચના આદેશાનુસાર, મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશનના નિયમો-પેટાનિયમો મુજબ ચુંટણી કરવા, મતદાર નોંધણી કરવા, મતદાન મથકો તૈયાર કરવા, અનામત બેઠકોની ફાળવણી કરવા, મુદત અંગે વિગેરે કાર્યો માટે બહાર પાડવામાં આવતાં જાહેરનામાં તથા આદેશો મુજબ ચૂંટણી શાખામાં કામગીરી કરવામાં આવે છે. ચૂંટણી શાખાના અધિકારીઓ કમિશ્નર તથા ડેપ્યુટી કમિશ્નરની દેખરેખ હેઠળ કામગીરી કરે છે. મહાનગપાલિકાની ચૂંટણી દર પાંચ વર્ષે થાય છે.

**3.3.૧ મતદારની લાયકાત :**

મતદાન કરનાર મતદાતાની લાયકાત આ મુજબ હોવી જોઈએ. (હોય છે.)

૧. જે વ્યક્તિને કાયદા વડે મતદાતા તરીકે ગેરલાયક ઠરાવેલ ન હોય.

૨. જે ભારત દેશનો નાગરિક હોય. પોતાનાં સ્થાનિક વિસ્તારનો (મહાનગરપાલિકાની વિસ્તારનો) રહેવાસી હોય, તે મતદાતા મતદાન કરી શકશે.

૩. કોઈપણ નાગરિકે પોતાની વયના ૧૮ વર્ષ પુરા કર્યા હોય.

### ૩.૩.૨ ચૂંટણીના ઉમેદવારની લાયકાત :

૧. ઉમેદવાર જે વિસ્તારમાંથી ઉમેદવારી નોંધાવવા ઈચ્છતો હોય તે વિસ્તારની સ્થાનિક મતદાર યાદીમાં તેનું નામ મતદાર તરીકે નોંધાયેલ હોવું જોઈએ.

૨. ઉમેદવારની ઉંમર ૨૧ વર્ષ પુરાં કરેલ અથવા તેથી વધારે હોવી જોઈએ.

૩. ચૂંટણીના ઉમેદવારો આપણા દેશનું (ભારતનું) નાગરિકત્વ ધરાવતા હોવા જોઈએ.

ચૂંટણી શાખાના અધિકારીઓ મતદાતાઓની યાદી અને ચૂંટણી ઉમેદવારોની યાદી અગાઉ તૈયાર કરે છે પછી ચૂંટણી થાય છે. મહાનગરપાલિકાનું બોર્ડ તેમના સભ્યોનું બનેલું હોય છે. આ સભ્યોને જુદા-જુદા વોર્ડમાં આશરે ત્રણ-ત્રણને તેમની લાયકાત પ્રમાણે નિમવામાં આવે છે અને બોર્ડના સભ્યો અસ્તિત્વમાં આવતા, ચૂંટાયેલી પાંખ હસ્તક પ્રજાકીય બોર્ડ અસ્તિત્વમાં આવે છે. જનસંપર્ક સમિતિ દર ૫ વર્ષે ચૂંટણી માટેની તૈયારી કરે છે જેમાં ચૂંટણી શાખામાં મતદાતાઓની યાદી તૈયાર કરે છે. મતદારોની સંખ્યા, સીટ, પોલીંગ સ્ટેશન નક્કી કરે છે. આ રીતે વોર્ડવાઈઝ ઉમેદવારની સીટ રાખવામાં આવે છે જેમાં ચૂંટાયેલા સભ્યોની નિમણુંક થાય છે.

### ૩.૩.૩. વસતિ ગણતરી :

ભારતમાં સૌ પ્રથમ વસતિ ગણતરી ઈ.સ.૧૮૭૨માં અને એ પછી ૧૮૮૧માં શરૂ કરવામાં આવી અને ત્યારથી જ દર દશ વર્ષે વિશ્વનાં અન્ય દેશોની જેમ આપણે ત્યાં પણ સેન્સસ ધારો લાગુ પડે ગયેલ હતો.

ભારતમાં એક પણ વખત વસતિ ગણતરી થઈ શકી ન હોય તેવું બનવા પામેલ નથી. સેન્સસ એ લેટિન શબ્દ છે. એનો અર્થ માપણી અથવા આંકણી થાય છે. મહાનગરપાલિકાઓ પણ દર દશ વર્ષે વસ્તી ગણતરી કરે છે.

સેન્સસ થાય ત્યારે લોકોના સ્થળાંતર (માઈગ્રેશન)નો ખરો અંદાજ મળે છે. સેન્સસ રીપોર્ટ પરથી સરકાર પંચ વર્ષીય યોજના તૈયાર કરે છે.

શહેરની વધતી જતી વસતિની સાથે પાણી, વીજળી, ડ્રેનેજ સીસ્ટમ, બેંક, હોસ્પીટલ, બસ-રેલ્વે સેવા, પોસ્ટ ઓફિસ, સ્કૂલ જેવી મૂળભૂત સગવડ તથા નવાં ઘરોની જરૂરીયાત વધે છે. આ જરૂરીયાત કેવી રીતે પૂરી પાડવી એની દિશા ચીંધવાનું કામ સેન્સસ રીપોર્ટ કરે છે.

વસતિ ગણતરીના પહેલા તબક્કામાં ઘર નોંધણી તથા ઘરનાં સભ્યોની સંખ્યા નોંધવામાં આવે છે. આના આધારે ફેબ્રુઆરીમાં ખરેખરી જન ગણના થાય ત્યારે દરેક ઈન્યુમરેટરને બ્લોક ગોઠવી દેવામાં આવે છે. એક બ્લોકમાં સરેરાશ ૬૫૦ માણસોનો સમાવેશ કરાયેલ હોય છે.

ઈન્યૂમરેટરને સોંપાયેલ બ્લોકમાં રહેવાસીઓનાં નામ, ઉંમર, શિક્ષણ, ધર્મ, વ્યવસાય, આવક, સ્ત્રી હોય તો લગ્ન સમયની ઉંમર, બાળકોની સંખ્યા વિગેરે માહિતી ભેગી કરવાનું કામ સોંપાય છે સૂપરવાઈઝરોને રેન્ડમ સર્વેનું કામ સોંપાય છે. જેથી કોઈ ઘર બાકી રહી ન જાય.

વસ્તી ગણતરીના છેલ્લા તબક્કામાં બેઘર લોકોની ગણતરી કરવા માટે આખી રાત બહાર રહીને સવાર સુધીમાં તમામ ઘર વિનાના લોકોની ગણતરી કરી લેવામાં આવે છે.ત્યારબાદ રીવીઝનનું કાર્ય શરૂ થાય છે અને રીવીઝન પૂરું થયા બાદ વસતિ ગણતરી સમાપ્ત થાય છે.

ઉપર જણાવેલ વસતિ ગણતરી અંગેની સંપૂર્ણ કાર્યવાહી મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવે છે. આમ દેશની વસતિ ગણતરી જુદા-જુદા વિસ્તારોમાં સ્થાનિક લેવલે થાય છે અને આ કામગીરી જનસંપર્ક અધિકારીઓ (સમિતિ) સંભાળે છે.

**૩.૪ સેક્રેટરી :**

મહાનગરપાલિકા (મ્યુનિસિપલ કોર્પોરેશન) નીતિ-વિષયક કામગીરી કરે છે. જેનો અમલ પણ મ્યુનિસિપલ કોર્પોરેશન કરે છે.

સેક્રેટરી ઓફિસ તથા ચીફ ઓડિટર ઓફિસનું સંચાલન બોર્ડ કરે છે. જ્યારે કોર્પોરેશનના અન્ય તમામ ખાતાંઓનું સંચાલન મ્યુનિસિપલ કમિશ્નર ડેપ્યુટી કમિશ્નરો તથા અન્ય ઓફીસરો દ્વારા કરવામાં આવે છે. મ્યુનિસિપલ સેક્રેટરીની ફરજોમાં મેયરશ્રીની સૂચનાથી તેમજ અન્ય કમિટિઓનાં ચેરમેનશ્રીની સૂચનાથી જે તે કમિટિની મીટીંગ બોલાવવી તેની જાણ દરેક સભ્યશ્રીઓને તથા દરેક અધિકારીશ્રીઓને કરવાની રહે છે તેમજ એજન્ડા પ્રસિદ્ધ કરવાની, મીનીટસ બુક તૈયાર કરવાની તેમજ કમિટી નક્કી કરે તો સ્થળ તપાસ માટે જવાનું હોય તો વાહન વ્યવસ્થા કરવાનો સમાવેશ થાય છે એક્ટ મુજબ ત્રણ કાયદાકીય સમિતિએ છે. સ્ટેન્ડીંગ કમિટી, ટ્રાન્સપોર્ટ કમિટી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, આ ઉપરાંત બીજી ૩૨ કમિટીઓ કાર્યરત છે.

સેક્રેટરી સમિતિ ચુંટાયેલી પાંખ છે. તે સ્થાનિક લોકો દ્વારા ચુંટાયેલી હોય છે. આ મ્યુનિસિપલ કોર્પોરેશનનું મુખ્ય અંગ છે. સેક્રેટરી ઓફિસનું સંચાલન મ્યુનિસિપલ બોર્ડ કરે છે. મહાનગરપાલિકાની આ સેક્રેટરી સમિતિમાં સેક્રેટરી હોય છે તથા ડેપ્યુટી પણ સેક્રેટરી હોય છે.

**૩.૫ ચીફ ઓડિટર**

મ્યુ. કોર્પોરેશનની સ્ટાફની સેવાનું નિયમન, પગાર, પેન્શન વિગેરે માટે મુંબઈ મુલ્કી સેવા નિયમો...., સરકારશ્રીએ વખતોવખત કરેલા સુધારા સહિત. કોર્પોરેશન જનરલ બોર્ડ ઠરાવ નં.૨૦૫, તા.૨૦-૧૧-૮૪ થી અપનાવેલ હોઈ લાગુ પડે છે. આ ઉપરાંત શિસ્ત વર્તણુંક, અપીલના

નિયમો પણ નગરપાલિકાના જેતેવખતના મંજુર કરેલા તથા સરકારશ્રીએ મંજુર કરેલા માર્ગદર્શનરૂપ નિયમો ગણી લાગુ પાડવામાં આવે છે.

મહાનગરપાલિકાના હિસાબોનું ઓડિટ કરવાની જવાબદારી બી.પી.એમ.સી. એક્ટ, કલમ-૪૩ અન્વયે મ્યુ. ઓડિટરને સુપ્રત થયેલ છે. જેઓ આ ખાતાના વડા ચીફ ઓડિટર છે. કલમ-૪૭ અન્વયે ચીફ ઓડિટરની ફરજો ધી બી.પી.એમ.સી. એક્ટ પ્રમાણે નક્કી થયેલી છે. મ્યુ. ઓડિટર સ્થાયી સમિતિના આપેલા નિર્દેશ અનુસાર મહાનગરપાલિકાના હિસાબોનું અને ખર્ચ તથા આવકનું ઓડિટ કરે છે.

ધી બી.પી.એમ.સી. એક્ટમાં મ્યુ. ચીફ ઓડિટરને વહીવટીતંત્રથી સ્વતંત્ર રાખવામાં આવેલ છે અને સ્થાયી સમિતિના નિયંત્રણ હેઠળ મૂકવામાં આવેલ છે. જેથી કોઈપણ જાતના દબાણ વગર તેઓ પોતાનું કાર્ય કરી શકે. જનરલ બોર્ડ એ મંજુર કરેલ ખર્ચ વધવા પામેલ નથી કે તેમાં ફેરફાર થયો નથી. તે જોવાનું કામ મ્યુ. ઓડિટરનું છે. જે હેતુ માટે નાણાં ખર્ચવામાં આવ્યાં છે,તે કાયદા અનુસાર અને જનરલ બોર્ડ નીયત કરેલ નીતિ નિયમો અનુસાર યોગ્ય છે કે નહીં. તેનું પણ તેઓ ધ્યાન રાખે છે. પોતાની ફરજ તરીકે તેઓને યોગ્ય લાગે તે બાબત સ્થાયી સમિતિના ધ્યાન પર લાવે છે. નાણાકીય વ્યવસ્થાતંત્રમાં પ્રમાણિકતાનું ધોરણ ઉંચુ રહે, કર ભરનારાઓનું હિત જળવાઈ રહે, તે જોવાનું કાર્ય મ્યુ. ઓડિટરનું છે. કાયદા મુજબ ચીફ ઓડિટર એક વખત ફરજ બજાવ્યા બાદ કોર્પોરેશનમાં વધુ ફરજ બજાવી શકતા નથી.

મ્યુ. ઓડિટર નીચે પ્રમાણેનાં કાર્યો કરે છે.

૧. તમામ હીસાબને લગતાં કાર્યો

૨. ઓડિટને લગતાં કાર્યો

સ્થાયી સમિતિ બી.પી.એસ.સી. એક્ટ-૧૯૪૯ પ્રમાણે નક્કી કરે તે નમુનામાં કોર્પોરેશનના હીસાબો નિભાવવામાં આવે તે સાચા છે તે તપાસવાનું કાર્ય ઓડિટરનું છે. આવક અને ખર્ચનાં ઓડિટને લગતા કાર્ય મ્યુનિસિપલ ચીફ ઓડિટર બજાવે છે ઓડિટ દરમ્યાન ખર્ચ કે આવકનાં મહત્વની અનિયમિતતા કે આયોગ્યતા ધ્યાને આવે તો કલમ-૧૦૬(૧) પ્રમાણે સ્થાયી સમિતીનું ધ્યાન દોરે છે.

### ૩.૫.૧ ખર્ચનું ઓડિટ :

ખર્ચ માટે બજેટમાં પૂરતી જોગવાઇ છે કે નહીં ? અધિકૃત સતા એ ખર્ચ મંજુર કરેલ છે ? ખર્ચનાં નાણાં યોગ્ય વ્યક્તિને જ ચુકવવામાં આવ્યાં છે કે નહીં?તે બદલે પહોંચ મળેલ છે ? ખર્ચનું યોગ્ય હીસાબી વર્ગીકરણ કરેલ છે ? ખર્ચ કાયદાની અને નિયમો-ઠરાવોની જોગવાઇનેઅનુરૂપ

કરેલ છે ? ખર્ચ નાણાંકીય ઔચિત્યના વ્યાપક અને સામાન્ય સિદ્ધાંતને યોગ્ય રીતે લક્ષમાં લઈને કરેલ છે કે કેમ ? તે તપાસે છે.

**૩.૫.૨ આવકનું ઓડિટ :**

વસુલાત યોગ્ય રીતે નિયમિત થયેલ છે ? કોર્પોરેશન ફંડમાં તુરંત જમા થયેલ છે કે કેમ તે ચકાશે છે.

ઉપર જણાવેલ શરતો સંબંધમાં ઓડિટ હાથ ધરતી વેળા ઓડિટર અદાલત જેવી હેસિયતથી કામગીરી બજાવે છે એટલે તેણે નિયમો-હુકમો-ઠરાવોને જે વ્યક્તિને લાગુ પડવાના હોય તે વ્યક્તિના દરજ્જો ધ્યાનમાં લીધા સિવાય જે સ્વરૂપે હોય તે સ્વરૂપે અમલ થયેલ છે કે કેમ? તે જોવાનું છે. તે નિયમોમાં છુટછાટ આપી શકે નહીં કે જતી કરી શકે નહીં. નાણાકીય નિયમો અને હુકમો કાયદાની જોગવાઈને અનુસરીને કરવામાં આવેલ છે કે નહીં તેની ચકાસણી કરવાનું અને તે પ્રમાણે અમલ થાય છે કે નહીં તે જોવાનું છે. નિયમો-હુકમો, વહીવટીતંત્ર સ્થાયી સમિતિ જનરલ બોર્ડ નક્કી કરે છે. ઓડિટરનું કાર્ય તે હુકમો, નિયમો કાયદાને અનુસરીને થયેલ છે કે નહીં ? અને તેનુંપાલન થાય છે કે નહીં ? તે જોવાનું છે. હુકમો અને નિયમો કેવા હોવા જોઈએ તે અંગે સલાહ આપવાનું કાર્ય ઓડિટરનું નથી.

કોર્પોરેશનની તમામ આવક-ખર્ચ, દેવા-થાપણો, સીકીંગ ફંડ, ધીરાણ સસ્પેન્સ એકાઉન્ટ તથા અન્ય તમામ નાણાંકીય વ્યવહારોનું ઓડિટ મ્યુ. ઓડીટરે કરવાનું રહે છે. કોર્પોરેશન કોઈ Commercialપ્રવૃત્તિનું ઓડિટ મ્યુ. ઓડિટરે કરવાનું રહે છે તથા સ્ટોર્સ અને સ્ટોક બાબતે તેની હીસાબમાં દર્શાવેલ કીંમત તથા સમયાન્તરે તેની હિસાબી સિલક સાથે નિયંત્રણ અધિકારી દ્વારા ભૌતિક ચકાસણી થાય છે કે કેમ ? તે જોવાનું છે.

(૧) આવકનું ઓડિટ (૨) ખર્ચનું ઓડિટ (૩) દેવા-થાપણ સીકીંગ ફંડનું ઓડિટ (૪) પ્રવૃત્તિને લગતુ ઓડિટ (૫) મંજુરીનું ઓડિટ (૬) ઔચીત્યને લગતુ ઓડિટ (૭) બાંધકામ ઓડિટ (૮) નિયમીતતાનું ઓડિટ (૯) આકસ્મિક ખર્ચનું ઓડિટ (૧૦) નિયમો અને હુકમોનું ઓડિટ.

ખર્ચનું ઓડિટ નાણાકીય નિયમો, વિનિમયો અને હુકમો સંબંધમાં કરવાનું રહેતું હોવાથી આવા નિયમો, વિનિમયો-હુકમોની પણ ચકાસણી કરવી જરૂરી છે. આવી ચકાસણી માટે નિયમો, હુકમો વિનિમયની, બંધારણની તથા તે હેઠળ ઘડવામાં આવી કાયદાની (બી.પી.એમ.સી.એક્ટ) ની જોગવાઈ સાથે સુસંગત ન હોય, ઓડીટની મૂળભુત જરૂરીયાત સાથે સુસંગત ન હોય તથા

ઉપલી સતાએ કરેલા હુકમો, નિયમો, વિનિમયો સાથે સુસંગત ન હોય તો તે અંગે તપાસવાનું કાર્ય ઓડિટરનું છે.

આમ, ચીફ ઓડિટર કચેરી બી.પી.એમ.સી. અધિનિયમની જોગવાઈઓ મુજબ સ્થાયી સમિતિના સીધા નિયંત્રણ હેઠળ અને તેની સુચનાઓ મુજબ કોર્પોરેશનના આવક જાવકના હિસાબની ચકાસણી આગળની પ્રથા મુજબ પ્રી-ઓડિટ પ્રથાથી કાર્યરત છે.

**૩.૬ એકાઉન્ટ વિભાગ :**

મહાનગરપાલિકાના દરેક વિભાગોની આંકડાકીય માહિતીઓનું સંકલન ચીફ એકાઉન્ટન્ટશ્રીના નેતૃત્વ હેઠળ એકાઉન્ટ વિભાગેથી કરવામાં આવે છે, અને મહાનગરપાલિકાની નાણાંકીય બાબતો પર અંકુશ રખાય છે.

બી.પી.એમ.સી. એક્ટની કલમ-૮૪(૧)ની જોગવાઈ મુજબ રોકડમાં તથા ચેકથી નાણાંનું ચૂકવણું કરવામાં આવે છે.

મહાનગરપાલિકાનાં કેશ કાઉન્ટર પર તથા ઓક્ટ્રોય નાકાંઓ પર એકત્રીત થયેલ સમગ્ર કેશ એકાઉન્ટ વિભાગની ટ્રેઝરીમાં સ્વીકાર્યા બાદ વર્ગીકૃત થઈ સંબંધીત એકાઉન્ટે જમા થઈ જાય છે.

સમગ્ર મહાનગરપાલિકાનાં કર્મચારીઓનાં કપાણો અંગેના મેળવણામાં, પ્રોવીડન્ડ ફંડ, લોન, ગ્રેજ્યુઈટી તથા નિવૃતિ સમયે ફાઈનલ પ્રો. ફંડ પેન્શનોનું ઓડિટ કરાવી ચૂંકવણાં અંગેની સમગ્ર પ્રક્રિયા એકાઉન્ટ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

મહાનગરપાલિકાનો રૂપિયો ક્યાંથી આવ્યો ક્યાં ખર્ચ થયો તે અંગેના વર્ષવાઈઝ હિસાબો એકાઉન્ટ વિભાગ દ્વારા થાય છે.

**૩.૭ ટ્રાન્સપોર્ટ કમિટિ (બસ સંચાલન હોય તો) :**

મહાનગરપાલિકા શહેરના નાગરિકો માટેટ્રાન્સપોર્ટ સમિતિ દ્વારા બસોની સેવા આપે છે. પૈડાંની શોધએ માનવીનો પ્રથમ ઈતિહાસ છે. આ તંત્રને ધખધખતું રાખી યંત્રની રફ્તાર ચાલુ રાખવી એ ખાસા છે. આ માટે જુદા જુદા રોડ પર અને વિસ્તાર પર વાહનોનો રનિંગ હોય છે. આ સેવા માટેનું ચાર્જ સપ્રમાણ લેવામાં આવે છે. બસોમાં વિદ્યાર્થીઓને કનેકશન રેઈટથી તથા વિકલાંગોને ફ્રી પાસની સેવા આપવામાં આવે છે અને અંધજનોને દોરનાર એક વ્યક્તિ તેમજ સ્વાતંત્ર્ય સેનાઓની હેલ્પર સાથે ફ્રી પાસ સેવા આપવામાં આવે છે. આ ખાતાની સેવા પ્રજાકીય હોય. લોકોની સેવા, અર્થે મેળાના દિવસો તેમ જાહેર તહેવારોના દિવસોમાં ખાસ બસો ધાર્મિકે સંપ્રદાયોના બાધ વગર દોડાવવામાં આવે છે.

**૩.૮ મહાનગપાલિકા દ્વારા બજાવવામાં આવતી ફરજિયાત અને મરજિયાત સેવાઓ :**

૧. શહેરના તમામ રસ્તાઓ ઉપરથી કચરો સાફ કરાવવો.

૨. મોરીઓ અને ગટર કામ તથા સાર્વજનિક પાયખાના, સંડાસ મુતરડીઓ સાફ કરવા અને નિભાવવા અંગે.

૩. આગ ઓલવવા અને આગ સામે જીંદગી અને મિલકતનું રક્ષણ કરવું.

૪. સ્પર્શજન્ય રોગો સામે પગલા લેવાં.

૫. સાર્વજનિક રસ્તાઓ ઉપર દીવાબતીની વ્યવસ્થા.

૬. મ્યુનિ. ઓફિસ અને મ્યુનિ. ને પ્રાપ્ત થયેલ સ્મારકો, ખુલ્લી જગ્યાઓ નિભાવવા.

૭. કોર્પોરેશનને પ્રાપ્ત થયેલા રસ્તાઓ અને સાર્વજનિક જગ્યાઓને નામ આપવા.

૮. મડદાના નિકાલ માટેની જગ્યાઓ નીભાવવી અને નિયમ ન કરવા અંગે.

૯. સાર્વજનિક માર્કેટો અને કતલખાના બાંધવા અને સંપાદન કરવા અને નિભાવવા.

૧૦.ઢોર પુરવાના ડબ્બા બાંધવા, સંપાદન કરવા અને નિભાવવા.

૧૧.શીતળાની રસી ટાંકવા.

૧૨.પ્રાથમિક શિક્ષણ માટે શાળાઓ નિભાવવી અને તે માટે જગ્યાની સગવડ કરી આપવી.

૧૩.આરોગ્યને હાની કરે તેવા લતાઓ સુધારવા અને ઉપદ્રવકારક ઝાડ-પાલો કાઢી નાંખવા.

૧૪.જન્મ-મૃત્યુના રજીસ્ટ્રેશન.

૧૫.સાર્વજનિક રસ્તાઓ, પુલો, પેટામાર્ગો નિભાવવા અને બનાવવા.

૧૬.સાર્વજનિક રસ્તાઓ, પુલો પરના હરકત અને બહાર નિકળતા કોઈપણ બાંધકામો કઢાવી નાંખવા.

૧૭.ભયંકર રોગો થતા અટકાવવા અને તેનો ફેલાવો રોકવો.

૧૮.જોખમકારક ઈમારતો અને જગ્યાઓ સુરક્ષીત કરવી અને કાઢી નાંખવી.

૧૯.દુષ્કાળ અને અછત વખતે રાહતની જોગવાઈ કરવી.

૨૦.રેવન્યુ આવકના ૧૦% સુધી સ્લમ વિસ્તારોમાં ખર્ચ કરવા અંગે.

**૩.૯ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતી મરજીયાત સેવાઓ એક્ટની કલમ-૬૬ મુજબ.**

૧. અશક્ત, માંદી અથવા અસાધ્ય રોગોવાળી વ્યક્તિઓની સંભાળ માટે અથવા આંધળા, બહેરા, મુંગા અથવા બીજી રીતે અપંગ હોય એવી વ્યક્તિઓના અથવા ખોડ-ખાંપણવાળા બાળકોની સંભાળ અને પ્રશિક્ષણ માટે શહેરમાં અથવા શહેર બહાર સંસ્થાઓના સંઘટન અથવા નિભાવ અથવા વ્યવસ્થા બાબત.

૨. પ્રસૃતિગૃહ અને શિશુકલ્યાણ ગૃહો અથવા કેન્દ્રના સંઘટન નિભાવ અથવા વ્યવસ્થા બાબત.

૩. સગર્ભા અથવા સ્તનપાન કરાવતી માતાઓ અથવા શિશુઓની અથવા શાળાના બાળકોને દુધ પુરુ પાડવા બાબત.

૪. પાણી ખોરાક અથવા ઔષધોની તપાસ અથવા પૃથક્કરણો માટે રોગો શોધી કાઢવા માટે અથવા જાહેર આરોગ્ય સાથે સંબંધ ધરાવતા સંશોધનો માટે રાસાયણિક અથવા જીવાણું વિજ્ઞાન વિષયક પ્રયોગ શાળાઓના સંઘટન, નિભાવ અથવા વ્યવસ્થા કરવા બાબત.

૫. સ્નાનાગારો, સાર્વજનિક ધુલાઈઘરો, નાહવાની જગ્યાઓ અને જાહેર આરોગ્યની સેવાઓ માટે યોજેલી સંસ્થાઓ બાબત.

૬. શહેરના રહેવાસીઓના લાભ માટે દુધ અથવા દુધની બનાવટો પુરી પાડવા તેની વહેંચણી કરવા અને તે ઉપર પ્રક્રિયા કરવા માટે શહેરમાં અથવા શહેર બહાર ડેરીઓ અથવા પ્રક્ષેત્રો બાબત.

૭. સાર્વજનિક રસ્તાઓ અથવા જગ્યાઓમાં માણસો માટે પાણી પીવાના વારા અથવા પશુઓના હવાડા બાબત.

૮. રસ્તાની બાજુ ઉપર અને બીજે સ્થળે ઝાડો રોપવા અને નિભાવવા બાબત.

૯. લોકો માટેની સંગીતની જોગવાઈઓ કરવા બાબત.

૧૦.સાર્વજનિક ઉદ્યાનો રમત-ગમત મેદાનો અને વિનોદના સ્થળોની બગીચાઓની જોગવાઈ કરવા બાબત.

૧૧. પ્રદર્શનો ભરવા તથા વ્યાયામ અથવા રમત ગમતના પ્રયોગો રાખવા બાબત.

૧૨. શહેરમાના નિવાસગૃહો શિબારાંગણો અને વિશ્રાંતિગૃહોના નિયમન બાબત.

૧૩. રોગી વાહન સેવા (એમ્બ્યુલન્સ સર્વિસ)ના નિભાવ બાબત.

૧૪. નાટ્યગૃહો વિશ્રાંતિગૃહો અને બીજી સાર્વજનિક ઈમારતો બાંધવા, સ્થાપવા અને નિભાવવા બાબત.

૧૫. અછતના પ્રસંગોએ જીવન જરૂરિયાતની ચીજોની વહેંચણી માટે દુકાનો અથવા હાટના સંઘટન અથવા નિભાવ બાબત.

૧૬. મ્યુ. અધિકારીઓ અને નોકરો માટે રહેઠાણો બાંધવા અથવા ખરીદવા અને નિભાવવા બાબત.

૧૭. મ્યુનિ. નોકરોને ઈમારતો અથવા બાંધવા માટે કોર્પોરેશન ઠરાવે તેવી શરતોને આધીન રહીને નાણાં ધીરવા બાબત.

૧૮. મ્યુનિ. નોકરો અથવા તેમના કોઈપણ વર્ગના કલ્યાણ માટે બીજા કોઈપણ ઉપાયો લેવા બાબત.

૧૯. વધ્યુતશક્તિ અથવા ગેસના પુરવઠા માટે કોઈપણ ઉપકરણ ખરીદવા બાબત અથવા લોકોના સામાન્ય હિતમાં એવો કોઈપણ ઉપક્રમ શરૂ કરવા અથવા તેને આર્થિક સહાય આપવા બાબત.

૨૦. શહેરમાં અથવા શહેર બહાર લોકોને અથવા માલને લાવવા લઈ જવા માટે લાઈટ, રેલ્વે, ટ્રામવે, પાટા વગરની ટ્રામો અથવા મોટર વાહનો દ્વારા વાહન વ્યવહારની સગવડો બાંધવી, ખરીદવા અને તેનું સંગઠન કરવા તે નિભાવવા અથવા તેની વ્યવસ્થા કરવા બાબત.

૨૧. કલમ-૬૩ના ખંડ (૧૫)માં જણાવેલ ઉદ્દેશોને ઉતેજન આપવા બાબત અને શહેરમાંની અથવા જાહેર બહારની શિક્ષણ સંસ્થાઓને ગ્રાન્ટ આપવા બાબત.

૨૨. પુસ્તકાલયો, સંગ્રહસ્થાનો, આર્ટ ગેલેરીઓ, વનસ્પતિ અથવા પાણીઓના સંગ્રહસ્થાનો સ્થાપવા અને નિભાવવા અથવા તેને મદદ કરવા બાબત અને તેને માટે ઈમારતો ખરીદવા અથવા બાંધવા બાબત.

૨૩. પશુઓ માટેના દવાખાના અથવા ચિકિત્સાલય બાંધવા અથવા નિભાવવા બાબત.

૨૪. ઉપદ્રવ કરતા પક્ષીઓ અથવા પશુઓને અથવા જીવજંતુનો નાશ કરવા બાબત અને રખડતા અથવા નધણીયાત કુતરાને પુરવા અથવા તેનો નાશ કરવા બાબત.

૨૫. શહેરમાં માનવદુઃખના નિભારણ માટે અથવા સાર્વજનિકકલ્યાણ માટે ઉભા કરેલા કોઈપણ સાર્વજનિક ફંડમાં ફાળો આપવા બાબત.

૨૬. પ્રતિષ્ઠિત વ્યક્તિઓને આપવાના મનપત્રો તૈયાર કરવા બાબત અથવા માનપત્રો આપવા બાબત.

૨૭. લગ્નોના રજીસ્ટ્રેશન બાબત.

૨૮. જીવન વિષયક આંકડાની બરાબર નોંધ થાય તેવી માહિતી આપવા બદલ ઈનામો આપવા બાબત.

૨૯. કોઈપણ પગારદાર મેજીસ્ટ્રેટની કોર્ટના નિભાવને આનુસાંગિક હોય તેવા પગારભથ્થા, ભાડુ તથા બીજું ખર્ચ અથવા ખર્ચનો કોઈપણ ભાગ આપવા બાબત.

૩૦. ગૌચરો, સંપાદનો કરવા તથા નિભાવવા બાબત તથા ઘોડા ઉછેરવા માટેની જગ્યા સ્થાપવા તથા નિભાવવા.

૩૧. સુએજના નિકાલ માટે પ્રક્ષેત્ર અથવા કારખાનું સ્થાપવા તથા નિભાવવા બાબત.

૩૨. જગ્યાઓની સુએજ લેવા તથા તે કોર્પોરેશનના નિયંત્રણ હેઠળની મોરીઓમાં છોડાવવા માટે કોર્પોરેશને મંજુર કરેલી સામાન્ય પદ્ધતિ અનુસાર જગ્યાઓ અથવા જગ્યાઓના ઉપયોગ માટે કુંડીઓ, જોડ કામો, નળીઓ તથા બીજા ગમે તે સાધનો પુરા પાડવા બાંધવા અથવા નિભાવવા બાબત.

૩૩. આ અધિનિયમની અથવા નિયમો, ઉપનિયમો, વિનિમયો અથવા સ્થાયી હુકમોની કોઈપણ જોગવાઈઓના ભંગને લગતી માહિતી આપવા માટે ઈનામ આપવા બાબત.

૩૪. જેમાં અગાઉ બાંધકામ કરેલ હોય કે ન હોય તે ક્ષેત્રોમાં નવા સાર્વજનિક રસ્તાઓ આંકવા બાબત અને તે હેતુ માટે તથા તેવા રસ્તા અથવા રસ્તાઓની બાજુ ઉપર ઈમારતો બાંધવા અથવા તેમના આંગણા માટે જોઈતી જમીન સંપાદન કરવા બાબત.

૩૫. ગરીબ અને કામદાર વર્ગ માટે યોગ્ય રહેઠાણો બાંધવા અને ખરીદવા અને નિભાવવા બાબત અથવા આવા રહેઠાણોની જોગવાઈ કરવામાં હિત સંબંધ ધરાવતી કોઈપણ વ્યક્તિ, મંડળી અથવા સંસ્થાને નાણાં ધીરવા અથવા બીજી સગવડો આપવા બાબત.

૩૬. નિરાધાર અથવા ઘરબાર વગરની વ્યક્તિઓને આશ્રય આપવાની જોગવાઈ કરવા બાબત અને ગરીબો માટે કોઈપણ પ્રકારની રાહતની જોગવાઈ કરવા બાબત.

૩૭. ભાડે કરતી ગાડીઓ અથવા ગાડામાં વપરાતા ઘોડા, ટટુઓ અથવા ઢોર અથવા દુધાળી ગાયો માટે આરોગ્ય વર્ધક તબેલા અથવા ગૌ-શાળા બાંધવા અથવા ખરીદવા અને નિભાવવા બાબત.

૩૮. ઈમારતો અથવા જમીનોના સર્વે બાબત.

૩૯. શહેરમાના લોકોને અસર કરતી કોઈપણ આફતને પહોંચી વળવાના ઉપાય બાબત.

૪૦. મુંબઈની સ્થાનિક સ્વશાસન સંસ્થાના ફંડમાં ફાળો આપવા બાબત.

૪૧. રાજ્ય સરકારની પૂર્વ મંજૂરીથી શહેરના કોઈપણ સાર્વજનિક સમારંભ અથવા મનોરંજનમાંના ફાળો આપવા બાબત.

૪૨. લોકોની સુરક્ષીરતા, આરોગ્ય સગવડતા અથવા શિક્ષણમાં અભિવૃદ્ધિ કરે એવો આગવો વિશિષ્ટ રીતે નહિ જણાવેલો કોઈ ઉપાય કરવા બાબત.

### ૩.૧૦ મહાનગરપાલિકાની કર પદ્ધતિ :

કરવેરા એ મહાનગરપાલિકાનું સ્થાનિક કક્ષાએ આવક મેળવવાનું મુખ્ય અને મહત્વનું સ્તોત્ર છે. મહાનગરપાલિકા કરવેરો સિવાય પણ નાણાંકીય આવક મેળવે છે. જેવી કે ખાસ કાયદા-નિયમની રૂખે થતી આવક, શિક્ષણની સામાન્ય ફી, ઉપલક એ ખાતાંની આવક, મહાનગરપાલિકાની પોતાની માલિકીની મિલકત- જમીન વેચાણની આવક, લોન અનુદાન સહાય, કેપીટલ પ્રોજેક્ટની ગ્રાન્ટ જુદી-જુદી દરેક યોજના માટે સરકારશ્રી તરફથી મળતી ગ્રાન્ટ વગેરે ઘણી આવક મેળવે છે.

સ્થાનિક સંસ્થા તરીકે મહાનગરપાલિકાની ફરજ એ બની રહે છે કે સ્થાનિક લોકોના મતદાનથી કાયદાકીય સમિતિઓ રચાવી અને સ્થાનિક આદિવાસીઓને જુદી-જુદી સમિતિઓ અને શાખાઓ દ્વારા જીવન-જરૂરીયાતની જુદી-જુદી સેવાઓ પૂરી પાડવી અને આ સેવાઓ માટેના ખર્ચને પહોંચી વળવા જરૂરી નાણાભંડોળ સ્થાનિક ક્ષેત્રે ઉભું કરવું.

સ્થાનિક ક્ષેત્રમાંથી ઊભાં કરી શકતાં મહાનગરપાલિકાના નાણાભંડોળમાં કરમાળખુ મુખ્ય છે. આ કામગીરી એકાઉન્ટ શાખામાં થાય છે તેની નીચે જુદા જુદા વેરા વસુલાત ઓફિસરો હોય છે.

### ૩.૧૦.૧ કરમાળખું :

'ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ની કલમ-૧૨૭ થી કલમ-૧૫૨નાં અધિનિયમની જોગવાઈઓ હેઠળ મ્યુનિસિપલ કોર્પોરેશનને શહેરની મિલકત ઉપર કર નાંખવાની સતાની જોગવાઈ કરવામાં આવેલ છે. જે આ મુજબ છે.'

### ૩.૧૦.૨ કલમ-૧૨૭ આ અધિનિયમ મુજબ નાંખવાના કરો :

૧. આ અધિનિયમના હેતુઓ માટે, કોર્પોરેશનને નીચેના કરો નાંખવા.

(ક)(એ) કલમ ૧૨૯ હેઠળના મિલકત કરો અથવા ૧૪૧-ખ (બી) હેઠળના મિલકત કરો.

(ખ)(બી) વાહનો, હોડીઓ અને પશુઓ ઉપરનો કર.

પરંતુ કલમ-૩ની પેટા કલમ (૨) મુજબ શહેર તરીકે રચાયેલ સ્થાનિક વિસ્તારની બાબતમાં નિયત તારીખથી બે વર્ષની મુદત પુરી ન થાય ત્યાં સુધી અથવા તેવા શહેરની કોર્પોરેશન વિનંતી કરે. એટલે રાજ્ય સરકાર, રાજ્યતંત્રમાં જાહેરનામાં દ્વારા નિર્દિષ્ટ કરે તેવી બે વર્ષ કરતા વધુ ન હોય તેવી મુદત પુરી ન થાય ત્યાં સુધી, આ કલમની જોગવાઈઓનો અમલ 'મહાનગરપાલિકાએ નીચેના કરો નાંખવા' એ શબ્દોને બદલે 'કોર્પોરેશન નીચેના કરો નાંખી શકશે.' એ શબ્દો દાખલ કર્યા હોય તેમ થશે. (૧-ક) પેટા-કલમ (૧)ના પરંતુ ક્યાં ગમે તે

મજકૂર હોય તે છતાં, રાજકોટ શહેરની મ્યુનિસિપલ કોર્પોરેશનની બાબતમાં સન ૧૯૭૫ના નવેમ્બર મહિનાની ૧૯મી તારીખથી શરૂ થતી બે વર્ષની મુદત માટે, પેટા-કલમ (૧)ની જોગવાઈઓ જાણે કે સન ૧૯૭૫ના નવેમ્બર મહિનાની ૧૯મી તારીખે અને તે તારીખથી સદરહું પેટા- કલમ (૧)માં, કોર્પોરેશને નીચેના કરો નાંખવા એ શબ્દોને બદલે, કોર્પોરેશન નીચેના કરો નાંખી શકશે એ શબ્દો મૂકવામાં આવ્યા હોય તેમ અમલમાં રહેશે અને અમલમાં આવી હોય એમ ગણાશે.

(૨) પેટા-કલમ (૧) માં નિર્દિષ્ટ કરો ઉપરાંત કોર્પોરેશન આ અધિનિયમથી પ્રજાના હેતુઓ માટે અને તેની જોગવાઈઓને અધીન રહીને નીચેના કરો પૈકી કોઈ પણ કર નાંખી શકશે.

(ક) (એ) મુંબઈ મોટર સ્પિરિટ વેચાણ વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન્, ૧૯૫૮નો મુંબઈનો ૬૬મો) માં વ્યાખ્યા કર્યા પ્રમાણેના મોટર સ્પિરિટ સિવાયન માલ ઉપર ઓક્ટ્રોય.

(ખ) (બી) વાહનો, હોડીઓ અને પશુઓ ઉધારનો કર.

(ગ) (સી) કૂતરાઓ ઉપરનો કર.

(ઘ) (ડી) નાટ્યગૃહ કર.

(ચ) (એફ) સંવિધાન મુજબ રાજ્ય વિધાનમંડળને રાજ્યમાં નાંખવાની સતા હોય તેવો વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર ઉપરનો વેરો ન હોય તેવા અથવા કોઈ મનોરંજનમાં દાખલ થવા માટે આપવાની રકમો ઉપરનો કર ન હોય તેવો બીજો કઈ પણ કર.

(ઝ) પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૨)માં ગમે તે મજકૂર હોય તે છતાં મુંબઈ મોટર વાહન કર અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ની મુંબઈનો ૬૫મો) ની કલમ ૨૦માં ઠરાવ્યા પ્રમાણે હોય તે સિવાય મોટર વાહનો ઉપર કઈ પણ અથવા ટોલ લેવો નહિં.

(૩) મ્યુનિસિપલ કરો આ અધિનિયમ અને નિયમોની જોગવાઈઓ અનુસાર આકારવા અને વસૂલ કરવા.

(૪) આ કલમમાંના કોઈ પણ મજકૂરથી, સંવિધાન હેઠળ રાજ્યના વિધાનમંડળને રાજ્યમાં નાંખવાની સતા ન હોય તેવો કોઈ પણ કર નાંખવાનો અધિકાર મળશે નહીં.

**૩.૧૦.૩ કલમ-૧૨૮ મ્યુનિસિપલ કરો વસુલ કરવાની રીત :**

મ્યુનિસિપલ કર નિયમોથી ઠરાવ્યા પ્રમાણે નીચેની રીતે વસૂલ કરી શકાશે.

(૧) બિલ રજૂ કરીને.

(૨) માંગણીની લેખિત નોટિસ બજાવીને.

(૩) કસૂર કરનારની જંગમ મિલકત ટાંચમાં લઈને અને તેનું વેચાણ કરીને.

(૪) કસૂર કરનારની સ્થાવર મિલકત જપ્તીમાં લઈને અને તેનું વેચાણ કરીને.

(૫) ઓક્ટ્રોય અને ટોલના દાખલામાં, માલ અને વાહનો પકડીને અને તેનું વેચાણ કરીને.

(૬) મિલકત કરના દાખલામાં મિલકતના સંબંધમાં લેણું થયેલું ભાડું જપ્ત કરીને.

(૭) દાવો માંડીને.

**૩.૧૦.૪ કલમ-૧૨૯ મિલકત કરોમાં ક્યા કરોનો સમાવેશ થશે અને તે ક્યા દરે લઈ શકાશે.**

કલમ ૧૨૯ની પેટા-કલમ (૧)ના હેતુઓ સારુ, મિલકત કરોમાં નીચેના કરોનો સમાવેશ થશે અને તે કરો, આમાં હવે પછી ઠરાવેલા અપવાદો, મર્યાદાઓ અને શરતોને આધીન રહીને, શહેરમાંની ઈમારતો અને જમીનો ઉપર લેવામાં આવશે.

(ક) (એ) શહેર માટે પાણી પુરવઠાની જોગવાઈ કરવા માટે, શહેરમાની ઈમારતો અને જમીનોની કર યોગ્ય કિંમતના કોર્પોરેશન વાજબી ગણે તેટલા ટકાના દરે પાણીનો કર.

પરંતુ કોર્પોરેશન, રાજ્ય સરકારની પૂર્વમંજૂરીથી, તે કરની લેવાની ઓછામાં ઓછી રકમ નક્કી કરશે અને મિલકતોના જુદા જુદા વર્ગો માટે જુદી જુદી રકમો નક્કી કરશે.

વધુમાં, તે કરની લેવાની ઓછામાં ઓછી રકમ

કોઈપણ એક અલગ ધારણ કરેલી જમીનનો અથવા (રહેઠાણના હેતુઓ માટે જ ઉપયોગમાં લેવાની જગ્યાઓ ન હોય તેવી) કોઈપણ એક ઈમારતના અથવા કોઈ ઈમારતનો જે કોઈપણ એક ભાગ અલગ ધારણ કરેલી જગા તરીકે ભાડે આપ્યો હોય અને જે રહેઠાણના હેતુ માટે જ ઉપયોગમાં લેવાતો ન હોય તેના સંબંધમાં, સન ૧૯૯૩ના એપ્રિલ મહિનાની પહેલી તારીખથી શરૂ થતા કોઈપણ સરકારી વર્ષ માટે દર મહિને પાંચ રૂપિયાથી ઓછી હોવી જોઈએ નહીં.

(૨) રહેઠાણના હેતુઓ માટે જ ઉપયોગમાં લેવાતી કોઈ પણ જગાના સંબંધમાં સન ૧૯૯૩ના એપ્રિલ મહિનાની પહેલી તારીખથી શરૂ થતા કોઈપણ સરકારી વર્ષ માટે દર મહિને ત્રણ રૂપિયાથી ઓછી હોવી જોઈએ નહીં.

(ખ) (બી) શહેરમાંની ઈમારતો અને જમીનોની કરયોગ્ય કિંમતના જેટલા ટકાનો સફાઈ કર, કોર્પોરેશનના અભિપ્રાય પ્રમાણે, જાજરૂઓ, મુતરડીઓ અને ખાળકૂવાઓમાંથી સઘળા મળ, મૂત્ર અને ગંદા પદાર્થ એકઠા કરવા. ખસેડવા અને તેની વ્યવસ્થા કરવાનો તથા આવો પદાર્થ આવવા દેવા માટે અથવા લઈ જવા માટે બાંધેલી અથવા વપરાતી મ્યુનિસિપલ મોરીઓ કાર્યક્ષમ

રીતે નિભાવવા અને તેની મરામત કરવાની જોગવાઈ કરવા માટે પૂરતો હોય તેટલા ટકાનો સફાઈ કર.

પરંતુ કોર્પોરેશન, રાજ્ય સરકારી પૂર્વમંજૂરીથી તે કરની લેવાની ઓછામાં ઓછી રકમ નક્કી કરશે અને મિલકતના જુદા જુદા વર્ગો માટે જુદા જુદા દરો નક્કી કરી શકાશે.

વધુમાં કોઈ પણ એક અલગ ધારણ કરેલી જમીનના અથવા કોઈ પણ એક ઈમારતના અથવાકોઈ ઈમારતનો જે કોઈપણ એક ભાગ અલગ ધારણ કરેલી જગા તરીકે ભાડે આપ્યો તેવા સંબંધમાં તે કરની લેવાની ઓછામાં ઓછી રકમ, સન ૧૯૯૩ના એપ્રિલ મહિનાની પહેલી તારીખથી શરૂ થતા સરકારી વર્ષ માટે દર મહિને બે રૂપિયા કરતા ઓછી હોવી જોઈએ નહિ અને કોઈપણ હોટલ, કલબ, ઔદ્યોગિક જગાઓ અથવા બીજી મોટી જગાઓના, સંબંધમાં તે કરની લેવાની રકમ, કલમ ૧૩૯ હેઠળ ખાસ નક્કી કરી શકાશે.

વળી કલમ-૯૯ અથવા ૧૫૦ હેઠળ હોય તે કરનો દર નક્કી કરતી વખતે કોર્પોરેશન મિલકતોના જુદા-જુદા વર્ગો માટે જુદા-જુદા દરો નક્કી કરી શકશે.

(ગ) (સી) શહેરની ઈમારતો અને જમીનોની કરયોગ્ય કિંમતના બાર ટકા કતાં ઓછો ન હોય પણ ત્રીસ ટકા કરતા વધારેન હોય તેટલા ટકાનો સામાન્ય કર, આ કર કોર્પોરેશન નક્કી કરે તો ક્રમશઃ ચઢતા પ્રમાણમાં લઈ શકાશે.

**૩.૧૦.૫ સ્પષ્ટીકરણ :**

જે પ્રસંગે કોઈ ઈમારત અથવા જમીનનો કોઈપણ ભાગ સામાન્ય દરના ઉંચા દરને પાત્ર હોય તે પ્રસંગે તે ભાગને મ્યુનિસિપલ કરાધાનના હેતુ માટે અલગ મિલકત તરીકે ગણાવો.

**૩.૧૦.૬ કલમ-૧૩૦ પાણીનો કર કઈ જગાએ ઉપર લેવો :**

(૧) કલમ-૧૩૪ની જોગવાઈઓને આધીન રહીને, પાણીનો કર માત્ર નીચેની જગાઓના સંબંધમાં લેવો.

(ક) (એ) કોઈપણ મ્યુનિસિપલ વરિગૃહમાંથી જે જગાઓને ખાનગી પાણી પુરવઠો મળતો હોય અથવા જે જગાઓ તેવા કામો સાથે જોડનારી નળીઓથી જોડવામાં આવી હોય તે જગાઓ અથવા

(ખ) (બી) શહેરના જે ભાગમાં કમિશ્નરે એવી જાહેર નોટિસ આપી હોય કે મ્યુનિસિપલ વરિગૃહમાંથી પાણીના ખાનગી જોડાણોથી અથવા સાર્વજનિક સ્ટેન્ડ, પોસ્ટ અથવા ફુવારાઓ અથવા બીજા કોઈપણ સાધનોથી પાણી પુરુ પાડવાની ગોઠવણ કોર્પોરેશને કરી છે તે ભાગમાં આવેલી જગાઓ.

**૩.૧૦.૭ કલમ-૧૩૧ સફાઈ કર કઈ જગાઓ ઉપર લેવો :**

(૧) સફાઈ કર નીચેની જગાઓ ઉપર લેવો.

(ક) (એ) શહેરના કોઈપણ ભાગમાં કમિશ્નરે એવી જાહેર નોટિસ આપી હોય કે જાજરૂ, મૂત્રીઓ અને ખાળકૂવાઓમાંથી મળમૂત્રવાળો ગંદો પદાર્થ એકઠો કરવાનું, ખસેડવાનું અને તેની વ્યવસ્થા કરવાનું કામ મ્યુનિસિપલ સાધનો દ્વારા હાથ ધરવામાં આવશે તે ભાગમાં આવેલી જગાઓ, અથવા

(ખ) (બી) જે જગામાં મ્યુનિસિપલ મોરી સાથે મોરીથી જોડાયેલા જાજરૂ, સંડાસ, ખાળકૂવા, મૂત્રી, નાહવાની જગા અથવા રાંધવાની જગા હોય તે જગા ગમે ત્યાં આવેલી હોય તે છતાં તે જગા.

પરંતુ ખંડ (ક) (એ)માં નિર્દિષ્ટ કરેલા શહેરના કોઈ પણ ભાગમાં આવેલી જે કોઈપણ જગામાં અથવા તેની ઉપર કમિશ્નરના અભિપ્રાય પ્રમાણે ઉપર જણાવ્યા પ્રમાણેનો કોઈપણ પદાર્થ એકઠી થતો ન હોય અથવા નાખવામાં ન આવતો હોય તે જગાના સંબંધમાં સદરહું કર, લેવો નહિં.

(૨) જે જગાઓના સંબંધમાં કમિશ્નર એવો નિર્દેશ કરે કે તેને માટે અલગ સંડાસ, જાજરૂ, અથવા મૂત્રીની જોગવાઈ કરવાની જરૂર નથી, અને જેના સંબંધમાં આવા નિર્દેશ કરવામાં આવ્યો ન હોય તો કર લેવાનો થયો હોય તે જગાઓ સફાઈ કર લેવાને પાત્ર થશે.

**૩.૧૦.૮ કલમ-૧૩૨ સામાન્ય કર કઈ જગાએ ઉપર લેવો :**

(ક) નીચેના અપવાદો સિવાય જેની કરયોગ્ય કિંમત છસો રૂપિયા કરતા વધારે હોય તેવી શહેરમાંની સઘળી ઈમારતો અને જમીનોના સંબંધમાં સામાન્ય કર લેવો.

(ક) (એ) મુડદાનો નિકાલ કરવાને લગતા હેતુઓ માટે જ વપરાતી ઈમારતો અને જમીનો.

(ખ) (બી) સાર્વજનિક પૂજા અથવા સાર્વજનિક ધર્માદા હેતુ માટે જ વપરાતી ઈમારતો અને જમીનો અથવા તેમના ભાગો.

(ગ) (સી) સરકારને પ્રાપ્ત થયેલી તેવી સાર્વજનિક હેતુ માટે વપરાતી અને વેપાર અથવા નફાના હેતુઓ માટે વપરાતી ન હોય અથવા વાપરવાનો ઈરાદો ન હોય તેવી અથવા કોર્પોરેશનને પ્રાપ્ત થયેલી હોય તેવી ઈમારતો અને જમીનો, એવી ઈમારતો અને જમીનોના સંબંધમાં સદરહું કર

લેવામાં આવે તો તે કર આમાં હવે પછી આવતી જોગવાઈઓ મુજબ અનુક્રમે સરકાર અથવા કોર્પોરેશન પાસેથી પ્રથમ વસૂલ કરી શકાશે.

(૨) નીચેના ઈમારતો અને જમીનો અથવા તેમના ભાગો, પેટા કલમ (૧)ના ખંડ (ખ) (બી)ના અર્થ પ્રમાણે સાર્વજનિક પૂજા માટે અથવા સાર્વજનિક ધર્માદા હેતુ માટે જ ભોગવટામાં છે અથવા વાપરવામાં આવે છે એમ ગણાશે નહિં.

(ક) (એ) જેમાં કોઈપણ વેપાર અથવા ધંધો ચલાવવામાં આવતો હોય તે ઈમારતો અથવા જમીનો અથવા તેમના ભાગો અને

(ખ) (બી) જેના સંબંધમાં ભાડું આવતું હોય તે ઈમારતો અથવા જમીનો અથવા તેમના ભાગો, પછી તેવું ભાડું માત્ર ધાર્મિક અથવા ધર્માદા હેતુઓ માટે ઉપયોગમાં લેવાતું હોય કે ન હોય.

(૩) જે પ્રસંગે કોઈપણ ઈમારત અથવા જમીનનો કોઈપણ ભાગ સાર્વજનિક પૂજા માટે અથવા સાર્વજનિક ધર્માદા હેતુ માટે જ ભોગવટાનાં અને વાપરવામાં આવતા હોય તે કારણસર સામાન્ય કરમાંથી મુક્ત હોય તે પ્રસંગે તેવા ભાગને મ્યુનિસિપલ કરવેરાના હેતુ માટે અલગ મિલકત તરીકે ગણવો.

**૩.૧૦.૯ કલમ-૧૩૩ રાજ્ય સરકારે સામાન્ય કરના બદલામાં કોર્પોરેશને આપવાની રકમો :**

(૧) રાજ્ય સરકારને પ્રાપ્ત થયેલી હોય તેવી ઈમારતો અને જમીનો, કલમ ૧૩૨ની પેટા કલમ (૧)માં ખંડ (ગ) મુજબ જે સામાન્ય કરમાંથી મુક્ત રાખવામાં આવી હોય તે સમાન્ય કરને બદલે રાજ્ય સરકારે પેટા કલમ (૨) અને (૩) માં ઠરાવેલી રીતે નક્કી કરેલ રકમ દર વર્ષે માર્ચ મહિનાની ૩૧મી તારીખે કોર્પોરેશનને આપવી.

(૨) સરકારને પ્રાપ્ત થયેલી હોય અને લાભદાયક ભોગવટામાં હોય તેવી શહેરમાંની જે ઈમારતો અને જમીનો સંબંધી સામાન્ય કર, સદરહું મુક્તિ ન હોય તો રાજ્ય સરકાર પાસેથી વસૂલ કરી શકાત તે ઈમારતો અને જમીનોની કર યોગ્ય કિંમત રાજ્ય સરકાર કોર્પોરેશનની સહમતિથી, આ કાર્ય વખતોવખત નીમે તે વ્યક્તિએ નક્કી કરવી. જે મિલ્કત ઉપર મિલ્કત કર આકરી શકાય તે મિલકત કિંમત નક્કી કરવાને લગતી આ અધિનિયમ અને નિયમોમાં, આવી જતી જોગવાઈઓ પરત્વે સામાન્ય લક્ષ આપીને સદરહું કિંમતની પોતાને યોગ્ય અને વાજબી લાગે તેવી રકમ સદરહું વ્યક્તિએ નક્કી કરવી. આવી રીતે નિમાયેલી વ્યક્તિનો નિવેડો પાંચ વર્ષની મુદત માટે અમલમાં રહેશે, પણ રાજ્ય સરકારને પ્રાપ્ત થયેલી શહેરમાંની ઈમારતો અને જમીનોની સંખ્યામાં અથવા વિસ્તારમાં તે દરમિયાન મહત્વનો વધારો અથવા ઘટાડો થાય, તો તેના પ્રમાણમાં તેમાં ફેરફાર થઈ શકશે.

(૩) રાજ્ય સરકારે જ દર વર્ષે કોર્પોરેશનને આપવાની રકમ શહેરમાંની ઈમારતો અથવા જમીનોના સાધારણ માલિકને, પેટા-કલમ (૨) મુજબ નક્કી કરેલી રકમ જેટલી જ રકમની કરયોગ્ય કિંમત ઉપર સામાન્ય કર બદલ જે રકમ આપવાની થાય તે રકમની આઠ દશાંશ રકમ જેટલી રહેશે.

**૩.૧૦.૧૦ કલમ ૧૩૪ પુરા પાડેલી પાણી માટેના કરોને બદલે નક્કી કરેલો ચાર્જ તથા પૈસા આપવાના કબૂલાતનામા :**

**(૧) કમિશ્નર –**

(ક) (એ)સ્થાયી સમિતિ સામાન્યતઃ મંજુર કરે તેવા દાખલાઓમાં, પાણીના કરને પાત્ર હોય એવી કોઈ પણ જગાના સંબંધમાં પાણીનો કર લેવાને બદલે, એવી જગામાં પૂરા પાડેલા પાણી બદલ, આ અર્થે સદરહું સમિતિ વખતોવખત ઠરાવે તેવા દરે માપ પ્રમાણે અથવા મ્યુનિસિપલ મુખ્ય નળ સાથેના જોડાણના કદ પ્રમાણે જે હેતુ માટે પાણી, પુરું પાડવામાં આવતું હોય તેને અનુલક્ષીને કોર્પોરેશન વખતોવખત ઠરાવે તેવા દરોએ ચાર્જ લઈ શકાશે.

(ખ) (બી) સ્થાયી સમિતિ સામાન્યતઃ મંજુર કરે તેવા દાખલાઓમાં, જે પાણીનો કર અથવા માપ પ્રમાણે લેવાનો ચાર્જ અથવા નળ સાથેના જોડાણના કદ પ્રમાણે લેવાનો ચાર્જ કોઈપણ વ્યક્તિ પાસેથી કોઈપણ જગાના સંબંધમાં બીજી રીતે લેવાનો થયો હોય તે પાણીના કર અથવા માપ પ્રમાણે લેવાના અથવા પાણીના જોડાણ પ્રમાણે લેવાના ચાર્જને બદલે, તેવી વ્યક્તિએ તે જગામાં પાણી પૂરું પાડવા માટે મુદતે મુદતે નિયત રકમ પાંચ વર્ષ કરતાં વધુ ન હોય તેવી એક અથવા વધારે વર્ષની મુદત માટે લેવા સંબંધી તોડફોડ કરી શકશે, એવી મુદત ફરીથી વધારી શકાશે.

(૨) જે દાખલાઓમાં કમિશ્નર પાણી માટે પેટા-કલમ (૧)ના ખંડ (ક) (એ) મુજબ માપ પ્રમાણે અથવા પાણીના જોડાણના કદ પ્રમાણે ચાર્જ લેતા હોય તે દાખલાઓ માટે સ્થાયી સમિતિ, મીટરકામ કરતું ન હોય અથવા તેની મરામત થતી હોય તે મુદત દરમિયાન પાણીના વપરાશ સંબંધી અને વપરાયેલા પાણી બદલ આપવાના ચાર્જ સંબંધી પોતાને યોગ્ય લાગે તેવી શરતો વખતો વખત ઠરાવી શકાશે. સદરહું પેટા કલમ ખંડ (બી) પ્રમાણે જે દાખલાઓમાં તાડજોડ કરવામાં આવી હોય તે દાખલાઓમાં સદરહું સમિતિ પાણીના વપરાશ સંબંધી પોતાને યોગ્ય લાગે તેવી શરતો ઠરાવી શકાશે.

પરંતુ આ પેટા-કલમ મુજબ ઠરાવેલી કોઇ પણ શરત. આ અધિનિયમની અથવા નિયમોની અથવા પેટા-કાયદાની સાથે અસંગત હોવી જોઈએ નહિં.

(૩) જે વ્યક્તિ પાસે માપ પ્રમાણે અથવા પાણીના જોડાણના કદ પ્રમાણે પાણી બદલ ચાર્જ લેવામાં આવતો હોય અથવા જે વ્યક્તિએ મુદતે મુદતે આપવાની નિયત રકમ બદલ તડજોડ કરી હોય તે વ્યક્તિ પાણીનો કર આપવાને પાત્ર થશે નહિ પણ તેની પાસે પાણી બદલ લેવાતી કોઇ પણ રકમ જે વખતે લેણી થાય તે વખતે આપવામાં ન આવે, તો તે રકમ જાણે કે પાણીના કરની બાકી હોય તેમ કમિશ્નર વસૂલ કરી શકશે.

**૩.૧૦.૧૧ કલમ-૧૩૫ સરકાર પાસે પાણી માટે માપ પ્રમાણે ચાર્જ લેવો.**

માપ સાર્વજનિક હેતુઓ માટે વપરાતી અને નફાના હેતુઓ માટે અથવા નિકાસના, ધર્માદા આવા ધાર્મિક હેતુઓ માટે વપરાતી ન હોય અથવા વાપરવાનો ઈરાદો ન હોય તેવી જગાઓના સંબંધમાં સરકાર પેસાથી, આ અધિનિયમ મુજબ પાણીનો કર વસુલ કરી શકાતો હોય તો કમિશ્નર તેવો કર વસૂલ કરવાને બદલે એવી જગામાં પૂરા પાડેલા પાણી માટે, આ અર્થે સ્થાયી સમિતિ ઠરાવે તેવા દરે માપ પ્રમાણે ચાર્જ લેવો, આવો ચાર્જ કલમ-૧૩૪ની પેટા કલમ (૧)ના ખંડ (ક) (એ) મુજબ બીજી કોઈપણ વ્યક્તિ પાસેથી તે સમયે લેવામાં આવતા ઓછામાં ઓછા દર કરતાં વધારે હોવો જોઈએ નહિ અને તે સદરહું કલમની પેટા કલમ (૩)માં ઠરાવ્યા પ્રમાણે વસુલ કરી શકશે.

**૩.૧૦.૧૨ કલમ-૧૩૬ સાર્વજનિક પાણી પીવાના ફુવારા વગેરેમાં પાણી પૂરુ પાડવા બદલ કર ન લેવો.**

શહેરના રહેવાસીઓને મફત પાણી પુરું પાડવા માટે વપરાતા અને કોર્પોરેશનને પ્રાપ્ત થયેલાં કોઈ પણ પાણી પીવાના ફુવારા, તળાવ, હોજ, ટાંકી, પમ્પ, કૂવા, ડંકી, સ્ટેન્ડ-પાઈપ અથવા બીજાં વરિગૃહમાંનું પાણી વાપરવા માટે અથવા તેમાંથી લીધેલું પાણી વાપરવા માટે કોઈ પણ જાતનો કર અથવા ચાર્જ લેવામાં અથવા માંગવામાં આવશે નહીં.

પરંતુ આવા વરિગૃહમાંનું અથવા તેમાંથી લીધેલુ પાણી માત્ર વ્યક્તિગત અથવા ઘરગથ્થું હેતુઓ માટે વાપરવું અને ધંધા અથવા વેચાણના હેતુ માટે વાપરવું નહિં.

**૩.૧૦.૧૩ કલમ-૧૩૭ અમુક દાખલાઓમાં સફાઈ કર ખાસ દરોએ નક્કી કરી શકાશે.**

(૧) જ્યારે જ્યારે કમિશ્નર યોગ્ય લાગે ત્યારે ત્યારે તે કોઈ પણ હોટલ, કલબ, તબેલા, ઔદ્યોગિક જગાઓ અથવા બીજી મોટી જગાઓના સંબંધમાં લેવાના સફાઈ કર આ અર્થે સ્થાયી સમિતિ સામાન્યતઃ મંજુર કરે તેવા ખાસ દરે નક્કી કરી શકશે, પછી જે સેવાના સંબંધમાં તેવો

કર વસૂલ કરવાનો હોય તે સેવા માણસોની મહેનતથી અથવા તેને બદલે બીજાં સાધનો અથવા યંત્રોથી થતી હોય કે ના હોય.

પરંતુ કોર્પોરેશને આ પેટા-કલમે ઉલ્લેખથી કોઈપણ મિલકતો. જે વર્ગની હોય તે વર્ગની મિલકતો માટે સફાઈ કરનો કોઈ જુદો દર કોઈ પણ સરકારી વર્ષ માટે નક્કી કરેલો હોય તો કમિશ્નર, કોર્પોરેશનની પૂર્વમંજુરી સિવાય એવા સરકારી વર્ષ કે તેના કોઈ ભાગ માટે કોર્પોરેશને જે વર્ગની મિલકત માટે એવો જુદો દર ઠરાવેલો હોય તે વર્ગની કોઈ મિલકત અંગે આપવાના સફાઈ કર, આ પેટા-કલમ હેઠળ જુદા દર નક્કી કરી શકશે નહીં.

(૨) માત્ર સાર્વજનિક હેતુઓ માટે વપરાતી, અને નફાના હેતુઓ અથવા નિવાસના ધર્માદા અથવા વાર્ષિક હેતુઓ માટે વપરાતી ન હોય અથવા વાપરવાનો ઈરાદો ન હોય તેવી જે જગાઓના સંબંધમાં, સફાઈ કર રાજ્ય સરકારે આપવાનો હોય તેવી જગાઓના દાખલામાં કમિશ્નરે સદરહું કર ઉપર કહ્યા પ્રમાણે મંજૂર કરેલા દરે નક્કી કરવો.

(૩) એવા કોઈપણ દાખલામાં, સફાઈ કરની રકમ, જગામાંથી મળ-મૂત્ર વાળો અને મેલો પદાર્થ, મ્યુનિસિપલ સફાઈ નોકર વર્ગ દ્વારા એકઠો કરવા, ખસેડવા અને નિકાલ કરવાનાં ખર્ચ અથવા સંભવિત ખર્ચને અનુલક્ષીને નક્કી કરવી.

**૩.૧૦.૧૪ કલમ-૧૩૮ કોઈપણ વ્યક્તિએ ભરેલા પાણીના કર અથવા સફાઈ કરની રકમ જે જગા માટે તે ભરવામાં આવી હોય તે જગાનો ભોગવટો કરનાર પાસેથી વસૂલ કરી શકાશે.**

(૧) જે કોઈ પણ જગાના સંબંધમાં પાણીનો કર અથવા સફાઈ કર કમિશ્નરને ભર્યો હોય. તે વ્યક્તિને જે મુદત માટે તેણે આવો કર ભર્યો હોય તે મુદત દરમિયાન, સદરહું જગા પોતાના ભોગવટામાં ન હોય તો વિરુદ્ધના કોઈ પણ કબૂલાત અથવા કરારને આધીન રહીને, સદરહું મુદત માટે સદરહું જગા જેના ખરેખર ભોગવટામાં હોય એવી જો કોઈ વ્યક્તિ હોય તો તેની પાસેથી સદરહું કમ મેળવવાનો હક્ક રહેશે.

(૨) સદરહું રકમ જે વ્યક્તિએ ભરી હોય તે વ્યક્તિને, ઉપર કહેલી વ્યક્તિ પાસેથી સદરહું રકમ વસૂલ કરવા માટે, એવી રકમ જેની પાસેથી મેળવવાની તેને હક હોય તે વ્યક્તિએ તેને આપવાના ભાડા તરીકે હોત તો તે વસૂલ માટેના તેને જ હકો અને ઈલાજો પ્રાપ્ત થાય તે હકો અને ઈલાજો પ્રાપ્ત થશે.

**૩.૧૦.૧૫ કલમ-૧૩૯ મિલકત કરો ભરવા માટેની પ્રાથમિક જવાબદારી કોના ઉપર રહેશે.**

(૧) પેટા-કલમ (૨) જોગવાઈઓને આધીન રહીને કોઈપણ જગા ઉપર આકારેલા મિલકત કરો. પ્રથમતઃ નીચે પ્રમાણે વસૂલ કરી શકાશે.

(ક) (એ) જો જગા સરકાર પાસેથી અથવા કોર્પોરેશન પાસેથી સીધી ધારણ કરવામાં આવતી હોય તો તેના ખરેખરા ભોગવટો કરનાર પાસેથી.

પરંતુ સરકારને પ્રાપ્ત થયેલી અને સરકારના નોકરો અથવા બીજી વ્યક્તિઓ ભાડું આપીને ભોગવટો કરતી હોય તેવી ઈમારતોના સંબંધમાં, લેણાં તથા મિલકત કરો પ્રથમતઃ સરકાર પાસેથી વસૂલ કરી શકાશે.

(ખ) (બી) જો જગા એ રીતે ધારણ કરવામાં આવી ન હોય તો.

(૧) જો જગા ભાડે આપવામાં આવી હોય, તો ભાડે આપનાર પાસેથી

(૨) જો જગા પેટા-ભાડે આપવામાં આવી હોય, તો વરિષ્ઠ ભાડે આપના પાસેથી.

(૩) જો જગા ભાડે આપેલી ન હોય તો, તે જગા ભાડે આપવાનો હક જે વ્યક્તિને પ્રાપ્ત થયેલો હોય તે વ્યક્તિ પાસેથી.

(૨) જો કોઈ પણ જગા એક વર્ષ કરતાંવધારે હોય તેવી કોઈ પણ મુદત માટે કોઈ ભાડૂતને ભાડે આપવામાં આવી હોય અને તેવા ભાડુતે, તેવી જમીન ઉપર કોઈ બાંધકામ કર્યું હોય તો સદરહું જમીન ઉપર અને તે જમીન ઉપર બાંધેલી ઈમારત ઉપર આકારેલી મિલકત કરો, પ્રથમતઃ સદરહું ભાડૂત પાસેથી અથવા જે વ્યક્તિ પેટા-પેટાથી નહિ પણ કાયદાના અમલથી અથવા નામફેરથી અથવા સ્વાર્પણથી સદરહું ભાડૂત પાસેથી ઈલાઓ પ્રાપ્ત કરતી હોય તે વ્યક્તિ પાસેથી અથવા સદરહું ભાડૂત અથવા વ્યક્તિના કાયદેસર તે પ્રતિનિધિ પાસેથી વસૂલ કરી શકાશે, પછી જે જગા સદરહું ભાડૂત અથવા વ્યક્તિ અથવા કાયદેસર પ્રતિનિધિ અથવા પેટાભાડૂના ભોગવટામાં હોય કે ન હોય.

પરંતુ જે પ્રસંગે જમીન પર એવી રીતે બંધાયેલી ઈમારત કામચલાઉ પ્રકારની હોય અથવા અનધિકૃત હોય તે પ્રસંગે, જમીન અને ઈમારત અંગેના મિલકત કરો, જે વ્યક્તિને જમીન ભાડે આપવાની હક્ક પ્રાપ્ત થયો હોય તે વ્યક્તિ પાસેથી પ્રથમતઃ વસૂલ કરવા જોગ થશે.

**૩.૧૦.૧૬ કલમ-૧૪૦ મિલકત કરો ભરવા માટે ભોગવટો કરનારાઓને ક્યારે જવાબદાર ગણાવી શકાય.**

(૧) કોઈપણ મિલકત કર ભરવાને પ્રથમતઃ જવાબદાર હોય તેવી વ્યક્તિ ઉપર તે કરનું બિલ, નિયમો મુજબ યોગ્ય રીતે બજાવવામાં આવ્યું હોય તે પછી તેવા કર બદલ લેણી

થયેલી રકમ ભરાયા વગરની રહે અને જે જગાના સંબંધમાં કર લેણો થયો હોય તે જગાની સદરહું વ્યક્તિ તે સમયે ભોગવટો કરનારા ન હોય, તો કમિશ્નર તે રકમનું બીલ સદરહું જગાના ભોગાવો કરનાર ઉપર અથવા તેના બે અથવા વધારે ભોગવટો કરનાર હોય, તો તે દરેક જણ ઉપર, સદરહું જગાના સંબંધમાં તેઓ બંને અથવા સઘળા ભરતા હોય તેવી ભાડાની એકંદરે રકમ સાથે એવો ભોગવટો કરનાર ભરતી હોય તેવી ભાડાની રકમ જે પ્રમાણ ધરાવતી હોય તે પ્રમાણે લેણી નીકળતી આખી રકમ સાથે, લેણી નીકળતી રકમનો જે ભાગ ધરાવતી હોય તેટલા ભાગનું બિલ બજાવી શકશે.

(૨) જો ભોગવટો કરનાર અથવા ભોગવટો કરનારાઓ પૈકી કોઈપણ ભોગવટો કરનારા એવું કોઈ પણ બિલ બજાવ્યા પછી ત્રીસ દિવસની અંદર તેમાં માંગેલી રકમ ભરવાને ચૂંકે, તો સદરહું રકમ તેની પાસેથી નિયમો અનુસાર વસૂલ કરી શકશે.

(૩) મિલકત કરની જે કોઈ પણ નક્કી રકમ એક વર્ષ કરતાં વધારે મુદત માટે લેણી રહી હોય અથવા તે જગા ઉપર તે કર આકારવામાં આવ્યો હોય તે જગા ભોગવટો કરનારના ભોગવટામાં જેટલી મુદત સુધી ન હોય તેટલી મુદત બદલ લેણીં થઈ હોય તે બાકી રકમ કોઈપણ ભોગવટો કરનાર પાસેથી આ કલમ મુજબ વસૂલ કરવી નહીં.

(૪) જો કોઈ પણ રકમ, આ કલમ મુજબ ભોગવટો કરનારે ભરી હોય અથવા તેનીપાસેથી વસૂલ કરવામાં આવી હોય, તો તે રકમ ભરવાને પ્રથમતઃ જવાબદાર હોય તેવી વ્યક્તિ સાથેના હિસાબમાં તે મજરે લેવાનો તેને હક રહેશે.

**૩.૧૦.૧૭ કલમ-૧૪૧મિલકત કરો જે જગા ઉપર આકારવામાં આવ્યા હોય તે જગા ઉપર તે કરોનો પ્રથમ બોજો રહેશે.**

(૧) કોઈપણ ઈમારત અથવા જમીનના સંબંધમાં, આ અધિનિયમ મુજબ લેણાં થતા મિલકત કરોનો, સરકાર પાસેથી સીધી ધારણ કરવામાં આવતી કોઈપણ ઈમારત અથવા જમીનના દાખલમાં, એવા કરો માટે જવાબદાર હોય કેવી વ્યક્તિના એવી ઈમારત અથવા જમીનમાંના હિત-સંબંધ ઉપર અને એવી ઈમારત અથવા જમીનમાં અથવા તે ઉપર જો કોઈપણ જંગમ મિલકત મળી આવે અને તે એવી વ્યક્તિની માલિકીની હોય, તો તેના ઉપર બીજી કોઈ પણ ઈમારત અથવા જમીનના દાખલામાં, સદરહું ઈમારત અથવા જમીન ઉપર અને એવી ઈમારત અથવા જમીનમાં અથવા તે પણ કોઈ પણ જંગમ મિલકત મળી આવે તે એવા કર માટે જવાબદાર હોય તેવી

વ્યક્તિની માલિકીની હોય, તો તેના ઉપર પ્રથમ બોજો રહેશે, પણ તે ઈમારત અથવા જમીન ઉપર રાજ્ય સરકારનું કોઈ પણ જમીન મહેસૂલ લેણું હોય, તો તે પ્રથમ ભરવું જોઈએ.

**૩.૧૦.૧૮ સ્પષ્ટીકરણ :**

આ કલમમાં મિલકત કરો એ સંસ્થામાં કોઈ પણ જગાને પૂરા પાડવામાં આવેલા પાણી માટે કલમ ૧૩૪ મુજબ આપવાના ચાર્જો અને નિયમોમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનો મિલકત કરોની વસૂલાત માટેના ખર્ચનો સમાવેશ થાય છે એમ ગણાશે.

(૨) પેટા-કલમ (૧) થી ઉભા કરેલા બોજાનો અમલ કરાવવા માટેના દાવામાં થયેલા કોઈ પણ હુકમનામામાં દાવો માંડવામાં આવે તે તારીખથી રકમ વસૂલ થાય ત્યાં સુધીની રકમ માટે કોર્ટને વાજબી લાગે તેટલા દરે લેણી ઠરાવેલી રકમ ઉપર કોર્પોરેશનને વ્યાજ આપવાનો હુકમ કોર્ટ કરી શકશે અને એવા વ્યાજ અને દાવાના ખર્ચ અને હુકમનામાં મુજબ પ્રસ્તુત જગા અથવા જંગમ મિલકત વેચાણ માટે મૂકવામાં ખર્ચ સુદ્ધાં સદરહું બોજાનો અમલ, ઠરાવવાના ખર્ચનો ઉપર કહ્યા પ્રમાણેની બાબતને આધીન રહીને, લેણી ઠરાવેલી રકમ સહિત એવી જગા અને જંગમ મિલકત પર નવો બોજો થશે અને વેચાણની ઉપજમાંથી કોર્પોરેશનને તે ભરવાનો કોર્ટ નિર્દેશ કરી શકશે.

**૩.૧૦.૧૯ કલમ-૧૪૨ વાહનો હોડીઓ અને પશુઓ ઉપર કર :**

(૧) આમાં હવે પછી ઠરાવ્યું છે તે સિવાય આ અર્થે રાજ્ય સરકાર વખતોવખત કરે તેવા લેખિત હુકમના નિર્દિષ્ટ કરેલા પ્રકારનાં વાહનો, હોડીઓ અને પશુઓ ઉપર, વાહનો અને હોડીઓના દાખલામાં જ્યારે તેમને ઉતારુઓ અથવા માલ લાવવા લઈ જવા સારુ અને પશુઓના દાખલામાં જ્યારે તેમને સવારી સારુ, દોડવાની શરત સારુ, જોડાવા સારુ અથવા ભાર લઈ જવા સારુ શહેરમાં ઉપયોગ કરવા માટે રાખવામાં આવે ત્યારે તેવા હુકમથી ઠરાવેલા દર કરતાં વધારે ન હોય તેવા દરે એક કર બેસાડવો. પરંતુ મુંબઈ મોટર વાહન કર અધિનિયમ ૧૯૫૮ની કલમ ૨૦માં જણાવ્યા પ્રમાણે હોય તે સિવાય મોટર વાહનો ઉપર કંઈપણ કર લેવો નહીં.

**૩.૧૦.૨૦ સ્પષ્ટીકરણ :**

શહેરની હદની બહાર રાખેલાં પણ એવી હદની અંદર નિયમિત પણે વાપરવામાં આવતાં વાહન, હોડી અથવા પશુ શહેરમાં ઉદ્યાયોગ કરવા માટે રાખેલાં છે એમ ગણાશે.

(૨) કોર્પોરેશને, વર્ષે વર્ષે જે દરે કર લેવાનો હોય તે દર કલમ ૯૯ મુજબ નક્કી કરવો.

**૩.૧૦.૨૧ કલમ ૧૪૩ કરમાંથી મુક્તિ :**

(૧) સદરહું કર નીચેના સંબંધમાં લઈ શકાશે નહીં.

(ક) (એ) માત્ર વાહનવ્યવહાર સંસ્થાના હેતુ સારુ વપરાતાં વાહનો અથવા પશુઓને સિવાયનાં બીજાં કોર્પોરેશનની માલિકીના વાહનો, હોડીઓ અને પશુઓ.

(ખ) (બી) સરકારને પ્રાપ્ત થયેલા હોય અને માત્ર સાર્વજનિક હેતુઓ સારું વપરાતાં હોય અને નફાના હેતુ સારુ વપરાતાં ન હોય અથવા વાપરવાનો ઈરાદો ન હોય તેવાં વાહનો, હોડીઓ અને પશુઓ અને તેમાં રક્ષક બળોની માલિકીનાં હોય તેવાં વાહનો, હોડીઓ અને પશુઓનો સમાવેશ થાય છે.

(ગ) (સી) ઈજા પામેલ, માંદા અથવા મૃત્યુ પામેલી વ્યક્તિઓને મફત લાવવા લઈ જવા માટે માત્ર વાપરવાનો ઈરાદો હોય તેવાં વાહનો અને હોડીઓ.

(ઘ) (ડી) બાળકોની બાબાગાડીઓ અને ટ્રાયસીકલો

(ચ) (ઈ) જે મ્યુનિસિપલ અધિકારીઓ અથવા નોકરોને તેમની નિમણૂંકની બોલીઓથી તેમજ ફરજ અદા કરવા માટે વાહન-રાખવાનું ફરમાવ્યું હોય તે અધિકારીઓ અથવા નોકરોની માલિકીનાં વાહનો.

પરંતુ આ કલમથી આપેલી મુક્તિ, દરેક અધિકારી માટે એક કરતાં વધારે વાહનના સંબંધમાં અથવા તે અધિકારીને જે વર્ગનું વાહન રાખવાનું ફરમાવ્યું હોય તે વર્ગનું વાહન ન હોય તેવા વાહનનો સંબંધમાં મળી શકશે નહિં.

(છ) (એફ) વાહન અથવા હોડીઓના ખરેખરા વેપારીઓએ માત્ર વેચાણ માટે રાખેલા અને વપરાયેલાં ન હોય તેવાં વાહન અથવા હોડીઓ.

પરંતુ મોટર વાહનોના દરેક વેપારી પાસેથી જેના સંબંધમાં મોટર વાહન અધિનિયમ, ૧૯૩૯ મુજબ કરેલા નિયમો હેઠળ વેપાર માટેનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું હોય તેવાં દરેક વાહનો માટે, દર છ મહિને અગાઉથી આ અર્થે રાજ્ય સરકારની મંજૂરીથી કોર્પોરેશન મંજુર કરે તેવા દરે કર વસૂલ કરવો.

(જ) (જી) અપંગ વ્યક્તિઓને લાવવા લઈ જવા માટે જ ઉપયોગમાં લેવાતા વાહનો.

(૨) સરકારને પ્રાપ્ત થયેલું કોઈપણ વાહન, હોડી અથવા પશુ નફાના હેતુ માટે વપરાય છે અથવા વપરાંતા નથી અથવા વાપરવાનો ઈરાદો છે. અથવા નથી એવો કોઈ પણ પ્રશ્ન પેટા-કલમ (૧)ના ખંડ (ખ) (બી) મુજબ ઉભો થાય, તો તેવા પ્રશ્નનો નિર્ણય રાજ્ય સરકાર કરશે તેનો નિર્ણય છેવટનો ગણાશે.

**૩.૧૦.૨૨ કલમ-૧૪૪ અશ્વશાળા રાખનારાઓ અને બીજાઓ સાથે માંડવાળ કરી શકાશે.**

કમિશ્નર,સ્થાયી સમિતિની મંજૂરી મેળવીને કોઈપણ અશ્વશાળા રાખનાર સાથે અથવા ભાડે આપવા માટે વાહનો, ઘોડા અથવા વળદો રાખતી બીજી વ્યક્તિ સાથે અથવા જે તબેલાઓમાં કમિશન લઈને અથવા બીજી રીતે વેચવા સારુ ઘોડારાખવામાં આવતા હોય તેવા તબલાઓ ધરાવતા કોઈ પણ વેપારી સાથે આવી અશ્વશાળા રાખનાર અથવા બીજી વ્યક્તિ અથવા વેપારી કલમ-૧૪૨ મુજબ લઈ શકાય એવા જે કરો ભરવાને બીજી રીતે જવાબદાર થાય તે કરો તે બદલે એકી વખતે એક વર્ષ કરતાં વધારે ન હોય તેટલી મુદત માટે એક સામટી રકમ તેની પાસેથી લેવાનું નક્કી કરીને માંડવાળ કરી શકાશે.

**૩.૧૦.૨૩ કલમ-૧૪૫ તબેલાઓનું નિરીક્ષણ કરવાનો અને કર ભરવાને જવાબદાર હોય તેવી વ્યક્તિને સમસ્ય કરવાની સતા :**

(૧) જે કોઈ પણ તબેલા ગેરેજ અથવા બગીખાનાં અથવા બીજી કોઈપણ જગામાં આ અધિનિયમ મુજબ કરને પાત્ર કોઈપણ વાહન હોડી અથવા પશુ છે એમ માનવાને પોતાને કારણ હોઈ તે તબેલા ગેરેજ અથવા બગીખાનું કમિશ્નર નિરીક્ષણ કરી શકશે.

(૨) કમિશ્નર, લેખિત સમન્સ બજાવીને જે કોઈપણ વ્યક્તિને વાહન હોય અથવા પશુના સંબંધમાં કર ભરવાને જવાબદાર હોય એમ માનવાને પોતાને કારણ હોય તેવી કોઈ પણ વ્યક્તિને અથવા એવી કોઈ વ્યક્તિના કોઈપણ નોકરને, પોતાની સમક્ષ હાજર રહેવાનું ફરમાવી શકશે, અને એવી વ્યક્તિની માલિકીનાં અથવા તેના કબજામાંના અથવા તેના નિયંત્રણ હેઠળનાં વાહનો, હોડીઓ અને પશુઓમાં સંખ્યા અને પ્રકાર સંબંધી એવી વ્યક્તિ અથવા નોકરને તપાસી શકશે અને એવી રીતે સમન્સ કરેલી દરેક વ્યક્તિ, કમિશ્નર સમક્ષ હાજર રહેવાને અને પોતાની સંપૂર્ણ જાણ અથવા માન્યતા પ્રમાણે સદરહું બાબતો સંબંધી સાચી માહિતી આપવાને બંધાયેલી રહેશે.

**૩.૧૦.૨૪ કલમ-૧૪૭ તાત્કાલિક નિકાસ કરવા માટે આયાત કરેલી ચીજો બાબત :**

વિરુદ્ધ સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી શહેરમાં આયાત કરેલો કોઈપણ માલ, સ્થાયી હુકમોથી નક્કી કરવામાં આવે તેવા માર્ગે, તેવા વખતની અંદર, તેવી દેખરેખ હેઠળ અને તેવી ફી ભરીને આયાતના સ્થળેથી નિકાસના સ્થળે લઈ જવામાં ન આવે, તો એવો માલ શહેરમાંજ ઉપભોગ ઉપયોગ અથવા વેચાણના હેતુઓ સારુ આયાત કરવામાં આવ્યો છે એમ અનુમાન કરવામાં આવશે.

**૩.૧૦.૨૫ કલમ-૧૪૮ નાટ્યગૃહ કરમાંથી મુક્તિ :**

નાટ્યગૃહ કર નીચેનાના સંબંધમાં લઈ શકાશે નહીં.

(ક) (એ) જેમાં દાખલ થવા માટે કોઈપણ ચાર્જ લેવામાં આવતો ન હોય અથવા માત્ર નામનોજ ચાર્જ લેવામાં આવતો હોય તેવું કોઈપણ મનોરંજન અથવા વિનોદ.

(ખ) (બી) જેમા પૈસા આપીને લોકો જઈ શકતા ન હોય તેવું કોઈપણ મનોરંજન અથવા વિનોદ.

(ગ) (સી) ખર્ચ બાદ કર્યા સિવાય જેની પૂરેપૂરી ઉપજ સાર્વજનિક ધર્માદા હેતુ સારું વાપરવાની હોય તેવું કોઈ પણ મનોરંજન અથવા વિનોદ.

**૩.૧૦.૨૬ સ્પષ્ટીકરણ :**

આ કલમના હેતુઓ સારુ નામનો ચાર્જ એટલે નિયમોથી નક્કી કરવામાં આવે તેવો ચાર્જ

**૩.૧૦.૨૭ કલમ-૧૪૯ બીજા કરો લેવામાં અનુસરવાની કાર્યરીતિ :**

(૧) કલમ-૧૨૭ની પેટા કલમ (૨)માં નિર્દિષ્ટ કરેલા કરો પૈકી કોઈ પણ કર લેવાનો કોર્પોરેશન નિર્ણય કરે તે પ્રસંગે તેણે નીચેની બાબતો માટે તે સમય અમલમાં હોય તેવા નિયમોમાં ફેરફાર કરતા, તે વિસ્તૃત કરતા અથવા તેમાં ઉમેરો કરતા નિયમોનાં રૂપમાં, આ અધિનિયમ કરવામાં આવ્યો નહોય તેવી વિગતવાર જોગવાઇ કરવી.

(ક) (એ) કરનો પ્રકાર, તેના દર, તેને પાત્ર હોય તેવી વ્યક્તિઓ, ચીજો અથવા મિલકતના વર્ગ અથવા વર્ગો અને તેમાંથી જો કાંઇ પણ મુક્તિ આપવાની હોય તો તે બાબત.

(ખ) (બી) આકારણીની પદ્ધતિ અને વસૂલાતની રીત અને કરની વસૂલાત માટે કમિશ્નર અથવા બીજા અધિકારીઓએ વાપરવાની સતા બાબત.

(ગ) (સી) કર ભરવાની જવાબદારીના સંબંધમાં આપવી જોઈતી માહિતી બાબત.

(ઘ) (ડી) જવાબદારી ટાળતા અથવા ખોટી અથવા ગેરરસ્તે દોરનારી માહિતી પુરી પાડતા અથવા માહિતી પૂરી પાડવાને ચૂકતી વ્યક્તિઓને કઇ શિક્ષાઓ કરી શકાય તે બાબત.

(ચ) (ઈ) કોર્પોરેશન ઈષ્ટ ગણે અને આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય એવી બીજી બાબતો.

પરંતુ કલમ ૧૨૭ની પેટા કલમ (૨)ના ખંડ (છ) (એફ) માં આવતા કોઈપણ ખર્ચના સંબંધમાં કોર્પોરેશનની કરની પસંદગીને રાજ્ય સરકારે પ્રથમ કામચલાઉ મંજૂરી આપેલી હોય તે સિવાય, કોર્પોરેશનનો કોઈ પણ નિયમ કરવો નહીં.

(૨) કોર્પોરેશને તે નિયમો રાજ્ય સરકારને સાદર કરવા અને રાજ્ય સરકાર તે નિયમો મંજુર કરવાની ના પાડી શકશે. વધુ વિચાર માટે કોર્પોરેશનને પાછા મોકલી શકાશે. અથવા તે જેમ હોય તેમ મંજુર કરી શકશે. અથવા લેવાના કરના દર અથવા દરોમાં અથવા તેની પ્રાપ્તિમાં જેનાથી વધારો ન થાય તેવા પોતાને યોગ્ય લાગે તેવા ફેરફારો સાથે મંજૂર કરી શકશે.

(૩) પેટા-કલમ (૨) મુજબ રાજ્ય સરકારે આપેલી કોઈ પણ મંજૂરી, મંજૂરીના હુકમના રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવી મંજૂરીની તારીખથી એક મહિના કરતા વહેલી ન હોય તેવી તારીખે અમલમાં આવશે. અને મંજુરીમાં આવી જતાં કર એ રીતે નિર્દિષ્ટ કરેલી તારીખથી લેવા કોર્પોરેશન સક્ષમ રહેશે.

(૪) કોર્પોરેશનને તથા રાજ્ય સરકારે મંજૂરીના હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવેલી તારીખથી એપ્રિલની ૧લી તારીખ જ રહે તે માટે, વ્યવહાર્ય હોય તેવા પગલા લેવા, સિવાય કે મંજૂરી કલમ ૧૫૦ મુજબ અનુપૂરક ક્વોટા માટેની દરખાસ્ત અનુસાર આપવામાં આવી હોય.

પરંતુ જો રાજ્ય સરકારની મંજૂરી તરત જ પહેલાનાં માર્ચની ૧લી તારીખ સુધીમાં આપવામાં ન આવે અને કર લેવાની શરૂઆત માટે રાજ્ય સરકાર એપ્રિલની ૧લી તારીખ કરતાં મોડી હોય તેવી તારીખ મંજૂરીના હુકમમાં નિર્દિષ્ટ કરે તો એપ્રિલની ૧લી તારીખ કરતા મોડી હોય તેવી તારીખથી કર લેવાની કોર્પોરેશનની સતાને પેટા-કલમ (૪)માં કોઈ પણ મજકુરથી અસર થશે નહિં.

(૫) કોઈપણ કર માટે નક્કી કરેલા દરોમાં અથવા પાત્ર હોય તેવી વ્યક્તિઓ ચીજો અથવા મિલકતના વર્ગ અથવા વર્ગોમાં અથવા તેમાંથી જો કોઈ પણ મુક્તિ આપવાની હોય, તો તે મુક્તિમાં જે કોઈપણ ફેરફાર કરવાનો કોર્પોરેશન વખતોવખત નિર્ણય કરે તે ફેરફારોને, આ કલમની જોગવાઈઓ શક્ય હોય તેટલે સુધી લાગુ થશે.

**૩.૧૦.૨૮ કલમ-૧૫૦ આ અધિનિયમ મુજબ નાંખી શકાય એવો કોઈ પણ કર અનુપૂરક કરવેરાથી વધારી શકાશે અથવા નવેસરથી નાંખી શકાશે.**

જ્યારે જ્યારે કલમ-૧૦૪ મુજબ કોર્પોરેશન કોઈ પણ સરકારી વર્ષમાં અનુપૂરક કરવેરાનો આશ્રય લેવાનું નક્કી કરે, ત્યારે ત્યારે આ અધિનિયમ મુજબ નાંખી શકાય એવા કોઈપણ કરના દરમાં આ અધિનિયમમાં અથવા રાજય સરકારના હુકમમાં અથવા તેની મંજૂરીમાં એવા કર માટે ઠરાવેલી મર્યાદા અને શરતોને આધીન રહીને સદરહું વર્ષના બાકી રહેલા ભાગ માટે વધારો કરીને અથવા આ અધિનિયમ મુજબ નાંખી શકાય, પણ તે સમયે લેવામાં આવતો ન હોય તેવો કર યોગ્ય મંજૂરીથી લઈને તે પ્રમાણે કરી શકાશે.

**૩.૧૦.૨૯ કલમ-૧૫૧ કરની રકમ કેવી રીતે પાછી મેળળી શકાય તે બાબત.**

મ્યુનિસિપલ કરની રકમ નિયમોથી ઠરાવેલી રીતે અને એવી શરતોને આધીન રહીને પાછી માંગી શકાશે.

**૩.૧૦.૩૦ કલમ-૧૫૨ વસૂલ થઈ ન શકે એવા કરો માંડી વાળવા બાબત.**

કમિશ્નરસ્થાયીસમિતિની મંજૂરીથી, કોઈપણ કર બદલ અથવા કોઈ પણ કર વસૂલ કરવાના ખર્ચ બદલ લેણી થયેલી જે રકમ તેના અભિપ્રાય પ્રમાણે વસૂલ થઈ શકે એમ ન હોય તો રકમ વખતોવખત માંડી વાળી શકાશે.

આ પ્રકરણમાં ભારતની મહાનગરપાલિકાઓનો પરિચય આપવામાં આવેલ છે. આ પરિચયનું આધારે હવે પછીના પ્રકરણમાં સૌરાષ્ટ્રની મહાનગરપાલિકાઓનો ઉંડાણથી અભ્યાસ કરવામાં આવેલ છે. હવે પ્રકરણમાં સૌરાષ્ટ્રની મહાનગરપાલિકાની સ્થાપનાથી માંડીને આજની તેમની કામગીરીઓનો અભ્યાસ કરવામાં આવેલ છે.

**૩.૧૧ ઉપસંહાર :**

ભારતની સ્થાનિક સરકારની મહત્વની સંસ્થા તરીકે મહાનગરપાલિકા ઉપર મુજબની સેવા બજાવી રહી છે અને મહાનગરપાલિકાના બંધારણ મુજબ જુદી-જુદી સમિતિઓની રચના કરવામાં આવેલ છે અને આ સમિતિઓ પોતાની ફરજ બજાવે છે. અંતે મહાનગરપાલિકાનો આવકના મુખ્ય સાધન તરીકે કરમાળખું દર્શાવવામાં આવેલ છે.

ભારત દેશની સ્થાનિક સંસ્થાઓ અને મહાનગરપાલિકાઓ તેમના સતાના ધોરણે યોગ્ય કામગીરી બજાવે અને સેવા પૂરી પાડે તો આપણા દેશને વૈશ્વિકરણનાં યુગમાં બીજા દેશની સામે વિકાસની હરોળમાં મૂકી શકીએ. આમ દેશને વિકાસમાં ઝંપલાવી અને અલ્પવિકસિત દેશમાંથી વિકસિત દેશ સુધી લઈ જવા માટે સરકારે નાનામાં નાના એકમો તથા દરેક નાના-મોટા શહેરોના સર્વાંગી વિકાસને લક્ષમાં લઈ કામગીરી બજાવવી જોઈએ.

# પ્રકરણ-૪
# રાજકોટ મહાનગરપાલિકાની વિકાસલક્ષી કામગીરીઓ


૪.૧ પ્રસ્તાવના

૪.૨ ગુજરાતમાં મહાનગરપાલિકા

૪.૩ રાજકોટ મહાનગરપાલિકા

૪.૪ રાજકોટ મહાનગરપાલિકાની કામગીરીનું વિશ્લેષણ -૨૦૦૯

૪.૫ રાજકોટ મહાનગરપાલિકાની કામગીરીનું વિશ્લેષણ-૨૦૧૦

૪.૬ રાજકોટ મહાનગરપાલિકાની કામગીરીનું વિશ્લેષણ-૨૦૧૧

૪.૭ રાજકોટ શહેરની આંતરમાળખાકીય સવલતો-૨૦૧૨

૪.૮ શહેરીકરણની પ્રક્રિયા

૪.૯ બજેટની પ્રોસેસ

૪.૧૦ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અપાતી લોન

૪.૧૧ ઈ-ગવર્નન્સની સવલતો

૪.૧૨ ભાવિ-આયોજન

૪.૧૩ ઉપસંહાર

# પ્રકરણ-૪

# રાજકોટ મહાનગરપાલિકાની વિકાસલક્ષી કામગીરીઓ

## ૪.૧ પ્રસ્તાવના :

ઘણા નામોથી પ્રચલિત સૌરાષ્ટ્ર એ ગુજરાત રાજ્યનો એક હિસ્સો છે. સ્વતંત્ર ભારત લોકશાહી માળખાનું નવચરિત 'સૌરાષ્ટ્ર રાજ્ય' બહુભાષી મુંબઈ રાજ્ય પછી છેલ્લે સ્થપાયેલ ગુજરાત રાજ્યનો એક ભાગ છે. જે ગુજરાત રાજ્યમાં મોખરે અને આગવું સ્થાન ધરાવે છે.

પ્રાચીનકાળમાં મૈત્રકવંશના શાસન દરમ્યાન આ સૌરાષ્ટ્ર પ્રદેશ 'સુરાષ્ટ્ર' તરીકે ઓળખાતો તેમજ અપભ્રંશ થઈ 'સોરઠ' તરીકે પણ ઓળખાતો હતો (ઓળખાય) છે. સૌરાષ્ટ્ર માટે 'કાઠિયાવાડ' શબ્દ વપરાય છે. ૧૭૦૦-૧૮૦૦ ના સૈકામાં દૂરથી આવીને વસેલા કાઠી રાજપુતોનાં નામ ઉપરથી આ નામ મરાઠાઓએ પાડ્યું.

ઈ.સ.૧૯૪૭માં ભારત દેશ સ્વતંત્રત બનતાં સને ૧૯૪૮ માં સરદાર વલ્લભભાઈ પટેલની આગેવાની હેઠળ કાઠિયાવાડના જુનાગઢને બાદ કરતાં તમામ દેશી રજવાડાઓનું વિલીનીકરણ થતાં સૌરાષ્ટ્ર રાજ્ય અસ્તિત્વમાં આવ્યું.

ગુજરાત રાજ્યમાં સૌરાષ્ટ્ર પ્રદેશ પશ્ચિમ વિભાગમાં દ્વિપકલ્પ તરીકે જોવા મળે છે. તેની ત્રણ બાજુએ અરબી સમુદ્ર આવેલ છે. સૌરાષ્ટ્ર ૨૦'- ૪૦' થી ૨૩-૨૫' ઉતર અક્ષાંશ અને ૬૯' - ૫' થી ૭૨-૧૦' પૂર્વરેખાંશ વચ્ચે આવેલ છે. તથા દક્ષિણ અને પશ્ચિમ બાજુએ અરબી સમુદ્ર આવેલ છે. ગુજરાતનાં કુલ ૧,૯૬,૦૦૦ ચોરસ કિલોમીટર વિસ્તરતા સૌરાષ્ટ્રનો વિસ્તાર ૬૪,૩૩૮ ચોરસ કિલોમીટર છે જે ગુજરાતનાં કુલ વિસ્તારનાં ૩૨.૮૩% થાય છે.

સૌરાષ્ટ્ર પ્રદેશને ઉપલક દૃષ્ટિએ જોતાHomogeneseપ્રદેશ તરીકે જોવા મળે છે. પરંતુ તેનાં દરેક જિલ્લાઓ એક સરખાં વિકાસ પામ્યા નથી. સૌરાષ્ટ્રના મહાનગરો રાજકોટ, જૂનાગઢ, ભાવનગર, જામનગરનો વિકાસ પણ એક સરખો થયેલ નથી. છતાં દરેક નગર પોતપોતાના વિકાસમાં વિશિષ્ટતાઓ ધરાવે છે અને આગવું સ્થાન ધરાવે છે.

## ૪.૨ ગુજરાતમાં મહાનગરપાલિકા :

ગુજરાતમાં કુલ આઠ મહાનગરપાલિકાઓ પૈકી જેવી કે અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, ભાવનગર, જામનગર, જુનાગઢ અને રાજકોટ આવેલી છે જે પૈકી જુનાગઢ, ભાવનગર, જામનગર અને રાજકોટ મહાનગરપાલિકાઓ સૌરાષ્ટ્રમાં આવેલી છે. છતાં આ તમામ મહાનગરપાલિકાઓ પોતાના હદ, વિસ્તાર અને બંધરણ મુજબ જુદી-જુદી કામગીરીઓ અને સેવાઓ બજાવતી સતા ધરાવતી સ્થાનિક સંસ્થાઓ છે.

માનવીને જેમ પોતાનું શરીર અને અવયવો ખુબ જ મહત્ત્વનાં હોય છે તેમ મહાનગરપાલિકાઓને પણ પોતાનું શરીર અને તેના (શરીરનાં) અવયવો હોય છે. શરીર એટલે તેમની હદ વિસ્તાર અને અવયવો એટલે વિસ્તારની અંદર કાર્યરત જુદી-જુદી શાખાઓ (સમિતિઓ) કે જે નગરજનોને સેવાઓ પૂરી પાડે છે.

દરેક મહાનગરપાલિકાની સ્થાનિક કક્ષાએ સામાજિક, આર્થિક અને વિકાસકીય કામગીરી વતા-ઓછા પ્રમાણમાં જુદી પડતી હોય છે. આ ઉપરાંત બદલતા પ્રવાહની સાથે લોકોની રહેણીકરણી, સમાજ, લોકવિચાર, લોકજરૂરીયાતો માટેની શોધખોળ, મહાનગરપાલિકા તરફથી મળતી નાગરિક સેવાઓમાં (સુવિધાઓ) પરિવર્તન પામેલ છે. પરિવર્તન પામતી વિવિધ સામાજિક સેવાઓ તથા જીવનજરૂરી સવલતોમાં વધારો થાય છે અને સેવા સવલતોમાં વધારો થતા નાણાંકીય જરૂરીયાત વધવાં લાગે છે. આથી મહાનગરપાલિકાને નાણાંકીય આયોજન કરવું એ પણ જરૂરી બની જાય છે.

**૪.૩ રાજકોટ મહાનગરપાલિકા :**

સૌરાષ્ટ્રની મધ્યમાં દ્વિપકલ્પે આજી નદીને કાંઠે વસેલ રાજકોટ શહેરની સ્થાપનાં ઈ.સ.૧૬૧૦માં ઠાકોર વિભાજીએ કરી. ઠાકોર વિભાજીએ પોતાનાં મિત્ર રાજુ સિંધી સાથેની પોતાની મૈત્રી યાદગાર અને કાયમની રહે તે માટે મિત્રનાં નામ પરથી એ શહેરનું નામ રાજકોટ રાખ્યું. સતત વિકાસ અને પ્રગતિનાં સોપાનો સર કરી રહેલ આ રાજકોટ શહેર તેમનાં અતિત અને વર્તમાન સમયની કામગીરીઓથી બીજા નગરો કરતા અલગ તરી આવે છે.

સૌરાષ્ટ્રનાં પાટનગર તરીકે જેનું નામ વંચાય છે તેવા આ રાજકોટ નગરની સામાજિક, આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક અને ભૌગોલિકતા, વિશીષ્ટતાઓથી સભર છે. સ્વાતંત્ર્ય પૂર્વે સૌરાષ્ટ્રના રજવાડાઓ પર નિયંત્રણ રાખતી બ્રિટીશ સરકારની એજન્સીનું વડું મથક અને સ્વાતંત્ર્યની ચળવળ વખતે સૌરાષ્ટ્રનું મુખ્ય મથક રાજકોટ હતું. સ્વાતંત્ર્ય બાદ સૌરાષ્ટ્રનું અલગ-અલગ રાજ્ય અસ્તિત્વમાં આવ્યું ત્યારે પણ સૌરાષ્ટ્રનું વડુ મથક રાજકોટ બન્યું. આમ, સૌરાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરતું કેન્દ્ર એટલે રાજકોટ શહેર.

સ્વ. લાખાજીરાજે તેમનાં સમયમાં લોકશાહીનો પાયો નાંખ્યો રાજકોટમાં ઈ.સ.૧૮૩૬માં પ્રથમ અંગ્રેજીદવાની હોસ્પીટલ સ્થપાઈ, જે વેસ્ટ હોસ્પીટલના નામથી ઓળખાતી ઈ.સ.૧૮૮૯માં રાજકોટ, વાંકાનેર વચ્ચે રેલ્વે વ્યવહાર શરૂ થયો. યાદગાર જૂના બાંધકામોમાં લાલપરી તળાવ ઈ.સ.૧૮૯૫માં બાંધવામાં આવેલ. ઈ.સ.૧૯૨૧માં મિડલ સ્કૂલની સ્થાપના થઈ અને ત્યારે જે ૧,૫૦,૦૦૦ નાં ખર્ચે સરવિભાજીના નામની શાકમાર્કેટ પણ બનાવી. ઈ.સ.૧૯૨૩માં શહેર

સુધરાઈની રચના થઈ ઈ.સ.૧૯૨૪માં રાષ્ટ્રીયશાળાની સ્થાપના કરવામાં આવી અને ઈ.સ.૧૯૨૫માં મહાત્મા ગાંધીજીના હસ્તકે રાષ્ટ્રીયશાળા ખુલ્લી મુકવામાં આવી. ઈ.સ.૧૯૩૭માં ધર્મેન્દ્રસિંહજી કોલેજ સ્થપાઈ જે રાજકોટમાં પ્રથમ કોલેજ હતી. એ.વી.પી. પારેખ ટેક્નીકલ ઈન્સ્ટીટ્યુટ કોલેજ પણ ખુબ જ જૂની કોલેજ છે સને ૧૯૪૭માં ભારત સ્વતંત્ર બનતાં અને ૧૯૪૮ની ૧૫મી એપ્રિલે સૌરાષ્ટ્ર રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યું ત્યારે સૌરાષ્ટ્ર રાજ્યની રાજધાની તરીકે રાજકોટ શહેરની પસંદગી કરવામાં આવી અને ઈ.સ.૧૯૪૯માં રાજકોટ શહેર સુધરાઈ માટે સ્થાનિક મંડળીઓ યોજવામાં આવી.

રાજકોટ શહેરમાં ઈ.સ.૧૯૪૯ની પહેલી ઓક્ટોબર ના રોજ પહેલી સુધરાઈ અસ્તિત્વમાં આવી અને ત્યાર પછી નગરમાંથી મહાનગર તરીકે મહાનગરપાલિકાનો દરજ્જો મેળવ્યો. મહાનગપાલિકાની સતાં મેળવી સતત આર્થિક વિકાસ અને પ્રગતિનાં સોપાનો સર કરી આજે રાજકોટ એક સુંદર આગવું અને મહત્વનું શહેર બની રહેલ છે.

ગુજરાત રાજ્યમાં કુલ આઠ મહાનગરોમાં રાજકોટ પાંચમું સ્થાન ધરાવે છે અને સૌરાષ્ટ્રનાં બધી મહાનગરપાલિકાઓમાં રાજકોટ મહાનગરપાલિકા પ્રથમ સ્થાન ધરાવે છે.

આજે રાજકોટ જિલ્લામાં ૧૪,તાલુકા ૧૪ શહેરો, ૮૫૫ જેટલાં ગામડાઓ, ગુજરાતમાં સાક્ષરતાનુંપ્રમાણ ૭૫.૮૮% (૨૦૦૧ મુજબ) છે.

### ૪.૩.૧ રાજકોટ શહેરની સફર સુધરાઈની મહાનગરપાલિકા સુધી :

દેશને સ્વતંત્રતાં મળી એ પહેલાં (૧૯૪૭ પહેલા) રાજકોટ શહેરમાં બે જુદા-જુદા ભાગ હતા. રાજકોટ શહેરમાં બે સુધરાઈ અસ્તિત્વમાં હતી. હાલમાં રાજકોટ શહેરની મધ્યમાંથી પસાર થઈ રહેલ જુનો ઢેબરરોડ પર એ વખતની ગોંડલ સ્ટેટની માલિકીની રેલ્વે લાઈન પસાર થતી હતી અને હાલની મ્યુનિસિપલ કોર્પોરેશન બિલ્ડીંગનો કાંઠા પરનો ભાગ રેલ્વે સ્ટેશન તરીકે ઉપયોગમાં લેવાતો હતો. તે વખતે રાજકોટ શહેર બે હિસ્સામાં વહેંચાયેલું હતું જેમાં રેલ્વે ટ્રેકની પશ્ચિમ શહેરી ભાગ બ્રિટીશ સલ્તનતનાં કબજા હેઠળનો હતો તે સદર અથવા પ્રદ્યુમન નગરના નામથી ઓળખાતોઅને રાજકોટ સિવીલ સ્ટેશન નામથી ઓળખાતી હકુમત દ્વારા સંચાલિત સુધરાઈતંત્ર દ્વારા વિકાસના કાર્યો થતાં હતા.

જ્યારે રેલ્વે ટ્રેકની પૂર્વ શહેરી ભાગ રાજકોટ સ્ટેટની સલ્તનત હેઠળ વિકસ્યો હતો. બ્રિટીસ અંગ્રેજ સરકારની માફક રાજકોટ સ્ટેટ દ્વારા પણ પોતાની હદમાં સમાવિષ્ટ વિસ્તારોની સુવિધા માટે સુધરાઈ ચલાવવામાં આવતી હતી.અને મ્યુનિસિપલ સેક્રેટરી તરીકે શ્રી રામસિંહજી જાડેજા સુધરાઈનું સંચાલન કરતા.

વધુ એક આશ્ચર્યજનક બાબત એ પણ જાણવા જેવી છે કે બંને સુધરાઈનાં તંત્રવાહકોએ કરવેરા સંબંધી તેમજ અન્ય ઈતર ધારા-ધોરણોના જે નિયમો અમલમાં મુક્યાં હતા તે પણ અલગ-અલગ હતા.

એક જ શહેરમાં બે સુધરાઈ અને અલગ-અલગ નિયમો કેવું વિચિત્ર ! દેશને આઝાદી મળ્યાં બાદ રાજકોટ શહેરનાં બંને ભાગ એક થઈ ગયા અને ઓર્ડીનન્સ નં.૧૦ અને ૧૯૪૯ સૌરાષ્ટ્ર આજ્ઞાપત્રિકા તા.૨૮-૬-૧૯૪૯માં પ્રસિદ્ધ થયા અનુસાર રાજકોટ બરો મ્યુનિસિપાલિટીની સ્થાપનાં થઈ અને તેનો વહીવટ બોમ્બે મ્યુનિસિપલ બરો એક્ટ ૧૯૨૫ અને ગુજરાત મ્યુનિસિપલ એક્ટ ૧૯૬૩ અનુસાર ચાલતો સને ૧૯૫૧માં થયેલી વસતિ ગણતરી પ્રમાણે રાજકોટ શહેરની લોકસંખ્યા ૧,૩૩,૫૩૫ની હતી. અને આજે સળંગ સતા ધરાવતુ અને વિકાસ કરતું મહાનગર બની ગયું છે.

**૪.૩.૨ રાજકોટના શહેરનો ઈતિહાસઃ**

રાજકોટનાં અતીતમાં વિશેષ જોઈએ તો રાવલજામની ત્રીજી પેઢીએ થયેલા જામસતાજીનાં વખતમાં અકબર બાદશાહે ગુજરાત જીતી લીધું એ સમયે ગુજરાતનો છેલ્લો બાદશાહ મુજફ્ફર સંતાતો સંતાતો અંતે જામસાહેબ પાસે આવતા તેને પકડી લેવા ગુજરાતના સબા-મીરજા અજીજ કોકાએ અમદાવાદથી લશ્કર લઈ નવા નગર ઉપર ચડાઈ કરી, ભુચર મોરી (ધ્રોલ નજીક)નાં રણક્ષેત્રમાં લડાઈ થઈ. સંવત ૧૬૪૮માં શ્રાવણ વદ ૮નાં રોજ ફરી એક વખત જંગ ખેલાયો, અનેક યોદ્ધા હણાયા, કુંવર અજાજી રણમાં પડયા, ને કુંવર જશાજી બાકીનું લશ્કર લઈ જતાં રહ્યાં. ત્યારબાદ જામસતાજીએ મુસલમાન સુબા સાથે સુલેહ કરી નગર પાછું મેળવ્યું સંવત ૧૬૬૪માં જામસતાજીનું અવસાન થયું, પાટવી કુંવર અજાજીનાં પુત્ર લાખાજી ગાદીનાં હક્કદાર હતા. પરંતુ તેમની નાની ઉંમરને ધ્યાનમાં લેતા તેમના કાકા જસાજી ગાદીએ બેઠા.

સંવત ૧૬૮૦માં જસા જામનું નિધન થતા જામ લાખા ગાદીએ બેઠા, જામ લાખાના નાનાભાઈ વિભાજીને જસા જામનાં વખતમાં કાલાવડ કુનડાના બાર ગામનો ગરાસ મળેલો તેથી તેઓ ત્યાં જતાં રહેલા પણ તેઓ વધુ ચંચળ અને પરાક્રમી હતા. તેમજ કાલાવડ પરગણુ તેમનાં પરિવાર માટે પુરતી ઉપજ કરાવી આપવામાં સક્ષમ નહીં હોઈ તેઓ પોતાની માતા સાથે સરધાર મુકામે મામા પાસે ગયા. કહે છે કે સરધારનાં વાઘેલા ઠાકોરની કુંવરી જોડે પરણેલા વિભાજીને દાયજામાં ચીભડા ગામ મળેલું જો કે પરાક્રમી વિભાજીને સ્વતંત્ર રાજ્ય પેદા કરવાનો વિચાર સતત સતાવતો રહેતો, દરમ્યાન વિભાજીએ પોતાનું વિશ્વાસું સાથીઓને સાથે રાખી મધ્યરાત્રીએ હુમલો

કરી વાઘેલાનું આખું રાજ્ય કબ્જે કર્યું. ત્યારબાદ વિભાજીએ પોતાના વિશ્વાસુ મુળુ લાંગા તથા રાજુ સિંધીને સાથે રાખી દિલ્હી જઈ જહાંગીર બાદશાહને મળવાનો પ્રયત્ન કર્યો હતો.

વિભાજીની સારી એવી મહેનતમાં અંતે બાદશાહ પાસેથી સંવત ૧૬૬૨નાં ભાદરવા સુદ પાંચમના રોજ સરધારની માલિકીનો પવાનો મેળવી વિભાજી પરત ફર્યા, પોતાની મનોકામનાં પૂર્ણ થતાં વિભાજીએ પોતાનાં વિશ્વાસુ સાથીદારો મુંળું લાંગા અને રાજુ સિંધીને યોગ્ય બદલો પણ વાળી આપ્યો મુળું લાંગાને કેટલાક ગામો આપ્યા બાદ વિભાજીએ ઈ.સ.૧૬૨૦માં પોતાની મૈત્રીને જીવંત રાખવા મિત્ર રાજુ સિંધીના નામે રાજકોટ ગામ વસાવ્યું, જ્યારે “યદુવંશ પ્રકાશ”નાં સંદર્ભ અનુસાર ઈ.સ.૧૬૨૬માં વિભાજીએ રાજુ સિંધીની સ્મૃતિમાં રાજકોટની સ્થાપના અને નામકરણ કર્યા. જો કે પહેલેથી જ રાજુ સિંધીનાં પરિવારનો કબ્જો હતો. જે ઈ.સ.૧૬૬૪ સુધી રહ્યો આ સ્થળે રાજુ સિંધીનો નેસ હતો.

વિભાજી ઈ.સ.૧૬૩૫-૩૬ માં અવસાન પામ્યા, તેમનાં પુત્ર મહેરામણજી અને ત્યારબાદ તેમના પુત્ર સાહેબજી સરધારની ગાદીએ બેઠા હતા, ઈ.સ.૧૬૯૪માં સાહેબજી પછી તેમનાં પુત્ર બામણિયોજી સતાનશીન થયા, પણ મિયાણાઓ સાથેનાં ધીંગાણમાં ખપી ગયા. ત્યારબાદ મહેરામણજી દ્વિતીય ગાદીએ બેઠા. તેમણે જુનાગઢના ઘણા ગામો જીતી લીધા હતા.

આવાં રાજકીય સમયગાળામાં રાજકોટનું મહત્વ વધવા લાગ્યું. ઈ.સ. ૧૭૨૦માં દિલ્હી સલ્તનતે માસુમખાનને રાજકોટ અને સરધાર પણ આક્રમણ કરવા મોકલ્યા, જે લડાઈમાં મહેરામજીએ શહાદત વ્હોરી. માસુમખાને પોતાની જાગીરમાં સરધાર, જસદણ, ભાડલા, આણંદપુર, વગેરેને ભેળવી રાજકોટમાં રાજધાની સ્થાપી ઈ.સ.૧૭૨૨માં તેમણે રાજકોટનું નામ બદલીને માસુમાબાદ રાખ્યું. મહેરામણજીનાં સાત કુવરો પૈકી રમણલજીએ ઈ.સ.૧૭૩૨માં માસુમખાનને ઠાર માર્યો અને પિતાની ગાદી પાછી મેળવી.

ઈ.સ.૧૭૬૦માં મોગલ સતાનો સૂર્યાસ્ત થયો, મરાઠાઓ કાઠીયાવાડનાં રાજાઓ પાસેથી કર વસુલ કરતા, મરાઠાનું લશ્કર રાજકોટની ભાગોળે પશ્ચિમ ઉતરે પડાવ નાંખીને રહેતું, કોટની અંદર મર્યાદિત બની ગયેલાં રાજકોટની બહાર મરાઠા છાવણી ભાવિ વિકાસનો પાયો નાંખતી હતી.

રાજકોટ ઠાકોર પાંસેથી ૬૩૮ હેકટર જમીન ભાડે મેળવનાર અંગ્રેજો આગળ જતા સર્વોપરી બનીને બહાર આવ્યા. અને રાજકોટ મહત્વનું નગર બનવાં લાગ્યું.

રાજકોટમાં કોટની બહાર પશ્ચિમે અંગ્રેજોની કોઠી લશ્કરી થાણું, અમલદારોના બંગલા કચેરીઓ પારસી અગિયારી, સિવિલ સ્ટેશન વગેરેની રચનાં થઈ સદર વિસ્તારને સિવિલ સ્ટેશન

તરીકે ઓળખવામાં આવતું. રાજકોટના જોડીયા નગરમાં સિવિલ સ્ટેશનનો વહીવટ એક અલગ મેજીસ્ટ્રેટને સોંપાયો હતો.

રાજકોટમાં ઈ.સ.૧૮૮૮માં રેલ્વે, ૧૮૬૮માં રાજકુમાર કોલેજની સુવિધા, ૧૮૯૩માં કોનોટ હોલ, વોટસન મ્યુઝિમ, લેંગ લાયબ્રેરી વગેરે ઈમારતો બંધાય. દરમિયાન નદીપારનાં હાલના કુવાડવા રોડ, લાતી પ્લોટ, ભાવનગર રોડ વગેરે વિસ્તારો જોડાતા ગયા ૧૯૪૭માં ભારત સ્વતંત્ર થયું. સૌરાષ્ટ્ર રાજ્યની સ્થાપનાં થઈ, રાજકોટને પાટનગરોનો દરજ્જો મળ્યો. આ સાથે જ ઠાકોરસાહેબનું રાજકોટ અને સદર વિસ્તાર ભળીને એક થઈ જતાં હાલનું અખંડ રાજકોટ અસ્તિત્વમાં આવ્યું. ઈ.સ.૧૯૪૯માં નગરની પ્રથમ લોકાનિયુક્ત સુધરાઈ રચાઈ. રાજકોટની પ્રારંભિક છ હજારની વસ્તી ૧૯૦૧માં વધીને ૩૬ હજાર તથા ૧૯૫૧માં ૧.૩૧ લાખે પહોંચી ૧૯૮૧માં ૪.૪૪ લાખ ૧૯૯૧માં સાડા પાંચ લાખ અને ૨૦૦૧માં ૧૦ લાખની વસતિ થઈ છે. આધુનિક રાજકોટની વિકાસની યાત્રા અંગ્રેજ હકુમતનાં સમયમાં પણ આગળ ધપાવનાર મહારાજા શ્રી લાખાજીરાજ બાપુ પણ યશનાં હક્કદાર બને છે.

**૪.૩.૩ રાજકોટ મહાનગરપાલિકાનું બંધારણ :**

સતત વિકાસ અને પ્રગતિનાં સોપાનો સર કરી રહેલ રાજકોટ મહાનગરપાલિકાથી બી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ અન્વયે ઈ.સ.૧૯૭૩નાં રોજ સ્થાપના થઈ શહેરમાં લોકોની પાયાની જરૂરીયાતો (સુવિધાઓ) પૂરી પાડવા માટે ધી બી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ અન્વયે અસ્તિત્વમાં આવેલ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા છે.

રાજકોટ શહેરનું ભૌગોલિક બંધારણ ગુજરાત રાજ્ય પંચાયત અને આરોગ્યખાતાનાં હુકમ નં. કે.પી. (૭૨) ૨૫૧ આર.સી.એન. ૪૧૭૨-૧૦૬૮ થી તા.૨૭-૧૦-૭૨ અનુસાર મંજુર થયેલ હતું. દરમ્યાન તા.૧૯-૧૧-૧૯૭૩ના રોજ રાજકોટ નગરપાલિકાનું રાજકોટ મહાનગરપાલિકામાં રૂપાંતર થયુ ત્યારબાદ બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ હેઠળ તંત્ર કાર્યરત થયું ૬૯ ચો.કી.મી.વિસ્તાર ધરાવતાં વિસ્તારને કુલ ૧૮ વોર્ડમાં વિભાજન કરવામાં આવ્યું. અને દરેક વોર્ડમાં સમિતિ સભ્યોને નિમવામાં આવ્યા ફરી ૧૯૯૫માં જ્યારે સામાન્ય ચૂંટણી યોજાણી ત્યારે ફરી નવી વોર્ડ રચનાં અમલી બનતાં ૨ વોર્ડ સ્થપાયા અને કુલ ૨૦ વોર્ડમાં વિભાજન થયું. અને પ્રત્યેક વોર્ડમાં ત્રણ-ત્રણ કોર્પોરેટર સમિતિની નિમણૂંક કરવામાં આવી. દરમ્યાન જૂન ૧૯૯૮માં રાજ્ય સરકારે રાજકોટના પરા વિસ્તાર સમાન રૈયા નગરપાલિકા, નાના મૌવા નગરપંચાયત, મવડી નગર પંચાયતોનાં વિસ્તારોને રાજકોટ મહાનગરપાલિકાનાં વિસ્તારમાં સમાવી દેતા મ્યુનિસિપલ કોર્પોરેશનનું ક્ષેત્રફળ ૬૯

ચો.કી.મી.માંથી વધીને ૧૦૪.૮૬ ચોરસ કી.મી. થયું ૧૯૯૯માં રાજ્ય સરકારે નવા ભળેલા વિસ્તાર માટે ત્રણ વોર્ડ રચતા વોર્ડની સંખ્યા ૨૪ થઈ (જેમાં એક વોર્ડ થોડો નદી વિસ્તારમાં આવી જાય છે.) અને ફરી ચૂંટણી ૬૯ બેઠકો માટે થઈ.

અહીં મહાનગરપાલિકાની હદ વસ્તી, બંધારણ દ્વારા નિમાયેલી સમિતઓની કામગીરી નગરજનોને મળતી વિવિધ સેવાઓ અને આ સ્થાનિક સેવાઓ (કાર્યો) માટે જરૂરી નાણાભંડોળ ઉભું કરવાની સત્તા અને કાર્યવાહીનો અહીં અભ્યાસ કરવામાં આવેલ છે. જેમાં કોંગ્રેસને ૪૪ અને ભાજપને ૨૫ બેઠકો પ્રાપ્ત થઈ હતી. આ બોર્ડ ૧૫મી ઓક્ટોબર ૨૦૦૦નાં રોજ અસ્તિત્વમાં આવેલ છે.

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ડીસેમ્બર-૨૦૧૦ થી નવી ચૂંટાયેલી બોડીએ કાર્યભાર સંભાળી લીધો છે. ૫૮ બેઠકોની બહુમતિ સાથે ભારતીય જનતા પાર્ટીએ શાસનની ધુરા સંભાળેલ છે. જ્યારે ૧૧ બેઠકો સાથે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટીએ વિરોધપક્ષની જવાબદારી વહન કરશે.

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી પૂર્વે જ શહેરની નવી વોર્ડ રચનાં નક્કી કરવામાં આવી હતી રાજ્ય ચૂંટણીપંચ, ગાંધીનગર દ્વારા તેનાં જાહેરનામાં ક્રમાંક ચચપ/ચટણ/સમક/મનપ રાજકોટ ૨૦૦૫ તા.૩૧-૮-૨૦૦૫ થી આખરી નવી વોર્ડ રચના મંજુર કરવામાં આવી હતી. શહેર કુલ ૨૩ વોર્ડમાં વહેંચાયેલું છે. વોર્ડની સંખ્યા અને બેઠક સંખ્યા યથાવત રહેલ છે. પરંતુ ભૌગોલિક રીતે વિસ્તારમાં ફેરફાર થયેલ છે.

મહાનગરપાલિકામાં મેયરપદ માટેની મુદત અઢી વર્ષની છે, જ્યારે ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનની મુદત એક એક વરસની છે. રાજકોટ મહાનગરપાલિકાનું બંધારણ નીચે મુજબ છે:

૧. મહાનગરપાલિકાનું નામ : રાજકોટમહાનગરપાલિકા
૨. જેના અન્વયે બંધારણ થયું તે અધિનિયમ: ધી બોમ્બે પ્રોવિન્સિપલ મ્યુ. કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯
૩. મહાનગરપાલિકામાં રૂપાંતર : ઈ.સ.૧૯૭૩
૪. વિસ્તાર: ૧૦૪,૮૬ ચોરસ કિ.મી.
૫. હદ (વિસ્તાર)ના કુલ વોર્ડ : ૨૩
૬. સૌરાષ્ટ્રમાં સ્થાન (ભૌગોલિક) : મધ્યમાં ૨૦’-૧૮’ ઉત્તર આક્ષાંશ અને ૭૦-૫૧ પૂર્વ રેખાંશ

૭. સમુદ્રથી ઊંચાઇ (ફુટ) : ૪૫૦ ફુટ

૮. તાપમાન ઉનાળો, શિયાળો : મહત્તમ ૩૯.૧ અને લઘુતમ ૨૫.૨ ડીગ્રી થી મહત્તમ ૩૨.૨અને લઘુતમ ૧૨.૨ ડીગ્રી.

૯. સરેરાશ વરસાદ : ૧૨'થી ૧૮' ઇંચ

૧૦. મુખ્ય વસ્તી : હિંદુ

૧૧. મહાનગરપાલિકાની કુલ વસ્તી (૨૦૦૧ ની ગણતરી મુજબ) : ૧૧૦,૩૦,૧૫

૧૨. મહાનગરપાલિકાની કુલ વસ્તી (૨૦૧૧ની ગણતરી મુજબ): ૧,૨૮૬,૯૯૫

૧૩. કુલ કુટુંબો : ૨,૦૨,૩૭૧.

**૪.૩.૪ રાજકોટશહેરનીવસ્તીનુંપ્રમાણ વર્ષ-૨૦૧૧**

| વિગત | કુલ | પુરુષ | સ્ત્રી |
|---|---|---|---|
| શહેરની વસ્તી | ૧,૨૮૬,૯૯૫ | ૬૭૫,૭૩૧ (૫૨.૫૦%) | ૬૧૧,૨૬૪ (૪૭.૫૦%) |
| સાક્ષરતાનું પ્રમાણ | ૧,૦૨૬,૦૪ | ૫,૫૯,૩૬૯ (૫૪.૫૨%) | ૪૬૬,૬૭૧ (૪૫.૪૮%) |
| બાળકો (૦-૬ વર્ષ) | ૧૩૧,૮૪૧ | ૭૨,૧૩૯ (૫૪.૭૨%) | ૫૯,૭૦૨ (૪૫.૨૮%) |
| સરેરાશ સાક્ષરતા | ૧૭૭.૨૮ | ૯૨.૬૭ (૫૨.૨૭%) | ૮૪.૬૧ (૪૭.૭૩%) |
| સરેરાશ પ્રમાણ | ૯૦૫ | - | - |
| બાળકોનું સરેરાશ પ્રમાણ | ૮૨૮ | - | - |
| **કુલ** | **૧,૫૨૩,૩૫૦.૨૮** | **૧,૩૦૭,૩૩૧.૬૭** | **૧,૧૩૭,૭૨૧.૬૧** |

**વિશ્લેષણઃ**

ઉપરોક્ત કોષ્ટક પરથી વિશ્લેષણ કરતા રાજકોટ શહેરમાં કુલ પુરુષોનું પ્રમાણ ૫૨.૫૦% છે અને સ્ત્રીઓનું પ્રમાણ ૪૭.૫૦% છે. એટલે કે રાજકોટ શહેરમાં સ્ત્રીઓ કરતાં પુરુષોનું પ્રમાણ ૫% વધુ છે. તેમજ સાક્ષરતાનું પ્રમાણ ૯.૦૪% પુરુષોમાં વધુ છે. જ્યારે બાળકો (૦-૬ વર્ષ)નું પ્રમાણ ૯.૪૪% છે તેમજ સરેરાશ સાક્ષરતા રાજકોટ શહેરની પુરુષોમાં ૪.૫૪% જે સ્ત્રીઓ કરતા વધુ છે.

### ૪.૩.૫ રાજકોટનાં શહેરી વિસ્તારોમાં વસ્તીનું પ્રમાણ :

| વિગત | કુલ | પુરુષ | સ્ત્રીઓ |
|---|---|---|---|
| શહેરની કુલ વસ્તી | ૧,૩૯૦,૯૩૩ | ૭૩૧,૨૦૯<br>(૫૨.૫૭%) | ૬૫૯,૭૨૪<br>(૪૭.૭૩%) |
| સાક્ષરતાનું પ્રમાણ | ૧,૧૦૦,૪૩૫ | ૬૦૧,૬૮૮<br>(૫૪.૬૮%) | ૪૯૮,૭૪૭<br>(૪૫.૩૨%) |
| બાળકો (૦-૬ વર્ષ) | ૧૪૫,૩૯૯ | ૭૯,૪૮૬ (૫૪.૬૭%) | ૬૫,૯૧૩ (૪૫.૩૩%) |
| સરેરાશ સાક્ષરતાં | ૧૭૬.૩૧ | ૯૨.૩૨ (૫૨.૩૬%) | ૮૩.૯૯ (૪૭.૬૪%) |
| જાતિપ્રમાણ | ૯૦૨ | - | - |
| બાળકોનું સરેરાશ પ્રમાણ | ૮૨૯ | - | - |
| **કુલ** | **૨,૬૩૮,૬૭૪.૩૧** | **૧,૪૧૨,૪૭૫.૩૨** | **૧,૨૨૪,૪૬૭.૯૯** |

**વિશ્લેષણ:**

ઉપરોક્ત કોષ્ટકનું વિશ્લેષણ કરતા રાજકોટ શહેરની શહેરી વિસ્તારોમાં કુલ વસ્તીમાં સ્ત્રીઓ કરતા પુરુષોનું પ્રમાણ ૪.૮૪% વધુ છે. જ્યારે રાજકોટના શહેરી વિસ્તારોમાં સાક્ષરતાના પ્રમાણમાં પુરુષોનું પ્રમાણ ૫૪.૬૮% છે. જ્યારે સ્ત્રીઓમાં આ પ્રમાણ ૪૫.૩૩% છે. એટલે કે સાક્ષરતાનું પ્રમાણ સ્ત્રીઓ કરતા પુરુષોમાં ૯.૩૫% જેટલું વધુ જોવા મળે છે જે ઉપરોક્ત કોષ્ટક જોતા સ્પષ્ટ થાય છે.

રાજકોટનાં શહેરી વિસ્તારો જેવા કેઆણંદપર, બેડી, કોઠારીયા, માધાપર, મનહરપુર, મોટા મૌવા, મુંજકા, રાજકોટ અને વાવડી જેવાશહેરી વિસ્તારોછે.

**૪.૩.૬ વોર્ડ વાઈઝ એરિયા (વિસ્તાર) :**

રાજકોટ મહાનગરપાલિકા ૨૪ વોર્ડમાં વિભાજિત છે. અને તેનો કુલ વિસ્તાર ૧૦૪.૮૬ ચોરસ કિલોમીટર છે. જુદા-જુદા વોર્ડનાં એક સરખા ભાગ પાડવામાં આવ્યા નથી. પરંતુ દરેક વોર્ડનાં એરિયાને આ પ્રમાણે વિભાજન કરેલ છે અને વોર્ડની વસતિ પણ વધારે-ઘટાડે જોવા મળે છે.

ગૃહમંત્રાલય, ભારત સરકારનાં વસતિ ગણતરી વિભાગ દ્વારા વસતી ગણતરી-૨૦૦૧ માં જે આંકડાઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ તે આધારે રાજકોટ મહાનગરપાલિકા ના વોર્ડ નંબર-૧ થી ૨૩ ની કુલ વસ્તી તેમજ આઉટ ગ્રોથ વિસ્તારની કુલ વસ્તી.

## ૪.૩.૭ વોર્ડ વાઈઝ વસ્તીનું પ્રમાણ :

| નામ (મ્યુ.કોર્પોરેશન) | ટોટલ વસ્તી | ટોટલ પુરુષ | ઠોટલ સ્ત્રી | એસ.સી.ની સંખ્યા | પુરુષ એસ.સી.ની સંખ્યા | સ્ત્રીની સંખ્યા | ટોટલ એસ.ટી. | ટોટલ એસ.ટી. પુરુષ | ટોટલ એસ.ટી. સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| રાજકોટ (એમ.કોર્પો.) વોર્ડ-૧ | ૨૪૧૨૦ | ૧૨૩૫૬ | ૧૧૭૬૪ | ૩૨૩ | ૧૬૯ | ૧૫૪ | ૧૦ | ૪ | ૬ |
| રાજકોટ (એમ.કોર્પો.) વોર્ડ-૨ | ૨૫૪૨૩ | ૧૩૦૩૭ | ૧૨૩૮૬ | ૮૪ | ૪૯ | ૩૫ | ૧૦ | ૭ | ૩ |
| રાજકોટ (એમ.કોર્પો.) વોર્ડ-૩ | ૨૯૦૦૮ | ૧૫૧૦૫ | ૧૩૯૦૬ | ૨૭૧૨ | ૧૪૨૫ | ૧૨૮૭ | ૧૧૭ | ૬૬ | ૫૧ |
| રાજકોટ (એમ.કોર્પો.) વોર્ડ-૪ | ૨૯૮૬૧ | ૧૫૫૨૩ | ૧૪૩૩૮ | ૪૨૧ | ૨૨૬ | ૧૯૫ | ૫૫ | ૨૭ | ૨૮ |
| રાજકોટ (એમ.કોર્પો.) વોર્ડ-૫ | ૬૧૦૪૦ | ૩૨૨૯૪ | ૨૮૭૪૬ | ૧૬૦૭ | ૮૩૮ | ૭૬૯ | ૪૫૦ | ૨૩૬ | ૨૧૪ |
| રાજકોટ (એમ.કોર્પો.) વોર્ડ-૬ | ૫૧૬૬૦ | ૨૭૩૮૬ | ૨૪૨૭૪ | ૩૪૧ | ૧૭૩ | ૧૬૮ | ૧૦૩૭ | ૫૫૧ | ૪૮૬ |
| રાજકોટ (એમ.કોર્પો.) વોર્ડ-૭ | ૫૨૩૧૦ | ૨૭૩૮૮ | ૨૪૯૨૨ | ૩૫૯ | ૧૭૨ | ૧૮૭ | ૧૪૩ | ૭૭ | ૬૬ |
| રાજકોટ (એમ.કોર્પો.) વોર્ડ-૮ | ૨૬૬૦૨ | ૧૩૩૨૯ | ૧૩૨૭૩ | ૬૨ | ૨૩ | ૩૯ | ૧૦ | ૪ | ૬ |
| રાજકોટ (એમ.કોર્પો.) વોર્ડ-૯ | ૨૨૪૩૬ | ૧૧૯૧૭ | ૧૦૫૧૯ | ૩૧૧ | ૧૬૩ | ૧૪૮ | ૧૭૨ | ૮૬ | ૮૬ |
| રાજકોટ (એમ.કોર્પો.) વોર્ડ-૧૦ | ૪૧૭૮૯ | ૨૨૦૦૭ | ૧૯૭૮૨ | ૬૦૯૪ | ૩૧૫૫ | ૨૯૩૯ | ૨૮ | ૧૨ | ૧૬ |
| રાજકોટ (એમ.કોર્પો.) વોર્ડ-૧૧ | ૨૮૦૫૮ | ૧૪૨૦૨ | ૧૩૮૫૬ | ૨૧૧૭ | ૧૦૬૪ | ૧૦૫૩ | ૧૦૪૦ | ૫૨૪ | ૫૧૬ |
| રાજકોટ (એમ.કોર્પો.) વોર્ડ-૧૨ | ૩૩૬૬૯ | ૧૬૭૨૯ | ૧૬૯૪૦ | ૮૦૫ | ૪૩૪ | ૩૭૧ | ૧૫૪ | ૮૨ | ૭૨ |
| રાજકોટ (એમ.કોર્પો.) વોર્ડ-૧૩ | ૪૧૦૦૫ | ૨૧૨૪૪ | ૧૯૭૬૧ | ૫૫૭૯ | ૨૮૭૨ | ૨૭૦૭ | ૮૭૫ | ૪૭૯ | ૪૦૨ |
| રાજકોટ (એમ.કોર્પો.) વોર્ડ-૧૪ | ૩૬૮૧૬ | ૧૮૯૯૩ | ૧૭૮૨૩ | ૧૪૧૫ | ૭૩૨ | ૬૮૩ | ૩૭૪ | ૧૯૨ | ૧૮૨ |
| રાજકોટ (એમ.કોર્પો.) વોર્ડ-૧૫ | ૨૬૧૨૬ | ૧૩૩૯૪ | ૧૨૭૩૨ | ૨૬૮૦ | ૧૩૪૯ | ૧૩૩૧ | ૨૭૬ | ૧૪૦ | ૧૩૬ |
| રાજકોટ (એમ.કોર્પો.) વોર્ડ-૧૬ | ૨૫૬૬૭ | ૧૩૬૮૨ | ૧૧૯૮૫ | ૯૯૩ | ૫૪૪ | ૪૪૯ | ૨૦૦ | ૧૦૪ | ૯૬ |
| રાજકોટ (એમ.કોર્પો.) વોર્ડ-૧૭ | ૫૯૨૨૦ | ૩૧૨૭૧ | ૨૭૯૪૯ | ૭૨૨૦ | ૩૭૨૬ | ૩૪૯૪ | ૪૪ | ૨૯ | ૧૫ |
| રાજકોટ (એમ.કોર્પો.) વોર્ડ-૧૮ | ૪૬૩૮૨ | ૨૪૩૮૮ | ૨૧૯૯૪ | ૧૬૩૮ | ૮૩૭ | ૮૦૧ | ૬૬ | ૩૪ | ૩૨ |
| રાજકોટ (એમ.કોર્પો.) વોર્ડ-૧૯ | ૫૮૩૬૧ | ૩૧૨૬૩ | ૨૭૦૯૮ | | ૧૭૭૯ | ૧૫૭૬ | ૩૩૨ | ૧૮૯ | ૧૪૩ |
| રાજકોટ (એમ.કોર્પો.) વોર્ડ-૨૦ | ૩૫૪૫૮ | ૧૮૮૬૯ | ૧૬૫૮૯ | ૧૦૦૩૮ | ૫૨૦૮ | ૪૮૩૦ | ૩૨૯ | ૧૭૪ | ૧૫૫ |
| રાજકોટ (એમ.કોર્પો.) વોર્ડ-૨૧ | ૭૬૪૬૭ | ૪૧૫૫૮ | ૩૪૯૦૯ | ૭૮૧૫ | ૪૧૦૮ | ૩૭૦૭ | ૧૦૬ | ૫૯ | ૪૭ |
| રાજકોટ (એમ.કોર્પો.) વોર્ડ-૨૨ | ૩૯૧૫૪ | ૨૦૪૬૬ | ૧૮૬૮૮ | ૨૮૨૫ | ૧૫૮૫ | ૧૨૪૦ | ૧૮૦ | ૯૫ | ૮૫ |
| રાજકોટ (એમ.કોર્પો.) વોર્ડ-૨૩ | ૪૭૭૬૮ | ૨૪૮૨૭ | ૨૨૯૪૧ | ૭૦૨ | ૩૪૩ | ૩૫૯ | ૩૪૮ | ૨૧૦ | ૧૩૮ |
| રાજકોટ (એમ.કોર્પો.) વોર્ડ-૨૪ | ૪૯૦૭૬ | ૨૫૭૬૮ | ૨૩૩૦૮ | ૪૫૩૧ | ૨૪૨૭ | ૨૧૦૪ | ૯૧૪ | ૪૭૯ | ૪૩૫ |
| **રાજકોટ મ્યુની. કોર્પોરેશન** | **૯૬૭૪૭૬** | **૫૦૬૯૯૩** | **૪૬૦૪૮૩** | **૬૪૦૨૭** | **૩૩૪૦૧** | **૩૦૬૨૬** | **૭૨૭૦** | **૩૮૫૪** | **૩૪૧૬** |
| | | | | | | | | | |
| વેડી (ઓ.જી) વોર્ડ નં.૨૫ | ૩૩૧૩ | ૧૭૦૩ | ૧૬૧૦ | ૬૩૦ | ૩૩૪ | ૨૯૬ | ૦ | ૦ | ૦ |
| વાવડી (ઓ.જી) વોર્ડ નં.૨૬ | ૨૧૫૮ | ૧૧૨૫ | ૧૦૩૩ | ૪૩૦ | ૨૧૯ | ૨૧૧ | ૦ | ૦ | ૦ |
| મોટા માવા (ઓ.જી) વોર્ડ નં.૨૭ | ૩૦૫૩ | ૧૬૩૨ | ૧૪૨૧ | ૨૧૭ | ૧૧૫ | ૧૦૨ | ૧૦ | ૫ | ૫ |
| મુંજકો (ઓ.જી) વોર્ડ નં.૨૮ | ૨૧૯૧ | ૧૧૪૮ | ૧૦૪૩ | ૬ | ૩ | ૩ | ૦ | ૦ | ૦ |
| મનહરપુર (ઓ.જી) વોર્ડ નં.૨૯ | ૨૭૯૬ | ૧૪૫૬ | ૧૩૪૦ | ૧૧૧ | ૫૬ | ૫૫ | ૦ | ૦ | ૦ |
| મથાપર (ઓ.જી) વોર્ડ નં.૩૦ | ૩૭૪૬ | ૧૯૯૫ | ૧૭૫૧ | ૩૩૨ | ૧૭૪ | ૧૫૮ | ૫૭ | ૩૯ | ૧૮ |
| આનંદપુર (ઓ.જી) વોર્ડ નં.૩૧ | ૭૨૭૩ | ૩૮૮૫૫ | ૩૪૧૮ | ૧૮૬ | ૮૭ | ૯૯ | ૦ | ૦ | ૦ |
| કોઠારીયા(ઓ.જી) વોર્ડ નં.૩૨ | ૧૧૦૦૯ | ૫૯૯૧ | ૫૦૧૮ | ૨૫૯ | ૧૪૧ | ૧૧૮ | ૧૬૮ | ૯૦ | ૭૮ |
| ઓ.જી. | ૩૫૫૩૯ | ૧૮૯૦૫ | ૧૬૬૩૪ | ૨૧૭૧ | ૧૧૨૯ | ૧૦૪૨ | ૨૩૫ | ૧૩૪ | ૧૦૧ |
| | | | | | | | | | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ટોટલ પોપ્યુલેશન ૨૦૦૧ (આર.એમ.સી.+ઓ.જી.) | ૧૧૦૩૦૧૫ | ૫૨૫૮૯૮ | ૪૭૭૧૧૭ | ૬૬૧૯૮ | ૩૪૫૩૦ | ૩૧૬૬૮ | ૭૫૦૫ | ૩૯૮૮ | ૩૫૧૭ |

## ૪.૪ રાજકોટ મહાનગરપાલિકાની કામગીરીનું વિશ્લેષણ-૨૦૦૯

ગુજરાત રાજ્યની ૪૦ ટકા વસતી શહેરી વિસ્તારમાં રહેતી હોય ત્યારે જાહેર વહીવટ વધુ ને વધુ પ્રજાલક્ષી અને પારદર્શક બને એવા રાજ્ય સરકારશ્રીના અભિગમને અનુરૂપ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ નાગરિકોની સુખાકારી અને જાહેર સુવિધાઓમાં અર્થપૂર્ણ સુધારા થાય તે દિશામાં તંત્રને લોકાભિમુખ અને સંવેદનશીલ બનાવી માનવીય અભિગમ સાથે દોડતું કરવા ખાસ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યાં છે. લોકોને માત્ર સેવા-સુવિધા મળી રહે એ પૂરતું નથી, પરંતુ તેઓને એ પ્રતીતિ પણ થવી એટલી જ જરૂરી છે.

રાજકોટ મહાનગરપાલિકાએ તંત્ર ઉપર ઓછામાં ઓછું આર્થિક ભારણ આવે તેવા આશયથી લોકોને પાયાની સુવિધાઓ આપવાની સાથોસાથ આધુનિક સવલતો ઉપલબ્ધ બનાવવા બી.ઓ.ટી. (બીલ્ડ, ઓપરેટ એન્ડ ટ્રાન્સફ્રર) તથા પી.પી.પી. (પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ) હેઠળ મોટાભાગના પ્રોજેક્ટ આગળ ધપાવવા આયોજન કર્યું છે. આ ઉપરાંત કેન્દ્ર સરકારશ્રી પાસેથી જે.એન.એન.યુ.આર.એમ. હેઠળ પ્રાપ્ત થતી ગ્રાન્ટ અને રાજ્ય સરકારશ્રી તરફથી અપાતી ગ્રાન્ટમાંથી લોકોપયોગી સુવિધાઓ વિકસાવવા માટે પણ શ્રેણીબદ્ધ આયોજનો થઈ રહ્યા છે. જેમાં ખાસ કરીને શહેરી ગરીબો વિશેષરૂપી ધ્યાન આપવામાં આવી રહ્યું છે. આર્થિક અને સામાજિક રીતે શહેરી ગરીબ વર્ગ પણ આત્મ સન્માન અને સુખચેનથી જીવી શકે તે માટે રોજગારલક્ષી કાર્યક્રમો અને આવાસ યોજના અંતર્ગત ઉમ્મીદ હેઠળ ૮ તથા યુ.બી.એસ. પ્રોજેક્ટ હેઠળના ૨૦ રોજગાર કેન્દ્ર ચલાવવામાં આવી રહ્યા છે. ઉમ્મીદ કાર્યક્રમ હેઠળ ૩૯૦૨ તાલિમાર્થીઓને તાલિમ આપી ૨૮૩૨ ને રોજગારી ઉપલબ્ધ કરવામાં આવી છે. ગરીબ સમૃદ્ધિ યોજના હેઠળ શહેરના વિવિધ વિસ્તારોમાં ૨૩,૨૧૯ ચોરસ મીટરના કુલ ૧૦ હોકર્સ ઝોન ઉભા કરવામાં આવેલ છે. જેમાં ૧,૮૫૯ લોકોને રોજગારી પુરી પાડેલ છે. આ ઉપરાંત પાંચ નવા હોકર્સ ઝોન ઉભા કરવાની કામગીરી ગતિમાં છે. આ યોજના માટે અંદાજે રૂા.૪૫ કરોડની જમીન ફાળવી વધુ ૧૮૫૦ લોકોને રોજગારી પુરી પાડવાની નેમ રાખેલ છે. દરમ્યાન સખી મંડળ યોજના હેઠલ કુલ ૯૫ સખી મંડળોની રચના દ્વારા ૧૧૭૦ સખીઓને તાલિમ આપી રોજગારી આપવાનો પુરો પ્રયાસ કરવામાં આવેલ છે.

રાજકોટ શહેરને સ્વચ્છ, સુંદર અને નમૂનેદાર બનાવવાના પ્રયાસોના એક ભાગરૂપે લોકભાગીદારી સાથે બ્યુટિફિકેશન પ્રોજેક્ટ અમલમાં મુકેલ છે. જેના માધ્યમથી શહેરના વિવિધ

રસ્તાઓ અને ટ્રાફિક આઈલેન્ડને સુંદર ફૂલછોડ અને બાંધકામની મદદથી ખૂબસુરત બનાવવામાં આવી રહ્યા છે. તેમજ લોકભાગીદારી થકી જ મહાનગરપાલિકાની આંગણવાડીઓના ગરીબ બાળકોને રમકડાનું વિતરણ પણ કરવામાં આવેલ છે.

શહેરના વધતા જતા ટ્રાફિકની ભાવિ જરૂરીયાતને નજર સમક્ષ રાખીને પહોળા અને સુંદર રસ્તા વિકસાવવાના આયોજનને ક્રમશઃ અમલબદ્ધ કરવામાં આવી રહેલ છે. તો વળી કેટલાક આઈ કેચિંગ પ્રોજેક્ટ હાથ ધરી શહેરની એક નવી ઓળખ ઉભી કરવા પ્રયાસ કરાયો છે. શહેરના કેટલાક મુખ્ય ચોક પહોળા કરી તેને સુંદર સ્વરૂપ આપવાની કામગીરી પણ ગતિમાં છે. બ્યુટિફિકેશન પ્રોજેક્ટમાં શહેરના ઉદ્યોગકારો, ખાનગી સ્વૈચ્છિક સંસ્થાઓ વગેરેનો સહકાર પ્રાપ્ત થઈ રહ્યો છે.

રાજકોટના વિકાસમાં ખાસ કરીને જે.એન.એન.યુ.આર.એમ. હેઠળ આંતર માળખાકીય સુવિધાઓ વધારવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૦૫-૨૦૧૨ ના સમયગાળા માટે સિટી ડેવલપમેન્ટ પ્લાન બનાવવામાં આવેલ છે. જેમાં જે.એન.એન.યુ.આર.એમ. મિશન-૧ અર્બન ઈન્ફ્રાસ્ટ્રકચર એન્ડ ગ્રોથ હેઠળ રૂા.૭૧૫ કરોડ તથા મિશન-૨ બેઝિક સર્વિસ ટુ અર્બન પૂઅર હેઠળ રૂા.૪૮ કરોડ એમ કુલ રૂા.૭૬૩ કરોડનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. જે પૈકી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૦૬ થી ૨૦૦૯ દરમ્યાન મિશન -૧ હેઠળ જુદી જુદી માળખાકીય સવલતો જેવી કે વોટર સપ્લાય, ડ્રેનેજ યોજના, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ તથા ટ્રાફિક નિયમન વગેરેના કુલ રૂા.૪૯૬.૫૧ કરોડ તથા બી.એસ.યુ.પી. હેઠળ રૂા.૯૮.૮૦ કરોડના મળી કુલ રૂા.૫૯૫.૫૧ કરોડના પ્રોજેક્ટ મંજૂર કરાવેલ છે. આ ઉપરાંત ઐતિહાસિક ઈમારતોની જાળવણી માટેના સિટી ડેવલપમેન્ટ પ્લાન તેમજ રસ્તા અને ડ્રેનેજ વગેરેની બાબત વિચારણા હેઠળ છે.

ભારત સરકારશ્રીએ રાજકોટને સોલાર સિટી તરીકે પસંદ કરેલ છે જેના પરિણામો આગામી વર્ષોમાં રૂા.૫૦ લાખની મદદ મળી રહેશે. જેનાથી વૈકલ્પિક ઉર્જાના વિકાસની નવી તકો ખૂલશે. ભારત સરકારશ્રીએ ઈ-ગવર્નન્સનો વ્યાપ વિકસાવવા માટેના પ્રોજેક્ટ હેઠળ પણ રાજકોટ શહેરની પસંદગી કરી છે. રાજકોટ મહાનગરપાલિકાનો સાઈકલ ટ્રેક પ્રોજેક્ટ પણ હાલ સરકારશ્રીની વિચારણા હેઠલ છે.

આગામી ટૂંક સમયમાં જ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જે શ્રેણીબદ્ધ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવી રહ્યા છે તેમાં રૂા.૩ કરોડના ખર્ચે કાલાવડ રોડ પર સ્કાય વોક, રૂા.૮ કરોડના ખર્ચે મલ્ટીલેવલ પાર્કિંગ-ફૂડ કોર્ટ-હેન્ડીક્રાફ્ટ માર્કેટ,રૂા.૬ કરોડના ખર્ચે સ્ટ્રીટ લાઈટ માટે

એનર્જીકન્ઝર્વેશન પ્રોજેક્ટ, રૂ।.૭૦ કરોડના ખર્ચે ટાઉન હોલ (મેનેજમેન્ટ કન્વેશન સેન્ટર) વીથ ડેવલપમેન્ટ ઓફ લેઈક્સ, રૂ।.૧૫૦ કરોડના ખર્ચે ન્યારી ડેમ સાઈટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ, રૂ।.૨૫ લાખના ખર્ચે સ્પે. ગાર્ડન, રૂ।.૫ કરોડના ખર્ચે સિટી બ્યુટિફિકેશન પ્રોજેક્ટ રૂ।.૧.૫૦ કરોડના ખર્ચે સોની બજારમાં મલ્ટીલેવલ પાર્કીંગ રૂ।.૨.૫૦ કરોડના ખર્ચે રોડ સાઈનેજ, રૂ।.૭૫ કરોડના ખર્ચે સેટેલાઈટ બસ સ્ટેશન તથા મલ્ટીલેવલ પાર્કિંગ અને રૂ।.૨ કરોડના ખર્ચે પે એન્ડ યુઝ ટોયલેટ વગેરેની કામગીરી હાથ ધરવામાં આવશે.

રાજકોટ શહેરની મહાનગરપાલિકાની હદ બહારના વિસ્તારો અને નાના નાના ગામો "રૂડા" ના કાર્યક્ષેત્ર હસ્તક રહેલા છે હાલ જે ઝડપે શહેર વિકસી રહ્યું છે એ જોતા આસપાસના વિસ્તારો અને ગામોનો પણ ઝડપી વિકાસ થાય એ ખૂબ જ જરૂરી છે. એમાંય થોડા સમય પૂર્વે રૂડા ની હદ ૬૭૪ ચો.કિ.મી.થી વધારીને ૧૨૪૪ ચો.કિ.મી. કરવામાં આવી અને નવા ૭૦ ગામોનો વિકાસ કરવાની જવાબદારી રૂડા ને સુપરત કરવામાં આવેલ છે. આ ગામોનો શિસ્તબદ્ધ વિકાસ કરવા માટે નવી ૪૨ જેટલી ટી.પી. સ્કીમ સરકારશ્રીમાં મોકલવા માટેની તૈયારી શરૂ થઈ ચૂકી છે. આ બાબત એમ સૂચવે છે કે આગામી પંદર વીસ વર્ષમાં જ રાજકોટની ગણના મેગા સિટી તરીકે થવા લાગશે. આમ સમગ્ર રીતે જોઈએ તો શહેરી વિકાસની જવાબદારી રાજકોટ મહાનગરપાલિકા અને રૂડા એ સાથે મળીને જ ઉઠાવવાની છે ત્યારે યોગ્ય સંકલન સાધી કાર્યો હાથ ધરવામાં આવે તે દિશામાં તંત્ર કામ કરી રહ્યું છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વર્ષ-૨૦૦૯ દરમ્યાન હાથ ધરાયેલા વિભિન્ન માળખાકીય વિકાસકામોની સાથોસાથ રાષ્ટ્રીય અને પ્રાદેશિક પર્વો નિમિતે યોજાયેલા વિવિધ કાર્યક્રમો ઉપર નજર ફેરવીઓ.

૧. ૧૫૦ ફુટ રીંગ રોજ પર રૂ।.૧૦૦.૫૪ કરોડનો ખર્ચ ધરાવતા બહી.આર.ટી.એસ. પ્રોજેક્ટનું ખાતમુહુર્ત.
૨. વિનોદનગરમાં રૂ।.૭૫૦ લાખના ખર્ચે નિર્માણ પામનાર ૪૦૦ આવાસ ધરાવતી બી.એસ.યુ.પી. આવાસ યોજનાનું ખાતમુહુર્ત.
૩. ગોંડલ રોડ-મવડી રોડ પર રૂ।.૪૮.૨૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર ટ્રાએંગલ ઓવરબ્રીજનું ભૂમિપૂજન.
૪. રૂ।.૩ કરોડના ખર્ચે કાલાવડ રોડ પર બનનાર સ્કાય વોક પ્રોજેક્ટનું ભૂમિપૂજન.
૫. રાજકોટ મહાનગરપાલિકાની વેસ્ટ ઝોન કચેરી માટેના સોલાર ઊર્જા પ્રોજેક્ટનું ખાતમુહુર્ત.

૬. રૂા.૨૦ લાખના ખર્ચે બહુમાળી ભવન ચોક, રેસકોર્સ ખાતે નિર્માણ પામાનર "નર્મદે સર્વદે ચિત્રીકરણ" પ્રોજેક્ટનું ભૂમિપુજન.

૭. નર્મદાનું પાણી આજી-૧ ડેમમાં ઠાલવવા માટે રૂા.૮૬ લાખના ખર્ચે મહત્વકાંક્ષી પાઈપલાઈન પ્રોજેક્ટનું ભૂમિપૂજન.

૮. રેલનગર વિસ્તારમાં ૧૪માં નિ:શુલ્ક આરોગ્યકેન્દ્રનું લોકાર્પણ.

૯. રાજ્ય સરકારશ્રી તથા સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા રાજકોટ મહાનગરપાલિકાને આશરે રૂા.૨૦ કરોડના અગ્નિશામક તથા ડિઝાલ્ટર મેનેજમેન્ટ સાધનો અર્પણ.

૧૦. વોર્ડ નં.૧૨માં ન્યુ બાલમુકુંદ સોસાયટીમાં આશરે રૂા.૨૦ લાખના ખર્ચે બનાવવામાં આવેલ નવા બગીચા તથા બાલ ક્રિંડાંગણનું લોકાર્પણ.

૧૧. વોર્ડ નં.૨૩માં દિપ્તીનગરમાં આશરે રૂા.૧૬.૫૦ લાખના ખર્ચે બનાવવામાં આવેલ નવા બગીચા તથા બાલ ક્રિડાંગણનું લોકાર્પણ.

૧૨. પૂર્વ ઝોન વિસ્તારમાં બી.ઓ.ટી.ધોરણે બનાવવામાં આવેલ ઓલિમ્પિક કક્ષાના સ્વિમિંગ પૂલનું લોકાર્પણ.

૧૩. વોર્ડ નં.૧૬માં રૂા.૨૫ લાખના ખર્ચે નવનિર્માણ પામેલ શ્રી લાલબહાદુર પ્રા. શાળા નં.૧૪ નું લોકાર્પણ.

૧૪. ધો.૧૦ અને ૧૨ ના કેન્દ્ર અને બોર્ડમાં ટોપ ટેનમાં ઝળકેલા રાજકોટના છાત્રોનું સન્માન.

૧૫. તા.૫-૬-૨૦૦૯નાં રોજ "વિશ્વ પર્યાવરણ દિન"ની ઉજવણી.

૧૬. દિવાળીના પર્વ ઉજવણીના ભાગરૂપે રેસકોર્સ ખાતે ભવ્ય આતશબાજી.

૧૭. તા.૭-૭-૨૦૦૯ના રોજ "ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન" અંતર્ગત સખી મંડળના બહેનોને માર્ગદર્શન આપવા સેમિનારનું આયોજન.

૧૮. રાજકોટ મહાનગરપાલિકા અને "અહેસાસ" સંસ્થાના સંયુક્ત ઉપક્રમે ઓપન રાજકોટ અને ઈન્ટર સ્કૂલ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપનું આયોજન.

૧૯. સ્વતંત્રતા પર્વ-૨૦૦૯ની ઉજવણીના ભાગરૂપે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાળાઓના છાત્રોનો સાંસ્કૃતિક કાર્યક્રમ, બહેનો માટે વિવિધ સ્પર્ધા, લોકડાયરો, બાળ તંદુરસ્તી હરિફાઈ, સઘન સફાઈ ઝૂંબેશ, દેશ ભક્તિ ગીત સંગીતનો કાર્યક્રમ વગેરે કાર્યક્રમોનું આયોજન.

૨૦. વોર્ડ નં.૧ માં સ્વતંત્રતા દિનની ભવ્ય ઉજવણી.

૨૧. ભારતના પૂર્વ પ્રધાનમંત્રીશ્રી લાલબહાદુર શાસ્ત્રીજીની પ્રતિમાનું અનાવરણ અને બગીચાનું નામકરણ.

૨૨. રાજકોટ મહાનગરપાલિકા અને ડિસ્ટ્રિક્ટ કેરમ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે ઓપન ગુજરાત કેરમ ટુર્નામેન્ટનું આયોજન.

૨૩. રાજકોટ મહાનગરપાલિકાના ૩૭માં સ્થાપના દિનની ઉજવણીના ભાગરૂપે સુપ્રસિદ્ધ ગઝલકાર શ્રી મનહર ઉધાસ "ગઝલ સંધ્યા"નું આયોજન.

૨૪. રમત-ગમત ક્ષેત્રે યુવાનોના સર્વાંગી વિકાસ માટે કેરમ, ચેસ, ટેબલ ટેનીસ, વોલીબોલ, ફુટબોલ, નેશનલ એરોબીક્સ જીમ્નાસ્ટીક સ્પર્ધાઓનું આયોજન.

### ૪.૪.૧ રાજકોટ શહેરનો આર્થિક વિકાસઃ

| ક્રમ | રોડ/વિસ્તાર | દાતાનું નામ | રનિંગ મીટર | ખર્ચ રૂા. |
|---|---|---|---|---|
| ૧ | કાલાવડ રોડ, કોટેચા ચોકથી જુના જકાતનાકા સુધી | માય એન પ્લે હાઉસ | ૨૫૦ | ૩,૨૫,૦૦૦/- |
| ૨. | કાલાવડ રોડ,કોટેચા ચોકથી મહીલાકોલેજ અંડરબ્રીજ સુધી | હોલીડે ગ્રુપ | ૩૨૫ | ૪,૨૨,૫૦૦/- |
| ૩ | કોટેચા ચોક ટ્રાફીક જંકશન | હોલીડે ગ્રુપ | - | ૬,૦૦,૦૦૦/- |
| ૪ | નાના મવા રોડ | મારવાડી શેર એન્ડ ફાઈનાન્સ | ૭૦૦ | ૯,૧૦,૦૦૦/- |
| ૫ | જીવાહર રોડ, જીમખાના એસ.બી.એસ. થી કેસરી હીંદ પુલથી ડીલક્ષ ટોકીઝ સુધી | નાગરીક સહકારી બેન્ક | ૧૫૦૦ | ૧૯,૦૦,૦૦૦/- |
| ૬ | રામકૃષ્ણનગર મેઈન રોડથી ટાગોર રોડને જોડતો રોડ | હોટલ ઈમ્પીરીયલ પેલેસ | ૨૨૦ | ૨,૮૬,૦૦૦/- |
| ૭ | ગોંડલ રોડ | શિવાલીક ક્રિએટરસ | ૪૦૦ | ૫,૨૦,૦૦૦/- |
| ૮ | માલવિયા ચોક જંકશન | ક્રિચ ઈન્ડ્રસ્ટ્રીઝ | - | ૧૧,૦૦,૦૦૦/- |
| ૯ | મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફીસ ચોક એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે | એંજલ પંપ અને શ્રી રામ પાઈપ | - | ૯,૫૦,૦૦૦/- |

આ ઉપરાંત રાજકોટ શહેર અને રાજકોટ મહાનગરપાલિકાને લગત અન્ય ઘણી ઉપયોગી માહિતી જે કોઈપણ નાગરિક કોઈપણ જગ્યાએથી વેબસાઈટwww.rmc.gov.in.નો ઉપયોગ કરી મેળવી શકે છે.

ગત પાંચ વર્ષ દરમિયાન મહાનગરપાલિકાએ શહેર અને શહેરીજનોના વિકાસ પ્રગતિ માટે જે કાંઈ પ્રયાસો હાથ ધર્યા તેને લોકોનું જબરદસ્ત સમર્થન પ્રાપ્ત થયું, જે દર્શાવે છે કે લોકોની અપેક્ષા અને આકાંક્ષાઓ મુજબ શહેરની વિકાસ યાત્રા આગળ ધપી શકી છે. જે આગામી સમયમાં પણ ચાલું જ રહેશે.

રાજકોટ મહાનગરપાલિકાએ શહેરની માળખાકીય સુવિધાઓના વિકાસ-વિસ્તાર માટે રસ્તા, લાઈટ, પીવાનું પણી, ડ્રેનેજ, આરોગ્ય, ટ્રાફિક વ્યવસ્થાપન, બ્યુટિફિકેશન, વહીવટીતંત્રનું આધુનિકરણ અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ ક્ષેત્રે અનેકવિધ કાર્યો હાથ ધર્યા હતા. એવી જ રીતે હરવા ફરવા માટેના સ્થળો, બાગ-બગીચા, બાલ-ક્રિડાંગણની સંખ્યામાં વધારો, સાંસ્કૃતિક કાર્યક્રમો, રમતગમત, શિક્ષણ, મહિલા સશક્તિકરણ, રોજગારલક્ષી તાલીમ, જનજાગૃતિ અભિયાન, રાષ્ટ્રીય કાર્યક્રમો વગેરે પણ આવરી લેવાયા હતા.

શહેરની ખૂબસુરતીમાં વધારો થાય અને લોકોને પણ અવનવી સુવિધા પ્રાપ્ત થાય એવા આશયથી મુખ્ય માર્ગો પર સેન્ટ્રલ ડિવાઈડર, મુખ્ય ચોકમાં ટ્રાફિક સર્કલ, ફ્લાય ઓવર-અન્ડર બ્રીજ, વૃક્ષારોપણ, બ્યુટિફિકેશનના પ્રોજેક્ટ હાથ ધરાયા હતા.

આજથી એક દસકા પૂર્વે શહેરની જ સ્થિતિ હતી તેમાં આજે નોંધપાત્ર પ્રગતિ અને પરિવર્તન અનુભવી શકાય છે. શહેરના છેવાડાના માનવી સુધી પાયાની સુવિધાઓ પહોંચાડી શકાય છે.

શહેરના પાંચ વર્ષમાં હરણફાળ વિકાસના કારણે સૌથી વધુ ઝડપે વિકસતા વિશ્વના ૧૦૦ શહેરમાં ૨૨મું સ્થાન પ્રાપ્ત કરેલ છે. આ ઉપરાંત નેશનલ સેનિટેશન પોલિસી હેઠળ સ્વચ્છતાની દૃષ્ટિએ ટોપ ટેન સિટીમાં રાજકોટ નવમાં ક્રમે આવેલ છે. તેમજ ઈ-ગવર્નન્સની શ્રેષ્ઠ કામગીરીમાં દેશમાં રાજકોટ પ્રથમ ક્રમે અને એશિયામાં બીજા ક્રમે આવેલ છે.

શહેરના તમામ ઝોનના લોકોને આસાનીથી મ્યુનિસિપલ સેવાઓ મળી રહે તે માટે અદ્યતન ઝોનલ ઓફિસ કાર્યરત કરવા ઉપરાંત શહેરીજનોને નિયમીત પીવાનું પાણી મળી રહે તેમજ પાણી માટે આગવું આયોજન થાય તે માટે રૈયાધાર ખાતે ફિલ્ટર પ્લાન્ટ, ભાદર આધારિત સ્ટીલ પાઈપ લાઈન, પૂનિત નગર, વિનોદનગર, ગ્રીનલેન્ડ ચોકડી, લાલબહાદુર શાસ્ત્રી સોસાયટી, ચંદ્રનગર, પોપટપરા વિગેરે આ ઉપરાંત એક ઝોનમાંથી બીજા ઝોનમાં પાણી લઈ જઈ

શકાય તે માટે એકસપ્રેસ ફીડર લાઈનનું ભૂમી પૂજન વિગેરે અનેક વિકાસ કામો કરેલ હતા. ડ્રેનેજ, કાલાવડ રોડ ખાતે તથા ઉપલા કાંઠા વિસ્તારમાં અદ્યતન સ્વિમિંગ પુલ, જુદા જુદા વિસ્તારમાં નાના મોટા ૭૬ જેટલા નવા બાગ બગીચા, પ્રદ્યુમન પાર્ક, પ્રાણી સંગ્રહાલયનું લોકાર્પણ, ગરીબો માટે આવાસ યોજનાઓ, મધ્યમ અને સ્લમ વિસ્તારના લોકોને આરોગ્યની સુવિધા પ્રાપ્ત થાય તે માટે નિ:શુલ્ક ૧૬ આરોગ્ય કેન્દ્રો, મોબાઈલ ડીસ્પેન્સરી, મોબાઈલ આંગણવાડી કાર્યરત વિગેરે આરોગ્ય લગતી અનેક કામગીરી કરવામાં આવેલ છે.

આ ઉપરાંત સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ હેઠળ શહેરનાં ૪૮ રાજમાર્ગો પર રાત્રી સફાઈ અને સખી મંડળો દ્વારા ૧.૯૦ લાખ ઘરોને, આવરી ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન થાય છે. રાષ્ટ્રીય પર્વ પ્રસંગે સફાઈ કામદારોને પ્રોત્સાહીત કરવા તેમનું શ્રેષ્ઠ મિત્ર એવોર્ડથી સન્માન કરવામાં આવેલ હતુ.

વિશેષમાં નવું ઓપન એર થિયેટર, શ્રી અરવિંદભાઈ મણિયાર હોલનું રીનોવેશન, ગરીબ દર્દીઓને સહાયરૂપ થવાના હેતુથી કેન્સર હોસ્પિટલ, બી.ટી. સવાણી હોસ્પિટલ, આર્થિક સહાય આપી મદદરૂપ થવા પ્રયાસ કરેલ છે.

મહાનુભાવોની કાયમી સ્મૃતિ જળવાય તે માટે છેલ્લા પાંચ વર્ષમાં લાલબહાદુર શાસ્ત્રીજી, શહીદ ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ, શ્યામ પ્રસાદ મુખર્જી, રવિશંકર મહારાજ, નરસિંહ મહેતા તેમજ વીર સાવરકર વિગેરે મહાનુભાવોની પ્રતિમાઓ મુકવામાં આવેલ છે. તો વળી, બી.આર.ટી.એસ. અને ૧૫૦ ફુટ રીંગ રોડ પરનો ફ્લાય ઓવર બ્રીજ તથા ગોંડલ રોડ ટ્રાયએંગલ બ્રીજનું કામ ઝડપથી પૂર્ણ થવા તરફ આગળ ધપી રહ્યું છે. અને છેલ્લે મે માં બે ગરીબ કલ્યાણ મેળા દ્વારા ૧૫૪૪૧ શહેરી ગરીબો ને રૂ.૧૭૪૩૭.૯૮ લાખની સહાય આપવામાં આવેલ હતી.

વિકાસની સાથે સાથે આગામી યોજનાઓ જેવી કે ન્યારી ડેમ સાઈટ, ડેવલપમેન્ટ, ન્યારી ડેમ હાઈટ વધારવાનો પ્રોજેક્ટ, આજી ડેમ સાઈટ ડેવલપમેન્ટ તથા માછલીઘર, કન્વેન્શન સેન્ટર, પૂર્વ ઝોનમાં કોઠારિયા રોડ પર ફાયર બ્રિગેડ સ્ટેશન તથા કોમ્યુનિટી હોલ ઉપરાંત સ્ટાફ ક્વાર્ટર, પૂર્વ ઝોનમાં એક હજાર બેઠક ક્ષમતા ધરાવતા ભવ્ય ઓડિટોરિયમ કોમ્યુનિટી હોલ તથા લાઈબ્રેરી, જિમ્નેશિયમ, પશ્ચિમ ઝોનમાં એક હજાર બેઠક ક્ષમતા ધરાવતા ભવ્ય ઓડિટોરિયમ કોમ્યુનિટી હોલ તથા લાઈબ્રેરી, પશ્ચિમ ઝોનમાં મહિલા માટે મલ્ટિ એક્ટિવિટી સેન્ટર તથા લાઈબ્રેરી, પે એન્ડ પાર્ક વિગેરેનું આયોજન કરેલ છે.

શહેરીજનોના લાભાર્થે ટેક્સમાં વ્યાજ માફીની યોજના આપવા ઉપરાંત મહિલાઓને વિશેષ પાંચ ટકા રાહત આપવાની યોજનાનો પણ બહેનોને લાભ આપ્યો હતો.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અન્ય ક્ષેત્રોની મારફત જ ઈ-ગવર્નન્સ ક્ષેત્રે ટેકનોલોજી આવિષ્કારનો મહત્તમ લાભ તંત્રને તેમજ નગરજનોને મળી રહે તેવા ઉમદા આશયથી નવતર કહી શકાય તેવી વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી છે.

**૪.૪.૨ ઈ-ગવર્નન્સ :**

- પ્રોપર્ટી ટેક્સ અંગેના વ્યવહારો વિશે એમ.એસ.દ્વારા એલર્ટ.
- પ્રોપર્ટીટેક્સ અને પાણી દરની ચૂકવવાની બાકી રહેતી રકમ અંગે એસ.એમ.એસ.દ્વારા જાણ.
- પ્રોપર્ટીટેક્સનું ડિમાન્ડ બિલ ઈ-મેઈલથી.
- પ્રોપર્ટી ટેક્સ અને પાણી દરની ચુકવવાની રકમ અંગેની માહિતી રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ પરથી ઉપલબ્ધ.
- પ્રોપર્ટી ટેક્સ અને પાણી દરની પોસ્ટ ઓફીસ ખાતે પણ ચૂકવણી કરી શકાયતેવી વ્યવસ્થા ગોઠવી.
- આર.ટી.આઈ. નું સ્ટેટસ રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર.
- સિટિઝન ફોરમ રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર.
- આકારણી રજિસ્ટર ઓનલાઈન.
- નવા જન્મતા બાળકોની નામાવલી ઓનલાઈન.

**૪.૪.૩ એમ-ગવર્નન્સ :**

- પ્રોપર્ટી ટેક્સની ચૂકવવાની થતી બાકી રકમની જાણ એસ.એમ.એસ. દ્વારા.
- પાણી દરની ચૂકવવાની થતી બાકી રકમની જાણ એસ.એમ.એસ. દ્વારા
- પ્રોપર્ટી ટેક્સમાં નામ ફેર અંગેની વિગતો એસ.એમ.એસ. દ્વારા
- રાઉન્ટ ઘી કલોક કાર્યરત કોલ સેન્ટર સંબંધેની વિગતો એસ.એમ.એસ. દ્વારા
- પ્રોપર્ટી ટેક્સ વ્યવહારની જાણ એસ.એમ.એસ. દ્વારા
- જન્મ નોંધણીની વિગતો એસ.એમ.એસ. દ્વારા
- રસીકરણ જન જાગૃતિ, એસ.એમ.એસ. દ્વારા એલર્ટ
- મરણ નોંધણીની વિગતો એસ.એમ.એસ. દ્વારા

➢ આવાસ યોજનાના માસિક હપ્તા અંગેના વ્યવહારો : એસ.એમ.એસ. દ્વારા એલર્ટ

➢ વ્યવસાય વેરાના વ્યવહારો : એસ.એમ.એસ. દ્વારા એલર્ટ

➢ મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓને તંત્રની રોજીંદી આવક અને ખર્ચ અંગે એસ.એમ.એસ. દ્વારા જાણ.

➢ કોન્ટ્રાકટરો/વેન્ડરોને કરવાના થતાં ચૂકવણા અંગે એસ.એમ.એસ. થી જાણ.

સને ૧૯૭૩ માં ૬૯.૪૫ કિ.મી. માં પથરાયેલા રાજકોટની વસતી ૩.૨૫ લાખ જેટલી હતી. આજે શહેરનું ક્ષેત્રફ્લ ૧૦૪.૮૬ ચો.કિ.મી. છે. અને વસતી આશરે ૧૫ લાખ જેટલી ગણી શકાય. ૧૮૭૩ની સાલમાં આખા શહેરને એક માત્ર જળ સ્ત્રોત આજી-૧ હતો. માથાદીઠ ૪૦ લીટર પાણી ઉપલબ્ધ બનતું હતું. જો કે પરિસ્થિતિ સંપૂર્ણ બદલાઈ ચૂકી છે. શહેરને આજી-૧ ડેમ ઉપરાંત ન્યારી-૧, ન્યારી-૨, ભાદર ડેમ અને નર્મદામાંથી પર્યાપ્ત માત્રામાં પાણી મળે છે ને રોજ વ્યક્તિ દીઠ ૧૧૦ લીટર પાણી વિતરણ કરવામાં આવી રહ્યું છે. રાજકોટવાસીઓએ વર્ષ ૧૯૭૩-૭૪, ૧૯૮૫, ૧૯૮૮ અને છેલ્લે ૨૦૦૩ થી ૦૫ દરમિયાન જબરદસ્ત જળકટોકટી નિહાળી હતી.

વર્ષ ૧૯૭૩ પૂર્વે રાજકોટ પાસે માત્ર લાલપરી-રાંદરડા તળાવ અને જિલ્લા ગાર્ડનનો જુનવાણી જિલ્લો જ જલ સ્તોત્ર હતા. ત્યાર પછી શહેરની વધતી જતી જરૂરિયાતને નજર સમક્ષ રાખી સિંચાઈ માટે બનવાયેલ આજી-૧ એ ડેમને રાજકોટે માટે પીવાના હેતુ સહ અનામત રાખવામાં આવ્યો હતો. જ્યારે વર્ષ ૧૯૭૩ પછી રાજકોટ મહાનગરપાલિકાએ જન સંખ્યાને ધ્યાનમાં રાખી ન્યારી-૧ ડેમનું નિર્માણકાર્ય હાથ ધર્યું. અત્રે વિશેષ ઉલ્લેખનીય બાબત એ છે કે દેશભરમાં એકમાત્ર રાજકોટમાં મહાનગરપાલિકાની માલિકીનો ડેમ ન્યારી-૧ ડેમ છે. સાથોસાથ ડ્રેનેજ યોજનાનો એકભાગપીવાના પાણીના ભાવિ આયોજનના ભાગરૂપે માત્ર છ માસના સમયગાળામાં ભાદર ડેમ આધારિત પાણી પુરવઠા યોજના સાકાર કરવામાં આવી હતી. ક્રમશઃ પાણીની જરૂરીયાત વધતા ભાદર યોજનાના ફેઈઝ-૨ માં રીબડા ખાતે અદ્યતન ફિલ્ટર પ્લાન્ટની સુવિધા સાથે વધુ મોટી પાઈપ લાઈન બીછાવી ગ્રેવિટીથી પાણી મળી રહે તેવી કામગીરી કરવામાં આવી હતી.

રાજકોટ શહેરનો વિકાસ દિનપ્રતિદિન વધતો જતા શહેરની આશરે ૧૬ થી ૧૭ લાખ જેટલી વસ્તી થયેલ છે. આપણી પાસે હૈયાત ડેમના સ્રોતમાંથી પીવાનું પાણી પુરૂ પાડી શકાય તેવી શક્યતા નથી તેવી સ્થિતિમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગુજરાતમાં ગામડે ગામડે પીવાનું પાણી મળી રહે તે માટે નર્મદા યોજના સાકાર કરેલ, નર્મદા યોજના રાજકોટ શહેરને પીવાનું પાણી પૂરૂ પાડવા આશીર્વાદરૂપ બનેલ છે. હજુ પણ રાજકોટ શહેર માટે આગામી વર્ષ સુધી

વિકાસને ધ્યાનમાં રાખી સરકારશ્રી દ્વારા રૂ।.૫૦૦ કરોડ ધોળીધજા પાઈપ લાઈન માટે ફાળવેલ છે. આ યોજના સાકાર થયે રાજકોટ શહેરની પાણી સમસ્યા કાયમી હલ થશે.

રાજકોટ મહાનગરપાલિકાના તંત્રવાહકોએ સતત પાણીની ચિંતા કરી જળ સ્તોત્ર વધારવા પ્રયત્ન કરતા સને ૧૯૭૬માં ન્યારી ડેમની સુવિધા શહેરને મળી હતી. આ પછીના એક દસકા સુધી શહેરની સવા પાંચ લાખની વસતિને રોજ માથાદીઠ ૭૦ લિટર પાણી અપાતું હતું. અહીં એ ખાસ યાદ રાખવું રહ્યું કે, રાજકોટ સૌરાષ્ટ્રની મધ્યમાં વસેલું હોઈ આજુબાજુના ગામડા અને નાના શહેરમાંથી દર વર્ષે પાંચથી છ હજાર પરિવારનું સ્થળાંતર થતું રહ્યું છે, જે આજે પણ ચાલું છે. સમગ્ર સૌરાષ્ટ્રમાંથી હાલ દર વર્ષે રાજકોટમાં ત્રણ થી સાડા ત્રણ લાખ જેવી ફ્લોટીંગ વસતિ આવ-જા કરતી રહી છે.

વર્ષ ૧૯૮૬-૮૭ ભાદર ડેમમાંથી પાઈપ લાઈન મારફ્તે પાણી મળવવાનું શરૂ થતા રાજકોટવાસીઓએ રાહતનો દમ ખેંચ્યો હતો. રાજકોટમાં પાણી રસ્તા, ગટ્ટર, લાઈટ વગેરે જેવી પાયાની સુવિધાઓ ઝડપથી વિકસતી જોઈ વધુ ને વધુ લોકોનું સ્થળાંતર શહેર તરફી થવા લાગ્યું છે. જેથી તેની રોજિંદી જરૂરિયાતને કારણે સરોવર યોજના આધારિત નર્મદા કેનાલ મારફ્તે પર્યાપ્ત જથ્થામાં પાણી મળી રહ્યું છે.

વર્ષ ૧૯૯૬ની સ્થિતિ ઉપર નજર નાંખીએ તો શહેરમાં રસ્તાની લંબાઈ ૧,૩૦૦ કિ.મી.હતી. આરોગ્ય ક્ષેત્રે ચાર ડિસ્પેન્સરી હતી. ૮૦૦ કિ.મી. ના રસ્તા પર ૨૨,૮૯૩ સ્ટ્રીટ લાઈટો હતી. જ્યારે ૮ બાલ ક્રિડાંગણ અને ૨૪ નાના મોટા બગીચા હતા. આ પછી જુન ૧૯૯૮માં શહેરની હદ વધતા મહાપાલિકા સામે જબરદસ્ત પડકાર ખડો થયો.

આવા ઝડપી યુગમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના અવનવા આવિષ્કાર થતા રહ્યા. આધુનિક બનતાં જતા જગત સાથે તાલ મીલાવવાની સાથોસાથ જ રાજકોટ મહાનગરપાલિકાએ વર્ષ ૨૦૧૦ ની સ્થિતિ મુજબ જોઈએ તો ૧૯૦૦ કિ.મી. ના રસ્તા ૧૫ ડીસ્પેન્સરી અને મોબાઈલ ડીસ્પેન્સરી, ૧૩.૭૦ કિ.મી. ના રસ્તા પર ૩૭.૬૦૬ સ્ટ્રીટ લાઈટ, ૪૨ સ્થળે કુલ ૭૨ બગીચા, ૨૯ બાલ ક્રિડાંગણ ૯ સ્થળે સિનીયર સિટીઝન પાર્ક, જનભાગીદારીથી ચોક, સર્કલ, રોડ ડીવાઈડર, બ્યુટિફિકેશન, ખાનગી બસ સર્વિસ, વૃક્ષારોપણ, ભૂગર્ભ ગટર, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ટ્રાફિક મેનેજમેન્ટ પ્રોજેક્ટ, અન્ડરબ્રીજ, ઓવરબ્રીજ, સ્વિમિંગપુલ, કોમ્યુનિટી હોલ, શોપિંગ સેન્ટર, ફાયર સ્ટેશન, વોટર વર્કસ, ઈ.એસ.આર./જી.એસ.આર., ફિલ્ટર પ્લાન્ટ, ગરીબો માટેની આવાસ યોજનાઓ, ઘન કચરા નિકાલ વ્યવસ્થાપન, શિક્ષણવગેરે ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરી છે.

રાજકોટને વિશેષ સહયોગરૂપે "મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતીયોજના" અને અન્ય યોજનાઓ દ્વારા રૂા.૨૨૫ કરોડ ઉપરાંત ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે કુદરતી કે માનવસર્જીત આપત્તિને પહોંચી વળવા રૂા.૨૦ કરોડના અદ્યતન સાધનો ફાળવવામાં આવેલ છે. સખી મંડળની બહેનો દ્વારા ઘરે ઘરે થી કચરો એકત્રીકરણ યોજના હેઠળ ગરીબ અને પછાત વર્ગની મહિલાઓને આર્થિક રીતે સ્વનિર્ભર બનાવવા મહાપાલિકાએ યોજનાનો ૧૦૦% લક્ષ્યાંક સિદ્ધ કરેલ છે.

આગામી નજીકના ભવિષ્યમાં આશરે રૂા.૧૩૦૦ થી ૧૪૦૦ કરોડના ખર્ચે વિવિધ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવનાર છે. તો આગામી ૨૦ થી ૩૦ વર્ષનાં લાંબા ગાળા માટેના આયોજનો પણ વિચારવામાં આવી રહ્યા છે. જેમાં માત્ર પાણીની સુવિધા માટે જ રૂા.૪૨૦૦ કરોડનો જંગી ખર્ચ થશે. એવી ધારણા છે કે આગામી સમયમાં રાજકોટની હદ વધી શકે છે. જો એવું સંભવ બને તો મહાનગરપાલિકાએ આ વધારાની જવાબદારી નિભાવવા તૈયાર રહેવું પડે ને અત્યારથી જ તેના માટે વિચારવું પણ પડે. જો કે એમ કહેવામાં ગર્વ મહેસુસ થાય છે કે, રાજકોટ શહેર તો "પાણીદાર શહેર છે. ગમે તેવા પડકારોને તે પોતાના ધસમસતા વિકાસ વેગમાં તાણી જશે, એમાં જરાય શંકા નથી."

### ૪.૫ રાજકોટ મહાનગરપાલિકાની કામગીરીનું વિશ્લેષણ-૨૦૧૦

#### ૪.૫.૧ કરવેરાની દરખાસ્ત અંગે :

જે.એન.એન.યુ.આર.એમ. હેઠળ કેન્દ્ર સરકાર પાસેથી શહેરનાં વિકાસ અર્થે પ્રોજેક્ટ બેઈઝડ આર્થિક સહકાર પ્રાપ્ત થયો પરંતુ તે સાથે શહેર પોતાની પ્રાથમિક સેવાઓની જાળવણીમાં પગભર બને એવી નેમથી ફરજિયાત સુધારા (Mandatory Reforms) અંતર્ગત સેવાઓમાં અપાતુ સબસીડીનું પ્રમાણ ઘટાડવું જરૂરી છે. આપ જોઈ શકશો કે પ્રોજેક્ટ પૂર્ણ થાય, લોકો સુધી સુવિધા પહોંચે પણ તેની જાળવણીનો ખર્ચ તો ઉતરોતર વધતો જ જાય પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટમાં વિસ્તરણ સાથે વિજળી ખર્ચનો વધારો થાય છે. પાણીનાં આપણી નજીકનાં સ્ત્રોત મર્યાદિત છે. આજી/ન્યારીનું પાણી આપણને ૨૫ પૈસે કિલો લીટર પડે છે અને નર્મદાનું પાણી સાત રૂપિયાનું કિલો લીટર. આ શહેરમાં આવતા દરેક નવા નાગરિકને સુવિધા આપવા માટેનો ખર્ચ આ રીતે ઘણોજ વધારે છે. આ સંજોગોમાં મહાપાલિકાઓની સેવા સુદ્રઢ બનાવવા અને જે.એન.એન.યુ.આર.એમ. યોજનાનાં ફરજીયાત સુધારાની શરતને અમલ કરતા શહેરીજનો પર મામૂલી કરવેરાનો વધારો આવશ્યક બન્યો છે. હાલમાં વ્યાજ માફી યોજનામાં વ્યાજમાં માતબર વળતર અપાયું છે. આગામી વર્ષ ૨૦૧૧-૧૨ની શરૂઆતમાં કરવેરાની અદાયગી કરતા મિલકત ધારકો માટે ૩૧મી મે ૨૦૧૧ સુધીમાં ૧૦ ટકા અને જૂન-૨૦૧૧ સુધીમાં ૫ ટકા વળતર યોજના

યથાવત રાખવામાં આવી છે. આ ઉપરાંત વેરો ભરવા માટે પોસ્ટ ઓફિસ સહિત ઘણી બધી વ્યવસ્થા ઈ-ગવર્નન્સ હેઠળ કરવામાં આવી છે, જેથી લોકોને સરળતા રહે.

**૪.૫.૨ વિકાસ કામો :**

વિકાસ કામો શહેરી સેવાઓના સુદૃઢીકરણનો પ્રયત્ન છે. વિવિધ કેન્દ્રિય/રાજ્ય સરકારની યોજના ઉપરાંત મહાપાલિકા પોતાના સ્ત્રોતમાંથી વિકાસ કામો કરે છે. આગામી વર્ષમાં સૂચિત સોસાયટીઓ સહિત તમામ રસ્તાઓ ઉપર મેટલિંગ અને શહેરમાં પ્રથમ વખત સિમેન્ટનાં રસ્તાઓનું આયોજન છે.

**રસ્તા :** શહેરના મુખ્ય માર્ગના રસ્તાઓ સને ૨૦૧૦-૧૧ના એકશન પ્લાન મુજબ પેવરથી રિ-કાર્પેટ માટે રૂ।.૧૮૦૦ લાખની માંગણી કરાયેલ છે. નવા વર્ષમાં સને ૨૦૧૧-૧૨માં રૂ।.૧૩૭૦ લાખના ખર્ચ હયાત રસ્તાઓને રિ-સર્ફેસિંગ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

**ટ્રાફિકઃ** શહેરની ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે મુખ્ય રસ્તાઓ પહોળા કરવાની કામગીરી ચાલે છે. આ ઉપરાંત શહેરના મુખ્ય માર્ગો ઉપર જુના ડિવાઈડર કાઢી, નવા ફ્લાવર બેડ ટાઈપની ડિઝાઈન મુજબ રોડ ડિવાઈડરનું કામ ચાલુ સાલે શહેરની સુંદરતા માટે ચાલુ કરાવેલ છે. આ ઉપરાંત શહેરના તમામ રોડ ઉપર ઝીબ્રા ક્રોસિંગ, ટ્રાફિક પટ્ટા વિગેરે કામગીરી માટે રૂ।.૧૪૦.૦૦ લાખનું ખર્ચ માર્ચ-૨૦૧૧ સુધીમાં થશે. જ્યારે નવા વર્ષમાં જુદા જુદા ટ્રાફિક ડિવાઈડરો, ટ્રાફિક પટ્ટાઓ, ઝીબ્રા ક્રોસિંગ વિગેરે કામગીરી માટે રૂ।.૪૦૦ લાખના ખર્ચનું આયોજન છે.

**સેન્ટ્રલ ઝોન ઓફિસ નવીનીકરણ :** ચાલુ સાલે બી.ઓ.ટી.ધોરણે સેન્ટ્રલ ઝોન ઓફિસનું નવીનીકરણ કામ ચાલુ કરાયેલ છે. બની રહેલાં બિલ્ડીંગમાં ગ્રીન બિલ્ડીંગ કોન્સેપ્ટ પર આ બિલ્ડીંગને એનર્જી એફિશિયન્ટ બિલ્ડીંગ કરવાનું આયોજન કરાવેલ છે. જે માટે આગામી વર્ષમાં રૂ।.૫ લાખના ખર્ચની જોગવાઈ બજેટમાં સુચવાયેલ છે.

**પે એન્ડ યુઝ ટોયલેટ :** શહેરના તમામ જરૂરિયાતવાળા વિસ્તારોમાં વધુને વધુ લોકોને પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકની સુવિધા મળી રહે તેવું આયોજન કરાયેલ છે. ચાલુ વર્ષમાં રૂ।.૫૦ લાખના ખર્ચે નવા ૫ (પાંચ) પે એન્ડ યુઝ ટોયલેટમાં ઘણી જગ્યાએ વિસ્તૃતિકરણ કરાયેલ છે. આગામી વર્ષમાં લોકોને સારી સુવિધા વધારે પ્રમાણમાં મળી શકે તે હેતુથી સદરહું બાબતે રૂ।.૧૩૯ લાખની જોગવાઈ રાખવામાં આવેલ છે.

**કોર્પોરેશન જમીન આરક્ષણ ખર્ચ :** મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકની જુદી જુદી મિલકતોને કમ્પાઉન્ડ વોલ કરવા તથા વાયર ફેન્સિંગ બનાવવા માટે ચાલુ સાલે રૂ।.૯ લાખનું ખર્ચ તથા ૨૦૧૧-૧૨ના વર્ષમાં રૂ।.૧૦૦ લાખની જોગવાઈ સુચવવામાં આવેલ છે.

**સ્વિમિંગ પુલઃ** શહેરના રેઈસકોર્સ, કાલાવાડ રોડ તથા કોઠારિયા રોડના સ્વિમિંગ પૂલમાં શહેરનાં લોકોને વિશેષે સુવિધાઓ મળી રહે તેમજ હયાત સ્વિમિંગ પૂલના મરામત તથા નિભાવ માટે ચાલુ વર્ષે રૂ।.૬ લાખનું ખર્ચ તથા ૨૦૧૧-૧૨ના વર્ષ માટે પણ રૂ।.૬ લાખની બજેટ જોગવાઈ સૂચવેલ છે.

**ગટર મરામત તથા નવી ગટર :** શહેરના જુદા જુદા વિસ્તારમાં બોક્સ ગટરો બનાવવા, પાઈપ ગટરો બનાવવા તથા ગટર મેનહોલ રીપેરિંગ કામે ચાલુ વર્ષ રૂ।.૬૦ લાખનો ખર્ચ કરાયેલ છે. તથા આગામી વર્ષમાં રૂ।.૫૦ લાખના ખર્ચની જોગવાઈ કરવામાં આવેલ છે.

**જાહેર બાથરૂમ-મુતરડી ખર્ચઃ** શહેરમાં આવેલ જુદી જુદી મુતરડીઓ તથા જાહેર બાથરૂમનો લોકો સારી રીતે ઉપયોગ કરી શકે તે માટે રીપેરિંગ કામે ચાલુ વર્ષમાં રૂ।.૮ લાખનો ખર્ચ કરાયેલ છે. જ્યારે આગામી વર્ષમાં રૂ।.૧૦ લાખના ખર્ચની જોગવાઈ કરવામાં આવેલ છે.

**પ્રાથમિક શાળા મરામતઃ**શહેરની જુદી જુદી પ્રાથમિક શાળાઓમાં ભણતા વિદ્યાર્થી/વિદ્યાર્થીઓની સુવિધા માટે ચાલુ વર્ષમાં રૂ।.૩૦ લાખનો ખર્ચ કરાયેલ છે. જ્યારે આગામી વર્ષમાં રૂ।.૫૦ લાખના ખર્ચની જોગવાઈ કરવામાં આવેલ છે. આ જોગવાઈ અન્વયે પોપટપરા શાળા નં.૩૩ જે બિલ્ડિંગ તોડી નવુ બનાવવાનું આયોજન ૨૦૧૧-૧૨ના વર્ષમાં કરવામાં આવેલ છે.

**નાલા-પૂલો દુરસ્તીઃ** શહેરના જુદા જુદા વિસ્તારમાં આવેલ નાલા-પૂલો રીપેરિંગ કામે ચાલુ વર્ષે રૂ।.૬૫ લાખનો ખર્ચ કરાયેલ છે. શહેરના હાલના ટ્રાફિકને ધ્યાને રાખી જરૂર જણાય ત્યાં અમૂક નાલાનું વાઈડનિંગ કરવાનું કામ હાથ પર લેવાયેલ છે, આ કામ માટે આગામી વર્ષમાં રૂ।.૧૫ લાખના ખર્ચની જોગવાઈ કરવામાં આવેલ છે.

**નવું સ્મશાન તથા સ્મશાન સુધારણા :** સ્મશાન રીપેરિંગ તથા રામનાથ પરા સ્મશાન વિસ્તૃતિકરણ અને અપગ્રેડેશન માટે રૂ।.૫૨ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. તથા નવા સ્મશાન બનાવવા માટે રૂ।.૧૫૦ લાખની જોગવાઈ આગામી વર્ષમાં કરવામાં આવેલ છે. રામનાથ પરા સ્મશાનમાં ગેસ આધારિત કરવા માટે જરૂરી જમીન મેળવવાની કાર્યવાહી તેમજ ઈલેકટ્રિક ફર્નેશ માટે કાર્યવાહી ચાલુ છે તેમજ ચાલુ સાલે ૮૦' રોડ પર આવેલ સ્મશાનમાં હયાત ચીમનીની જગ્યાએ ઉંચી નવી ચીમની બેસાડવા અંગેની પણ કાર્યવાહી ચાલુ કરવાની થાય છે.

**સી.સી.રોડ ફૂટપાથ :** આ ઉપરાંત એક મહત્વકાંક્ષી શરૂઆત સિમેન્ટ રસ્તા સ્વરૂપે સુચવાયેલી છે. રાજકોટ શહેરમાં છેલ્લાં કેટલાક વર્ષોથી વરસાદ વધારે પડે છે, જે અલબત્ત આવકાર્ય જ છે, પરંતુ તે કારણે રસ્તાઓ તુટવાનું પ્રમાણ સરખામણીમાં વિશેષ થયું છે. આમ હવે આપણા રસ્તાઓ સિમેન્ટના બને તે આવકાર્ય જ નહી, પરંતુ જરૂરી બન્યું છે. ત્રણેય ઝોનમાં મહત્વનાં રસ્તાઓ પૈકી ભુગર્ભની સેવાઓને (પાણી ગટરની પાઈપ લાઈન, ટેલીફોન લાઈન વગેરે) બન્ને બાજુ ચેનલમાં ગોઠવીને વચ્ચેના ભાગે સિમેન્ટનાં રસ્તાઓ કરવા માટે આગામી બજેટમાં રૂા.૪૧૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

**૪.૫.૩ પાણી પુરવઠા યોજના :**

રાજકોટ શહેરનો મુખ્ય પ્રશ્ન પાણી-પુરવઠો શહેરની સ્થાપનાથી રહેલ છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલ રાજકોટ સિટી ડેવલપમેન્ટ પ્લાનમાં મેળવવામાં આવેલ લોકોનાં મંતવ્ય આધારિત નક્કી કરવામાં આવેલ અગ્રતા ક્રમમાં પ્રબુદ્ધ નાગરિકો, શહેરીજનો પાણી-પૂરવઠાને વિશેષ મહત્ત્વ આપવા તથા લોકોને નિયમિત રીતે પુરતા પ્રમાણમાં, પુરતા જથ્થામાં તમામ લોકોને પીવાનું પાણી ઉપલબ્ધ કરવું અત્યંત આવશ્યક છે. રાજ્ય સરકારશ્રીએ પણ રાજકોટનાં પાણીનાં પ્રશ્નો બાબતે સંવેદનશીલ વલણ દાખવેલ છે તથા સતત અગ્રતા આપી છે.

જેને ધ્યાનમાં રાખીને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પાણી-પૂરવઠાનું મહેકમ તથા સેટઅપ અલગથી કરવાનું આયોજન મંજુર કરવામાં આવેલ છે. આ સેટઅપ એક જ સિટી એન્જીનીયર હસ્તક સમગ્ર શહેરની પાણી-પુરવઠા વિતરણ, વ્યવસ્થાપન, મોનિટરિંગ તથા ભવિષ્યમાં આયોજનની કામગીરી કરશે. આ સેટઅપનું Mission-Statementનીચે પ્રમાણે રહેશે.

**પાણી તમામનો અધિકાર : રક્ષણ આપો, જાળવણી કરો તથા કિંમત સમજો.**

**“Right to Water : Protect, Conserve and Value it.”**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કાર્યરત કરવામાં આવેલ આ પાણી-પૂરવઠા સેલમાં નીચે મુજબનાં પાંચ ડિવિઝન રહેશે.

૧. બલ્ક વોટર સપ્લાય ડિવિઝન

૨. આંતરીક પાણી-પૂરવઠા વિતરણ તથા મોનિટરિંગ ડિવિઝન

૩. પાણી-પૂરવઠા પ્રોજેક્ટ ડિવિઝન

૪. પાણી-પૂરવઠા કોમ્પ્યુટરાઈઝેશન તથા આધુનિકરણ ડિવિઝન

૫. સોશ્યલ ડિવિઝન

**૧. બલ્ક વોટર સપ્લાય ડિવિઝનઃ**

જેમાં બલ્ક વોટર સપ્લાય ડિવિઝન શહેરનાં જળાશયોનો આજી, ન્યારી, ભાદર, લાલપરી-રાંદરડા, નર્મદા પાઈપલાઈન ઉપરાંત અન્ય સ્ત્રોતોમાંથી પાણી મેળવવાની, ખરીદવાની આયોજન કરવાની વિ. કામગીરી કરશે.

**૨. પાણી-પુરવઠા આંતરિક વિતરણ વ્યવસ્થાપન :**

આ ડિવિઝન શહેરમાં આંતરિક પાણી-પૂરવઠા વિતરણ વ્યવસ્થાપન કરશે. જેમાં શહેરનાં ૨૩ વોર્ડની વિતરણ વ્યવસ્થા વોર્ડવાઈઝ-ટાંકાસાઈઝ કરશે. હાલની વિતરણ વ્યવસ્થા જે ઝોન-વાઈઝ છે તેમાં ફેરફાર કરીને હેટ વર્કસ વાઈઝ વિતરણ વ્યવસ્થા કામગીરી કરશે.

તમામ નળકનેકશન વિશે સૌ પ્રથમ સર્વે કરશે. ભૂતિયા કનેકશન, ગેરકાયદેસર પંપિંગ પર સંપૂર્ણ પ્રતિબંધ અને નિર્મૂળ કરવા દૈનિક ધોરણે આયોજન થયે તથા અધિકારીઓ, ફીલ્ડ ડ્યુટીમાં સંબંધિત અધિકારીશ્રી અત્રે જોડાયે આ કામગીરી કઈ રીતે થશે તેના વિગતવાર હુકમો, લક્ષ્યાંકો સેલનાં વડા કરશે. ભવિષ્યમાં જરૂરી ડિસ્ટ્રિબ્યુશન લાઈનમાં ફેરફાર, મોનિટરિંગ ની કામગીરી તથા વધારાનાં હેડ વર્ક્સ બનાવવા માટે સુચન પ્રોજેક્ટ ડિવિઝનને કરશે.

**૩. પાણી-પૂરવઠા પ્રોજેક્ટ ડિવિઝન :**

પાણી-પૂરવઠાનાં આ અગત્યનું એકમ ટૂંકા ગાળાનાં, મધ્યમ ગાળાનાં તથા લાંબા ગાળાની પાણી પૂરવઠા યોજનાની કામગીરી નું આયોજન કરી જરૂરી પ્રોજેક્ટસ બનાવી ગુજરાત સરકાર, કેન્દ્ર સરકાર પાસેથી ગ્રાન્ટ મેળવવા કામગીરી પણ કરશે તથા તે અન્વયે નવા પ્રોજેક્ટસ જેમાં આંતરિક વિતરણ વ્યવસ્થા સિવાયની પાઈપલાઈનની કામગીરી, નવા હેડ વર્ક્સ બનાવવા તે માટે જરૂરી મિકેનિકલ-ઈલેક્ટ્રિકલ કામગીરી કરવી વિગેરે કામગીરી કરશે. મિકેનિકલ તથા ઈલેકટ્રિકલ વિભાગનાં નાયબ કાર્યપાલક ઈંજનેરો આ કામગીરીમાં મુખ્ય ભાગ ભજવશે. શહેરમાં ભવિષ્ય પ્રમાણે પાણીનું વિતરણ વ્યવસ્થાનું આધુનિકરણ, મીટરીંગ પ્રથા તથા તમામ આધુનિક પદ્ધતિઓથી પાણી વિતરણની વ્યવસ્થા તથા ગુણવતા સુધારવા જરૂરી તમામ આયોજન, અમલીકરણ આ શાખા દ્વારા થશે.

**૪. પાણી પુરવઠા વિભાગ-આધુનિકરણ વિભાગ :**

પાણી પુરવઠા વિભાગનું આધુનિકરણ વિભાગ, નવી ટેકનોલોજી, એનર્જી ઓડિટ, રેઈન વોટર હાર્વેસ્ટિંગ, પાણી-પુરવઠાની જી.આઈ.એસ.ની કામગીરી કરશે. ભવિષ્યમાં જરૂરી

આધુનિકરણ કરવાની કામગીરી જેવી કે, સ્કાડા સીસ્ટમ, જી.આઈ.એસ.બેઈઝડ, મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સીસ્ટમ, કોલ સેન્ટરની કામગીરી વિ. કામગીરી શરૂ કરાવેલ છે.

**૫. સોશ્યલ વિભાગ :**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરનાં છેવાડાનાં માનવી સુધી પાણી-પુરવઠો પહોંચાડવામાં શક્ય તેવા તમામ કાર્યો કરવામાં આવે છે. જેમાં ખાસ કરીને, ઝૂંપડપટ્ટી વિસ્તારો, પછાત વિસ્તારોમાં પાણી-પુરવઠાના સ્ટેન્ડ પોસ્ટથી વિતરણ વ્યવસ્થા, ટંકી/હેન્ડપંપ થી પાણી વિતરણ વ્યવસ્થા, ટેન્કરથી પાણી-પૂરવઠા વ્યવસ્થા ગોઠવવાની કામગીરી ચાલુ કરવામાં આવેલ છે. આ ડિવિઝન પછાત તથા ગરીબ લોકોનાં પાણી પૂરવઠાની માત્રા/ગુણવતા અંગે પણ કાર્યવાહી કરે છે. લોકો સાથે સંપર્કની કામગીરી, કોમ્યુનિટી મોબિલાઈઝેશન વિગેરેની કામગીરી પણ ટૂંક સમયમાં કાર્યરત કરશે.

**૧. રાજકોટ પાણી-પુરવઠા મેનેજમેન્ટ એડવાઈઝરી કમિટી :**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પાણી-પૂરવઠાની એન્ડ મેઈન્ટનન્સ માટે લાંબા ગાળાની કામગીરી, આયોજનો, હાલની વિતરણ વ્યવસ્થાને સુદ્રઢ બનાવવા, પોલિસી લેવલનાં પ્રશ્નો વિગેરે અંગે ચર્ચા કરવા, સુચનો કરવા વિષય નિષ્ણાંતોની એક એડવાઈઝરી કમિટિ બનાવવાનું પણ આયોજન છે.

**૨. રાજકોટ પાણી પુરવઠા કોમર્શિયલ ડિવિઝન :**

રાજકોટ મહાનગરપાલિકા ભવિષ્યમાં પાણી-પુરવઠાને સેલ્ફ સસ્ટેઈડ બનાવવા, પાણીની વેંચાણ માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવશે. જેમાં મીનરલ વોટર પ્લાન્ટ બનાવવા જેનાં વેચાણથી ઉપજને ક્રોસ સબસિડીને બેલેન્સ કરવા, ટેન્ડરથી બલ્ક વોટરનાં નાણાં મેળવવા વિગેરે કામગીરી કરવાનું, વ્યવસ્થાપન આયોજીત છે.

તમામ બાબતોને ધ્યાનમાં રાખીને આ સાલ બજેટમાં નીચે મુજબનાં કામો સૂચવવામાં આવેલ છે.

૧. બે નવા ઈ.એસ.આર., વામ્બે આવાસ યોજના- પેટા મવા પાસે, તથા ૨. નાના નવા મેઈન રોડ પાસે ઉપલબ્ધ ટી.પી. સ્કીમનાં પ્લોટમાં.

૨. ગુરુકુલ ખાતે જી.એસ.આર.ની ક્ષમતા વધારવા વધારાનાં ટાંકાનું નિર્માણ.

૩. પ્રાયોગિક ધોરણે ૩૦,૦૦૦ નળ કનેકશનોમાં મીટર ગોઠવી આધુનિકરણ.

૪. પાણીનાં કોમર્શિયલાઈઝેશનનાં ભાગરૂપે તેમજ સબસીડીને ઘટાડવા એક નવા અભિગમ મુજબ, રાજકોટ મહાનગરપાલિકા મીનરલ વોટર બોટલિંગ પ્લાન્ટ ખાનગીકરણનાં

માધ્યમથી શરૂ કરશે. તથા 'જલમ' નામથી આ પાણી વિતરણ વ્યવસ્થા ખુલ્લા માર્કેટમાં થશે.

ભવિષ્યની લાંબાગાળાની યોજના જેવી કે, ભાદર પાણી-પુરવઠામાં વધારાનું પાણી મેળવવા ઉપરાંત માળિયા કેનાલમાંથી પાણી મેળવવા સરકારશ્રી સાથે આયોજન ચાલુ છે.

**૪.૫.૪ ભૂગર્ભ ગટર યોજના :**

સને ૧૯૯૮માં શહેરમાં મવડી, નાના મવા અને રૈયા વિસ્તાર ભેળવવામાં આવતા તેમજ આ નવા ભેળવાયેલ વિસ્તારમાં કોઈ પણ પ્રકારની માળખાકીય પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ ન હોઈ, મહાનગરપાલિકા દ્વારા પાણી, રસ્તા, લાઈટ અને ગટરની સુવિધા પ્રાયોરિટીનાં ધોરણે આપવાના ભાગ રૂપે આ વિસ્તારો પૈકી વસવાટ થયેલ આશરે ૧૫.૦૦ ચો.કી.મી. વિસ્તાર માટે ભૂગર્ભ ગટર યોજના ફેઈઝ-૩ તૈયાર કરી સને ૨૦૦૨-૦૩ થી અમલ શરૂ કરવામાં આવ્યો તે દરમ્યાન સને ૨૦૦૫માં ભારત સરકાર દ્વારા જે.એન.એન.યુ.આર.એમ. હેઠળ સરકારશ્રીમાંથી મંજુર કરાવવામાં આવી અને આ યોજના હેઠળની મોટા ભાગની કામગીરી પૂર્ણ થયેલ છે.

શહેરનાં વિકાસને ધ્યાને લઈને સમગ્ર શહેરને ભૂગર્ભ ગટરની સુવિધા પુરી પાડવાની નેમ સાથે શહેરના બાકી રહેતા તમામ ભાગમાં ભૂગર્ભ ગટરની સુવિધા આપવા સુદ્રઢ આયોજન કરવામાં આવેલ છે. વિસ્તાર પ્રમાણેની વિગત નીચે મુજબ છે.

શહેરનો કુલ વિસ્તાર ૧૦૪.૮૬ ચો.કી.મી. પૈકી ભૂગર્ભ ગટર યોજના ફેઈઝ-૧ અને ફેઈઝ-૨, પાર્ટ-૧ (મુખ્યત્વે હાલનો સેન્ટ્રલ ઝોન)માં ૪૦.૦૦ ચો.કી.મી. નો સમાવેશ કરાયો હતો તે કામગીરી પૂર્ણ થઈ છે. આ ઉપરાંત ભૂગર્ભ ગટર યોજના ફેઈઝ-૩, પાર્ટ-૧ (રૈયા, નાના મવા, મવડી) (મુખ્યત્વે હાલનો વેસ્ટ ઝોન પૈકીનો વિસ્તાર)માં ૧૨.૪૦ ચો.કી.મી.ના વિસ્તારનો સમાવેશ કરાયેલ હતો. મોટા ભાગની કામગીરી પણ પૂર્ણ થયેલ છે.

ભૂગર્ભ ગટર યોજના ફેઈઝ-૨, પાર્ટ-૨ (મુખ્યત્વે હાલનો ઈસ્ટ ઝોન પૈકીનો બાકી વિસ્તાર) માં ૨૯.૦૦ ચો.કી.મી. નો વિસ્તાર સમાવાયો છે. જેમાં વોર્ડ નં.૨,૩, ૫, ૬, ૧૬, ૧૭, ૧૮ (પાર્ટ) માં DPR JnNURMહેઠળ મંજુર મંજુર થયેલ છે. કલેકટિવ સીસ્ટમ - ડ્રેનેજની મેઈન પાઈપ લાઈન નાંખવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. ભૂગર્ભ ગટર યોજના ફેઈઝ-૩, પાર્ટ-૨ (મુખ્યત્વે હાલનો વેસ્ટ ઝોન પૈકીનો બાકી વિસ્તાર)માં ૨૩.૪૬ ચો.કિ.મી. વિસ્તારનો સમાવેશ કરાયેલ છે. જેમાં વોર્ડ નં.૧ (પાર્ટ), ૧૧ (પાર્ટ), ૧૩ (પાર્ટ), ૨૧ (પાર્ટ) આવરી લેવાશે. ભૂગર્ભ ગટર યોજના માટે આગામી આયોજનમાં આગામી પાંચ વર્ષમાં થનાર કામનો અંદાજિત ખર્ચ

રૂા.૩૪૪ કરોડ થશે. અને આગામી પાંચ વર્ષમાં આપવામાં આવનાર અંદાજિત ભૂગર્ભ ગટર કનેકશનની સંખ્યા- ૧,૩૩,૦૦૦ થશે.

અન્ય શહેરોની સરખામણીએ રાજકોટ શહેરનું ભૂતળ સખત ખડકાળ હોઈ, ડ્રેનેજ કામો માટે સક્ષમ કોન્ટ્રાકટર્સ ઓછો રસ ધરાવતા હોઈ સમગ્ર રાજકોટ પૂર્ણ કરવા માટે આયોજિત સમયથી વિશેષ સમય પસાર થાય છે.

ઉક્ત વિગતે બન્ને પ્રોજેક્ટસની કામગીરી પૂર્ણ થયે શહેરમાં ભૂગર્ભ ગટરની સુવિધાથી વંચિત રહેલ તમામ વિસ્તારોને આ સુવિધા ઉપલબ્ધ થઈ શકશે.

**૪.૫.૫ સૉલિડ વેસ્ટ મેનેજમેન્ટ :**

હાલમાં રાત્રિ દરમ્યાન સ્ક્રેપિંગ/ બ્રશિંગથી કુલ-૪૭ માર્ગોની સફાઈ કરવામાં આવે છે, અને જે આગામી વર્ષોમાં ચાલુ રહેશે. આ માટે આગામી બજેટમાં રૂા.૭૨૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. આ ઉપરાંત દરેક વોર્ડમાં બાયોમેટ્રિક એટેન્ડસ સીસ્ટમ કાર્યન્વિત કરવાનું આયોજન કરેલ છે, જેથી સફાઈ સેવાનું મોનિટરિંગ થઈ શકે. આ માટે રૂા.૨૦ લાખનું આયોજન છે. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના દરેક વાહનમાં જી.પી.એસ. નેવિગેશન પદ્ધતિ કાર્યાન્વિત કરવાનું આયોજન કરેલ છે, જેથી દરેક બાબતની મૂવમેન્ટ ઉપર નિયંત્રણ રહે અને સફાઈ સેવા સમયબદ્ધ રીતે જાળવી શકાય.

રાજકોટ શહેરના તમામ વિસ્તારોમાં કુલ-૮૫ સખી મંડળો મારફ્ત ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી કુલ-૯૬ ટકા વિસ્તારોમાં શરૂ કરેલ છે, તેમજ આગામી વખતમાં બાકીના તમામ વિસ્તારો આવરી લેવામાં આવશે. જે અંતર્ગત રૂા.૨૫૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

'સ્વર્ણિમ ગુજરાત' અંતર્ગત રૂા.૩૦૦ લાખનાં ખર્ચે આગામી સાલ દરમ્યાન નવા ડમ્પર પ્લેસર -૦૫, બંધ કચરાપેટી-૨૫૦, જે.સી.બી. વાહન-૦૩, ડમ્પર-૦૪ (૧૦ ક્યુ.મી.) વ્હીલબરો-૬૦૦ નવા ખરીદવામાં આવનાર છે, જે સફાઈ સેવાની સમયબદ્ધતા જાળવવામાં મદદરૂપ થશે. તો સાથે સાથે વોર્ડમાં મૂકેલ બંધ કચરાપેઢીમાં વખતોવખત થનાર મેઈન્ટેનન્સ ખર્ચ ઘટાડવા પેટીની સંખ્યા ઘટાડવી જરૂરી છે. પ્રાયોગિક ધોરણે ત્રણ વોર્ડને બિનલેસવોર્ડ બનાવવાનું આયોજન કરેલ છે. અનુભવે એવું જોવા મળ્યું છે કે કચરાપેટીની બહાર કચરો પડ્યો રહે છે. જેના ઘણા કારણો પૈકી રખડતા ઢોર અને રેગપીકર્સ મુખ્યત્વે છે. કચરા પેટી સળગાવવાના બનાવો પણ બને છે. કચરા પેટી જ ન હોય તો ન્યુસન્સ પણ ઘટી જાય, તેવા પ્રયત્નોનાં ભાગરૂપે બિનલેસ વોર્ડનું આયોજન છે.

જન જાગૃતિના પગલારૂપે તમામ અધિકારી/પદાધિકારીને સાથે રાખી વર્ષ દરમ્યાન જુદા જુદા વિસ્તારોમાં સમયાંતરે સઘન સફાઈ ઝૂંબેશોનું આયોજન કરવામાં આવે છે, જેમાં લોકો તરફથી બહોળો પ્રતિસાદ મળે છે. રાજકોટ મહાનગરપાલિકાની રજિસ્ટર્ડ સોસાયટીઓની સફાઈલક્ષી કામગીરી માટે સોસાયટીઓને ગ્રાન્ટ આપવામાં આવે છે. જે અંતર્ગત રૂા.૫૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. સોલીડ વેસ્ટ મેનેજમેન્ટમાં વાહનો/સાધનો પૈકી રોડ સ્વિપર મશીન પણ લેવામાં આવનાર છે. જે માટે રૂા.૫૬ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

**૪.૫.૬ આરોગ્ય :**

રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં આરોગ્ય વિભાગ દ્વારા રસીકરણથી નિવારી શકાય તેવા રોગ, પાણી જન્ય રોગ અને મચ્છરજન્ય રોગ માટે અટકાયતી પગલા, આરોગ્યલક્ષી કાર્યક્રમોનું અમલીકરણ, કુટુંબ કલ્યાણની સેવાઓ શહેરનાં છેવાડાનાં માનવ સુધી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આરોગ્યલક્ષી સેવાઓનો વ્યાપ વધારવા આગામી બજેટ ૨૦૧૧-૧૨માં વિશેષ જોગવાઈ કરવામાં આવેલ છે. શહેરના પછાત વિસ્તારોમાં માતૃકલ્યાણ તથા બાલકલ્યાણની પ્રવૃતિઓને વેગ આપવા વોર્ડ નં.-૨૦માં આંબેડકરનગર રોડ પર ૧૬ મું આરોગ્ય કેન્દ્ર કાર્યરત થશે. આ આરોગ્ય કેન્દ્રથી વોર્ડ નં.-૨૦ તથા ૨૧ ની અંદાજીત ૨૭ હજારની વસતિને આરોગ્ય લક્ષી સેવાઓનો વિના મૂલ્યે લાભ મળશે. રેડક્રોસ, રામનાથ પરા આરોગ્ય કેન્દ્રનું સંપૂર્ણ નવિનીકરણ કરી આરોગ્ય લક્ષી સેવાઓનો વ્યાપ વધારવામાં આવશે. તથા નવા કાર્યરત આરોગ્ય કેન્દ્રમાં ફેમિલી પ્લાનિંગના ઓપરેશનની સુવિધા ઉપલબ્ધ થશે.

નવા વર્ષમાં નવી બે મોબાઈલ ડિસ્પેન્સરી કાર્યરત થવાથી ત્રણેય ઝોનમાં એક-એક મોબાઈલ ડિસ્પેન્સરી દ્વારા ત્રણેય ઝોનનાં પછાત વિસ્તારોમાં પ્રાથમિક આરોગ્ય લક્ષી સેવાઓ ઉપલબ્ધ થશે. શહેરનાં પછાત વિસ્તારમાં રોગચાળા તથા આપતિ સમયમાં તુરંત જ પ્રાથમિક આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થશે. આ માટે રાજકોટ અર્બન હેલ્થ સોસાયટીનાં અલાયદા બજેટ ઉપરાંત મહાપાલિકાના બજેટમાં ખાસ રૂા.૩૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

આ ઉપરાંત શહેરી ગરીબ બાળકો માટે રાજ્ય સરકારની આર્થિક સહાય મહાપાલિકાના પોતાના ૫૦ જેટલા નવા આંગણવાડીના મકાનો બાંધવાનું આયોજન છે. આ માટે રૂા.૫૦ લાખની ગ્રાન્ટ આધારિત જોગવાઈ આગામી વર્ષના બજેટમાં રાખવામાં આવી છે. શહેરીજનોને મોટી અને ખર્ચાળ બિમારીમાં સારવાર મળી રહે તે હેતુસર શહેરની મોટી હોસ્પિટલ જેવી કે સત્ય સાંઈ હાર્ટ હોસ્પિટલ, બી.ટી.સવાણી કિડની હોસ્પિટલ, કેન્સર હોસ્પિટલને દર વર્ષે આર્થિક અનુદાન આપવામાં આવે છે જેના માટે રૂા.૮૦ લાખની જોગવાઈ આગામી બજેટમાં કરવામાં આવી છે. આ

ઉપરાંત આ વર્ષે હડકવા વિરોધી રસીના અનુદાન અર્થે ખાસ રૂ.૨૫ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

**૪.૫.૭ સ્ટ્રીટ લાઈટ :**

શહેરમાં સ્ટ્રીટ લાઈટ સુવિધા આપવામાં રાજકોટ મહાનગરપાલિકો રાજ્યમાં મોખરે છે. હાલમાં શહેરમાં ૪૦,૦૦૦ નંગ સ્ટ્રીટ લાઈટ છે. ગત વર્ષમાં ૨૧૦૦ નંગ સ્ટ્રીટ લાઈટ ફીટ કરવામાં આવેલ, જ્યારે આગામી વર્ષમાં ૨૫૦૦ નંગ સ્ટ્રીટ લાઈટ ફીટ કરવાનો અંદાજ છે.

ગત વર્ષમાં શહેરના શક્તિ સોસાયટી, ત્રિવેણી સોસાયટી, મહાકાળી મે. રોડ, વૈશાલીનગર મે. રોડ, રવિરત્ન પાર્ક વિગેરે રસ્તાઓ સાઈડ સોડિયમ લાઈટથી પ્રકાશિત કરવામાં આવ્યાં. તેમજ શહેરના ટી.પી. રોડ જેમ કે દુધ સાગર રોડ, પારડી રોડ, સંત કબિર રોડ, વૃંદાવન સોસાયટી મે. રોડ, જેવા રસ્તાઓને સેન્ટર સોડિયમ લાઈટથી પ્રકાશિત કરવામાં આવેલા છે.

સ્ટ્રીટ લાઈટમાં ઉર્જા બચત માટે આગામી વર્ષમાં ટેન્ડર બહાર પાડી ઊર્જા બચત કરતા ઈન્સ્ટ્રુમેન્ટ ખરીદ કરી પ્રાયોગિક ધોરણે ૬ (છ) નંગ કન્ટ્રોલ યુનિટ ખરીદ કરી સફળતા મળ્યે સંપૂર્ણ શહેરમાં આ પ્રકારના યુનિટ લગાડવામાં આવશે. આગામી વર્ષમાં ૨૪ મીટરના જે રસ્તાઓ પર ડિવાઈડર તૈયાર કરવામાં આવશે, જેમ કે આજી ડેમથી માંડા ડુંગર, ગ્રીનલેન્ડ ચોકડીથી મોરબી રોડ, શ્રમજીવી સોસાયટી મેઈન રોડ, વિગેરે પર સેન્ટર સોડિયમ લાઈટિંગનું આયોજન છે.

આ ઉપરાંત ઉર્જા બચત અંગે લોકોમાં જાગૃતિ આવે તે હેતુથી વોર્ડ વાઈઝ સિટી સિવિક સેન્ટર વગેરે જગ્યાએ લોક સંપર્ક કરી ઊર્જા બચત અંગેની પત્રિકાઓ લોકોમાં વહેંચી લોકોને ઊર્જા બચત અંગે રોશની શાખા દ્વારા લોકોને સમજણ આપવામાં આવે છે. આ માટે આગામી વર્ષના બજેટમાં રૂ.૧૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

**૪.૫.૮ જાહેર સલામતી :**

નવા નિયમો મુજબ જી.ડી.સી.આર. માં બહુમાળી ઈમારતની પરવાનગી ૪૨ મીટર સુધી આપવામાં આવે છે. શહેરના ૪૦૦ જેટલી હાઈ રાઈઝડ બિલ્ડિંગમાં અકસ્માતે આગનો બનાવ બને ત્યારે આગ બુઝાવવા, આગ વખતે ઉંચી ઈમારતોમાંથી બચાવ કાર્ય કરવું, તેમજ ઊંચે સુધી પાણીનો મારો ચલાવી આગ બુઝાવવા માટે આ હાઈડ્રોલીક પ્લેટ ફોર્મ માનવ જાનહાની બચાવવા માટે ઉપયોગનું સાધન બની રહેશે.

નવા બે ફાયર સ્ટેશન માટે બે ફાયર ફાઈટર વસાવવાના કામે પ્રથમ તબક્કે વર્ષ ૨૦૧૦-૧૧માં ચેસીસ ખરીદી તેમજ વર્ષ ૨૦૧૧-૧૨માં સદરહું ચેસીસ ઉપર ફેબ્રીકેશન કરવાના કામે અને સાથોસાથ આ બન્ને ફાયર સ્ટેશન ઉપર એક એક એમ્બ્યુલન્સ માટે પણ રૂ।.૫૫૦ લાખની જોગવાઈ રાખવામાં આવેલ છે.

**૪.૫.૯ બાગબગીચા અને પ્રાણીસંગ્રાહલય :**

શહેરી બ્યુટિફિકેશનની આ કામગીરીમાં રાજકોટ મહાનગરપાલિકાની 'જનસહયોગી યોજના'માં શહેરનાં શ્રેષ્ઠીઓ, વેપારીઓ, બેન્કર્સ, ઈન્ડસ્ટ્રીયાલિસ્ટ વિગેરેનો સારો સહકાર મળે છે.

રાજકોટ મહાનગરપાલિકાને ગુજરાતની સરકારશ્રીના 'સ્વર્ણિમ ગુજરાત' સંકલ્પ અન્વયે મળનાર નાણાંકીય સહાયને ધ્યાને લઈ શહેરના પ્રદ્યુમનપાર્કના પ્રાણી સંગ્રહાલય વિસ્તાર, શહેરના ન્યારી ડેમ-૧ ના કાલાવડ રોડ, વાગુદડના રસ્તેની સરકારશ્રી માંથી પ્રાપ્ત થયેલ જમીનમાં અદ્યતન લેન્ડ સ્કેપિંગની સુવિધા ઉભી કરવા, શહેરના રેસકોર્સ તેમજ અન્ય મુખ્ય બગીચા વિસ્તારમાં બાળકો માટેની સુવિધાઓ ઉભી કરવા અંગે તેમજ રેસકોર્સ ગાર્ડનમાં સવિશેષ સુધારા કરવા માટેની આર્થિક સહાય ને કામગીરીમાં વપરાશ કરવાનું નક્કી થયેલ છે.

આગામી વર્ષમાં શહેરી-પર્યાવરણ સુધારણાની કામગીરીમાં નવા બગીચા રાજકોટ શહેરના વધતા જતા વ્યાપ અને શહેરના વિસ્તૃતિકરણને ધ્યાને લઈ, શહેરમાં નવા ટી.પી. સ્કીમના અમલીકરણમાં બગીચા હેતુની ફાળવણીના પ્લોટસ વિગેરેમાં (મવડી, રૈયા વિસ્તાર અને મોરબી રોડ)માં નાના મોટા બગીચાનું નિર્માણ સાથોસાથ શહેરના આજીડેમ-૧, ડેમેશ્વર મહાદેવની પાછળના ભાગેની ખુલ્લી જમીનમાં અદ્યતન ગાર્ડન નિર્માણ કરવાનું આયોજન છે તેમજ શહેરનાં વિકાસની સાથોસાથ સમાજના વયસ્ક નાગરિકોને નિરાંતની પળોમાં તેમની ઉંમરના વ્યક્તિઓ પોતાનો સમય સારા પ્રાકૃતિક માધ્યમોમાં પસાર કરી અને માનસિક શાંતિ મેળવે તેવા ઉમદા હેતુથી શહેરના જુદા જુદા વિસ્તારમાં કુલ પાંચ સ્થળે સિનિયર સિટિઝન પાર્કનું નિર્માણ કરવાનું આયોજન છે.

શહેરમાં વધતા જતા માનવ સર્જીત પ્રદૂષણ ખાળવા અને શહેરનું પર્યાવરણ સુધરે તેવા હેતુથી શહેરના મુખ્ય માર્ગ (કાલાવડ રોડ, નાના મવા રોડ, મોરબી રોડ, ભાવનગર રોડ, યુનિ. રોડ, સંત કબીર રોડ) વિગેરેના મધ્યવર્તી લાઈનમાં સુશોભિત પ્લાન્ટસનું વાવેતર કરવાનું આયોજન છે. સાથો સાથ શહેરના ટ્રાફીક જંકશન્સ વિગેરેના ડેવલપમેન્ટનું આયોજન છે. 'શહેરી બ્યુટિફિકેશનની આ કામગીરીમાં જનસહયોગી યોજના' હેઠળ આ કામગીરી સવિશેષ રીતે

કરવાનું આયોજન છે. શહેરનાં ઔદ્યોગિક વિસ્તારો, ખુલ્લી જમીનનાં હેતુના પ્લોટસ, વારિગૃહો, શાળા બોર્ડ હસ્તકની શાળાઓ, રાજકોટ મહાનગરપાલિકા હસ્તકની અન્ય મિલ્કત વિગેરેના ખુલ્લા ભાગો તેમજ શહેરના મુખ્ય રસ્તાઓના કિનારીઓના ભાગોએ શહેરની ભૌગોલિક પરિસ્થિતિ ધ્યાને લઈ વૃક્ષારોપણ કરવાનું આયોજન છે. સાથો સાથ નદી કાંઠા, પંપ હાઉસ, ફિલ્ટર પ્લાન્ટસ વિગેરેના ખુલ્લા વિસ્તારના ઘનિષ્ઠ વૃક્ષારોપણની કામગીરી હાથ ધરવાનું આયોજન છે. ઉધ્ધારોક્ત તમામ કામો માટે આગામી બજેટમાં કુલ રૂા.૬૬૫.૧૦ લાખની જોગવાઈ રાખવામાં આવી છે.

પ્રદ્યુમનપાર્ક ખાતે આધુનિક અભિગમ મુજબનું પ્રાણી સંગ્રહાલય (ઝૂ) બનાવવામાં આવેલ છે. કુલ વિસ્તાર ૧૩૭ એકર છે, જેમાં સિંહ, વાઘ, રીંછ, દીપડા, કાળિયાર, ચિતલ, સાબર તથા મગરનાં પાંજરા તથા અંદરનાં રસ્તા, મેઈન ગેઈટ તથા ટિકીટ ઓફિસ અને વહીવટી ઓફિસનું બાંધકામ પૂર્ણ થઈ ગયેલ છે. તથા સંપૂર્ણ વિસ્તારને વૃક્ષારોપણથી આવરી લેવામાં આવેલ છે. તથા મુલાકાતી માટે ૩ ગાર્ડન બનાવવામાં આવેલ છે. તથા બેટરી સંચાલીત કાર વસાવવામાં આવેલ છે. સમગ્ર વિસ્તારમાં પાણી પુરવઠો પણ ગોઠવાયેલ છે. આજી ઝૂ ખાતે થી વન્યપ્રાણી પ્રદ્યુમનપાર્ક ખાતે ડિસે.-૦૯માં ફેરવવામાં આવેલ છે. ૧૪, ઓગષ્ટ, ૨૦૧૦ (લોકાર્પણ) પછી ૧૭, ઓગષ્ટ ૨૦૧૦ થી ટિકીટ શરૂ કરવામાં આવી છે. જે અન્વયે સરેરાશ માસિક રૂા.૨,૦૦,૦૦૦ની આવક થાય છે તથા અંદાજિત ૨૫,૦૦૦ મુલાકાતીઓ મુલાકાતે આવે છે. આગામી વર્ષ ૨૦૧૧-૧૨માં મુલાકાતીની સુવિધા માટે લોન, ગાર્ડન તથા ગાર્ડન બેંચ, ઠંડા પાણીની વ્યવસ્થા, ફૂડ પ્લાઝા અને ટોઈલેટ બ્લોક બનાવવામાં આવનાર છે. ઝૂ વિકાસનાં ભાગરૂપે વાંદરા, ડક પોન્ડ, હોગ ડીઅર, ઘરીયલ મગર, ઉતર ભારતનું રીંછ, ચિંકારા તથા ચૌશીંગા પ્રાણી માટે નવા પાંજરા બનાવી વસાવવામાં આવશે. તેમજ ચિતા માટે પણ જરૂરી મંજુરી મેળવી ઉક્ત પ્રાણી મંજુરી બાદ પાંજરૂ બનાવી વસાવવામાં આવશે. બીમાર પ્રાણીઓની સારવાર માટે આધુનિક સાધન સામગ્રીથી સંપન્ન વેટરનીટી હોસ્પિટલ બનાવવામાં આવશે. ડક પોન્ડ અને હોગ ડીઅર સિવાયના પ્રાણીના પાંજરાના બાંધકામ માટે CZA પાસેથી ૧૦૦ ટકા ગ્રાન્ટ મેળવવામાં આવશે. પ્રદ્યુમનપાર્ક વિકાસ માટે વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન સામેલ પત્રક મુજબ કામગીરી કરવામાં આવશે. ઉપરોક્ત તમામ ખર્ચ માટે રૂા.૫૬૦ લાખની જોગવાઈ આગામી બજેટમાં કરવામાં આવી છે.

**૪.૫.૧૦ ટી.પી.પ્રોજેક્ટસ :**

**CIPપ્રોજેક્ટ અંતર્ગતGIDCને કન્ટ્રિબ્યુશન :**

AJI G.I.D.C.દ્વારા સરકારમાંથી ઈન્ડસ્ટ્રિયલ વિસ્તાર માટે ક્રિટિકલ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્લાનિંગ (CIP) પ્રોજેક્ટ મંજુર કરાવેલ છે. **CIP** પ્રોજેક્ટ માટે રાજ્ય સરકારશ્રી દ્વારા ૫૦% GIDC દ્વારા ૩૫% અને ૧૫% યુઝર કોન્ટ્રિબ્યુશન નક્કી કરવામાં આવેલ છે. પરંતુ AJI G.I.D.C.દ્વારા રાજકોટ મહાનગરપાલિકા સમક્ષ રજૂઆત કરવામાં આવેલ છે કે તેઓ દ્વારા રાજકોટ મહાનગરપાલિકાને મહાનગરપાલિકા અસ્તિત્વમાં આવ્યા સમયથી તમામ વેરા ભરપાઈ કરવામાં આવે છે જેની સામે રાજકોટ મહાનગરપાલિકા તરફથી કોઈપણ પ્રકારની સુવિધા આપવામાં આવી નથી. આથી CIPપ્રોજેક્ટ અંતર્ગત ૧૫% યુઝર કોન્ટ્રિબ્યુશનની રકમ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ચુકવવામાં આવે. CIP પ્રોજેક્ટનો કુલ ખર્ચ આશરે રૂા.૧૯,૫૦,૦૦,૦૦૦ (અંકે રૂપિયા ઓગણીસ કરોડ પચાસ લાખ પુરા) અંદાજવામાં આવેલ છે. જે મુજબ પ્રોજેક્ટ ખર્ચના ૧૫% મુજબ ગણતરી કરતા રાજકોટ મહાનગરપાલિકાએ આશરે રૂા.૨,૯૦,૦૦,૦૦૦ (અંકે રૂપિયા બે કરોડ નેવું લાખ પુરા)નું ચુકવવાના થાય જે માટે AJI G.I.D.C. સાથે MoU (કરાર) કરવાનું રહેશે CIP પ્રોજેક્ટ માટે રાજકોટ મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ દ્વારા તા.૨૫-૦૯-૨૦૦૯ નં.૨૧૮ થી ઠરાવ થઈ આવેલ છે.

**રેઈન વોટર હાર્વેસ્ટિંગ :**

સ્વર્ણિમ ગુજરાત જયંતી મુખ્યમંત્રી યોજના દ્વારા શહેર વિસ્તારમાં રેઈન વોટર હાર્વેસ્ટિંગ હાથ ધરવાનું થાય છે. જે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જે વિસ્તારમાં પાણીનો ભરાવો થતો હોય તેવા વિસ્તારમાં વૈજ્ઞાનિક પદ્ધતિથી જમા થતા પાણીને જમીનમાં ઉતારવાનું આયોજન હાથ ધરવામાં આવનાર છે. આ ઉપરાંત શહેરમાં બનતા નવા મકાનો માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જી.ડી.સી.આર. મારફ્ત જળસંચય ફરજિયાત બનાવેલ છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૨૦૦૧ થી તમામ મકાનોને મંજુરી આપતી સમયે બોર રીચાર્જિંગ ફરજિયાત બનાવેલ છે, અને આ અંગે ઝુંબેશના રૂપે અગાઉ વોર્ડ લેવલ પર મીટિંગો યોજીને કામગીરી/સમજણ આપવામાં આપેલ. જેના હિસાબે છેલ્લા ૨-૩ વર્ષથી લોકોના બોર કે જેમાં અગાઉ જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં પાણીની અછત થતી હતી, તેમાં હવે આ બોરમાં ઉનાળા દરમ્યાન પણ પાણી હોય છે.

**સોલાર સિટી :**

વિશ્વમાં હાલની વિષય પરિસ્થિતિ જોતાં મર્યાદિત પ્રમાણમાં ઉપલબ્ધ પરંપરાગત ઊર્જા સ્ત્રોતનું આયુષ્ય હવે ખુબ ટુંકુ રહેલ છે. પરંપરાગત ઉર્જાના ઉપયોગથી પર્યાવરણને ગંભીર નુકશાન થાય છે. તેમજ માનવ વસતી માટે પણ હાનિકારક છે. આથી સાપેક્ષમાં બિન પરંપરાગત ઉર્જા જેવી કે સૌર ઉર્જા, બાયોમાસ, પવન ઉર્જા, ટાઈટલ એનર્જી વિગેરે અમર્યાદિત પ્રમાણમાં ઉપલબ્ધ છે. સાથે સાથે પર્યાવરણન માટે ખુબજ સાનુકુળ છે. આના ઉપયોગથી કોઈ હાની થતી નથી અને લાંબે ગાળે સઘળી રીતે ખુબજ ફાયદાકારક રહે છે.

રાજકોટ શહેરનું ભૌગોલિક સ્થાન જોતાં વર્ષ દરમ્યાન ૩૦૦ દિવસથી પણ વધારે દિવસ સૂર્યપ્રકાશ મળી રહે છે, તેથી શહેરમાં સૌર ઉર્જાના મહત્તમ ઉપયોગ શક્ય છે. તે અંતર્ગત સૌર ઉર્જા આધારિત ફુવારાઓ, કલાત્મક સ્ટ્રીટ લાઈટસ, ટ્રાફિક સિગ્નલ, બ્લીંકર્સ વિગેરેનું આયોજન કરવામાં આવેલ છે. રાજકોટ મહનગરપાલિકા દ્વાર એનર્જી ઈફિશિયન્સ અને એનર્જી પાર્ક થયેલ છે. બિન પરંપરાગત ઉર્જા આધારિત ઉપકરણનો ઉપયોગ કરવાથી લાંબા ગાળે ફાયદો રહે છે. પર્યાવરણની જાળવણી થાય છે. તેમજ કાર્બન ક્રેડિટ પણ મેળવી શકાય છે. માર્ચ-૨૦૦૪ થી અમલમાં આવેલ જી.ડી.સી.આર. મુજબ દરેક નવા બંધાતા બિલ્ડીંગસમાં સૌર ઉર્જા આધારીત વોટર હીટિંગ સીસ્ટમનો ઉપયોગ ફરજિયાત કરવામાં આવેલ છે.

મિનિસ્ટ્રી ઓફ ન્યુ રિન્યુએબલ એનર્જી દ્વારા રાજકોટ મહાનગરપાલિકાને આગામી ૫ વર્ષ દરમ્યાન શહેરમાં બિન પરંપરાગત ઉર્જાના વપરાશ/ઉપયોગિતા વિગેરે મટે વિવિધ કાર્યક્રમો કરવા માટે રૂા.૫૦ લાખની ગ્રાન્ટ આપવામાં આવશે. તેમજ આ પ્રોજેક્ટ અંતર્ગત શહેરના એનર્જી સેક્ટરનો માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવેલ છે.

**ઓ.આઈ.એસ.પ્રોજેક્ટ :**

JnNURMના રીફોર્મસના ભાગરૂપે મહાનગરપાલિકાની તમામ સેવાઓની વિગતો ઓ.આઈ.એસ. આધારિત અધતન નકશા આધારિત કરવી જરૂરી બનાવવામાં આવેલ છે. જે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજકોટ શહેરનો ઓ.આઈ.એસ. આધારીત નકશો બનાવવાની કામગીરી હાથ ધરેલ છે. રાજકોટ શહેર, આ કામગીરી પૂર્ણ થયે રાજકોટ એ દુનિયાનું બીજા નંબરનું થશે કે જેમાં મહાનગરપાલિકાની સંપૂર્ણ સુવિધાઓ વિશેની માહિતી ઓ.આઈ.એસ. નકશા આધારીત મળી શકશે. આ પ્રોજેક્ટમાં મહાનગરપાલિકાની હદમાં આવેલ તમામ મિલ્કતોનો સર્વે કરવામાં આવી રહ્યો છે. જેથી દરેક મિલ્કતની સંપૂર્ણ માહિતી ઓ.આઈ.એસ. નકશા આધારીત મળી રહેશે.

આર્થિક રીતે મહાનગરપાલિકાને ફાયદારૂપ આ સીસ્ટમથી જે મિલકતોની આકારણી થયેલ નથી અથવા જે મિલકતોનો હેતુફેર થયેલ છે તેની વિગતો મળી રહેશે. આ ઉપરાંત કોઈપણ મિલ્કત મહાનગરપાલિકાની દૃષ્ટિએ કાયદેસર કે ગેરકાયદેસર છે તેની વિગતો પણ મેળવવી સહેલી પડશે. શહેરનો સંપૂર્ણ ટોટલ સ્ટેશન સર્વે કરવામાં આવી રહ્યો છે. જેમાં રસ્તાઓની લંબાઈ-પહોળાઈ, ફુટપાથ, રોડ ડિવાઈડર, સ્ટ્રીટ લાઈટ, વૃક્ષો, મેનહોલ, ગટરના ઢાંકણાં, વાલ્વ ચેમ્બર, ટેલીફોનના પોલ, પાઈપ લાઈનો, ડ્રેનેજની લાઈનો, ઈ.એસ.આર./એસ.આર. તથા અન્ય તમામ વિગતો એકત્રિત કરવામાં આવી રહી છે. માનવસર્જિત અથવા નૈસર્ગિક આપતિમાં ઉપરોક્ત ડેટાબેઝ સીસ્ટમ મેનેજમેન્ટથી સમસ્યાનો ઉકેલ લાવવો સરળ બની રહેશે કેમ કે આ સીસ્ટમથી કોઈ પણ વિસ્તારમાં આવેલ સ્કૂલો, ફાયર બ્રિગેડ સ્ટેશન ઈ.એસ.આર./એસ.આર. સરકારી સંસ્થાઓ વિગેરેની માહિતી આંગળીના ટેરવે રહેશે. સીસ્ટમ સંપૂર્ણ ડેવલપ થયા બાદ કોઈ પણ વિસ્તારમાં મહાનગરપાલિકા દ્વારા પાણીની પાઈપ લાઈનના રીપેરીંગ કામકાજ જો કરવાનું થાય અથવા ઈલેક્ટ્રિક પોલમાં સમારકામ કરવાનું થાય તો કેટલા વિસ્તારમાં લાઈટ કે પાણી મળી શકે નહી તે અગાઉથી જાણી અને લોકોને આગોતરી જાણ કરી શકાય. આ સીસ્ટમ વેબ બેઈઝ ડેવલપ કરવામાં આવનાર હોય, રાજકોટ શહેરને લગતા તમામ સુવિધાઓ, શહેરની તમામ પ્રોપર્ટીઝ વિષેની માહિતીઓ જેવી કે મિલ્કત નંબર, ઈલેકટ્રિક મીટર નંબર, મકાન માલિકનું નામ, ઉપયોગ કરનારનું નામ, તેઓનાં સંપર્ક નંબર, સરનામું વિગેરે માહિતી આંગળીના ટેરવે મળી રહેશે. આ પ્રોજેક્ટસની કુલ કિંમત રૂ.૬૦૦ લાખ જેટલી થવા જાય છે. હાલમાં પ્રોજેક્ટના ૬૦% જેટલું કામ પૂર્ણ થયેલ છે.

**ગેસ આધારિત સ્મશાન :**

ગુજરાત સરકારનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા સ્વર્ણિમ ગુજરાત મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે થયેલ ઠરાવ સજય/૧૦૨૦૦૯/૧૫૧૫/ઘ સચિવાલય, ગાંધીનગર તા.૧૭-૧૧-૨૦૦૯નાં આમુખમાં જણાવ્યા મુજબ શહેરનાં સ્મશાનોને ઉર્જા કાર્યક્ષમ ગેસ આધારિત સ્મશાનો બનાવવા માટે જરૂરી કામગીરી હાથ ધરવા જણાવવામાં આવેલ છે.

રાજકોટ શહેરમાં આવેલ સ્મશાનો પૈકી ત્રણ સ્મશાનો, રામનાથ પરા, મોટા મવા, ૮૦ ફુટ રોડ પર આવેલ સ્મશાન ઈલેકટ્રિક આધારિત છે. તે સિવાયના સ્મશાનોમાં બળતણ તરીકે લાકડાનો ઉપયોગ થાય છે. રાજકોટ શહેરની વધી રહેલ વસતીને જોતા ત્રણ ઈલેક્ટ્રિક સ્મશાનો પુરતા નથી તેમજ તે સિવાયનાં સ્મશાનોમાં બળતણ તરીકે લાકડાનો ઉપયોગ થતો હોય

પર્યાવરણની દૃષ્ટિએ યોગ્ય નથી. આ ઉપરાંત ઈલેક્ટ્રિક સ્મશાનોમાં અવિરત વીજ પુરવઠાની જરૂરત રહે છે. મહાનગરપાલિકાની રોશની શાખામાંથી મળેલ આંકડાકીય માહિતી મુજબ પ્રતી સ્મશાન સરેરાશ રૂા.૫૦,૦૦૦ (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) પ્રતિ માસ વીજ બીલ આવે છે. ઈલેક્ટ્રીક સ્મશાનમાં પ્રતિ ડેડ બોડી માટે રૂા.૭૦૦ થી રૂા.૮૦૦ નો ખર્ચ આવે છે. જ્યારે ગેસ આધારિત સ્મશાનમાં પ્રતિ ડેડ બોડી માટે હાલનાં ભાવ (રૂા.૧૬.૩૫ પ્રતિ ક્યુબિક મીટર) મુજબ રૂા.૧૫૦ થી ૧૬૦ જેટલો ખર્ચ આવે છે. અને આરોગ્ય શાખામાંથી મેળવેલ વિગત મુજબ રાજકોટ શહેરમાં વાર્ષિક ૧૨૦૦૦ જેટલા મરણ થાય છે તેથી ગેસ આધારિત સ્મશાન શરૂ કરતા રાજકોટ મહાનગરપાલિકાને વાર્ષિક રૂા.૧૦ લાખ જેટલી બચત થવાની સંભાવના છે.

હાલમાં રૈયા ખાતે ગેસ આધારિત સ્મશાન બનાવવા માટે વહીવટી કાર્યવાહી શરૂ છે. ત્યારબાદ અન્ય સ્મશાનોને ગેસ આધારિત બનાવવા કાર્યવાહી હાથ ધરવામાં આવશે. રૈયા ખાતેનાં ગેસ આધારિત સ્મશાન માટે રૂા.૧૪૦ લાખનો ખર્ચ સંભવિત છે. જે પૈકી રૂા.૨૦ લાખ જી.એસ.પી.સી. દ્વારા અને આશરે રૂા.૨૦ લાખ શહેરી વિકાસ વિભાગ દ્વારા આપવામાં આવશે.

**૪.૫.૧૧ પુસ્તકાલય :**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સંચાલિત પુસ્તકાલયો દ્વારા વર્ષ દરમ્યાન વિવિધ પ્રકારનું સાહિત્ય વસાવવામાં આવે છે. જેમાં અત્યાર સુધીમાં બધા પુસ્તકાલયો મળી ને કુલ ૫૨૭૦૪ પુસ્તકો તથા ૪૨૦૩ સીડી/ડીવીડી તથા ૧૮૯૯ રમકડા વસાવવામાં આવ્યા છે. તેમજ ચાલું વર્ષ દરમ્યાન વાંચનાલય ખંડ તેમજ મેગેઝિન ક્લબના મળીને ૨૫૫ મેગેઝિન તથા વર્તમાન પત્રો વસાવવામાં આવેલ છે. ચાલુ સાલે ૪,૦૦,૦૦૦ પુસ્તકો ૧,૭૫,૦૦૦ ની સીડી/ડીવીડી તથા ૫૦,૦૦૦ ના રમકડા ખરીદી થશે.

પુસ્તકાલયોના બધા જ વિભાગો મળીને અત્યાર સુધીમાં નોંધાયેલા કુલ સભ્યો ૧૩૫૨૬ છે. જેમાંથી હાલ ખરેખર ઉપયોગ કરતા હોય તેવા કુલ ૭૮૨૮ સભ્યો છે. જ્યારે વાંચનાલય ખંડમાં દરરોજના સરેરાશ ૧૦૦ થી ૧૫૦ મુલાકાતીઓ લાભ મેળવી રહ્યા છે. ચાલુ સાલે લાયબ્રેરી દ્વારા નીચે મુજબની નવી સેવાઓની શરૂઆત તથા કાર્યક્રમો કરવામાં આવેલ.

**લાઈબ્રેરી દ્વારા મેગેઝિનું વેચાણ :**

લાઈબ્રેરી દ્વારા સને ૨૦૦૯-૨૦૧૦ ની સાલે વાંચનાલયમાં આવતા ૧૪૨ તથા મેગેઝિન ક્લબના ૭૯ મેગેઝિન મળી અનુક્મે કુલ ૧૮૨૩ તથા ૧૫૦૭ મળી ૩૩૩૦ મેગેઝિનો જે અત્યાર સુધી પસ્તીમાં આપવામાં આવતા હતા. જે હવેથી લાઈબ્રેરીના સભ્યોને મેગેઝિનની મુળ કિંમતના

૧૦ ટકા ભાવથી વેચાણ કરવામાં આવેલ છે. જેમાં અત્યાર સુધીમાં કુલ ૧૭૭૨ મેગેઝિનોનું વેચાણ થયેલ છે. જે નવતર પ્રયોગ સફલ થયેલ છે.

**સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી સાહિત્યની શરૂઆત :**

લાઈબ્રેરીમાં છેલ્લા બે વર્ષથી દર વર્ષે રૂા.૫૦,૦૦૦ ની કિંમતના વિવિધ પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા જેવી કે GPSC/UPSC/Staff selection/MBA-MCA, BCA-CA/CBSE, NAT, CAT, AIEEE, IIT,GATE, Medical Entrance exam, NDA, CDS, GRE, SAT, TOEFL, English Grammer, GK, LIC,Navy,Railway, Banks clerical exams etc.ના પુસ્તકો લાયબ્રેરીમાં વસાવવામાં આવેલ છે.

**બોર્ડ પરીક્ષાને અનુલક્ષી લાઈબ્રેરીમાં વિદ્યાર્થીઓને લેઈટ નાઈટ વાંચનની સુવિધાઃ**

છેલ્લા બે વર્ષથી બોર્ડની પરીક્ષાઓને અનુલક્ષીને લાઈબ્રેરીમાં સવારે ૯.૦૦ થી રાત્રે ૧.૦૦ વાગ્યા સુધી, બોર્ડની પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓને પરીક્ષાના દિવસો દરમ્યાન વાંચન માટે સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ. જેનો લાભ બહોળો પ્રમાણમાં વિદ્યાર્થીઓ દ્વારા લેવામાં આવેલ.

**શહેરના સીનિયર સિટિઝનને ઘેર બેઠા પુસ્તક સેવા :**

વાંચે ગુજરાત અંતર્ગત આ પુસ્તકાલય દ્વારા રાજકોટ શહેરમાં વસતા જ્ઞાનપિપાસુ સીનીયર સિટિઝન નાગરિકો કે જેઓ ઉંમરના કારણે પુસ્તકાલય સુધી પહોંચી શકતા નથી તેઓને માટે પોતાના ઘરે જ પુસ્તકો મળી શકે તે પ્રકારની એક તદન નવી જ સેવાનો પ્રારંભ કર્યો છે. હાલમાં આ સેવા આપવા માટે મહાનગરપાલિકાના અધિકારી, કર્મચારી તથા સુજ્ઞ વાંચન પ્રેમીઓ દ્વારા પોતાના કામના કે ઓફિસના સમયબાદ સમયદાન આપીને સ્વાન્તઃ સુખાયની ભાવના સાથે આ સેવાના શ્રીગણેશ કરેલ છે. શરૂઆતના તબક્કામાં ઉપરોક્ત સમયદાતાઓ દ્વારા દર્શાવ્યા મુજબના વિસ્તારોના સીનીયર સિટિઝન તરફથી આ સેવા મેળવવા માટેતેમનો સંપર્ક કરવાથી પુસ્તકાલયની મેમ્બરશિપ મેળવી ઘરે બેઠા પસંદગી મુજબના પુસ્તકો પુરા પાડવામાં આવે છે.

**લાઈબ્રેરી બજેટમાં ૨૫ ટકા ગ્રાન્ટમાં વધારો :**

રાજ્ય સરકારના વાંચે ગુજરાત અભિયાન અંતર્ગત લાઈબ્રેરીના મૂળ બજેટની જોગવાઈમાં ૨૫%નો વધારો કરવામાં આવેલ છે. જેના અનુસંધાને પુસ્તકો, સીડી/ડીવીડી ખરીદ કરવામાં આવશે. આમ કુલ ફાળવણી રૂા.૬.૫૦ લાખની કરવામાં આવી છે.

આ ઉપરાંત મહાનગરપાલિકાની રોટરી કલબ સંચાલિત લાઈબ્રેરી માટે રૂા.૧૦ લાખની ગ્રાન્ટની જોગવાઈ કરવામાં આવી છે.

**૪.૫.૧૨ ઈ-ગવર્નન્સ:**

ઈ-ગવર્નન્સના પ્રોજેક્ટ હેઠળ મહાનગરપાલિકાની અલગ અલગ સેવાઓને એક છત્ર નીચે આવરી લઈ શહેરનાં જુદા જુદા વિસ્તારોમાં છ નાગરિક સુવિધા કેન્દ્ર કરવામાં આવી છે. આ ઉપરાંત પોસ્ટ ઓફિસ મારફતે મકાન વેરા અને પાણી વેરાનું કલેક્શન અને આવાસ યોજનાના હપ્તા પણ સ્વીકારવામાં આવે છે. આવતા નાણાંકીય વર્ષમાં પ્રોફેશન ટેક્ષના નાણાંપણ પોસ્ટ ઓફિસ મારફતે ભરી શકાય તેવું આયોજન છે. લોકોને વેરો ભરવામાં પડતી મુશ્કેલી દુર કરવા માટે તેમજ મહાનગરપાલિકાની માહિતી તાત્કાલિક મળી રહે તેમજ કરવેરાનાં નાણાં ભરી શકાય તે હેતૂથી ચાલુ વર્ષે જ શહેરમાં અમિન માર્ગ પર ઈન્ફોર્મેશન /ટ્રાન્સેકશન કિયોસ્ક મૂકવામાં આવશે. જ્યારે આવતા નાણાંકીય વર્ષમાં અન્ય પાંચ ઈન્ફોર્મેશન /ટ્રાન્સેકશન કિયોસ્ક મૂકવામાં આવશે. આ માટે રૂા.૨૫ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. ચાલુ સાલમાં પ્રોપર્ટી ટેક્ષ ક્રેડિટ કાર્ડ / ડેબિટ કાર્ડ મારફતે વેબસાઈટ પરથી ભરી શકાય તેવી વ્શવસ્થા કરવામાં આવેલ છે. તેમજ આવતા નાણાંકીય વર્ષમાં મોબાઈલ તેમજ સ્વયં સંચાલિત કોમ્પ્યુટરની વોઈસ મેસેજ મારફતે મહાનગરપાલિકાના બાકી વેરા ભરી શકાય તેવું આયોજન કર્યું છે. આ માટે રૂા.૨ લાખનું ખર્ચ થશે. આ ઉપરાંત મધ્યસ્થ કચેરીમાં સી.સી.ટી.વી. મૂકવાનું આયોજન આવતા નાણાંકીય વર્ષમાંકરવામાં આવનાર છે. આ માટે રૂા.૩૦ લાખનો ખર્ચ થશે. તેમજ કર્મચારી તેમજ નાગરિકોની અવન જવન નોંધવા માટે નાણાંકીય વર્ષમાં રૂા.૩૦ લાખનું આયોજન કરવામાં આવેલ છે. આ ઉપરાંત મહાનગરપાલિકાનારેકર્ડનું ડિજિટાઈઝેશન કરવામાં આવશે. આ માટે આગામી બજેટમાં રૂા.૧૦૦.૧૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

**૪.૫.૧૩ ઉમ્મીદ યુવા રોજગાર કાર્યક્રમ તેમજ અન્ય સહાય સ્કીમો :**

રાજ્ય સરકારની મહત્વકાંક્ષી 'ગરીબ સમૃદ્ધિ યોજના' અંતર્ગત ઉમ્મીદ કાર્યક્રમમાં શહેરી બેરોજગાર યુવક-યુવતીઓને રોજગારલક્ષી તાલીમ આપી રોજગાર આપવામાં આવે છે.

રાજકોટ શહેર ખાતે હાલ તમામ વિસ્તારને આવરી લેતા સુવિધાપૂર્ણ કુલ ૧૨ સેન્ટર કાર્યરત છે. ચાલુ વર્ષમાં પાંચ નવા સેન્ટર શરૂ કરવામાં આવેલ છે.

લોકલ માર્કેટની જરૂરિયાત મુજબ તથા રોજગારીની ઉપલબ્ધિ અનુસાર કુલ વિવિધ ૧૪ ટ્રેડમાં તાલીમ આપવામાં આવી રહી છે.

અત્યાર સુધીમાં નીચેની વિગતે ઉમ્મીદવારોને તાલીમ અને રોજગારી આપવામાં આવે છે.

### ૪.૫.૧૪ ઉમ્મીદ યુવા રોજગાર કાર્યક્રમઃ

| વિગત | વર્ષ ૨૦૧૦ના લાભાર્થીઓ | હાલ સુધીના કુલ લાભાર્થીઓ |
|---|---|---|
| કુલ તાલીમપામેલ લાભાર્થીઓ | ૨૧૭૯ | ૬૨૮૦ |
| રોજગાર મેળવેલ લાભાર્થીઓ | ૧૪૭૫ | ૪૭૪૯ |
| તાલીમ હેઠળના લાભાર્થીઓ | ૯૭૫ | - |

તાલીમ પામેલ ઉમેદવારોને મહાનગરપાલિકાની વિવિધ કામગીરીમાં પણ યોગદાન આપેલ છે.

- પ્રોફેશન ટેક્ષના કરદાતાઓની નોંધણી
- વૃદ્ધ પેન્શન યોજનાના લાભાર્થીઓની ડોર-ટુ-ડોર રજિસ્ટ્રેશન
- ઈ-વોટિંગ અંતર્ગત ઈ-વોટિંગનું ડોર-ટુ-ડોર રજિસ્ટ્રેશન
- ઘર વિહોણા લોકોના સર્વેની કામગીરી વિગેરે.

**સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના (બેંકેબલ યોજના)**

આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૦-૧૧માં કુલ ૮૨ લાભાર્થીઓને બેંક મારફ્ત સ્વરોજગારી માટે લોન આપેલ છે. જેમાં સબસિડી સહાયની કુલે રકમ રૂ।.૧૪.૫૦ લાખ ચુકવેલ છે.

**રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના :**

આ યોજના હેઠળ કુટુંબના મુખ્ય કમાનાર વ્યક્તિનું અવસાન થયે શહેરી ગરીબ કુટુંબોને રૂ।.૧૦ હજારની એકવારની સહાય આપવાની જોગવાઈ છે. ચાલુ વર્ષમાં કુલ ૨૬૯ લાભાર્થીઓને રૂ।.૨૬.૯૦ લાખની સહાય ચુકવવામાં આવેલ છે.

**ઈન્દીરા ગાંધી વૃદ્ધ પેન્શન યોજના :**

આ યોજના અંતર્ગત ૬૫ વર્ષથી ઉપરનાં શહેરી ગરીબ વડીલોને પ્રાંત ઓફિસ મારફ્ત મહીને રૂ।.૪૦૦ની પેન્શન સહાય ચૂકવવામાં આવે છે. મૂળભૂત કામગીરી પ્રાંત ઓફિસની હોવા છતાં મહાનગરપાલિકા દ્વારા ઉમ્મીદ કાર્યક્રમ ના તાલીમાર્થીઓને રોકી ડોર-ટુ-ડોર ઝુંબેશ હાથ ધરી ૭૦૦ જેટલા શહેરી ગરીબ કુટુંબોના ફોર્મ ભરી સહાય ચૂકવવા પ્રાંત ઓફિસરને ભલામણ સહ મોકલી આપેલ છે.

**ટી.પી. સ્કીમ બાબત :**

રાજકોટ શહેરના સુઆયોજન વિકાસ અર્થે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૩૬ નગર રચના યોજનાઓ તૈયાર કરાયેલ છે. જે પૈકી ૧૭ નગર યોજનાઓ સરકારશ્રી દ્વારા પ્રારંભિક/આખરી મંજુરી થઈને અમલમાં છે. જ્યારે ૧૮ મુસદ્દા રૂપે નગરરચના યોજનાઓ

સરકારશ્રી દ્વારા નિયુક્ત કરાયેલ નગર આયોજન અધિકારીશ્રીઓ પાસે આખરી કરવાના કામે પેન્ડિંગ છે. એક મુસદા રૂપ નગરરચના યોજના હાલમાં સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવાયેલ છે.

સને ૨૦૧૧-૧૨નાં વર્ષમાં વધારે એક નગરરચના યોજના બનાવવા અંગેની કામગીરી હાથ ધરાશે.

**૪.૬ રાજકોટ મહાનગરપાલિકાની કામગીરીનું વિશ્લેષણ વર્ષ-૨૦૧૧:**

જકાતનાં વિકલ્પે રાજ્ય સરકારશ્રી તરફથી નિયમિતપણે ગ્રાન્ટ મળે છે. આ ઉપરાંત જે.એન.એન.યુ.આર.એમ. યોજના અંતર્ગત, પાયાની જરૂરિયાતોનાં મૂડીકૃત કાર્યો માટે, કેન્દ્ર સરકાર તરફથી ૫૦% અને રાજ્ય સરકાર તરફથી ૨૦% જેટલી રકમ ગ્રાન્ટ સ્વરૂપે મળે છે. જો કે આવા કાર્યોનાં ટેન્ડર દરમ્યાન, ભાવવધારાનાં કારણે આવેલ ટેન્ડર પ્રિમીયમ, મહાનગરપાલિકાએ પોતે જ ભોગવવાનું રહે છે. આમ એ સ્પષ્ટ છે કે મહાનગરપાલિકાનાં મોટા મૂડીકૃત કાર્યોનાં નાણાં કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર તરફતી ઉપલબ્ધ થાય છે.

જે.એન.એન.યુ.આર.એમ. યોજના શહેરની વહિવટી પ્રક્રિયામાં સુધારાઓ (Reforms) સાથે સંલગ્ન છે. પાણી પૂરવઠો, ડ્રેનેજ અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની રોજ-બરોજ સેવાઓ પાછળનો મરામત અને નિભાવ ખર્ચની (Operation and Maintenance Expenditure) આપૂર્તિ, આ રીતે વસુલ કરવામાં આવેલ વેરામાંથી થવી જોઈએ તેવું લક્ષ્ય છે. આવી સેવાઓ માટેના આવક અને જાવકમાં રહેલા તફાવતને સબસીડી તરીકે ઓળખવામાં આવે છે. આ સબસીડીને ક્રમશઃ નાબૂદ કરવા માટે આપણે વચનબદ્ધ છીએ આ સંજોગોમાં કેટલોક કર વધારો ફરજિયાત બને છે. આમ ચાલુ વર્ષે નીચે દર્શાવ્યા મુજબ, વોટર ચાર્જ/ટેક્સ, ડ્રેનેજ ટેક્સ અને કન્ઝરવન્સી ટેક્સમાં વધારો સૂચવાયો છે.

ઉપરોક્ત કોષ્ટક ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે ટેક્સનાં વધારા છતા પણ ડ્રેનેજ ટેક્સમાં સબસીડી વધે છે કારણ કે આગામી વર્ષમાં નવા ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનનો જાળવણી ખર્ચ વધશે તે સાથે કન્ઝરવન્સી ટેક્ષ સામે, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટનાં નિભાવ/જાળવણી ખર્ચમાં સફાઈ કામદારનો પગાર ખર્ચ સૌથી વધારે હોવાથી, વેરામાં સૂચવાયેલ વધારા છતાં સબસીડીનું પ્રમાણ ખાસ ઘટતુ નથી જેની નોંધ લેવાવી જોઈએ, આમ વેરામાં થયેલ વધારો અનિવાર્ય જરૂરિયાત બની ગઈ છે, તે આ તબક્કે નોંધવુ જરૂરી છે.

એ સાથે અન્ય વેરા જેવા કે સ્ટ્રીટલાઈટ ટેક્ષ, ફાયર ટેક્ષમાં કોઈ વધારો સૂચવાતો નથી તો સામાન્ય કરમાં, વર્ષની શરૂઆતમાં, કરવેરાની અદાયગી કરીને, વળતર યોજનાનો લાભ

મેળવતા મિલ્કત ધારકો માટે, પ્રથમ માસે ૧૦% અને દ્વિતિય માસે ૫% નાં વળતરની યોજના યથાવત રાખવામાં આવી છે.

**૪.૬.૧ લાંબા ગાળાની પાણી પુરવઠા યોજના :**

રાજકોટ શહેર સોરાષ્ટ્ર તથા કચ્છનું મુખ્ય શહેર છે શહેરમાં વિકસતા ઉધોગ ધંધાને કારણે રોજગારી અર્થે સૌરાષ્ટ્ર, કચ્છ તથા અન્ય રાજ્યોના તથા રૂડા વિસ્તારનાં ગામડાના લોકો રાજકોટમાં કાયમી વસવાટ માટે અથવા રોજગારી માટે સવારથી સાંજ સુધીના સમય માટે શહેરમાં આવતી ફ્લોટીંગ વસ્તી ઘણી જ વધવા પામેલ છે. રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટ દ્વારા ૪૨ ટાઉન પ્લાનીંગ સ્કીમો હાથ ધરાયેલ છે જે અન્વયે શહેરની હદની નજીકના ગામોમાં પણ વિકાસની ઉજળી તકો પેદા થયેલ છે જે ભવિષ્યમાં રાજકોટની હદમાં સમાવવાના થશે.

આ સંજોગોમાં આવતા દિવસોમાં વસ્તીને અનુરૂપ પાણીનું આયોજન કરવાનું અનિવાર્ય થયેલ છે. રાજકોટ શહેરની આવતા વર્ષોની પાણીની જરૂરીયાત તથા માળખાગત સુવિધા અંગે કેન્દ્ર સરકારશ્રી/રાજ્ય સરકારશ્રીની નાણાંકીય મદદથી પાણીનો રીપોર્ટ શ્રી જવાબરલાલ નહેરૂ અર્બન રીન્યુઅલ મીશન હેઠલ બનાવી રજી કરેલ છે. જેમાં હાલના પાણીના સ્ત્રોત ઉપરાંત નર્મદાના પાણીનો સમાવેશ કરવામાં આવેલ છે.

**૪.૬.૨ સોલીડ મેનેજમેન્ટ :**

કચરો જ્યાં ત્યાં નાંખતાં ધંધાદારી એકમો, હોટલો, પાનની દુકાનો, હોસ્પિટલ/નર્સિંગહોમ અને લોકોને વહીવટી ચાર્જથી દંડવાનો હેતુ, એમાંથી કમાણી કરવાનો હોઈ શકે નહિં. લોકોનીં વર્ષોથી પડેલી ટેવમાં હકારાત્મક બદલાવ (Positive Change) લાવવાની વાત હતી, જે ચાલુ વર્ષે સૌએ અનુભવી છે. આગામી વર્ષે, આ કાર્યપદ્ધતિ વધુ ઘનિષ્ઠ બનાવાશે. આ માટે વહીવટી ચાર્જની આવક પેટે રૂ।.૨૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત ઘેર ઘેરથી છૂટા પડાયેલ કચરાનું એકત્રીકરણ કરવા માટે, રેગપીકર્સ બહેનોનાં બનેલા સખીમંડળની કાર્યવાહી ચાલુ થઈ છે, રાજ્ય સરકાર દ્વારા મહાનગરપાલિકાને આપવામાં આવેલ સ્વર્ણિમ લક્ષ્ય ( Golden Goal) તરફ ગતિશીલ એવી તમામ કાર્યવાહી આગામી વર્ષમાં પૂર્ણ થશે, કચરાના પુનઃ ઉપયોગ (Recycle) સિદ્ધાંત ઉપર આધારિત, આ કાર્યમાં રેગ પીકર બહેનોને, છૂટો પડેલો ચોખ્ખો કચરો મળશે, જેથી તેને તેનો ભાવ પણ વધારે મળશે અને કચરો ફરીથી છૂટો પાડવાની મહેનતમાંથી બચી શકાશે, શારીરિક નુકસાન પણ નહીં થાય, ગાયનાં પેટમાં જતુ પ્લાસ્ટિક પણ અટકાવી શકાશે, કચરાપેટીની સંખ્યા ઘટી શકશે અને કચરાનાં પરિવહનનું ખર્ચ પણ ઘટશે, આ પ્રકલ્પમાં ૯૦ જેટલા સખીમંડળનાં ૧૦૦૦ જેટલા બહેનો જોડાશે અને શહેરને ચોખ્ખુ રાખવા ઉપરાંત,

પોતાની રોજીરોટી પણ મેળવી શકશે, આવા સખીમંડળની સેવાઓ માટે રૂ।.૭૫ લાખની ખાસ જોગવાઈ રાખવામાં આવી છે.

સેકન્ડરી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટમાં પરિવહનમાં સાધનો / વાહનોનો સક્ષમ ઉપયોગ આગામી વર્ષમાં ચાલુ રહેશે. આગામી વર્ષમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટનાં દ્વિતીય રિપોર્ટ (DPR II) રજૂ કરવામાં આવશે, જેમાં કચરા પરિવહનનાં અતિ આધુનિક સાધનો વસાવવામાં આવશે, આ સાધનોમાં જાહેરમાં શૌચક્રિયાથી પેદા થયેલ મળને પણ સાફ કરવાનાં સાધનો હશે, તો રોડ સ્વીપીંગ મશીન પૂરતી સંખ્યામાં હશે, જેથી દેક મુખ્ય રસ્તા ઉપરનો કચરો, રોજ રાત્રિનાં સાફ થઈ શકશે, આ ઉપરાંત શહેરનાં મહદ વિસ્તારો કચરાપેટી વિનાના (BinLess) કરી શકાશે. આમ, પ્રાયમરી સોલીડવેસ્ટમાં સુધારાનાં પ્રયાસોને, સેકન્ડરી સોલીડવેસ્ટ મેનેજમેન્ટનાં પ્રયત્નોથી બળ મળશે. આ ઉપરાંત, સોલીડ વેસ્ટ પ્રોસેસીંગ પ્લાન્ટ અને કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ માટે સેનેટરી લેન્ડફીલની કાર્યવાહી ગતિમાં છે, તે આગામી વર્ષે પૂર્ણ થશે.

**૪.૬.૩ ભૂગર્ભ ગટર યોજના :**

રાજકોટ મહાનગરની ભૂગર્ભ ગટર યોજના ત્રણ તબક્કામાં પૂર્ણ કરવા આયોજન કરવામાં આવેલ તે પૈકી ફેઈઝ-૧ (જુનુ રાજકોટ) સંપૂર્ણતઃ પૂર્ણ થયેલ છે.દ્વિતીય તબક્કાનાં કામો ફેઈઝ-૨ (વિભાગ-૧) જુના રાજકોટનાં બાકી રહેલ વિસ્તારો ઉપરાંત નવા વિકસીત વિસ્તારોમાં ૯૦ ટકા વિસ્તારની કામગીરી પૂર્ણ થયેલ છે. બાકી રહેલ ફેઈઝ-૨ (વિભાગ-૧) નાં વિસ્તારોમાં અને ફેઈઝ-૨ (વિભાગ-૨) ઉપરાંત રાજકોટ શહેર ફરતેનાં છેવાડાનાં વિસ્તારો (Peripherial area) ઝડપથી વિકાસ પામી રહેલ પશ્ચિમ તરફનાં વિસ્તારોમાં આમ આદમીને પ્રાથમિક સુવિધાઓ પૈકી ભૂગર્ભ ગટરનું હાઉસ કનેક્શન ઝડપથી ઉપલબ્ધ થઈ શકે તેના ભાગ રૂપે ૩૪ ચોરસ કી.મી. વિસ્તારમાં સર્વે, ડિઝાઈન, અંદાજ તથા ડી.પી.આર. ની કામગીરી વોટર અને પાવર કન્સલટન્ટ સર્વિસીઝ, ગાંધીનગર, ને સોંપવામાં આવેલ છે. જેમાં સર્વેને લગતી કામગીરી પૂર્ણ થયેલ છે, ડિઝાઈન અને ડી.પી. આર. બનાવવાની કામગીરી ગતિમાં છે. આ આવનાર અહેવાલમાં ફેઈઝ-૨ (પાર્ટ-૨) જુના રાજકોટ શહેરનાં છેવાડાનાં વિસ્તારો સહિત ફેઈઝ-૩ (પાર્ટ-૨) પશ્ચિમ વિભાગનાં રૈયા, નાના મવા અને મવડીનાં વિકાસ પામી રહેલ છેવાડાનાં વિસ્તારોનો સમાવેશ કરાયેલ છે. જેનો અહેવાલ અનુક્રમે ફેબ્રુઆરી-૦૯ અને મે-૦૯ સુધીમાં આવવાની સંભાવના છે. રાજકોટની શહેરી વિસ્તાર ઝડપથી વિકાસ પામી રહ્યો છે, તે ધ્યાન ઉપર લઈ આગોતરા આયોજન કરી ભૂગર્ભ ગટર યોજનાનાં પ્રથમ તબક્કામાં બનાવવામાં આવેલ પમ્પીંગ સ્ટેશનોની મશીનરીઓની ક્ષમતાઓમાં વધારો કરવાં આશરે ૧૩૫ લાખનાં ખર્ચે નવી મશીનરીઓ માટે કરાવવામાં આવેલ

છે. નવા ભળેલ વિસ્તારોની ભૂગર્ભ ગટર યોજના કામે ભૂગર્ભ ગટરનાં નવા ત્રણ પમ્પીંગ સ્ટેશનો અનુક્રમે (૧) મવડી, (૨) કાલાવડ રોડ તથા (૩) રૈયા મેઈન પમ્પીંગ સ્ટેશન તૈયાર થઈ ગયેલ છે. ફેઈઝ-૩ (પાર્ટ-૧)નાં વિસ્તારોની ભૂગર્ભ ગટરનાં પાણી રૈયા ગામ પાસે નવા બંધાય રહેલ ૫૧ એમ.એલ.ડી. ક્ષમતાનાં સુવેઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી પહોંચાડવા કામે રૈયા મેઈન પમ્પીંગ સ્ટેશન થી ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધીની રાઈઝીંગ મેઈન પાઈપ લાઈન નાંખવાનું કામ રૂા.૭૭.૯૮ લાખનાં ખર્ચે પૂર્ણ થયેલ છે.

પોપટપરા મેઈન પમ્પીંગ સ્ટેશનથી માધાપર સુવેઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધીની ૪૩૦૦ મીટર લંબાઈમાં ૧૧૦૦ મી.મી. ડાયા. ની ગ્લાસ રેઈન ફોસર્ડ (G.R.P.) પાઈપ લાઈન નાંખવાની મોટાભાગની કામગીરી પૂર્ણ થયેલ છે. આ કામે અંદાજે રૂા.૪૭૩ લાખનો થવા પામશે, આ કામગીરી પણ માર્ચ ૨૦૦૯ સુધીમાં પૂર્ણ થવા સંભવ છે.

રૈયા ગામ તળમાં કલેકટરશ્રી તરફથી ખરાબાની જમીન ફાળવવામાં આવતાં આ જમીન ઉપર આશરે ૧૮૩૩.૪૮ લાખની લાગતનો ૫૧ એમ.એલ.ડી. ક્ષમતાનો અદ્યતન સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ત બનાવવાનું કામ માર્ચ-૨૦૦૯ સુધીમાં પૂર્ણ થવા સંભવ છે.

ત્રીજા તબક્કાની કાર્યવાહીમાં ફેઈઝ-૩ (પાર્ટ-૧)માં ભૂગર્ભ ગટર યોજનાની કાર્યવાહી ચાલુ છે, હાઉસ કનેકશન સીસ્ટમ સહિતની કલેકટીવ સીસ્ટમ નાંખવાની કામગીરી ગતિમાં છે, જે ૨૦૦૯માં પૂર્ણ કરવા આયોજન છે.

રાજકોટ શહેર સાથે ભળેલ નવા વિસ્તારોમાં જ્યાં ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી પૂર્ણ થયેલ છે, ત્યાં ૨૦૦૪-૦૫ થી અત્યાર સુધી આશરે ૧૫૫૩૦ ભૂગર્ભ ગટરનાં હાઉસ કનેકશન જોડાણ આપવામાં આવેલ છે, અને આગામી નાણાંકીય વર્ષમાં સંભવતઃ બીજા ૫૦૦૦ નવા ભૂગર્ભ ગટર જોડાણો આપવાનું આયોજન કરવામાં આવેલ છે.

**૪.૬.૪ બાગબગીચા તથા પ્રાણી સંગ્રહાલયઃ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરી નગજનો તેમજ બહારથી આવતા સહેલાણીઓને શહેરના વિકાસને સમાંતરીત હરવા ફરવાના સારા ગાર્ડન-પાર્ક તેમજ બાળકો માટે બાલક્રિડાંગણ અને સિનિયર સીટીઝન માટેના અલાયદા પાર્ક મળી રહે તે માટે સતત કાર્યવાહી કરવામાં આવે છે. પ્રદ્યુમન પાર્ક હવે હકીકત બનશે અને એક નવા જ ઈનોવેટીવ પગલા તરીકે પરદેશથી ચિતા ની જોડ લાવવા જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

શહેરમાંના ટી.પી. સ્કીમ અંતર્ગત ફાળવણી થયેલ ખુલ્લી જમીન, બાળક્રિડાંગણ, બગીચા વિગેરે હેતુના પ્લોટ્સના મહતમ વિકાસ ટૂંકાગાળામાં થાય તે માટે સતત પ્રયત્નશીલ છે.

શહેરનો વિકાસ ખરા અર્થમાં સાકાર થાય અને શહેર માટે મારા- પણાની ભાવના ઉભી થાય તેવા ઉમદા હેતુથી જનભાગીદારી દ્વારા શહેરના પાર્ક, રોડ સાઈડ, શહેરના રાજમાર્ગના મધ્યવર્તી લાઈન, ટ્રાફીક સર્કલ વિ. વિકસીત કરવાના કામે પણ સારુ યોગદાન શહેરના જુદા-જુદા શ્રેષ્ઠીઓ તરફથી પ્રાપ્ત થયેલ છે જે રાજકોટના વિકાસને નવો રાહ ચીંધે છે.

શહેરનો ખરા અર્થમાં વિકાસ થાય, શહેર પર્યાવરણમય અને સુંદર થાય તેવા હેતુથી આગામી વર્ષમાં આ પ્રમાણેની વિગતોએ કામગીરી હાથ ધરવાનો નિર્ણય કરેલ છે.

શહેરના અલગ-અલગ વિસ્તારોનાં વિકાસ વિ. ધ્યાને લઈ શહેરના તમામ નગરજનોને પોતપોતાના વિસ્તારોમાં નાના-મોટા ગાર્ડન, પાર્ક તેમજ બાળક્રિડાંગણ મળી રહે તે માટે વર્ષ ૨૦૦૯-૧૦ માટે શહેરના વોર્ડ નં.૧૩, ૨૩ અને ૭, ૧૬, ૧૧, ૨, ૬ અને ૧૬ના જુદા જુદા અદ્યતન બગીચા તેમજ શહેરના આજી બગીચા વિસ્તારમાં અદ્યતન લેન્ડસ્કેપીંગ સાથેના ગાર્ડન તેમજ શહેરના પશ્ચિમ વિસ્તારના ન્યારી ડેમ-૧ કાલાવાડ રોડ પરના ભાગે પણ અદ્યતન લેન્ડસ્કેપીંગે ગાર્ડન હાથ ધરવામાં આવશે. આ માટે પુરતી નાણાં જોગવાઈ ઉભી કરવામાં આવેલ છે.

શહેરના અંદર વધતા જતા પ્રદૂષણને રોકવા તેમજ શહેરની સુંદરતામાં, પર્યાવરણમાં સુધારો થાય તેવા હેતુથી જુદા-જુદા રાજમાર્ગ તેમજ શહેરના ઔદ્યોગિક વિસ્તારોમાં મહતમ વૃક્ષારોપણ થાય અને તેમાં પણ જનભાગીદારી થાય તેવા ઉદેશથી પુરતી નાણાંકીય જોગવાઈ ઉભી કરેલ છે. અને ખરા  અર્થમાં હકારાત્મક પરિણામ પ્રાપ્ત થાય તે રીતે કાર્યવાહી કરવામાં આવશે. ગત વર્ષે રૂા. ૪.૫૦ કરોડના MOU વહીવટી તંત્ર દ્વારા થયા તેમાંની મોટાભાગના હવે કાર્યાન્વિત ચાલુ વર્ષમાં થશે.

શહેર મધ્યેના હૈયાત બગીચાઓમાં મહતમ પ્રમાણમાં ભારણ થાય છે તેમજ હૈયાત વિકાસની સાથોસાથ તમામ જગ્યાઓએ વિવિધતાઓ આવે અને લોકોનું સતત આકર્ષણ રહે તે માટે પણ આયોજન છે અને હૈયાત ફુવારા જાળવણી, નિભાવણી અને સુધારા કરવાના પ્રયોજન કરેલ છે.

પ્રદ્યુમનપાર્ક ખાતે આધુનિક અભિગમ મુજબનું ઝુ બનાવવામાં આવી રહ્યું છે. કુદરતી વાતાવરણમાં ઝુનાં, મુલાકાતીઓ અને વન્ય પ્રાણીઓ વચ્ચે કોઈપણ જાતનાં સળિયા વિનાનાં આધુનિક મોટ (Moat) ટાઈપ પાંજરા બનવાની કાર્યવાહી આખરી તબક્કામાં છે. હાલનાં આજી ડેમ સ્થિત ઝુનું સ્થળાંતર કરવામાં આવશે. હાલ હરણ, સિંહ તથા વાઘના પાંજરા તથા અંદરનાં રસ્તા બની ગયેલ છે તથા સંપૂર્ણ વિસ્તારને વૃક્ષારોપણથી આવરી લેવામાં આવેલ છે. સમગ્ર વિસ્તારમાં પાણી સપ્લાય પણ ગોઠવાયેલ છે. વર્ષ ૨૦૦૯-૧૦ ની શરૂઆતમાં જ ઝુ ને લોકો માટે

ખુલ્લુ મુકવામાં આવનાર છે. જે માટે, મગર, પશુચિતલ, સાબર, રીંછ, દીપડાનાં પાંજરા બનાવવામાં આવી રહ્યા છે. ઉપરાંત, ઝુ નુ ભવ્ય પ્રવેશ દ્વાર તથા પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરવામાં આવશે તથા સ્ટાફ માટે વહીવટી ઓફિસ બનાવવામાં આવશે. મુલાકાતીની સુવિધા માટે લોન, ગાર્ડન તથા ગાર્ડન બેંચ, ઠંડા પાણીની વ્યવસ્થા, Kiosk અને ટોઈલેટ બ્લોક પણ બનાવવામાં આવશે. સમગ્ર વિસ્તારને સોલાર લાઈટથી ઝગમગીત કરવામાં આવશે. ઝુ માં આવવા-જવા માટે ૮૦ ફુટ પહોળો રસ્તો બાયપાસથી બનાવવામાં આવશે. ઝૂ વિકાસનાં ભાગરૂપે ડક પોન્ડ, ડોગ ડીઅર, ઘરીયલ મનગર, વાંદરાનાં પાંજરા, ઉતર ભારતનું રીંછ, ચિંકારા તથા ચૌશીંગા પ્રાણીનાં પાંજરા બનાવી વસાવવામાં આવશે. બિમાર પ્રાણીઓની સારવાર માટે આધુનિક સાધન સામગ્રીથી સંપન્ન વેટરનરી હોસ્પિટલ બનાવવમાં આવશે. વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન ઉક્ત વિગતે પ્રદ્યુમનપાર્ક વિકાસ માટે રૂા.૩૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

**૪.૬.૫ આરોગ્ય :**

હાલમાં નિરોગી બાળ વર્ષ ચાલી રહ્યું છે, બાળકોનાં સ્વાસ્થ્ય માટે ખાસ આરોગ્ય મેળાઓ ઉપરાંત આંગણવાડીની સ્થિતિ સુધારણા માટે વિશેષ ધ્યાન આપવામાં આવ્યું. આંગણવાડીનાં બાળકોને રમવા માટે રમકડા અને પોષણક્ષમ આહાર મળે તે માટે ઉચ્ચ સ્તરીય વ્યવસ્થા ગોઠવવામાં આવી. આંગણવાડીનાં બાળકોને બેસવા માટે નાની પ્લાસ્ટીકની ખુરશીઓ, વજન કરવાનાં સાધનો, વિગેરે માટે પણ સઘન પ્રયત્નો થાય, અત્યંત નાના રૂમમાં બેસતી આંગણવાડી માટે નજીકનાં મ્યુનિસિપલ સીવણ કેન્દ્રો અને મ્યુનિસિપલ શાળોઓના રૂમ ઉપલબ્ધ કરાયા, જેથી બાળકોને સારા વાતાવરણનો લાભ મળે. આ ઉપરાંત દરેક આંગણવાડીમાં મમતા દિવસની ઉજવણી કરી તમામ બાળકોમાં રસીકરણ અને આરોગ્ય તપાસ કરવામાં આવી, એટલે જ નહીં પરંતુ વિસ્તારની સગર્ભા બહેનો અને ધાત્રી માતાને યોગ્ય માર્ગદર્શન/પોષણક્ષમ આહારની વ્યવસ્થા થઈ. રાજ્ય સરકારની ચિરંજીવી યોજના હેઠલ ખાનગી નર્સિંગ હોમમાં વિના મૂલ્યે ડિલીવરી કરાવી ૩૨૮૦ જેટલા ગરીબ બહેનોએ લાભ લીધો.

રાજ્ય સરકાર પુરસ્કૃત અર્બન હેલ્થ સોસાયટી હેઠળ આગામી વર્ષમાં રાજકોટે મહાનગરપાલિકાનાં છેવાડાનાં લોકો સુધી પ્રાથમિક આરોગ્ય સેવાઓ પહોંચાડી શકાય તે હેતુથી આગામી વર્ષમાં નવા ૪ (ચાર) અર્બન હેલ્થ સેન્ટરો ચાલુ કરવા, જે દ્વારા અંદાજીત એક લાખની વસ્તીને આવરી લેવામાં આવશે. ૪૦ આંગણવાડીને નવા બિલ્ડીંગમાં ફેરવવા/કન્સ્ટ્રકશન કરવામાં આવશે અને ૫૦ નવી આંગણવાડીઓ ને પછાત તથા પ્રાથમિક આરોગ્યલક્ષી સેવાઓથી વંચિત વિસ્તારોમાં કાર્યરત કરવામાં આવશે. પ્રજનન તથા બાળ આરોગ્ય અંતર્ગત પછાત તથા પ્રાથમિક

આરોગ્યલક્ષી સેવાઓથી વંચિત વિસ્તારોમાં આઉટરીચ સર્વિસ મારફત સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવશે. આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવતી પ્રાથમિક સેવાઓ જેવી કે, જન્મ-મરણ અને લગ્ન નોંધણીને ઓનલાઈન કરવામાં આવશે.

**૪.૬.૬ સ્ટ્રીટ લાઈટ :**

શહેરમાં સ્ટ્રીટ લાઈટ સુવિધા આપવામાં રાજકોટ મહાનગરપાલિકા રાજ્યમાં મોખરે છે. હાલમાં ૩૮૦૦૦ સ્ટ્રીટ લાઈટ છે. ગત વર્ષમાં ૨૨૦૦ નંગ નવી સ્ટ્રીટ લાઈટ ફીટ કરવામાં આવેલ, જ્યારે આગામી વર્ષમાં ૨૫૦૦ નંગ નવી સ્ટ્રીટ લાઈટ ફીટ કરવાનો અંદાજ છે.

ગત વર્ષ દરમ્યાન શહેરનાં સાધુ વાસવાણી માર્ગ, હરી ધવા માર્ગ, પુજીત રૂપાણી ટ્રસ્ટ માર્ગ, અમીન માર્ગ, ગંગા હોલ થી ૧૫૦' રીંગ રોડ, કાલાવાડ રોડ, નીલ દા ધાબા થી જકાત નાકા સુધી વિગેરે રસ્તાઓ સોડીયમ લાઇટથી પ્રકાશીત કરવામાં આવેલ, તેમજ વિશિષ્ટ પ્રકારની ટ્રુ લાઈટ થી શહેરના નુતન પ્રેશ માર્ગ, ભીસ્તીવાડ માર્ગ, જુલેલાલ માર્ગ પ્રકાશીત કરવામાં આવેલ છે. ઈલે પાવર બચત માટે છુટા છવાયા બીન કાર્યક્ષમ મરક્યુરી લાઇટ ઓછી કેપેસીટીની સ્ટ્રીટ લાઈટ થી રીપ્લેશ કરવામાં આવેલ છે, આ ઉપરાંત શહેરમાં ટ્રાફીક ની દૃષ્ટિએ મહત્વનાં પાંચ ચોક માં પોલીસ વિભાગ સાથે સંકલનમાં રહી ટ્રાફીક નિયમન માટે નવા ટ્રાફીકે સિગ્નલ ઉભા કરવામાં આવેલ છે, તેમજ ૨ નંગ પોર્ટેબલ મોબાઈલ ટ્રાફીક સિગ્નલ ખરીદ કરવામાં આવેલ છે.

આગામી વર્ષમાં શહેરમાં જે ૨૪ મીટર રસ્તાઓ પર ડીવાઈડર તૈયાર કરવામાં આવશે, જેમ કે વૃંદાવન સોસાયટી માર્ગ, નાનામવા ચોકડીથી નાનામવા ગામ માર્ગ, રૈયા ચોકડી થી રૈયા ગામ, પેડક રોડ, દુધ સાગર રોડ, રેલનગર, નહેરૂનગર રોડ વિગેરે પર સેન્ટર સોડીયમ લાઈટીંગનું આયોજન છે. ઈલે. પાવર બચત માટે શહેરનાં અલગ-અલગ વોર્ડમાંથી તબક્કાવાર ખુબ ઓછી કાર્યક્ષમતા ધરાવતી મરક્યુરી લાઇટને દૂર કરવામાં આવશે, તથા મહાનગરપાલિકાની ઓફીસ બિલ્ડીંગ્સ અને કમ્પાઉન્ડમાં સોલાર/સી.એફ.એલ. લાઈટીંગ ફીટ કરવામાં આવશે. આ માટે બજેટમાં રૂા.૨૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

**૪.૬.૭ જાહેર સલામતી :**

શહેરનાં વિકાસ સાથે, જવલનશીલ પદાર્થોનું પ્રમાણ વધે છે. આ જ કારણોસર આગ લાગવાનાં બનાવોમાં વધારો થવા સંભવ છે. શહેરીકરણમાં ગગનચૂંબી ઈમારતોનું હોવું સામાન્ય ઘટના છે, પણ આવી ઈમારતોમાં આગ લાગે ત્યારે તેમાંથી જાનમાલનું નુકશાન અટકાવી, આગને ઠારવાની પ્રક્રિયામાં, આધુનિકતાના સાધનો /વાહનોની આવશ્યકતા રહે છે. આ માટે ૪૨ મી જેટલી ઊંચાઇ ધરાવતા, હાઈડ્રોલિક પ્લેટફોર્મ વાહન ખરીદવા માટે, ચાલુ વર્ષે ટેન્ડર પ્રક્રિયા થયેલ

છે, આ વાહનનાં મુખ્ય ભાગ, વિદેશથી આયાત કરવાના હોય, સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થતા સમય લાગશે. આ કારણોસર ચાલુ વર્ષે આ જોગવાઈ રદ કરીને, આગામી વર્ષમાં ખાસ જોગવાઈ કરવામાં આવી છે.

આ ઉપરાંત ફાયર ઓકઝીલીયરી ફોર્સ (Fire Auxilliary Force) માટે સ્થાનિક બિનસરકારી સંસ્થા (N.G.O.) સાથે પરામર્શ ચાલી રહ્યો છે તે ટૂંક સમયમાં પૂર્ણ થશે અને આવા તાલીમબદ્ધ યુવાનો કોઈપણ આપાતકાલીન સ્થિતિમાં, મુખ્ય કર્મચારીઓને મદદરૂપ થવા તત્પર બનશે, તેવી વ્યવસ્થા છે.

ઉપરોક્ત તમામ કાર્યો માટે ફાયર અને ઈમરજન્સી સર્વિસ માટે રૂ।.૬૫૦ લાખની ખાસ જોગવાઈ કરવામાં આવી છે. ગત વર્ષોમાં કોઠારીયા રોડ ઉપર બી.ઓ.ટી.ના ધોરણે ફાયર બ્રિગેડ સ્ટેશન બાંધવા માટે જોગવાઈ કરવામાં આવી હતી. પરંતુ તે બાબતે નબળો પ્રતિસાદ મળતા હવે ફાયર બ્રિગેડ સેવા ત્વરિત મળી રહે તે માટે સ્વભંડોળમાંથી ખર્ચ કરીને, કોઠારીયા રોડ પર નવું ફાયર સ્ટેશન બનાવવામાં આવશે. તેના બાંધકામ પેટે રૂ।.૪૦ લાખની વિશેષ જોગવાઈ કરવામાં આવી છે.

### ૪.૬.૮ કોમ્પ્યુટરરાઈઝેશન અને વહિવટી આધુનિકીકરણઃ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સમય અને આધુનિક ટેકનોલોજી સાથે તાલ મીલાવી શહેરીજનોને ઝડપીઅને પારદર્શક સેવાઓ મળી રહે તે માટે ઈ-ગવર્નન્સનાં પ્રોજેક્ટ હેઠળ મહાનગરપાલિકાની અલગ-અલગ સેવાઓને એક છત્ર નીચે આવરી લઈ શહેરનાં જુદા જુદા વિસ્તારોમાં અમીન માર્ગ, મુખ્ય કચેરી, કૃષ્ણ નગર, ઈસ્ટ ઝોન ઝોનલ ઓફીસ, વેસ્ટ ઝોન ઝોનલ ઓફીસ એમ પાંચ અદ્યતન નાગરિક સુવિધા કેન્દ્રો ગત વર્ષોમાં શરૂ કરવામાં આવ્યા હતા, આ ઉપરાંત પોસ્ટ ઓફીસ મારફતે મકાન વેરા અને પાણી વેરાનું કલેકશન ચાલુ કરવામાં આવેલ. ચાલુ સાલમાં વધારાનું એક નાગરિક સુવિધા કેન્દ્ર કોઠારીયા રોડ ખાતે ચાલુ કરવામાં આવેલ છે. આ ઉપરાંત આવતા નાણાંકીય વર્ષમાં વધારાનું એક નાગરિક સુવિધા કેન્દ્ર જામનગર રોડ ખાતે ચાલુ કરવામાં આવના છે, આ માટે બજેટમાં રૂ।.૧૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

આવતા નાણાંકીય વર્ષમાં લોકોને વેરો ભરવામાં પડતી મુશ્કેલી દુર કરવા માટે તેમજ મહાનગરપાલિકાની માહિતી તાત્કાલિક મળી રહે તે હેતુથી શહેરમાં અલગ અલગ પાંચ જગ્યાએ ઈન્ફોમેશન/ટ્રાન્સેકશન કીઓસ્ક મુકવા માટેનું આયોજન કરવામાં આવેલ છે. આ ઉપરાંત લોકો ટેક્ષ ક્રેડીટ કાર્ડ/ડેબીટ કાર્ડ મારફતે વેબસાઈટ પરથી ભરી શકે તેવી વ્યવસ્થા કરવાનું પણ

આયોજન કરવામાં આવેલ છે, આ માટે આવતાં વર્ષે રૂ।.૫ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. આ ઉપરાંત અલગ અલગ શાખાની સંપૂર્ણ કામગીરી કોમ્પ્યુટરરાઈઝડ કરવા માટે બજેટમાં રૂ।.પર૫ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. તેમજ JnNURM Lkkt National Mission ModeProject અંતર્ગત ઈ-ગવર્નન્સ માટે રૂ।.૪૫૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

**૪.૬.૯ રસ્તા કામ (અંડરપાસ/ઓવરબ્રીજ સહિત) :**

શહેરનાં તમામ મુખ્ય રસ્તાઓ ગત વર્ષમાં એકશન પ્લાનમાં આવરી લેવામાં આવેલ છે. ચાલુ વર્ષે શહેરનાં મુખ્ય ટી.પી. રસ્તાઓ અને ગત વર્ષમાં સમાવેશ ન કરાયેલ હોય, તેવા રસ્તાઓ પેવર રસ્તા કરવા માટે ચાલુ વર્ષે બજેટમાં રૂ।.૧૫૦૦ લાભ રસ્તા કામ માટે સુચવવામાં આવેલ છે.

શહેરનાં મુખ્ય માર્ગો પૈકીનાં ૧૫૦' રીંગરોડને બી.આર.ટી.એસ. યોજના અંતર્ગત બ્લુ કોરીડોર તરીકે વિકસાવવા માટે તેમજ શહેરમાંથી પસાર થતી રેલ્વે લાઈન ઉપર ફાટક પાસે ટ્રાફીકની સમસ્યા ખૂબ જ વિકટ બની રહી છે. જેથી ચાલુ વર્ષે અન્ડરબ્રીજ/ઓવરબ્રીજ પર વિશેષ ધ્યાન આપી, ચાલુ વર્ષે ગોંડલ રોડ મવડી રોડ ઓવરબ્રીજનું કામ તથા કે.કે.વી. હોલ સર્કલ, કાલાવડ રોડ પાસે ફ્લાય ઓવરબ્રીજનાં કામેJnNURMઅંતર્ગત બજેટમાં ચાલુ વર્ષે બજેટમાં રૂ।.૧૮૦૦ લાખ તેમજ આગામી વર્ષમાં રૂ।.૬૫૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

વધુમાં ચાલુ સાલે ભગવતીપરા અન્ડરબ્રીજનાં કામે બજેટમાં રૂ।.૧૦૦ લાખ સુચવવામાં આવેલ છે.

**૪.૬.૧૦ બિનપરંપરાગત આવકનાં સ્તોત્ર વિષે :**

ઓક્ટ્રોયની આવક બંધ થયા બાદ સરકારશ્રી તરફથી ગ્રાંટ મળે છે, તેમ છતાં આ ગ્રાંટની રકમ ઓકટ્રોયની આવકની સરખામણીમાં ઉત્તરોત્તર વધશે નહીં, તેવું સ્વીકારવું રહ્યું. ઓકટ્રોયની આવક, શહેરમાં આયાત થતા માલની કિંમત પર આધારિત હતી એટલે માલની કિંમત વધે તો ઓકટ્રોય આપ મેળે વધે આવી સ્વયં વધતી (Ad Velorum) અને પોતાકી કહી શકાય તેવી આવક હવે રહી નથી, ત્યારે આવકનાં અન્ય સ્તોત્ર વિકસાવવાની કોશિશ કરવી યોગ્ય જણાયું છે. આવા કેટલાક પ્રમાણમાં નાના પરંતુ બિનપરંપરાગત આવકનાં સ્ત્રોત ઉભા કરવાની દરખાસ્ત છે, આની એક ખાસિયત એ છે કે આ એવી વ્યક્તિઓને લાગુ પડે છે કે જે આવી વ્યવસ્થાનો ઉપયોગ કર, હોટલ લાઈસન્સ ફી વધારવાની દરખાસ્ત છે, તો ડ્રેનેજનાં હાઉસ ટૂ હાઉસનાં પ્લમ્બીંગ કામો કોર્પોરેશન દ્વારા જ કરાવી તે પેટે પ્લમ્બીંગ ફી વસુલ કરવાની વ્યવસ્થા સૂચવી છે, આ ઉપરાંત હોકર્સ ઝોનમાં બેસતા ધંધાર્થીઓ પાસેથી મેઈન્ટેનન્સ ચાર્જ,

ખાણીપીણીના બજારનાં ધંધાર્થીઓ પાસેથી પણ મેઈન્ટેનન્સ ચાર્જ લેવાની જોગવાઈ કરવાનું સૂચવાયું છે. આધુનિક પે એન્ડ યુઝ ટોયલેટનાં સંચાલન સામે રોયલ્ટીની આવક પણ થશે. પે એન્ડ પાર્કની વ્યવસ્થા સામે પણ ચાર્જની આવક થશે, આ ઉપરાંત જાહેરાતનાં અન્ય ઉદ્યાયોગ જેવા કે દૂકાનના બોર્ડ, પાયલોર્સ બલુન વિગેરેમાંથી પણ આવક સૂચવાયેલ છે. ઝૂની પ્રવેશ ફી થી પણ આવક થશે. તો ડ્રેનેજનાં કનેકશનમાં, જ્યાં જ્યાં સોક- પીટ છે, તેને દુર કરી તે પેટેનાં ચાર્જ વસૂલવાની જોગવાઈ આ માટેનાં દર અલગથી નક્કી કરી તે માટેની વસૂલાત કરવામાં આવશે, મ જે વ્યક્તિ ઉપયોગ કરશે તેને તેની કિંમત ચૂકવવી પડશે. આગામી વર્ષે આવા તમામ સ્ત્રોતની કુલ આવક રૂા.૭૭૫.૩૦ લાખ અંદાજવામાં આવી છે. આ નાણાંની રીકવરી કરવાનાં પ્રયત્નોમાં, આવી તમામ વ્યવસ્થા ઉપર ફીલ્ડ સુપરવીઝન પણ આપોઆપ થશે અને આવી સેવાઓની ગુણવત્તાનું ધોરણ પણ સચવાશે.

**૪.૬.૧૧ ઈનોવેટીવ પ્રોજેક્ટસ :**

**વિશેષ પ્રકારના બગીચાઓનો વિકાસ :**

રા.મ.ન.પા.માં શહેરી વિસ્તારમાં ટી.પી. સ્કીમ અંતર્ગત બગીચા હેતુ માટે તેમજ ખુલ્લી જમીન હેતુ માટે મોટા પ્રમાણમાં જમીન આરક્ષીત કરવામાં આવેલ છે. સામાન્ય રીતે રા.મ.ન.પા. દ્વારા આવી જમીનોમાં બગીચાઓ બનાવવામાં આવે છે. આવા બગીચાઓમાં રા.મ.ન.પા.ને બગીચાઓના વિકાસ કરવામાં તથા નિભાવ જાળવણીમાં પણ ખૂબ જ પ્રમાણમાં ખર્ચ થાય છે. જેથી હવેથી પી.પી.પી. મોડેલ આધારિત વિશેષ પ્રકારનાં બગીચાઓ બનાવવાનું આયોજન રા.મ.ન.પા. મારફ્ત કરવામાં આવેલ છે. બગીચાઓનાં વિકાસથી શહેરમાં પ્રદુષણની માત્રામાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે. કાર્બન ક્રેડીટ મેળવી શકાય છે. અને શહેરીજનોને તંદુરસ્ત વાતાવરણ મળી રહે છે.

ટી.પી.સ્કીમ અંતર્ગત બગીચાઓ માટે જમીન આરક્ષિત કરવાથી શહેરના સર્વે વિસ્તારોમાં બગીચાઓ બની શકે તેમ છે. આ બગીચાઓ વિશેષ પ્રકારના બને તે માટે શહેરના ઔધોગિક એકમો તરફથી દરખાસ્તો આવેલ છે. આ અંતર્ગત આયુર્વેદિક ગાર્ડન્સ, એમ્યુઝ્મેન્ટ પાર્ક, સીનીયર સીટીઝન પાર્ક, થીમ પાર્ક, વિગેરે બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

રા.મ.ન.પા. દ્વારા શહેરમાં બગીચાઓના વિકાસ માટે રૂા.૧૯૮ની જોગવાઈ કરવામાં આવેલ છે. ઉપર મુજબના મોટા ભાગના બગીચાઓ પી.પી.પી.મોડલ આધારિત રહેશે.

**મલ્ટીલેવલ પાર્કિંગ્સ :**

આજના ઝડપી શહેરી કરણને કારણે શહેરનો વ્યાપ અને વસ્તી વધતા શહેરમાં વધુમાં વધુ લોકો અવર જવર માટે પોતાના અંગત વાહનો જેવા કે કાર, સ્કુટર વિગેરેનો ઉપયોગ કરતાં

થયાં છે. જેને લીધે શહેરમાં ખાનગી વાહનોનો ખૂબ જ મોટા પ્રમાણમાં વધારો થઈ રહેલ છે. જેને લીધે શહેરના વધુ ટ્રાફીકવાળા તથા ગીચ વિસ્તારોમાં વાહનોના પાર્કિંગ માટે પૂરતા પ્રમાણમાં પાર્કિંગ સ્પેસ ઉપલબ્ધ ન થતી હોય પાર્કિંગના ગંભીર પ્રશ્નો ઉભા થયેલ છે. આવા સંજોગોમાં ઓછી જગ્યામાં વધુમાં વધુ વાહનોનું પાર્કિંગ કરી શકાય તે માટે શહેરમાં મલ્ટી લેવલ પાર્કિંગ પ્લેસનું આયોજન કરવાનું જરૂરી બનેલ છે.

શહેરમાં પરાબજાર, મહાસતિજી ચોક, યાજ્ઞિક રોડ, સદર, રેસકોર્સ, ઢેબર રોડ, વિગેરે વધુ ટ્રાફીકવાળા સ્થળોએ આવા મલ્ટી લેવલ પાર્કિંગ બનાવવાનું જરૂરી જણાય છે.

મલ્ટીલેવલ પાર્કિંગનું આયોજન બી.ઓ.ટી.ના ધારણે વિકસાવવાનું આયોજન કરી શકાય તેમ છે. આ માટે ફોલ્ડીંગ ટાઈપ મલ્ટીલેવલ પાર્કિંગ માટે અમુક ખાનગી એજન્સીઓ મારફ્ત દરખાસ્ત પણ આવેલ છે. તે હાલ વિચારણા હેઠળ છે.

મહાસતિજી ચોકમાં પાર્કિંગના પ્રશ્નના ઉકેલ માટે મહાનગરપાલિકા મારફ્ત જે આયોજન વિચારવામાં આવેલ છે તે મુજબ આ સ્થળે દિવસ દરમિયાન પાર્કિંગ તથા રાત્રે પાર્કિંગની સાથે ફૂડકોર્ટ અને બેસવાની વ્યવસ્થા કરવા અંગેનું આયોજન છે. તેમજ સોનીબજાર પાસેMultilevel પાર્કીંગનું પ્લાનીંગ શરૂ છે. આ પ્રોજેક્ટ BOT ધોરણે કરવામાં આવતા હોય મહાનગરપાલિકાને કોઈ આર્થિક બોજો સહન કરવો નહી પડે.

**સોલાર સીટી માટેનું આયોજન :**

વિશ્વમાં હાલની વિષય પરિસ્થિતિ જોતાં મર્યાદિત પ્રમાણમાં ઉપલબ્ધ પંરંપરાગત ઉર્જા સ્ત્રોતનું આયુષ્ય હવે ખૂબ ટૂંકુ રહેલ છે. પરંપરાગત ઉર્જાના ઉપયોગથી પર્યાવરણને ગંભીર નુકશાન થાય છે. તેમજ માનવ વસ્તી માટે પણ હાનિકારક છે. આની સાપેક્ષમાં બીન પરંપરાગત ઉર્જા જેવી કે સૌર ઉર્જા બાયોપાસ, પવન ઉર્જા, ટાઈટલ એન્જી વિગેરે અમર્યાદિત પ્રમાણમાં ઉપલબ્ધ છે. સાથે સાથે પર્યાવરણ માટે ખૂબ જ સાનુકૂળ છે. આના ઉપયોગથી કોઈ હાનિ થતી નથી અને લાંબે ગાળે સઘળી રીત ખૂબ જ ફાયદાકરક રહે છે.

રાજકોટ શહેરનું ભૌગોલિક સ્થાન જોતાં વર્ષ દરમિયાન ૩૦૦ દિવસથી પણ વધારે દિવસ સૂર્યપ્રકાશ મળી રહે છે. તેથી શહેરમાં સૌર ઉર્જાના મહત્તમ ઉપયોગ શક્ય છે. તે અંતર્ગત સૌર ઉર્જા આધારિત ફુવારાઓ, કલાત્મક સ્ટ્રીટ લાઈટસ, ટ્રાફિક સિગ્નલ, બ્લીકર્સ વિગેરેનું આયોજન કરવામાં આવેલ છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા એનર્જી ઈફીસીયન્સ અને એનર્જી પાર્ક અંતર્ગત કુલ રૂ।.૩૧ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે. તેમજ પી.પી.પી. મોડેલ આધારિત સ્ટ્રીટ લાઈટ્સનું પણ આયોજન શરૂ છે.

બિનપરંપરાગત ઉર્જા આધારિત ઉપકરણનો ઉપયોગ કરવાથી લાંબા ગાળે ફાયદો રહે છે પર્યાવરણની જાળવણી થાય છે. તેમજ કાર્બન ક્રેડીટ પણ મેળવી શકાય છે. હાલમાં જ રા.મ.ન.પા. દ્વારા લેવાયેલ નિર્ણય મુજબ હવે પછીથી તમામ ટ્રાફિક આર્યલેન્ડસ ઉપર ફક્ત સૌર ઉર્જા આધારિત લાઈટોનો જ ઉપયોગ કરવાનું આયોજન છે. આ ઉપરાંત માર્ચ-૨૦૦૪ થી અમલમાં આવેલ જી.ડી.સી.આર. મુજબ દરેક નવા બંધાતા બિલ્ડીંગસમાં સૌર ઉર્જા આધારિત વોટર હીટીંગ સીસ્ટમનો ઉપયોગ ફરજીયાત કરવામાં આવેલ છે.

મિનિસ્ટ્રી ઓફ ન્યુ રિન્યુએબલ એનર્જી દ્વારા રાજકોટ મહાનગરપાલિકાને આગામી ૫ વર્ષ દરમિયાન શહેરમાં બિનપરંપરાગત ઉર્જાના વપરાશ/ઉપયોગિતા વિગેરે માટે કાર્યક્રમો કરવા માટે રૂ।.૫૦ લાખની ગ્રાંટ આપવામાં આવશે તેમજ આ પ્રોજેક્ટ અંતર્ગત શહેરના એનર્જી સેક્ટરનો માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવશે.

**ન્યારી ડેમ સાઈટ ડેવલપમેન્ટ :**

રાજકોટ શહેરના અતિ ઝડપી વિકાસને કારણે શહેરની વસ્તી હાલમાં અંદાજે ૧૫ લાખ જેટલી થવા પામેલ છે. શહેરમાં લોકોના હરવા ફરવા તથા મનોરંજન માટે હાલમાં રેસકોર્સ ગ્રાઉન્ડ એકમાત્ર મુખ્ય સ્થળ છે. રેસકોર્સ ગ્રાઉન્ડ શહેરની વચ્ચે આવેલા હોવાથી તહેવારો તથા મેળવડા વખતે આ સ્થળે ખૂબ જ ટ્રાફિક રહે છે. આથી રેસકોર્સ ઉપરનું ભારણ ઘટાડવા તથા ટ્રાફિક વિગેરેના પ્રશ્નોના નિરાકરણ માટે શહેરના લોકો માટે હરવા ફરવા તથા મનોરંજન માટે અન્ય વિકલ્પરૂપે ન્યારી ડેમ સાઈટ ડેલલપમેન્ટનું આયોજન કરવામાં આવેલ છે.

ન્યારી ડેમ શહેરના પશ્ચિમે ૮ કિ.મી. ના અંતરે આવેલ છે. ન્યારી ડેમ સાઈટની ડાઉન સ્ટ્રીમ સાઈટમાં ખૂબ જ રમણિય એવો આશરે ૪.૫ કિ.મી. X ૧૫૦ મીટર વિસ્તાર રા.મ.ન.પા.ની માલિકીનો છે, આ ઉપરાંત ૩૯.૦૩ હેક્ટર જમીન રૂડા દ્વારા ડેવલપમેન્ટ પ્લાનમં આરક્ષિત રાખવામં આવેલ છે. જે રા.મ.ના.પા.ને મળી શકે તેમ છે. આ જગ્યામાં નીચે મુજબની સુવિધા ઉપલબ્ધ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

(૧) સાયન્સ પાર્ક

(૨) એમ્યુઝમેન્ટ પાર્ક

(૩) થીમપાર્ક

(૪) યોગા સેન્ટર

(૫) બોટીંગ એન્ડ મ્યુઝીકલ ફાઉન્ટેન

(૬) વોકીંગ એન્ડ જોગીંગ ટ્રેક

(૭) ફૂટ કોર્ટ

(૮) ફૂટ બ્રીજીંગ

(૯) વિશાળ પાર્કિંગ

અને આવવા જવા માટે સુવિધા પૂર્ણ બે માર્ગીય રોડનું આયોજન.

આ સંપૂર્ણ પ્રોજેક્ટ પી.પી.પી. અથવા બી.ઓ.ટી.ના ધોરણે કરવાનું વિચારેલ છે. જે માટે કન્સલટન્ટની નિમણુંક કરવાની રહેશે. તે પૂર્વે ફીજીબીલીટી સ્ટડી કરવો આવશ્યક હોય જી.આઈ.ડી.બી.ને આ માટે દરખાસ્ત કરવામાં આવેલ છે. જી.આઈ.ડી.બી. દ્વારા TOR તૈયાર થઈ આવેલ છે. ટૂંક સમયમાં Feasibility Studyથઈ જશે ત્યારબાદDeveloperLke નિમણુંક કરવામાં આવશે.

**મેનેજમેન્ટ કન્વેન્શન સેન્ટર :**

રાજકોટ શહેર એ સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તારમાં ઉદ્યોગો, ધંધા-રોજગાર, શિક્ષણ તથા તબીબી સેવાઓ માટેના હબ સમાને બનેલ છે. જેને લીધે શહેરનો ખૂબ ઝડપી વિકાસ થઈ રહેલ છે. શહેરમાં હાલમાં કોઈ મલ્ટી એક્ટીવીટી સેન્ટર ઉપલબ્ધ નથી. શહેરનાં ઝડપી વિકાસની સાથે સાથે શહેરની એક આગવી ઓળખ ઉભી કરવા તથા શહેરના તથા સમગ્ર ગુજરાતના લોકોને લાભ મળે તે હેતુથી શહેરમાં મલ્ટી એક્ટીવીટી માટે આધુનિક અને વિશ્વકક્ષાનું મેનેજમેન્ટ કન્વેન્શન સેન્ટર બનાવવાનું આયોજન વિચારણામાં આવેલ છે. તેમજ આ માટે વિશાળ જમીનની જરૂરીયાત હોય આ માટે યોગ્ય સ્થળ નક્કી કરવાની કાર્યવાહી ચાલુ છે.

આ આધુનિક મેનેજમેન્ટ કન્વેન્શન સેન્ટરમાં નીચે મુજબની સુવિધાઓ ઉપલબ્ધ કરવાનું આયોજન છે.

(૧) મલ્ટી એક્ટીવીટી સેન્ટર

(૨) કોન્ફરન્સ હોલ

(૩) પ્રદર્શન, ટ્રેડફેર માટે આયોજન

(૪) વીક એન્ડ એજ્યુકેશન સેન્ટર

(૫) થીએટર

(૬) આર્ટ ગેલેરી

(૭) રેસ્ટોરેન્ટ

(૮) મલ્ટી લેવલ પાર્કિંગે

સંપૂર્ણ BOT ધોરણે કરવાનું આયોજન છે. હાલના આ પ્રોજેક્ટ માટે જમીનની માંગણી મહેસુલ વિભાગને કરવામાં આવેલ છે જે હાલ પ્રક્રિયામાં છે.

(i) **સ્કાય વોક્સ :** શહેરમાં ટ્રાફીકની સમસ્યા, ખાસ કરીને PedestrianLku રોડ ક્રોસ કરવાની સુવિધા માટે જુદી જુદી જગ્યાએ Sky WalksLkwt આયોજન વિચારેલ છે. ત્રણ જગ્યાએ પ્રથમ ફેસમt Sky Walk ની કામગીરી કરવાનું વિચારેલ છે. જે પૈકી કાલાવાડ રોડ ઉપરના Sky Walkમાટે Tenderપ્રક્રિયા પૂર્ણ થયેલ છે. અન્ય બે જગ્યાઓ મા Land AcquisitionLke કામગીરી પૂર્ણ થયેલ છે.

સંપૂર્ણ Project BOTધોરણે કરવાનું Planning છે, જેમાં મહાનગરપાલિકાને કોઈ ખર્ચ કરવાનો રહેતો નથી પરંતુ આ એક આવકનું સાધન બની રહેશે.

(ii) **નવી ઈ-લાયબ્રેરી :** રાજકોટ શહેરના વિકાસને ધ્યાને લેતા શહેરમાં એક અધ્યતન લાયબ્રેરી જરૂરી હોવાનું જણાય છે, આ લાયબ્રેરીમાં Internet Zone, Computer Centre, Mini Auditorium, Spcial Reading Zone, Activity Centre,Small Cafeteriaવિ. નો સુવિધાઓ આપવાનું વિચારેલ છે. સંપૂર્ણ Project BOTધોરણે વિકસાવવાનું આયોજન છે.

**૪.૬.૧૨ વિકાસકાર્યો :**

**શહેરી ગરીબો માટેની ખાસ ફાળવણી**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરી ગરીબો માટે આ વર્ષે સૌથી વિશેષ ધ્યાન આપવામાં આવેલ છે. જેમાં નવા મકાનો બનાવવા, ફુટપાથ પર વસતા લોકોનાં નાઈટ સેલ્ટરનું આયોજન તથા સ્લમ નેટવર્કીંગ જેવા આયોજનો ઉપરાંત શહેરી ગરીબોનાં આર્થિક તથા સામાજીક સ્તર ઉંચુ લાવવા પ્રયત્ન કરવામાં આવેલ છે. આ વર્ષે ગરીબલક્ષી જુદી-જુદી યોજનાઓ જેવી કે જે.એન.એન.યુ.આર.એમ.બી.એસ.યુ.પી. ઉમ્મીદ, રામનપા (૬૩/૨) ફાળો, રામનપા ફાળો વિ. દ્વારા રૂા.૮૭૯૫ લાખની ફાળવણી કરવામાં આવેલ છે, જે તમામ વિકાસ કામોનાં સરવાળા કરતાં વધુ છે.

આ ઉપરાંત સફાઈ કામદારો માટે આવાસો અને સફાઈ કામદારની તાલીમ માટે કુલ રૂા.૪૫૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

**૧. ટ્રાફીક :**

શહેરની ટ્રાફીક સમસ્યાના નિવાણ માટે વિવિધ કામો સૂચવવામાં આવેલ છે. જેમાં મુખ્ય ૪૮ રસ્તાઓ ઘી.બી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ની કલમ ૨૧૦ મુજબ લાઈનદોરી પ્રિસ્કાઈબ કરી સાંકડા રસ્તાઓ પહોળાં કરવા આયોજન કરેલ છે તેમજ આ કામે રૂા.૫૦૦ લાખ જમીન સંપાદન માટે સૂચવવામાં આવેલ છે.

મુખ્ય રસ્તા પરનાં જંકશન ડેવલપમેન્ટ, ટ્રાફીક આઈલેન્ડ, રોટરી, સીગ્નલ વિગેરેનો વિકાસ કરવા તેમજ ટ્રાફીક સરળતાથી રસ્તા પર પસાર થઈ શકે તે હેતુસર ટ્રાફીક ડીવાઈડર, ટ્રાફીક સાઈનેજીસ વિગેરે કામો કરવા બજેટમાં રૂા.૧૨૦ લાખ સુચવવામાં આવેલ છે.

**૨. શહેર બ્યુટીફીકેશન:**

રાજકોટ શહેર સૌરાષ્ટ્રનું પાટનગર છે. રાજકોટ શહેરનું મહત્વ ધ્યાને લઈ, શહેરને હરિયાળુ બનાવવા શહેરીજનોનું સ્વાસ્થ્ય સારૂ રહે તે માટે રેસકોર્સ સંકુલમાં જોગર્સ પાર્ક બનાવવાનું આયોજન પૂર્ણ કરવા બજેટમાં વધુ રૂા.૫ લાખનું આયોજન કરાયેલ છે.

**૩. હોકર્સ ઝોન :**

રાજકોટ શહેરમાં હરતા ફરતાં તેમજ સ્થાયી થડાઓને કારણે ગંદકી તથા ટ્રાફીકની સમસ્યામાં વધારો થતો હોઈ, આ વર્ષે રાજકોટ શહેરમાં કુલ ૮ હોકસ ઝોન બનાવી અંદાજે ૬૦૦ હોકર્સને સ્થાપિત કરી, રા.મ.ન.પા.એ. લક્ષ્ય પ્રાપ્ત કરેલ છે. હજુ પણ બાકી રહેતા હોકર્સને ઝોન બનાવી તેઓને ધંધા માટે સંપૂર્ણ સગવડતાવાળી જગ્યા મળી રહે અને શહેરીજનોને ટ્રાફિકની સમસ્યા ન થાય તે હેતુસર ૫ (પાંચ) નવા હોકર્સ ઝોન બનાવવા બજેટમાં રૂા.૩ લાખની જોગવાઈ કરેલ છે.

**૪. સાંસ્કૃતિક ક્ષેત્રને પ્રોત્સાહન :**

સૌરાષ્ટ્ર પ્રદેશ અને રાજકોટ શહેર સાંસ્કૃતિક વારસો ધરાવે છે. રાજકોટ શહેરનાં અને બહારનાં કલાકારો તેઓની કૃતિઓને જાહેર જનતાના લાભાર્થે રજુ કરે તે માટે રેસકોર્ષ સંકુલમાં આવેલ આર્ટ ગેરેલી અપગ્રેડેશન માટે ચાલુ વર્ષે બજેટમાં વધુ રૂા.૧૦ લાખનું સુચન કરાયેલ છે.

**૫. ઈમીટેશન જ્વેલરી માર્કેટ :**

રાજકોટ શહેરમાં સોના-ચાંદીના ઘરેણા-દાગીનાનાં ધંધા સાથે ઈમીટેશન જ્વેલરીનું પણ મોટે પાયે કામકાજ થાય છે. રાજકોટ શહેરનાં ધંધાર્થીઓ એક જ જગ્યાએથી ટ્રેડીંગ કરી શકે તેવા ઉમદા હેતુસર રાજકોટ મ્યુનિસપલ કોર્પોરેશનએ રામનાથપરામાં બી.ઓ.ટી. ધોરણે ઈમીટેશન જ્વેલરી માર્કેટ બનાવવાનું આયોજન કરેલ છે.

**૬. કોમ્યુનીટી હોલ બાંધકામ :**

રાજકોટ શહેરમાં ઈસ્ટ અને વેસ્ટ ઝોનમાં કોમ્યુનીટી હોલ બાંધવાનું આયોજન કરાયેલ છે. જે માટે બજેટમાં રૂ।.૧૦૦ લાખ તથા બી.ઓ.ટી. ના ધોરણે રૂ।.૫ લાખ સુચવવામાં આવેલ છે.

**૭. સેન્ટ્રલ ઝોન-ઓફિસ-નવિનીકરણઃ**

રાજકોટ શહેર વિસ્તારને ત્રણ ઝોનમાં વહેંચી ત્રણ ઝોન ઓફિસોમાં વહિવટ કાર્યાન્વિત કરવા માટે ગત વર્ષોનાં ઈસ્ટ અને વેસ્ટ ઝોનમાં ઓફિસ બિલ્ડીંગ કાર્યરત કરાયેલ છે. ચાલુ સાલે બી.ઓ.ટી. ધોરણે સેન્ટ્રલ ઝોન ઓફિસનું નવિનીકરણ કામ ચાલુ કરાયેલ છે. આ તમામ બિલ્ડીંગો સોલાર એનર્જીથી જોડાય તેવા પ્રયાસો કરીશું. બની રહેલાં બિલ્ડીંગમાં ગ્રીન બિલ્ડીંગ કોન્સેપ્ટ પર આ બિલ્ડીંગને એનર્જી એફીસીયન્ટ બિલ્ડીંગ કરવા બજેટમાં રૂ।.૫ લાખ સુચવવામાં આવેલ છે.

**૮. કોલસાવાડી સર્કલ :**

રાજકોટ શહેરનાં જંકશન વિસ્તારમાં આવેલ કોલસાવાડી સર્કલ વિસ્તૃતિકરણ માટે ચાલુ સાલે રૂ।.૫ લાખની બજેટ જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

**૯. પે એન્ડ યુઝ ટોયલેટ :**

રાજકોટ શહેરનાં પછાત વિસ્તારોમાં વધુને વધુ લોકોને પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકની સુવિધા માટે ૧૦૦ લાખની બજેટ જોગવાઈ સુચવેલ છે.

**૧૦.ડ્રેનેજ કામો :**

રાજકોટ શહેરનાં જે વિસ્તારોનો ભુગર્ભ ગટર સાથે જોડાણ કરાયેલ નથી, તેવા રહેણાંક વિસ્તારોને ભુગર્ભ ગટર સાથે જોડવા કલેકટીવ સિસ્ટમ તેમજ હાઉસ કને. ચેમ્બર નાંખવાના કામે રૂ।.૨૦૦ લાખ સૂચવવામાં આવેલ છે.

**૧૧.ભગવતીપરા અન્ડરબ્રીજઃ**

રાજકોટ શહેરનાં ભગવતીપરા વિસ્તારનાં રહેવાસીઓને રેલ્વે ક્રોસીંગ પાસેની ટ્રાફિકની સમસ્યા દૂર કરવા ગત વર્ષે રેલ્વે ડીપાર્ટમેન્ટની મંજુરી મેળવવાની કાર્યવાહી હાથ ધરેલ હતી, જે પ્રક્રિયાને વેગ આપવા ચાલુ સાલે વધુ રૂ।.૧૦૦ લાખની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

**૧૨.ભાવનગર રોડ ડેવલપમેન્ટ સ્કીમ :**

રાજકોટ શહેરને કાઠીયાવાડ સાથે જોડતા ભાવનગર રોડ, રાજકોટ શહેરનું પ્રવેશદ્વાર હોય, આ રસ્તાને ૪ (ચાર) માર્ગી બનાવવાનું આયોજન કરેલ છે. આ માટે બજેટમાં રૂ।.૫૫૦ લાખ સૂચવવામાં આવેલ છે.

**૧૩.નર્મદે સર્વદે ચિત્રીકરણઃ**

રેસકોર્ષ બહુમાળી ભવન પાસેનાં ચોકમાં સરદાર પટેલ પ્રતિમા નર્મદે સર્વદે ચિત્રીકરણનાં કામો માટે કન્સલ્ટન્ટશ્રીનો નિમણુંકના ટેન્ડર ફાઈનલ કરાયેલ છે. અને આ માટે ચાલુ સાલે રૂા.૧૧ લાખ તથા નવા વર્ષમાં રૂા.૫ લાખની બજેટ જોગવાઈ સુચવેલ છે.

## ૪.૭ રાજકોટ શહેરની આંતરમાળખાકીય સવલતો વર્ષ-૨૦૧૨

સરકારશ્રી દ્વારા રાજ્યમાં વસ્તા દરેક નાગરિકોને પાયાની તમામ માળખાકીય સુવિધાઓ જેવી કે, પાણી, ડ્રેનેજ રસ્તા વિગેરે મળી રહે તે માટે રાજ્ય સરકારશ્રીએ કુલ રૂા.૭૦૦૦ કરોડનું આયોજન કરેલ છે. જે અન્વયે રાજ્ય સરકારશ્રી દ્વારા મહાનગપાલિકાના વિસ્તારમાં રહેતા શહેરીજનોને સુખાકારી તથા પાયાની સુવિધા મળી રહે તે હેતુથી રાજકોટ મહાનગરપાલિકાને આગામી પાંચ વર્ષ માટે મૂળભૂત માળખાકીય સુવિધાઓની જરૂરિયાતોને ધ્યાને લઈ આયોજન કરવાનું થાય છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી પાંચ વર્ષ (૨૦૧૦-૨૦૧૫) માટે શહેરની હયાત વસતી, પરિસ્થિતિ તથા વિકાસની ગતીને ધ્યાને લઈ ભવિષ્યમાં ઉભી થનારી જરૂરિયાત માટે આયોજન કરવામાં આવેલ છે.

સદરહું આયોજન અન્વયે સરકારશ્રી દ્વારા રાજકોટ માટે આગામી ત્રણ વર્ષ ૨૦૧૦-૧૧ માટે કુલ ૨૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવેલ છે. જે પૈકી રૂપિયા ૧૦૦ કરોડની ફાળવણી પણ થઈ ગયેલ છે. જે પૈકી પાણી પૂરવઠા માટે રૂપિયા ૪૦ કરોડ, ગટર વ્યવસ્થા માટે રૂા.૪૦ કરોડ, રસ્તા કામ ગૌરવપથ, વિકાસપથ તથા બ્રિજ માટે રૂા.૪૭ કરોડ શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના માટે રૂા.૨૦ કરોડ, શહેરી આરોગ્ય તથા નિર્મળ ગુજરાત માટે રૂા.૨૦ કરોડ મુખ્યત્વે છે.

જે પૈકી પ્રોજેક્ટ વાઈઝ કરવામાં આવેલઆયોજન તથા કામગીરી નીચે મુજબ છે.

**૧. ગટર વ્યવસ્થા :**

આ સાલને “બેક ટુ બેઝિક” થીમને સાચા અર્થમાં સાકાર કરીને ૨૦૧૫ સુધીમાં રાજકોટના તમામ વિસ્તારને ભૂગર્ભ ગટરથી આવરી લેવાના આયોજનના ભાગરૂપે ભૂગર્ભ ગટર વ્યવસ્થા માટે રૂા.૧૦૩ કરોડની એટલે કે રાજકોટને ફાળવેલ સ્વર્ણિમ ગુજરાતની ગ્રાન્ટથી વધુની રકમની જોગવાઈ કરવામાં આવેલ છે.

**૨. ગુજરાત-આરોગ્યલક્ષી કામો :**

શહેરી વિકાસ યોજના અંતર્ગત નિર્મળ ગુજરાત આરોગ્યલક્ષી કામો માટે ૧૦% રકમની જોગવાઈ અલગ રાખવામાં આવેલ છે. જેમાં આરોગ્ય કેન્દ્રો બનાવવા, આંગણવાડી

બનાવવી ઉપરાંત, સફાઈ કામો માટે જે.સી.બી. મશીન, સ્પિનિંગ મશિન ખરીદવા આયોજન કરવામાં આવેલ છે.

**૩. પાણી-પૂરવઠા યોજના :**

શહેરી વિકાસ યોજના અંતર્ગત એક્સપ્રેસ ફિડર લાઈન, લક્ષ્મીનગર ઈ.એસ.આર., ન્યારીથી રૈયાધાર એક્સપ્રેસ ફિડર લાઈન તથા ફ્લો મીટરના કામોનો સમાવેશ કરવામાં આવેલ છે. જેના દ્વારા પાણીના જથ્થાને નિયમન કરવામાં તથા વૈજ્ઞાનિક રીતે ઉપયોગમાં લેવાનો બહુહેતુક યોજનાનું આયોજન કરવામાં આવેલ છે.

**૪. રસ્તાકામ, બ્રિજ :**

શહેરી વિકાસ યોજના અંત્ગત ગૌરવપથ તથા સુવિધાપથ અંતર્ગત શહેરના મુખ્ય માર્ગો વિકસાવવાની કામગીરી પૂર્ણરૂપથી શરૂ કરવામાં આવેલ છે. જે પૈકી કાલાવાડ રોડ ગૌરવપથ તરીકે, જ્યારે નાના મવા રોડ, મોટા મવા રોડ, મવડી મે. રોડ, રૈયા રોડ, ભાવનગર રોડ, ટાગોર રોડ, યાજ્ઞિક રોડ, યુનિ. રોડ, ગોંડલ રોડ, પંચશિલ રોડ, ઢેબર રોડ વિગેરેને સુવિધાપથ તરીકે વિકસાવવામાં આવનાર છે.

રેલનગર તથા ભગવતી પરામાં રેલ્વે અંડરબ્રિજની યોજના પણ આ યોજના હેઠળ આવરવામાં આવેલ છે.

**૫. સુરમ્ય શહેરો :**

પ્રદ્યુમન પાર્ક વિકાસ, ન્યારી ડેમ સાઈટ તથા રેસકોર્સ વિકાસનું આયોજન કરવામાં આવેલ છે.

**૬. ગરીબ સમૃદ્ધિ યોજના :**

શહેરી વિકાસ યોજના અંતર્ગત બીજી અગત્યની જોગવાઈ ગરીબ સમૃદ્ધિ યોજના છે. જે માટે પણ ૧૦% જોગવાઈ કરવાની રહે છે. જે અંતર્ગત શહેરી ગરીબ પછાત વિસ્તારોમાં પાણીની સુવિધા, રસ્તાકામ, વરસાદી પાણીના નિકાલ વ્યવસ્થા માટે રૂા.૫૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

**૭. અન્ય કામો :**

સોલાર સિટિ અંતર્ગત ઈસ્ટ ઝોન તથા સેન્ટ્રલ ઝોનમાં સોલાર પેનલો મુકી ઈલેકટ્રિસિટી ઉત્પન્ન કરવાના આયોજન સાથો સાથ સોલાર સિટી લગત અન્ય આનુસાંગિક કામોનું આયોજન છે.

ફાયરબ્રિગેડના આધુનિકરણ માટે, અદ્યતન હાઈડ્રોલિક પ્લેટફોર્મ બનાવવાના કામનો સમાવેશ પણ આ યોજના હેઠળ કરવામાં આવેલ છે.

આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન બી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ની કલમ-૧૨ તથા ૧૨૯ હેઠળ જુદા જુદા કરવેરા જેવા કે સામાન્યકર, સફાઈકર, ફાયરટેક્ષ તથા થીએટર ટેક્ષ, દિવાબતીકર નિયત કરવાના થાય છે, તે નીચે મુજબ દર્શાવેલ છે.

### ૪.૮ શહેરીકરણની પ્રક્રિયા

શહેરીકરણ એ હવે એક વિશ્વવ્યાપી પ્રક્રિયા છે. આખા વિશ્વમાં લોકો રહેવા માટે અને રોજગાર માટે શહેરોમાં જતા જોવા મળે છે. ભારતમાં આજે લોકો ભણતર માટે, સામાજીક કારણો માટે, રોજગાર માટે અને આવા જ બીજા ઘણા બધા કારણોસર શહેર તરફ વળે છે. ગુજરાતમાં આજે લગભગ ૪૦% જેટલી માનવ વસ્તી શહેરોમાં રહેતી મનાય છે. આ રેશીયો એ આવતા થોડા દાયકાઓમાં ઝડપી વધુ જાય એવું મનાય છે. આના પરિણામે થોડા અંશ સુધી શહેરી સરકાર પર બોજ વધી જશે. અને આમ છતાં, પરિણામે શહેરોમાંથી થતી આવકમાં પણ વધારો થશે. એવું માનવામાં આવે છે કે દેશના ૭૦% જેટલા જી.ડી.પી. એ શહેરોમાંથી મળે છે. આમ, હવે શહેર તરફ સરકારની જવાબદારી પણ વધી ગઈ છે.

### રાજકોટનું વિઝન અને ધ્યેય :

ઈ.સ.૨૦૨૧ સુધી રાજકોટનું વિઝન નાણાકીય વિકાસ સાધવાનું સાથે સાથે પર્યાવરણ, કલા અને કલ્ચરની ગુણવતા વધારવાનું છે રાજકોટના નાગરીક માટે આલોચનાની પ્રક્રિયામાં રાજકોટનું વિઝન નાણાંકીય વિકાસ, સામાજીક વિકાસ, શહેરી વિકાસ આવરેલા છે.

નીચે મુજબ છ લક્ષ્યો વિકાસમાં આવરેલા છે, જેમાં હસ્તાક્ષેપ સેકશન ૩ મુજબ કરવાની છે.

લક્ષ્ય-૧ : ઘન તથાપ્રવાહી કચાનો સુયોગ્ય નીકાલ

લક્ષ્ય-૨ : કલા, કલ્ચર અને સ્થાપત્યની જાળવણી

લક્ષ્ય-૩ : શહેરને સુયોગ્ય રીતે વાહનવ્યવહાર માટે ગોઠવણી

લક્ષ્ય-૪ : શુદ્ધ અને સલામત પીવાનું પાણી નાગરીકો માટે

લક્ષ્ય-૫ : ગરીબી નાબુદ કરવાનું આયોજન

લક્ષ્ય-૬ : યોગ્ય ડીસાસ્ટર મેનેજમેન્ટ ગોઠવવું

બધા ગોલ (લક્ષ્ય)ના અનુસંધાને બનાનું ફળ તથા કાર્યક્ષમતા મેળવવાની છે. જેનો એકશન પ્લાન, બનાવી અને લાંબા સમય સુધી અમલ કરવાનો છે. સેકશન ૨ તથા ૩નું ચેલેન્જ

કરન્ટ ઈસ્યુ વગેરે પરીણામોમાં લેવાનો છે. કલસ્ટર ડેવલપમેન્ટ પ્રોગ્રામ જેના એનાલીસીસ માટે કરવામાં આવે છે.

**ઈકોનોમી, ગ્રોથ અને સર્વિસ ડીલીવરીની રીત :**

**ઈકોનોમીક પ્રગતિ :**

ગુજરાત રાજ્ય ઈકોનોમીમાં સૌથી આગળ છે. ૬.૪૨% ગ્રોથ ડોમેસ્ટીક પ્રોડકટમાં ૨૧% દેશની નિકાસમાં ગુજરાત રાજ્ય મેન્યુફેક્ચરીંગ સેકટરમાં પણ આગળ છે. ૮% ઈન્ડસ્ટ્રીયલ ગ્રોથ છે, ૨૦૦૩-૦૪ માં રાજ્યની માથાદીઠ આવક ૧૬૩૦૨ અને ૨૦૦૪-૦૫ માં ૩ ૧/૨% વધી છે. જ્યારે દેશની આવક એવરેજ ૧૨,૪૧૬ છે. જેથી રાજ્યની આવક દેશની આવક કરતાં વધુ છે.

રાજકોટનો ફાળો રાજ્યની પ્રગતિમાં ખૂબ સારો છે. ખાસ કરીને એન્જીનીયરીંગ સેક્ટરમાં સારો છે. રાજકોટ, સુરેન્દ્રનગર, મોરબી, કંડલા આ બધાની સાથે સંકળાયેલુ લેવાને કારણે ઈકોનોમી ગ્રોથમાં વધારે ફાયદો થાય છે. રાજકોટ સીઝીયન સેટીંગ એવું હોવાના લીધે તેને ઈન્ડસ્ટ્રીયલ લેવલે અગત્યનું કેન્દ્ર બનાવે છે. અને ખેતી પેદાશ માટેનું માર્કેટ ગ્રામ્ય પ્રગતિ અને ત્યાંની વસ્તી પ્રગતિ માટે દબાણ કરે છે. ગ્રામ્યકરણ અને ગ્રામ્ય વસ્તી નો પ્રગતિ બંને આગણી ખેતીમાંથી ઈન્ડસ્ટ્રીયલ અને બિન-ખેતી ધંધા તરફ આ રીતનું ફેરબદલી રાજકોટના કાર્ય દબાણ ૭૭% વસ્તી મેન્યુફેક્ચરીંગ, ટ્રેડીંગ, કોમર્સ અને સર્વિસ સેક્ટરમાં કાર્યરત છે.

શહેરનાં સબસ્ટેન્શીયલ આંક મૂળભૂત રીતે રાજકોટનો વસ્તી ૧.૨ મીલીયન માંથી ૬૧.૬% ગ્રામ્ય વસ્તી જીલ્લામાંથી ગણાય. શહેરનો ટોટલ મળીને વાર્ષિક પ્રગતિ (CAGR) ૬% ૧૯૯૧-૨૦૦૧ ની પ્રગતિ છે. જેના કારણે વસ્તીની મેટલ પ્રગતિ ભળી જાય છે અથવા તો શહેરની હદ ગ્રામ્ય તરફની હદ તરફ આગળ વધે છે. તેનો મતલબ એમ કે ૯૯૮માં શહેરની જ્યુરીસડીકશન વધીને ૬૯.૬૮ સ્કેવર કી.મી. માંથી ૧૦૪ સ્કેવર કી.મી. છે.

**શહેરી પ્રગતિ (Urban Growth) :**

ઈકોનોમીની પ્રગતિ શહેરની વસ્તી વધારો ૩.૯૯% **CAGRÚke** લઈને ૨.૨ મીલીયને થવાની સંભાવના ૨૦૨૧માં રાખી શકાય મ્યુ. કોર્પો ફેઝ-બઢતી ત્રણ વર્ષના સમય ગાળામાં વહેંચી શકાય જેમ કે ૨૦૦૭-૧૨, ૨૦૧૩-૧૭, ૨૦૧૮-૨૧, ભૌતિક હદ, જમીન વિકાસ અને સરકારી નિતી આ ત્રણેય શહેરની પ્રગતિ પેટર્ન માટે જવાબદાર રહેશે. દક્ષિણ ભાગ બહુ મોટા ભાગે ઈન્ડસ્ટ્રીયલ વિકાસ તરફ આગળ પડતો છે જેમ કે રાષ્ટ્રીય રસ્તા ઉપર ગોંડલ તરફ આ બધો વિસ્તાર સરકારી નિતીના લાભા લાભ લઈ શકે છે જેમ કે, કોટડાસાંગણી, લોધીકા, જસદણ (આ બધા વિસ્તાર પછાત વિસ્તાર જાહેર થયા છે.) પૂર્વ દિશાનો વિકાસ સિમીત છે જેવા કે આજી

નદીના હિસાબે અને ઉત્તર દિશા રેલ્વે ટ્રેક અને બીજી અને ઈન્ડસ્ટ્રીટ્યુટનાં હિસાબનો વિકાસ સિમીત છે. હાલનો વિકાસ, કાલાવડ રોડ અને રૈયા રોડ કે જે પશ્ચિમ દિશામાં આવે છે તે ૨૦૨૧ સુધી તે તરફનો છે.

**ઈમ્પ્લીકેશન ફોર સર્વિસ ડીલીવરી :**

રાજકોટમાં ઔધોગીકરણ અને ઈકોનોમીક પ્રગતિ અને વિસ્તાર આંતરીક માળખુ/ઉપર અકલ્પનીય દબાણ લાવે છે, સાથે પ્રોનાઉન્સ્ડ અસર ગ્રામ્ય વિસ્તારની જરૂરીયાત ઉપર અસર કરે છે. અપૂરતુ જળ-વ્યવસ્થા, વાહન વ્યવસ્થાની પ્રદૂષણ, દુષિત પાણીનો નિકાસ જમીનનાં તળને પણ નુકશાન કરે આજે આ બધા પરિબળો શહેરને નુકશાન કર્તા છે. શહેરના ઔધોગીકરણનાં હિસાબે ગ્રામ્ય થી શહેર તરફ લોકોનું આગમન જુના શહેરી વિસ્તારમાં આંકડા રસ્તાઓને લઈને પરેશાનીઓને ટ્રાફીક પ્રોબલેમ્સ વધી જતાં લોકો નવા વિકસીત વિસ્તાર તરફ, જવા લાગ્યા શહેરી હક્ક ને ઘણા બધી ચેલેજીંસ નો સામનો આ ફેરબદલ ને હિસાબે કરવો પડે છે. અને ફરી નવા માળખામાં ફીટ બેસવા, પાત્ર, કાર્ય, ઈન્સ્ટીટયુટ માળખુ આ વધુ જ સેવા પહોંચાડવા માટેના કાર્યમાં બંધ બેસતુ ગોઠવવું પડે છે. પ્રગતિનાં આયોજન અને સેવા પહોંચાડવા માટે પણ સાથે સાથે લાંબા સમયગાળા શહેરનાં સામાન્ય વિકાસ માટે દરેક દરેકમાં ટૂંકમાં પ્રત્યાપણ થવું.

**ઈન્સ્ટીટ્યુટ :**

રાજકોટની સંસ્થાકીયે વાતાવરણ ઓછુ સુગધિંત અને વિશીષ્ટતામાં વધારે છે ભારતનાં બીજા કોઈ પણ શહેર કરતો શહેરના વિકાસ માટે બે પબ્લીક એજન્સીઓ છે એક રાજકોટ મ્યુ. કોર્પોરેશન બોમ્બે પ્રોવીઝનલ મ્યુ. કોર્પો. એક્ટ ૧૯૪૯ મુજબ કાર્ય કરે છે. મ્યુ. કોર્પોરેશનનું મૂળભુત કાર્યો-પાણી વ્યવસ્થા, દુષિત પાણીનો નાશ, ગાર્બેજનો નાશ કરવો તેમજ શહેરી રસ્તા, યાતાયાત સામે સુરક્ષા, અને વ્યવસ્થા શૈક્ષણિક શેરીઓમાં લાઈટ વ્યવસ્થા, હેલ્થ સર્વિસીઝ, અને તેના માટેનું સોશીયો-ઈકોનું આયોજન તેમના હસ્તક હોય છે. તેમજ ગ્રામ્ય જંગલ, વાતાવરણની સુરક્ષા માટેની જવાબદારી હોય છે. રૂડા- આયોજનના વિસ્તરણી વિકાસ માટે, તેનું કાર્ય સરસ રીતે ચાલે તે હેતુસર, રાજકોટ મ્યુ. કોર્પો. અને રૂડાના જ્યુરીડીરેકશન ને આધીન રહીને કરવાનું હોય છે. અને રૂડાનું કાર્ય ગુજરાત શહેરી આયોજન અને ગ્રામ્ય વિકાસ એક્ટ, ૧૯૭૬ મુજબ કરે છે. તેમ છતાંય ટેકનીકલ સ્ટાફની અછત તેમજ 74th CA Actને કારણે રૂડા ટાઉન પ્લાનીંગ કાર્ય અને સતા RMC વિસ્તારથી કમિશ્નર અથવા તો જે તે ઓફીસર કે જે RMC નાં હોય તેને આધીન રહે છે.

સેક્શન-૪માં સંસ્થાકીય ઘટનાની ચર્ચા નો ઉલ્લેખ છે. પરંતુ જ્યાં સુધી વિકસીત શહેરને નિયંત્રિત કરવાની બાબતે RMC એવી પોઝીશનમાં નથી કે, તે જ્યુરીડીકશનની ક્ષમતા બહાર કોઈ આયોજન કરી શકતુ નથી, બીજી એ કે રૂડા આયોજન કાર્યનું કામ કરે છે પરંતુ તેની સેવા પહોંચાડવા માટે જોડાયેલ નથી જાગૃત જોડાણ આ પ્રોબ્લેમને પહોંચી વળવા માટે ટૂંકાગાળાનાં વર્ષમાં RMC કમિશ્નર રૂડા બોર્ટના ચેરમેન તરીકે સેવા આપશે. પરંતુ લાંબા સમય ગાળાને ધ્યાનમાં રાખવા, પાયાથી બહુ વિચાર, માંગી લ્યે તેવી બાબત ખાસ કરીને સંસ્થાકીય વ્યવસ્થાની જરૂર છે.

**પ્લાનીંગ ઈન્સ્ટ્રુમેન્ટસ :**

હાલમાં સામાન્ય આયોજન ઈન્સ્ટ્રુમેન્ટ એડ્રેસીંગ શહેરી વિકાસ છે એ રાજકોટ ડેવલોપમેન્ટ પ્લાન -૨૦૧૧ તે ડ્રાફ્ટ ફોર્મમાં છે, તેRMCઅને રૂડા માટે છે બીજા રાજ્યોમાં શહેરનાં માસ્ટર પ્લાનનું સદસ્ય, વિકાસ યોજના, ૨૦૧૧ના વિકાસ માટે દ્રષ્ટિકોણ રૂપરેખા અને ભૂમિનો ઉપયોગ વિકાસ નિયંત્રણ વિનિમય માટે પ્રદાન કરવા માટે શહેરી વિકાસની વિનિયમિત કરનાર છે. વિકાસ યોજના એક વાર ૧૦ વર્ષમાં તૈયાર થાય છે અને કેવળ શારીરિક/સ્થાનિક યોજના મુદે થાય છે. મતલબ એ છે કે આ કોઈપણ લંબાઈમાં બુનિયાદમાં સેવા પ્રદાન કે મુદાનો વિચાર નથી કરતો અને આ સમગ્ર વિકાસ અને શહેરી વિકાસની મહત્વપૂર્ણ જરૂરત છે. જો એક જ સંસ્થા દ્વારા પુરા શહેર ભરમાં આ જરૂરીયાત છે. અને સાથે પતાવટ માટે આવશ્યક દ્રષ્ટિકોણ પ્રસ્તાવ નથી. આના સીવાય બુનિયાદી સેવા પ્રદાન કરવા માટે આ યોજના બનાવી શકાય છે. જો આપણો અધિકાર ક્ષેત્રમાં વિકાસની માંગ જવાબ દ્વારા પ્રતિબંધ છે. તેથી ત્યાં કોઈ દીર્ઘકાલીન સ્થાનીક અને જીવનની ગુણવત્તાને સંબોધિત કરવાના એક આમ ઉદ્દેશ્ય સેવા આપવાવાળા યોજના બની છે.

**Long-Term City Development:**

શહેરની લાંબો સમયનો વિકાસ અને બુનિયાદી ઢાંચેની યોજના સ્થાનિક રીતે ચલાવી શકાય છે. તેથી લાંબા સમયની સતત વિકાસની સાથે જોડી શકાય છે. આર્થિક, સમાજીક અને પર્યાવરણ વિકાસ એક અને જ્યાં શહેરની સ્થાનીક વૃદ્ધિ એક વ્યાપક પરીપ્રેક્ષ્યથી સેવા પ્રદાન કરવા અને શાસન કાર્યો માટે ઢાંચા પરિભાષીત થાય છે. નગર વિકાસ યોજના ટકાઉ વિકાસ માટે cornerstonesને  સંબોધિત કરશે. લક્ષ્યો, પરિણામ યોજનામાં અને કાર્યોની રૂપરેખા પ્રદાન કરશે અને સેવાઓ અને સુવિધાઓ નગર નિગમનો રાજકોટ માટે ઉપલબ્ધ કરવા માટેની યોજના માટે ઔચિત્ય સ્થાપિત કરવા અને નગર નિગમની યોજનાને કાર્યાન્વયને પ્રતિબદ્ધતા

લાંબી અને ગુંજાઈશ પરીભાષા કરશે સમય સંસ્થાગત સુધારો અને વિતીય સ્થિરતાની રણનીતી છે.

રાજકોટ મહાનગરપાલિકા વાર્ષિક યોજનાઓ માટે બહાર પ્રત્યે નાણાંકીય વર્ષ માટે કાર્યક્રમ નિર્ધારીત કરવા માટેની જરૂરીયાત છે. અને જનતા માટે એક ટીપ્પણી દેવાની જરૂરીયાત છે. વાર્ષિક યોજના CDP માટે કાર્યાન્વયન વાહન બની જશે. CDPLkો સાથ પ્રમુખ વિશેષતાઓને રાજકોટ શહેરનો વિકાસ પણ વિકાસ યોજનામાં સામેલ કરવામાં આવેલ છે. જો CDP માં વર્ણિત શહેર માટે પરીણામથી જોડાઈ જશે પ્રભાવિત આ વિકાસ યોજના ૨૦૧૧માં પ્રસ્તાવ માટે આધાર બની રહેશે.

**FINANCIAL MANAGEMENT AT RMC :**

લક્ષ્યો અને સંસ્થાઓ તેમજ નાણાંકીય સ્થીરતાની પર ટીકા સંગઠનનું પરીણામ પામવા માટે આ એક વ્યવસ્થા ક્ષમતાની વાત નથી. અને વધારે મહત્વપૂર્ણ એ બાબતે છે કે વિશિષ્ટે મુદા પર જવાબમાં શું બંને દ્વારા એક પ્રણાલી છે કે રાજકોટ મહાનગરપાલિકા અને બીજી એજન્સી માટે ચાલુ રાખવા માટે પ્રોત્સાહન આપવું પડે છે. પ્રભાવશાળી નેતૃત્વ માટે વિતરણ માંગ અને સેવાની રચના છે. અને હું મારી ક્ષમતાથી સક્રીય રહે છે. સંસ્થાઓના પરીક્ષણ અને તેમની જવાબશૈલીમાં નિપુણ છે. જો નિર્ણય નિર્માતા અને સેવા પ્રદાતાઓ સાર્વજનીક સેવા પ્રાકૃતિક અને યોજના છે કે સેવાઓની ગ્રાહક આધારના જવાબ પ્રદાન પ્રોત્સાહનની અપેક્ષા કરી શકાય છે.

રાજકોટ મહાનગરપાલિકા એવી બુનીયાદી પરંપરા અને સેવા વિતરણની ચેલેંજ પર મહેનત કરે છે. નવી રાજ્ય લેખા અને નાણાંકીય પ્રબંધન પ્રથાઓ શરૂ કરે છે. અને આ યોજના પ્રક્રીયા માટે એક લાંબો સમય અને વધારે વિકાસની યોજના બનાવાની પહેલ કરી છે. કાર્યવાહીની યોજના આ બધા પ્રયાસો ને ચાલુ રાખવા માટે વધારે મહેનત કરવી પડે છે.

અહીં પ્રકાશ પાડવામાં આવે છે કે અન્ડરલાઈનીંગ ઈન્સ્ટીટયુટનલ ઈન્સેટીવ આનાથી વિકાસ, નાણા અને સેવાઓ ને બનાવી રાખવા માટે જગ્યામાં નથી. વિશ્લેષણ સંસ્થાગત કોમેનમાં ત્રણ પ્રકારની જરૂરત ઉપર પ્રકાશ નાખેલ છે. સૌથી પહેલા નિશ્ચિત તત્કાલ કદમ કરવા માટે પ્રભાવી યોજના, કાર્યાન્વયન અને નિવેશ અને અન્ય પહેલાની નજર કરે છે. સુનિશ્ચિત કરવાની જરૂરત રાજકોટ અને JNNURMપ્રાથમિકતાઓ માંથી એક CDPLkી સાથે લડાઈમાં છે. બીજા વ્યવસાય પ્રક્રિયા REENGINEERINGમાં સુધાર સમન્વય અને રણનીતિક, તકનીકી વિશેષજ્ઞતા અને બહેતર નાણાંકીય અને માનવ સંશોધન પ્રબંધન ના માધ્યમથી દક્ષતા લાભ રજૂ કરવાની જરૂરત છે. ત્રીજા એક, વ્યાપક પરિવર્તનના એજન્ડા / મેપ શહેરથી બહાર છે અને આ

એજન્ડાની અવધારણા પ્રત્યક્ષ, આના કાર્યાન્વયન ડ્રાઈવ અને પ્રગતિની નજરની વ્યવસ્થા જગ્યામાં રાખવાની જરૂરત છે. આ પ્રકારના સંક્ષેપમાં JNNURMસુધાર એજંડા દ્વારા નિર્દિશતમાં, CDPવ્યવસ્થા નો પ્રસ્તાવ સુનિશ્ચિત કરવા માટે તત્કાલ પગલા કિયાન્વિત કરી રહ્યા છે. પરંતુ વધુ ભૌતિક રૂપથી આની બહાર એક રૂપરેખા જેમાંથી લાંબો સમયના સંસ્થાગત અને નાણાંકીય સ્થિરતા પ્રાપ્ત કરી શકાય છે.

સંસ્થાગત અને નાણાંકીય સ્થિરતાના મુદો છે કે વિશેષ ધ્યાનની આવશ્યકતા છે. અતિવ્યાપી કાર્યોની સાથે સંસ્થાનો ની MULTIPLICITYછે. સંગઠનાત્મક ડિઝાઈન, ક્ષમતા અને વ્યાવસાયિકતા અને પ્રબંધનની જાણકારી માટે પ્રોત્સાહન, કમજોર, એક યોજના અને કાર્યાન્વયનની વચ્ચે અને નગના પ્રબંધન અને શહેરી વિકાસની સાથે કામની વચ્ચે અને તંત્રની કમીના કારણે નાગરીકો અને રાજકોટ મહાનગરપાલિકાની વચ્ચે જવાબદારી સુનિશ્ચિત કરવાની થાય છે.

**MULTIPLICITY OF AGENCIES:**

દેશમાં અન્ય રાજ્યોને વિપરીત, ગુજરાતમાં શહેરી સ્થાનીય નિકાયો (ULBS) ત્યાં અધિક સ્વાયત અને પ્રત્યાયોજિત શક્તિઓ જે સાથે લઈ બુનીયાદી સેવા વિતરણ કાર્ય શરૂ કરે છે.BPMCઅધિનીયમ ૧૯૪૯ નગરપાલિકા શહેરી બુનિયાદી સેવા છે. અને એના અધિકાર ક્ષેત્રમાં આપદા પ્રબંધન ને વિતરણ માટે જવાબદાર નિગમો આપે છે. રાજકોટ નગરનિગમ ને કાનૂન દ્વારા નિહીત અધિકાર ને સાથે આ જવાબદારી ના સૌથી નિષ્પાદિત કરમાં સક્ષમ છે. આની ભૂમિકા બહુ જ સારી રીતે કરી શકાય છે કે સંબંધમાં રાજ્ય સ્તરને ગુજરાત જળ આપૂર્તિ અને સીવરેજ (GWSSB) બોર્ડ છે. જેમાં સંસ્થાનો ની પારિભાષીત થોડુ પાણીની આપૂર્તિ અને ગુજરાત નગર નાણા બોર્ડ (GMFB), રાજ્યના હસ્તાતરણ ના માધ્યમથી આજીવીકા સંવર્ધન ના નાલાપોષક માટે જવાબદાર છે.

**ADMINISTRATIVE REFORMS:**

રાજકોટ મહાનગરપાલિકા કાર્યાત્મક વિકેન્દ્રીકરણ અને ત્રણ પ્રબંધન ક્ષેત્ર બનાવવાની પ્રગતિ છે. પૂર્વ, પશ્ચિમ અને મધ્ય દૈનિક કાર્ય પ્રશાસન યોજના અને નિષ્યાદન કામ કરે છે. પણ ત્રણ ક્ષેત્રોથી બહાર એક DMCની દેખરેખમાં રાખી શકાય છે. સિવીક સેન્ટરમાં ત્રણ ક્ષેત્રોમાં પ્રત્યેક સંપતિકર, પાણીવેરો, જન્મ મૃત્યુ પ્રમાણપત્ર અને નિર્માણની યોજના વગેરેનો ઉપયોગ પ્રદાન કરી શકાય છે.

નગરનિગમ દ્વારા વર્તમાન કાર્યાત્મક મુદા છે કે પ્રતિકૂળ સેવા પ્રદાન કરવાની ક્ષમતા અને દીર્ઘકાલીન સંપતિ નિર્માણ અને પ્રબંધન માટે નગર નિગમની યોજના માટે ક્ષમતામાં પ્રભાવિત ગ્રસ્ત છે.

**INSTITUTIONAL ACCOUNTABILITY:**

લોકતાંત્રીક પ્રણાલી સ્થાનીય સરકાર પોતે સ્વભાવ દ્વારા સાર્વજનીકે ACCOUNTABILITY નો અર્થ છે કે આ વ્યાપક રૂપથી સ્વીકાર કરી શકાય છે કે રાજકોટ મહાનગરપાલિકા અને જનતા વચ્ચે ACCOUNTABILITY સંબંધમાં સુધારો કરી શકાય છે. પરંતુ એક પ્રણાલીગત મુદા પર વિચાર કરી રહ્યા છે કે આ સંભવ થઈ શકે છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નહીં કરી શકાય કે આપણા વર્તમાન ને અધિક ACCOUNTABILITY રૂપમાં, પરંતુ આ સેવા પ્રદાન કરવા માટે વિકાસ અથવા એજન્સીઓ અને આપણા ગ્રાહકોના વધુ પ્રભાવિત વિકાસ કરવા માટે અને એક રાજકોટ મહાનગરપાલિકામાં સશક્ત સ્થિર લેવલના અધિકારીઓને સોંપાઈ અથવા અધિક પ્રદર્શન માટે જવાબદાર એજન્સીઓ પકડવા માટે, વર્તમાન પ્રણાલી સુવીધાઓની એક સંખ્યા માની શકાય છે કે એક સુધાર રોડ મેપ તૈયાર કરી શકાય છે.

**૪.૯ બજેટની પ્રોસેસ :**

RMCની પ્રોસેસ બોટમાંથી ટોપ સુધીની હોય છે. જેમાં ઈનપુટ દરેક ડિપાર્ટમેન્ટમાંથી લેવામાં આવે છે. જેમ કે, એજન્સીમાંથી, પબ્લીક ડિપાર્ટમેન્ટમાંથી, જુદા જુદા અવલોકનો કરીને બજેટની પ્રોસેસ માં એક અથવા એકથી વધારે (૯ વર્ષનું)નું બજેટ નક્કી થાય છે.

તાજેતરમાં RMC એ એક પોલીસી બનાવી છે કે જેમાં ઘણા બધા લોકો વાર્ષિક બજેટની પ્રોસેસમાં ઈનવોલ્વ થાય અને બોટમથી ટોપ સુધીના ડીસીઝન લેવાય. તેમ છતાં પરીણામો લોકો માટે એટલા ઈફેકટીવ નથી બન્યા કેમ કે અમુક લોકો તેમા ભાગ લેતા નથી અથવા તો તેમના રોલની તેમને ખબર નથી. ઝોઓ ઘણા બધા સજેસન આપી શકે છે.

**૪.૯.૧ Financial Reporting:**

ફાઇનાન્સીયલ રીપોર્ટ કરંટ કેશ-બેસીસ એકાઉન્ટથી accrual basedએકાઉન્ટીંગ તરફનો હોય છે. તેની બુકમાં ફાઈનાન્સીયલ રીપોર્ટ, ઈન્સ્ટીટયુટના સ્ટાન્ડ્ડ, અને પ્રોસીઝર અને રેવન્યુ ઈનકમના સ્ટેટમેન્ટ હોય છે.

અત્યારે ULB ફાઈનાન્સીયલ રીપોર્ટ પર ધ્યાન કેન્દ્રીત કરે છે. જે મેન્યુઅલમાં પ્રીસ્કાર્બ કરેલા હોય તેઓ વધુ પડતા ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ ને એસેટર કરે છે.

સીસ્ટમમા સતત અપડેટ કરીને સ્ટાન્ડર્ડ માં ઈમ્પ્રુવમેન્ટ કરવામાં આવે છે.

### ૪.૯.૨ Accounting & Auditing :

બધા ઓપરેશન ટ્રાન્સપરન્ટ રહે તે માટે RMCની પ્રાયોરીટી ફાયનાન્સીયલ સ્ટેટમેન્ટમાં આપવામાં આવે છે. અને તેનું ઓડીટ કરવામાં આવે છે. ત્યારબાદ તેના ફોલો-અપ લેવામાં આવે છે.

એકસટરનલ એજેન્સી દ્વારા લેવામાં આવેલા ઓડીટ સીસ્ટમને વધુ સારી બનાવે છે.

### ૪.૯.૩ મેનેજમેન્ટ ઈન્ફોરમેશન :

નવી મેનેજમેન્ટ ઈન્ફોરમેશન સીસ્ટમ (MIS) RMC માં લેવામાં આવી છે. જેને તરીકે લેવામાં આવેલી છે.

Cell RMCની કેપેસીટી પર ફીક્સ કરે છે અને ટાઈમ ટુ ટાઈમ રીપોર્ટ તૈયાર કરે છે. ઈન્ફોરમેશન પહેલા તો પોલીસી મેકર્સ પાસેથી (મેયર, HOD) ત્યારબાદ પબ્લીક રીલેશન, અને છેલ્લે મીનીસ્ટ્રી ઓફ અર્બન ડેવલોપમેન્ટ તરફ જાય છે.

### ૪.૯.૪ એકાઉન્ટના મેઈન્ટેનન્સ અને રિપોર્ટીંગ :

- સામાન્ય રીતે એકાઉન્ટ અને નાણાંકીય નિયમો વાર્ષિક દરજ્જે બદલતા હોય છે.

RMC એ MOA અને GoG, MoUDસાથે ત્રણ વર્ષમાં બે ગણી પ્રવેશ લેવાનો કરાર કર્યો છે. અને આ માટે RMC એ અલગથી કન્સલ્ટન્સી પણ ચાલુ કરી છે.

### ૪.૯.૫ ફંડ એપ્લીકેશન :

- મોટા ભાગના નાણાંકીય એકાઉન્ટ (૪૫%) આઈટમ હેડે બનાવેલા હોય છે, જ્યારે સર્વિસ
- સિસ્ટમની ગેરહાજરીમાં બંધારણીય તારીફ અને આર્થિક લેવલ બનાવવું અશક્ય છે.

### ૪.૯.૬ રિયાલીસ્ટીક અને ફેઈસ CDP રોકાણની જરૂરિયાત :

- CDPએ મોટાભાગનો ભૌગોલિક વિસ્તાર અને વિકાસતી બિલ્ડીંગની ૨૦૨૧ના વર્ષમાં જરૂર પડશે.
- CDP 2007થી ૨૦૨૧ સુધી રૂા.૪૬૧૦૧ લાખનું રોકાણ કરશે.
- RMC 71% નું CDPકિંમત અને રૂડાના ૨૯% કિંમત ધરાવે છે.
- CDPની ફરજમાં ટેક્ષ, નાણાંકીય ચાર્જ ધરાવે છે.
- RMCની મોટાભાગની આવકમાં પ્રોપર્ટી ટેક્ષ, વેચાણની આવક, જમીન અને અન્ય ક્ષેત્ર જવાબદાર છે. અને ધંધાકીય ટેકસનો પણ સમાવેસ થાય છે.
- અને ખર્ચાલ વિભાગમાં પણ છઠ્ઠા પગાર પંચમાં વધારો કરે છે.

આથી આપણે કહી શકીએ કે એક તરફ રાજ્યનો ખર્ચ વધતો જાય છે. તેમ બીજી તરફ લોકોને મળતું મહેનતાણું પણ વધે છે. આમ, રાજ્યનો વિકાસ થાય છે.

**૪.૧૦ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અપાતી લોન**

૩૧-માર્ચ ૨૦૦૬ માં RMCની ગુજરાત ગર્વમેન્ટ તરફથી રૂ।.૧૪૦.૫ લાખ, બેંક તરફથી રૂ।.૨૧૩ લાખ, ડીબેન્ચર તરફથી રૂ।.૪૮.૭ લાખ અને ભારતીય જીવન વીમા નિગમ તરફથી રૂ।.૨૮.૬ લાખ એમ કુલ રૂ।.૪૩૧ લાખની લોન મળે છે.

- આ લોન પરત કરવાનો ટાઈમ ૧ વર્ષથી ૨૨ વર્ષ સુધીનો હોય છે. અને વ્યાજનો દર ૧૨ ટકાથી ૬.૯ ટકા સુધીનો હોય છે.
- અને અત્યારે વધારે ડિબેન્ચર મળે અને લાંબા સમયગાળા માટે લોન મળે એવું RMC પ્રયત્ન કરી રહી છે.

**૪.૧૧ ઈ-ગવર્નન્સ :**

ઈ-ગવર્નન્સ થી સ્પીડના કામ કરી શકાય છે. રાજકોટ પાસે તેની વેબસાઈટ છે. આ વેબસાઈટ સતત અપડેટ કરવામાં આવે છે. તેના પર એકાઉન્ટીંગની પાણીની સપ્લાઈ, તથા અધર સર્વિસ વિશેની માહિતી હોય છે. જન્મ અને મરણના રેકોર્ડ પર્સનલ મેનેજમેન્ટ તથા પ્લાનના અપ્રુવલ હોય છે.

**૪.૧૨ ભાવિ આયોજન :**

આજે રાજકોટ શહેર પશ્ચિમ દિશામાં કૂદકે ને ભૂસ્કે વિકાસ પથ પર હરણફાળ ભરી રહ્યું છે. ૧૫૦ ફૂટ રીંગ રોડથી આગળ થોડા કિ.મી. દૂર એક રીંગ રોડ નિકળનાર છે ત્યારે આગામી એકાદ દસકા બાદ આ શહેરનો કેવો વિકાસ થશે તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે.

રાજકોટની શહેરી વધતી જતી વસતિ તેમજ ભવિષ્યમાં શહેરની વિસ્તૃત થનારી હદને નજર સમક્ષ રાખી ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે રોડ વિસ્તૃતીકરણ, ભગવતિપરા અને રેલનગર ખાતે અંડરબ્રીજ/ઓવરબ્રીજ, ૧૫૦ ફુટ રીંગ રોડ ઉપર ફ્લાય ઓવર તેમજ બી.આર.ટી.એસ.,ગોંડલ રોડ ઉપર ટ્રાયેંગલ બ્રીજ ઉપરાંત અન્ય યોજનાઓ હાથ ધરાયેલ છે. સાથોસાથ શહેરીજનોની સુવિધા ખાતર ૧૦૦૦ બેઠકોની ક્ષમતા ધરાવતા બે ઓડિટોરિયમ, લાઈબ્રેરી, જિમ્નેશિયમ, ચાર કોમ્યુનિટી હોલ, નવુ ફાયર સ્ટેશન, મહિલાઓ માટે વિવિધ રચનાત્મક પ્રવૃતિ માટેનું કેન્દ્ર અને અતિ આધુનિક મેનેજમેન્ટ કન્વેન્શન સેન્ટર વગેરે યોજનાઓ આગળ ધપાવવામાં આવશે.

શહેરની પીવાના પાણીની ભાવિ જરૂરીયાત ધ્યાનમાં રાખીને રૂ.૪૨૦૦ કરોડના ખર્ચે સુરેન્દ્રનગર પાસેના ધોળીધજા ડેમ ખાતેથી રાજકોટ સુધીની આશરે ૧૫૨ કિ.મી. લાંબી પાઈપ લાઈન દ્વારા જળ જથ્થો મેળવવા માટેની મહત્વકાંક્ષી યોજના હેઠળ ૧૬ કિ.મી. ના અંતરમાં પાઈપ લાઈન બીછાવવાનું કાર્ય અંદાજે રૂ.૨૧ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવશે. એવી જ રીતે શહેરના તમામ વિસ્તારો ભૂગર્ભ ગટર કનેકશન હેઠળ આવરી લઈ ડ્રેનેજનો લક્ષ્યાંક ૧૦૦ ટકા પૂર્ણ કરવા માટે જરૂરી એવી પાઈપ લાઈન સંબંધી કામગીરી ઉપરાંત ચોથો સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની યોજના હાથ ધરવામાં આવશે.

**૪.૧૩ ઉપસંહાર :**

મહાનગરપાલિકા સ્થાનિક સ્વરાજની સંસ્થા કહેવાય છે એટલે મહદ અંશે સ્વતંત્ર રીતે કાર્ય કરે છે આ અગાઉ આવક બાબતે કોઈ ખાસ બાહ્ય મદદ નહોતી હવે સંજોગો બદલાયા છે. મોટા મૂડીકૃત કાર્યો (Capital Works) માટે, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની ગ્રાન્ટ મળે છે. હવે, મહાનગરપાલિકાની પોતીકી કહી શકાય તેવી ઓક્ટ્રોયની આવક તો છે જ નહીં. રાજ્ય સરકાર તરફથી, તે પેટે ગ્રાન્ટની રકમ નિયમિતપણે મળે છે. મહાનગરે હવે નક્કી કરી લીધુ છે, મૂડીકૃત કાર્યો, મોટા માળખાકીય સુવિધાનાં કાર્યો, કેન્દ્ર સરકાર અને /અથવા રાજ્ય સરકાર પાસેથી પ્રાપ્ત ગ્રાન્ટમાંથી અને આ સેવાઓની નિભાવણીનો ખર્ચ સ્થાનિક કરવેરામાંથી કરવાનો રહેછે. આમ, આપણે રાજકોટ શહેરની માળખાકીય સેવા સક્ષમ રીતે ચલાવવાની છે એટલું જ નહીં,પણ ભવિષ્યમાં રાજકોટને જરૂરી તમામ માળખાકીય સુવિધાઓ માટેનું આયોજન એટલુંજ જરૂરી છે. એટલેઆ બજેટની દરખાસ્તો સ્થાનિક, સર્વગ્રાહી, સર્વલક્ષી છે. સર્વે જનાઃ સુખિનો ભવન્તુ ના મંત્રને ચરિતાર્થ કરે છે. પણ તે સાથે, ભવિષ્યમાં રાજકોટને પહોંચી વળવાની યોજનાઓનું આયોજન સ્પષ્ટ રીતે, સબળ રીતે અને પ્રયત્નપૂર્વક નિર્દેશવામાં આવ્યું છે.

# પ્રકરણ-૫
# રાજકોટ મહાનગરપાલિકાની સામાજિક સેવાઓનો અભ્યાસ

૫.૧ પ્રસ્તાવના

૫.૨ યોજનાકાળ દરમ્યાન સામાજિક સેવાક્ષેત્ર પર થયેલ ખર્ચ

૫.૩ ગુજરાત આંતરમાળખાકીય વિકાસ બોર્ડ

૫.૪ રાજકોટ મહાનગરપાલિકાની કામગીરીઓ અને તેમની સેવાઓ

૫.૫ રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્યને લગતી સેવાઓ

૫.૬ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બાળ જન્મદર અનેમૃત્યુદરનું પ્રમાણ

૫.૭ સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગના લોકો માટેની આવાસ યોજના

૫.૮ પ્રાણી સંગ્રહાલય શાખા

૫.૯ લીગલ શાખા

૫.૧૦ મધ્યાહન ભોજન યોજના

૫.૧૧ રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી શાખા

૫.૧૨ ભૂગર્ભ ગટર યોજના

૫.૧૩ લાઈબ્રેરી વિભાગ

૫.૧૪ સ્ટ્રીટ લાઈટ

૫.૧૫ મહેકમ શાખા

૫.૧૬ એસ્ટેટ વિભાગ

૫.૧૭ ઉપસંહાર

# <u>પ્રકરણ-૫</u>

# રાજકોટ મહાનગરપાલિકાની સામાજિક સેવાઓનો અભ્યાસ

## ૫.૧ પ્રસ્તાવના

રાજકોટ મહાનગરપાલિકા વિવિધ ક્ષેત્રે જુદા-જુદા પ્રકારની સામાજીક સેવાઓની કામગીરી બજાવે છે. તેમજ જુદી-જુદી કામગીરી દ્વારા જુદા-જુદાં લક્ષ્યાંકો પ્રાપ્ત કરે છે અને શહેરીકરણને લગતી તમામ પ્રકારની જરૂરીયાત અને સેવાઓ પુરી પાડે છે.

મહાનગરપાલિકા સ્થાનિક કક્ષાએ સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક તથા વિકાસશીલ વગેરે ક્રીયાત્મક સેવાઓ બજાવે છે. આ સેવાઓ મહાનગરપાલિકાને કેન્દ્ર સરકાર અને ઘી બી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ની જોગવાઈ અન્વયે આપેલી ફરજિયાત સેવાઓ પૈકીની સેવાઓ છે, પરંતુ સાથે સાથે મહાનગરપાલિકા ફરજિયાત ઉપરાંત મરજિયાત સેવાઓ પણ પુરી પાડે છે.

અહીં રાજકોટ મહાનગરપાલિકાઓ દ્વારા બજાવવામાં આવેલ મરજિયાત સેવાઓ પૈકી સામુહિક સેવાઓનો અભ્યાસ કરવામાં આવેલ છે. આપણે ભારત દેશમાં અને ભારત દેશનાં નાના-મોટા એકમોમાં અલ્પવિકસિત અને પછાત ગરીબ પ્રજા ગરીબી રેખાની નીચે જીવી રહી છે. ત્યારે કેન્દ્ર સરકારે સંકલિત શહેરી ગરીબી નિવારણ કાર્યક્રમો હાથ ધરેલ છે. આ ગરીબી નિવારણ કાર્યક્રમનો મુખ્ય હેતું નાના નગરોમાંથી મોટા શહેરોમાં થતી હિજરત નિયંત્રણમાં રાખવાનો હતો.

## ૫.૨ યોજનાકાળ દરમ્યાન સામાજિક સેવાક્ષેત્ર પર થયેલ ખર્ચ :

### ૫.૨.૧ વાર્ષિક યોજનાનો અર્થ :

દરેક રાજ્ય સરકારો દ્વારા તેના બજેટના ભાગરૂપે જે તે નાણાંકીય વર્ષમાં જે તે ક્ષેત્રોમાં કરવાપાત્ર ખર્ચનું આયોજન કરાય છે.

### ૫.૨.૨ વાર્ષિક યોજનાથી લોકોને થતા લાભો

સામાન્ય રીતે વાર્ષિક યોજનાં તે રાજ્ય સરકારનાં વાર્ષિક બજેટનો કિંમતી દસ્તાવેજ ગણાય છે. પરંતુ વાર્ષિક યોજનામાં સરકાર દ્વારાં જે તે ક્ષેત્ર માટે જેટલી રકમ ખર્ચવાનો અંદાજ મૂકાયેલાં હોય છે. તેનાથી રાજ્ય સરકાર આગામી વર્ષમાં કઈ દિશામાં વહીવટ કરવા માંગે છે તેનો ખ્યાલ આવી શકે છે.

### ૫.૨.૩ સામાજિક સેવાક્ષેત્ર પર યોજનાનોસમયગાળો:

| યોજનાઓ/સમયગાળો | ખર્ચની જોગવાઈ (રૂ. કરોડ) | ખર્ચ (રૂ. કરોડ) | ખર્ચની જોગવાઈમાં ખર્ચની ટકાવારી |
|---|---|---|---|
| ત્રીજી યોજના (૧૯૬૧-૬૬) | ૨૮૭ | ૨૪૦ | ૮૪% |
| વા. યોજના (૧૯૬૬-૬૯) | ૨૦૨ | ૨૧૧ | ૧૦૪% |
| ચોથી યોજના (૧૯૬૯-૭૪) | ૪૫૫ | ૫૪૫ | ૧૨૦% |
| પાંચમી યોજના (૧૯૭૪-૭૮) | ૮૮૭ | ૧૦૯૫ | ૧૨૩% |
| વાર્ષિક યોજના (૧૯૭૮-૮૦) | ૭૨૭ | ૮૩૧ | ૧૧૪% |
| છઠ્ઠી યોજના (૧૯૮૦-૮૫) | ૩૭૬૦ | ૩૮૮૭ | ૧૦૩% |
| સાતમી યોજના (૧૯૮૫-૯૦) | ૬૦૦૦ | ૬૬૬૮ | ૧૧૧% |
| વાર્ષિક યોજના (૧૯૯૦-૯૨) | ૩૨૦૧ | ૩૩૧૭ | ૧૦૪% |
| આઠમી યોજના (૧૯૯૨-૯૭) | ૧૧૫૦૦ | ૧૧૭૫૬ | ૧૦૨% |
| નવમી યોજના (૧૯૯૭-૦૨) | ૨૮૦૦૦ | - | - |
| વાર્ષિક યોજના (૧૯૯૭-૯૮) | ૪૫૦૦ | ૩૦૯૫ | ૮૭% |
| વાર્ષિક યોજના (૧૯૯૮-૯૯) | ૫૪૫૦ | ૫૩૪૪ | ૯૮% |
| વાર્ષિક યોજના (૧૯૯૯-૨૦૦૦) | ૬૫૫૦ | ૬૪૯૨ | ૯૯% |
| વાર્ષિક યોજના (૨૦૦૦-૦૧) | ૭૦૧૦ | ૫૯૭૪ | ૮૫% |
| વાર્ષિક યોજના (૨૦૦૧-૦૨) | ૭૨૬૮ | ૫૩૫૭ | ૭૪% |
| દસમી યોજના (૨૦૦૨-૨૦૦૭) | ૪૭૦૦૦ | ૨૬૨૬૨ | - |
| અગિયારમી યોજના (૨૦૦૭-૨૦૧૨) | ૧૧૧૧૧૧ | ૯૦૭૦૨.૬૬ | ૮૨% |
| **કુલ** | **૨૪૩૯૦૮** | **૧૭૧૭૭૬.૬૬** | |

(પ્રાપ્તિ સ્થાન :- ગુજરાતનું અર્થતંત્ર પેજ નં.૧૩૨ મુજબ)

અહીં ઉપરની જુદી-જુદી યોજનાઓનાં આયોજનનો ગાળો તથા કુલ ખર્ચમાં સામાજિક સેવાક્ષેત્રે થયેલ ખર્ચનો ટકાવારી હીસ્સો દર્શાવવામાં આવેલ છે. આ માહિતી જોતાં ખ્યાલ આવે છે આયોજનગાળામાં ઉતરોતર સાપેક્ષ ખર્ચ વધ્યું છે. તેનાં પરથી કહી શકાય કે દર યોજનામાં કુલ ખર્ચ વધ્યું તેથી નિરપેક્ષ ખર્ચ વધવા પામેલ છે.

### ૫.૨.૪ ક્યા ક્ષેત્રમાં કેટલાં ટકા રૂપિયા ખર્ચાશે:

| વિગત | ટકાવારી ખર્ચ |
|---|---|
| સામાજિક સેવાઓ | ૪૧% |
| સિંચાઇ પુર નિયંત્રણ | ૨૩% |
| પરિવહન | ૧૦% |
| ઉર્જા | ૦૮% |
| કૃષિ સંલગ્ન સેવાઓ | ૦૬% |
| ઉદ્યોગ ખનિજ | ૦૫% |
| સંદેશા વ્યવહાર | ૦૩% |
| અન્ય | ૦૧% |
| **કુલ** | **૧૦૦%** |

પ્રાપ્તિ સ્થાન : દિવ્ય ભાસ્કર તા.૧૬-૦૧-૨૦૧૩

## ૫.૩ ગુજરાત આંતરમાળખાકીય વિકાસ બોર્ડ

ગુજરાત આંતરમાળખાકીય સુવિધા બોર્ડની સ્થાપના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રોમાં વધુ મૂડીનો પ્રવાહ મળી રહે, ખાનગી ક્ષેત્રની ભાગીદારી વધે અને રાજ્ય સરકારની વિવિધ એજન્સીઓ સાથે સંકલન અર્થે કરવામાં આવેલ છે. તે સંદર્ભમાં રાજ્ય દ્વારા ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ એક્ટ, ૧૯૯૯નું ઘડતર કરવામાં આવેલ છે. આ કાયદા દ્વારા માળખાકીય સુવઘાઓની યોજનાઓમાં ખાનગી મૂડીરોકાણ મેળવવા માટેની જોગવાઈઓ અને પદ્ધતિઓ નક્કી કરવામાં આવેલ છે.

**૫.૩.૧ BIG-2020 Vision :**સામાજિક, ઔદ્યોગિક અને હયાત આંતરમાળખાકીય સુવધિાઓ થકી ઝડપી, સમતોલ, વ્યાપક અને ટકાઉ વૃદ્ધિ દ્વારા ગુજરાતને રહેવા તથા ધંધો કરવા માટેની વૈશ્વિક પસંદગીનું સ્થળ બતાવવા Vision : BIG-2020 તૈયાર કરવામાં આવેલ છે.

**૫.૩.૨. BIG-2020 Visionન્યુ પ્લાનીંગ:**રાજ્યમાં થઈ રહેલા ઘણા પરિવર્તનોની પશ્ચાદભૂમિકામાં ઉપલબ્ધ થતી ઘણી તકોને ધ્યાને લઈ, વ્યાપક પરામર્શ પછી BIG-2020પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. (કોષ્ટક ૫.૧)

**૫.૩.૩ : BIG-2020ની માળખાકીય સુવિધાઓ:**માળખાગત ક્ષેત્રોમાં રોકાણની રૂપરેખા રજૂ કરે છે. માળખાગત સુવિધાઓનું સર્જન ઉત્પાદન અને સેવા ક્ષેત્રમાં રોકાણોને આકર્ષશે જે રોજગાર અને માથાદીઠ આવકમાં નોંધપાત્ર વધારો આણશે તેમ અપેક્ષિત છે. જ્ઞાન, સુરક્ષા, પાણી, ઊર્જા

અને પાવર સાથેના પંચમુખી વ્યૂહરચના, 'પંચામૃત' ને કારણે ગુજરાતનો માનવ વિકાસ સૂચકઆંક નોંધપાત્ર રીતે વધશે. પરિણામે રાજ્યના અંતરીયાળ સ્થળે રહેતા લોકો સહિત તમામ નાગરિકોનો સાર્વત્રિક વિકાસ થશે.

### ૫.૩.૪ BIG૨૦૨૦ યોજનાની રૂપરેખાનું ટકાવારીનું પ્રમાણઃ

### (તબક્કાવાર રૂ. કરોડમાં)

ગુજરાત આંતરમાળખાકીય વિકાસ બોર્ડ દ્વારા સંદર્ભ સમય દરમ્યાન હાથ ધરાયેલ જુદી જુદી કામગીરીની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | ક્ષેત્ર | કુલ રૂ. કરોડમાં | ૨૦૧૦ | ૨૦૧૨ | ૨૦૧૭ | ૨૦૨૦ |
|---|---|---|---|---|---|---|
| ૧ | વીજળી વીજક્ષેત્ર | ૨૨૫૨૫૪ | ૧૬.૨૮% | ૨૧.૧૬% | ૧૬.૩૨% | ૪૬.૨૪% |
| ૨ | ઉર્જા ગેસ ક્ષેત્ર | ૧૨૩૩૬૬ | ૮.૧૮% | ૧૩.૨૬% | ૬૫.૮૫% | ૧૨.૭૦% |
| ૩ | એસ.આઈ.આર. ધોલેરા | ૧૦૮૫૨૦ | - | ૩.૮૭% | ૯૬.૧૩% | - |
| ૪ | ડી.એમ.આઈ.સી.માં ઔદ્યોગિક નોડ્સ તથા એસ.આઈ.આર. ધોલેરા સિવાય | ૩૩૫૨૧ | - | ૧૬.૯૨% | ૮૩.૦૮% | - |
| ૫ | ઔદ્યોગિક પાર્ક અને ડી.એમ.આઈ.સી.ની સ્પેશિયલ આર્થિક ઝોન | ૨૫૭૩૬ | - | ૬૧.૬૯% | ૩૮.૩૧% | - |
| ૬ | રસ્તા | ૭૩૪૪૩ | ૩૦.૩૦% | ૪૬.૨૯% | ૧૬.૫૬% | ૬.૮૫% |
| ૭ | બંદરો | ૧૧૯૯૫૭ | ૭.૯૭% | ૩૬.૬૭% | ૩૫.૨૧% | ૨૦.૧૫% |
| ૮ | રેલ્વે | ૮૫૬૦૯ | ૨.૪૪% | ૭.૨૯% | ૯૦.૨૭% | - |
| ૯ | લોજીસ્ટીક પાર્ક્સ અને સેવાઓ | ૪૨૪૮ | ૪૯.૫૩% | ૫૦.૪૭% | - | - |
| ૧૦ | હવાઈમથક | ૧૫૮૯૮ | ૧૮.૦૮% | ૫૩.૯૨% | ૨૮.૦૦% | - |
| ૧૧ | શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર | ૧૧૧૯૨૪ | ૧૦.૩૭% | ૧૧.૯૪% | ૫૮.૧૮% | ૧૯.૫૧% |
| ૧૨ | પાણી પુરવઠો | ૧૩૬૪૩૫ | ૨૦.૩૫% | ૧૩.૬૩% | ૩૬.૬૧% | ૨૯.૪૧% |
| ૧૩ | માહિતી ઔદ્યોગિક સંબંધિત પ્રોજેક્ટસ | ૪૨૮૯ | ૬.૭૧% | ૨૭.૯૬% | ૩૬.૪૪% | ૨૮.૮૯% |
| ૧૪ | પ્રવાસન | ૪૮૬૫૬ | ૩૫.૦૬% | ૩૬.૭૬% | ૨૮.૧૮% | - |
| ૧૫ | ખેત ઈન્ફ્રાસ્ટ્રક્ચર | ૧૯૪૧૭ | - | ૧૬.૯૨% | ૨૬.૪૮% | ૫૬.૬૦% |
| ૧૬ | શિક્ષણ | ૧૫૮૭૯ | ૨૭.૯૩% | ૨૦.૦૪% | ૨૯.૨૩% | ૨૨.૮૦% |
| ૧૭ | આરોગ્ય | ૧૬૧૧૭ | - | ૨૧.૦૧% | ૪૭.૫૬% | ૩૧.૪૩% |
| ૧૮ | માનવ સંસાધન જરૂરીયાત અને વિકાસ | ૨૦૦ | ૩૫% | ૩૫% | ૩૦% | - |
| ૧૯ | પર્યાવરણ | ૧૨૪૪૩ | - | ૨૨.૯૪% | ૫૫.૨૮% | ૨૧.૭૮% |
| | **કુલ** | **૧૧૮૦૯૧૨** | **૧૨.૪૩%** | **૨૧.૦૫%** | **૪૬.૬૫%** | **૧૯.૮૭%** |

(પ્રાપ્તિ સ્થાન : સામાજિક આર્થિક સમીક્ષા, ગુજરાત રાજ્ય ૨૦૧૧-૧૨ પેજ નં.૩૩)

**વિશ્લેષણ :**

ઉપરોક્ત કોષ્ટક દ્વારાં વિશ્લેષણ કરતા ગુજરાત અંતરમાળખાકીય વિકાસમાં સૌથી વધુ હિસ્સો વીજક્ષેત્રનો જોવાં મળે છે. જ્યારે સૌથી ઓછો હીસ્સો માનવસંશાધનનો જોવા મળે છે.

માનવસંશાધનનાં યોજનાનાં હિસ્સા કરતા વીજક્ષેત્રનો હીસ્સો લગભગ ૮.૮૮% જેટલો વધુ જોવા મળે છે.

**૫.૪ રાજકોટ મહાનગરપાલિકાની કામગીરીઓ અને તેમની સેવાઓ:**

યોજનાકાળ દરમ્યાન તેમજ છેલ્લાં દાયકામાં કેન્દ્ર સરકારે સેવાક્ષેત્રે કરેલ ખર્ચની આંકડાકીય માહિતી તપાસી સાથે-સાથે ગુજરાત સરકારશ્રીની સામાજિક આંતર માળખાકીય સુવિધાઓનું લક્ષ્યાંક પણ દર્શાવવામાં આવેલ છે.

હવે, અહીં આ પ્રકરણમાં આપણે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા થતી વિવિધ કામગીરીઓ દ્વારા બજાવવામાં આવતી બી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ની કલમ અન્વયે મરજિયાત સેવાઓ તથા કેન્દ્ર સરકાર વતિ બજાવવામાં આવતી મહાનગરપાલિકાઓની સામાજિક સેવાઓનો અભ્યાસ કરવામાં આવેલ છે.

**૫.૪.૧ રાજકોટ મહાનગરપાલિકાની વિવિધ કામગીરીઓની માહિતી:**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પછાત અને ગરીબ વર્ગન લોકોનાં સંપૂર્ણ વિકાસ માટે તથા રાજકોટ મહાનગરપાલિકાને ગરીબીરેખાની ઉપર લઈ જવા માટે રાજકોટ મહાનગરપાલિકા તથા કેન્દ્ર સરકાર સામાજિક સેવાઓ લક્ષી કાર્યક્રમો બજાવે છે જેની અહીં આપણે વિગતે ચર્ચા કરીશું.

(એ) સંકલિત બાળ વિકાસ યોજનાં (I.C.D.S.) સંકલિત બાળ વિકાસ યોજના (ઈન્ડિયન ચાઈલ્ડ ડેવલપમેન્ટ સ્કીમ) જે આઈ.સી.ડી.એસ.ના ટુંકા નામે ઓળખાય છે. આ બાળ વિકાસ સેવા યોજના કેન્દ્ર પુરસ્કૃત છે. અને ગુજરાત સરકારશ્રીનાં આ યોજનાં અન્વયે ૯૦% ગ્રાન્ટ ફાળવે છે.

સમાજનાં અન્ય ક્ષેત્રે થઈ રહેલા વિકાસની સાથે વૃદ્ધિ પામ્યે જતા સ્લમ, આર્થિક રીતે નબળા અને પછાત વિસ્તારમાં રહેતાં લોકોમાં પોષણ અને આરોગ્યની વિવિધ ખામીઓ પણ વધતી જતી જોવા મળે છે. આ વર્ગોનાં ઉત્કર્ષ માટે શહેરી વિસ્તારની આ અંગેની કામગીરી મહાનગરપાલિકા હસ્તક સોંપાયેલી છે.

**૫.૪.૨ ભૂમિકા :**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારાં ઈ.સ.૧૯૮૨-૮૩ થી આ યોજનાં અમલમાં આવેલ છે. જેમાં કુલ ૧૬૩ આંગણવાડી કેન્દ્રો મંજુર થયેલા હતા. જેમાં ૫૦ કેન્દ્રો ઈ.સ.૧૯૮૨-૮૩ થી અમલમાં આવેલ ફરી ઈ.સ.૧૯૮૫-૮૭ દરમ્યાન કુલ બીજા ૧૦૦ કેન્દ્રો ચલાવવામાં આવેલ છે. આ ૧૦૦ કેન્દ્રો પાંચ સંસ્થાઓ ચલાવે છે.

### ૫.૪.૩ આંગણવાડીનુ પ્રમાણ દર્શાવતું કોષ્ટક (૨૦૧૦-૨૦૧૧)

| **ક્રમ** | **વિગત** | **આંગણવાડી** |
|---|---|---|
| ૧ | રાજકોટ મ્યુ. કોર્પોરેશન | ૫૦ કેન્દ્રો |
| ૨ | ફેમીલી પ્લાનીંગ એસોસીએશન | ૨૦ કેન્દ્રો |
| ૩ | પુતળચા ગૃહઉદ્યોગ મંદિર | ૨૦ કેન્દ્રો |
| ૪ | લોકસેવા સમાજ ટ્રસ્ટ | ૨૦ કેન્દ્રો |
| ૫ | ઈન્ડિયન રેડક્રોસ | ૨૦ કેન્દ્રો |
| ૬ | સૌરાષ્ટ્ર કલ્યાણ ટ્રસ્ટ | ૨૦ કેન્દ્રો |
| | **કુલ** | **૧૫૦ કેન્દ્રો** |

હાલ રાજકોટ મહાનગરપાલિકા દ્વારાં વધુ ૧૩ આંગણવાડીઓ નવી ચલાવવામાં આવે છે. સરકારશ્રી તરફથી ૧૦૦% ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. આંગણવાડી કેન્દ્રો ૧૦૦૦ની વસ્તીએ એક કેન્દ્ર શરૂ કરવામાં આવે છે. અને હાલ કુલ ૧૬૩ આંગણવાડી કેન્દ્રો ચાલુ છે.

**૫.૪.૪ સેવાઓ :**

આ યોજના અંતર્ગત ૬ મુખ્ય સેવાઓ પુરી પાડવામાં આવે છે.

૧. આરોગ્ય તપાસ
૨. રેફરલ સેવા
૩. પૂરક પોષણ
૪. પૂર્વ પ્રાથમિક શિક્ષણ
૫. રોગપ્રતિકારક રસીકરણ
૬. આરોગ્ય તથા પોષણ વિષયક માતાઓને શિક્ષણ

**૫.૪.૫ હેતુઓ:**

૧. સરકારી સંસ્થાઓ કે સામાજિક સેવા સંસ્થાઓનું સંકલન કરવું.
૨. બહેનોને આરોગ્ય પોષણ શિક્ષણ આપવું.
૩. બાળકોનું આહાર-પોષણ સ્તર સુધારવું.
૪. સરકારી સંસ્થાઓ કે સામાજિક સેવા સંસ્થાઓનું સંકલન કરવું.
૫. બાળમૃત્યુ, બાળમાંદગી, માતામૃત્યુ તેમજ અધવચ્ચેથી શાળા છોડીને જતા બાળકોનું પ્રમાણ ઘટાડવું.

### ૫.૪. ૬ સ્ટાફ પેટર્નનીવિગતદર્શાવતું કોષ્ટક

| **ક્રમ** | **હોદ્દો** | **સંખ્યા** |
|---|---|---|
| ૧ | સી.ડી.પી.ઓ. (ચાઈલ્ડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ ઓફીસર) | ૦૧ |
| ૨ | મેડીકલ ઓફિસર | ૦૧ |
| ૩ | સુપરવાઈઝર | ૦૩ |
| ૪ | સેવિકાઓ | ૦૩ |
| ૫ | સ્ટેસ્ટીકલ આસિસ્ટન્ટ | ૦૧ |
| ૬ | કલાર્ક | ૦૨ |
| ૭ | આંગણવાડી કાર્યક્રમો (બહેનો) | ૩૩૦ |
| ૮ | પટ્ટાવાળા અને ડ્રાયવર | ૩૩૦ |
| | **કુલ** | **૬૭૧** |

**૫.૪.૭ રજીસ્ટાર :**

આ યોજનામાં આંગણવાડી કેન્દ્રો તથા અન્ય માહિતી માટે કુલ ૮ રજિસ્ટારો તૈયાર કરવામાં આવે છે.

૧. જન્મમરણની નોંધ

૨. સ્ટોક રજિસ્ટાર

૩. સર્વે રજિસ્ટાર

૪. હાજરીપત્રક માતાઓનું

૫. હાજરીપત્રક બાળકોનું

૬. રસીકરણ

૭. ગ્રોથકાર્ડ

૮. ગૃહ મુલાકાત.

આ રજિસ્ટારમાં જુદી-જુદી માહિતી એકઠી કરવામાં આવે છે અને દર વર્ષે અહેવાલ બહાર પાડે છે.

**૫.૪.૮ આંગણવાડી (આઇ.સી.ડી.એસ.)ની મુખ્ય પ્રવૃત્તિઓ :**

૧. પૂરક આહાર :

૨ ૦ થી ૧ વર્ષના બાળકો

૩ ૧ થી ૩ વર્ષના બાળકો

૪ ૩ થી ૬ વર્ષના બાળકોને આપવામાં આવે છે.

૫ સગર્ભા –છાત્રી માતાઓને આપવામાં આવે છે.

૬ ગ્રેડ-૩-૪ માં નબળા બાળકોને થેરાપ્યુટીક ફુડ (સુખડી) આપવામાં આવે છે.

**૨. લાભાર્થીઓને આપવામાં આવતો પુરક આહાર :**

| **વાર** | **આપવામાં આવતું મેનું** | **રીમાર્કસ** |
|---|---|---|
| સોમવાર | શીરો, ફ્રુટ | ફોર્ટીફાઇડ આટામાંથી |
| મંગળવાર | ગરમ નાસ્તો, બટેટા, ચણા, કઠોળ | દરરોજ પૂરક પોષણ |
| બુધવાર | ઉપમા | આપવામાં આવે છે. |
| ગુરુવાર | શીરો-ફ્રુટ | -- |
| શુક્રવાર | ગરમ-નાસ્તો | સગર્ભા, ધાત્રી, કિશોરીઓને |
| શનિવાર | ઉપમાં-પ્રિમીક્સ | સુખડી આપવામાં આવે છે. |

**૩. મંજુર થયેલ કેન્દ્રો :**

| **ક્રમ** | **કેન્દ્રો** | **સંખ્યા/વેતન** |
|---|---|---|
| ૧. | મંજુર થયેલ કેન્દ્રો | ૩૩૦ |
| ૨. | કાર્યાન્વીત કેન્દ્રો | ૩૩૦ |
| ૩. | ફરજ બજાવતાં કુલ વર્કરોની સંખ્યા | ૩૩૦ |
| ૪. | ફરજ બજાવતાં કુલ હેલ્પરોની સંખ્યા | ૩૩૦ |
| ૫. | વર્કરોને મળતું માનદ વેતન | ૪૦૦૦ |
| ૬. | હેલ્પરોને મળતું માનદ વેતન | ૨૦૦૦ |
| | **કુલ** | **૭૩૨૦** |

**૪. લાભાર્થીની સંખ્યાઃ**

| વર્ષ | ૧ થી ૩ વર્ષના બાળકો | ૩ થી ૬ વર્ષના બાળકો | સગર્ભા માતા | છાત્રી માતા | ઇકશોરી |
|---|---|---|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૨૩૭૫ (૧૨.૭૦%) | ૨૮૭૫ (૧૫.૧૪%) | ૯૭૫ (૨૩.૨૯%) | ૮૫૦ (૨૦.૫૫%) | ૧૧૬૦ (૧૦.૧૬%) |
| ૨૦૧૦-૧૧ | ૬૫૦૦ (૩૪.૭૭%) | ૬૯૧૦ (૩૬.૪૦%) | ૧૫૫૦ (૩૭.૦૨%) | ૧૬૩૫ (૩૮.૫૯%) | ૩૫૬૦ (૩૧.૨૧%) |
| ૨૦૧૧-૧૨ | ૯૮૧૯ (૫૨.૫૨%) | ૯૨૦૦ (૪૮.૪૬%) | ૧૬૬૨ (૩૯.૬૯%) | ૧૭૫૨ (૪૧.૩૫%) | ૬૬૮૮ (૫૮.૬૩%) |
| કુલ | ૧૮૬૯૪ | ૧૮૯૮૫ | ૪૧૮૭ | ૪૨૩૭ | ૧૧૪૦૮ |

**વિશ્લેષણ :**

ઉપરોક્ત કોષ્ટક દ્વારાં વિશ્લેષણ કરી શકાય છે કે ૩ થી ૬ વર્ષનાં બાળકો લાભાર્થીનો પ્રમાણ સૌથી વધુ છે જ્યારે સગર્ભા માતાને મળતી સહાયનું પ્રમાણ સૌથી ઓછુ છે. ઉપરોક્ત કોષ્ટક જોતા સ્પષ્ટ થાય છે કે લાભાર્થીની સંખ્યામાં દર વર્ષે વધારો થતો જોવા મળે છે. જે ઉપરોક્ત કોષ્ટકની ટકાવારીનું પ્રમાણ જોતાં સ્પષ્ટ થાય છે.

**૫. લક્ષ્યાંક સિદ્ધી :**

| વર્ષ | લક્ષ્યાંક | સિદ્ધિ |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૭૭૦૦ (૧૬%) | ૬૯૪૧ (૧3%) |
| ૨૦૧૦-૧૧ | ૨૦૨૦૧ (૪૨%) | ૧૮૬૦૫ (૩૬%) |
| ૨૦૧૧-૧૨ | ૨૦૨૦૧ (૪૨%) | ૨૬૧૨૧ (૫૧%) |
| **કુલ** | **૪૮૧૦૨** | **૫૧૬૬૭** |

**વિશ્લેષણ :**

ઉપરોક્ત કોષ્ટક દ્વારાં જોઈ શકાય છે કે દર વર્ષે લક્ષ્યાંક સિદ્ધીમાં વધારો થતો જોવા મળે છે. વર્ષ ૨૦૦૯-૧૦ કરતા વર્ષ ૨૦૧૦-૧૧માં ૨૬%નો વધારો જોવા મળે છે. તે જ રીતે

લાભાર્થીઓને આપવામાં આવતી સહાય સિદ્ધિમાં વર્ષ ૨૦૦૯-૧૦ કરતા વર્ષ ૨૦૧૦-૧૧માં ૨૩% વધારો થયો હતો. જ્યારે ૨૦૧૧-૧૨માં ૫૧% નો વધારો જોવા મળે છે.

**૬. બાલીકા સમૃદ્ધિ યોજના :**

| વર્ષ | સંખ્યા | લાભાર્થી દીઠ રૂપિયા | ચુકવેલ રકમ | ટકાવારીનું પ્રમાણ |
|---|---|---|---|---|
| ૨૦૧૦-૧૧ | ૧૪૬૬ | ૫૦૦ | ૭,૩૩,૦૦૦/- | ૧૮.૬૨% |
| ૨૦૧૧-૧૨ | ૪૫૧૦ | ૫૦૦ | ૨૨,૫૫,૦૦૦/- | ૫૭.૨૭% |
| ૨૦૧૧-૧૨ | શીષ્યવૃત્તિ ચૂકવવાનો ખર્ચ | | ૯,૪૯,૪૦૩/- | ૨૪.૧૧% |
| **કુલ ખર્ચ** | | | **૩૯,૩૭,૪૦૩** | |

**વિશ્લેષણ:**

ઉપરોક્ત કોષ્ટક પરથી વિશ્લેષણ કરતા બાલીકા સમૃદ્ધિ યોજનાનો કુલ ખર્ચ રૂ.૩૯,૩૭,૪૦૩ લાખ છે જ્યારે વર્ષ ૨૦૧૦-૧૧ કરતાં વર્ષ ૨૦૧૧-૧૨માં આ ખર્ચનું પ્રમાણ વધીને ૩૮.૬૫% થયેલ હતું. પરંતુ અંતિમ વર્ષમાં શીષ્યવૃત્તિ ચુકવવાના ખર્ચનું પ્રમાણ ઘટીને ૩૩.૧૬% થયેલું જોવા મળે છે. જેમાં ખર્ચનું પ્રમાણ ઘટતું માલુમ પડે છે.

**૭. બાલીકા સમૃદ્ધિ માટે મળેલ ગ્રાન્ટનુંપ્રમાણઃ**

| વર્ષ | મળેલ ગ્રાન્ટની સંખ્યા (રૂપિયામાં) | ટકાવારીનું પ્રમાણ |
|---|---|---|
| ૨૦૧૦-૧૧ | ૫,૦૦,૦૦૦/- | ૧૧.૭૫% |
| ૨૦૧૧-૧૨ | ૩૭,૫૫,૦૦૦/- | ૮૮.૨૫% |
| **કુલ** | **૪૨,૫૫,૦૦૦** | |

**વિશ્લેષણ :**

બાલીકા સમૃદ્ધિમાં મળેલ ગ્રાન્ટના પ્રમાણમાં વર્ષ ૨૦૧૦-૧૧ કરતાં વર્ષ ૨૦૧૧-૧૨માં ૮૮.૨૫% નો જંગી વધારો જોવા મળે છે. જે એક વિકાસલક્ષી બાબત કહી શકાય.

## ૮. યોજના માટે મળેલ ગ્રાન્ટ તથા થયેલ ખર્ચ નું પ્રમાણ

| વર્ષ | થયેલ ખર્ચ | | મળેલ ગ્રાન્ટ | |
|---|---|---|---|---|
| | પ્લાન | નોનપ્લાન | પ્લાન | નોનપ્લાન |
| ૨૦૦૭-૦૮ | ૩૧૩૩૫૧૯ | ૬૧૭૮૬૧૭ (૮.૪૭%) | - | ૩૯૨૮૦૦૦ (૩.૦૭%) |
| ૨૦૦૮-૦૯ | ૩૯૮૪૧૬૮ | ૯૬૮૦૨૪૩(૧૨.૪૩%) | ૬૪૨૪૧૬૯ | ૫૯૦૨૭૫૦ (૯.૬૪%) |
| ૨૦૦૯-૧૦ | ૩૬૨૫૬૧૧ | ૧૧૪૬૧૦૪ (૧૩.૪૪%) | ૩૫૧૩૨૨૮૧ | ૪૫૪૦૦૦૦(૧૪.૧૨%) |
| ૨૦૧૦-૧૧ | ૧૧૫૮૭૮૮૯ | ૧૬૬૬૪૫૨૪ (૨૫.૭૧%) | ૧૭૨૩૩૨૨૦ | ૧૭૦૮૮૯૦૦ (૨૬.૮૫%) |
| ૨૦૧૧-૧૨ | ૧૫૦૯૩૯૯૫ | ૨૮૮૦૮૦૬૩ (૩૯.૯૫%) | ૧૯૯૦૪૩૦૦ | ૩૯૩૧૩૮૦૦ (૪૬.૩૨%) |
| **કુલ** | **૩૭૪૨૫૧૮૨** | **૭૨૪૭૭૫૫૧** | **૪૭૦૭૪૯૧૭** | **૮૦૭૭૩૪૫૦** |

**વિશ્લેષણ :**

બાલીકા સમૃદ્ધિ યોજનામાં મળેલ ખર્ચનું પ્રમાણ સૌથી વધુ વર્ષ ૨૦૧૧-૧૨માં ૩૯.૯૫% જોવા મળે છે. કોષ્ટકમાં જોઈ શકાય છે કે ખર્ચમાં ઉતરોત્તર વધારો થયેલ જોવા મળેલ છે. જ્યારે ગ્રાન્ટમાં પણ કુલ ખર્ચ કરતા વધારો એટલે ખર્ચ કરતા ગ્રાન્ટમાં વર્ષ ૨૦૧૧-૧૨માં ૬.૩૭% જેટલો વધારો જોવા મળે છે.ગ્રાન્ટમાં પણ દરેક વર્ષમાં ઉતરોતર વધારો થયેલ જોવા મળે છે.

## ૫.૫ રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્યને લગતી સેવાઓ :

ખાસ કરીને શહેરોમાં જ્યાં વિવિધ આરોગ્ય લક્ષી સેવાઓને માંડ પહોંચી શકાય છે. ત્યારે શહેરની બહારના વિસ્તારમાં રહેતાં ઝુંપડપટ્ટીના વિસ્તારનાં લોકોને જે તે શહેરમાં તે ઝુંપડપટ્ટીનો સમાવેશ થતો ન હોવાને કારણે આરોગ્યલક્ષી સેવાઓ એટલે કે ગટર, પાણી તેમજ ગંદા પાણીનાં નિકાલ માટેની સુવિધા નો અભાવ હોય છે. અને તેને કારણે આ પછાત વિસ્તાના લોકો જ્યા ત્યાં કચરો નાંખી પોતાના જ રહેણાંક વિસ્તારની આજુબાજુ પોતાના આરોગ્યને જોખમમાં મુકે છે.અને ખાસ કરીને ચોમાસાની ઋતુમાં આવા ગંદા પાણીનાં નિકાલ નહી થવાને કારણે અનેક રોગોનો ભોગ આ વિસ્તારનાં લોકો બનતાં હોય છે. તેમજ આરોગ્યને લગતી સેવાઓમા કુલ પ્રસુતિના પ્રમાણમાં સરકારી સંસ્થામાં થયેલ પ્રસૂતિ, ખાનગી સંસ્થામાં થયેલ પ્રસૂતિ, ઘરે થયેલ પ્રસૂતિ અને મુશ્કેલી વાળી થયેલ પ્રસૂતિનું પ્રમાણ ટકાવારી પ્રમાણે નીચે મુજબ છે.

### ૫.૫.૧ કુલ પ્રસૂતિનું પ્રમાણઃ

કુલ પ્રસુતિના પ્રમાણમાં સરકારી સંસ્થામાં થયેલ પ્રસૂતિ, ખાનગી સંસ્થામાં થયેલ પ્રસૂતિ, ઘરે થયેલ પ્રસૂતિ અને મુશ્કેલી વાળી થયેલ પ્રસૂતિનું પ્રમાણ ટકાવારી પ્રમાણે નીચે મુજબ છે.

### ૫.૫.૨ કુલ પ્રસૂતિનું પ્રમાણઃ

| ક્રમ | કુલ પ્રસૂતિનું પ્રમાણ | સંખ્યા | ટકાવારીનું પ્રમાણ |
|---|---|---|---|
| ૧ | સરકારી સંસ્થામાં થયેલ પ્રસૂતિ | ૬૩૪૪ | ૨૬.૨૭% |
| ૨ | ખાનગી સંસ્થામાં થયેલ પ્રસૂતિ | ૧૫૧૯૯ | ૬૨.૯૩% |
| ૩ | ઘરે થયેલ પ્રસૂતિની સંખ્યા | ૫૮૧ | ૨.૪૦% |
| ૪ | મુશ્કેલીવાળી પ્રસૂતિની સંખ્યા | ૨૦૨૮ | ૮.૪૦% |
| | **કુલ** | **૨૪૧૫૨** | |

**વિશ્લેષણઃ**

ઉપરોક્ત કોષ્ટક પરથી વિશ્લેષણ કરી શકાય છે કે ખાનગી સંસ્થામાં થયેલ પ્રસૂતિની સંખ્યા સૌથી વધુ ૬૨.૯૩% જોવા મળે છે. જ્યારે ઘરે થયેલ પ્રસૂતિની સંખ્યાનું પ્રમાણ માત્ર ૨.૪૦% જોવા મળે છે. જેનાં પરથી કહી શકાય કે અદ્યતન ટેકનોલોજીનો વિકાસ થવાથી તેમજ તબીબી સેવાઓ ઉપલબ્ધ થવાથી ઘરે થયેલ પ્રસૂતિનાં પ્રમાણમાં ઘટાડો થયેલ જોવા મળે છે. જ્યારે સરકારી અને ખાનગી સંસ્થામાં પ્રસૂતિ થવાનું પ્રમાણમાં વધારો જોવા મળે છે.

### ૫.૫.૩ કુટુંબ નિયોજનનું પ્રમાણ

ભારતમાં વસ્તીવિસ્ફોટ જોવા મળે છે. ભારતમાં ૧૯૦૧માં ૨૩.૮૩ કરોડ વસ્તી હતી તે વધીને ૧૯૫૧માં ૩૬.૧૦ કરોડ થઈ હતી. આમ, ૫૦ વર્ષોનાં ગાળામાં ભારતની વસ્તી લગભગ દોઢ ગણી થઈ હતી. ૨૦૦૧માં ભારતની કુલ વસ્તી ૧૦૨.૭૦ કરોડ હતી. ભારતની વસ્તી ૨૦૧૧માં વસ્તી ગણતરીનાં અંદાજ પ્રમાણે ૧.૨૧ અબજ થઈ છે. ગત દસ વર્ષમાં ભારતની વસ્તીમાં ૧૮.૧૦ કરોડનો વધારો થયો છે. દુનિયાની કુલ વસ્તીમાં ચીન પ્રથમ નંબરે ૧૯.૪ ટકા વસ્તી ધરાવે છે બીજા નંબરે ભારતની વસ્તી ૧૭.૫ ટકા હિસ્સો ધરાવે છે. આ વસ્તીવૃદ્ધીનો દર અટકાવવા માટે કુટુંબનિયોજનનાં સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે જેનું પ્રમાણ નીચે મુજબ છે.

### ૫.૫.૪ કુટુંબનિયોજનનું પ્રમાણઃ (વર્ષ ૨૦૧૦-૧૧)

| ક્રમ | કુંટુંબ નિયોજનનું પ્રમાણ | સંખ્યા | ટકાવારીનું પ્રમાણ |
|---|---|---|---|
| ૧ | એન.એસ.વી. કેસોની સંખ્યા | ૧૪ | - |
| ૨ | લેપ્રોસ્કોપીક ઓપરેશનની સંખ્યા | ૧૬૩૬ | ૦.૩૦% |
| ૩ | મીનીલેપ ઓપરેશનની સંખ્યા | ૦ | - |

| | | | |
|---|---|---|---|
| ૪ | પ્રસૂતિ બાદ ઓપરેશનની સંખ્યા | ૫૬ | ૦.૧૦% |
| ૫ | આંકડી મુકાવનારની સંખ્યા | ૭૯૫૮ | ૧.૪૫% |
| ૬ | આંકડી કઢાવનારની સંખ્યા | ૫૩૭ | ૦.૯૮% |
| ૭ | ઓરલપીલ્સ સાયકલની સંખ્યા | ૪૮૮૭૮ | ૮.૯૦% |
| ૮ | નિરોધની સંખ્યા | ૪૮૯૮૭૩ | ૮૯.૨૨% |
| ૯ | કેન્ટકોમેન ગોળીઓની સંખ્યા | ૦ | - |
| ૧૦ | ઈમરજન્સી કોન્ટ્રાસેપ્ટીવ ગોળીઓની સંખ્યા | ૧૧૮ | ૦.૨૨% |
| | **કુલ** | **૫૪૯૦૭૦** | |

**વિશ્લેષણ :**

ઉપરોક્ત કોષ્ટક પરથી વિશ્લેષણ કરી શકાય છે કે ભારત દેશમાં વસ્તીનું પ્રમાણમાં ખુબ જ વધારો થઈ રહેલ છે. પરંતુ ઉપરોક્ત કુટુંબ નિયોજનનાં સાધનોનું પ્રમાણ અને લોકો તેનાં વિશે માહિતગાર થવાથી વસ્તીમાં નિયંત્રણ લાદી શકાય છે અને વસ્તીનો પ્રમાણમાં ઘટાડો કરી શકાય છે. અલબત ભારત દેશની વસ્તીમાં સતત વધારો થઈ રહ્યો છે વર્ષ ૨૦૧૧માં ભારતની વસ્તી ૧.૨૧ અબજ થયેલ છે.

**૫.૫.૫ ૦ થી ૧૧ માસનાં બાળકોને અપાયેલ રસીઓ:**

બાળ રસીકરણમાં વિવિધ રોગોથી બાળકોને મુક્ત કરવા તેમજ બાળ મૃત્યુદર ઘટાડવા અવનવા રસીકરણ મુકવામાં આવે છે તેનું પ્રમાણ નીચે મુજબ છે.

**૫.૫.૬ બાળ રસીકરણનું પ્રમાણ : (વર્ષ ૨૦૧૦-૧૧)**

| **ક્રમ** | **૦ થી ૧૧ માસનાં બાળકોને અપાયેલ રસીઓ** | **સંખ્યા** | **ટકાવારીનું પ્રમાણ** |
|---|---|---|---|
| ૧ | બીસીજી | ૨૮૮૭૪ | ૧૪.૧૯% |
| ૨ | ડી.પી.ટી.-૧ | ૨૦૨૪૩ | ૯.૯૫% |
| ૩ | ડી.પી. ટી.-૨ | ૧૯૪૯૮ | ૯.૫૮% |
| ૪ | ડી.પી.ટી.-૩ | ૧૯૧૯૫ | ૯.૪૪% |
| ૫ | ઓ.પી.વી.-૦ | ૨૪૬૨૪ | ૧૨.૧૦% |
| ૬ | ઓ.પી.વી.-૧ | ૨૦૨૩૩ | ૯.૯૫% |
| ૭ | ઓ.પી.વી.-૨ | ૧૯૪૯૮ | ૯.૫૮% |
| ૮ | ઓ.પી.વી.-૩ | ૧૯૧૯૫ | ૯.૪૪% |
| ૯ | હિપેટાઈટીસ બી-૧ | ૬૦૪૨ | ૨.૯૭% |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | હિપેટાઈટીસ બી-૨ | ૪૨૯૮ | ૨.૧૧% |
| ૧૧ | હિપેટાઈટીસ બી-૩ | ૩૨૩૨ | ૧.૫૯% |
| ૧૨ | ઓરી | ૧૮૪૯૭ | ૯.૧૦% |
| | **કુલ** | **૨૦૩૪૨૯** | |

**વિશ્લેષણ :**

ઉપરોક્ત બાળ રસીકરણનાં કોષ્ટક પરથી બી.સી.જી. રસીકરણનું પ્રમાણ સૌથી વધુ ૧૪.૧૯% છે. જ્યારે સૌથી ઓછું રસીકરણનું પ્રમાણ હિપેટાઈટીસ બી-૩ ૧.૫૯% છે. એટલે કે બીસીજી રસીકરણ કરતાં ૧૨.૬% જેટલું પ્રમાણ ઓછું છે. રસીકરણની અવનવી શોધો થતાં બાળમૃત્યુનાં પ્રમાણમાં ઘટાડો થયેલ જોવા મળે છે.

**૫.૬ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જન્મદરઅને મૃત્યુ દરનું પ્રમાણ( વર્ષ-૨૦૧૨-૧૩)**

કોઈપણ સમાજમાં વસ્તીવૃદ્ધિનાં દરનો આધાર જન્મદર અને મરણદર વચ્ચેના અંતર પર હોય છે. જન્મદર એટલે દેશમાં વર્ષ દરમિયાન દર હજારની વસ્તીએ જન્મ લેતા બાળકોની સંખ્યા મરણદર એટલે દેશમાં વર્ષ દરમિયાન દર હજારની વસ્તીએ મરણ પામતી વ્યક્તિઓની સંખ્યા.

ભારતમાં જન્મદરનું પ્રમાણ વર્ષ ૨૦૧૧માં ૨૦.૯૭% હતું જ્યારે મરણદરનું પ્રમાણ વર્ષ ૨૦૧૧માં ઘટીને ૭.૪૮ થયું હતું. જ્યારે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજકોટ શહેરનું જન્મદર અને મૃત્યુદરનું પ્રમાણ નીચે મુજબ છે.

**૫.૬.૧ જન્મદરઅને મૃત્યુદરનું પ્રમાણઃ**

| **ક્રમ** | **હોસ્પીટલનું નામ** | **લાઈવ બર્થ** | **ઈન્ફન્ટ ડેથ** | **મેટરનલ ડેથ** |
|---|---|---|---|---|
| ૧ | રેડક્રોસ રામનાથપરા | ૯૬ | ૦ | ૪૩૬૫૦૦-૦૦ |
| ૨. | ચંપકભાઈ વોરા | ૮ | ૧ | ૦ |
| ૩ | ભગવતીપરા | ૪ | ૨ | ૦ |
| ૪ | રેડક્રોસ સદર | ૨૩૮ | ૧ | ૦ |
| ૫ | આર.એફ.પી.ટી.સી. | ૦ | ૦ | ૦ |
| ૬. | આઈ.એમ.એ. | ૩૧૮ | ૦ | ૦ |
| ૭ | દ્રુડકો | ૧૬૧ | ૦ | ૦ |
| ૮ | એ.એચ.એમ.પી. | ૩૦૩ | ૧ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૯ | રણછોડનગર | ૫ | ૧ | ૦ |
| ૧૦ | વિજયપ્લોટ | ૧૮૦ | ૧ | ૦ |
| ૧૧ | નંદનવન | ૫૪૨ | ૦ | ૦ |
| ૧૨ | નારાયણનગર | ૨૬૫ | ૦ | ૦ |
| ૧૩ | રેલનગર | ૨૧૫ | ૧ | ૦ |
| ૧૪ | મોરબી રોડ | ૧ | ૦ | ૦ |
| ૧૫ | મવડી | ૨૭૪ | ૪ | ૦ |
| ૧૬ | પદ્મકુંવરબા હોસ્પીટલ | ૧૯૭ | ૦ | ૦ |
| ૧૭ | ઝનાના હોસ્પીટલ | ૬૫૮ | ૪ | ૩ |
| | **કુલ** | **૩૪૬૫** | **૧૬** | **૩** |

**વિશ્લેષણ :**

ઉપરોક્ત કોષ્ટક પરથી વિશ્લેષણ કરી શકાય છે કે જન્મદરનું પ્રમાણ સૌથી વધુ આઈ.એમ.એ. હોસ્પીટલમાં રહ્યું છે. એટલે કે ૩૧૮ બાળકોનાં જન્મનાં પ્રમાણમાં વધારો થયેલ જોવા મળે છે. જ્યારે સૌથી ઓછું પ્રમાણ મોરબી રોડની હોસ્પિટલમાં જોવા મળે છે જ્યારે માતા મૃત્યુરના પ્રમાણમાં ઘટાડો થયેલ જોવા મળેલ છે. અને આરોગ્યની સ્થિતિમાં સુધારો થતો જોવા મળે છે.

**૫.૭ સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગના લોકો માટેની આવાસ યોજના :**

રાજકોટ શહેરનો કુલ વિસ્તાર ૧૦૪ ચોરસ કિલોમીટર છે. શહેરની હાલની વસ્તી આશરે દશ લાખની છે. રાજકોટ શહેર સૌરાષ્ટ્રની મધ્યમાં આવેલ હોવાની શહેરનો વિકાસ ઘણો ઝડપથી થઈ રહેલ છે. નાના-મોટા અનેક ઉદ્યોગ સ્થપાય રહ્યા છે. પરિણામે રોજી રોટી મેળવવા બહારથી અનેક માણસો રાજકોટમાં આવી સ્થાયી થયેલ છે. આમ, શહેરી કરણને કારણે શહેરમાં રહેઠાણની સમસ્યા ઘણી જ વિકટ બનેલ છે. આશરે ૩0% જેટલી વસ્તી માત્ર સ્લમ વિસ્તારોમાં જ રહે છે. સકારશ્રી તરફથી માન્ય કેલ ૬૪ સ્લમ વિસ્તારમાં કોર્પોરેશનને રસ્તા, ગટર, પાણી અને સેનીટેશનની સુવિધા આપેલ છે. અને હજુ ૨૦ થી ૨૫ સ્લમ વિસ્તારોમાં આ પ્રકારની સુવિધાઓ આપવાનું બાકી છે.

શહેરના આર્થિક અને સામાજીક રીતે પછાત વર્ગના કુટુંબોને સસ્તુ અને સારા પ્રકારનું રહેઠાણ મળી રહે તે માટે રાજકોટ મહાનગરપાલિકાને કુલ ૮૫૬ ફ્લેટસ બાંધવાનું નક્કી કરેલ છે

અને ક્રમશઃ બે વર્ષનાં ગાળામાં ઉક્ત ફ્લેટોનું બાંધકામ કરી જરૂરીયાતવાળા લોકોને ફાળવવામાં આવશે. જેને કારણે શહેરમાં વસતા આર્થિક અને સામાજીક રીતે પછાત વર્ગના કુટુંબો માટે રહેણાંકનો પ્રશ્ન આર્થિક રીતે ઉકેલાશે.

રાજકોટ શહેરની મંજુર થયેલ ટી.પી. સ્કીમો હેઠળ ઈ.એસ.ડબલ્યુ. એસ. ના પ્લોટસ જુદી જુદી જગ્યાએ કોર્પોરેશનને મળેલ છે. ઉક્ત જમીનમાં એક માળના સસ્તા પ્રકારનાં યુનીટ ઉપર જણાવ્યા પ્રમાણેનાં કુટુંબો માટે બાંધવાનું નક્કી કરેલ છે. ઉક્ત પ્લોટસની વિગત નીચે પ્રમાણે છે.

**૫.૭.૧ આવાસ યોજનાની માંહીતી:**

| **અનુ.** | **ટી.પી.સ્કીમ નંબર** | **ફાઈનલ પ્લોટ નં.** | **પ્લોટનું ક્ષેત્રફળ (અંદાજે)** | **પ્લોટનું સ્થળ** | **બાંધવામાં આવનાર યુનીટ ની સંખ્યા (અંદાજે)** |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૪ (રૈયા) | ૬૯૪ | ૭૨૦૯ | યુનિ. રોડ, સાધુ વાસવાણી રોડ, નીલ કમલ પાર્કથી આગળ | ૧૯૨ |
| ૨ | ૪ (રૈયા) | ૭૩૨ | ૯૩૧૧ | ઉપર મુજબ | ૨૪૮ |
| ૩ | ૪ (રૈયા) | ૯૩૩ | ૯૯૯૮ | ઉપર મુજબ | ૨૫૨ |
| ૪ | ૫ (નાનામૌવા) | ૪૪૫ | ૬૭૦૫ | રાણી ટાવર વાળી શેરી, પાણીના ટાંકી પાછળ, કાલાવાડ રોડ, રાજકોટ | ૧૬૪ |
| | | | | | ૮૫૬ યુનીટ |

**(અ) યોજનાની તાંત્રીક વિગત :**

૧. ગ્રાઉન્ડ ફ્લોર + ૧ માળના બ્લોક

૨. રૂમ, રસોડું, બાથરૂમ, સંડાસ તથા ચોકડી તથા સીડી.

૩. બાંધકામ સીમેન્ટ, રેતી ૧:૬ ના પ્રમાણમાં તથા પ્રીકાસ્ટ આર.સી.સી.ની દરવાજા ફ્રેમ, સ્ટીલ સેક્શનની બારી તથા વેનટીલેશન માટે પ્રીકાસ્ટ સી.સી.ની જાળી, ફ્લોરીંગ આઈ.પી.એસ.નું પ્લાસ્ટર બહારનાં ભાગે સેન્ડફેઈશ પ્લાસ્ટર.

૪. આંતરિક લાઇટ ફીટીંગ તથા પ્લમ્બીંગ તથા સેનીટેશન ફીટીંગ.

૫. મેટલના રસ્તાઓ, પાણીની લાઈન, સ્ટ્રીટ લાઈટની સુવિધા.

**(બ) નાણાંકીય વ્યવસ્થા : (અંદાજીત)**

ઉક્ત મકાનની મુળ કિંમત રૂા.૮૩,૦૦૦ છે જેમાં અરજી કરતી વખતે રૂા.૫૦૦૦ ભરવાના થાય છે.

| | | |
|---|---|---|
| અરજી સાથે | : | રૂા.૫,૦૦૦/- |
| સરકારી સહાય | : | રૂા.૨૫,૦૦૦/- |
| લોન | : | રૂા.૨૫,૦૦૦/- |
| ફાળવણી સમયે ભરવાની થતી રકમ | : | રૂા.૨૮,૦૦૦/- |
| **કુલ** | | **રૂા.૮૩,૦૦૦/-** |

**(ક) રીઝર્વેશન :**

| | | |
|---|---|---|
| ૧. અનુ.જનજાતિ | : | ૧૪% |
| ૨. અનુ.જાતિ | : | ૭% |
| ૩. ઓ.બી.સી. (બક્ષી પંચ) | : | ૧૦% |
| ૪. માજી સૈનીક | : | ૧૦% |
| ૫. અંધ-અપંગ | : | ૩% |
| ૬. અન્ય | : | ૫૬% |
| **કુલ** | | **૧૦૦%** |

**૫.૮ પ્રાણીસંગ્રહાલય શાખા :**

રાજકોટ મહાનગરપાલિકા પ્રાણીસંગ્રાહલયમાં પ્રદ્યુમનપાર્ક ખાતે આધુનિક અભિગમ મુજબનું ઝુ બનાવવામાં આવી રહ્યું છે. કુદરતી વાતાવરણમાં ઝુ નાં મુલાકાતીઓ અને વન્ય પ્રાણીઓ વચ્ચે કોઈ પણ જાતનાં સળિયા વિનાના આધુનિક મોટ ટાઈપ પાંજરા બનાવવામાં આવ્યાં છે. હાલના આજીડેમ સ્થિત ઝુ નું સ્થળાંતર કવામાં આવશે. હાર હિરણ, સિંહ તથા વાઘના પાંજરા તથા અંદરના રસ્તા બની ગયેલ છે. મુલાકાતીઓની સુવિધા માટે લોન,બેંચ, ઠંડા પાણીની વ્યવસ્થા, કીસ્કો અને ટોઈલેટ બ્લોક પણ બનાવવામાં આવશે. સમગ્ર વિસ્તારને સોલાર લાઈટથી ઝગમગીત કરવામાં આવશે.

બિમાર પ્રાણીઓની સારવાર માટે આધુનિક સાધન સામગ્રીથી સંપન્ન વેટનીટી હોસ્પિટલ બનાવવામાં આવશે. વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન ઉક્ત વિગતે પ્રદ્યુમ્ન પાર્ક વિકાસ માટે રૂા.૩૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

## ૫.૮.૧ પ્રાણીસંગ્રહાલયશાખાનુઅંદાજપત્રઃ (વર્ષ ૨૦૧૦-૧૧)

(રૂા. લાખમાં)

| ક્રમ | યોજનાનું નામ સદર | પ્રવૃત્તિ | પ્રવૃત્તિ શરૂ કર્યાની તારીખ | પ્રવૃતિના અંતની અંદાજીત તારીખ | સુચિત રકમ | મંજુર થયેલ રકમ રૂ. | છુટી કેલ ચુકવેલ રકમ (હપ્તાની રકમ) રૂ. | છેલ્લા વર્ષનું ખરેખર ખર્ચ રૂા. | કાર્યની ગુણવતા માટે સંપૂર્ણ કામગીરી માટે જવાબદાર અધિકારી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | પ્રાણીસંગ્રહાલય શાખા | | ૧-૪-૧૦ | ૩૧-૩-૧૧ | | | | | |
| ૧. | પ્રાણીસંગ્રહાલય પગાર ખર્ચ | પગાર | ૧-૪-૧૦ | ૩૧-૩-૧૨ | ૩૫.૦૦ | ૩૫.૦૦ | | | ઝુ સુપ્રિન્ટેન્ડન્ટ |
| ૨ | સાદીલવાર ખર્ચ | સાદીલવારશ્ચ | ૧-૪-૧૦ | ૩૧-૩-૧૧ | ૦.૪૦ | ૦.૪૦ | | | ઝુ સુપ્રિન્ટેન્ડન્ટ |
| ૩ | ટેલીફોન ખર્ચ | ટેલીફોન | ૧-૪-૧૦ | ૩૧-૩-૧૧ | ૦.૨૦ | ૦.૨૦ | | | ઝુ સુપ્રિન્ટેન્ડન્ટ |
| ૪ | વન્ય પશુઓનો ખોરાકી ખર્ચ | વન્ય પશુઓનો ખોરાક | ૧-૪-૧૦ | ૩૧-૩-૧૧ | ૩૧.૦૦ | ૩૧.૦૦ | | | ઝુ સુપ્રિન્ટેન્ડન્ટ |
| ૫ | દવા-સાધનો ખરીદી ખર્ચ | દવા-સાધન ખરીદી | ૧-૪-૧૦ | ૩૧-૩-૧૧ | ૩.૦૦ | ૩.૦૦ | | | ઝુ સુપ્રિન્ટેન્ડન્ટ |
| ૬ | સ્ટાફ વિમા યોજના ફાળે | સ્ટાફ વિમા પ્રિમી. | ૧-૪-૧૦ | ૩૧-૩-૧૧ | ૦.૩૫ | ૦.૩૫ | | | ઝુ સુપ્રિન્ટેન્ડન્ટ |
| ૭ | પ્રાણી સંગ્રહાલય વિજળી ખર્ચ | વિજળી ખર્ચ | ૧-૪-૧૦ | ૩૧-૩-૧૧ | ૧.૦૦ | ૧.૦૦ | | | ઝુ સુપ્રિન્ટેન્ડન્ટ |
| ૮ | પ્રાણી સંગ્રહાલય ડેવ. સ્કીમ | ઝુ અને બોટનીકલ ગાર્ડન | ૧-૪-૧૦ | ૩૧-૩-૧૧ | ૨૪૦ | ૨૪૦ | | | ઝુ સુપ્રિન્ટેન્ડન્ટ |

**વિશ્લેષણઃ**

ઉપરોક્ત કોષ્ટક પરથી વિશ્લેષણ કરી શકાય છે કે રાજકોટ મહાનગરપાલિકામાં પ્રાણીસંગ્રહાલય પર થતાં ખર્ચનાં પ્રમાણમાં પ્રાણીસંગ્રહાલય હવે સ્કીમ પર સૌથી વુ એટલે કે ૨૪૦ લાખ જોવા મળે છે. જયારે સૌથી ઓછું ખર્ચ ટેલીફોન ખર્ચ એટલે કે માત્ર ૦.૨૦ લાખ જેટલું જોવા મળે છે.

### ૫.૯ લીગલ શાખા

મહાનગરપાલિકામાં લીગલ શાખાનું મુખ્ય કાર્ય તેનાં મારફ્ત થતાં અલગ-અલગ કોર્ટોમાં થતા દાવાનું સંકલન કરી પેનલનાં એડવાઈઝરીને પહોંચાડવાનું તથા અલગ-અલગ ફાઈલો ઉપર કાનુની માર્ગદર્શન આપવાનું છું.

### ૫.૯.૧ લીગલ શાખાનું અંદાજપત્રઃ (વર્ષ ૨૦૧૦-૧૧)

| ક્રમ | યોજનાનું નામ | પ્રવૃતિ | પ્રવૃતિ શરૂ કર્યાની તારીખ | સુચિત રકમ (લાખમાં) | મંજુર થયેલ રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | લીગલ શાખા પગાર ખર્ચ | - | ૧-૪-૧૧ | ૩૮.૦૪ | ૩૮.૦૪ |
| ૨ | સાહીલવાર ખર્ચ | - | ૧-૪-૧૧ | ૧.૦૦ | ૧.૦૦ |
| ૩ | ટેલીફોન ખર્ચ | - | ૧-૪-૧૧ | .૩૫ | .૩૫ |
| ૪ | વીજળી ખર્ચ | - | ૧-૪-૧૧ | .૫૫ | .૫૫ |
| ૫ | વકીલ ફી | - | ૧-૪-૧૧ | ૨૫.૦૦ | ૨૫.૦૦ |
| ૬ | મ્યુ.કોર્ટનો ખર્ચ | - | ૧-૪-૧૧ | ૪૧.૦૦ | ૪૧.૦૦ |
| | **કુલ** | | | **૧૦૫.૯૪** | **૧૦૫.૯૪** |

**વિશ્લેષણઃ**

ઉપરોક્ત કોષ્ટક પરથી વિશ્લેષણ કરી શકાય છે કે લીગલ શાખાના ખર્ચમાં મ્યુ.કોર્ટના ખર્ચનું પ્રમાણ સૌથી વધુ એટલે કે ૪૧.૦૦ લાખ જોવા મળે છે જ્યારે વીજળી ખર્ચ તેમજ ટેલીફોન ખર્ચનું પ્રમાણ ઓછું જોવા મળે છે. લીગલશાખાના કુલ ખર્ચનું પ્રમાણ ૧૦૫.૯૪ લાખ જોવા મળે છે.

### ૫.૧૦ મધ્યાહન ભોજન યોજના :

આ યોજના ૧૯મી નવેમ્બર, ૧૯૮૪ માં ભૂતપૂર્વ વડાપ્રધાન માન. ઈન્દીરા ગાંધીના જન્મદીનથી ગુજરાત રાજ્યમાં શરૂ કરવામાં આવેલ છે. રાજ્યમાં ગુજરાત સરકાર અને કમિશ્નરશ્રી મ.ભો.પો. અને શાળાઓ ગાંધીનગર દ્વારા મ.ભો.યો.નું અમલીકરણ કરવામાં આવે છે. મ્યુનિ. કોર્પોરેશન સંચાલીત સ્કૂલો માટે મ્યુનિ. કમિશ્નરશ્રી જીલ્લાની સ્કૂલો માટે જીલ્લાં કલેક્ટરશ્રી આ યોજનાના અમલ માટે જવાબદાર નિયત કરાયા છે.

સરકારશ્રીનાં નિયમો અનુસાર વર્ષ ૨૦૧૦-૧૧ માટે વિદ્યાર્થી દીઠ દૈનિક ખાદ્ય સામગ્રીનો જથ્થો, કુંકીગ કોસ્ટ નીચે મુજબ નક્કી કરવામં આવેલ છે.

**૫.૧૦.૧ મધ્યાહન ભોજનશાખાનું અંદાજપત્રઃ (વર્ષ ૨૦૧૦-૧૧)**

| ક્રમ | ખાદ્ય પદાર્થ | જથ્થો | | કુંકીગ કોસ્ટ | |
|---|---|---|---|---|---|
| | | ગ્રામ/દિવસ/વિદ્યાર્થી | | વર્ષ-૨૦૧૦-૧૧ માટે રૂપિયા | |
| | | ધોરણ ૧ થી ૫ | ધોરણ ૬ થી ૭ | ધોરણ ૧ થી ૫ | ધોરણ ૬ થી ૭ |
| ૧ | અનાજ (ઘંઉ/ચોખા) | ૧૦૦ | ૧૫૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨ | કઠોળ | ૨૦ | ૩૦ | ૧.૧૮ | ૧.૧૭ |
| ૩ | શાકભાજી | ૫૦ | ૭૫ | ૧.૦૦ | ૧.૫૦ |
| | મરી મસાલા બળતણ | જરૂરિયાત પ્રમાણે | | | |
| ૪ | ઝોલ | ૧૦ | ૧૦ | ૦.૫૫ | ૦.૫૫ |
| ૫ | ફોર્ટીફાઈડ આટો | - | - | ૦.૭૨ | ૧.૦૭ |
| ૬ | ન્યુટ્રી કેન્ડી | - | - | ૦.૦૩ | ૦.૦૩ |
| | **કુલ** | **૧૮૦ ૨૬૫** | | **૩.૪૮ ૪.૩૨** | |

કોર્પોરેશન વિસ્તારમાં નીચેની વિગતોનું અઠવાડીક મેનું નક્કી કરાયેલ છે. અને દરરોજ મેનુ મુજબ રસોઈ બનાવી બાળકોને ભોજન આપવામાં આવે છે.

| **વાર** | **મેનુ** |
|---|---|
| સોમવાર | મીઠી લાપસી, શાકભાજી સાથે |
| મંગળવાર | પુલાવ ભાત, શાકભાજી સાથે |
| બુધવાર | દાળ-ઢોકળી શાકભાજી સાથે |
| ગુરૂવાર | દાળ-ભાત, શાકભાજી સાથે |
| શુક્રવાર | મીઠી લાપસી, શાકભાજી સાથે |
| શનિવાર | વધારેલી ખીચડી અથવા વધારેલ ભાત શાકભાજી સાથે |

યોજનાના અમલીકરણ અંગે વિવિધ કોન્ટ્રાક્ટરો જેવા કે (મરી, મસાલો, ગોળ પુરો પાડવો, શાકભાજી પુરા પાડવા, નિગમ પરીવહન તથા રસોઈ પરીવહન અંગે) દર વર્ષે કોન્ટ્રાક્ટો આપવામાં આવે છે. અને જરૂરીયાત મુજબનો જથ્થો દરેક કેન્દ્રો ખાતે આપવામાં આવે છે.

દરેક કેન્દ્રો ખાતે સ્ટાફની સંખ્યા નીચેની વિગતે છે.

### ૫.૧૦.૨ મધ્યાહન ભોજન યોજનાનાસ્ટાફની વિગતઃ

| **કેન્દ્ર નં.** | **સંચાલક** | **રસોયા** | **હેલ્પર** |
|---|---|---|---|
| ૧૩ | ૧ | ૩ | ૬ |
| ૧૫ | ૧ | ૩ | ૬ |
| ૧૬ | ૧ | ૩ | ૬ |
| ૧૯ | ૧ | ૩ | ૬ |
| ૪૭ | ૧ | ૩ | ૬ |
| ૬૩ | ૧ | ૩ | ૬ |
| ૬૫ | ૧ | ૩ | ૬ |
| **કુલ** | **૭** | **૨૧** | **૪૨** |

### ૫.૧૧ રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી શાખાઃ

ગૃહ મંત્રાલય, ભારત સરકાર અને વસતિ ગણતરી કચેરી, ગાંધીનગર, ગુજરાત રાજ્ય દ્વારા દર ૧૦ વર્ષે વસતિ ગણતરી કાર્યક્રમ કરવામાં આવે છે. વસતિ ગણતરી કાર્યક્રમ સને ૨૦૦૧ દરમ્યાન રાજકોટ મહાનગરપાલિકાનાં હદની અંદરના વિસ્તારો તેમજ શહેરની હદને અડીને આવેલ વિસ્તારો આઉટર ગ્રોથ તરીકે બેડી, વાવડી, મોટા-મવા, મુંજકા, આણંદપર, કોઠારીયા (પાર્ટ), માધાપર તથા મનહરપુર વિસ્તારોની વસતિ ગણતરીનાં તમામ કાર્યો ચૂંટણી શાખા દ્વારા કરવામાં આવેલ. આ કામે રાજકોટ મહાનગરપાલિકાના પ્રિન્સીપલ સેન્સસ ઓફિસર અને મ્યુનિસિપલ કમિશ્નરે રાજકોટ મહાનગરપાલિકા થી વસતિ ગણતરીદાર સુધીનું સુવ્યવસ્થિત માળખું તૈયાર કરવામાં આવેલ. આ માળખામાં ૧-પ્રિન્સીપલ સેન્સસ ઓફિસર હોદાની રૂએ મ્યુનિસિપલ કમિશ્નર, રાજકોટ મહાનગરપાલિકા, ૧-સેન્સસ ઓફિસ હોદાની રૂએ નાયબ મ્યુનિસિપલ કમિશ્નર, રાજકોટ મહાનગરપાલિકો, ૧-વસતિ ગણતરી અધિકારી, ૨૪- ચાર્જ ઓફિસર તેમજ આશરે ૨૭૦૦ ગણતરીદારો અને ૪૧૮ સુપરવાઈઝરો વચ્ચે સરળ સાંકળ બનાવી આ માળખા દ્વારા રાજકોટ શહેરને કુલ ૨૪ વોર્ડમાં વિભાજીત કરી આઉટ ગ્રોથ એરિયા સહીત રાજકોટ શહેરની વસતિ ગણતરી કરવામાં આવેલ છે. આ વસતિ ગણતરીની માહિતી નીચે મુજબ પત્રક-૧ માં દર્શાવેલ છે.

હાલમાં ભારત સરકારનાં ગૃહ મંત્રાલય હેઠળ ભારતની વસતિ-ગણતરી -૨૦૧૧ની પ્રથમ તબક્કાની તથા બીજા તબક્કાની કામગીરી પૂર્ણ થયેલ છે. આ કામગીરી કુલ-૩૧ વોર્ડમાં એટલે કે

મહાનગરપાલિકાનાં ૨૩ વોર્ડ + ૨ સેન્સસ ટાઉન (કોઠારીયા, આણંદપર) + ૬ આઉટર ગ્રોથના વિસ્તારો (જેવા કે બેડી, વાવડી, મુંજકા, મનહરપર, માધાપર, મોટા મવા)નાં વિસ્તારોમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલ છે.

આ પ્રથમ તબક્કાની કામગીરીમાં કુલ ૨૪૩૫ ગણતરીદાર + ૪૧૮ સુપરવાઈઝર, ૩૪-ચાર્જ-ઓફીસર દ્વારા સંયુક્ત રીતે પ્રથમ તબક્કાની કામગીરી પૂર્ણ કરેલ અને બીજા તબક્કાની કામગીરીમાં કુલ-૨૨૪૭ ગણતરીદાર + ૪૦૫ સુપરવાઈઝર, ૩૪-ચાર્જ ઓફીસર દ્વારા સંયુક્ત રીતે બીજા તબક્કાની કામગીરી પૂર્ણ કરેલ છે.

કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ યોજનાઓના આયોજન માટે આંકડાકીય માહિતી મેળવવા માટે આર્થિક ગણતરીનું અભિયાન દર પાંચ વર્ષે યોજવામાં આવે છે. નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વિભાગ (બ્યુરો), ગાંધીનગરનાં આદેશ અનુસાર ચુંટણી શાખા દ્વારા રાજકોટ શહેરી વિસ્તારની આર્થિક ગણતરી કરવામાં આવે છે. આ કામે નેશનલ સેમ્પલ સર્વે દ્વારા નિયત થયેલ આઈ.વી.યુ. ને બેઈઝ ગણવામાં આવે છે. રાજકોટ મહાનગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તારનું કુલ-૨૪આઈ.વી.યુનીટમાં વિભાજન બાદ, વર્ગ-૩ નાં શોપ-ઈન્સ્પેક્ટર, સેનિટેશન, સુપ્રિટેન્ડેન્ટશ્રી તેમજ કેળવણી નિરિક્ષક એમ કુલ ૧૨ ચાર્જ ઓફિસર તરીકે નિમણૂંક કરી પ્રત્યેકને બે આઈ.વી.યુનીટની કામગીરી સોંપવામાં આવેલ. તેમજ તેની મદદમાં અંદાજે ૧૬૦૦ ગણતરીદાર તરીકે મહાનગરપાલિકાનાં વર્ગ-૩નાં જુનીયર કલાર્ક કેડરના કર્મચારીઓ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની શાળાનાં શિક્ષકો તેમજ ખાનગી શાળાનાં શિક્ષકોને આ કામગીરી સુપ્રત કરવામાં આવેલ હતી.

**૫.૧૧.૧ ચૂંટણી શાખાની ચાર્ટ દ્વારા સમજૂતી :**

**રાજકોટ મહાનગરપાલિકા ચૂંટણી શાખા**

મ્યુનિસિપલ કમિશ્નર

(મતદાર નોંધણી અધિકારી હોદાની રૂએ)

↓

નાયબ મ્યુનિસિપલ કમિશ્નર

↓

સહાયક મ્યુનિસિપલ કમિશ્નર

↓

ચુંટણી અધિકારી

↓

મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓ

જુનીયર ડેટા એન્ટ્રી ઓપરેટર-૧ ટાઈપીસ્ટ-૧ જુનીયર ક્લાર્ક-૧

મજુર-૧

### ૫.૧૧.૨ ચૂંટણીશાખાનું અંદાજપત્રઃ (વર્ષ ૨૦૧૧-૧૨) (રૂપિયા લાખમાં)

| ક્રમ | યોજનાનું નામ/સદર | પ્રવૃત્તિ | પ્રવૃતિ શરૂ કર્યાની તારીખ | પ્રવૃતિ અંતની અંદાજેલ તારીખ | સૂચિત રકમ રૂ. (લાખમાં) | મંજુર થયેલ રકમ રૂ. (લાખમાં) | છુટી કરેલ/ચુકવેલ રકમ (હપ્તાની રકમ રૂ. (લાખમાં)) | છેલ્લા વર્ષનું ખરેખ ખર્ચ રૂ. (લાખમાં) | કાર્યની ગુણવત્તા માટે સંપૂર્ણપણે કામગીરી માટે જવાબદાર અધિકારી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ચૂંટણી ખર્ચ | ચુંટણી | ૧-૪-૧૧ | | ૧૫.૦૦ | ૧૫.૦૦ | ૩.૧૧ | | ચૂંટણી અધિકારી |
| ૨ | ચૂંટણી પગાર ખર્ચ | પગાર | ૧-૪-૧૧ | | ૨.૦૦ | ૨.૦૦ | ૦.૫૮ | | ચૂંટણી અધિકારી |
| ૩ | સાદીલવાર | સાદીલવાર | ૧-૪-૧૧ | | ૦.૫૦ | ૦.૫૦ | ૦.૦૧ | | ચૂંટણી અધિકારી |
| ૪ | ટેલિફોન ખર્ચ | ટેલીફોન | ૧-૪-૧૧ | | ૦.૧૫ | ૦.૧૫ | ૦.૦૮ | | ચૂંટણી અધિકારી |
| ૫ | વસતી ગણતરી | વસતિ ગણતરી | | | ૧૦.૦૦ | ૧૦.૦૦ | ૩.૩૨ | | ખાસ અધિકારી |

## ૫.૧૧.૩ ચૂંટણી શાખાની વોર્ડ વાઈઝ વસ્તીઃ

| | | |
|---|---|---|
| રાજકોટ મહાનગર પાલિકાની કુલ વસ્તી | | ૯૬૭૪૭૬ |
| કુલ વોર્ડનો સંખ્યા | | ૨૩ |
| વોર્ડ દીઠ સરેરાશ વસ્તી. | ૪૨૦૬૪ | સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ-૪૬૨૭૦<br>સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ-૩૭૮૫૮ |
| બેઠકોની સંખ્યા | | ૬૯ |
| મહિલા બેઠકો | | ૨૩ |
| અનુસુચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા. | ૪ | તે પૈકી ૧ મહિલા |
| અનુસુચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા | -- | --- |
| પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા | ૭ | તે પૈકી ૨ મહિલા |
| કુલ અનામત બેઠકો. | | ૩૧ |
| સામાન્ય બેઠકો | | ૩૮ |

| અ.નં. | વોર્ડ નંબર | વોર્ડની વસ્તી | પહેલી બેઠકની ફાળવણી મહિલા અનામત | બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત | ટકાવારીનું પ્રમાણ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૧ | ૩૯૯૩૧ | સામાન્ય | અનુસૂચિત જાતિ | ૪.૧૩% |
| ૨ | ૨ | ૪૩૪૨૨ | સામાન્ય | સામાન્ય | ૪.૪૯% |
| ૩ | ૩ | ૪૫૬૭૮ | સામાન્ય | અનુસૂચિત જાતિ | ૪.૭૨% |
| ૪ | ૪ | ૪૫૫૮૧ | સામાન્ય | અનુસૂચિત જાતિ | ૪.૭૧% |
| ૫ | ૫ | ૩૯૬૫૧ | સામાન્ય | સામાન્ય | ૪.૦૯% |
| ૬ | ૬ | ૪૦૭૫૩ | સામાન્ય | પછાતવર્ગ | ૪.૨૧% |
| ૭ | ૭ | ૩૮૪૬૨ | સામાન્ય | સામાન્ય | ૩.૯૮% |
| ૮ | ૮ | ૩૭૭૨૬ | સામાન્ય | સામાન્ય | ૩.૯૦% |
| ૯ | ૯ | ૪૫૨૯૩ | સામાન્ય | પછાતવર્ગ | ૪.૬૮% |
| ૧૦ | ૧૦ | ૩૭૭૩૧ | સામાન્ય | સામાન્ય | ૩.૯૦% |
| ૧૧ | ૧૧ | ૪૦૦૭૦ | સામાન્ય | પછાતવર્ગ | ૪.૧૮% |
| ૧૨ | ૧૨ | ૪૦૭૭૮ | સામાન્ય | સામાન્ય | ૪.૨૧% |
| ૧૩ | ૧૩ | ૪૩૪૮૯ | સામાન્ય | સામાન્ય | ૪.૫૦% |
| ૧૪ | ૧૪ | ૪૧૭૮૯ | સામાન્ય | સામાન્ય | ૪.૩૨% |
| ૧૫ | ૧૫ | ૪૦૮૨૫ | પછાતવર્ગ | સામાન્ય | ૪.૨૨% |
| ૧૬ | ૧૬ | ૩૮૩૫૯ | પછાતવર્ગ | સામાન્ય | ૩.૯૬% |
| ૧૭ | ૧૭ | ૪૨૧૯૬ | અનુસૂચિત જાતિ | સામાન્ય | ૪.૩૬% |
| ૧૮ | ૧૮ | ૪૫૧૯૨ | સામાન્ય | સામાન્ય | ૪.૬૭% |
| ૧૯ | ૧૯ | ૪૫૯૬૮ | સામાન્ય | સામાન્ય | ૪.૭૨% |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦ | ૨૦ | ૩૯૨૮૧ | સામાન્ય | પછાતવર્ગ | ૪.૦૬% |
| ૨૧ | ૨૧ | ૪૪૨૬૯ | સામાન્ય | સામાન્ય | ૪.૫૮% |
| ૨૨ | ૨૨ | ૪૬૦૭૭ | સામાન્ય | સામાન્ય | ૪.૭૬% |
| ૨૩ | ૨૩ | ૪૪૯૫૫ | સામાન્ય | પછાતવર્ગ | ૪.૬૫% |
| | **કુલ** | **૯૬૭૪૭૬** | | | |

## ૫.૧૧.૪ વોર્ડ વાઈઝ મતદારોની સંખ્યાઃ

રાજકોટ જીલ્લાની રાજકોટ મહાનગરપાલિકાની સને-૨૦૧૦ની મૂળ મતદાર યાદીની પ્રાથમિક પ્રસિદ્ધિના નમુનો-ખ મુજબ વોર્ડવાઈઝ કુલ મતદારોની વિગત દર્શાવતું પત્રક

| વોર્ડ નં. | કુલ ભાગ | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૫૮ | ૨૨૧૩૮ (૫.૫૫%) | ૧૯૭૫૬ (૫.૩૯%) | ૪૧૮૯૪ (૫.૪૭%) |
| ૨ | ૫૦ | ૧૭૧૫૪ (૪.30%) | ૧૬૭૫૩ (૪.૫૭%) | ૩૩૯૦૭ (૪.૪૩%) |
| ૩ | ૫૧ | ૧૭૫૪૧ (૪.૪૦%) | ૧૬૬૩૭ (૪.૫૪%) | ૩૪૧૭૮ (૪.૪૭%) |
| ૪ | ૪૩ | ૧૪૩૨૫ (૩.૫૯%) | ૧૩૪૮૨ (૩.૬૮%) | ૨૭૮૦૭ (૩.૬૩%) |
| ૫ | ૫૩ | ૨૦૫૭૧ (૫.૧૬%) | ૧૭૮૮૧ (૪.૮૮%) | ૩૮૪૫૨ (૫.૦૨%) |
| ૬ | ૫૨ | ૧૭૦૯૦ (૪.૨૮%) | ૧૫૩૭૩ (૪.૨૦%) | ૩૨૪૬૩ (૪.૨૪%) |
| ૭ | ૪૧ | ૧૩૯૦૭ (૩.૪૯%) | ૧૨૪૮૭ (૩.૪૧%) | ૨૬૩૯૪ (૩.૪૫%) |
| ૮ | ૩૯ | ૧૩૩૪૮ (૩.૩૫%) | ૧૨૬૪૩ (૩.૪૫%) | ૨૫૯૯૧ (૩.૪૦%) |
| ૯ | ૫૪ | ૧૫૪૯૪ (૩.૮૮%) | ૧૫૫૭૭ (૪.૨૫%) | ૩૧૦૭૧ (૪.૦૬%) |
| ૧૦ | ૪૫ | ૧૫૨૧૦ (૩.૮૧%) | ૧૫૩૮૩ (૪.૨૦%) | ૩૦૫૯૩ (૪.૦૦%) |
| ૧૧ | ૫૫ | ૧૮૧૭૩ (૪.૫૬%) | ૧૭૭૬૪ (૪.૮૫%) | ૩૫૯૩૭ (૪.૭૦%) |
| ૧૨ | ૫૯ | ૨૦૬૭૯ (૫.૧૮%) | ૧૯૩૩૧ (૫.૨૮%) | ૪૦૦૧૦ (૫.૨૩%) |
| ૧૩ | ૭૫ | ૨૪૩૦૪ (૬.૦૯%) | ૨૧૮૯૨ (૫.૯૭%) | ૪૬૧૯૬ (૬.૦૪%) |
| ૧૪ | ૪૯ | ૧૫૯૮૨ (૪.૦૦%) | ૧૪૮૨૫ (૪.૦૫%) | ૩૦૮૦૭ (૪.૦૩%) |
| ૧૫ | ૪૨ | ૧૪૭૪૧ (૩.૭૦%) | ૧૩૭૬૧ (૩.૭૬%) | ૨૮૫૦૨ (૩.૭૨%) |
| ૧૬ | ૪૨ | ૧૪૮૯૫ (૩.૭૩%) | ૧૨૭૨૧ (૩.૪૭%) | ૨૭૬૧૬ (૩.૬૧%) |
| ૧૭ | ૪૯ | ૧૬૪૦૧ (૪.૧૧%) | ૧૩૩૮૯ (૩.૬૫%) | ૨૯૭૯૦ (૩.૮૯%) |
| ૧૮ | ૫૨ | ૧૭૬૩૭ (૪.૪૨%) | ૧૫૬૪૫ (૪.૨૭%) | ૩૩૨૮૨ (૪.૩૫%) |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯ | ૫૨ | ૧૭૪૭૩ (૪.૩૮%) | ૧૭૧૩૯ (૪.૬૮%) | ૩૪૬૧૨ (૪.૫૨%) |
| ૨૦ | ૫૦ | ૧૫૩૩૮ (૩.૮૫%) | ૧૪૩૬૭ (૩.૯૨%) | ૨૯૭૦૫ (૩.૮૮%) |
| ૨૧ | ૬૩ | ૨૦૧૩૫ (૫.૦૫%) | ૧૭૨૪૬ (૪.૭૧%) | ૩૭૩૮૧ (૪.૮૮%) |
| ૨૨ | ૫૩ | ૧૭૧૭૩ (૪.૩૧%) | ૧૫૫૦૧ (૪.૨૩%) | ૩૨૬૭૪ (૪.૨૭%) |
| ૨૩ | ૫૬ | ૧૯૧૭૮ (૪.૮૧%) | ૧૬૮૫૧ (૪.૬૦%) | ૩૬૦૨૯ (૪.૭૧%) |
| | **કુલ ટકાવારી** | **૫૨.૧૨%** | **૪૭.૮૮%** | **૪.૭૧%** |
| | **કુલ મતદારો** | **૩૯૮૮૮૭** | **૩૬૬૪૦૪** | **૭૬૫૨૮૯** |

**વિશ્લેષણ :**

ઉપરોક્ત કોષ્ટકનું વિશ્લેષણ કરી શકાય છે કે રાજકોટ શહેરમાં પુરુષોનું પ્રમાણ ૫૨.૧૨% છે. જ્યારે સ્ત્રીઓનું પ્રમાણ ૪૭.૮૮% જોવા મળે છે. એટલે કે પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓનું પ્રમાણ ૪.૨૪% જેટલું ઓછું જોવા મળે છે. સૌથી વધું વસ્તીનું પ્રમાણ વોર્ડ નં.૧૩માં જોવા મળે છે જ્યારે સૌથી ઓછી વસ્તીનું પ્રમાણ વોર્ડ નં.૮માં જોવા મળે છે. તેમજ સૌથી વધુ પુરુષોનું પ્રમાણ વોર્ડ નં.૧૩માં એટલે કે ૬.૦૯% પુરુષોનું પ્રમાણ જોવા મળે છે. જ્યારે સ્ત્રીઓનું પ્રમાણ પણ વોર્ડ નં.૧૩માં ૫.૯૭% જોવા મળે છે. જ્યારે સૌથી ઓછું પુરુષોનું પ્રમાણ વોર્ડ નં.૮માં માત્ર ૩.૩૫% જ્યારે સ્ત્રીઓનું પ્રમાણ ૩.૪૫% જોવા મળે છે જ્યારે કુલ વસ્તી વોર્ડ નં.૧૩માં ૬.૦૪% જોવા મળે છે અને સૌથી ઓછી વસ્તી ૩.૪૦% વોર્ડ નં.૮માં જોવા મળે છે.

**૫.૧૨ ભુગર્ભ ગટર યોજના :**

રાજકોટ શહેરમાં ગંદા પાણીના નિકાલ માટે ભૂગર્ભ ગટર વિભાગની રચના ૧૯૭૯માં કરવામાં આવી ત્યારથી મહાનગરપાલિકાની નાણાંકીય ઉપલબ્ધતા તથા શહેરના વિકાસને ધ્યાનમાં રાખીને જુના શહેર વિસ્તારમાં પ્રથમ તબક્કામાં ભૂગર્ભ ગટર યોજનાની સુવિધા પુરી પાડવાની કામગીરી નો પ્રારંભ થયેલ જે ૧૯૯૫ સુધી ચાલેલ. સને ૧૯૯૬-૯૭ થી તે દમ્યાન શહેરના થયેલ વિકાસને ધ્યાનમાં લઈ બાકી રહેલ વિસ્તારોને આ સુવિધા પુરી પાડવા માટે બીજા તબક્કાની કામગીરી હાથ ધરવામાં આવેલ. હાલ જુના શહેર વિસ્તારમાં આશરે ૯૦% જેટલી વસ્તીને ભૂગર્ભ ગટરની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. સને ૧૯૯૮માં રૈયા, નાનામવા તથા મવડી નગરપાલિકાઓને રાજકોટ શહેરની હદમાં ભેળવવામાં આવતા આ વિસ્તારના

નાગરીકોને ઉક્ત સુવિધા પુરી પાડવા માટે ત્રીજા તબક્કાની કામગીરી હાથ ધરવામાં આવેલ. જે પૈકી ભાગ-૧ ની કામગીરી પૂર્ણ થવામાં છે, તથા ભાગ-૨ ની કામગીરી તાજેતરમાં શરૂ કરવામાં આવેલ છે. શહેરના મુખ્યત્વે પૂર્વ ઝોન પૈકીના બાકી રહેતા વિસ્તારોમાં ભૂગર્ભ ગટરની સુવિધાઓ પુરી પાડવા બીજા તબક્કાની ભાગ-૨ની કામગીરી પણ તાજેતરમાં શરૂ કરવામાં આવેલ છે. અવિરત વિકાસને ધ્યાને લઈ, શહેરના સમગ્ર વિસ્તારોને ભૂગર્ભ ગટર સુવિધા હેઠળ આવરી લેવા માટેનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

૧. શહેરના નાગરીકોને ગંદા પાણીના નિકાલ માટે ભૂગર્ભ ગટરની યોગ્ય સુવિધા પૂરી પાડવી.
૨. હૈયાત ભૂગર્ભ ગટરની જાળવણી/કલેકટીવ સીસ્ટમ નિભાવ મરામતની કામગીરી કરવી.
૩. ભૂગર્ભ ગટર મારફ્ત એકઠા થતા ગંદા પાણીને યોગ્ય ટ્રીટમેન્ટ આપી તેનો નિકાલ કરવો.
૪. ગંદા પાણીને ટ્રીટમેન્ટ કરવા સુવેઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તૈયાર કરવા.

**૫.૧૨.૧ ભૂગર્ભ ગટર શાખાનું અંદાજપત્ર: (વર્ષ ૨૦૧૧-૧૨)** :

| ક્રમ | યોજનાનું નામ/સદર | પ્રવૃત્તિ | પ્રવૃતિ શરૂ કર્યાની તારીખ | પ્રવૃતિના અંતની અંદાજીત તારીખ | સુચિત રકમ (રૂ. લાખમાં) | મંજુર થયેલ રકમ (રૂા. લાખમાં) | છેલ્લા વર્ષનું ખરેખર ખર્ચ (રૂા. લાખમાં) | ટકાવારીનું પ્રમાણ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | પગાર ખર્ચ | ડ્રેનેજ શાખાના કર્મચારીઓનો પગાર | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૩૨૩.૨૪ | ૩૨૩.૨૪ | ૨૯૩.૧૩ | ૯૦.૬૮% |
| ૨ | ડ્રેનેજ મરામત કામો | ઝોનલ કોન્ટ્રાક્ટર મારફ્ત કરવામાં આવતી પરચૂરણ નવી કામગીરી તથા રીપેરીંગ | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૪૦૦.૦૦ | ૪૦૦.૦૦ | ૩૦૯.૦૨ | ૭૭.૨૫% |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | કમગીરી | | | | | | |
| ૩ | વિજળી વપરાશ | વિજળી વપરાશ | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૩૦૦.૦૦ | ૩૦૦.૦૦ | ૨૬૯.૬૪ | ૮૯.૮૮% |
| ૪. | પમ્પીંગ સ્ટેશન નિભાવ મરામત | પમ્પીંગ સ્ટેશન નિભાવ મરામત | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૧૧૦.૦૦ | ૧૧૦.૦૦ | ૫૮.૬૮ | ૫૩.૩૫% |
| ૫ | સાદિલવાર | પરચૂરણ ખર્ચ | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૦.૨૦ | ૦.૨૦ | ૦.૨૦ | |
| ૬ | ટેલીફોન ખર્ચ | ટેલીફોન ખર્ચ | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૦.૧૫ | ૦.૧૫ | ૦.૧૨ | ૮૦.૦૦% |
| ૭. | ટ્રીટમેન્ટ પ્લાન્ટ નિભાવ મરામત | ટ્રીટમેન્ટ પ્લાન્ટ નિભાવ મરામત | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૧૧૦.૦૦ | ૧૧૦.૦૦ | ૬૧.૫૪ | ૫૫.૯૫% |
| ૮ | કલેકટીવ સીસ્ટમ નિભાવ મરામત | કલેકટીવ સીસ્ટમ નિભાવ મરામત | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૪૮.૦૬ | ૪૮.૦૬% |
| ૯ | કલીનીંગ મશીનરી નિભાવ મરામત | કલીનીંગ મશીનરી નિભાવ મરામત | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૨૦.૦૦ | ૨૦.૦૦ | ૭.૯૫ | ૩૯.૭૫% |
| ૧૦. | કલીનીંગ મશીનરી ખરીદી | કલીનીંગ મશીનરી ખરીદી | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૧૧.૦૦ | ૧૧.૦૦ | ૦.૦૦ | - |
| ૧૧. | ડ્રેનેજ ફેઇઝ-૩ | નવા ભળેલ વિસ્તારોમાં ડ્રેનેજ લાઇન નાંખવાની કામગીરી | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૮૬૫.૫૨ | - |
| ૧૨ | ડ્રેનેજ ફેઇઝ-૨ પાર્ટ-૨ Jn NURM-1 | વિકસીત વિસ્તારોમાં ડ્રેનેજ લાઇન નાખવાની | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૧૦,૦૦૦.૦૦ | ૧૦,૦૦૦.૦૦ | ૫૦૯.૫૮ | ૫.૦૯% |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | કામગીરી | | | | | | |
| ૧૩ | પ્રોજેક્ટ SJMMSVY | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૨૭૦૦.૦૦ | ૨૭૦૦.૦૦ | ૨૩૪.૩૬ | ૮.૬૮% |

**વિશ્લેષણ**

ઉપરોક્ત કોષ્ટક પરથી વિશ્લેષણ કરતા ભૂગર્ભ ગટર શાખાનાં અંદાજપત્રમાં જોઈ શકાય છે કે સૌથી વધુ ખર્ચનું પ્રમાણ પગાર ખર્ચનું પ્રમાણ ૯૦.૬૮% જોવા મળે છે. જ્યારે સૌથી ઓછું પ્રમાણ વિકસીત વિસ્તારોમાં ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરીનો ખર્ચ માત્ર ૩.૫.૦૯% જોવા મળે છે. જે કોષ્ટક પરનું સૌથી ઓછું ખર્ચ કહી શકાય.

**૫.૧૨.૨ સેનીટેશનની વિગતો, કાર્યો અને ફરજો:**

રાજકોટ મહાનગરપાલિકની આરોગ્યશાળાનાં નેજા હેઠળ આરોગ્ય તેમજ સેનીટેશનની બેવડી કામગીરી કરવામાં આવતી હતી. ઘન કચરા વ્યવસ્થાપન (નિકાલ અને નિયંત્રણ) નિયમો ૨૦૦૦ તથા નામદાર સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન્સનાં અમલીકરણ હેતુ ઓક્ટોબર-૨૦૦૪ થી તેનું વિભાજન કરી પર્યાવરણ ઇંજનેરશ્રીનાં વડપણ હેઠળ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ ડીપાર્ટમેન્ટ કાર્યરત કરવામાં આવેલ છે, જેમાં પર્યાવરણ ઈજનેર, નાયબ પર્યાવરણ ઈજનેર, સેનીટરી ઈન્સપેક્ટર તથા સેનીટરી સબ ઈન્સપેક્ટર, જેવા મહત્વનાં ટેકનીકલ સ્ટાફ દ્વારા સેનીટેશનની કામગીરી કરવામાં આવે છે.

૧. શહેરમાં દૈનિક ધોરણે સફાઈ કામગીરી તેમજ ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી કરવામાં આવે છે.

૨. શહેરમાં સફાઈ કામગીરી દરમ્યાન બંધ કચરા પેટીમાં એકઠો થયેલ કચરો જરૂરી વાહનો દ્વારા ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશનમાં ઠાલવી, ત્યાંથી લેન્ડફીલ સાઈટ ખાતે ડીસ્પોઝલ કરવાની કામગીરી કરવામાં આવે છે.

૩. શહેરમાં આવેલ જુદા જુદા વોંકળા, બોક્ષ ગટર, બંધ ગટર વિગેરેની સફાઈ કરી તેમાંથી કાઢવામાં આવેલ ગાર, રબ્બીશ, ભરતી, કચરો વિગેરે જરૂરી વાહનો દ્વારા ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશનમાં ઠાલવી, ત્યાંથી લેન્ડપીલ સાઈટ ખાતે ડીસ્પોઝલ કરવાની કામગીરી કરવામાં આવે છે.

૪. શહેરમાંથી રખડતાં ભટકતા તેમજ ટ્રાફિકને અડચણરૂપ ઢોર (જીવ) પકડવાની કમગીરી કરવામાં આવે છે.

૫. આવેલ ફરીયાદ અન્વયે શહેરમાંથી મરેલ ચોપગાં જાનવર ઉપાડી, તેનો યોગ્ય નિકાલ કરવાની કામગીરી કરવામાં આવે છે.

૬. શહેરમાંથી ભૂંડ પકડી, તેને શહેરની હદ બહાર છોડવાની કામગીરી.

**૫.૧૩ લાઈબ્રેરી વિભાગ :**

રાજકોટ મહાનગર સેવા સદન દ્વારા રાજકોટની જાહેર જનતાને સારૂ અને જીવન ઉપયોગી સાહિત્ય સહેલાઈથી મળી શકે તે માટે સૌપ્રથમ બહેનો તથા બાળકો માટે બહેનો ને ઘેર બેઠાં તેમના પોતાના વિસ્તારમાં મોબાઈલ લાઈબ્રેરી દ્વારા પુસ્તકો પહોંચાડવામાં આવે તે હેતુસર ૨૬-૦૧-૧૯૮૪માં ફરતા પુસ્તકાલયની શરૂઆત કરી ત્યાર બાદ ૨૬-૦૮-૧૯૮૫માં શ્રીમતિ પ્રભાદેવી જે. નારાયણ પુસ્તકાલયની સ્થાપના કરવામાં આવી ત્યાર બાદ લોકો તરફથી વધુ સાથ સહકાર અને માંગ વધતા ૨૫-૦૮-૧૯૯૦ના રોજ બીજા એક બહેનો તથા બાળકો માટે ફરતા પુસ્તકાલય શરૂ કરવામાં આવ્યું જેને સારો એવો પ્રતિસાદ મળેલ છે. બાળકો માટે ૨૫-૦૬-૧૯૮૮ના રોજ રમકડાઓ સહેલાઈથી મળી રહે તે હેતુને ધ્યાનમાં રાખી રમકડા લાઈબ્રેરી શરૂ કરવામાં આવી તા.૭-૬-૦૭ થી મલ્ટીમીડીયા નેટ કલબ શરૂ કરવામાં આવી, હાલમાં આ બધા જ વિભાગો દ્વારા સેવાઓ આપવામાં આવે છે.

**૫.૧૩.૧ રાજકોટ મહાનગરપાલિકાની લાઈબ્રેરી વિભાગની ચાર્ટ દ્વારા માહિતી :**

**શ્રીમતિ પ્રભાદેવી જે. નારાયણ પુસ્તકાલય**

કમિશનર
↓
નાયબ કમિશનર
↓
સહાયક કમિશનર
↓
ગ્રંથપાલ
↓

મદદનીશ ગ્રંથપાલ (૧) | મદદનીશ ગ્રંથપાલ (૨) | મદદનીશ ગ્રંથપાલ (૩)




### ૫.૧૩.૨ લાઈબ્રેરી વિભાગની માંહિતીઃ

| ક્રમ | દસ્તાવેજની કક્ષા | દસ્તાવેજનું નામ | દસ્તાવેજ મેળવવાની કાર્યપદ્ધતિ |
|---|---|---|---|
| ૧. | પુસ્તકાલય | પુસ્તકો : ૫૫૭૩૮ | લાઈબ્રેરીયન |
| | | રમકડા : ૨૦૫૭ | લાઈબ્રેરીયન |
| | | સામયિક : ૧૫૫ | લાઈબ્રેરીયન |
| | | વર્તમાનપત્રો-૧૯ | લાઈબ્રેરીયન |
| | | સીડી, ડીવીડી-૫૨૨૦ | લાઈબ્રેરીયન |

### ૫.૧૩.૩ લાઈબ્રેરી વિભાગનુ અંદાજપત્રઃ

| બજેટ સંજ્ઞા | બજેટ સદર | હિસાબી સંજ્ઞા | હિસાબી સદર | સૂચિત અંદાજપત્ર | મંજૂર થયેલ અંદાજપત્ર | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૨૦૦૨ | શ્રીમતી પ્રભાદેવી જે. નારાયણ પુસ્તકાલય શ્રીમતી પીજેએન પુસ્તકાલય પગાર ખર્ચ | ૩૦૧૦૦ | પગાર | ૨૦,૭૧,૦૦૦ | ૨૦,૭૧,૦૦૦ | ૨૦,૭૯,૦૯૬ |
| ૨૦૦૨ | પુસ્તકખરીદી ઈત્યાદી પરચુ. ખર્ચ | ૪૯૩૦૧ | સાદીલવાર/ પુસ્તક ખરીદી | ૪,૫૦,૦૦૦ | ૫,૨૫,૦૦૦ | ૫,૧૮,૧૦૮ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨૦૦૨ | ટેલીફોન ખર્ચ | ૩૪૧૦૦ | ટેલીફોન ખર્ચ | ૫૫,૦૦૦ | ૫૫,૦૦૦ | ૪૬,૯૪૮ |
| ૨૦૦૨ | પુસ્તકાલય વિજળી ખર્ચ | ૪૩૧૦૩ | વિજળી ખર્ચ | ૧,૭૦,૦૦૦ | ૧,૭૦,૦૦૦ | ૯૨,૩૧૨ |
| ૨૦૦૩ | મોબાઈલ લાઈબ્રેરી (બહેમો માટે) મોબાઈલ લાઈબ્રેરી પગાર ખર્ચ | ૩૦૧૦૦ | પગાર | ૧૮,૦૦,૦૦૦ | ૧૮,૦૦,૦૦૦ | ૧૭,૪૪,૨૭૮ |
| ૨૦૦૩ | પુસ્તક ખરીદી ઈત્યાદી પરચુ.ખર્ચ | ૪૯૩૦૧ | પુસ્તક ખરીદી | ૩,૦૦,૦૦૦ | ૩,૦૦,૦૦૦ | ૨,૭૫,૭૯૭ |
| | ચિલ્ડ્રન ટોયઝ લાઈબ્રેરી | | | | | |
| ૨૦૦૪ | સાધન સામગ્રી ટોયઝ બેંક ઈત્યાદી પર ખર્ચ | ૪૯૩૦૨ | ટોયઝ ખરીદી | ૫૦,૦૦૦ | ૫૦,૦૦૦ | ૫૦,૦૦૦ |
| ૨૦૦૨ | અમીન માર્ગ રોટરી લાઈબ્રેરી ખર્ચ | | ગ્રાન્ટ | ૧૦,૦૦,૦૦૦ | ૧૦,૦૦,૦૦૦ | ૭,૮૬,૦૦૦ |

**વિશ્લેષણ :**

ઉપરોક્ત કોષ્ટક પરથી ફાળવાયેલ અંદાજપત્રમાં સૌથી વધુ થયેલ ખર્ચની ટકાવારી શ્રીમતી પ્રભાદેવી જે. નારાયણ પુસ્તકાલયમાં સૌથી વધુ ખર્ચ એટલે કે ૩૭.૧૮% જોવા મળે છે. જ્યારે તેની સરખામણીમાં ટેલીફોન ખર્ચનું પ્રમાણ સૌથી ઓછું એટલે કે ૦.૮૪% જોવા મળે છે જે પ્રમાણ સૌથી ઓછુ છે વિવિધ સંસ્થાને ફાળવાયેલ અંદાજપત્ર રૂ.૫૫,૯૨,૫૩૯ લાખ જેટલું જોવા મળે છે.

**૫.૧૪ સ્ટ્રીટ લાઈટ :**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજકોટ શહેરમાં ૩૮૦૦૦ સ્ટ્રીટલાઈટ છે. ગત વર્ષમાં ૨૨૦૦ નંગ નવી સ્ટ્રીટલાઈટ ફીટ કરવામાં આવેલ, જ્યારે આગામી વર્ષમાં ૨૫૦૦ નંગ નવી સ્ટ્રીટ લાઈટ ફીટ કરવાનો અંદાજ છે. રાજકોટ શહેરમાં ૨૪ મીટર રસ્તાઓ પર ડીવાઈડર તૈયાર કરવામાં આવશે. જેમ કે, વૃંદાવન સોસાયટી માર્ગ, નાનામવા ચોકડીથી નાનામવા ગામ માર્ગ, રૈયા ચોકડીથી રૈયા ગામ, પેડક રોડ, દુધ સાગર રોડ, રેલનગર, નહેરુનગર રોડ, વિગેરે પર સેન્ટર સોડીયમ લાઈટીંગનું આયોજન છે. મહાનગરપાલીકાની ઓફીસ બિલ્ડીંગ્સ અને

કંપાઉન્ડમાં સોલાર/સી.એફ.એલ. લાઈટીંગ ફીટ કરવામાં આવશે. આ માટે બજેટમાં રૂા.૨૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

### ૫.૧૪.૧ સ્ટ્રીટ લાઈટ વિભાગનુ અંદાજપત્ર:(૨૦૧૧-૨૦૧૨) :

| ક્રમ | યોજનાનું નામ/સદર | પ્રવૃત્તિ | પ્રવૃત્તિ શરૂ કર્યાની તારીખ | પ્રવૃતિના અંતની અંદાજીત તારીખ | સુચીત રકમ લાખમાં | ટકાવારીનું પ્રમાણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | પગાર ખર્ચ | શાખાના કર્મચારીના પગાર | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૨૫૨.૪૩ | ૧૮.૮૦% |
| ૨ | સાદીલવાર | પરચૂરણ ખર્ચ | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૦૦.૨૫ | ૦.૦૨% |
| ૩ | ટેલીફોન ખર્ચ | શાખાના ટેલીફન ખર્ચ | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૦૦.૨૫ | ૦.૦૨% |
| ૪ | પરચુરણ રીપેરીંગ સ્ટ્રીટ લાઈટ | સ્ટ્રીટ લઈટ નિભાવ મરામત ખર્ચ | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૧૮૦.૦૦ | ૧૩.૪૧% |
| ૫ | પરચુરણ રીપેરીંગ બિલ્ડીંગ | મ્યુ.બીલ્ડીંગના ઈલેક્ટ્રીક નિભાવ મરામત ખર્ચ | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૧૦.૦૦ | ૦.૭૪% |
| ૬ | વાપરેલ વિજળી શક્તિ સ્ટ્રીટ લાઈટ | સ્ટ્રીટ લાઈટ વિજળી વપરાશ ખર્ચ | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૫૦૦.૦૦ | ૩૭.૨૫% |
| ૭ | વાપરેલ વિજળી શક્તિ બિલ્ડીંગ | મ્યુ.બિલ્ડીંગ ફુવારા / સીગ્નલ માટે વિજળી વપરાશ ખર્ચ | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૩૦.૦૦ | ૨.૨૩% |
| ૮ | સ્ટાફ વિમા યોજના | ટેકનીકલ સ્ટાફને વિમા સુરક્ષા અંગે ખર્ચ | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૦૨.૫૦ | ૦.૧૯% |
| ૯ | નવીબતી સુધારણા | શહેરમાં નવી સ્ટ્રીટ લાઈટ સુવીધા આપવાનું કામ વોર્ડ નં.૧ થી ૨૩ | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૧૦૦.૦૦ | ૭.૪૫% |
| ૧૦ | ટ્રાફિક સિગ્નલ પોઈંટ | શહેરમાં નવા ટ્રાફિક સીગ્નલ ફીટ કરવાનું કામ | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૧૫૦.૦૦ | ૧૧.૧૭% |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૧ | સેન્ટર પોલ લાઈટીંગ | શહેરમાં મુખ્ય માર્ગો પર સેન્ટર લાઈટીંગ કામ | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૧૦૦.૦૦ | ૭.૪૫% |
| ૧૨ | વોટર કુલર એકન્ડીશન ખરીદી | મ્યુ. બીલ્ડીંગ માટે વોટર કુલર/એરકન્ડીશન ખરીદી | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૦૭.૦૦ | ૦.૫૨% |
| ૧૩ | એનર્જી કર્ન્ઝવેશન | હયાત સ્ટ્રીટ લાઈટ સીસ્ટમ ની કાર્યક્ષમતા વધારવા | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૧૦.૦૦ | ૦.૭૫% |
| | **કુલ** | | | | **૧૩૪૨.૪૩** | |

**વિશ્લેષણ :**

ઉપરોક્ત કોષ્ટક પરથી વિશ્લેષણ કરી શકાય છે કે સ્ટ્રીટલાઈટ અંદાજપત્રમાં સૌથી વધુ ખર્ચ વીજળીનો છે. વિજળી શક્તિ ૩૭.૨૫%નો ખર્ચ થયેલ છે જ્યારે અંદાજપત્રમાં સૌથી ઓછો ખર્ચ ટેલીફોન ખર્ચનું પ્રમાણ ૦.૦૨% જોવા મળે છે આમ સ્ટ્રીટલાઈટ અંદાજપત્રમાં સૌથી ઓછા ખર્ચનું પ્રમાણ ટેલીફોનબીલનું છે.

**૫.૧૫ મહેકમ શાખા**

મહાપાલિકાનાં કાયદા ઘડેલ નીતિનાં અમલ માટે જે કોઈ કામગીરી તથા કાર્યવાહી લોકોની અપેક્ષા પરિપૂર્ણ કરવા માટે તથા લોકો માટે નિયત ફરજ બજાવવા માટેનાં સંકલિત પ્રયાસો કરી જાહેરતંત્ર પોતાનાં હેતુ સિદ્ધ કરે તે જાહેરતંત્ર વહીવટીતંત્રમાં ખુલ્લાપણુ, પારદર્શકતા અને જવાબદારીને પ્રોત્સાહન આપવા અને તેની સાથે સંકળાયેલ અથવા તેમાં આકસ્મિકપણે રહેલી બાબતોના સંબંધ જાહેર હિતને સુસંગત જાહેર સતાવાળાઓનાં અંકુશ હેઠળ માહિતી મેળવવાનો દરેક નાગરીકને હક્ક મળી શકે.

### ૫.૧૫.૧ મહેકમ શાખાનો ચાર્ટ દ્વારા સમજૂતીઃ




### ૫.૧૫.૨ મહેકમ વિભાગનુ અંદાજપત્રઃ વર્ષ ૨૦૧૧-૧૨ (રૂપિયા લાખમાં)

| ક્રમ | યોજનાનું નામ/સદર | પ્રવૃત્તિ | પ્રવૃત્તિ શરૂ કર્યાની તારીખ | પ્રવૃત્તિના અંતની અંદાજેલ તારીખ | સૂચિત કમ | મંજુર થયેલ રકમ | છૂટી કરેલ/ ચુકવેલ રકમ (હપ્તાની રકમ) | છેલ્લા વર્ષનું ખરેખર ખર્ચ | કાર્યની ગુણવત્તા માટે સંપૂર્ણપણે કામગીરી માટે જવાબદાર અધિકારી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | એસ્ટા જીએડી પગાર | પગાર | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૧૮૧.૦૦ | ૧૮૧.૦૦ | | | સહાયક કમિશ્નર |
| ૨ | સાદિલવાર | પચુરણ | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૩.૦૦ | ૩.૦૦ | | | સહાયક કમિશ્નર |
| ૩ | ટેલીફોન | ટેલીફોન | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૨.૦૦ | ૨.૦૦ | | | સહાયક કમિશ્નર |
| ૪ | જાહેરાત | જાહેરાત | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૬૫.૦૦ | ૬૫.૦૦ | | | સહાયક કમિશ્નર |
| ૫ | સ્ટાફ | સ્ટાફ | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૫.૦૦ | ૫.૦૦ | | | સહાયક |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | અકસ્માત વળતર અને સ્ટાફ કલ્યાણ ફંડ | કલ્યાણ | | | | | | | કમિશ્નર |
| ૬ | મહેમાન સરભરા | આતિથ્ય | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૦.૫૦ | ૦.૫૦ | | | સહાયક કમિશ્નર |
| ૭ | એપ્રેન્ટિસ સ્ટાઈપેન્ડ | સ્ટાઈ પેન્ડ | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૨.૦૦ | ૨.૦૦ | | | સહાયક કમિશ્નર |
| ૮ | ઝેરોક્ષ | નકલો | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૭.૦૦ | ૭.૦૦ | | | સહાયક કમિશ્નર |
| ૯ | સ્ટાફ તાલિમ | તાલીમ | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૧.૦૦ | ૧.૦૦ | | | સહાયક કમિશ્નર |
| ૧૦ | સાધન નિભાવણી /મરામત | મરામત | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૦.૦૦ | ૧.૦૦ | | | સહાયક કમિશ્નર |
| ૧૧ | વી.આર. એસ. | નિવૃત્તિ લાભ | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૦૦ | ૦૦ | | | સહાયક કમિશ્નર |
| ૧૨ | વિજળી | વિજળી | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૦.૬૦ | ૦.૬૦ | | | સહાયક કમિશ્નર |
| ૧૩ | વહીવટી સુધારણા | સુધારણા | ૧-૪-૧૧ | ૩૧-૩-૧૨ | ૦.૦૦ | ૦.૦૦ | | | સહાયક કમિશ્નર |

**વિશ્લેષણ :**

ઉપરોક્ત કોષ્ટક પરથી વિશ્લેષણ કરી શકાય છે કે સૌથી વધુ મંજુર થયેલ રકમનું પ્રમાણ પગારખર્ચની રકમ રૂ.૧૮૧ લાખ જોવા મળે છે. જેના કરતાં સૌથી ઓછું ખર્ચનું પ્રમાણ ટેલીફોન ખર્ચ જોવા મળે છે. એટલે કે માત્ર રૂ. ૨ લાખ જ ખર્ચ જોવા મળે છે જે ખર્ચમાં ઘટાડો થયેલ જોવા મળે છે.

**૫.૧૬ એસ્ટેટ વિભાગ:**

રાજકોટ મહાનગરપાલિકા એસ્ટેટ વિભાગમાં વેચાણ તથા ભાડાનો દસ્તાવેજ તૈયાર કરવાને લગતી કામગીરી, તેમજ વાર્ષિક અંદાજપત્ર તૈયાર કરવાની કામગીરી, પત્રવ્યવહાર તથા ફાઈલ વ્યવહારમાં ઈનવર્ડ આઉટવર્ડને લગતી કામગીરી મ્યુનિસિપલ બિલ્ડીંગો નિભાવવાને

લગતી કામગીરી, કોમર્શીયલ બિલ્ડીંગો ભાડે આપવા, વેચાણ કરવા, ટ્રાન્સફર કરવા, પટ્ટે આપવા, શાખા દ્વારા થતી આવકો વસુલાત કરવા, ટ્રેઝરીમા જમાં કરાવવાં, તથા રીકવરીને લગતી કામગીરી, રેસકોર્સ ગ્રાઉન્ડ ભાડે આપવાની કામગીરી વગેરે તમામ કામગીરી એસ્ટેટ વિભાગમાં કરવામાં આવે છે.

**૫.૧૬.૧ એસ્ટેટ વિભાગનું અંદાજપત્ર: (વર્ષ ૨૦૧૦-૧૧):**

| ક્રમ | સદર | સૂચિત અંદાજપત્ર (કમિશ્નરશ્રી) | મંજૂર થયેલ અંદાજપત્ર (રૂા.) | ટકાવારીનું પ્રમાણ | કુલ ખર્ચ તા.૩૧-૧૨-૧૦ સુધી |
|---|---|---|---|---|---|
| ૧ | જનરલ કન્ઝરવંશી પગાર ખર્ચ (સ.કા.) | ૩૬૫૦.૦૦ | ૩૬૫૦.૦૦ | ૮૧.૯૯% | ૩૫૩૭૩૯૦૧૮ |
| ૨ | ખાસ કન્ઝરવંશી પગાર ખર્ચ | ૮૪૦.૦૦ | ૮૪૦.૦૦ | ૧.૯૮% | ૮૫૨૨૯૮૦ |
| ૩ | સાદીલવાર ખર્ચ | ૦૦.૬૦ | ૦૦.૬૦ | -- | ૨૫૮૭૭ |
| ૪ | ટેલીફોન ખર્ચ | ૨.૫૦ | ૧.૭૫ | -- | ૨૩૩૯૩ |
| ૫ | વિજળી ખર્ચ | ૪.૦૦ | ૪.૦૦ | ૦.૦૮% | ૩૨૫૩૪૯ |
| ૬ | સાધન સામગ્રી ખર્ચ | ૫૦.૦૦ | ૪૫.૦૦ | - | - |
| ૭ | વાહન નિભાવ (અન્ય) | ૨૮.૦૦ | ૨૩.૦૦ | - | - |
| ૮ | પશુ પરિવહન ખર્ચ | ૧૨.૦૦ | ૧૦.૦૦ | ૦.૨૪% | ૧૦૫૩૮૩૪ |
| ૯ | પશુ મદદ ફાળો | ૧૨.૦૦ | ૧૦.૦૦ | ૦.૧૩% | ૫૭૦૦૦૦ |
| ૧૦ | પશુઓને ખોરાકી | ૨૦.૦૦ | ૧૮.૦૦ | ૦.૨૯% | ૧૨૪૯૧૦૮ |
| ૧૧ | કચરાપેટી દુરસ્તી | ૪૫.૦૦ | ૩૦.૦૦ | - | - |
| ૧૨ | કોન્ટ્રાક્ટ બેઈઝથી કચરો ઉપાડવાનું કામ (સેકન્ડરી) | ૩૦૦.૦૦ | ૨૬૦.૦૦ | ૫.૮૮% | ૨૫૩૮૦૦૫૭ |
| ૧૩ | કોન્ટ્રાક્ટ બેઈઝથી કચરો ઉપાડવાનું કામ (પ્રાયમરી) | ૪૫૦.૦૦ | ૪૫૦.૦૦ | ૦.૨૧% | ૮૫૩૮૧૦ |
| ૧૪ | હાઉસીંગ સોસાયટી સફાઈ ગ્રાન્ટ | ૫૦.૦૦ | ૩૦.૦૦ | ૦.૬૪% | ૨૭૬૩૫૪૬ |
| ૧૫ | કૂતરા વ્યંધિકરણ | ૫૦.૦૦ | ૯૨.૦૦ | - | - |
| ૧૬ | કોન્ટ્રાક્ટ બેઈઝથી વોંકળા, નાલ, પુલીયા, બોક્ષ ગટર સફાઈ | ૫૦.૦૦ | ૩૦.૦૦ | ૦.૨૦% | ૮૫૮૪૧૦ |
| ૧૭ | સો.વે.મે. એન્ટી મેલેરીયા (વોંકળાગેંગ) પગાર ખર્ચ | ૪૧૫.૦૦ | ૩૬૫.૦૦ | ૮.૩૬% | ૩૬૦૬૯૮૮૨ |
| ૧૮ | પશુ વસ્તી ગણત્રી ખર્ચ | ૦.૦૦ | ૫.૦૦ | -- | - |
| ૧૯ | સોલીડ વેસ્ટ JnNURM (Mission-1)ડેડ એનીમલ ઈન્સીનરેટર | ૫૦ | ૪૫ | -- | ૧૯૫૨૨ |
| ૨૦ | નિર્મળ ગુજરાત-૨૦૦૭ જી.પી.એસ. | ૦૦.૦૦ | ૦૦.૦૦ | -- | ૦૦.૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | ગ્લોબલ પોજીશનીંગ સીસ્ટમ વોર્ડ,<br>ઓફીસ માટે બાયો મેટ્રીક્ષ | | | | |
| | **કુલ** | **૨૩૭૯.૧** | **૧૪૧૯.૩૫** | | **૪૩૧૪૫૪૭૮૬** |

**વિશ્લેષણ :**

ઉપરોક્ત કોષ્ટક પરથી વિશ્લેષણ કરી શકાય છે કે અન્ય જાહેરતંત્રો માટેના ખર્ચમાં સૌથી વદુ ખર્ચ પગાર ખર્ચ ૮૧.૯૯% જેટલો જોવા મળે છે. જે સૌથી વિશેષ ખર્ચ કહી શકાય જ્યારે સૌથી ઓછો ખર્ચ વિજળી ખર્ચ એટલે કે ૦.૦૮% જ માત્ર જોવા મળે છે જે એસ્ટેટ વિભાગનો સૌથી ઓછો ખર્ચ છે.

**૫.૧૭. ઉપસંહાર :**

રાજકોટ મહાનગપાલિકા ઉપર મુજબની કામગીરી કરે છે જે દરેક શાખાઓનાં અધિકારીઓ તેમજ ફરજ મુજબ કાર્યો કરે છે. રાજકોટ મહાનગરપાલિકાની વિવિધ શાખાઓ દ્વારાં બજાવવામાં આવતી કામગીરી સારી ગણાવી શકાય. છતા પણ વર્તમાન પરિસ્થિતિ જોતાં હજુ પણ સંતોષકારક નથી. તેથી તેનાં વધુ વિકાસ માટે વધુ પ્રમાણમાં નાણાં મળી રહે તેવી કરવા જોઈએ. હવે પછીનાં પ્રકરણમાં રાજકોટ મહાનગરપાલિકાનાં આવક અને ખર્ચનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવેલ છે. તેનાં દ્વારા એ જાણી શકાય કે મહાનગરપાલિકાએ તેમનાં કેવા પ્રકારનાં ખર્ચમાં કાપ મુકવો જોઈએ. અને આવકનાં વલણો દ્વારા એ જાણી શકાશે છે કે આવકનાં ક્યા સાધનમાંથી વધુ આવક મેળવી, કેવી રીતે સાધનો ઉભા કરવા તેની ચર્ચા કરવામાં આવેલ છે.

# પ્રકરણ-૬
# રાજકોટ મહાનગરપાલિકાનો આવક અને ખર્ચનો તુલનાત્મક અભ્યાસ

૬.૧ પ્રસ્તાવના :

૬.૨ આવકનો વલણો

૬.૩ કુલ ખર્ચનાં વલણો

૬.૪ કુલ આવક અને કુલ ખર્ચનાં વલણો

૬.૫ રાજકોટ મહાનગરપાલિકાનું મહેસુલી આવકનું વિભાજન

૬.૬ રાજકોટ મહાનગરપાલિકાનું મૂડી આવકનું વિભાજન

૬.૭ રાજકોટ મહાનગરપાલિકાનું મહેસુલી ખર્ચનું વિભાજન

૬.૮ રાજકોટ મહાનગરપાલિકાનું મૂડી ખર્ચનું વિભાજન

૬.૯ રાજકોટ મહાનગરપાલિકાને રાજ્ય સરકાર તરફથી મળતી ગ્રાંટ

૬.૧૦ રાજકોટ મહાનગરપાલિકાને કેન્દ્ર સરકાર તરફથી મળતી સહાય.

૬.૧૧ રાજકોટ મહાનગરપાલિકાની પ્રતિદિન આવક ખર્ચની વિગત

૬.૧૨ કરમાળખું

૬.૧૩ ઉપસંહાર

# પ્રકરણ-૬

# રાજકોટ મહાનગરપાલિકાનો આવક અને ખર્ચનો તુલનાત્મક અભ્યાસ

## ૬.૧ પ્રસ્તાવના :

કેન્દ્ર સરકારને સમગ્ર દેશની નાણાંકીય તેમજ બીજી જવાબદારીઓ સંભાળવાની હોય છે તેમ રાજ્યોને સમગ્ર રાજ્યની અને સ્થાનિક લેવલે મહાનગરપાલિકાને પોતાના શહેરના નક્કી થયેલા ચોક્કસ હદ વિસ્તારમાં મહત્વનાં વિવિધ કાર્યો તથા આ કાર્યો માટે જરૂરી નાણાભંડોળને ઉભુ કરવાની જવાબદારી હોય છે. આ નાણાભંડોળને મહાનગરપાલિકાએ પોતાની આવકનાં મર્યાદીત સાધનો દ્વારાં ઉભું કરવાનું હોય છે.

આજે શહેરીકરણ એ એક વૈશ્વિક સમસ્યા છે આપણા દેશમાં આ સમસ્યામાં દિવસેને દિવસે વધારો થતો જાય છે. આજે તમામ પ્રકારના શહેરોનો ઝડપી વિકાસ થઈ રહ્યો છે. પરંતુ જેટલા ઝડપથી શહેરીકરણમાં વધારો થાય છે. એટલી જ ઝડપથી માળખાકીય સવલતો પ્રાપ્ત થાય એવી નગરજનો અપેક્ષા રાખે છે. તેની સામે મહાનગરપાલિકાના આવકનાં નાણાકીય સાધનો પ્રમાણમાં મર્યાદીત અને ઓછા પ્રગતિશીલ હોય છે. આ નાણું એક કોયડારૂપી બની ગયું છે. એટલે મહાનગરપાલિકાએ પોતાની આવક અને ખર્ચની વહેંચણી જુદા-જુદા વિભાગોમાં એવી રીતે કરવી જોઈએ કે જેથી અમૂલ્ય નાણાંનું મૂલ્ય જળવાઈ રહે અને દરેક સ્તરનાં લોકોને મહાનગપાલિકાની સેવાઓનો લાભ પણ મળી રહે છે.

ઉપર મુજબની ભૂમિકાનાં સંદર્ભમાં આ પ્રકરણમાં રાજકોટ મહાનગરપાલિકાની આવક અને ખર્ચનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે. અહીં, એ જાણવાની કોશિષ કરી છે કે મહાનગરપાલિકાઓના ખર્ચના વલણોની સામે આવક કઈ રીતે કરી છે ? આવકના વલણો કેવા પ્રકારના છે ? ક્યા સાધનોમાંથી કઈ રીતે, કેટલી આવક પ્રાપ્ત કરી શકે છે ? અહીં કુલ આવકના સાધનોમાં સ્થાનિક લેવલે કરવેરાનો હિસ્સો કેટલો છે તેનાં પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. ક્યા વર્ષમાં વિશેષ આવકમાં વધારો થયો છે અને ક્યા વર્ષમાં વિશેષ આવકમાં ઘટાડો એટલે કે ખર્ચનું પ્રમાણ વધુ છે તે તપાસવાની કોશીષ કરી છે.

## ૬.૨ આવકનાં વલણો :

રાજકોટ મહાનગરપાલિકા આવકનાં સાધનોને મુખ્યત્વે ત્રણ વિભાગમાં વિભાજીત કરેલ છે.

(૧) મહેસુલી આવક

(૨) મૂડી ખાતાની આવક

(૩) અનામત આવક.

મહેસુલી (સામાન્ય) આવકમાં કર અને દરની આવક ખાસ કાયદા તથા નિયમોની રૂએ થતી આવક, કર અને દર સિવાયની મહાનગરપાલિકાની આવક, અનુદાન અને સહાય (સરકારશ્રી તથા અન્ય તરફથી) મળતી આવક, પરચુરણ આવક પાછી વસુલ થઈ શકે તેવી (ઉપલક) ખાતાની આવકનો સમાવેશ થાય છે.

મૂડી ખાતાની આવકમાં મિલકત વેચાણ, સીટી સર્વે શાખા દ્વારા મળતી આવક, જગ્યા રોકાણમાંથી મળતી આવક રાજ્ય સરકાર દ્વારા મળતી ગ્રાંટો, કેન્દ્ર સરકાર દ્વારા મળતી ગ્રાંટો, સહાય દ્વારા મળતી આવક અને અન્ય આવકનો સમાવેશ થાય છે જે નીચે મુજબ છે.

અહીંયા, રાજકોટ મહાનગરપાલિકાનો આવક અને ખર્ચનો તુલનાત્મક અભ્યાસ કરેલ છે જે નીચે મુજબ છે.

(૧) આવકનાં વલણો (જેમાં કુલ આવકને વિભાજીત કરેલ છે.)

(૨) ખર્ચના વલણો (જેમાં કુલ ખર્ચના પેટા વિભાગ પાડવામાં આવેલ છે.)

(૩) કુલ ખર્ચ અને કુલ આવકના વલણો દર્શાવવામાં આવેલ છે.

(૪) અસાધારણ અને અસાધારણ ખર્ચની તુલનાં કરવામાં આવી છે.

**૬.૨.૧ રાજકોટ મહાનગરપાલિકાનીકુલ આવકઃ**

| **વર્ષ** | **મહેસુલી આવક** | **મૂડી આવક** | **અનામત આવક** | **કુલ** |
|---|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૧૮૭૪૫.૩૩<br>(૫૬.૧૫%) | ૧૨૮૪૩.૯૦<br>(૩૮.૪૭%) | ૧૭૯૩.૫૬<br>(૫.૩૮%) | ૩૩૩૮૨.૭૯ |
| ૨૦૦૮-૦૯ | ૧૬૬૦૬.૧૫<br>(૬૦.૬૮%) | ૯૦૪૨.૧૬<br>(૩૩.૦૫%) | ૧૭૧૭.૧૫<br>(૬.૨૭%) | ૨૭૩૬૫.૪૬ |
| ૨૦૦૯-૧૦ | ૨૪૪૫૧.૦૭<br>(૫૭.૮૬%) | ૧૫૮૬૫.૫૩<br>(૩૭.૫૪%) | ૧૯૪૭.૨૯<br>(૪.૬૧%) | ૪૨૨૬૩.૯૦ |
| ૨૦૧૦-૧૧ | ૨૯૭૮૨.૯૫<br>(૫૮.૭૧%) | ૧૯૩૭૭.૩૭<br>(૩૮.૨૦%) | ૧૫૬૫.૦૦<br>(૩.૦૯%) | ૫૦૭૨૫.૩૨ |
| ૨૦૧૧-૧૨ | ૩૪૯૦૮.૨૮<br>(૫૦.૪૩%) | ૩૨૬૭૬.૫૫<br>(૪૭.૨૧%) | ૧૬૩૧.૦૦<br>(૨.૩૬%) | ૬૯૨૧૫.૮૩ |
| **કુલ** | **૧૨૪૪૯૩.૭૮** | **૮૯૮૦૫.૫૨** | **૮૬૫૪.૦૦** | **૨૨૨૯૫૩.૩૦** |

**વિશ્લેષણઃ**

ઉપરોક્ત કોષ્ટક પરથી વિશ્લેષણ કરી શકાય છે કે મહાનગરપાલિકાની આવકમાં છેલ્લા પાંચ વર્ષોમાં ઉતરોત્તર વધારો થયો છે. વર્ષ ૨૦૦૭-૦૮માં મહેસુલી આવક રૂ.૧૮૭૪૫.૩૩ લાખ હતી જે છેલ્લાં પાંચ વર્ષમાં વધીને રૂ.૩૪,૯૦૮.૨૮ લાખ થઈ છે. એટલે કે મહેસૂલી આવકમાં રૂ.૧૬૧૬૨.૯૫ લાખનો વધારો થયેલ છે તે જ રીતે મૂડી આવકમાં ઘટતાં દરે વધારો થયેલ માલૂમ પડે છે. મૂડી આવક વર્ષ ૨૦૦૭-૦૮માં રૂ.૧૨૮૪૩.૯૦ લાખ હતી જે ૨૦૦૮-૦૯માં ૩૮૦૧.૭૪ લાખનો ઘટાડો જોવા મળે છે. ત્યાબાદ મૂડી આવકમાં સતત વધારો એટલે કે ૨૦૧૧-૧૨માં આવકમા વધારો (છેલ્લા પાંચ વર્ષમાં) ૧૯૮૩૨.૬૫ જેટલો થયેલો જોવા મળે છે. એ જ રીતે અનામત આવકમાં ઘટાડાનું પ્રમાણ વધારે જોવા મળે છે.

**Chi-Square Test દ્વારા નીચે મુજબનું આંકડાકીય માહિતીનું વિશ્લેષણ કરતાં.**

**૬.૨.૨પરિકલ્પના :**

$H_0$:- મહેસુલી આવક, મૂડી આવક અને અનામત આવકમાં કોઈ ફેરફાર નથી.

$H_1$ :- મહેસુલી આવક, મૂડી આવક અને અનામત આવકમાં ફેરફાર થાય છે. (અસ્વીકાર છે.)

અમાનત આવકમાં વર્ષ ૨૦૦૭-૦૮માં રૂ.૧૭૯૩.૫૬ હતી જે ઘટીને છેલ્લા પાંચ વર્ષમાં રૂ.૧૬૩૧ થયેલ છે. રૂ.૧૬૨.૫૬ લાખનો આવકમાં ઘટાડો જોવા મળે છે.

કોષ્ટક પથી વિશ્લેષણ કરી શકાય છે કે મહેસુલી આવક, મૂડી આવકમાં વધારો પરંતુ છેલ્લા પાંચ વર્ષમાં અનામત આવકમાં ઘટાડો થતો માલુમ પડે છે.

**૬.૨.૩ કુલ આવકનું Chi-Square Test દ્વારા વિશ્લેષણઃ**

| વર્ષ | મહેસુલી આવક | મૂડી આવક | અનામત આવક | કુલ |
|---|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૫૬.૧૫% ($e_{11}$) | ૩૮.૪૭% ($e_{12}$) | ૫.૩૮% ($e_{13}$) | ૧૦૦% |
| ૨૦૦૮-૦૯ | ૬૦.૬૮% ($e_{21}$) | ૩૩.૦૫% ($e_{22}$) | ૬.૨૭% (($e_{23}$)) | ૧૦૦% |
| ૨૦૦૯-૧૦ | ૫૭.૮૬% ($e_{31}$) | ૩૭.૫૩% ($e_{32}$) | ૪.૬૧% ($e_{33}$) | ૧૦૦% |
| ૨૦૧૦-૧૧ | ૫૮.૭૧% ($e_{41}$) | ૩૮.૨૦% ($e_{42}$) | ૩.૦૯% ($e_{43}$) | ૧૦૦% |
| ૨૦૧૧-૧૨ | ૫૦.૪૩% ($e_{51}$) | ૪૭.૨૧% ($e_{52}$) | ૨.૩૬% ($e_{53}$) | ૧૦૦% |
| **કુલ** | **૨૮૩.૮૩** | **૧૯૪.૪૬** | **૨૧.૭૧** | |

હવે, $e_{11}$= માટે$e_{11} = \frac{\text{કુલમહેસુલીઆવક} \times \text{પ્રથમવર્ષનીઆવક}}{\text{કુલઆવક}}$

$\therefore e_{11} = \frac{283.83 \times 100}{500} = (e_{11} = 56.77)$

$O_{12} \;\therefore e$ માટે$e_{12} = \frac{\text{કુલકેપીટલઆવક} \times \text{પ્રથમવર્ષનીઆવક}}{\text{કુલઆવક}}$

$e_{12} = \frac{194.46 \times 100}{500} (e_{12} = 38.89)$

$O_{13}\ e$ માટે$e_{13} = \frac{\text{કુલઅનામતઆવક} \times \text{પ્રથમવર્ષનીઆવક}}{\text{કુલઆવક}}$

$e_{13} = \frac{21.71 \times 100}{500} = \quad (e_{13} = 4.34)$

$\therefore X_c^2 \quad = \frac{\varepsilon\varepsilon}{ij}\left\{\frac{(oij - rij - hij)^2}{eij}\right\}$

$$X_c^2 = \frac{(56.15 - 56.77)^2}{56.77} + \frac{(6068 - 56.77)^2}{56.77} + \frac{(57.86 - 56.77)^2}{56.77} + \frac{(58.71 - 56.77)^2}{56.77} +$$
$$\frac{(50.43 - 56.77)^2}{56.77} + \frac{(38.47 - 38.89)^2}{38.89} + \frac{(33.05 - 38.89)^2}{38.89} + \frac{(37.53 - 38.89)^2}{38.89}$$
$$+ \frac{(38.20 - 38.89)^2}{38.89} + \frac{(47.21 - 38.89)^2}{38.89} + \frac{(5.38 - 4.34)^2}{4.34} + \frac{(6.27 - 4.34)^2}{4.34} + \frac{(4.61 - 4.34)^2}{4.34}$$
$$+ \frac{(3.09 - 4.34)^2}{4.34} + \frac{(2.36 - 4.34)^2}{4.34}$$

$$\therefore X_c^2 \quad = e_{11} = \frac{0.38}{56.77} + \frac{15.29}{56.77} + \frac{1.19}{56.77} + \frac{3.76}{56.77} + \frac{40.20}{56.77}$$

$$\therefore e_{12} = \frac{0.18}{38.89} + \frac{34.11}{38.89} + \frac{1.85}{38.89} + \frac{0.48}{38.89} + \frac{69.22}{38.89}$$

$$\therefore e_{13} = \frac{1.08}{4.34} + \frac{3.72}{4.34} + \frac{0.07}{4.34} + \frac{1.56}{4.34} + \frac{3.92}{4.34}$$

$\therefore X_c^2 \quad = 0.00 + 0.27 + 0.02 + 0.06 + 0.71 + 0.00 + 0.88 + 0.05 + 0.01 + 1.78 + 0.25 +$

$0.86 + 0.02 + 0.36 + 0.90$.

$\therefore X_c^2 \quad = 6.17$

હવે, d.f. = (r-1) – (c-1)

(5-1) – (3-1) = 4-2 $\therefore (d.f. = 2)$

$\therefore X_t^2 \quad = \; x^2\,(0.05, 4)$

$\therefore X_c^2 \quad < x_t^2$

6.17 < 9.49

આમ, અહીંયા માહિતીનો સ્વીકાર થઈ શકે છે.

$H_o$ :- રાજકોટ મહાનગરપાલિકાની નિયત પાંચ વર્ષની આવકની માહિતીનો સ્વીકાર થાય છે.

આમ, ઉપરોક્ત ટકાવારી કોષ્ટકનું વિશ્લેષણ કરતાં કહી શકાય છે કે અનામત આવકમાં ઘટતા દરે વધારો થયેલ છે. વર્ષ ૨૦૦૭-૦૮ દરમિયાન અનામત આવકનું પ્રમાણ ૫.૩૮% જેટલું છે. જે ઘટીને ૨૦૧૧-૧૨માં આ પ્રમાણ માત્ર ૨.૩૬% જ રહેવા પામ્યું છે. એટલે કે મહેસુલી, મૂડી આવકમાં વધારો થાય છે. જ્યારે અનામત આવકમાં ઘટાડો થયેલી જોવા મળે છે.

**૬.૨.૪ મહેસુલી આવક અને મૂડી આવક (રકમ રૂ. લાખમાં)**

| વર્ષ | કુલ આવક | મહેસુલી આવક | મૂડી આવક |
|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૩૧૫,૮૯.૨૩ (૧૦૦%) | ૧૮૭,૪૫.૩૩ (૫૯.૩૪%) | ૧૨૮,૪૩.૯૦ (૪૦.૬૬%) |
| ૨૦૦૮-૦૯ | ૨૫૬,૪૮.૩૧(૧૦૦%) | ૧૬૬,૦૬.૧૫ (૬૪.૭૫%) | ૯૦,૪૨.૧૬ (૩૫.૨૫%) |
| ૨૦૦૯-૧૦ | ૪૦૩,૧૬.૬૧(૧૦૦%) | ૨૪૪,૫૧.૦૭ (૬૦.૬૫%) | ૧૫૮,૬૫.૫૪ (૩૯.૩૫%) |
| ૨૦૧૦-૧૧ | ૪૯૧,૬૦.૩૨(૧૦૦%) | ૨૯૭,૮૨.૯૫ (૬૦.૫૮%) | ૧૯૩,૭૭.૩૭ (૩૯.૪૨%) |
| ૨૦૧૧-૧૨ | ૬૭૫,૮૪.૮૩(૧૦૦%) | ૩૪૯,૦૮.૨૮ (૫૧.૬૫%) | ૩૨૬,૭૬.૫૫ (૪૮.૩૫%) |
| **કુલ** | **૨૧૪૨૯૯.૩૦** | **૧૨૪૪૯૩.૭૮** | **૮૯૮૦૫.૫૨** |

**વિશ્લેષણઃ**

ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે વર્ષ ૨૦૦૭-૦૮ થી વર્ષ ૨૦૧૧-૧૨ના પાંચ વર્ષનાં સમયગાળા દરમિયાન રાજકોટ મહાનગરપાલિકાની કુલ આવક રૂ.૨૧૪૨૯૯.૩૦ જોવા મળે છે. અહીં આવકમાં ચઢાવ ઉતાર જોવા મળે છે. કારણ કે વર્ષ ૨૦૦૭-૦૮ માં રૂ.૩૧૫૮૯.૨૩ લાખ, ૨૦૦૮-૦૯માં ૨૫૬૪૮.૩૧ લાખ, ૨૦૦૯-૧૦માં રૂ.૪૦૩૧૬.૬૧ લાખ, ૨૦૧૦-૧૧માં રૂ.૪૯૧૬૦.૩૨ લાખ અને વર્ષ ૨૦૧૧-૧૨માં ૬૭૫૮૪.૮૩નો વધારો જોવા મળે છે. પરંતુ વર્ષ ૨૦૦૭-૦૮માં ૩૧૫૮૯.૨૩ લાખ જ્યારે ૨૦૦૮-૦૯માં આવકમાં ઘટાડો એટલે કે ૨૫૬૪૮.૩૧નો ઘટાડો જોવા મળે છે. એટલે કે વર્ષ ૨૦૦૭-૦૮ કરતાં ૨૦૦૮-૦૯માં ૫૯૪૦.૯૨ લાખનો ઘટાડો જોવા મળે છે. ત્યારબાદ આવકમાં સતત વધારો થાય છે.

Chi-Square Testદ્વારા નીચે મુજબનું વિશ્લેષણ કરતાં.

**૬.૨.૫ પરિકલ્પના :**

$H_0$:- રાજકોટ મહાનગરપાલિકાની મહેસુલી આવક અને મૂડી આવકમાં કોઈ ફેરફાર નથી.

$H_1$ :- રાજકોટ મહાનગરપાલિકાની મહેસૂલી આવક અને મૂડી આવકમાં ફેરફાર છે.

### ૬.૨.૬ મહેસુલી આવક અને મૂડી આવકનું Chi-Square Test દ્વારાં વિશ્લેષણ:

| વર્ષ | મહેસુલી આવક | મૂડી આવક | કુલ આવક |
|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૫૯.૩૪% ( $e_{11}$ ) | ૪૦.૬૬% ( $e_{12}$ ) | ૧૦૦% |
| ૨૦૦૮-૦૯ | ૬૪.૭૫% ( $e_{21}$ ) | ૩૫.૨૫% ( $e_{22}$ ) | ૧૦૦% |
| ૨૦૦૯-૧૦ | ૬૦.૬૫% ( $e_{31}$ ) | ૩૯.૩૫% ( $e_{32}$ ) | ૧૦૦% |
| ૨૦૧૦-૧૧ | ૬૦.૫૮% ( $e_{41}$ ) | ૩૯.૪૨% ( $e_{42}$ ) | ૧૦૦% |
| ૨૦૧૧-૧૨ | ૫૧.૬૫% ( $e_{51}$ ) | ૪૮.૩૫% ( $e_{52}$ ) | ૧૦૦% |
| કુલ | ૨૯૬.૯૭% | ૨૦૩.૦૩% | ૫૦૦% |

$(e_{11}) =$ ૫૯.૩૪માટે$e_{11} = \frac{\text{કુલમહેસુલીઆવક} \times \text{પ્રથમવર્ષનીઆવક}}{\text{કુલઆવક}}$

$$e_{11} = \frac{296.97 \times 100}{500}$$

$$e_{11} = 59.39$$

$(e_{12}) = 40.66$ માટે$e_{12} = \frac{\text{કુલમૂડીઆવક} \times \text{પ્રથમવર્ષનીઆવક}}{\text{કુલઆવક}}$

$$e_{12} = \frac{203.03 \times 100}{500} (e_{12} = 40.61)$$

$$\therefore x_c^e = \sum_i \sum_j \left\{\frac{(oij - eij)^2}{eij}\right\}$$

$$x_c^2 = \frac{(59.34 - 59.39)^2}{59.39} + \frac{(64.75 - 59.39)^2}{59.39} + \frac{(60.65 - 59.39)^2}{59.39} + \frac{(60.58 - 59.39)^2}{59.39} + \frac{(51.65 - 59.39)^2}{59.39} + \frac{(40.66 - 40.61)^2}{40.61} + \frac{(35.25 - 40.61)^2}{40.61} + \frac{(39.35 - 40.61)^2}{40.61} + \frac{(39.42 + 40.61)^2}{40.61} + \frac{(48.35 - 40.61)^2}{40.61}$$

$$x_c^2 = \frac{0.0025}{59.39} + \frac{28.73}{59.39} + \frac{1.59}{59.39} + \frac{1.42}{59.39} + \frac{59.91}{59.39} = \frac{0.0025}{40.61} + \frac{28.73}{40.61} + \frac{1.59}{40.61} + \frac{1.42}{40.61} + \frac{59.91}{40.61}$$

$$x_c^2 = 0 + 0.48 + 0.03 + 0.02 + 1.00 + 0 + 0.71 + 0.04 + 0.03 + 1.48$$

$(x_c^2 = 3.8)$

હવે$d.f. = (r - 1)(c - 1)$

$(5 - 1)(2 - 1)$

$(4)$ - $(1) d.f. = 4$

$x_t^2 = x^2\,(0.05.4)$

$x_c^2 < x_t^2$

$3.8 < 9.49$

અહીયાં, માહિતીનો સ્વીકાર થઈ શકે છે.

$H_0$:- આપેલ પાંચ વર્ષમાં થયેલ નિયત વર્ષમાં મહેસૂલી આવક અને મૂડી આવકમાં ફેરફાર થયેલ છે.

કોષ્ટકમાં કુલઆવક પરથી વિશ્લેષણ કરી શકાય કે રાજકોટ મહાનગરપાલિકની આવકમાં મહેસૂલી આવકનો સૌથી વધુ ૬૪.૭૫% જેટલો રહેવા પામ્યો છે. જ્યારે મહેસૂલી આવકનો સૌથી ઓછો હિસ્સો ૫૧.૬૫% જોવા મળે છે. મહેસૂલી આવકમાં છેલ્લા પાંચ વર્ષમાં આવકમાં વધારો વર્ષ ૨૦૦૭-૦૮માં આવક રૂ.૧૮૭૪૫.૩૩ લાખ હતી જે વધીને ૨૦૧૧-૧૨માં ૩૪૯૦૮.૨૮ લાખ થઈ હતી. એટલે કે રૂ.૧૬૧૬૨.૯૫ લાખ જેટલી આવક વધવા પામી છે. એટલે કોષ્ટકમાં થયેલ વિશ્લેષણમાં મહેસુલી આવકમાં દર વર્ષે એટલે કે ૨૦૦૮-૦૯ને બાદ કરતા દરેક વર્ષમાં આવકમાં સતત વધારો થયેલ જોવા મળે છે.

જ્યારે મૂડી આવકમાં આવકનો હીસ્સો, વર્ષ ૨૦૦૭-૦૮માં ૪૦.૬૬% જેટલો જોવા મળેછે. જ્યારે ૨૦૧૧-૧૨માં આ ટકાવારી દરમાં વધારો એટલે કે ૪૮.૩૫% એટલે છેલ્લા પાંચ વર્ષમાં મૂડી આવકમાં ૭.૬૯%નો વધારો જોવા મળે છે. મૂડી આવકનો હિસ્સો ૨૦૦૭-૦૮મં રૂ.૧૨૮૪૩.૯૦ લાખ જેટલો હતો. જ્યારે ૨૦૧૧-૧૨માં મૂડી આવકનો હીસ્સો રૂ.૩૨૬૭૬.૫૫ લાખ જોવાં મળ્યો હતો. એટલે કે છેલ્લા પાંચ વર્ષમાં મૂડી આવકમાં વધારો રૂ.૧૯૮૩૨.૬૫ લાખનો વધારો જોવા મળે છે. અસાધારણ ઉપજને હિસ્સો સૌથી ઓછો છે.

કોષ્ટક વિશ્લેષણ કરતાં સાબિત કરી શકાય છે કે છેલ્લાં પાંચ વર્ષમાં મહેસૂલી આવક કરતાં મૂડી આવકમાં રૂ.૩૬૬૯.૭૦ લાખનો વધારો જોવા મળે છે. જે કોષ્ટક જોતાં ખ્યાલ આવે છે. કે આપેલ પાંચ વર્ષમાં થયેલ નિયત ખર્ચમાં દર્શાવતું કોષ્ટક ફેરફાર થયેલ છે.

### ૬.૨.૭ રાજકોટ મહાનગરપાલિકાની આવકની વિગતો (બજેટ ૨૦૧૧-૧૨)




આગામી વર્ષમાં ઉપર દર્શાવેલા કેપીટલ અને રેવન્યુનાં અંદાજથી એ સ્પષ્ટ થશે કે રાજકોટ મહાનગરપાલિકાનો કુલ રેવન્યુ ખર્ચ,કુલ રેવન્યુ આવક કરતા ઓછો છે, જે ઘણી સારી નિશાની છે. બાકી રહેતી રેવન્યુ આવકમાંથી વિકાસલક્ષી કેપીટલ કાર્યો થઇ શકે છે, એ સારા વહિવટની સાબિતી છે.

બીજી રીતે જોઈએ તો, કેપીટલ ખર્ચ કરતા કેપીટલ આવક ઓછી છે. આ એ દર્શાવે છે કે આપણે જમીન કે અન્ય મિલ્કત વેચીને, કર્મચારીઓનાં પગાર સહિતનો મહેસૂલી ખર્ચ કરવામાં આવતો નથી. છઠ્ઠા પગારપંચનાં સંભવિત અમલીકરણને ધ્યાન ઉપર લેવાના કારણે તેમાં પડનારા રૂા.૧૩૦૦ લાખનાં બોજા છતા પણ, સેવાઓનાં સ્તરમાં ક્યાંય પણ બાંધછોડ કરવી પડી નથી, તેવું આયોજન નોંધનીય છે.

### ૬.૨.૮ કુલ આવકનું પ્રમાણ દર્શાવતું બજેટઃ(રકમ રૂા.લાખમાં)

| વિગત | ૨૦૦૫-૦૬ ખરેખર | ૨૦૦૬-૦૭ ખરેખર | ૨૦૦૭-૦૮ ખરેખર | ૨૦૦૮-૦૯ રીવાઈઝ | ૨૦૦૯-૧૦ અંદાજ |
|---|---|---|---|---|---|
| રેવન્યુ બજેટ | ૧૩૭૬૭.૫૯ | ૧૪૧૫૮.૫૮ | ૧૬૪૯૬.૩૯ | ૧૯૪૨૭.૬૮ | ૨૫૩૫૨.૫૬ |
| કેપીટલ બજેટ | ૬૩૩૮.૧૭ | ૭૨૧૧.૧૪ | ૬૭૨૫.૩૨ | ૧૬૯૩૨.૫૦ | ૩૨૬૩૬.૫૦ |
| અસાધારણ બજેટ | ૭૨૬.૮૧ | ૮૪૯.૪૦ | ૭૫૪.૮૬ | ૧૦૫૦.૦૦ | ૧૫૨૭.૯૦ |
| કુલ | ૨૦૮૩૨.૫૭ | ૨૨૨૧૯.૧૨ | ૨૩૯૭૬.૫૭ | ૩૭૪૧૦.૧૮ | ૫૯૫૧૬.૯૬ |

### ૬.૨.૯ મહેસુલી આવક અને મૂડી આવકની આલેખ દ્વારા સમજૂતીઃ




### ૬.૨.૧૦ કુલ આવકમાં સીમાંત આવકનાં વલણો (રકમ રૂા. લાખમાં)

| વર્ષ | કુલ આવક (મહેસુલી આવક + મૂડી આવક) | કુલ આવકમાં સીમાંત ફેરફાર |
|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૩૧૫૮૯.૨૩ (૧૦૦%) | ૦૦૦.૦૦ |
| ૨૦૦૮-૦૯ | ૨૫૬૪૮.૩૧(૧૦૦%) | ૫૯૪૦.૯૨ (૨૩.૧૬%) |
| ૨૦૦૯-૧૦ | ૪૦૩૧૬.૬૧(૧૦૦%) | ૧૪૬૬૮.૩૦ (૩૬.૩૮%) |
| ૨૦૧૦-૧૧ | ૪૯૧૬૦.૩૨(૧૦૦%) | ૮૮૪૩.૭૧ (૧૭.૯૯%) |
| ૨૦૧૧-૧૨ | ૬૭૫૮૪.૮૩(૧૦૦%) | ૧૮૪૨૪.૫૧ (૨૭.૨૬%) |
| **કુલ** | **૨૧૪૨૯૯.૯૩** | **૪૭૮૭૭.૪૪** |

**વિશ્લેષણ**

કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ વર્ષ ૨૦૦૭-૦૮નાં વર્ષમાં રાજકોટ મહાનગરપાલિકાની કુલ આવક રૂ.૩૧૫૮૯.૨૩ હતી જેનું પ્રમાણ વધીને વર્ષ ૨૦૧૧-૧૨માં રૂ.૬૭૫૮૪.૮૩ લાખ થયેલ છે. પરંતુ કુલ ઉપજમાં થયેલ આ વધારો, એકધારો વધારો જોવા મળતો નથી. વર્ષ ૨૦૦૮-૦૯માં રૂ.૫૯૪૦.૯૨નો ઘટાડો જોવામળેછે. માટે અહીં આ આરોહ-અવરોહ તાસવા માટે સીમાંત આવકને દર્શાવવામાં આવે છે.

Chi-Square Test દ્વારા નીચે મુજબનું વિશ્લેષણ કરતાં.

**૬.૨.૧૧ પરિકલ્પના :**

$H_0$:- રાજકોટ મહાનગરપાલિકાના સીમાંત આવકના વલણોમાં ફેરફાર થાય છે.

$H_1$ :- રાજકોટ મહાનગરપાલિકાના સીમાંત આવકનાં વલણોમાં ફેરફાર થાય છે.

**૬.૨.૧૨ કુલ આવકમાં સીમાંત આવકના વલણોનુંChi-Square Testદ્વારા વિશ્લેષણ.**

| **વર્ષ** | **સીમાંત આવક (ei)** | **અપેક્ષિત આવૃતિ (ei)** | **કુલ આવક**$(\text{ei}-\text{ei})^2$ |
|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૦૦.૦૦ | ૨૦.૯૬ | ૪૩૯.૩૨ |
| ૨૦૦૮-૦૯ | ૨૩.૧૬% | ૨૦.૯૬ | ૪.૮૪ |
| ૨૦૦૯-૧૦ | ૩૬.૩૮% | ૨૦.૯૬ | ૨૩૭.૭૮ |
| ૨૦૧૦-૧૧ | ૧૭.૯૯% | ૨૦.૯૬ | ૮.૮૨ |
| ૨૦૧૧-૧૨ | ૨૭.૨૬% | ૨૦.૯૬ | ૩૯.૬૯ |
| **કુલ** | **૧૦૭.૭૯** | | **૭૩૦.૪૫** |

અપેક્ષિત આવૃતિ $\boldsymbol{P}(\boldsymbol{x}).\boldsymbol{N}\frac{1}{5} \times \frac{104.79}{1} = (\text{ei}20.96)$

$\therefore \text{x}_c^2 = \sum\left\{\frac{(\text{ei}-\text{ei})^2}{\text{ei}}\right\} = \frac{730.45}{20.96}\ (\boldsymbol{x_c^2} = 34.85)$

સ્વ. માત્રા $= \quad \text{k}-\text{l}-1$

$\text{y}-0-1=4$

સ્વ. માત્રા = ૪

$\therefore\ \text{x}_t^2 = \text{x}^2 = (0.054) = 9.49$

$\text{x}_c^2 > \text{x}_t^2$

$34.85 > 9.49$

∴અહીંયા પરીક્ષણનો અસ્વીકાર થાય છે.

$H_1$ :- રાજકોટ મહાનગરપાલિકાનાં નિયત પાંચ વર્ષના કુલ આવકમાં સીમાંત આવકનાં વલણો તપાસતા અહીંયા પરીક્ષણનો અસ્વીકાર થાય છે.

ઉપરોક્ત કોષ્ટકના સીમાંત આવકનાં વલણો તપાસતાં જણાય છે કે વર્ષ ૨૦૦૭-૦૮ થી વર્ષ ૨૦૧૧-૧૨ના સમયગાળામાં સીમાંત ઉપજમાં ઉતરોતર વધારો થયો છે. પરંતુ ૨૦૧૦-૧૧નાં વર્ષમાં સીમાંત ઉપજમાં ઘટાડો જોવા મળે છે. જે ઉપરનાં કોષ્ટક જોતાં ખ્યાલ આવે છે.

**૬.૨.૧૩ કુલ આવકમાં સામાન્ય (મહેસુલી) આવકનાં વલણો (રકમ રૂ. લાખમાં)**

| વર્ષ | કુલ આવક | મહેસુલી આવક | સામાન્ય ઉપજમાં સીમાંત ફેરફાર |
|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૩૧૫,૮૯.૨૩ (૧૦૦%) | ૧૮૭,૪૫.૩૩ (૫૯.૩૪%) | ૦૦૦.૦૦ |
| ૨૦૦૮-૦૯ | ૨૫૬,૪૮.૩૧ (૧૦૦%) | ૧૬૬,૦૬.૧૫ (૬૪.૭૫%) | ૨૧૩૯.૧૮ (૧૨.૮૮%) |
| ૨૦૦૯-૧૦ | ૪૦૩,૧૬.૬૧(૧૦૦%) | ૨૪૪,૫૧.૦૭ (૬૦.૬૫%) | ૭૮૪૪.૯૨ (૩૨.૦૮%) |
| ૨૦૧૦-૧૧ | ૪૯૧,૬૦.૩૨(૧૦૦%) | ૨૯૭,૮૨.૯૫ (૬૦.૫૮%) | ૫૩૩૧.૮૮ (૧૭.૯૦%) |
| ૨૦૧૧-૧૨ | ૬૭૫,૮૪.૮૩(૧૦૦%) | ૩૪૯,૦૮.૨૮ (૫૧.૬૫%) | ૫૧૨૫.૩૩ (૧૪.૬૮%) |
| **કુલ** | **૨૧૪૨૯૯.૯૩** | **૧૨૪૪૯૩.૭૮** | **૨૦૪૪૧.૩૧** |

**વિશ્લેષણ**

કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ કુલ ઉપજમાં સામાન્ય (મહેસુલી) ઉપજનો હિસ્સો સૌથી વધારે છે અને મહેસુલી આવક વર્ષ-૨૦૦૭-૦૮ ના વર્ષમાં રૂ.૧૮૭૪૫.૩૩ લાખ હતી જ્યારે વર્ષ ૨૦૦૮-૦૯માં મહેસુલી આવક ૧૬૬૦૬.૧૫ લાખ હતી એટલે કે વર્ષ ૨૦૦૭-૦૮ કરતા ૨૦૦૮-૦૯ના વર્ષમાં રૂ.૨૧૩૯.૧૮ લાખનો ઘટાડો જોવાં મળે છે. ત્યારબાદ આવક ઉતરોતર વધતા વર્ષ ૨૦૧૧-૧૨ રૂ.૩૪૯૦૮.૨૮ લાખ થયેલ છે પરંતુ આ વધારો પાંચેય વર્ષમાં સળંગ જોવા મળતો નથી. પરંતુ આરોહ-અવરોહ સાથે વધેલ છે જે આંકડા તથા સીમાંત ઉપજના વલણો જોતાં ખ્યાલ આવે છે. વર્ષ ૨૦૦૮-૦૯માં રૂ.૨૧૩૯.૧૮ લાખનો ઘટાડો-જોવા મળે છે અને વર્ષ ૨૦૦૯-૧૦ અને વર્ષ ૨૦૧૧-૧૨માં સીમાંત ઉપજનાં વલણોમાં ઘટાડો જોવાં મળે છે જ્યારે અહીં સામાન્ય ઉપજ વર્ષ ૨૦૦૮-૦૯ છે. જે ઉપરનાં કોષ્ટક પરથી ખ્યાલ આવે છે.

Chi-Square Testદ્વારા નીચે મુજબનું વિશ્લેષણ કરતાં.

### ૬.૨.૧૪ પરિકલ્પના :

$H_0$:- રાજકોટ મહાનગરપાલિકાનાં કુલ આવકમાં સામાન્ય આવકનાં વલણોમાં કોઈ ફેરફાર થતો નથી.

$H_1$ :- રાજકોટ મહાનગરપાલિકાના કુલ આવકમાં સામાન્ય આવકના વલણોમાં ફેરફાર થાય છે.

### ૬.૨.૧૫ કુલ આવકમાં મહેસુલી આવકનું Chi-Square Test દ્વારા વિશ્લેષણ :

| વર્ષ | મહેસુલી આવક (ei) | અપેક્ષિત આવૃતિ (ei) | મહેસુલી આવક- અપેક્ષિત આવક $(\mathrm{oi}-\mathrm{ei})^2$ |
|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૫૯.૩૪% | ૫૯.૩૯ | ૦.૦૦૨૫ |
| ૨૦૦૮-૦૯ | ૬૪.૭૫% | ૫૯.૩૯ | ૨૮.૭૩ |
| ૨૦૦૯-૧૦ | ૬૦.૬૫% | ૫૯.૩૯ | ૧.૫૮૭૬ |
| ૨૦૧૦-૧૧ | ૬૦.૫૮% | ૫૯.૩૯ | ૧.૪૧૬૧ |
| ૨૦૧૧-૧૨ | ૫૧.૬૫% | ૫૯.૩૯ | ૫૯.૯૧ |
| **કુલ** | **૨૯૬.૯૭** | | **૯૧.૬૪૬૨** |

અપેક્ષિત આવૃતિ : $p(x).N\ \frac{1}{5}\times\frac{296.97}{1}\therefore(ei=59.39)$

$$\therefore x_c^2=\sum\left\{\frac{(oi-ei)^2}{ei}\right\}=\frac{91.6462}{59.39}$$

$(x_c^2=1.54)$

સ્વા. માત્રા $= k-/-1\ 5-0-1$

સ્વા. માત્રા: ૪

$\therefore x_t^2=x^2(0.05.5)=9.49$

$\therefore x_c^2<x_t^2 \qquad 1.54<9.49$

આથી, અહીંયા ઉપરોક્ત પરીક્ષણનો સ્વીકાર થઈ શકે છે.

ઉપરોક્ત કોષ્ટક મુજબમાં સામાન્ય ઉપજનો હિસ્સો વર્ષ ૨૦૦૭-૦૮ થી ૨૦૧૧-૧૨નાં પાંચ વર્ષ દરમિયાન કેટલો છે ચઢાવ-ઉતાર કેટલો છે તે ટકાવારીની દૃષ્ટિએ જોઈએ તો વર્ષ ૨૦૦૭-૦૮ના વર્ષમાં કુલ ઉપજમાં ૫૯.૩૪% સામાન્ય ઉપજનો હિસ્સો ધરાવે છે. જે વર્ષ ૨૦૦૮-૦૯ના વર્ષમાં કુલ ઉપજમાં ૬૪.૭૫% વર્ષ ૨૦૦૯-૧૦માં કુલ ઉપજમાં ૬૦.૬૫% અને વર્ષ ૨૦૧૦-૧૧ના

વર્ષમાં કુલ ઉપજ ૬૦.૫૮% તેમજ વર્ષ ૨૦૧૧-૧૨ના વર્ષમાં ૫૧.૬૫% જેટલો ઉપજનો હીસ્સો ધરાવે છે. અહીં પરીક્ષણ કરતાં છેલ્લા ત્રણ વર્ષમાં ઉપજમાં ઘટાડો થયેલ છે જે સીમાંત ફેરફારના વલણો જોતા ખ્યાલ આવશે. કોષ્ટક મુજબ વર્ષ ૨૦૦૮-૦૯માં કુલ ઉપજમાં સૌથી વધુ હિસ્સો ૬૪.૭૫% નોંધાયો છે.

આમ, અહીં આ કોષ્ટક દ્વારા જોઈ શકાય છે કે રાજકોટ મહાનગરપાલિકા આવક તરીકે સામાન્ય ઉપજનાં સાધનોનો વધુ ઉપયોગ કરે છે.

**૬.૨.૧૬ કુલ ઉપજમાં કેપીટલ આવકનાં વલણો (રકમ રૂ. લાખમાં)**

| વર્ષ | કુલ આવક | કેપીટલ ઉપજ | કેપીટલ ઉપજમાં સીમાંત ફેરફાર |
|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૩૧૫,૮૯.૨૩ (૧૦૦%) | ૧૨૮,૪૩.૯૦ (૪૦.૬૬%) | ૦૦૦.૦૦ |
| ૨૦૦૮-૦૯ | ૨૫૬,૪૮.૩૧(૧૦૦%) | ૯૦,૪૨.૧૬ (૩૫.૨૫%) | ૩૮૦૧.૭૪ (૪૨.૦૪%) |
| ૨૦૦૯-૧૦ | ૪૦૩,૧૬.૬૧(૧૦૦%) | ૧૫૮,૬૫.૫૪(૩૯.૩૫%) | ૬૮૨૩.૩૮ (૪૩.૦૦%) |
| ૨૦૧૦-૧૧ | ૪૯૧,૬૦.૩૨(૧૦૦%) | ૧૯૩,૭૭.૩૭ (૩૯.૪૨%) | ૩૫૧૧.૮૩ (૧૮.૧૨%) |
| ૨૦૧૧-૧૨ | ૬૭૫,૮૪.૮૩(૧૦૦%) | ૩૨૬,૭૬.૫૫ (૪૮.૩૫%) | ૧૩૨૯૯.૧૮ (૪૦.૭૦%) |
| **કુલ** | **૨૧૪૨૯૯.૯૩** | **૮૯૮૦૫.૫૨** | **૨૭૪૩૬.૧૩** |

**વિશ્લેષણ**

ઉપરોક્ત કોષ્ટક પરથી વિશ્લેષણ કરતા કેપીટલ આવકમાં કેટલો સીમાંત ફેરફાર કેટલો થયેલ છે તે દર્શાવવામાં આવેલ છે. અહીં કોષ્ટક જોતાં ખ્યાલ આવશે કે કુલ આવકમાં કેપીટલ આવકનો હીસ્સો ઘણો ઓછો છે. જે વર્ષ ૨૦૦૭-૦૮ના વર્ષમાં કુલ આવકમાં કેપીટલ ઉપજનો હીસ્સો ૪૦.૬૬% છે. જે. ૨૦૦૮-૦૯ના વર્ષમાં ૩૫.૨૫% ૨૦૦૯-૧૦ના વર્ષમાં ૩૯.૩૫% અને વર્ષ ૨૦૧૦-૧૧નાં વર્ષમાં ૩૯.૪૨% તેમજ વર્ષ ૨૦૧૧-૧૨નાં વર્ષમાં ૪૮.૩૫% કુલ આવકમાં કેપીટલ આવકનો હીસ્સો છે. જે પ્રથમ ઘટી ગયેલ છે પરંતુ વર્ષ ૨૦૦૯-૧૦નાં વર્ષમાં ફરી કેપીટલ ઉપજ વધેલ છે. તેમજ વર્ષ ૨૦૧૦-૧૧ કરતા વર્ષ ૨૦૧૧-૧૨ના વર્ષમાં કેપીટલ ઉપજમાં સૌથી વધુ વધારો થયેલ છે. પરંતુ આ ફેરફારો વધુ છે જેમ ઉપરનાં કોષ્ટકમાં સીમાંત ઉપજનાં ફેરફારો જોતાં ખ્યાલ આવે છે ઉપરોક્ત Chi-Square Test કોષ્ટકનું દ્વારા વિશ્લેષણ કરતા :

Chi-Square Testદ્વારા નીચે મુજબનું વિશ્લેષણ કરતાં.

### ૬.૨.૧૭ પરિકલ્પના :

$H_0$:- રાજકોટ મહાનગરપાલિકાનાં કુલ આવકમાં કેપીટલ આવકનાં વલણોમાં કોઈ ફેરફાર થતો નથી.

$H_1$ :- રાજકોટ મહાનગરપાલિકાના કુલ આવકમાં કેપીટલ ઉપજનાં વલણોમાં ફેરફાર થાય છે.

### ૬.૨.૧૮ કુલ આવકમાં કેપીટલ આવકનું Chi-Square Test દ્વારા વિશ્લેષણ :

| **વર્ષ** | **સીમાંત આવક (ei)** | **અપેક્ષિત આવૃતિ (ei)** | **સીમાંત આવક- અપેક્ષિત આવક** $(\text{oi}-\text{ei})^2$ |
|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૦૦.૦૦ | ૧૧.૭૧ | ૧૩૭.૧૨ |
| ૨૦૦૮-૦૯ | ૧૪.૮૨ % | ૧૧.૭૧ | ૯.૬૭ |
| ૨૦૦૯-૧૦ | ૧૬.૯૨% | ૧૧.૭૧ | ૨૭.૧૪ |
| ૨૦૧૦-૧૧ | ૭.૧૪% | ૧૧.૭૧ | ૨૦.૮૮ |
| ૨૦૧૧-૧૨ | ૧૯.૬૮% | ૧૧.૭૧ | ૬૩.૫૨ |
| **કુલ** | **૫૮.૫૬** | | **૨૫૮.૩૩** |

અપેક્ષિત આવૃતિ $P\,(x).N\ \frac{1}{5} \times \frac{58.56}{1}$

$(ei = 11.71)$

$$\therefore x_c^2 = \sum\left\{\frac{(oi-ei)^2}{ei}\right\} = \frac{258.33}{11.71}$$

$\therefore x_c^2 = 22.6$

સ્વા. માત્રા : $K - l - 15 - 0 - 1$

સ્વા. માત્રા =4

$\therefore x_c^2 = x^2(0.05.5) = 9.49$

$\therefore x_c^2 > x_t^2$

$22.6 > 9.49$

આથી, અહીંયા ઉપરોક્ત પરીક્ષણનો અસ્વીકાર થાય છે.

$H_1$ :- રાજકોટ મહાનગરપાલિકામાં નિયત પાંચ વર્ષના કુલઉપજમાં કેપીટલ આવકનાં વલણોનો અસ્વીકાર થાય છે.

કુલ ઉપજમાં કેપીટલ આવકનો વલણો જોતાં કોષ્ટક પરથી વિશ્લેષણ કરી શકાય છે કે વર્ષ ૨૦૦૮-૦૯ને બાદ કરતા સમગ્ર વર્ષની અંદર કેપીટલ ઉપજમાં સતત વધારો થયેલ જોવા મળે છે.

રાજકોટ મહાનગરપાલિકા કેપીટલ ખાતાનાં સાધનોનો વધુ ઉદ્યાયોગ કરે અને વધુ સારી રીતે આવક મેળવે તે આ સાધનોમાંથી વધુ આવક મેળવી શકાય જેથી કુલ ઉપજમાં વધારો થતાં નાણાંકીય બોજ હળવો બને.

## ૬.૩ કુલ ખર્ચનાં વલણો :

### ૬.૩.૧ પ્રસ્તાવના

રાજકોટ મહાનગરપાલિકા પોતાની સતા દ્વારા જુદી-જુદી રીતે આવક પ્રાપ્ત કરે છે. અને આ આવક ભંડોળમાંથી મહાનગરપાલિકો શહેરીજનો અને શહેરના જુદા-જુદા વિકાસ કાર્યો માટે નીચે મુજબનાં ખર્ચાળ કાર્યો કરે છે અહીં રાજકોટ મહાનગરપાલિકાને કુલ ખર્ચને ત્રણ વિભાગમાં વિભાજીત કરેલ છે જે નીચે મુજબ છે.

૧. મહેસુલી (સામાન્ય) ખર્ચ

૨. મૂડી (કેપીટલ) ખર્ચ

૩. અસાધારણ ખર્ચ

સામાન્ય (મહેસુલી) ખર્ચમાં સામાન્ય વહીવટ તથા ઉઘારણા ખર્ચ, સ્ટાફનું અન્ય ખર્ચ, વ્યાજ ચૂકવણી, જાહેર સલામતી ખર્ચ, પબ્લીક હેલ્થ લોકોની સુખાકારી અને સગવડ પાછળ થતું ખર્ચ, પ્રાથમિક શિક્ષણ મટે થતું ખર્ચ, ઉપલક ખાતાનાં નો ખર્ચ સમાવેશ થાય છે.

અસાધારણ ખર્ચમાં જાવક જેવી કે કોન્ટ્રેક્ટ અનામત, પરચુરણ અનામત, હુડકો, મકાન યોજના અનામતનો સમાવેશ થાય છે.

આગામી વર્ષનાં મૂડી અને મહેસૂલનાં અંદાજો પરથી એ ફલિત થાય છે કે કર્મચારીઓનાં પગાર વધારાના બોજ છતાં પણ મહેસૂલ આવકની સાપેક્ષમાં મહેસૂલી ખર્ચ ઘટાડી શક્યા છીએ. મૂડી ખર્ચમાં થયેલો વધારો મોટે ભાગે પાયાની સુવિધાને સમતોલ કરવાની કોશિશ છે. કોઈપણ જાતની બાહરી લોન વિના વિકાસનાં કાર્યો કરવાનું આયોજન છે. પ્રથમ વાર મૂડી ખર્ચ જે શહેરના વિકાસનું સૂચક છે, તેની વૃદ્ધિ બીજા કોઇ પણ વર્ષની સરખામણીમાં વધારો સૂચવે છે.

### ૬.૩.૨ કુલ ખર્ચનું પ્રમાણ દર્શાવતું બજેટઃ

(રૂપિયા લાખમાં)

| વિગત | ૨૦૦૭-૦૮ ખરેખર | ૨૦૦૮-૦૯ ખરેખર | ૨૦૦૯-૧૦ ખરેખર | ૨૦૧૦-૧૧ રિવાઈઝ | ૨૦૧૧-૧૨ અંદાજ |
|---|---|---|---|---|---|
| રેવન્યુ બજેટ | ૧૬૬,૫૮.૬૮ | ૧૭૯,૧૧.૬૦ | ૨૧૭,૨૦.૭૯ | ૨૮૨,૮૧.૭૭ | ૩૦૮,૩૯.૫૭ |
| કેપિટલ બજેટ | ૬૭૨,૫.૩૨ | ૧૦૬,૪૬.૬૨ | ૧૪૦,૦૯.૫૧ | ૨૨૬,૧૧.૬૩ | ૪૭૯,૧૫.૦૧ |
| અસાધારણ બજેટ | ૭,૫૪.૮૬ | ૧૧,૮૬.૮૧ | ૯,૮૪.૦૦ | ૧૫,૯૫.૦૦ | ૧૬,૮૦.૦૦ |
| કુલ | ૨૪૧,૩૮.૮૬ | ૨૯૭,૪૫.૦૩ | ૩૬૭,૧૪.૩૦ | ૫૨૪,૮૮.૪૦ | ૮૦૪,૩૪.૫૮ |

### ૬.૩.૩ કુલ ખર્ચ દર્શાવતું કોષ્ટક (રકમ રૂ. લાખમાં)

| વર્ષ | મહેસુલી ખર્ચ | મૂડી ખર્ચ | અનામત ખર્ચ | કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૧૪૧,૩૩.૦૫ | ૭૨,૩૬.૬૭ | ૮,૪૯.૪૦ | ૨૨૨,૧૯.૧૨ |
| ૨૦૦૭-૦૮ | ૧૬૬,૫૮.૬૮ | ૬૭,૨૫.૩૨ | ૭,૫૪.૮૬ | ૨૪૧,૩૮.૮૬ |
| ૨૦૦૮-૦૯ | ૧૭૯,૧૧.૬૦ | ૧૦૬,૪૬.૬૨ | ૧૧,૮૬.૮૧ | ૨૯૭,૪૫.૦૩ |
| ૨૦૦૯-૧૦ | ૨૧૭,૨૦.૭૯ | ૧૪૦,૦૯.૫૧ | ૯,૮૪.૦૦ | ૩૬૭,૧૪.૩૦ |
| ૨૦૧૦-૧૧ | ૨૮૨,૮૧.૭૭ | ૨૨૬,૧૧.૬૩ | ૧૫,૯૫.૦૦ | ૫૨૪,૮૮.૪૦ |
| ૨૦૧૧-૧૨ | ૩૦૮,૩૯.૫૭ | ૪૭૯,૧૫.૦૧ | ૧૬,૮૦.૦૦ | ૮૦૪,૩૪.૫૮ |
| **કુલ** | **૧૨૯૫૪૫.૪૬** | **૧૦૯૧૪૪.૭૬** | **૭૦૫૦.૭૭** | - |

**વિશ્લેષણ**

ઉપરોક્ત કોષ્ટક પરથી કહી શકય છે કે બજેટના કદમાં ઉતરોતર વધારો થતો આવ્યો છે. કોષ્ટક પરથી વિશ્લેષણ કરી શકાય છે કે વર્ષ ૨૦૦૬-૦૭ કરતા વર્ષ ૨૦૦૭-૦૮ના બજેટમાં ૮.૬૪%નો વધારો વર્ષ ૨૦૦૭-૦૮ કરતા વર્ષ ૨૦૦૭-૦૮ના વર્ષમાં બજેટમાં ૨૩.૨૨% નો વધારો, ૨૦૦૮-૦૯નાં વર્ષ કતા ૨૦૦૯-૧૦માં ૪૨.૯૬% નો વધારો અને ૨૦૧૦-૧૧ કરતા વર્ષ ૨૦૧૧-૧૨માં બજેટનાં કદમાં સૌથી મોટો તોતીંગ વધારો ૫૩.૨૪% નો વધારો જોવા મળે છે.

ઉપરોક્ત કોષ્ટકનું Chi-Square Test દ્વારાં નીચે મુજબ કોષ્ટકનું વિશ્લેષણ કરતાઃ

### ૬.૩.૪ પરિકલ્પના :

$H_0$:- કુલ ખર્ચમાં થયેલ ખર્ચ મહેસુલી ખર્ચ, મૂડી ખર્ચ અને અનામત ખર્ચના વલણોમાં કોઈ ફેરફાર થયેલ નથી.

$H_1$ :- કુલ ખર્ચમાં થયેલ ખર્ચ મહેસુલી ખર્ચ, મૂડી ખર્ચ અને અનામત ખર્ચનું વલણોમાં ફેરફાર થયેલ છે.

### ૬.૩.૫ કુલ ખર્ચમાં મહેસુલી ખર્ચ, મૂડી ખર્ચ અને અનામત ખર્ચનું Chi-Square Test દ્વારાંવિશ્લેષણ.

| વર્ષ | મહેસુલી ખર્ચ | મૂડી ખર્ચ | અનામત ખર્ચ | કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૬૯.૦૧% ($e_{11}$) | ૨૭.૮૬% ($e_{12}$) | ૩.૧૩% ($e_{13}$) | ૧૦૦% |
| ૨૦૦૮-૦૯ | ૬૦.૨૨% ($e_{21}$) | ૩૫.૭૯% ($e_{22}$) | ૩.૯૯% ($e_{23}$) | ૧૦૦% |
| ૨૦૦૯-૧૦ | ૫૯.૧૬% ($e_{31}$) | ૩૮.૧૬% ($e_{32}$) | ૨.૬૮% ($e_{33}$) | ૧૦૦% |
| ૨૦૧૦-૧૧ | ૫૩.૮૮% ($e_{41}$) | ૪૩.૦૮% ($e_{42}$) | ૩.૦૪% ($e_{43}$) | ૧૦૦% |
| ૨૦૧૧-૧૨ | ૩૮.૩૪% ($e_{51}$) | ૫૯.૫૭% ($e_{52}$) | ૨.૦૯% ($e_{53}$) | ૧૦૦% |
| **કુલ** | **૨૮૦.૬૧** | **૨૦૪.૪૬** | **૧૪.૯૩** | |

હવે, ૦૧૧ = માટે $e_{11} = \frac{\text{કુલમહેસુલીખર્ચ} \times \text{પ્રથમવર્ષનોખર્ચ}}{\text{કુલખર્ચ}}$

$$e_{11} = \frac{280.61 \times 100}{500} (e_{11} = 56.12)$$

હવે,$e_{12}$માટે$e_{12} = \frac{\text{કુલકેપીટલખર્ચ} \times \text{પ્રથમવર્ષનોખર્ચ}}{\text{કુલખર્ચ}}$

$$e_{12} = \frac{204.46 \times 100}{500} (e_{12} = 40.89)$$

$e_{13}$માટે$e_{13} = \frac{\text{કુલઅનામતખર્ચ} \times \text{પ્રથમવર્ષનોખર્ચ}}{\text{કુલખર્ચ}}$

$$e_{13} = \frac{14.93 \times 100}{500} (e_{13} = 2.99)$$

$$\therefore x_c^2 = \sum_i \sum_j \left\{\frac{(oij - eij - Hij)^2}{eij}\right\}$$

$$x_c^2 = \frac{(69.01 - 56.12)^2}{56.12} + \frac{(60.22 - 56.12)^2}{56.12} + \frac{(59.16 - 56.12)^2}{56.12} + \frac{(53.88 - 56.12)^2}{56.12} +$$

$$\frac{(38.34 - 56.12)^2}{56.12} + \frac{(27.86 - 40.89)^2}{40.89} + \frac{(35.79 - 40.89)^2}{40.89} + \frac{(38.16 - 40.89)^2}{40.89} +$$

$$\frac{(43.08-40.89)^2}{40.89}+\frac{(59.57-40.89)^2}{40.89}+\frac{(3.13-2.99)^2}{2.99}+\frac{(3.99-2.99)^2}{2.99}+$$

$$\frac{(2.68-2.99)^2}{2.99}+\frac{(3.04-2.99)^2}{2.99}+\frac{(2.09-2.99)^2}{2.99}$$

$$x_c^2 = e_{11} = \frac{166.15}{56.12}+\frac{16.81}{56.12}+\frac{9.24}{56.12}+\frac{5.02}{56.12}+\frac{316.13}{56.12}$$

$$e_{12} = \frac{169.78}{40.89}+\frac{26.01}{40.89}+\frac{7.45}{40.89}+\frac{4.80}{40.89}+\frac{348.94}{40.89}$$

$$e_{13} = \frac{0.019}{2.99}+\frac{1}{2.99}+\frac{0.010}{2.99}+\frac{0.002}{2.99}+\frac{0.81}{2.99}$$

$$\therefore x_c^2 = 2.96+0.30+0\,.16+0.09+5.63+4.15+0.64+0.18+0.12+8.53+0.06+0.33+0.00+0.27$$

$x_c^2 = 23.42$

હવે$(\mathrm{r}-1).(\mathrm{c}.1) = (5-1)-\ (3-1) =\ 4-2$

$\mathrm{d.f} = 2$

$$\therefore x_t^2 = x^2\,(0.05.4)$$

$\therefore x_c^2 > x_t^2$

$23.42 > 9.49$

આથી, અહીં આ માહિતીનો સ્વીકાર થઈ શકે નહીં.

$H_1$ :- રાજકોટ મહાનગરપાલિકાના નિયત પાંચ વર્ષના અભ્યાસમાં કુલ ખર્ચની માહિતીનો અસ્વીકાર થાય છે.

અહીં, ઉપરોક્ત Chi – Square Test દ્વારા વિશ્લેષણ કરી શકાય છે કે મહેસૂલી ખર્ચમાં સૌથી વધુ ૨૮૦.૬૧% જ્યારે મૂડી ખર્ચ ૨૦૪.૪૬% છે. જ્યારે અનામત ખર્ચ ૧૪.૯૩% છે. જ્યારે સૌથી વધુ ખર્ચ મહેસુલી ખર્ચ ત્યારબાદ મૂડી ખર્ચ અને અનામત ખર્ચ છે. આથી કહી શકાય છે છેલ્લા પાંચ વર્ષમાં દરેક વર્ષની અંદર બજેટનાં કદમાં ઉતરોતર વધારો જોવા મળે છે.

### ૬.૩.૬ મહેસુલી ખર્ચ અને મૂડીખર્ચ : (રકમ રૂ, લાખમાં)

| વર્ષ | કુલ ખર્ચ | મહેસુલી ખર્ચ | મૂડી ખર્ચ |
|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૨૩૩,૮૪.૦૦ (૧૦૦%) | ૧૬૬,૫૮.૬૮ (૬૯.૦૧%) | ૬૭,૨૫.૩૨ (૨૭.૮૬%) |
| ૨૦૦૮-૦૯ | ૨૮૫,૫૮.૨૨ (૧૦૦%) | ૧૭૯,૧૧.૬૦ (૬૦.૨૨%) | ૧૦૬,૪૬.૬૨ (૩૫.૭૯%) |
| ૨૦૦૯-૧૦ | ૩૫૭,૩૦.૩૦ (૧૦૦%) | ૨૧૭,૨૦.૭૯ (૫૯.૧૬%) | ૧૪૦,૦૯.૫૧ (૩૮.૧૬%) |
| ૨૦૧૦-૧૧ | ૫૦૮,૯૩.૪૦ (૧૦૦%) | ૨૮૨,૮૧.૭૭ (૫૩.૮૮%) | ૨૨૬,૧૧.૬૩ (૪૩.૦૮%) |
| ૨૦૧૧-૧૨ | ૭૮૭,૫૪.૫૮ (૧૦૦%) | ૩૦૮,૩૯.૫૪ (૩૮.૩૪%) | ૪૭૯,૧૫.૦૧ (૫૯.૫૭%) |

| | | | |
|---|---|---|---|
| **કુલ** | **૨૧૭૩૨૦.૫૦** | **૧૧૫૪૧૨.૪૧** | **૧૦૧૯૦૮.૦૯** |

**વિશ્લેષણ**

ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ વર્ષ ૨૦૦૭-૦૮ થી વર્ષ ૨૦૧૧-૧૨નાં પાંચ વર્ષનાં સમયગાળા દરમિયાન રાજકોટ મહાનગરપાલિકાને કુલ ખર્ચ રૂ.૨૧૭૩૨૦.૫૦ જોવા મળે છે. અહીં છેલ્લા પાંચ વર્ષમાં ખર્ચમાં સતત વધારો થતો જોવા મળે છે. કારણ કે છેલ્લા પાંચ વર્ષમાં મહેસુલી ખર્ચમાં સતત વધારો જોવા મળે છે. જ્યારે મૂડી ખર્ચમાં છેલ્લાં પાંચ વર્ષમાં સતત વધારો જોવા મળે છે. પરંતુ વર્ષ ૨૦૧૧-૧૨નાં વર્ષમાં મૂડી ખર્ચમાં તોતીંગ વધારો એટલે કે ૬૦.૮૪% નો વધારો થયેલ છે. વર્ષ ૨૦૦૭-૦૮ ની તુલનામાં વર્ષ ૨૦૧૧-૧૨માં રૂ.૧૪૧૮૦.૮૯ લાખ રૂપિયાનો વધારો જોવા મળે છે. જ્યારે મૂડી ખર્ચ વર્ષ ૨૦૦૭-૦૮ની તુલનામાં વર્ષ ૨૦૧૧-૧૨માં રૂ.૪૧૧૮૯.૬૯ લાખ રૂપિયાનો ખર્ચમાં સતત વધારો થયેલ છે.

Chi-Square Test દ્વારાં નીચે મુજબ કોષ્ટકનું વિશ્લેષણ કરતા :

**૬.૩.૭ પરિકલ્પના :**

$H_0$:- રાજકોટ મહાનગરપાલિકાની મહેસુલી ખર્ચ અને મૂડી ખર્ચમાં કોઇ ફેરફાર નથી.

$H_1$ :- રાજકોટ મહાનગરપાલિકાની મહેસુલી ખર્ચ અને મૂડી ખર્ચમાં ફેરફાર થાય છે.

**૬.૩.૮ મહેસુલી ખર્ચ અને મૂડીખર્ચનુChi-Square Test દ્વારાં વિશ્લેષણ :**

| વર્ષ | મહેસુલી ખર્ચ (ટકાવારી) | કેપીટલ ખર્ચ (ટકાવારી) | કુલ ખર્ચ (ટકાવારી) |
|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૭૧.૨૪ (૦.૧૧%) | ૨૮.૭૬ (૦.૧૨%) | ૧૦૦% |
| ૨૦૦૮-૦૯ | ૬૨.૭૨ (૦.૨૪%) | ૩૭.૨૮ (૦.૨૨%) | ૧૦૦% |
| ૨૦૦૯-૧૦ | ૬૦.૭૯ (૦.૩૧%) | ૩૯.૨૧ (૦.૩૨%) | ૧૦૦% |
| ૨૦૧૦-૧૧ | ૫૫.૫૭ (૦.૪૧%) | ૪૪.૪૩ (૦.૪૨%) | ૧૦૦% |
| ૨૦૧૧-૧૨ | ૩૯.૧૬ (૦.૫૧%) | ૬૦.૮૪ (૦.૫૨%) | ૧૦૦% |
| **કુલ** | **૨૮૯.૪૮** | **૨૧૦.૫૨** | |

$\therefore$ O11 $= 71.24$માટે$e_{11} = \frac{\text{કુલમહેસુલીખર્ચ} \times \text{પ્રથમવર્ષનોખર્ચ}}{\text{કુલખર્ચ}} = \frac{289.48 \times 100}{500} (e_{13} = 57.90)$

$0.12 = 28.76$ માટે $e_{11} = \frac{\text{કુલકેપીટલખર્ચ} \times \text{પ્રથમવર્ષનોખર્ચ}}{\text{કુલખર્ચ}} = \frac{210.52 \times 100}{500} (e_{12} = 42.10)$

$$\therefore x_c^2 = \sum_i \sum_j \left\{ \frac{(oij - eij)^2}{eij} \right\}$$

$$\therefore x_c^2 = \frac{(71.24-57.90)^2}{57.90} + \frac{(62.72-57.90)^2}{57.90} + \frac{(60.79-57.90)^2}{57.90} + \frac{(55.57-57.90)^2}{57.90} + \frac{(39.16-57.90)^2}{57.90} + \frac{(28.76-42.12)^2}{42.10} + \frac{(37.28-42.10)^2}{42.10} + \frac{(39.21-42.10)^2}{42.10} + \frac{(44.43-42.10)^2}{42.10} + \frac{(60.84-42.10)^2}{42.10}$$

$$\therefore x_c^2 = \frac{178}{57.90} + \frac{23.23}{57.90} + \frac{8.35}{57.90} + \frac{5.43}{57.90} + \frac{351}{57.90} = \frac{178}{42.10} + \frac{23.23}{42.10} + \frac{8.35}{42.10} + \frac{5.43}{42.10} + \frac{351}{42.10} = 3.07 + 0.40 + 0.14 + 0.09 + 6.06 + 4.23 + 0.55 + 0.20 + 0.13 + 8.34$$

$\therefore x_c^2 = 23.21$

હવે, $d.f. = (r-1)(c-1)(5-1)(2-1)(4).(1)$

$d.f. = 4$

$\therefore x_t^2 = x^2\ (0.05,4)$

$x_c^2 > x_t^2$

$23.21 > 9.49$

અહીંયા, માહિતીને, અસ્વીકાર થઇ શકે છે.

$H_1$ :- આપેલ પાંચ વર્ષમાં થયેલ નિયત વર્ષમાં મહેસુલી ખર્ચ મૂડી ખર્ચમાં ફેરફાર થયેલ નથી.

કોષ્ટકમાં કુલ ખર્ચ પરથી વિશ્લેષણ કરી શકાય છે કે રાજકોટ મહાનગરપાલિકાની ખર્ચનો મહેસુલી ખર્ચનો ઓછી સૌથી ઓછી હિસ્સો ૩૯.૧૬% જેટલો રહેવા પામ્યો છે. જ્યારે સૌથી વધુ હિસ્સો ૭૧.૨૪% રહેવા પામ્યો છે. તે જ રીતે મૂડી ખર્ચનો સૌથી ઓછો હીસ્સો ૨૮.૭૬% જેટલો જ્યારે સૌથી વધુ ખર્ચનો હિસ્સો ૬૦.૮૪% જેટલો હીસ્સો જોવા મળે છે.

### ૬.૩.૯ રાજકોટ મહાનગરપાલિકાની ખર્ચની વિગતો



### ૬.૩.૧૦ કુલ ખર્ચમાં સીમાંત ખર્ચનાં વલણો (રકમ રૂ. લાખમાં)

| વર્ષ | કુલ ખર્ચ | કુલ ખર્ચમાં સીમાંત ફેરફાર | ટકાવારીનું પ્રમાણ |
|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૨૩૩૮૪.૦૦ (૧૦૦%) | ૦.૦૦ | - |
| ૨૦૦૮-૦૯ | ૨૮૫૫૮.૨૨ (૧૦૦%) | ૫૧૭૪.૨૨ | (૧૮.૧૨%) |
| ૨૦૦૯-૧૦ | ૩૫૭૩૦.૩૦ (૧૦૦%) | ૭૧૭૨.૦૮ | (૨૦.૦૭%) |
| ૨૦૧૦-૧૧ | ૫૦૮૯૩.૪૦ (૧૦૦%) | ૧૫૧૬૩.૧૦ | (૨૯.૭૯%) |
| ૨૦૧૧-૧૨ | ૭૮૭૫૪.૫૮ (૧૦૦%) | ૨૭૮૬૧.૧૮ | (૩૫.૩૮%) |
| **કુલ** | **૨૧૭૩૨૦.૫૦** | **૫૫૩૭૦.૫૮** | |

**વિશ્લેષણ**

ઉપરોક્ત કોષ્ટક દ્વારા ખ્યાલ આવે છે કે રાજકોટ મહાનગરપાલિકા તેમનાં ખર્ચમાં દર વર્ષે જે ફેરફારો થાય છે તેમાં તે ફેરફારનું (ખર્ચનું) પ્રમાણ દર વર્ષે સરખું જોવા મળતું નથી. ક્યારેક કુલ ખર્ચમાં વધારો થયેલ છે. તો બીજા જ વર્ષે તેમાં સુધારો કરીને વધુ ખર્ચનો બચાવ પણ કરેલ છે તે વિસ્તૃત રીતે અભ્યાસમાં લેવા અહીં સીમંત ખર્ચ લેવામાં આવેલ છે.

અહીં ઉપરોક્ત કોષ્ટકમાં વર્ષ ૨૦૦૭-૦૮ના વર્ષમાં કુલ ખર્ચ રૂ.૨૩૩૮૪.૦૦ લાખ થયેલ છે જેમાં રૂ.૫૧૭૪.૨૨ લાખના વધારાથી વર્ષ ૨૦૦૮-૦૯નાં વર્ષમાં કુલ ખર્ચ રૂ.૨૮૫૫૮.૨૨ લાખ થયેલ અને જેમાં રૂ.૭૧૭૨.૦૮ લાખના વધારાથી વર્ષ ૨૦૦૯-૧૦માં કુલ ખર્ચ રૂ.૩૫૭૩૦.૩૦ લાખ થયેલ જેમાં રૂ.૧૫૧૬૩.૧૦ના વધારાથી વર્ષ ૨૦૧૦-૧૧નાં વર્ષમાં કુલ ખર્ચ રૂ.૫૦૮૯૩.૪૦ લાખ થયેલ અને જેમાં રૂ.૨૭૮૬૧.૧૮૯ લાખના તોતીંગ વધારાથી કુલ ખર્ચમાં સૌથી વધુ વધારો થયેલ અને વર્ષ ૨૦૧૧-૧૨નાં વર્ષમાં સૌથી વધુ ખર્ચ રૂ.૭૮૭૫૪.૫૮ લાખ ખર્ચ થયેલ.

### ૬.૩.૧૧ પરિકલ્પના :

$H_0$:- રાજકોટ મહાનગરપાલિકાની કુલ ખર્ચમાં વલણોમાં કોઈ ફેરફાર થતો નથી.

$H_1$ :- રાજકોટ મહાનગરપાલિકાની કુલ ખર્ચનાં વલણોમાં ફેરફાર થાય છે.

### ૬.૩.૧૨ કુલ ખર્ચમાં સીમાંત ખર્ચનાં વલણોનુંChi-Square Test દ્વારાં વિશ્લેષણ:

| વર્ષ | સીમાંત ખર્ચ ($oi$) | અપેક્ષિત આવૃતિ ($ei$) | (સીમાંત ખર્ચ – અપેક્ષિત આવૃત્તિ)$^2$ $(oi-ei)^2$ |
|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૦૦.૦૦ | ૨૦.૬૭ | ૪૨૭.૨૫ |
| ૨૦૦૮-૦૯ | ૧૮.૧૨% | ૨૦.૬૭ | ૬.૫૦ |
| ૨૦૦૯-૧૦ | ૨૦.૦૭% | ૨૦.૬૭ | ૦.૩૬ |
| ૨૦૧૦-૧૧ | ૨૯.૭૯% | ૨૦.૬૭ | ૮૩.૧૭ |
| ૨૦૧૧-૧૨ | ૩૫.૩૮% | ૨૦.૬૭ | ૨૧૬.૩૮ |
| **કુલ** | **૧૦૩.૩૬** | | **૭૩૩.૬૬** |

અપેક્ષિત આવૃતિ $(ei) = p\,(x).N,\ \frac{1}{5} \times 103.36\ (ei = 20.67)$

$\therefore x_c^2 = \sum \left\{ \frac{(oi-ei)^2}{ei} \right\} = \frac{733.66}{20.67} (x_c^2 = 35.49\ \ )$

સ્વા. માત્ર$K - l - 1\,, 5 - 0 - 1$

સ્વા.માત્ર $= 4$

$x_t^2 = x^2(0.05, 5) = 9.49$

$\therefore x_c^2 > x_t^2$

$35.49 > 9.49$

આથી, અહીંયા ઉપરોક્ત પરીક્ષણનો અસ્વીકાર થાય છે.

$H_1$ :- રાજકોટ મહાનગરપાલિકાના નિયત પાંચ વર્ષના કુલ ખર્ચના વલણોની માહિતીનો અહીંયા અસ્વીકાર થાય છે.

ઉપરોક્ત કોષ્ટકના સીમાંત આવકનાં વલણો તપાસતા જણાય છે કે વર્ષ ૨૦૦૭-૦૮ થી વર્ષ ૨૦૧૧-૧૨ના સમયગાળામાં સીમાંત ખર્ચ ઉતરોતર વધારો થયો છે. પરંતુ વર્ષ ૨૦૧૧-૧૨ માં ખર્ચનું પ્રમાણ સૌથી વધુ એટલે કે ૩૫.૩૮% જોવા મળે છે. જેથી કહી શકાય છે કે રાજકોટ મહાનગરપાલિકાની આવક વધતા સાથો-સાથ ખર્ચમાં પણ વધારો થયેલ છે.

### ૬.૩.૧૩ કુલ ખર્ચમાં સામાન્ય (મહેસુલી) ખર્ચનાં વલણો (રકમ રૂ, લાખમાં)

| વર્ષ | કુલ ખર્ચ | મહેસુલી ખર્ચ | સામાન્ય ખર્ચમાં સીમાંત ફેરફાર |
|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૨૩૩૮૪.૦૦ (૧૦૦%) | ૧૬૬૫૮.૬૮ (૭૧.૨૪%) | ૦૦.૦૦૦ |
| ૨૦૦૮-૦૯ | ૨૮૫૫૮.૨૨ (૧૦૦%) | ૧૭૯૧૧.૬૦ (૬૨.૭૨%) | ૧૨૫૨.૯૨ (૪.૩૯%) |
| ૨૦૦૯-૧૦ | ૩૫૭૩૦.૩૦ (૧૦૦%) | ૨૧૭૨૦.૭૯ (૬૦.૭૯%) | ૩૮૦૯.૧૯ (૧૦.૬૬%) |
| ૨૦૧૦-૧૧ | ૫૦૮૯૩.૪૦ (૧૦૦%) | ૨૮૨૮૧.૭૭ (૫૫.૫૭%) | ૬૫૬૦.૯૮ (૧૨.૮૯%) |
| ૨૦૧૧-૧૨ | ૭૮૭૫૪.૫૮ (૧૦૦%) | ૩૦૮૩૯.૫૭ (૩૯.૧૬%) | -૨૫૫૭.૮૦ (૩.૨૫%) |
| **કુલ** | **૨૧૭૩૨૦.૫૦** | **૧૧૫૪૧૨.૪૧** | |

**વિશ્લેષણ:**

અહીં ઉપરના કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે કુલ ખર્ચમાં સામાન્ય ખર્ચનો હિસ્સો સૌથીવધારે છે. અહીં કુલ ખર્ચમાં ખર્ચનું પ્રમાણ એકસરખું છે. તેમાં સતત વધારો જોવા મળે છે. જેમ કે, વર્ષ ૨૦૦૭-૦૮ ના વર્ષમાં કુલ ખર્ચ રૂ.૨૩૩૮૪ લાખની સામે સામાન્ય ખર્ચનું પ્રમાણ ૭૧.૨૪% રહેલ, ૨૦૦૮-૦૯નાં વર્ષમાં સામાન્ય ખર્ચનું પ્રમાણ ૬૨.૭૨% ૨૦૦૯-૧૦નાં વર્ષમાં સામાન્ય ખર્ચનું પ્રમાણ ૬૨.૭૨% ૨૦૦૯-૧૦ના વર્ષમાં સામાન્ય ખર્ચનું પ્રમાણ ૬૦.૭૯% વર્ષ ૨૦૧૦-૧૧ના વર્ષમાં સામાન્ય ખર્ચનું પ્રમાણ ૫૫.૫૭% તથા વર્ષ ૨૦૧૧-૧૨ના વર્ષમાં કુલ ખર્ચનું પ્રમાણ રૂ.૭૮૭૫૪.૫૮ લાખની સામાન્ય ખર્ચનું પ્રમાણ માત્ર ૩૯.૧૬% જેટલું જ છે.

**Chi-Square Test દ્વારા નીચે મુજબનું વિશ્લેષણ કરતાં :**

**૬.૩.૧૪ પરિકલ્પના :**

$H_0$:- રાજકોટ મહાનગરપાલિકાનાં કુલ ખર્ચમાં સામાન્ય ખર્ચનાં વલણોમાં કોઈ ફેરફાર થતો નથી.

$H_1$ :- રાજકોટ મહાનગરપાલિકાનાં કુલ ખર્ચમાં સામાન્ય ખર્ચના વલણોમાં ફેરફાર થાય છે.

### ૬.૩.૧૫ કુલ ખર્ચમાં મહેસુલી ખર્ચનું Chi-Square Test દ્વારાં વિશ્લેષણ:

| વર્ષ | સીમાંત ખર્ચ ($oi$) | અપેક્ષિત આવૃતિ ($ei$) | (સીમાંત ખર્ચ – અપેક્ષિત આવૃત્તિ)$^2$ $(oi-ei)^2$ |
|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૦૦.૦૦ | ૬.૨૪ | ૩૮.૯૪ |

| | | | |
|---|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૪.૩૯% | ૬.૨૪ | ૩.૪૨ |
| ૨૦૦૯-૧૦ | ૧૦.૬૬% | ૬.૨૪ | ૧૯.૫૪ |
| ૨૦૧૦-૧૧ | ૧૨.૮૯% | ૬.૨૪ | ૪૪.૨૨ |
| ૨૦૧૧-૧૨ | ૩.૨૫% | ૬.૨૪ | ૮.૯૪ |
| **કુલ** | **૩૧.૧૯** | | **૧૧૫.૦૬** |

અપેક્ષિત આવૃતિ$P(x).N,\ \frac{1}{5}\times 31.19\quad (ei = 6.24)$

$$\therefore x_c^2 = \sum\left\{\frac{(oi-ei)^2}{ei}\right\} = \frac{115.06}{6.24}\ (x_c^2 = 18.44)$$

સ્વા માત્રા= $k-/-1, 5-0-1=4$

$\therefore x_t^2 = x^2(0.05, 5) = 9.49$

$\therefore x_c^2 > x_t^2$

$18.44 > 9.49$

આમ, અહીંયા, ઉપરોક્ત $Chi-Square\,Test$ દ્વારા વિશ્લેષણ કરતાં માહિતીનો અસ્વીકાર થાય છે.

$H_1$ :- રાજકોટ મહાનગરપાલિકાનાં નિયત પાંચ વર્ષના કુલ ખર્ચના મહેસુલી ખર્ચનાં વલણોનો અસ્વીકાર થાય છે.

આમ, અહીં સામાન્ય ખર્ચમાં સતત વધારો જોવા મળે છે. અહીં તેનાં સીમાંત ફેરફાર દ્વારા જોઈ શકાય છે જેમ કે વર્ષ ૨૦૦૭-૦૮ ના વર્ષમાં કુલ સામાન્ય ખર્ચ રૂ.૧૬૬૫૮.૬૮ લાખ હતો જેમાં રૂ.૧૨૫૨.૯૨ લાખ રૂ.ના વધારાથી વર્ષ ૨૦૦૮-૦૯નાં વર્ષમાં રૂ.૧૭૯૧૧.૬૦ લાખ થયો હતો જે ફરી રૂ.૩૮૦૯.૧૯ લાખના વધારાથી વર્ષ ૨૦૦૯-૧૦ ના વર્ષમાં ખર્ચ રૂ.૨૧૭૨૦.૭૯ લાખ થયો હતો. વળી, તે તોતીંગ વધારાથી તે રૂ.૬૫૬૦.૯૮ લાખ થયો વર્ષ ૨૦૧૦-૧૧માં સામાન્ય ખર્ચ રૂ.૨૮૨૮૧.૭૭ લાખ થયો હતો. ત્યારે સીમાંત ફેરફારમાં સૌથી વધુ ઘટાડો એટલે કે રૂ.૨૫૫૭.૦૮નો ઘટાડો જોવા મળે છે. આમ, વર્ષે ૨૦૧૧-૧૨નો વર્ષમાં સામાન્ય ખર્ચનું પ્રમાણ સૌથી વધુ રૂ.૩૦૮૩૯.૫૭ થયો હતો.

આમ, આ સીમાંત ફેરફારનો અભ્યાસ કર્યા પછી કહી શકાય કે સામાન્ય ખર્ચમાં થતા ચઢાવ-ઉતારનું પ્રમાણ એકસરખું નથી જે ઉપરોક્ત મુજબના કોષ્ટકમાં જોઈ શકાય છે.

### ૬.૩.૧૬ કુલ ઉપજમાં કેપીટલ ખર્ચનાં વલણો (રકમ રૂ, લાખમાં)

| વર્ષ | કુલ ખર્ચ | કેપીટલ ખર્ચ | કેપીટલ ખર્ચમાં સીમાંત ફેરફાર |
|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૨૩૩,૮૪.૦૦ (૧૦૦%) | ૬૭,૨૫.૩૨ (૨૮.૭૬%) | ૦૦૦.૦૦ |
| ૨૦૦૮-૦૯ | ૨૮૫,૫૮.૨૨ (૧૦૦%) | ૧૦૬,૪૬.૬૨ (૩૭.૨૮%) | ૩૯૨૧.૩૦ (૧૩.૭૩%) |
| ૨૦૦૯-૧૦ | ૩૫૭,૩૦.૩૦ (૧૦૦%) | ૧૪૦,૦૯.૫૧ (૩૯.૨૧%) | -૩૩૬૨.૮૯ (૯.૪૧%) |
| ૨૦૧૦-૧૧ | ૫૦૮,૯૩.૪૦ (૧૦૦%) | ૨૨૬,૧૧.૬૩ (૪૪.૪૩%) | ૮૬૦૨.૧૨ (૧૬.૯૦%) |
| ૨૦૧૧-૧૨ | ૭૮૭,૫૪.૫૮ (૧૦૦%) | ૪૭૯,૧૫.૦૧ (૬૦.૮૪%) | ૨૫૩૦૩.૩૮ (૩૨.૧૩%) |
| **કુલ** | **૨૧૭૩૨૦.૫૦** | **૧૦૧૯૦૮.૦૯** | - |

**વિશ્લેષણ**

અહીં, ઉપરોક્ત આંકડાકીય માહિતી દ્વારાં જાણી શકાય છે કે રાજકોટ મહાનગરપાલિકાનાં કુલ ખર્ચમાં કેપીટલ ખર્ચનું પ્રમાણ મહદઅંશે ઓછું છે. જેમ કે, ઈ.સ.૨૦૦૭-૦૮ નાં વર્ષમાં રૂ.૨૩૩૮૪.૦૦ લાખ રૂ. કુલ ખર્ચ સામે કેપીટલ ખર્ચનું પ્રમાણ ૨૮.૭૬% રહેલ તેવી જ રીતે વર્ષ ૨૦૦૮-૦૯માં કેપીટલ ખર્ચનું ૩૭.૨૮% વર્ષ ૨૦૦૯-૧૦માં કેપીટલ ખર્ચનું પ્રમાણ ૩૯.૨૧%, વર્ષ ૨૦૧૦-૧૧માં કેપીટલ ખર્ચનું પ્રમાણ ૪૪.૪૩% તથા વર્ષ ૨૦૧૧-૧૨ના વર્ષમાં કુલ ખર્ચ રૂ.૭૮૭૫૪.૫૮ લાખનું સામે કેપીટલ ખર્ચનું પ્રમાણ ૬૦.૮૪% રહેલ છે. આમ, આ માહિતી પરથી આપણે કહી શકીએ કે અહીં કેપીટલ ખર્ચમાં સતત વધારો થતો જોવાં મળે છે જે ઉપરોક્ત કોષ્ટકનું Chi-Square Test દ્વારાં વિશ્લેષણ કરતાં....

**૬.૩.૧૭ પરિકલ્પના :**

$H_0$:- રાજકોટ મહાનગરપાલિકાનાં કુલ ખર્ચમાં કેપીટલ ખર્ચનાં વલણોમાં કોઈ ફેરફાર થતો નથી.

$H_1$ :- રાજકોટ મહાનગરપાલિકાનાં કુલ ખર્ચમાં કેપીટલ ખર્ચના વલણોમાં ફેરફાર થાય છે.

કુલ ખર્ચમાં કેપીટલ ખર્ચનું ટકાવારી ટેબલનું Chi-Square Test દ્વારાં વિશ્લેષણ કરતા,

### ૬.૩.૧૮ કુલ ઉપજમાં કેપીટલ ખર્ચનાં વલણો નું Chi-Square Test દ્વારા વિશ્લેષણ:

| **વર્ષ** | **સીમાંત ખર્ચ** ($oi$) | **અપેક્ષિત આવૃતિ** ($ei$) | **(સીમાંત ખર્ચ – અપેક્ષિત આવૃત્તિ)**$^2 (oi - ei)^2$ |
|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૦૦.૦૦ | ૧૪.૪૩ | ૨૦૮.૨૨ |
| ૨૦૦૮-૦૯ | ૧૩.૭૩% | ૧૪.૪૩ | ૦.૪૯ |
| ૨૦૦૯-૧૦ | ૯.૪૧% | ૧૪.૪૩ | ૨૫.૨૦ |
| ૨૦૧૦-૧૧ | ૧૬.૯૦% | ૧૪.૪૩ | ૬.૧૦ |
| ૨૦૧૧-૧૨ | ૩૨.૧૩% | ૧૪.૪૩ | ૩૧૩.૨૯ |
| **કુલ** | **૭૨.૧૭** | | **૫૫.૩૩** |

અપેક્ષિત આવૃતિ $P(x).N$, $\frac{1}{5} \times 72.17 \quad (ei = 14.43)$

$\therefore x_c^2 = \sum \left\{ \frac{(oi - ei)^2}{ei} \right\} = \frac{55.33}{14.43} \; (x_c^2 = 3.83)$

સ્વા માત્રા $k -/-1, 5 - 0 - 1 = 4$

$\therefore x_t^2 = x^2(0.05, 5) = 9.49, (x_t^2 = 3.83)$

$\therefore x_c^2 < x_t^2$

$3.83 < 9.49$

આમ, અહીંયા ઉપરોક્ત કોષ્ટકનું Chi-Square Testદ્વારાં વિશ્લેષણ કરતાં ઉપરોક્ત માહિતીનો સ્વીકાર થાય છે.

$H_0$:- રાજકોટ મહાનગરપાલિકાનાં નિયત પાંચ વર્ષના કુલ ખર્ચનાં કેપીટલ ખર્ચનો સ્વીકાર થાય છે.

ઉપરોક્ત Chi-Square Test દ્વારાં કોષ્ટકનું વિશ્લેષણ કરતાં સીમાંત ફેરફાર જોતા તેમાં ચઢાવ-ઉતાર કેટલા પ્રમાણમાં થયેલ છે તે ખ્યાલ આવે છે. અહીં ૨૦૦૭-૦૮ના વર્ષમાં કેપીટલ ખર્ચ રૂ.૬૭૨૫.૩૨ લાખ, ૩૯૨૧.૩૦ લાખના વધારાથી વર્ષ ૨૦૦૮-૦૯૮નાં વર્ષમાં કેપીટલ ખર્ચ ૧૦૬૪૬.૬૨ લાખ થઈ ગયો હતો. જ્યાં ખર્ચમાં૩૩૬૨.૮૯ લાખનાં ઘરખમ ઘટાડાથી વર્ષ ૨૦૦૯-૧૦ના વર્ષમાં કેપીટલ ખર્ચ રૂ.૧૪૦૦૯.૫૧નો વધારો થયો હતો. ત્યારે ખર્ચમાં રૂ.૮૬૦૨.૧૨ લાખનો સતત વધારો થયો જોવા મળે છે. જ્યારે વર્ષ ૨૦૧૦-૧૧માં કેપીટલ ખર્ચ રૂ.૨૨૬૧૧.૬૩ લાખના વધારો સામે સીમાંત ઉપજમાં થતો ફેરફાર સૌથી વધુ એટલે કે રૂ.૨૫૩૦૩.૩૮ લાખનો તોતીંગ

વધારો નોંધાયો હતો વર્ષ ૨૦૧૧-૧૨નાં વર્ષમાં કેપીટલ ખર્ચ રૂ.૪૭૯૧૫.૦૧નો વધારો થયેલ જોવા મળે છે.

આમ, કેપીટલ ખર્ચમાં સતત વધારો જોવા મળે છે. આમ, આ માહિતી ઉપર મુજબનાં કોષ્ટકમાં જોઈ શકાય છે.

### ૬.૪ કુલ આવક અને કુલ ખર્ચનાં વલણો :

અહીં રાજકોટ મહાનગરપાલિકાના કુલ આવક અને કુલ ખર્ચના વલણો દર્શાવવામાં આવેલ છે. જેના દ્વારા ખ્યાલ આવશે કે મહાનગરપાલિકા નાણાંકીય ખાધ અનુભવે છે કે પુરાંત બાકી છે જેનું વર્ણન અહીં કોષ્ટક દ્વારા કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

**૬.૪.૧ કુલ આવક અને ખર્ચનાં વલણો (રકમ રૂ. લાખમાં)**

| વર્ષ | કુલ આવક | કુલ ખર્ચ | પુરાંત+ અથવા ખાધ- |
|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૩૧૫૮૯.૨૩ | ૨૩૩૮૪.૦૦ | ૯૭૪૬.૭૭ |
| ૨૦૦૮-૦૯ | ૨૫૬૪૮.૩૧ | ૨૮૫૫૮.૨૨ | ૬૮૩૬.૮૬ |
| ૨૦૦૯-૧૦ | ૪૦૩૧૬.૬૧ | ૩૫૭૩૦.૩૦ | ૧૧૪૨૩.૧૬ |
| ૨૦૧૦-૧૧ | ૪૯૧૬૦.૩૨ | ૫૦૮૯૩.૪૦ | ૯૬૯૦.૦૮ |
| ૨૦૧૧-૧૨ | ૬૭૫૮૪.૮૩ | ૭૮૭૫૪.૫૮ | -૧૪૭૯.૬૭ |
| ૨૦૧૧-૧૨ | સૂચિત કરવેરાની આવક અંદાજીત આવક રૂ.૨૦૦૦ | | |
| ૨૦૧૧-૧૨ | ૨૦૦૦.૦૦ | - | ૫૨૦.૩૪ |

**વિશ્લેષણ**

કોષ્ટક તપાસતા જણાય છે કે રાજકોટ મહાનગરપાલિકાની આવક અને ખર્ચનું

વિશ્લેષણ કરતા અહીં જણાય છે કે વર્ષ ૨૦૦૭-૦૮માં કુલ આવક રૂ.૩૧૫૮૯.૨૩ લાખ હતી તેની સામે કુલ ખર્ચ રૂ.૨૩૩૮૪.૦૦ લાખ થયેલ છે. એટલે કે રૂ.૯૭૪૬.૭૭ લાખની પુરાંત આ વર્ષની છે ૨૦૦૮-૦૯ માં કુલ આવક રૂ.૨૫૬૪૮.૩૧ લાખ હતી તેની સામે કુલ ખર્ચ રૂ.૨૮૫૫૮.૨૨ લાખ થયેલ છે. અહીં રૂ.૬૮૩૬.૮૬ લાખની પુરાંત જોવા મળે છે. ૨૦૦૯-૧૦નાં વ્રમાં કુલ આવક રૂ.૪૦૩૧૬.૬૧ લાખ હતી. તેની સામે કુલ ખર્ચ રૂ.૩૫૭૩૦.૩૦ લાખ થયેલ છે. અહીં પુરાંત રૂ.૧૧૪૨૩.૧૬ લાખ જોવા મળે છે. વર્ષ ૨૦૧૦-૧૧માં કુલ આવક રૂ.૪૯૧૬૦.૩૨ લાખ થયેલ છે અને તેની સામે ખર્ચ ૫૦૮૯૩.૪૦ આથી રૂ. ૯૬૯૦.૦૮ લાખ પુરાંત જોવાં મળે છે. પરંતુ ૨૦૧૧-૧૨ના વર્ષમાં કુલ આવક રૂ.૬૭૫૮૪.૮૩ લાખ થયેલ છે જેની સામે ખર્ચ છેલ્લા પાંચ વર્ષમાં સૌથી

વધુ એટલે કે રૂ.૭૮૭૫૪.૫૮ જોવા મળે છે. અહીં આ વર્ષમાં કુલ આવક અને ખર્ચના વલણોમાં પૂરાંત કરતા ખાધ રૂ.૧૪૭૯.૬૭ લાખ જોવા મળે છે. અહીં આવક કરતાં ખર્ચનું પ્રમાણ વધી ગયેલ છે. આ ખાધ દુર કરવા માટે અંદાજિત સૂચિત કરવેરાની આવક રૂ.૨૦૦૦ લાખ ઉમેરીને વર્ષ ૨૦૧૧-૧૨ના વર્ષમાં પુરાંત રૂ.૫૨૦.૩૪ જોવા મળે છે.

અહીં, અગાઉથી આગળના વર્ષની પુરાંત બાકીનો કુલ આવકમાં સમાવેશ કરી પછી રાજકોટ મહાનગરપાલિકા ખર્ચ કરે છે. છતાં છેલ્લા વર્ષમાં ખાધ જોવા મળે છે. દા.ત. વર્ષ ૨૦૦૭-૦૮ની કુલ આવક રૂ.૩૧૫૮૯.૨૩ લાખ છે. તેમાં અગાઉ (૨૦૦૬-૨૦૦૭)ના વર્ષની પુરાંત બાકીનો ઉમેરો કરી સિલક સહ કુલ આવક દરેક વર્ષમાં દર્શાવવામાં આવી છે.

**૬.૫ રાજકોટ મહાનગરપાલિકાનું મહેસુલી આવકનું વિભાજન (૨૦૧૧-૧૨) (રકમ રૂ. લાખમાં)**

| વિગત | રકમ | ટકાવારી પ્રમાણ |
|---|---|---|
| જકાત ગ્રાંટ | ૧૧૫,૦૦.૦૦ | ૩૨.૯૪% |
| મિલકત વેરો | ૧૧૭,૮૨.૮૮ | ૩૩.૭૫% |
| પાણી ચાર્જ | ૨૨,૭૯.૯૨ | ૬.૫૩% |
| ડ્રેનેજ ચાર્જ | ૧૧,૮૭.૨૦ | ૩.૪૦% |
| પ્રોફેશનલ ટેક્ષ | ૧૦,૦૦.૦૦ | ૨.૮૬% |
| પ્રપોઝડ ટેક્ષ | ૨૦,૦૦.૦૦ | ૫.૭૩% |
| મહેસુલી ગ્રાંટ્સ | ૨૫,૪૪.૬૯ | ૭.૨૯% |
| હોર્ડીંગ બોર્ડની આવક | ૧,૨૫.૦૦ | ૦.૩૭% |
| અન્ય મહેસુલી આવક | ૨૪,૮૮.૫૯ | ૭.૧૩% |
| **કુલ** | **૩૪૯૦૮.૨૮** | |

**વિશ્લેષણ**

ઉપરોક્ત કોષ્ટક પરથી વિશ્લેષણ કરી શકાય છે કે રાજકોટ મહાનગરપાલિકાની મહેસુલી આવકનાં વિભાજનમાં કુલ આવકનાં ૫૧.૬૫% હિસ્સો ધરાવે છે. કોષ્ટકમાં જોતા સૌથી વધુ આવકનો હિસ્સો મિલકતવેરો ૩૩.૭૫% છે. જ્યારે સૌથી ઓછી આવકનો હિસ્સો હોર્ડીંગ બોર્ડની આવકનો હીસ્સો ૦.૩૭% જેટલો છે. આમ, બંનેનો તફાવત ૩૩.૩૮% જેટલો જોવા મળે છે. જ્યારે કુલ મહેસુલી આવક રૂ.૩૪૯૦૮.૨૮ લાખ જોવા મળે છે.

## ૬.૬ રાજકોટ મહાનગરપાલિકાનું મૂડી આવકનું વિભાજન (૨૦૧૧-૧૨) (રકમ રૂ. લાખમાં)

| વિગત | રકમ | ટકાવારી પ્રમાણ |
|---|---|---|
| JnNURM ગ્રાંટ | ૧૦૫,૭૨.૦૦ | ૩૨.૩૫% |
| અન્ય ગ્રાન્ટ | ૭,૨૯.૦૦ | ૨.૨૪% |
| જમીન વેચાણ | ૧૦૦,૦૦.૦૦ | ૩૦.૬૦% |
| ડ્રેનેજ કનેકશન ચાર્જ | ૭૫.૦૦ | ૦.૨૩% |
| નવા પાણી કનેકશન ચાાજ | ૭૫.૦૦ | ૦.૨૩% |
| Sjmmsvy ગ્રાંટ | ૧૦૦,૦૦.૦૦ | ૩૦.૬૦% |
| અન્ય મૂડી આવક | ૧૨,૨૫.૫૫ | ૩.૭૫% |
| મૂડી આવક કુલ | ૩૨૬૭૬.૫૫ | |

**વિશ્લેષણ**

ઉપરોક્ત કોષ્ટકની નીચે મુજબનાં ચાર્ટ દ્વારાં વિસ્તૃત સમજાવી શકાયઉપરોક્ત કોષ્ટક પરથી વિશ્લેષણ કરી શકાય છે કે રાજકોટ મહાનગરાલિકાનું મૂડી આવકમાં વિભાજનમાં કુલ આવકનાં ૪૮.૩૫% હિસ્સો ધરાવે છે. કોષ્ટકના સૌથી વધુ પ્રાપ્ત થતી મૂડી આવકમાંJnNURM ગ્રાંટની ૩૨.૩૫% (૧૦૫.૭૨ લાખ) છે. જ્યારે સૌથી ઓછી પ્રાપ્ત થતી આવક નવા પાણી કનેકશન ચાર્જ અને ડ્રેનેજ ચાર્જ માત્ર ૦.૨૩% (૭૫.૦૦-૭૫.૦૦ લાખ) જે જોવા મળે છે. જ્યારે કુલ મૂડી આવક રૂ.૩૨૬૭૬.૫૫ લાખ જેટલી જોવા મળે છે.

કુલ મૂડી આવકનાં વિભાજનની વિસ્તૃત માહિતી ઉપરોક્ત ચાર્ટ પરથી જોઈ શકાય છે. રૂપિયો ક્યાંથી આવશે ? એટલે કે મૂડી આવક અને અનામતો આવકનું પ્રમાણ કેટલા પ્રમાણમાં છે. તે ચાર્ટ પર જોઈ શકાય છે.

## ૬.૭ રાજકોટ મહાનગરપાલિકાનું મહેસુલી ખર્ચનું વિભાજન (બજેટ ૨૦૧૧-૧૨) (રકમ રૂ. લાખમાં)

| મહેસુલી ખર્ચ | રકમ | ટકાવારી પ્રમાણ |
|---|---|---|
| મહેકમ | ૧૪૭,૯૨.૧૨ | ૪૭.૯૬% |
| સમાજ કલ્યાણ-આઈ.સી.ડી.એસ. | ૩,૮૩.૮૪ | ૧.૨૪% |
| ઇશક્ષણ | ૧૧,૩૭.૫૭ | ૩.૬૯% |
| આરોગ્ય | ૨,૮૫.૫૫ | ૦.૯૩% |

| | | |
|---|---|---|
| સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ | ૧૭,૬૫.૬૦ | ૫.૭૩% |
| ડ્રેનેજ | ૧૦,૧૦.૩૫ | ૩.૨૮% |
| રસ્તા | ૧૫,૨૫.૦૦ | ૪.૯૪% |
| સ્ટ્રીટ લાઈટ ઈલેક્ટ્રીક | ૭,૨૩.૦૦ | ૨.૩૪% |
| વોટર વર્કસ | ૪૬,૮૦.૭૫ | ૧૫.૧૮% |
| ફાયર એન્ડ ઈમરજન્સી | ૧,૦૧.૦૦ | ૦.૩૩% |
| ગાર્ડન | ૩,૯૭.૦૦ | ૧.૨૯% |
| ઝૂ | ૩૮.૦૫ | ૦.૧૨% |
| લોન હપ્તા/વ્યાજ | ૫,૯૨.૫૯ | ૧.૯૨% |
| સિક્યુરીટી | ૪,૩૬.૦૦ | ૧.૪૧% |
| પેટ્રોલ/ડિઝલ | ૨,૫૦.૫૦ | ૦.૮૧ |
| અન્ય નિભાવ અને મરામત | ૨૭,૨૧.૬૫ | ૮.૮૩ |
| **કુલ મહેસુલી** | **૩૦૮૩૯.૫૭** | |

**વિશ્લેષણ**

ઉપરોક્ત કોષ્ટક પરથી વિશ્લેષણ કરી શકાય છે કે રાજકોટ મહાનગરપાલિકાની મહેસુલી ખર્ચનાં વિભાજનના કુલ બજેટનાં ૩૮.૩૪% જેટલો ખર્ચ જોવા મળે છે. મહેસુલી ખર્ચનાં સૌથી વધુ થતો મહેકમ ખર્ચ ૪૭.૯૬% જેટલો જોવા મળે છે. જ્યારે સૌથી ઓછો ખર્ચ, ૦.૧૨% જેટલો જોવા મળે છે. આ બંનેની તુલનામં ૪૭.૮૪% જેટલો તફાવત જોઈ શકાય છે. આમ મહેસુલી ખર્ચનું પ્રમાણ રૂ.૩૦૮૩૯.૫૭ લાખ જોવા મળે છે. જે મૂડી ખર્ચ કરતા ૧૯.૮૭% જેટલું ઓછું જોવા મળે છે.

**૬.૮ રાજકોટ મહાનગરપાલિકાનું મૂડી ખર્ચનું વિભાજન (બજેટ ૨૦૧૧-૧૨) (રકમ રૂ. લાખમાં)**

| મૂડી ખર્ચ | રકમ | ટકાવારી પ્રમાણ |
|---|---|---|
| જી.આઈ.એસ.ખર્ચ | ૫૦૦.૦૦ | ૧.૧૪% |
| ગેસ આધારિત સ્મશાન | ૧૫૦.૦૦ | ૦.૩૪% |
| સિટી મ્યુઝિયમ | ૧૦૦.૦૦ | ૦.૨૩% |
| વોટર વર્ક્સ | ૬૪૭૦.૦૦ | ૧૪.૭૩% |

| | | |
|---|---|---|
| બી.આર.ટી.એસ. તથા અન્ય રસ્તા | ૩૧૯૦.૦૦ | ૭.૨૬% |
| ડ્રેનેજ | ૧૨૮૧૧.૦૦ | ૨૯.૧૭% |
| ટી.પી.વિકાસ કામ મેટલિંગ સહિત, સિમેન્ટ રોડ | ૪૩૬૦.૦૦ | ૯.૯૩% |
| ઝૂ | ૫૬૦.૦૦ | ૧.૨૮% |
| ફાયર એન્ડ ઈમજન્સી | ૫૫૦.૧૦ | ૧.૨૫% |
| સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ | ૪૮૦.૧૦ | ૧.૦૯% |
| સ્ટ્રીટ લાઈટ | ૫૭૩.૦૦ | ૧.૩૦% |
| સામાજિક સેવા | ૧૦૨૩.૩૦ | ૨.૩૩% |
| સોલાર પ્રોજેક્ટસ | ૩૦૦.૦૦ | ૦.૬૮% |
| હરિયાણા શહેરનું નિર્માણ | ૬૬૫.૧૦ | ૧.૫૧% |
| ઓડિટોરિયમ તથા જીમ | ૫૦૦.૦૦ | ૧.૧૪% |
| અર્બન ટ્રાન્સપોર્ટ ફંડ | ૫૦૦.૦૦ | ૧.૧૪% |
| એનિમલ હોસ્ટેલ | ૧૭૮.૦૦ | ૦.૪૧% |
| નવા અંડરબ્રીજ/ઓવરબ્રીજ | ૨૦૦.૦૦ | ૦.૪૬% |
| બ્રીજ વે ડેવલોપમેન્ટ | ૧૦૦.૦૦ | ૦.૨૩% |
| ઈનસિટુ આવાસ યોજના | ૨૫૦૦.૦૦ | ૫.૭૦% |
| અન્ય મૂડી ખર્ચ | ૮૨૦૪.૪૧ | ૧૮.૬૮% |
| **કુલ** | **૪૩૯૧૫.૦૧** | |

**વિશ્લેષણ :**

ઉપરોક્ત કોષ્ટક પરથી વિશ્લેષણ કરી શકાય છે કે મૂડી ખર્ચના વિભાજનમાં કુલ મૂડી ખર્ચ કુલ બજેટનાં ૫૮.૨૧% જેટલો જોવા મળે છે. મૂડી ખર્ચનાં વિભાજનમાં સૌથી વધુ થતો ડ્રેનેજ શાખાનો જોવા મળે છે. રૂ.૧૨૮.૧૧ લાખ (૨૯.૧૭%) જોવા મળે છે. જ્યારે સૌથી ઓછો ખર્ચ સિટી મ્યુઝીયમ અને બ્રીજવે ડેવલોપમેન્ટનો ખર્ચ ૦.૨૩% જોવા મળે છે. આ બંનેની તુલનામાં ૨૮.૯૪% નો તફાવત જોઈ શકાય છે. આ મહેસુલી ખર્ચ કરતાં મૂડી ખર્ચનું પ્રમાણ ૧૯.૮૭% જેટલું વધુ જોવા મળે છે.

### ૬.૯ રાજકોટ મહાનગરપાલિકાને રાજ્ય સરકાર તરફથી મળતી ગ્રાંટ (બજેટ ૨૦૧૧-૧૨)

**(રકમ રૂ. લાખમાં)**

| **મૂડી ખર્ચ** | **રકમ** | **ટકાવારી પ્રમાણ** |
|---|---|---|
| જકાટ ગ્રાન્ટ | ૧૧૫,૦૦.૦૦ | ૪૨.૪૦% |
| SIMMSVYગ્રાન્ટ | ૧૦૦,૦૦.૦૦ | ૩૬.૮૭% |
| JnNURM ગ્રાન્ટ (૨૦%) | ૩૦,૨૧.૦૦ | ૧૧.૧૪% |
| શિક્ષણ ગ્રાન્ટ | ૨૨,૦૦.૦૦ | ૮.૧૧% |
| મનોરંજન કર ગ્રાન્ટ | ૧૦૦.૦૦ | ૦.૩૭% |
| વિધાયક ક્ષેત્ર વિકાસ યોજના ગ્રાન્ટ | ૧૦૦.૦૦ | ૦.૩૭% |
| નગર નંદનવન યોજના | ૧૦૦.૦૦ | ૦.૩૭% |
| ૧૫ ઓગષ્ટ ગ્રાંટ | ૧૦૦.૦૦ | ૦.૩૭% |
| **કુલ** | **૨૭૧૨૧.૦૦** | |

**વિશ્લેષણ :**

ઉપરોક્ત કોષ્ટક પરથી વિશ્લેષણ કરી શકાય છે કે રાજ્ય સરકાર પાસેથી કુલ આવકનાં ૪૦.૧3% ગ્રાન્ટ સરકાર તરફથી પ્રાપ્ત થાય છે જે પૈકી સૌથી વધુ ગ્રાંટ જકાત માટેની ગ્રાંટ પ્રાપ્ત થાય છે. જકાત ગ્રાન્ટ રૂ.૧૧૫૦૦.૦૦ લાખ (૪૨.૪૦%) પ્રાપ્ત થાય છે. જ્યારે સૌથી ઓછી મળતી ગ્રાન્ટમાં મનોરંજન, વિધાયકક્ષેત્રે વિકાસ યોજના, નગરનંદનવન, યોજના, ૧૫ ઓગષ્ટ ગ્રાંટનું પ્રમાણ માત્ર ૦.૩૭% જ જોવા મળે છે.

આથી કહી શકાય કે કેન્દ્ર સરકારની તુલનામાં રાજ્ય સરકાર વધુ સહાય રૂ.૧૮૯૬૦ની સહાય કરે છે.

## ૬.૧૦ રાજકોટ મહાનગરપાલિકાને કેન્દ્ર સરકાર તરફથી મળતી સહાય (બજેટ ૨૦૧૧-૧૨)

**(રકમ રૂ. લાખમાં)**

| મૂડી ખર્ચ | રકમ | ટકાવારી પ્રમાણ |
|---|---|---|
| JnNURM ગ્રાન્ટ (૫૦%) | ૭૫,૫૧.૦૦ | ૯૨.૫૨% |
| રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન અંતર્ગત અર્બન હેલ્થ સોસાયટી ગ્રાન્ટ | ૨,૦૦.૦૦ | ૨.૪૫% |
| મેલેરિયા ગ્રાન્ટ | ૧,૪૦.૦૦ | ૧.૭૨% |
| ઝૂ વિકાસ ગ્રાન્ટ | ૧૦૦.૦૦ | ૧.૭૨% |
| આઇ.સી.ડી.એસ. ગ્રાન્ટ | ૧૨૦.૦૦ | ૧.૪૭% |
| સંસદ સભ્યશ્રીની ગ્રાન્ટ | ૫૦.૦૦ | ૦.૬૧% |
| **કુલ** | **૮૧૬૧.૦૦** | |

**વિશ્લેષણ :**

ઉપરોક્ત કોષ્ટક પરથી વિશ્લેષણ કરી શકાય છે કે કેન્દ્ર સરકાર પાસેથી મળતી સહાયનું પ્રમાણ કુલ આવકનાં ૧૨.૦૭% જેટલું છે. કેન્દ્ર સરકાર પાસેથી મળતી સૌથી વધુ સહાય JnNURM ગ્રાન્ટ ૯૨.૫૨% જેટલી સહાય પ્રાપ્ત કરે છે. જ્યારે સૌથી ઓછી સહાયમાં સંસદસભ્યશ્રીની ગ્રાંટ ૦.૬૧% જ પ્રાપ્ત થાય છે. આમ કહી શકાય કે રાજ્ય સરકાર પાસેથી મળતી સહાયની તુલનામાં કેન્દ્ર સરકાર રૂ.૧૮૯૬૦ લાખની સહાયનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

## ૬.૧૧ રાજકોટ મહાનગરપાલિકાની પ્રતિદિન આવક-ખર્ચની વિગત (બજેટ ૨૦૧૧-૧૨)

**(રકમ રૂ. લાખમાં)**

| ક્રમ | વિગત | ખરેખર (૨૦૦૯-૧૦) | પ્રતિદિન | અંદાજ (૨૦૧૦-૧૧) | પ્રતિદિન | ખરેખર ૩૧-૧૨-૧૦ | પ્રતિદિન | સુધારેલ અંદાજે | પ્રતિદિન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | મહેસુલી આવક | ૨૪૪૫૧.૦૭ | ૬૬.૯૮ | ૩૦૫૫૩.૯૨ | ૮૩.૭૧ | ૧૮૭૦૨.૮૪ | ૫૨.૨૩ | ૨૯૭૮૨.૯૫ | ૮૧.૬૦ |
| ૨. | મૂડી આવક | ૧૫૮૬૫.૫૪ | ૪૩.૪૬ | ૪૨૮૪૧.૯૦ | ૧૧૭.૩૮ | ૮૨૫૩.૫૭ | ૨૨.૬૧ | ૧૯૩૭૭.૩૭ | ૫૩.૦૯ |
| ૩. | મહેસુલી ખર્ચ | ૨૧૭૨૦.૭૯ | ૫૯.૫૦ | ૨૯૧૪૮.૯૪ | ૭૯.૮૬ | ૨૦૬૭૦.૮૩ | ૫૬.૬૩ | ૨૮૨૮૧.૭૭ | ૭૭.૪૮ |
| ૪ | મૂડી ખર્ચ | ૧૪૦૦૯.૫૧ | ૩૮.૩૮ | ૪૭૩૭૧.૪૮ | ૧૨૯.૭૮ | ૧૨૦૧૯.૬૯ | ૩૨.૯૩ | ૨૨૬૧૧.૬૩ | ૬૧.૯૫ |

**વિશ્લેષણ :**

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે પ્રતિદિન મૂડી આવક કરતાં મૂડી ખર્ચમાં વધારો જોવાં મળે છે.

ઈ.સ. ૨૦૦૯-૧૦નાં વર્ષમાં મૂડી આવક રૂ.૧૫૮૬૫.૫૪ લાખ હતી. જ્યારે તે જ વર્ષમાં ખર્ચનું પ્રમાણ રૂ.૧૪૦૦૯.૫૧ થયેલ છે. એટલે કે આ વર્ષમાં પ્રતિદિન ખર્ચ કરતાં આવકનું પ્રમાણ રૂ.૫.૦૮ લાખ પ્રતિદિન મૂડી આવકમાં વધારો થયેલ તે જ રીતે ઈ.સ.૨૦૧૦-૧૧માં મૂડી આવક રૂ. ૪૨૮૪૧.૯૦ લાખ હતી. જ્યારે તેજ વર્ષમાં ખર્ચનું પ્રમાણમાં વધારો જોવા મળે છે. ખર્ચ રૂ.૪૭૩૭૧.૪૮ જોવા મળે છે. જ્યારે પ્રતિદિન આવક કરતાં ખર્ચનું પ્રમાણ રૂ.૧૨.૪ લાખનો ખર્ચમાં વધારો જોવા મળે છે. ત્યારબાદ તા.૩૧-૧૨-૨૦૧૦ના રોજ મૂડી આવકનું પ્રમાણ રૂ.૮૨૫૩.૫૭ લાખ જોવા મળે છે. જ્યારે ખર્ચમાં તોતીંગ વધારો માલુમ થાય છે. ખર્ચમાં૧૨૦૧૯.૬૯ વધારો જોવા મળે છે. પ્રતિદિન ખર્ચમાં તોતીંગ વધારો રૂ.૧૦.૩૨ લાખ જોવા મળે છે. વર્ષનાં અંતે ૩૧-૩-૨૦૧૧નાં રોજ મૂડી આવક રૂ.૧૯૩૭૭.૩૭ લાખ જોવા મળે છે. ત્યારે ખર્ચમાં રૂ.૩૨૩૪.૨૬ લાખ ખર્ચ વધવા પામ્યુ છે. એટલે કે ખર્ચમાં રૂ.૨૨૬૧૧.૬૩ લાખ ખર્ચમાં વધારો થયો છે. પ્રતિદિન આવક કરતાં ખર્ચનું પ્રમાણ રૂ.૮.૮૬ લાખનો તોતીંગ વધારો જોવા મળે છે.

કોષ્ટક પરથી વિશ્લેષણ કરી શકાય છે કે પ્રતિદિન મૂડી આવક કરતાં મૂડી ખર્ચમાં વધારો થયેલ છે.

**૬.૧૨ કરમાળખું :**

સ્થાનિક સંસ્થા તરીકે મહાનગરપાલિકાની એ ફરજ બની રહે છે કે સ્થાનિક રહેવાસીઓને જુદી-જુદી સેવાઓ પુરી પાડવી અને આ સેવાઓ બજાવતા થતા ખર્ચની સામે જરૂરી નાણાભંડોળ મહાનગરપાલિકાએ પોતાની સતા દ્વારા ઉભું કરવું. મહાનગરપાલિકાનાં આવકના મુખ્ય સાધન તરીકે સ્થાનિક ક્ષેત્રમાંથી ઉભુ કરી શકાતુ આવકભંડોળ અને વેરાવસુલાત છે.

મહાનગપાલિકાની આવક માત્ર સ્થાનિક આવક તરીકે માત્ર કરવેરાની આવક નથી. પરંતુ સ્થાનિક આવક સિવાય રાજ્યસરકાર અને કેન્દ્ર સરકાર તરફથી જુદી-જુદી વિકાસની યોજનાઓ માટે આવક પ્રાપ્ત થાય છે.

**૬.૧૨.૧ રાજકોટ મહાનગરપાલિકાનું કરમાળખું :**

રાજકોટ મહાનગરપાલિકાને ધી બી.પી. એમ.સી. એક્ટ ૧૯૪૯ની કલમ ૧૨૭ અને ૧૨૯ હેઠળ શહેરની મિલકતો ઉપર કર નાંખવાની જોગવાઈ કરવામં આવેલ છે. અને ક્યાં દર કઈ

રીતે લઈ શકાય તેની જોગવાઈ કરવામાં આવેલ છે. અહીં કરવેરા એ વસુલાત શાખા દ્વારાં ઉઘરાવવામાં આવે છે.

### ૬.૧૨.૨ કાનુની સ્ટેટસ :

ધી બી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ની કલમ ૧૨૭ થી શહેની મિલકતો ઉપર કર નાંખવાની જોગવાઈ કરવામાં આવેલ છે. અને કલમ ૧૨૭ મુજબ ક્યા કર કઈ રીતે લેવા તે જોગવાઈ કરવામાં આવેલ છે કલમ ૧૨૭ મુજબ મુખ્ય કર જે લઈ શકાય તે નીચે મુજબ છે.

### ૬.૧૨.૩ વેરા વસુલાત વિભાગ :

રાજકોટ મહાનગરપાલિકાનાં વેરા વસુલાત વિભાગ દ્વારા મકાનવેરા, સફાઈ કર, શિક્ષણ ઉપકર, થિયેટર ટેક્ષ, વાહનકર વસુલાત કરવામાં આવેલ છે વર્ષ ૨૦૦૭-૦૮ થી ૨૦૧૧-૧૨નાં સમયગાળામાં કરમાં કોઈ ખાસ ફેરફાર કરેલ નથી. ગુજરાત સરકાશ્રીની કાર પેટે એરિયા આધારિત નવી પદ્ધતિનો અમલ કરવામં આવેલ નથી. પરંતુ જૂની બી.પી. એમ.સી. એક્ટ ૧૯૪૯ની જોગવાઈ મુજબ ભાડા પદ્ધતિનો અમલ કહે છે.

### ૬.૧૨.૪ વેરા વસુલાત વિભાગનું સ્ટાફ સેટઅપઃ

રાજકોટ મહાનગરપાલિકા વેરા વસુલાત શાખાનાં સ્ટાફના સભ્યોનો હોદ્દા અને સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | હોદાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | ટેક્ષ ઓફીસર | ૧ |
| ૨ | આસી. મેનેજર (ટેક્સ) | ૧ |
| ૩ | શાખા એકાઉન્ટન્ટ | ૧ |
| ૪ | હેડ કલાર્ક | ૧ |
| ૫ | સીનીયર કલાર્ક | ૪ |
| ૬ | ટેક્સ ઈન્સ્પેક્ટર્સ | ૩૦ |
| ૭ | ટેક્સ સબ ઈન્સ્પેક્ટર્સ | ૦૬ |
| ૮ | જુ. કલાર્ક | ૪૫ |
| ૯ | ડ્રાઈવર | ૦૫ |
| ૧૦ | નાયક | ૦૪ |
| ૧૧ | પટ્ટાવાળા | ૧૫ |

**૬.૧૨.૫ કર ના પ્રકાર :**

(૧) મકાનવેરો

(૨) સફાઈકર

(૩) પાણીવેરો

(૪) મકાનવેરા નોટીસ ફી

(૫) ફાયર ટેક્સ

(૬) ફાયર ટેક્સ નોટીસ ફી

(૭) શિક્ષણ ઉપકર

(૮) થિયેટર ટેક્સ

(૯) સેન્ટ્રલ ગવર્નમેન્ટ સર્વિસ ચાર્જ

(૧૦) અન્ય કર બેંક કમીશન

(૧૧) મકાન નામફેર ફી

(૧૨) નળ કનેકશન નામફેર ફી

**૬.૧૨.૬ વોટર ટેક્સ :**

વોટર ટેક્સ વખતો વખત જનરલ બોર્ડ નક્કી કરે તે દરે પબ્લીકે ભરવાનો થાય છે. વોટર ટેક્સ નક્કી કરવા માટે દરેક મહાનગરપાલિકાની જનરલ બોર્ડ બજેટ બોર્ડમાં વોટર ટેક્સના દરો નિયત કરે છે. બજેટમાં પાણીના ટેક્સનં દર ૨૦ ફેબ્રુઆરી પહેલા દર વર્ષે નિયત કરવાના હોય છે.

આ કર વસુલ કરવાનો મુખ્ય હેતું પાણીના ખર્ચને પહોંચી વળવાનો છે. અને સરકારશ્રીનો અભિગમ નહીં, નફા નહી નુકસાનનાં ધોરણે આ સેવા ચલાવવાનો છે. પરંતુ તમામ મહાનગરપાલિકાઓનાં વોટર સપ્લાયનાં ખર્ચને ધ્યાનમાં લેતાં આ કરની આવક રેવન્યુ ખર્ચને પહોંચી વળવા ઓછી હોય છે. આથી આ કરની આવક કરતાં આ કર અન્વયેના કામોનો ખર્ચ વધારે હોય છે.

વર્ષ ૨૦૧૧-૧૨માં બી.પી.એમ.સી. એક્ટની કલમ ૧૩૪ હેઠળ પાણીના દરમાં ફેરફાર કરવા લો-રાઈઝ રહેણાંક તથા ફ્લેટ ટાઈપનાં મકાનો અને રહેણાંક સિવાય મકાનો માટે નળ કનેકશન સાઈઝ પ્રમાણે પાણી પુરૂ પાડવા માટે દર કલેન્ડર માસ અથવા તેના ભાગ માટે નીચે પ્રમાણે પાણીનાં દર છે.

વર્ષ ૨૦૧૧-૧૨માં બી.પી.એમ.સી. એક્ટની કલમ -૧૩૪ હેઠળ પાણીનાં દરમાં ફેરફાર કરવા અંગે.

(અ) લો-રાઈઝ રહેણાંક તથા ફ્લેટ ટાઈપના મકાનો અને રહેણાંક સિવાયના મકાનો માટે નળ કનેકશન સાઈઝ પ્રમણે પાણી પુરૂ પાડવા માટે ઉપયોગ પ્રમાણે દર કેલેન્ડર માસ અથવા તેના ભાગ માટે નીચે પ્રમાણે પાણીના દર છે.

**૬.૧૨.૭ પાણીના કનેકશનના દર:**

| **૧/૨ ઈંચ કનેકશન નો પ્રકાર** | **હાલનો દર** |
|---|---|
| રહેણાંક કનેકશન | વાર્ષિક રૂ.૮૪૦ |
| બીન-રહેણાંક કનેકશન | વાર્ષિક રૂ.૧૬૮૦ |

(બ-૧) મીટરથી પાણી પુરૂ પાડવામાં આવતું હોય તો તથા મીટર દ્વારા પાણી દેવાનું ફરજીયાત હોય છતા મીટર બેસાડવામાં આવેલ ન હોય કે મીટર બંધ હોય તો આકારવાનો ઓછામાં ઓછો દર નીચે પ્રમાણે છે.

**૬.૧૨.૮ નળ કનેકશનની સાઈઝનાદર**

| **નળ કનેકશનની સાઈઝ** | **હાલનો સરકાર માન્ય શાળા તેમજ સકારી રહેણાંક ઉધાયોગ માટે વપરાશનાં નળ કનેકશનનો ઓછામં ઓછો માસીક દર** | **બીન રહેણાંક તેમજ બાગબગીચાનાં વપરાશમાં નળ કનેકશનનો ઓછામં ઓછો માસીક દર** |
|---|---|---|
| 3/૪" (૨૦ મી.મી.) | ૫૦૪ | ૪૦૬૦ |
| ૧" (૨૫ મી.મી.) | ૮૪૦ | ૬૭૨૦ |
| ૧ ૧/૪" (૩૦ મી.મી.) | ૧૨૬૦ | ૧૦૦૮૦ |
| ૧ ૧/૨" (૪૦ મી.મી.) | ૨૧૦૦ | ૧૬૮૦૦ |
| ૨" (૫૦ મી.મી.) | ૩૩૬૦ | ૨૬૮૮૦ |
| ૨ ૧/૨ (૬૫ મી.મી.) | ૫૦૪૦ | ૪૦૩૨૦ |
| 3" (૧૦૦ મી.મી.) | ૮૪૦૦ | ૬૭૨૦૦ |
| ૪" (૧૦૦ મી.મી.) | ૧૨૬૦૦ | ૧૦૦૮૦૦ |

| | | |
|---|---|---|
| ૬" (૧૫૦ મી.મી.) | ૧૮૯૦૦ | ૧૫૧૨૦૦ |
| ૮" (૨૦૦ મી.મી.) | ૨૫૨૦૦ | ૨૦૧૬૦૦ |
| ૧૨" (૩૦૦ મી.મી.) | ૩૩૬૦૦ | ૨૬૮૮૦૦ |

(બી-૨)રહેણાંક હાઈરાઈઝ રહેણાંક મકાનો કે જેમાં મીટરથી પાણી પૂરૂ પાડવમાં આવતું હોય તો તથા મીટર દ્વારા પાણી દેવાનું ફરજીયાત હોય છતાં મીટર બેસાડવામાં આવેલ ન હોય કે મીટર બંધ હોય તો આકારવાનો ઓછામાં ઓછા દર નીચે પ્રમાણે છે.

**૬.૧૨.૯ હાલના રહેણાંક મકાનો માટેનો ઓછામાં ઓછાં પાણીનાદર :**

| નળ કનેકશનની સાઈઝ | હાલના રહેણાંક મકાનો માટેનો ઓછામાં ઓછો માસીક દર |
|---|---|
| ૩/૪" (૨૦ મી.મી.) | ૩૦૨ |
| ૧" (૨૫ મી.મી.) | ૫૦૪ |
| ૧ ૧/૪" (૩૦ મી.મી.) | ૭૫૬ |
| ૧ ૧/૨" (૪૦ મી.મી.) | ૧૨૬૦ |
| ૨" (૫૦ મી.મી.) | ૨૦૧૬ |
| ૨ ૧/૨ (૬૫ મી.મી.) | ૩૦૨૪ |
| ૩" (૧૦૦ મી.મી.) | ૫૦૪૦ |
| ૪" (૧૦૦ મી.મી.) | ૭૫૬૦ |
| ૬" (૧૫૦ મી.મી.) | ૧૧૩૪૦ |
| ૮" (૨૦૦ મી.મી.) | ૧૫૧૨૦ |
| ૧૨" (૩૦૦ મી.મી.) | ૨૦૧૬૦ |

(ક) મીટરથી લેવામાં આવતાં પાણીના સરકાર માન્ય શાળા માટે રૂ.૧૨ તેમજ રહેણાંક ઉપયોગ માટે રૂ.૨૪ દર ૧૦૦૦ લીટર દીઠ તેમજ સરકાર માન્ય શાળા તેમજ રહેણાંક સિવાયન જેવા કે બાગ-બગીચા, ઉદ્યોગ વ્યવસાયીક ઉપયોગ માટે દર ૧૦૦૦ લીટર દીઠ રૂ.૪૮ અથવા લઘુતમ દર એ બેમાંથી વધારે હોય તે વસુલ કરવામાં આવે છે.૩/૮" (૧૦ મી.મી.) સાઈઝ ના નળ કનેકશન માટે નો પાણી કર, ૧/૨" (૧૫ મી.મી.)ના નિયતદર પ્રમાણે પામી કર નિયત કરી તે પ્રમાણે વસૂલ કરવમાં આવે છે.

પાણી વિતરણ વ્યવસ્થા પાછળનો ખર્ચ છેલ્લા વર્ષોમાં વિશેષ પ્રમાણમાં થયેલ છે. તેના પ્રમાણમાં આવકનો વધારો થયેલ નથી. આથી મહાનગરપાલિકાના વિકાસ કામોને અસર થઈ છે. તેમજ વિજબોર્ડ તરફથી વિજ વપરાશનાં ભાવોમાં વધારો થતાં તેમજ નર્મદા આધારીત પાણી યોજના અન્વયે થતો ખર્ચ તેમજ જૂની પાઈપ લાઈનો બદલવાનો ખર્ચ માટે મોટી રકમ ફાળવવી પડે છે. સમગ્ર ખર્ચને પહોંચી વળવા માટેનાં નાણંકિય સાધનો ટુંકા પડે છે. પાણી દ્વારા હાલની આવક સામે ખર્ચ પ્રમાણમાં વિશેષ થાય છે. નર્મદા યોજનામાંથી પાણી પુરવઠો મેળવવા વિશેષ દર ચુકવવાનો રહે છે. તેમજ શહેરનો વસ્તી વધારો ધ્યાને લઈ નવા આયોજનમાં કેપીટલ કામો કરવના થાય છે. ભવિષ્યમાં વિકાસ કામને અસર ન થાય માટે પાણી દરો આવશ્યક રીતે વધારવા પડે તેમ છે. JnNURM યોજના અંતર્ગત, સ્થાનિક સંસ્થા દ્વારા આપવામાં આવતી સેવા માટે પૂર્ણ યુઝરચાર્જ વસુલ કરવાનું મેમોરેન્ડમમાં નક્કી થયું છે. હાલ સેવામાં આ પાણી સબસીડી માં ક્રમશઃ ઘટાડો કરવો અનીવાર્ય બને છે. સબબ ક્રમશઃ યુઝર ચાર્જમાં વધારો કરવો જરૂરી બને છે.

**૬.૧૨.૧૦ હાલમાં પાણીના દર સામે થતી આવક તથા સબસીડીનું પ્રમાણઃ**

| વિગત | ૨૦૦૭-૨૦૦૮ રકમરૂ. લાખમાં | ૨૦૦૮-૨૦૦૯ રકમ રૂ. લાખમાં | ૨૦૦૯-૧૦ રકમ રૂ. લાખમાં | ૨૦૧૦-૨૦૧૧ રકમ રૂ. લાખમાં (તા.૩૧-૧૨-૧૦ સુધી) |
|---|---|---|---|---|
| પાણીનો આવક (રૂ. લાખ)માં | ૮૦૪.૨૧ | ૧૪૪૮.૫૦ | ૨૧૦૭.૩૦ | ૧૨૨૩.૩૧ |
| ખર્ચ (રૂ. લાખ) માં | ૩૩૮૬.૬૦ | ૩૭૩૭.૪૧ | ૪૪૯૩.૭૯ | ૩૭૭૫.૬૫ |
| ખર્ચ સામે આવક-ટકા | ૨૩.૭૫ | ૩૮.૭૫ | ૪૬.૮૯ | ૩૨.૪૦ |
| સબસીડીનું પ્રમાણ | ૭૬.૨૫ | ૬૧.૨૫ | ૫૩.૧૧ | ૬૭.૬૦ |

સમગ્ર વિગત જોતા શહેરને પાણી પુરવઠો પુરો પાડવા આવકની સામે ખર્ચ ઘણુ જ વધારે છે. જેથી ખર્ચની સામે આવક ન વધારવમાં આવે તો તેની અસર શહેરના કામો ઉપર પડે છે.

રાજકોટ સૌરાષ્ટ્રનું મુખ્ય શહેર છે અને લોકો રોજગારી ધંધા માટે રાજકોટ શહેરમાં વસે છે. શહેરની હદ વધવાથી તેમજ શહેરમાં વસતી વધારાનો આંક ઉચો હોઈ આવતાં વર્ષોનું

તબક્કાવાર આયોજનની કામગીરી ચલુ છે. જે માટે દુરના સ્ત્રોતમાંથી પાણી પુરવઠા યોજના કરવાની થાય છે. આ યોજના અન્વયે પાણીની કિંમતમાં વધારો થશે એવું કહી શકાય.

**૬.૧૨.૧૧ સફાઈકર :**

સફાઈકરની ટકાવારી વખતોવખત જનરલ બોર્ડ નક્કી કરે છે. વોટર ટેક્સની જેમ જ આ કર પણ બજેટ વખતે અને તા.૨૦ ફેબ્રુઆરી પહેલા દરો નિયત કરવાનાં હોય છે. સપાઈ સેવાને પહોંચી વળવા નહી નફો કે નહી નુકશાનીના ધોરણે આ વેરો ઉઘરાવવાની સરકારશ્રીની પોલીસી છે. પરંતુ જે દરે આ વેરો ઉઘરાવવામાં આવે છે. અને જે પ્રમાણમાં સફાઈની કામગીરી હાથ ધરવામાં આવે છે તેમાં ઘણી બધી ખાદ્ય આવે છે. સફાઈ કરની મુખ્ય વિગતો નીચે મુજબ છે.

**૬.૧૨.૧૨ સફાઈ કરની વિગતઃ**

- મકાનોની કરપાત્ર કિંતમ ના ૭% લેખે સફાઈ કર વસુલ લેવો,
- બી.પી.એમ.સી. એક્ટ : ૧૯૪૯ની કલમ : ૧૨૯ નીચે જોગવાઈ પ્રમાણે
- કોઈપણ જમીન અથવા મકાન તેના અલગ ઘટક તરીકે ભાડે આપેલા વિભાગો માટે દરેક વિભાગ દીઠ માસિક રૂ.૨.૦૦ ઓછા ભરવાના રહેશે.
- કોઈપણ હોટલ, કલબ, ઔધોગિક મકાનો અથવા અન્ય મોટા મકાનો માટે તેના દર ખાસ વેરો વસુલ લેવો.

**૬.૧૨.૧૩ સફાઈ કર પર ઉઘરાવવામાઆવતાં કરવેરાઃ**

| ક્રમ નં. | ઇવગત | કર યોગ્ય કિંમતના% |
|---|---|---|
| ૧. | સરકારી મિલ્કતો, હોટલો, લોજીંગ, સીનેમા બોર્ડીંગ, હોટલ-ગેસ્ટ હાઉસ, હોસ્પીટલ, રેડીડેન્સીયલ, એપાર્ટમેન્ટ, તમામ પ્રકારના ધંધાદી જગ્યાઓ, બેન્કો, ઓફીસો વિ. માટે. | ૧૨.૫૦ % ટકા |
| ૨ | મીલો અને કારખાના માટે ઈન્ડીયન ફેક્ટરી એક્ટ મુજબ રજી. થયેલા | ૧૫.૦૦% ટકા |
| ૩ | ૫૦ કામદારોથી ઓછી સંખ્યા ધરાવતાં માટે. | ૧૫.૦૦% ટકા |
| ૪ | ૫૦ કામદારો કે તેથી વધુ સંખ્યા ધરાવતાં માટે | ૧૫.૦૦% ટકા |

**૬.૧૨.૧૪ સામાન્ય કર :**

સામાન્ય કર પણ વખતે, વખત કેટલા દરે વસુલવો તે જનરલ બોર્ડ નક્કી કરે છે. અને આ કર અન્વયેના દર પણ વખતો વખત બજેટ બોર્ડના ૨૦ ફેબ્રુઆરી પહેલા નક્કી કરવામાં આવે છે. આ કર વસુલ કરવા માટે રેઈટબલ વેલ્યુ નક્કી કરવામાં આવે છે.

સામાન્ય કર તા.૧-૪-૨૦૧૧ થી ૩૧-૩-૨૦૧૨ના સમયગાળા માટે, જમીનોની તથા મકાનોની કિંમતોની નીચે જણાવેલ દરો મુજબ સામાન્ય કર લેવા દરખાસ્ત છે. જેમાં ધી બી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ની કલમ-૧૩૨માં જણાવેલ જમીનો તથા મકાનો કરમુક્ત રહેશે. નીચે કોલમ ૧માં જણાવેલ કરપાત્ર કિંમતવાળા કરમુક્ત રહેશે. નીચે કોલમ ૧માં જણાવેલ કરપાત્ર કિંમતવાળા કરમુક્ત રહેશે. નીચે કોલમ-૧ માં જણાવેલ કરપાત્ર કિંમતવાળા મકાનો તથા જમીનો ઉપરનો સામાન્ય કર કોલમ-૨માં દર્શાયા મુજબનો રહેશે.

**૬.૧૨.૧૫ કરમુક્તમકાનો તથા જમીનોનુ પ્રમાણઃ**

| કરપાત્ર કિંમત કોલમ-૧ | સામાન્ય કરના દર કોલમ-૨ |
|---|---|
| રૂ. ૦ થી વધુ રૂ.૬૦૦ સુધી | કરમુક્ત |
| રૂ.૬૦૧ થી વધુ રૂ.૨૦૦૦ સુધી | ૧૨ ટકા |
| રૂ.૨૦૦૧ થી વધુ રૂ.૫૦૦૦ સુધી | ૧૫ ટકા |
| રૂ.૫૦૦૧ થી વધુ રૂ.૭૦૦૦ સુધી | ૨૩ ટકા |
| રૂ.૭૦૦૧ થી વધુ રૂ.૧૦,૦૦૦ સુધી | ૨૫ ટકા |
| રૂ.૧૦૦૦૧ થી વધુ માટે | ૩૦ ટકા |

**૬.૧૨.૧૬ થીયેટર ટેક્સ :**

વર્ષ ૨૦૧૧-૧૨ના વર્ષ દરમ્યાન થીએટર ટેક્સ નીચે મુજબ વસુલ કરવા દરખાસ્ત છે.

| | | |
|---|---|---|
| (A) | ૫૦૦ સીટર શો દીઠ | રૂ.૧૫ |
| (B) | ૫૦૦ થી ઉપર શો દીઠ | રૂ.૨૦ |
| (C) | મોર્નીંગ શો રૂ.૧૦.૩૦ થી શરૂ થાય તે | રૂ.૧૦ |
| (D) | સરકારી | રૂ.૧૦ |
| (E) | નાટક / પ્રોગ્રામ વગેરે | રૂ.૧૦ |

### ૬.૧૨.૧૭ ખુલ્લા પ્લોટ :

વર્ષ ૨૦૧૧-૧૨નાં વર્ષ માટે ખુલ્લા પ્લોટ ઉપર ટેક્સ વસુલ કરવાનો દર ૨૦૦૬-૨૦૦૭નાં વર્ષમાં જ.બો.ક.ના ૪૧ તા.૨૦-૨-૦૬ થી મંજુર થયા મુજબ યથાવત રહેશે.

### ૬.૧૨.૧૮ કન્ઝરવંશી ટેક્સઃ

| | | **કર યોગ્ય કિંમતના ટકા** |
|---|---|---|
| (A) | સરકારી મિલ્કત, સીનેમા, હોટલ, બોર્ડીંગ, લોજીંગ, ગેસ્ટહાઉસ, નર્સીંગ હોમ, હોસ્પીટલ, કલબ, કારખાના, બેંકો વગેરે | ૧૦% |
| (B) | મિલો/કારખાના ફેક્ટરી એક્ટ મુજબ | |
| | (a)૫૦ થી ઓછા કામદારો | ૧૨% |
| | (b)૫૦ થી વધુ કામદારો | ૧૫% |

### ૬.૧૨.૧૯ ફાયર ટેક્ષ :

રાજકોટ શહેરમાં નીચે જણાવેલ મકાનો, સરકારી મિલકતો, હોટલ એન્ડ લોજીંગ, બોડિંગ, ગેસ્ટહાઉસ, ઔધોગિક વિસ્તારોમાં આવેલ ફેક્ટરી તથા કારખાનાઓમાં તથા રાઈઝ ફ્લેટ ટાઈપના મકાનો, નર્સિંગ હોય, હોસ્પિટલ, કલબ તથા બેંકો ઓફિસો માટે તેની વાર્ષિક કરપાત્ર કિંમત ઉપર ફાયર ટેક્સ ભરવા પાત્ર થશે. જેનાં દર નીચે મુજબ છે.

૧. ઔધોગિક મકાન માટે........ ૩.૦૦

૨. ૧૫ મીટર કે વધુ ઉંચાઈના મકાનો માટે ૨.૦૦

વર્ષ ૨૦૧૧-૨૦૧૨ના વર્ષ માટે ફાયર ટેક્ષ ના દર વર્ષ ૨૦૦૭-૦૮ના વર્ષમાં જ.બો.ક.નં.૪૫ તા.૧૮-૨-૨૦૦૮ થી મંજુર થયા પ્રમાણે યથાવત રહેશે. ફાયરટેક્ષની કર ઉઘરાવવાની વિગત નીચે મુજબ છે.

### ૬.૧૨.૨૦ મકાનવેરો :

સહી કરપાત્ર કિંમતવાળા મકાનો તથા જમીનો ઉપરનો સામાન્ય કર દર્શાવવામાં આવેલ છે. અહીં વર્ષ ૨૦૦૭-૦૮ થી ૨૦૧૧-૧૨ નાં સમયગાળામાં ફેરફાર કરવામાં આવેલ નથી. અીં મકાનવેરાની વિગત નીચે મુજબ દર્શાવવામાં આવી છે.

**૬.૧૨.૨૧ મકાન વેરાની વિગત :**

| **ક્રમ નં.** | | **કરમુક્ત** |
|---|---|---|
| ૧ | રૂ.૬૦૦ સુધી | કરમુક્ત |
| ૨ | રૂ.૬૦૧ થી ૨૦૦૦ સુધી | ૧૨% |
| ૩ | રૂ.૨૦૦૧ થી ૫૦૦૦ સુધી | ૧૫% |
| ૪ | રૂ. ૫૦૦૧ થી ૭૦૦૦ સુધી | ૨૩% |
| ૫ | રૂ. ૭૦૦૧ થી ૧૦૦૦૦ સુધી | ૨૫% |
| ૬ | રૂ. ૧૦૦૦૧ થી વધારે રકમ ઉપર | ૩૦% |

ઉપરોક્ત મકાનવેરાની વિગત મુજબ અલગ અલગ નાણાંકીય વિગત પર ટેક્સનું પ્રમાણ જુદું જુદું જોવા મળે છે.

**૬.૧૨.૨૨ શિક્ષણ ઉપકર :**

શિક્ષણ ઉપકરને નીચેનાં છ વિભાગમાં વિભાજિત કરેલછે અને રહેણાંક અને બિનરહેણાંક વિભાગમાં જુદો જુદો કર નાંખવામાં આવેલ છે જે આ મુજબ છે.

**૬.૧૨.૨૩ રહેણાંક અને બિનરહેણાંકવેરાનાંદરો:**

| **ક્રમ નં.** | **વાર્ષિક ભાડા રકમ** | **રહેણાંક (ઉપયોગ માટે કરમુક્ત)** | **બિન રહેણાંક ઉપયોગ માટે કરમુક્ત** |
|---|---|---|---|
| ૧ | રૂ.૩૦૦ સુધી કરમુક્ત | કરમુક્ત | કરમુક્ત |
| ૨ | રૂ.૩૦૧ થી ૧૦૦૦ સુધી | ૩% | ૭% |
| ૩ | રૂ.૧૦૦૧ થી૨૫૦૦ સુધી | ૫% | ૧૧% |
| ૪ | રૂ.૨૫૦૧ થી ૪૫૦૦ સુધી | ૬% | ૧૪% |
| ૫ | રૂ.૪૫૦૧ થી ૬૦૦૦ સુધી | ૭% | ૧૬% |
| ૬ | રૂ.૬૦૦૧ થી વધુ માટે | ૧૦% | ૨૦% |

### ૬.૧૨.૨૩ વાહનકર :

બી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ની કલમ ૧૨૭(૧)(બ) થી વાહનો પરનો કર લેવામાં આવે છે. જે છેલ્લા પાંચ વર્ષમાં નિયત કરેલ દર વસુલવામાં આવે છે.

જો પ્રતિ વર્ષ બિલો મોકલી, માંગણા રજીસ્ટર નિભાવી રકમ વસુલ કરવામાં આવે તો આ કરથી થનાર આવક કરતાં વહીવટી ખર્ચ વધુ થાય તે ધ્યાનમાં લઈને લાઈફ ટાઈમ વાહનકર વસુલવા જનરલ બોર્ડનાં ઠરાવ મુજબ કરવાનું સુચન કરેલ છે જે નીચે આ મુજબ છે.

વાહનકર વર્ષ ૨૦૧૧-૧૨ના વર્ષ માટે નાં દર સને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં જ.બો.ક.નં.૪૨ તા.૨૦-૨-૨૦૦૮ થી મંજુર થયા મુજબ સામેલ પત્રકની વિગતે આજીવન વાહનકર વસુલ કરવો.

### ૬.૧૨.૨૪ વાહનકર પરના દર:

| વાહનની આયુષ્ય સંદર્ભે વાહન કરની ટકાવારી | વાર્ષિક કર | ૧૦૦ % | ૯૫ % | ૯૦ % | ૮૫ % | ૮૦ % | ૭૫ % | ૭૦ % | ૬૫ % | ૬૦ % | ૫૫% |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧) મોટર લોરી | | | | | | | | | | | |
| ક- ૩૦ વેટનો બોજો ખેંચી જવા માટે | ૧૨ | ૧૨૦ | ૧૧૪ | ૧૦૮ | ૧૦૨ | ૯૬ | ૯૦ | ૮૪ | ૭૮ | ૭૨ | ૬૬ |
| ખ-૩૦ થી ૬૦ હંદ્રવેટનો બોજો ખેંચી જવા માટે | ૧૮ | ૧૮૦ | ૧૭૧ | ૧૬૨ | ૧૫૩ | ૧૪૪ | ૧૩૫ | ૧૨૬ | ૧૧૭ | ૧૦૮ | ૯૯ |
| ગ-૬૦થી ૯૦ હંદ્રવેટનો બોજો ખેંચી જવા માટે | ૨૪ | ૨૪૦ | ૨૨૮ | ૨૧૬ | ૨૦૪ | ૧૯૨ | ૧૮૦ | ૧૬૮ | ૧૫૬ | ૧૪૪ | ૧૩૨ |
| ઘ-૯૦થી૧૨૦ હંદ્રવેદનો બોજો ખેંચી જવા માટે | ૩૦ | ૩૦૦ | ૨૮૫ | ૨૭૦ | ૨૫૫ | ૨૪૦ | ૨૨૫ | ૨૧૦ | ૧૯૫ | ૧૮૦ | ૧૬૫ |
| ચ-૧૨૦થી૧૫૦હંદ્રવેટનો બોજો ખેંચી જવા માટે | ૩૬ | ૩૬૦ | ૩૪૨ | ૩૨૪ | ૩૦૬ | ૨૮૮ | ૨૭૦ | ૨૫૨ | ૨૩૪ | ૨૧૬ | ૧૯૮ |
| છ-૧૫૦ હંદ્રવેટથી ઉપર | ૪૨ | ૪૨૦ | ૩૯૯ | ૩૭૮ | ૩૫૭ | ૩૩૬ | ૩૧૫ | ૨૯૪ | ૨૭૩ | ૨૫૨ | ૨૩૧ |
| ૨) ટ્રેલરો | | | | | | | | | | | |
| ક-૪૦ હંદ્રવેટથી ઓછું. | ૬ | ૬૦ | ૫૭ | ૫૪ | ૫૧ | ૪૮ | ૪૫ | ૪૨ | ૩૯ | ૩૬ | ૩૩ |
| ખ-૪૦ હંદ્રવેટથી વધુ | ૧૨ | ૧૨૦ | ૧૧૪ | ૧૦૮ | ૧૦૨ | ૯૬ | ૯૦ | ૮૪ | ૭૮ | ૭૨ | ૬૬ |
| ૩) ખાનગી મોટરો | | | | | | | | | | | |
| ક-૧૫ હંદ્રવેટથી ૩૦ હંદ્રવેટ | ૬ | ૬૦ | ૫૭ | ૫૪ | ૫૧ | ૪૮ | ૪૫ | ૪૨ | ૩૯ | ૩૬ | ૩૩ |
| ખ-૩૦ હંદ્રવેટથી વધુ | ૧૨ | ૧૨૦ | ૧૧૪ | ૧૦૮ | ૧૦૨ | ૯૬ | ૯૦ | ૮૪ | ૭૮ | ૭૨ | ૬૬ |
| ગ-ભાડે ફેરવવાની | ૬ | ૬૦ | ૫૭ | ૫૪ | ૫૧ | ૪૮ | ૪૫ | ૪૨ | ૩૯ | ૩૬ | ૩૩ |
| ૪) મોટર સાયકલ-ઓટોરીક્ષા | | | | | | | | | | | |
| ક- ૨૦૦ પાઉન્ડથી ઓછું | ૩ | ૩૦ | ૨૯ | ૨૭ | ૨૬ | ૨૪ | ૨૩ | ૨૧ | ૨૦ | ૧૮ | ૧૭ |
| ખ - ૨૦૦ પાઉન્ડથી વધું | ૬ | ૬૦ | ૫૭ | ૫૪ | ૫૧ | ૪૮ | ૪૫ | ૪૨ | ૩૯ | ૩૬ | ૩૩ |

### વિશ્લેષણ :

ઉપરોક્ત ચાર્ટ પરથી વિશ્લેષણ કરતાં રાજકોટ મહાનગરપાલિકાને સૌથી વધુ આવક જનરલ કરવેરાની છે. વર્ષ ૨૦૧૦-૧૧માં જનરલ ટેક્ષનું પ્રમાણ ૩૮.૧૫% જેટલું હતું જે વર્ષ ૨૦૧૧-૧૨માં ઘટાડો થતાં તે ૩૭.૭૦% જેટલો કરવેરાનાં દરમાં ૦.૪૫% નો ચાલું વર્ષમાં ઘટાડો નોંધાયો હતો. ત્યારબાદ ટેક્સમાં સૌથી ઓછો ઘટાડો શિક્ષણના વેરો એટલે કે ઈ.સ.૨૦૧૦-૧૧માં આ

શિક્ષણવેરોનું પ્રમાણ માત્ર ૦.૬૯ હતું. જે ઘટીને ૨૦૧૧-૧૨માં આ પ્રમાણ ઘટાડો ૨૦૧૧-૧૨માં ૦.૦૫ જેટલું જ રહેવા પામ્યું હતું. જેમાં ઘટાડો ૦.૦૪ જેટલો રહેવા પામ્યો હતો.

આમ રાજકોટ મહાનગરપાલિકાની કરવેરાની આવકમાં વધારો જોવા મળે છે.

### ૬.૧૨.૨૫ રાજકોટ મહાનગરપાલિકાની જનરલ કરવેરાની આવક:

| Collection Total | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ | તફાવત |
|---|---|---|---|
| Genetal Tax | ૩૮.૧૫% | ૩૭.૭૦% | ૦.૪૫% |
| Conservancy Tax | ૧૪.૮૮% | ૧૪.૯૭% | ૦.૦૯% |
| Fire Tax | ૧.૭૯% | ૦.૫૩% | ૦.૧૭% |
| Service Charges For Central Govt. | ૦.૭૦% | ૦.૫૩% | ૦.૧૭% |
| Drainage Tax | ૬.૯૬% | ૮.૩૪% | ૧.૩૮% |
| Property Tax | ૦.૨૦% | ૦.૧૨% | ૦.૦૮% |
| Interest | ૧.૧૫% | ૨.૯૬% | ૧.૩૮% |
| Education Cess | ૨૧.૬૮% | ૨૦.૬૦% | ૧.૦૮% |
| Education Cess Fees | ૦.૦૯% | ૦.૦૫% | ૦.૦૪% |
| Divabatti Tax | ૧.૨૯% | ૧.૩૪% | ૦.૦૫% |
| Water Charges | ૧૨.૪૯% | ૧૦.૭૭% | ૧.૭૨% |
| Notice Fees on Water Charges | ૦.૦૦% | ૦.૦૦% | ૦.૦૦% |
| Interest on Water Charges | ૦.૧૯% | ૦.૭૫% | ૦.૫૬% |
| **કુલ** | **૧૦૦%** | **૧૦૦%** | |

**વિશ્લેષણ:**

ઉપરોક્ત કોષ્ટક પરથી વિશ્લેષણ કરી શકાય છે કે રાજકોટ મહાનગરપાલિકાની કવેરાની આવકમાં સૌથી વધુ હિસ્સો જનરલ કરવેરા- ૩૮.૧૫, ૩૭.૭૦ શિક્ષણ ઉપરકર વેરો ૨૧.૬૮, ૨૦.૬૦ તેમજ પાણી પરનો વેરા ૧૨.૪૯, ૧૦.૭૭ છે જ્યારે સૌથી ઓછો હીસ્સો શિક્ષણ શેષ ફી ૦.૦૭, ૦.૦૫ તેમજ પાણીનાં ચાર્જ પરનાં વ્યાજનો હીસ્સોપણ ૦.૧૯,૦.૭૫ છે. ગયા વર્ષ ૨૦૧૦-૧૧ કરતાં પણ ૨૦૧૧-૧૨માં એકંદરે કરવેરાનું પ્રમાણ સતત ઘટાડો થયેલજોવા મળેછે. જેમ કરવેરાનું પ્રમાણ વધારે તેમ શહેરનો આર્થિક વિકાસ વધે છે. પરંતુ કરવેરા ક્યારેય લોકોમાં પ્રિય

હોતા નથી ક્યારેક અંદાજપત્રમાં ખાધ આવે તો મહાનગરપાલિકા દ્વારાં સૂચિત કરવેરાં દ્વારાં મહાનગરપાલિકાની આવક વધારીને અંદાજપત્રની પૂરાંત દર્શાવવામાં આવે છે.

**૬.૧૩ ઉપસંહાર :**

આમ ઉપરોક્ત આવક અને ખર્ચનો તુલનાત્મક અભ્યાસ દ્વારાં એ બાબત ફલિત થાય છે કે છેલ્લા વર્ષોમાં આવક ભંડોળ અંગેનો પૂર્વતાનો ખ્યાલ વધુને વધુ ધ્યાનાકર્ષક બનતો રહ્યો છે. મહાનગરપાલિકા સબળ હોવા છતાં પણ વધુ પ્રયત્નશીલ છે. કારણ કે અહીં મૂડી આવક કરતાં પણ મહેસૂલ આવકનું પ્રમાણ વધુ છે. છતાં પણ મહાનગરપાલિકાએ વધતી જતી જવાબદારીઓને પહોંચી વળવા અને વિકસાત્મક કામગીરીને વેગ આપવા માટે આવકનાં સાધનો એવા ઉભા કરવા જોઈએ કે જેથી નાણાંકીય ખાધ દુર કરી શકાય અને કરેલ ખર્ચ કરતાં પણ વધુ ખર્ચ કરી વધુ સેવાઓ નગરજનોને ઉપલબ્ધ બની શકે.

આ પ્રકરણમાં છેલ્લે કરમાળખું દર્શાવવામાં આવેલ છે. કારણ કે કર અને દરની આવક એ મહાનગરપાલિકાનાં નાણા ભંડોળનો અત્યંત મહત્વનો ભાગ છે પરંતુ કરમાળખામાં વહીવટી, કાયદાકીય અને કાર્યપદ્ધતિને લગતી ક્ષતિઓને કારણે તેનાં મૂળ પાયાને જ કોરી ખાધી છે કરમાળખાને ખામી રહિત ના કરી શકાય.

આથી, અહીં આ પ્રકરણનાં અભ્યાસ દ્વારાં એ બાબત સ્પષ્ટ થાય છે કે રાજકોટ મહાનગરપાલિકાનાં આવકમાં વધારો કરી ખર્ચનું પ્રમાણ ઘટાડવાની ખાસ જરૂર છે જેથી કરીને શહેરજનોની સુખાકારીમાં વધારો થાય.

# પ્રકરણ-૭
# અભ્યાસનાંતારણો અને સૂચનો

૭.૧ પ્રસ્તાવના

૭.૨ તારણો

૭.૩ પરિકલ્પનાનું પરીક્ષણ

૭.૪ સૂચનો

૭.૫ ઉપસંહાર

# પ્રકરણ-૭
# અભ્યાસનાં તારણો અને સૂચનો

### ૭.૬ પ્રસ્તાવના :

રાજકોટ મહાનગરપાલિકા દ્વારાં શહેરીજનોને વધુને વધુ સુવિધાઓ અને સેવાઓ ઉપલબ્ધ બનાવવાનાં તંત્રનાં પ્રયાસો ત્યારે જ સફળ થતા હોય છે. જ્યારે લોકો પણ તંત્ર પ્રત્યેની પોતાની નૈતિક ફરજો અને જવાબદારીઓ ગંભીરતાપૂર્વક નિભાવે. વહીવટી તંત્ર લોકો પાસેથી કેટલીક અપેક્ષાઓ પણ રાખે છે. જેમ કે, જાહેર સ્વચ્છતા જાળવી રાખવામાં તેમનો સહયોગ, સમયસર વેરાની ભરપાઈ, જાહેર માલ મિલકત અને સુવિધાઓનું જતન, જનભાગીદારી થતાં કાર્યોમાં સહયોગ વગેરે અપેક્ષિત છે. અલબત વિશ્વનાં સૌથી વધુ ઝડપથી વિકસતા શહેરોની સૂચિમાં રાજકોટને સ્થાન મળેલ છે.

રાજકોટ મહાનગરપાલિકા સતત અને વ્યાપક જનસંપર્ક ધરાવતી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા છે. લોક સુખાકારીમાં વૃદ્ધિ કરવાની મૂળભૂત જવાબદારી વહન કરી રહેલી મહાનગરપાલિકાએ શહેરનાં વધતા જતાં વ્યાપ અને જનસંખ્યાને નજર સમક્ષ રાખી પોતાની ફરજો અને જવાબદારીઓ વહન કરી રહેલી મહાનગરપાલિકાએ શહેરના વધતાં જતા વ્યાપ અને જનસંખ્યાને નજર સમક્ષ રાખી પોતાની ફરજો અને જવાબદારીઓ નિભાવવાની થાય છે. મર્યાદિત આવક સ્રોત વચ્ચે શહેરને વિકાસ પથ પર દોડતું રાખવું એ તંત્ર માટે મોટો પડકાર ગણાય. જો કે કેન્દ્ર સરકારશ્રી અને રાજ્ય સરકારશ્રીનાં આર્થિક સહયોગને પરિણામે આ પડકારનો સામનો કરવામાં આવે છે.

સતત વિકાસ અને પ્રગતિનાં સોપાનો સર કરી રહેલ રાજકોટ મહાનગરપાલિકા ધી બી.પી.એમ.સી. એક્ટની જોગવાઈનો મુજબની કાયદાકીય સમિતિઓ નીચે જુદી જુદી શાખાઓ દ્વારાં વિકસાત્મક તથા અન્ય કામગીરીઓ બજાવે છે. દરેક સમિતિઓ (શાખાઓ)ની કામગીરીમાં શહેરીકરણ, ઉદારીકરણ, વૈશ્વિકકરણ તથા કલ્યાણ રાજ્યની વિભાવનાને કારણે ઉતરોતર વધારો થતો રહ્યો છે અને ઘણાં પ્રશ્નોનો સામનો કરવો પડે છે. અહીં આગળનો દરેક પ્રકરણમાં મહાનગરપાલિકાનું વિવરણ કરવામાં આવેલ છે. જેમાં મહાનગરપાલિકાનાં પરિચયનાં ભાગરૂપે સ્થાનિક સરકારનો પરિચય આપવામાં આવેલ છે. બીજા પ્રકરણમાં મહાનગપાલિકાનો પરિચય, ત્રીજા પ્રકરણમાં ભારતની મહાનગરપાલિકાનો પરિચય, ભારતની મહાનગરપાલિકાનું બંધારણ, સતા, કામગીરી, કમિશ્નરની ભૂમિકા, સ્ટેન્ડીંગ કમિટીની ભૂમિકા અને ખાસ સમિતિઓની કામગીરીનો અભ્યાસ કરવામાં આવેલ છે. પછીનાં પ્રકરણમાં રાજકોટ

મહાનગરપાલિકા દ્વારા મળતી નગર સામાજિક સેવાઓ અને રાજકોટ મહાનગરપાલિકા દ્વારાં મળતી નગર સામાજિક સેવાઓ અને રાજકોટ મહાનગરપાલિકા દ્વારાં થતી વિકાસલક્ષી કામગીરીઓનો અભ્યાસ કરવામાં આવેલ છે. અને છેલ્લા પ્રકરણમાં રાજકોટ મહાનગરપાલિકાનો આવક અને ખર્ચનો તુલનાત્મક અભ્યાસ અને કરમાળખાંનો અભ્યાસ કરવામાં આવેલ છે. રાજકોટ મહાનગરપાલિકાનાં આવક અને ખર્ચનાં તુલનાત્મક અભ્યાસમાં કુલ આવકમાં મહેસૂલી આવક અને ખર્ચ, કેપીટલ આવક અને ખર્ચ અને અનામત આવક અને ખર્ચનો અભ્યાસ કરીને વિશ્લેષણ દ્વારાં Chi-Square testદ્વારાં આવક અને ખર્ચનું વિશ્લેષણ કરવામાં આવેલ છે. અને કરમાળખાનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવેલ છે. અને છેલ્લા પ્રકરણમાં અગાઉના જુદા-જુદા છ પ્રકરણોમાંથી તથા પ્રકરણોમાં કરેલી ચર્ચાકીય વિગતોમાંથી મળતા તારણો તથા તારણોના આધારે રાજકોટ મહાનગરપાલિકાની વર્તમાન પ્રક્રિયા માટે પ્રાપ્ત થતા સૂચનો રજૂ કરવામાં આવેલ છે, જે આ પ્રમાણે છે.

**૭.૨ તારણો :**

આ અભ્યાસ દ્વારા ફલિત થતાં તારણો રજૂ કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

૧. રાજકોટ મહાનગરપાલિકામાં છેલ્લા પાંચ વર્ષમાં મહેસુલી આવક, મૂડી આવક અને અનામત આવકની પરિકલ્પના ચકાસતા મહેસુલી આવક, મૂડી આવકમાં વધારો થાય છે. જ્યારે અનામત આવકમાં ઘટાડો થાય છે.

૨. રાજકોટ મહાનગરપાલિકાની છેલા પાંચ વર્ષની મહેસુલી આવકમાં અને મૂડી આવકમાં વધારો થયેલો જોવા મળે છે. પરંતુ મૂડી આવક કરતા મહેસુલી આવકમાં ૧૬.૧૮%નો વધારો થયેલો જોવા મળે છે.

૩. રાજકોટ મહાનગરપાલિકાની છેલા પાંચ વર્ષની કુલ આવકમાં સતત વધારો થતો જોવા મળે છે. પરંતુ વર્ષ ૨૦૦૮-૦૯માં ૨૩.૧૬% ઘટાડો જોવા મળે છે. ત્યારબાદ કુલ આવકમાં સતત વધારો જોવા મળે છે. જે એક પ્રગતિશીલ વિકાસ કહી શકાય.

૪. છેલ્લા પાંચ વર્ષની મહેસુલી ખર્ચ, મૂડી ખર્ચ અને અનામત ખર્ચની પરિકલ્પના ચકાસતા મહેસુલી ખર્ચ, મૂડી ખર્ચમાં વધારો થયો છે.

૫. રાજકોટ મહાનગરપાલિકાની છેલા પાંચ વર્ષની મહેસુલી આવક, મૂડી આવકની પરિકલ્પના ચકાસતા ખર્ચમાં સતત વધારો થયેલ જોવા મળે છે. પરંતુ મૂડી ખર્ચ કરતા મહેસુલી ખર્ચમાં ૬.૨૧% નો ખર્ચ વધવા પામ્યો છે.

૬. છેલ્લા પાંચ વર્ષની કુલ આવક અને ખર્ચના કોષ્ટક તપાસતા વર્ષ ૨૦૦૭-૦૮ થી ૨૦૧૦-૧૧ માં સતત આવકમાં વધારો થયેલ જોવા મળે છે. પરંતુ વર્ષ ૨૦૧૧-૧૨ ખાદ્ય જોવા મળે છે. જેના પરથી કહી શકાય છે કે ખર્ચનું પ્રમાણ વધેલ છે. જ્યારે આવકના પ્રમાણમાં ઘટાડો થયેલ જોવા મળે છે. જ્યારે આવકમાં ઘટાડો થવાથી ૧.૯૧% ની ખાદ્ય જોવા મળે છે.

૭. રાજકોટ મહાનગરપાલિકાની મહેસુલી આવકનું વિભાજનની ચકાસણી કરતા મિલકતવેરાની આવકમાં વધારો થયેલ જોવા મળે છે.

૮. રાજકોટ મહાનગરપાલિકાની મૂડી આવકના વિભાજનની ચકાસણી કરતા JnNURM ગ્રાંટમાં વધારો થયેલ જોવા મળે છે.

૯. રાજકોટ મહાનગરપાલિકાની મહેસુલી ખર્ચના વિભાજનમાં મહેકમ વોટરવર્ક્સ અને શિક્ષણ પાછળ થતું ખર્ચ વધુ જોવા મળે છે.

૧૦. રાજકોટ મહાનગરપાલિકાની મૂડી ખર્ચના વિભાજનમાં ડ્રેનેજ (ભૂગર્ભગટર) યોજના પાછળ થતા ખર્ચનું પ્રમાણ વધુ જોવા મળે છે.

૧૧. રાજકોટ મહાનગરપાલિકાને રાજ્ય સરકાર તરફથી મળતી ગ્રાંટનું પ્રમાણ સૌથી વધુ જકાત ગ્રાંટનું છે. જેનાથી શહેરનો ઉતરોતર વિકાસનું પ્રમાણમાં વધારો થયો છે.

૧૨. રાજકોટ મહાનગરપાલિકાને કેંદ્ર સરકાર તરફથી મળતી સૌથી વધુ ગ્રાંટ JnNURMનું પ્રમાણ વધુ છે. જેનાથી શહેરના વિકાસમાં ઉતરોતર વધારો થઈ રહ્યો છે.

૧૩. રાજકોટ મહાનગરપાલિકાની પ્રતિદિન આવક-ખર્ચની વિગતમાં મહેસુલી આવકનું પ્રમાણ મૂડી આવક કરતા ૨૮.૫૧% જેટલું વધુ જોવા મળે છે. જેનાથી આવકમાં વધારો થયેલ જોવા મળે છે.

૧૪. રાજકોટ મહાનગરપાલિકાની પ્રતિદિન આવક-ખર્ચની વિગતમાં મહેસુલી ખર્ચનું પ્રમાણ મૂડી ખર્ચ કરતાં ૧૫.૫૩% જેટલું વધારે જોવા મળે છે. જેનાથી ખર્ચનું પ્રમાણમાં વધારો થયેલ જોવા મળે છે.

૧૫. રાજકોટ મહાનગરપાલિકાની કરવેરા (વેરા વસુલાત)ની આવકમાં મકાનવેરો મુખ્ય છે. ત્યારબાદ બીજા સ્થાને સફાઈકર દ્વારા મળતી આવક તેમજ ઓછી આવકમાં વાહનવેરો તથા ગંદા પાણીના દરનો સમાવેશ થાય છે.

૧૬. મહાનગરપાલિકા માત્ર વૈદ્ધાંતિક નહી પણ વ્યવસાયિક સંગઠન પણ છે. કારણ કે મહાનગરપાલિકાઓ માત્ર સરકાર કે અન્ય સંગઠનો દ્વારાં આપવામાં આવતી લોન કે અનુદાન (સહાય) ઉપર આધાર રાખનાર સંસ્થા નથી. પરંતુ સ્થાનિક ક્ષેત્રે પોતાની સતા

દ્વારાં નાણાંકીય સાધનો ઉભા કરી તેમાંથી આવક મેળવી જવાબદારીઓ સંભાળનાર સંસ્થા છે કે જે નવા આવકના સાધનો ઉભાં કરવાની દિશામાં પણ ઉપાયો યોજી શકે.

૧૭. મહાનગરોનું તથા મહાનગરપાલિકાઓનું વધતું જતું મહત્વ, વધતી જતી જવાબદારીઓ તથા વધતાં જતાં નાણાંકીય બોજનું મહત્વ અને મુખ્ય કારણ વસ્તી વધારો અને શહેરીકરણની અવિરત પ્રક્રિયા છે.

૧૮. ગામડાઓમાં અપૂરતાં વરસાદને કારણે કૃષિક્ષેત્રની પડતી વૈકલ્પિક રોજગારીનો અભાવ તથા શહેરી જીવનશૈલીની દેખાદેખીની અસરને કારણે ગ્રામ્યજનોનું શહેરી તરફ સ્થળાંતર જેનાં કારણે મહાનગરોનો તથા તેમની વસ્તીનો વધારો થતો રહ્યો છે. અહીં ઉપસ્થિત પ્રશ્નોનાં નિરાકરણ માટે બે જ વિકલ્પનોને મહત્વ આપવું ઘટે. કાં તો સરકારે ગ્રામ્યજનોને વધુ સુવિધાઓ સેવાઓ ઉપલબ્ધ કરાવી અથવા મહાનગરપાલિકાઓ પોતાનાં જુના આવકનાં સાધનો અથવા નવા નાણાંકીય આવકના સાધનો દ્વારાં વધતી જવાબદારીઓને પહોંચી વળવું.

૧૯. જો મ્યુનિસિપલ કોર્પોરેશન (મહાનગરપાલિકા) વ્યવસાયિક સંગઠન છે તો મહાનગરપાલિકાઓ કેટલીક પ્રવૃતિઓ વ્યાવસાયિક ધોરણે ચલાવી, આવકનાં પ્રશ્નોનો સામનો કરીશકે. સાથેસાથે મહાનગરપાલિકાને વ્યાવસાયિક સંગઠન તરીકે સ્વીકારવામાં આવે તો ખર્ચની કરકસર મેળવવાનું વલણ વધે અને અત્યંત ખર્ચાળ સેવાઓ તરફનું વલણ પણ અંકુશિત થાય જેથી ખર્ચાળ સેવાઓનો ઉપભોગ કરતા નાગરિકો પાસેથી ખર્ચ વસુલાતની જવાબદારી તરફ સમાનતાં વધે.

૨૦. રાજકોટ મહાનગરપાલિકાનાં વિકાસનો આધાર વહીવટી તંત્ર (પાંખ) કરતાં સ્થાનિકક્ષેત્રે પર વધારે આધારિત છે. આથી જ મહાનગરપાલિકાનો વહીવટ, વહીવટી પાંખ બંને વચ્ચે ઘર્ષણ અને ભિસામણ અનુભવે છે. જેની માઠી અસર નગર તથા નગરજનોને મળતી સેવાઓનાં લાભ ઉપર પડે છે.

૨૧. ચૂંટણી તથા વસ્તી ગણતરી જેવી જવાબદારીઓ મહાનગરપાલિકા સંભાળે છે. જેનાથી તેમની કામગીરીનાં રોજિંદા વહીવટમાં વિક્ષેપ પડે છે.

૨૨. રાજકોટ મહાનગરપાલિકામા ઝૂંપડપટ્ટી અને ગરીબોનો વિસ્તાર વધી રહ્યો છે. કારણકે ગામડામાં રોજગારીની તકોનો અભાવ તથા આધુનિકતાના અનુકરણથી ગામડાઓમાંથી શહેરમાં વસવાટ કર્યો પરંતુ સામે શહેરમાં પણ વૈકલ્પિક રોજગારીની તકો પ્રાપ્ત ન હોવાથી શહેરી ગરીબી તથા ગરીબી વસવાટનાં પ્રશ્નો ઉભા થાય. આ પ્રશ્નોનાં

નિરાકરણમાટે ગરીબી નિવારણ યોજનાઓ હાલ દરેક શહેરમાં કાર્યરત છે. પણ આ યોજનાઓનો લાભ ગરીબ લોકોને મળવો જોઇએ તે મળતો નથી. આથી શહેરી ગરીબી અને ઝૂંપડપટ્ટીમાં કોઇ ફેરફાર (ઘટાડો) જોવાં મળતો નથી.

૨૩. રાજકોટ મહાનગરપાલિકાની વિકાસલક્ષી સેવાઓનો નબળો તથા ઓછો પુરવઠો અને ઊંચી માંગ જોવા મળે છે. આ તારણ આપણે આગળ જોયેલા પ્રકરણમાં સાર અંતર્ગત રજૂ કરવામાં આવેલ મહાનગરપાલિકાના વિકાસલક્ષી કાર્યોના અભ્યાસ દ્વારાં નિકળેલ છે. રાજકોટ શહેર ઝડપથી વિકાસ પામી રહ્યું છે. પરંતુ તેની સામે પ્રાપ્ત થતો સેવાઓનો પુરવઠો અપુરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. આથી રાજકોટ મહાનગરપાલિકાની પ્રજા મહાનગરપાલિકાઓ પાસેથી અનેકવિધ સેવાઓની માંગ કરેલ છે. આથી જો મહાનગરપાલિકાએ શહેરનાં લોકોની માંગ સંતોષવી હોય તો અને શહેરના ભાવિ વિકાસના પરીણામે ઉભી થયેલ માંગને પહોંચી વળવું હોય તો મહાનગપાલિકાએ તેની વહીવટી કામગીરી તથા આવકનાં સાધનો એમ બંને બાબતોમાં ઘણી સુધારણા કરવી પડે.

૨૪. આ ઉપરાંત પ્રકરણ ચારમાં રજૂ કરવામાં આવેલ કામગીરીઓનું વિશ્લેષણ એવું સુચન કરે છે કે મહાનગપાલિકા કોઇપણ સામાન્ય નગર સંચાલિત સંગઠન જેવું એક સાધાણ કોર્પોરેશન છે. જે પરંપરાગત ઢબનાં કાર્યો બજાવે છે અહીં આ પ્રકરણ અંતર્ગત સૂચિતાર્થ એ છે કે રાજકોટ મહાનગરપાલિકા એક ગતિશીલ સંગઠન તરીકે વિકસાવવાની જરૂર છે.

૨૫. રાજકોટ મહાનગરપાલિકા મહેસુલી આવક સારો હિસ્સો ધરાવે છે. સાથે સાથે ૨૦૦૭-૦૮ થી છેલ્લાં પાંચ વર્ષમાં મહેસુલીઆવકમાં વધારો થતો રહ્યો છે. હા, અહીં  બાબત સ્પષ્ટ કરવી જોઇએ કે રાજકોટમાં મૂડી આવકનો પણ હીસ્સો સારો જ કહી શકાય પરંતુ મહેસુલી આવક કરતાં ઘણો ઓછો એટલે ૯૩.૬૦%નો ઘટાડો નોંધાયો છે.

૨૬. રાજકોટ મહાનગરપાલિકામાં કુલ આવકમાં મહેસુલી આવકનો વધારે હિસ્સો છે. પરંતુ પ્રતિદિન આવક ખર્ચની વિગત જોઇએ તો તેમાં મહેસુલી ખર્ચ કરતાં મહેસુલી આવક વધારે અને મૂડી આવક કરતાં મૂડી ખર્ચ વધારે માલુમ પડે છે.

૨૭. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર શહેરી ગરીબો અને પછાત વર્ગ માટે જે યોજનાઓ અમલમાં મૂકે છે, અને નાણાંકીય સહાય કરે છે, તે ગરીબી નિવારણ તથા પછાત લોકોનાં વિકાસ માટે ઉપયોગી બને છે, પરંતુ તેનું અમલીકરણ યોગ્ય રીતે થતું નથી. જે લોકોનાં લાભ માટે (લોકો માટે) યોજના અમલમાં મૂકવામાં આવી હોય તે લોકોને સંપૂર્ણ લાભ

મળતો નથી. મોટાભાગનો નાણાંકીય હિસ્સો વહીવટ તથા અન્ય ખર્ચમાં વપરાય જાય છે. અને જે લોકોનેલાભ મળવો જોઈએ તેને સંપૂર્ણ લાભ મળતો નથી.

૨૮. રાજકોટ મહાનગરપાલિકાનાં અભ્યાસનાં તારણોના અંતે છતાં કહી શકાય કે મહાનગરપાલિકાની સંસ્થા એટલે સામુદાયિક મંતવ્ય સ્વીકાર, વિવિધતાના એકતા, માર્ગો અનેક અને ધ્યેય એક, નાગરીક સમુદાય તથા વહીવટી એકસુત્રતા, નૈતિક હિંમત માટેનો અરસ-પરસનો સ્વીકાર છે.

**૭.૩ પરિકલ્પનાનું પરીક્ષણ :**

આ અભ્યાસમાં આંકડાકીય માહિતીના આધારે કરવામાં આવેલ પરિકલ્પનાં ૧,૩,૪,૫,૬નો સ્વીકાર થાય છે જ્યારે પરિકલ્પના નં.૨નો અસ્વીકાર થાય છે.

**૭.૪ સૂચનો :**

રાજકોટ મહાનગરપાલિકાનો આવક અને ખર્ચનો તુલનાત્મક અભ્યાસના મહાનિબંધનું સાત પ્રકરણમાં વર્ણન કરીને અભ્યાસ કરવામાં આવેલ છે. મહાનગરપાલિકાની કેટલીક કામગીરી એવી હોય છે કે જે શહેરના ખર્ચ અને આવકનાં વિષયને સ્પર્શતી હોવાથી અહીં ખર્ચ અને આવકનું વિશ્લેષણ કરીને તારણ કાઢેલ છે. માટે અહીં સૂચનો પણ કરીશું જે રાજકોટ મહાનગરપાલિકાની ભાવિ કામગીરીનાં સંદર્ભમાં ચોક્કસ સુચનાં કરવાની પ્રેરણા આપે છે. જે નીચે મુજબ છે.

૧. મહાનગરપાલિકા વધતી જવાબદારીઓ અને પ્રશ્નોનાં નિરાકરણ માટે મહાનગરપાલિકા એ જૂદા-જૂદા ઉપાયો હાથ ધરીને જવાબદારીઓનો સામનો કરી શકાય.

૨. મહાનગરપાલિકાની વ્યવસાયિક સંગઠન તરીકે કેટલીક પ્રવૃત્તિઓ વ્યવસાયિક ધોરણે ચલાવી નાણાંકીય પ્રશ્નોનો સામનો કરવો જોઈએ.

૩. ખર્ચની કરકસરનો અભાવ હોવા છતાં હાલ નાણાતંત્રના સુધારણાનાં ભાગરૂપે જુદા-જુદા ઉપાયો દ્વારા ખર્ચની કરકસર હાથ ધરી શકાય જેમાં વહીવટી ખર્ચ અને પગારખર્ચમાં ઘટાડો કરવો જોઈએ જેથી વિકાસ પાછળ વધુ ખર્ચ કરી શકાય.

૪. મહાનગરોને શહેરીગરીબો તથા ઝુંપડપટ્ટી વિસ્તારને પાયામાંથી નાબૂદ કરવાનાં ઉપાયો હાથ ધરવા જોઈએ. જો આવું વલણ દરેક મહાનગરપાલિકાઓ તેમજ નગરપાલિકાઓ અપનાવે તો દેશમાં સંપૂર્ણ ગરીબી નાબૂદ થઈ શકે અને આપણો ભારત દેશ વિકસિત દેશોની હરોળમાં ઉભી શકે.

૫. ગરીબી નાબુદ કરવા તથા નગરવિકાસ માટે માત્ર મહાનગરપાલિકાં દ્વારા થતાં પ્રયત્નો પૂરતાં નથી. આ માટે રાજ્ય સરકારે તથા કેન્દ્ર સરકારે પગલાઓ ભરવા જોઈએ. સ્થાનિક સંસ્થાઓને ટેકો બની કેન્દ્ર સરકારે ઉભવું જોઈએ.

૬. મહાનગરપાલિકાઓ દ્વારાં બજાવવામાં આવતી સામાજિક સોવાઓનાં અમલીકરણની ખામીઓ નિવારવા માટે ઉપાયો યોજવા જોઈએ. આ માટે યોજનાઓને પૂર્ણ રીતે સમજી, જે હેતું માટે યોજનાં અમલમાં આવી હોય તે હેતુઓનાં લક્ષ્યાંક સિદ્ધ થાય અને લાભાર્થીઓને લાભ મળે તેવા પ્રયત્નો હાથ ધરવાં જોઈએ.

૭. મહાનગરપાલિકાની વહીવટી પાંખ કે જે, તેમની શૈક્ષણિક લાયકાત મુજબ નિમાય છે, જ્યારે ચૂંટાયેલી પાંખ કે જેની શૈક્ષણિક લાયકાત ધ્યાનમાં લેવામાં આવતી નથી. છતાં જુદી-જુદી શાખાઓની કામગીરી, વિકાસલક્ષી તથા અન્ય કાર્યો તથા નાણાંકીય તથા અન્ય નિર્ણયોનો અંતિમ ચુકાદો ચૂંટાયેલી પાંખ છે. ચૂંટણી વિશેની જાણકારી, એક્ટનાં અન્ય નિયમો જેઓ જાણતા અને સમજતાં ના હોય તેવાં ચૂંટાયેલી પાંખના નિર્ણયો ખામી ભરેલા હોઈ શકે જેમાં શંકાને સ્થાન નથી. આથી બે વિકલ્પોને મહત્વ આપવું, કાંતો અંતિમ નિર્ણયો વહીવટી પાંખ દ્વારાં લેવાં જોઈએ અથવા તો વહીવટી પાંખ અને ચૂંટાયેલી પાંખ બંનેએ લેવાં જોઈએ. બીજુ ચૂંટાયેલી પાંખને ચૂંટવામાં આવે ત્યારે શૈક્ષણિક લાયકાતને ધ્યાનમાં રાખવી જોઈએ જો કે દરેક મહાનગરપાલિકામાં આ પ્રશ્ન ઉદ્‌ભવતો નથી.

## ૭.૪ ઉપસંહાર :

ઉપર્યુક્ત તારણો અને સૂચનો રાજકોટ મહાનગરપાલિકાનાં મર્યાદિત અભ્યાસનાં આધારે કરવામાં આવ્યા છે. આપેલ સૂચનો તમામ મહાનગપાલિકાને અસરકારક રીતે લાગુ પાડી શકાય તેવો દાવો રજુ કરવાનું અહીં કોઈ પ્રયોજન નથી. પરંતુ કથળતી જતી દેશની પરિસ્થિતિ અને તેમાં મહાનગરપાલિકાઓની વહીવટી તથા અન્ય બાબતોમાં સુધારણા થઈ શકે તે દિશામાં વિચારવા માટે કેટલાક મુદ્દાઓ રજૂ કર્યા છે.

આ પ્રકરણમાં દર્શાવવામાં આવેલ તારણો અને તારણોનાં તથા અભ્યાસનાં આધારે કરેલ સૂચનોનો યોગ્ય રીતે આપણે અમલ કરીશું તો આપણું શહેર અને સમગ્ર ભારત દેશ વિકાસના પંથે આગળ વધી શકશે અને વિશ્વનાં વિકસતાં દેશોની હરોળમાં ઉભી શકશે.

# સંદર્ભ-સૂચિ


૧. Andley K.K., Sundhram K.P.M., **"Public Finance Theory and Practise".** S. Chand & Company Ltd.

૨. Gupta P.C., Vedic Babita, Ajay Kumar, **"Management in Municipal Bodies"**. Mohit Publications.

૩. Dash Gokulananda, Maheshwari S.R., **"Municipal Finance in India".** Concept Publishing Company.

૪. Singh S.K., **"Public Finance in Theory and Practise."** S. Chand & Company Ltd.

૫. Late Prof. Mankar V.G., Prof. Sharma Suseela, **"Public Finance Theory & Practise."** Himalaya Publishing House, Mumbai.

૬. Dutta Abhijit (1984), **"Municipal Finance in India".** S. Chand & Co., New Delhi.

૭. Bhatt Mahes and Bhardwaj V.P., **"Municipal Finance in Gujarat."** Nagarlok 11 P.P. 24-32

૮. Rao N.R., **"Municipal Finance in India."**

૯. Oswal M.S., **"Financial Management",** Ashish Publication, New Delhi.

૧૦.Das G.K. **"Municipal Finance in India".** Concept Publishing Co., New Delhi, 1988.

૧૧.Balsura J.F., **"Problems of Rapid Urbanisation in India".** Popular Prakashan, Bomaby, 1964.

૧૨.Tibot Charles, **"Tibot Hypothesis-1956."**

૧૩.Sharma G.N., **"Social Life in Medieval Gujarat".**

૧૪.Hicks P.R. & Hicks U.K., **"Standard of Local Expenditure Oxford Uni. Press,"** London, 1943.

૧૫.Doshi Herish, **"Nagar Sociology"**. University Granth Nirman Board, Gujarat State, Ahmedabad.

૧૬.Lord Ripon, **"Lord Ripon's Resolution."**

૧૭.Datta Abhijit, **"Property Taxation in India."** S. Chand & Co., New Delhi, 1983.

૧૮.Government of Gujarat, **"Report of Fourth Economic Census."** 1978.

૧૯.Government of India. **"Census Reports-1991."**

૨૦.પ્રો. ભટ્ટ મહેશ પી., **"જાહેર વિતવ્યવસ્થાના સિદ્ધાંતો".** યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

૨૧.ડૉ. જોષી મહેશ, **"આર્થિક સક્ષમતા વિનાનું અર્થહીન વિકેન્દ્રીકરણ"** અર્થકરણના વહેણ, સંદેશ, અમદાવાદ.

૨૨.દોશી હરેશ, **"નગર સોસાયટી",** યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

૨૩.પાદશાહ કે.જી., **"અમેરિકા, ઈંગ્લેન્ડ અને વેલ્સ તથા ફ્રાંસની સ્થાનિક સરકારનો પરિચય."**

૨૪.ડૉ. ધારૈયા આર.કે., **"પ્રાચીન ભારતીય રાજ્યશાસ્ત્ર".**

૨૫.**"સુવર્ણજયંતિ શહેર સ્વરોજગાર યોજનાની ગાઈડલાઈન."** રાજકોય શહેરી વિકાસ યોજના.

૨૬.**"ગુજરાત આંકડાકીય રૂપરેખા અને આંકડાકીય બ્યુરો અર્થશાસ્ત્ર-૧૯૯૧."** ગુજરાત સરકાર, ગાંધીનગર.

૨૭.**"વાર્ષિક અંદાજપત્ર વર્ષ ૨૦૦૭-૦૮ થી ૨૦૧૧-૧૨".** રાજકોટ મહાનગરપાલિકા.

૨૮.**"વાર્ષિક વહીવટી અહેવાલ વર્ષ ૨૦૦૭-૦૮ થી ૨૦૧૧-૧૨."** રાજકોટ મહાનગરપાલિકા

૨૯.**"વાર્ષિક કોર્પોરેશન ડાયરી વર્ષ ૨૦૦૭-૦૮ થી ૨૦૧૧-૧૨."** રાજકોટ મહાનગરપાલિકા.

૩૦.**"નાગરિક અધિકારપત્ર ૨૦૧૨."** રાજકોટ મહાનગરપાલિકા.

૩૧.આર્ટીકલ્સ અને જર્નલસ.

૧. **"નગરલોક"**

**૨. "ગુજરાત સ્ટેટ ફાયનાન્સ કમિશન રીપોર્ટ"**

**૩. "જિલ્લા આંકડાકીય રૂપરેખા"**

૩૨. દૈનિક વર્તમાનપત્રો

૧. ઈકોનોમિક ટાઈમ્સ

૨. ધી ટાઈમ્સ ઓફ ઈન્ડીયા

૩. ઈન્ડીયન એક્સપ્રેસ

૪. વ્યાપાર-અર્ધસાપ્તાહિક

૫. સંદેશ

૬. ગુજરાત સમાચાર

૭. દિવ્ય ભાસ્કર

૩૩. www.rmc.gov.inરાજકોટ મહાનગરપાલિકા વેબસાઈટ.

૩૪. સામાજિક આર્થિક સમીક્ષા, ગુજરાત રાજ્ય ૨૦૧૧-૧૨.

# વિષય સંબંધિત
# પ્રકાશિત સંશોધન પેપર

## ૪. સંશોધનનાં અભ્યાસનું મહત્ત્વ :

સંશોધન અભ્યાસમાં વિષય તરીકે સૌરાષ્ટ્રની મહાનગરપાલિકાઓનાં જાહેર ખર્ચ અને જાહેર આવકનો તુલનાત્મક અભ્યાસ એટલા માટે મહત્વને છે, કે દેશની કુલ વસ્તીનાં ૨૭ ટકા જેટલી વસ્તી શહેરી વિસ્તારોમાં વસે છે અને આ વસ્તીમાંથી ૬૫ ટકા લોકતો મહાનગરમાં વસે છે. આમ, મહાનગરપાલિકાઓ મોટી જવાબદારીઓ સંભાળતી હોય છે. જેમાં સૌરાષ્ટ્રમાં રાજકોટ મહાનગરપાલિકાનું કાર્યક્ષેત્ર અન્ય મહાનગરપાલિકા કરતા કદ, વસ્તી, બંધારણ અને વિકાસકાર્ય, આવકનાં સાધનો વગેરે દૃષ્ટિએ વિશીષ્ટ જોવાં મળે છે. આમ, રાજકોટ મહાનગરપાલિકાની વિવિધતા અને નવીનતા તરફ અભ્યાસ કરવા માટે આ વિષય પસંદ કરેલ છે.

## ૫. પૂર્વ સંશોધનનાં અભ્યાસો :

ઈ.સ. ૧૯૮૪-૮૫માં નારાયણમૂર્તિ રાજગોપાલરાવ “Municipal Finances in India”દેશની નગરપાલિકાઓ અને તેની વિતરણ વ્યવસ્થા પર પ્રકાશ પાડે છે.

જય ભગવાન “Municipal Finances in the Metropolitan Cities of India” દિલ્હી મ્યુનિ. કોર્પોરેશન દ્વારા મૂળભુત નાણાંકીય સમસ્યાઓ કઈ રીતે હલ કરવામાં આવી તેનો અભ્યાસ છે. દિલ્હીની કલકત્તા, મુંબઈ અને મદ્રાસ મ્યુનિ. કોર્પોરેશન સાથે તુલના કરાઈ છે.

ડો. વિજય જોશી- પોતાના અપ્રસિદ્ધ મહાનિબંધ “Some time aspects of Municipal Finance in Gujarat” તેમાં સૌરાષ્ટ્રની નવ નગરપાલિકાઓને પસંદ કરીને વસ્તી તથા માથાદીઠ કર આવક દ્વારા તેમના નાણાંકીય માળખાનું વિશ્લેષણ કર્યુ છે.

યુ.બી.એ. પ્રોજેક્ટ માહિતી પત્રિકા ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ ગુજરાત રાજ્યની મ્યુનિસિપલ ફાઈનાન્સ અંગેનો અભ્યાસ કરીને નાણાંકીય કરમાળખું દર્શાવે છે.

ગુજરાત આંકડાકીય રૂપરેખા આંકડાકીય બ્યુરો અર્થશાસ્ત્ર ગુજરાત સરકાર ગાંધીનગર દ્વારા આંકડાકીય માહિતી પૂરી પાડવામાં આવે છે.

વાઈબ્રન્ટ ગુજરાત સામયિક અંતર્ગત મહાનગરપાલિકાનાં વિકાસલક્ષી કાર્યોમાં રાજકોટ મહાનગરપાલિકાના જાહેર સેવાઓ તેમજ વિકાસલક્ષી કાર્યો દર્શાવ્યા છે.

પ્રો. જગદીશ અંધારીયાએ પી.એચ.ડી. ના મહાનિબંધમાં ભાવનગર અને વડોદરા મહાનગરપાલિકાની નાણાંકીય સ્થિતિનો અભ્યાસ કર્યો છે.

## ૬. સંશોધન પદ્ધતિ :

રાજકોટ મહાનગરપાલિકામાં અંદાજપત્રો દ્વારા જાહેર આવક અને જાહેર ખર્ચનું વિશ્લેષણ કરાયું છે. આ ઉપરાંત સરેરાશ, ટકાવારી $Chi - Square(\mathrm{X}^2)$ પરિક્ષણ, સહસબંધ, નિયતસંબંધ વગેરેનો ઉપયોગ કરાયો છે. આ અભ્યાસમાં મે વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૨નાં આવક અને ખર્ચનું વિશ્લેષણ કર્યું છે.

## ૭. માહિતીનાં સ્ત્રોત :

આ અભ્યાસમાં માહિતીનાં મુખ્ય સ્ત્રોત તરીકે રાજકોટ મહાનગરપાલિકાનાં અંદાજપત્રોનો અભ્યાસ કરાયો છે. આ ઉપરાંત આંકડાશાખા, પુસ્તકાલયો તથા ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારાં પ્રકાશીત થતાં સંબંધિત સાહિત્યનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સાથે-સાથે મહાનગરપાલિકાનાં વહીવટી અધિકારીઓની પણ રૂબરૂ મુલાકાત લેવામાં આવી છે. તથા ઈન્ટરનેટ સેવાનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે.

## ૮. નિદર્શ :

સૌરાષ્ટ્ર વિસ્તારની ચાર મહાનગરપાલિકાઓ જેવી કે જુનાગઢ, રાજકોટ, ભાવનગર અને જામનગર પૈકી રાજકોટ મહાનગરપાલિકાને વિષય માટે પસંદ કરવામાં આવી છે.

## ૯. તારણો :

વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૨ દરમિયાન રાજકોટ મહાનગરપાલિકાનો જાહેર ખર્ચ અને જાહેર આવકનો તુલનાત્મક અભ્યાસ દ્વારાં નીચે મુજબનાં તારણો પ્રાપ્ત થાય છે.

- રાજકોટ મહાનગરપાલિકાનું વિકાસલક્ષી ખર્ચ કરતાં બિનવિકાસલક્ષી ખર્ચ વધું થયેલો જોવાં મળે છે. જે વહીવટીતંત્રની નબળાઈ દર્શાવે છે.
- રાજકોટ મહાનગરપાલિકાની વિકાસલક્ષી સેવાઓનો નબળો તથા ઓછો પુરવઠો છે જ્યારે આ વિસ્તારમાં તેની માંગ ખુબ વધારે જોવાં મળે છે.
- રાજકોટ મહાનગરપાલિકા એક ગતિશીલ સંગઠન તરીકે વિકસી નથી.
- રાજકોટ મહાનગરપાલિકામાં કુલ આવક સતત વધતી ગઈ છે. પરંતુ આવક અને ખર્ચની વિગત જોઈએ તો મહેસુલી ખર્ચ કરતાં મહેસુલી આવક વધારે અને મૂડી આવક કરતાં મૂડી ખર્ચ વધારે જોવાં મળે છે.
- આ મહાનગરપાલિકાનો મોટાભાગનો નાણાંકીય હિસ્સો વહીવટ, તથા અન્ય ખર્ચમાં વપરાય જાય છે. અને જે લોકોને લાભ મળવો જોઈએ તેને મળતો નથી.

## ૧૦. સમાપન :

વર્તમાન સમયમાં કુદકે ને ભુસકે વસ્તીમાં તથાં વધારાનાં કારણો, શહેરીકરણનું પ્રમાણ વધતું ગયું છે. તેમ છતાં કેટલાક નાનાં શહેરો અને મોટાં શહેરોનો વિકાસ યોગ્ય પ્રમાણમાં થયો નથી. તેનાં ઘણા બધા કારણો હોય છે જેમાં જે તે શહેર કે મહાનગરપાલિકા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કારણભુત બને છે. તેથી રાજકોટ મહાનગરપાલિકાનો જાહેરખર્ચ અને જાહેર આવકનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે. અને તેનાં આધારે ફલિતાર્થ પ્રાપ્ત થાય છે કે રાજકોટ મહાનગરપાલિકાનું વિકાસલક્ષી ખર્ચ કરતાં બિન વિકાસલક્ષી ખર્ચ વધુ થયેલો જોવા મળે છે. વિકાસલક્ષી સેવાઓ પણ ખુબ ઓછાં પ્રમાણમાં પુરી પાડવામાં આવી છે તથા આ નગરપાલિકાનો મોટાભાગનો નાણાંકીય હિસ્સો વહીવટ તથા અન્ય ખર્ચમાં વપરાય જાય છે અને જે લોકોને લાભ મળવો જોઈએ તેને મળતો નથી.

## ૧૧. સંદર્ભસૂચિ :


1. ભટ્ટ મહેશ પી.- જાહેર વિતવ્યવસ્થાનાં સિદ્ધાંતો
   ક્ર. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ.
2. Sundaram K.P.M. & Others – Public Finance & Theory & Practise Chand Publication.
3. Rao N.R. - Municipal Finance & India.
4. Das G.K. - Municipal Finance in India Concept Publication.
5. ડૉ. પાદશાહ - ભારતીય સ્થાનિક સરકારનો પરિચય
6. પટેલ વિજય એમ. – અર્થશાસ્ત્ર ગુજરાત રાજ્ય, શાળા પાઠ્ય પુસ્તક મંડળ, ગંધીનગર.
7. ગુજરાતની આંકડાકીય રૂપરેખા – ગાંધીનગર.
8. રાજકોટ મહાનગરપાલિકા – વાર્ષિક અંદાજપત્ર ૨૦૦૭-૦૮ થી ૨૦૧૧-૧૨
9. રાજકોટ મહાનગરપાલિકા – વાર્ષિક વહીવટી અહેવાલ ૨૦૦૭-૦૮ થી ૨૦૧૧-૧૨
10. રાજકોટ મહાનગરપાલિકા – વાર્ષિક કોર્પોરેશન ડાયર
11. ુજરાત સ્ટેટ ફાયનાન્સ કમિશન રીપોર્ટ
12. સામાજીક આર્થિક સમીક્ષા – ગુજરાત સરકાર અને રાજકોટ મહાનગરપાલિકા
13. ઈન્ટરનેટ સર્વિસ.



**Please Cite this Article as :**

**Mehta, Ketan J. "રાજકોટ મહાનગરપાલિકાનો જાહેર ખર્ચ અને જાહેર આવકનો તુલનાત્મક અભ્યાસ." Research Expo International Multidsciplinary Research Journal 2.2 (2012): 324 -327.**